હંસ દૂધ-પાણીને છૂટા કરે છે, તેમ આ વાત સમજવી. **જ્ઞાનસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે હંમેશા દૂધ-પાણીની જેમ મળેલા કર્મને અને જીવને જે મુનિરૂપી રાજહંસ વિભિન્ન કરે છે, એ વિવેકી છે.' મહોપાધ્યાયજી મહારાજે આ જ દિશામાં સાધકને મોક્ષમાર્ગદર્શન આપતાં **અમૃતવેલની સજ્ઝાય**માં પણ કહેલ છે કે

**કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે,**
**રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે.(૨૫)**

### ❀ શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટાવીએ ❀

આ રીતે પોતાની દૃષ્ટિને/રુચિને શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં દૃઢપણે સ્થાપિત કરતાં કરતાં શુદ્ધાત્માનો વીર્યોલ્લાસ શુદ્ધ પૂર્ણ ચૈતન્યસ્વભાવને પ્રગટાવવા માટે ઉછળે છે. કારણ કે 'રુચિ અનુયાયી વીર્યસ્ફુરણ હોય છે' - આવો નિયમ છે. જે બાબતની રુચિ હોય તે દિશામાં વીર્યોલ્લાસ ઉછળતો હોય છે. ભોગીને ભોગવિલાસમાં વીર્યોલ્લાસ પ્રગટે છે. યોગીને યોગસાધનામાં આંતરિક પ્રબળ વીર્યોલ્લાસ પ્રગટે છે. આના કારણે આત્મજ્ઞ સાધકની રાગાદિ પરિણતિસ્વરૂપ અશુદ્ધ ચેતના ઝડપથી ઘટતાં કેવલજ્ઞાનાદિસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચેતના પ્રગટ થવાની દિશા ખુલતી જાય છે. દેહાદિનિરપેક્ષ, મોહના ખળભળાટ વગરની, ભ્રાંતિરહિત, નિસ્તરંગ, અતીન્દ્રિય, મનનો વિષય ન બનનારી, વિકલ્પશૂન્ય, શબ્દથી અગમ્ય, જ્યાં મતિનું અવગાહન થઈ શકતું નથી તેવી, તર્કનો અવિષય તેમજ સર્વ પ્રકારના વિભાવ પરિણામોથી નિર્મુક્ત એવી પોતાની પરિશુદ્ધ ચેતનાને પૂર્ણતયા પ્રગટ કરવી એ જ પ્રત્યેક મુમુક્ષુનું કર્તવ્ય છે. તેથી "જે બીજાના શરીરને વિશે વિરક્ત હોય અને પોતાના શરીરમાં આસક્તિ ન કરે તથા પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં લીન હોય તેની પાસે દેહાદિના અશુચિપણાની ભાવના રહેલી છે" - એ પ્રમાણે **કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા** ગ્રંથના વચનનું ચિંતન કરીને સ્વ-પરના અશુચિમય શરીરની મમતાનો ત્યાગ કરવાપૂર્વક પોતાના આત્માના પવિત્ર સ્વરૂપમાં ડૂબકી લગાવવા દ્વારા પ્રતિક્ષણ સાવધાનીપૂર્વક રાગાદિ અશુદ્ધ ચેતનાનો ઘટાડો કરવાની સૂચના અહીં પ્રાપ્ત થાય છે. આ રીતે જ **કુવલયમાળા**માં અંતે દર્શાવેલ સિદ્ધસુખ સુલભ થાય છે. ત્યાં પાંચ અંતકૃતકેવલીના પ્રકરણમાં ૧૮ મા વિભાગમાં છેલ્લે **શ્રીઉદ્યોતનસૂરિજી**એ જણાવેલ છે કે 'ત્યાં મોક્ષમાં ઘડપણ નથી, મૃત્યુ નથી, વ્યાધિઓ નથી, સર્વ પ્રકારના દુઃખો તો નથી જ. ત્યાં અત્યંત શાશ્વત અનુપમ સુખને જ તે સિદ્ધો અનુભવે છે.' (૧૨/૧)

**જી હો જો ચેતનતા સર્વથા, લાલા વિના અચેતનભાવ;**
**જી હો ધ્યાન-ધ્યેય ગુરુ-શિષ્યની, લાલા સી♦ ખપ શુદ્ધ સ્વભાવ ?॥૧૨/૨॥(૧૯૬)**

**ચતુ.**

**જો** જીવનઈં **સર્વથા** (**ચેતનતા**=) ચેતનસ્વભાવ કહિયઈં, **અચેતનસ્વભાવ** (**વિના**=) ન કહિઈં, તો અચેતનકર્મ-નોકર્મ-★દ્રવ્યોપશ્લેષજનિતચેતનાવિકાર વિના **શુદ્ધ** (**સ્વભાવ**) = સિદ્ધસદૃશપણું થાઈ, તિવારઈં **ધ્યાન**§**-ધ્યેય, ગુરુ-શિષ્યની સી ખપ** થાઈ ? સર્વ શાસ્ત્રવ્યવહાર ઈમ ફોક થઈ જાઈ.

શુદ્ધનઈં અવિદ્યાનિવૃત્તઈં પણિ સ્યો ઉપકાર થાઈ ? તે માટઈં "**अलवणा यवागूः**" **इतिवत्** "અચેતન આત્મા" ઈમ પણિ કથંચિત્ કહિઈં. ॥૧૨/૨॥

**परामर्शः**

**चेतनभाव एकान्ताद् विनाऽचेतनभावतः।**
**ध्यानादिधर्मवैयर्थ्यं गुर्वादितत्त्वविप्लवः॥१२/२॥**

**❁ આત્મા સર્વથા ચેતન નથી ❁**

[illegible] :- અચેતનસ્વભાવ વિના, સર્વથા જો ચેતનસ્વભાવ જ આત્મામાં માનવામાં આવે તો ધ્યાન વગેરે ધર્મસાધના વ્યર્થ જશે તથા ગુરુ વગેરે તત્ત્વનો ઉચ્છેદ થઈ જશે. (૧૨/૨)

**❀ ચેતનાનો વિકાસ કરી વિશુદ્ધિ વરીએ ❀**

[illegible] :- આપણામાં રહેલ ચૈતન્ય આવૃત (=આવરાયેલ) છે. જેટલા અંશમાં ચૈતન્ય પ્રગટ છે તે અલ્પ, અશુદ્ધ અને અવિકસિત છે. એવા ચૈતન્યને લીધે આપણે ચેતન હોવા છતાં કથંચિત્ અચેતન છીએ. આવું કહેવા દ્વારા શાસ્ત્રકાર પરમર્ષિઓને એવું અભિપ્રેત છે કે "આપણી ચેતનાને અનાવૃત = પ્રગટ, પૂર્ણ, પરિશુદ્ધ અને પ્રકૃષ્ટપણે વિકસિત કરીએ. તે જ આપણી તમામ સાધનાનું અંતિમ ધ્યેય છે. 'દેહાધ્યાસ, રાગાધ્યાસ, નિજશુદ્ધસ્વરૂપનું અજ્ઞાન વગેરેથી વણાયેલી પરિણતિની દૃષ્ટિએ આત્મા અચેતનસ્વભાવવાળો છે. તથા અનાદિ-અનંત સદા પ્રગટ સૂક્ષ્મ ચૈતન્યજ્યોતિની અપેક્ષાએ આત્મા ચેતનસ્વભાવી છે' - આવું જ્ઞાન યદ્યપિ વ્યવહાર-નિશ્ચય બન્ને નયના વિષયનું ગ્રહણ કરવાના લીધે પ્રમાણભૂત છે. તો પણ આપણી દૃષ્ટિ-રુચિ તો માત્ર ને માત્ર નૈશ્ચયિક, નિત્ય, નિસ્તરંગ એવા ચેતનસ્વભાવ ઉપર જ દૃઢપણે સ્થિર કરવી. જો ચેતન-અચેતન ઉભયસ્વભાવ ઉપર આપણી દૃષ્ટિને સ્થાપવામાં આવે તો ચેતનસ્વભાવને પૂર્ણસ્વરૂપે શીઘ્રપણે પ્રગટ કરવા માટે આપણો પુષ્કળ વીર્યોલ્લાસ ઉછળતો નથી. 'હું ચેતન પણ છું અને અચેતન પણ છું' - આવી શ્રદ્ધા થતાં માત્ર ચેતનસ્વભાવને જ અત્યંત ઝડપથી પૂર્ણસ્વરૂપે પ્રગટ કરવાનો વીર્યોલ્લાસ ક્યાંથી પ્રગટે ? ઊલટું અનાદિ કાળથી જેનો અભ્યાસ કરેલો

♦ લી.(૩) + લા.(૨)માં 'શિવપદ' પાઠ.
★ લી.(૩)માં 'પ્રયોગશ્લેષ' પાઠ.
§ લી.(૧)માં 'ધ્યાતા' પાઠ.

છે, તેવા અચેતનસ્વભાવ ઉપર સહજપણે લક્ષ જવાથી 'મારો જડસ્વભાવ છે. હું અજ્ઞાની છું, કામી છું' - આ બાબતની સત્યતા તેના મગજમાં ઘૂસી જશે. તથા અચેતનસ્વભાવની જ શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચશે. તેથી વ્યવહારનયની આંખ બંધ કરીને પરમભાવગ્રાહકનયસ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયની એક જ આંખ ખોલીને પોતાના આત્માને નિહાળવાનો અંદરમાં જ પ્રયત્ન કરવો. ત્યારે નિરાવરણ, નિત્ય પ્રગટ, નિરાબાધ (દુઃખશૂન્ય), નિશ્ચલ, નિર્વિકાર, અપરોક્ષ, અખંડ, આનંદપરિપૂર્ણ, ત્રૈકાલિક શુદ્ધ ચેતનસ્વભાવના અંદરમાં દર્શન થાય. આવો અપૂર્વ ચેતનસ્વભાવ ખ્યાલમાં આવતાં જ દેહાધ્યાસ, રાગાધ્યાસ, અજ્ઞાન વગેરેથી અશુદ્ધ થયેલી પરિણતિ રવાના થવા માંડે છે. આ રીતે કર્મસાપેક્ષ અચેતનસ્વભાવ ગળવા માંડે, ટળવા માંડે. ટૂંકમાં, જેનાથી આપણું મુખ્ય પ્રયોજન સિદ્ધ થાય તેને જ અગ્રેસર કરવું. લોકમાં પણ કહેવત છે કે 'જે પાણીએ મગ પાકે, તે પાણીએ મગ પકાવવા.' ટૂંકમાં આપણા શુદ્ધ પૂર્ણ ચેતનસ્વભાવને અત્યંત ઝડપથી પ્રગટાવવા માટે અચેતનસ્વભાવદર્શક વ્યવહારનયને છોડી દેવો."

[redacted] :- આ રીતે વ્યવહારનયનો ત્યાગ કરવામાં આવે તો એકનયમયત્વની આપત્તિ આવવાથી સ્યાદ્વાદની = પ્રમાણની હાનિ થશે.

### ❀ શુદ્ધનયને પ્રધાન બનાવતાં સમકિત પ્રગટે ❀

[redacted] :- ના, તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે શુદ્ધનયને મુખ્ય બનાવીને મોક્ષમાર્ગે આગળ વધવાથી ઉપયોગ અંદરમાં વળે છે, બહિર્મુખતા ટળે છે. અંદર શાંતરસમય પરમાનંદમય ચૈતન્યસ્વભાવની પ્રતીતિ થતાં ઉપયોગને વધુને વધુ અંદર વાળવાનો વીર્યોલ્લાસ ઉછળે છે. આ અપૂર્વ વીર્યોલ્લાસથી ગ્રંથિભેદ થાય છે. તેથી સમકિત મળે છે. તેથી તે જીવ સ્યાદ્વાદશાસનમાં - પ્રમાણમાર્ગમાં - મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે. જિનશાસનમાં પારમાર્થિક પ્રવેશ મેળવવામાં તેને કોઈ અટકાવી શકતું નથી. માટે અહીં સ્યાદ્વાદહાનિની કોઈ જ શંકા મનમાં ન રાખવી. બાકી શુદ્ધનિશ્ચયનયની ઉપેક્ષા કરીને માત્ર વ્યવહારનયનો પક્ષપાત કરવાથી તો કર્તૃત્વભાવ-ભોક્તૃત્વભાવ અત્યંત દૃઢ થશે. તેનાથી તમોગ્રંથિ વધુ નક્કર થશે. નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિ બન્નેનો સ્વીકાર કરવામાં પણ વ્યવહારદૃષ્ટિ જ અનાદિકાળથી અભ્યસ્ત હોવાથી તેનો જ પક્ષપાત વધુ ને વધુ દૃઢ બને છે. તથા તેમ કરવામાં પણ સમસ્યા તો ઉભી જ છે. તેથી ચૈતન્યસ્વભાવને પૂર્ણપણે - શુદ્ધપણે અત્યંત ઝડપથી પ્રગટ કરવાના આપણા પ્રયોજનની સિદ્ધિ માટે આત્મામાં અચેતનસ્વભાવને ગ્રહણ કરનારી વ્યવહારદૃષ્ટિને છોડી જ દેવી. હા, ખ્યાલ રાખવો કે અહીં વાત વ્યવહારને છોડવાની નથી પણ વ્યવહારદૃષ્ટિને છોડવાની છે. વ્યવહારનય = વ્યવહારદૃષ્ટિ = વ્યવહારશ્રદ્ધા છોડાવવાની અહીં વાત ચાલે છે. પોતાના શુદ્ધચૈતન્યસ્વભાવમાં નિશ્ચયદૃષ્ટિને દૃઢપણે સ્થાપીને સ્વભૂમિકાને યોગ્ય એવો વ્યવહાર ખુશીથી પ્રવર્તો. તેવું કરવામાં જિનાજ્ઞાની કોઈ પ્રકારે આશાતના કે હાનિ થવાની સમસ્યા નહિ આવે. **મહોપાધ્યાયજી** મહારાજે સવાસો ગાથાપ્રમાણ **શ્રીસીમંધરજિનસ્તવનમાં** આ જ આશયથી વાત કહી છે કે -

*"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,*
*પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર." (૫/૪)*

અહીં ઉચિત વ્યવહારને પાળવાની વાત કરી છે, વ્યવહારદૃષ્ટિને ઉપાદેય જણાવેલ નથી. દૃષ્ટિ = શ્રદ્ધા-રુચિ-લાગણી-પ્રીતિ-ભક્તિ-આસ્થા તો નિશ્ચયની જ રાખવાની.

[illegible]:- આ રીતે વ્યવહારનયનો અપલાપ કરવામાં તો આત્માના ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરનાર નિશ્ચયનય = નિશ્ચયદૃષ્ટિ દુર્નય બની જવાની સમસ્યા ઊભી થશે.

### ☫ સમ્યગ્ એકાંત ઉપાદેય ☫

[illegible]:- આ સમસ્યાને અહીં અવકાશ નથી. કારણ કે **નયરહસ્ય** વગેરેમાં બતાવેલ પદ્ધતિ મુજબ અહીં એવું સમજવું કે વ્યવહારનયનો = વ્યવહારદૃષ્ટિનો આ રીતે અપલાપ કરવો એ માત્ર નિશ્ચયદૃષ્ટિના વિષયને મુખ્ય બનાવવામાં ઉપયોગી છે. 'વ્યવહારનયવિષય મિથ્યા જ છે' - આવું જણાવવા માટે વ્યવહારનયનો અહીં અપલાપ કરવામાં નથી આવેલ. કેમ કે 'આત્મા ચેતન -અચેતનઉભયસ્વભાવી છે' - આ બોધ પ્રમાણભૂત જ છે. તેથી વ્યવહારનયસંમત અચેતનસ્વભાવ પણ નિશ્ચયનયસંમત ચેતનસ્વભાવની જેમ આત્મામાં હાલ વિદ્યમાન જ છે. પરંતુ બન્ને નયના વિષયમાંથી વ્યવહારનયના વિષયને = અચેતનસ્વભાવને મુખ્ય ન કરવો પણ નિશ્ચયનયના વિષયને = ચેતનસ્વભાવને જ મુખ્ય કરવો. આ બાબતને જણાવવા માટે અહીં વ્યવહારનયનો અપલાપ = ત્યાગ કરેલ છે. અનાદિ કાળથી અભ્યસ્ત અને આત્મસાત્ થયેલી એવી અચેતનસ્વભાવરુચિને - અજ્ઞાનસ્વભાવરુચિને છોડાવવા માટે અહીં તેવો અપલાપ જરૂરી છે. 'પોતાના વિષયની અતિ મજબૂત પક્કડ કરનારા નયનું ખંડન કરવું એ પણ શાસ્ત્રમાન્ય પદાર્થ છે' - આ વાત **મહોપાધ્યાયજી** મહારાજે **ન્યાયખંડખાદ્ય** ગ્રંથમાં કરેલ છે.

### ❋ ગ્રંથિભેદના પુરુષાર્થમાં બે નય ભેગા ન કરો ❋

જો વ્યવહાર-નિશ્ચયનયનો સમન્વય કરવામાં આવે તો વસ્તુસ્થિતિદર્શક જ્ઞાનની સિદ્ધિ થશે. પરંતુ પ્રયોજનની સિદ્ધિ નહિ થાય. કારણ કે ચેતન-અચેતન ઉભયસ્વભાવ ઉપસ્થિત થતાં અનાદિ કાળથી અભ્યસ્ત થયેલ અચેતનસ્વભાવની જ રુચિ-શ્રદ્ધા-પક્કડ મજબૂત થશે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનો તો અનાદિ કાળમાં પૂર્વે પરિચય થયો જ નથી. તેથી તેની શ્રદ્ધા-પક્કડ બરાબર આવતી નથી. તેથી અનભ્યસ્ત એવા પૂર્ણ શુદ્ધ ચૈતન્યસ્વભાવથી દૃષ્ટિ-આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસ ચલાયમાન થાય છે. તેથી 'મારે માત્ર શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ પ્રગટાવવો છે. માત્ર તેને પ્રગટ કરવા માટે જ મારે જીવવું છે. પૂર્ણપણે શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટ કર્યા વિના મારો જન્મ વાંઝિયો જશે. હવે એક પળ પણ તેનો પ્રગટ અનુભવ કર્યા વિના અંદરમાં ચેન પડતું નથી. એના વિના હું જીવતો મડદા જેવો જ છું' - આવી પ્યાસ પ્રગટતી નથી. તેના વગર શુદ્ધ ચૈતન્યસ્વભાવને પૂર્ણપણે પ્રગટ કરવાનો વીર્યોલ્લાસ જાગતો નથી. તેથી ગ્રંથિભેદસ્વરૂપ આધ્યાત્મિક પ્રયોજન કઈ રીતે સિદ્ધ થાય ? જ્યારે શુદ્ધનિશ્ચયનયની મુખ્યતા કરવામાં આવે તો ઉપયોગ + દૃષ્ટિ સ્વસન્મુખ થતાં જ્ઞાન + શ્રદ્ધાની સંધિ થવાથી પોતાના પ્રાણ સમાન શુદ્ધ ચૈતન્યસ્વભાવને પરિપૂર્ણપણે પ્રગટ કરવાનો સંકલ્પ થાય છે. તેના બળથી ગ્રંથિભેદ કરનારો અપૂર્વ વીર્યોલ્લાસ જન્મે છે. તેનાથી અપરોક્ષ સ્વાનુભૂતિ સ્વરૂપ આધ્યાત્મિક પ્રયોજન સિદ્ધ થાય છે. તથા અપરોક્ષ અનુભૂતિમાં જે આત્મતત્ત્વ ઉપસ્થિત છે, તે તો પ્રમાણનો જ વિષય છે. તેથી તે અનુભૂતિ યથાર્થ જ છે. તેથી સમ્યગ્ જ્ઞાનની સિદ્ધિ પણ અવ્યાહત જ છે. આ અનુભવગમ્ય માર્ગ છે, નિર્ભ્રાન્ત પથ છે.

### ✡ અર્જુનદૃષ્ટિ કેળવીએ ✡

તેથી આ રીતે આપણા આધ્યાત્મિક પ્રયોજનની સિદ્ધિ માટે આત્માના ચૈતન્યસ્વભાવને પકડાવનાર/પ્રગટાવનાર શુદ્ધનયનું આલંબન કરવામાં કોઈ પણ પ્રકારની શંકા કે ભીતિ ન કરવી. અર્જુનને જેમ

માત્ર ચકલીની એક આંખ જ દેખાય, તેમ આપણને માત્ર આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ સર્વદા દેખાય-રુચે-જચે-ગમે તેવું કરવાનું છે. આપણી દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ-લગની-પ્રીતિ-આસ્થા માત્ર આપણા શુદ્ધ ચૈતન્યસ્વભાવસ્વરૂપ લક્ષ્યમાં જ સ્થાપવાની છે. આ તાત્ત્વિક લક્ષ્ય સિદ્ધ થાય પછી જ આપણે કાયમ શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર-નિર્મળ બની સિદ્ધશિલા ઉપર બિરાજમાન થવા બડભાગી બનીએ. આ રીતે શુદ્ધ નિજ આત્મદ્રવ્યનું ધ્યાન કરવામાં પરાયણ બનવાથી મોક્ષ સુલભ બને. તેથી જ **કુંદકુંદસ્વામીએ** **મોક્ષપ્રાભૃત**માં જણાવેલ છે કે 'પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને સુંદર ચારિત્રને ધારણ કરનારા જે મહાત્માઓ સ્વાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે, તેઓ જિનેશ્વર ભગવંતના માર્ગમાં લાગેલા છે તથા તેઓ જ નિર્વાણને = પરમાનંદને મેળવે છે.' (૧૨/૨)

અ
ધ્યા
ત્મ
અ
ણુ

**જી હો મૂર્ત્તભાવ મૂરતિ ધરઈ, લાલા ઉલટ અમૂર્ત્તસ્વભાવ;**
**જી હો ♦જો મૂર્ત્તતા ન જીવનઈ, લાલા તો સંસાર અભાવ ॥૧૨/૩॥ (૧૯૭)**
**ચતુ**

**મૂર્ત્તિ** કહતાં રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિસન્નિવેશ તે જેહથી **ધરિયઈ**, તે **મૂર્ત્તસ્વભાવ** કહિએં.✡ તેહથી વિપરીત (= ઉલટ) તે **અમૂર્ત્તસ્વભાવ** કહિએં.✡

**જો જીવનઈ** કથંચિત્ **મૂર્ત્તતાસ્વભાવ નહીં તો** શરીરાદિસંબંધ વિના, ગત્યન્તરસંક્રમ વિના **સંસારનો અભાવ** થાઈ. ॥૧૨/૩॥

परामर्शः

**मूर्त्तभावाद्धि मूर्त्तत्वं ध्रियतेऽमूर्त्तताऽन्यथा।**
**मूर्त्तत्वविरहे जीवे भवाऽभावः प्रसज्यते।।१२/३।।**

### ❀ મૂર્ત્ત-અમૂર્ત્તસ્વભાવને ઓળખીએ ❀

[illegible]:- મૂર્ત્તસ્વભાવથી વસ્તુ મૂર્ત્તતાને ધારણ કરે છે. તેનાથી અન્યથા અમૂર્ત્તસ્વભાવ જાણવો. જીવમાં મૂર્ત્તતા ન હોય તો સંસારનો જ અભાવ થઈ જાય. (૧૨/૩)

### ✡ કર્મજન્ય ઉપાધિઓને ટાળીએ ✡

[illegible]:- મૂળ સ્વભાવથી આત્મા અમૂર્ત્ત છે. ઔપાધિકસ્વભાવથી આત્મા મૂર્ત્ત છે. કર્મજન્ય ઉપાધિ ઘટાડતા જઈએ તો સ્વાભાવિક નિરંજન-નિરાકાર-અમૂર્ત્ત સ્વભાવ પ્રગટે. મહત્ત્વાકાંક્ષા -મમતા-માન-મતાગ્રહ-મતાવેશ-માયા-મદ-મદન વગેરેમાં અટવાઈ જઈએ તો કર્મજન્ય ઉપાધિઓ વધી જાય. આવું ન બની જાય તેનું પાકું લક્ષ રાખીને મોક્ષમાર્ગે આગળ વધવાનું છે.

### ❉ મૂર્ત્તસ્વભાવને વિદાય દઈએ ❉

અમૂર્ત્તસ્વભાવને વ્યક્ત કરનાર કર્મોપાધિવિચ્છેદ મેળવવા માટે કર્તૃત્વભાવ, ભોક્તૃત્વભાવ, સ્વત્વ(મમત્વ)ભાવ, સ્વામિત્વભાવ (= માલિકીપણાનો દાવો) પણ છોડવા જરૂરી છે. આ ચારેય પ્રકારના ભાવોને, તેવી બુદ્ધિને, તેવી પરિણતિને છોડવા માટે અંદરમાં કાયમ એવી દૃઢ શ્રદ્ધા કરવી કે

"(૧) હું ક્યારેય ભૂતકાળમાં ચાલ્યો નહતો, વર્તમાનમાં પણ ચાલતો નથી કે ભવિષ્યમાં ચાલવાનો નથી જ. કારણ કે મારો મૂળભૂત સ્વભાવ તો અમૂર્ત્ત જ છે. અમૂર્ત્ત એવા ધર્માસ્તિકાય વગેરે નથી જ ચાલતા ને ! આ પ્રત્યક્ષ ઉપલબ્ધ શરીર જ ચાલ્યું હતું, ચાલે છે તથા ચાલવાનું છે. કેમ કે તે મૂર્ત્ત છે. મૂર્ત્તસ્વભાવી વાદળા, વાહન વગેરે જ દોડધામ કરે છે ને ! આ શરીરરૂપી ગાડી પણ આમથી તેમ દોડધામ કરે છે. મારે તેની સાથે શું લેવા-દેવા ?

(૨) સ્વાદિષ્ટ કે બેસ્વાદ અશનાદિનું મેં ક્યારેય ભોજન કર્યું નથી, કરતો નથી કે કરવાનો નથી. આ શરીરે પ્રભુપ્રસાદરૂપે મળેલ શુક્લ (= નિર્દોષ) આહારનું ભોજન ગઈકાલે કર્યું હતું, આજે કરે

♦ પુસ્તકોમાં 'જો' નથી. કો.(૧+૬+૮+૧૧)માં છે.

✡ પુસ્તકોમાં 'કહિએં' નથી. આ.(૧)માં છે. લા.(૨)માં 'જાણઈ' પાઠ.

છે અને ભવિષ્યમાં કરશે. હું તો મારા નિર્મળ રત્નત્રયની પરિણતિને આરોગું છું. ભોજનના પુદ્ગલો દ્વારા શરીરના જ પુદ્ગલો તૃપ્ત થાય છે, પુષ્ટ થાય છે. હું તો જ્ઞાનાદિ રત્નત્રયપરિણતિ વડે જ તૃપ્ત થાઉં છું અને પુષ્ટ થાઉં છું. આ જ આશયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **જ્ઞાનસાર** પ્રકરણમાં જણાવેલ છે કે 'પુદ્ગલો વડે પુદ્ગલો તૃપ્તિને પામે છે. આત્મા વડે આત્મા તૃપ્તિને પામે છે.' 'આત્મા વડે' = 'આત્મગુણપરિણામ વડે' - આવો અર્થ ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી** મહારાજે **જ્ઞાનમંજરીમાં** (**જ્ઞાનસારવ્યાખ્યામાં**) કરેલ છે.

(૩) હું ક્યારેય સૂતો નહતો, સૂતો નથી કે સૂવાનો નથી. આ શરીર શય્યામાં-સંથારામાં સૂતું હતું, સુવે છે અને સુવાનું છે. હું તો મારા નિર્મળ જ્ઞાનસ્વભાવમાં સદાય જાગતો જ છું. નિગોદમાં પણ સૂક્ષ્મ ઉપયોગ પ્રગટ જ હોય છે ને !

(૪) હું ક્યારેય બોલ્યો નથી, બોલતો નથી કે બોલવાનો નથી. આ પૌદ્ગલિક વચનયોગ જ બોલતો હતો, બોલે છે અને બોલશે. હું તો સદા મૌનવ્રતવાળો જ છું.

(૫) એ જ રીતે મેં ક્યારેય તર્ક-વિતર્ક-વિકલ્પ-વિચાર કર્યા નથી, કરતો નથી કે કરવાનો નથી. આ પૌદ્ગલિક મનોયોગે જ તર્ક-વિતર્ક-વિકલ્પાદિ કર્યા છે, કરે છે અને હજુ થોડોક સમય તે થોડા -ઘણા વિકલ્પાદિ કરશે. પરંતુ હું તો નિર્વિકલ્પસ્વભાવી જ છું.

### ❖ સંસાર-મોક્ષમાં આત્મા સમાન ❖

(૬) તથા મૃદુ કે કર્કશ વગેરે સ્પર્શવાળી વસ્તુને હું ક્યારેય સ્પર્શ્યો નથી, સ્પર્શતો નથી કે સ્પર્શવાનો પણ નથી જ. આ સ્પર્શનઈન્દ્રિય જ એને સ્પર્શેલી હતી, સ્પર્શે છે અને સ્પર્શવાની છે. ચિતિશક્તિથી શૂન્ય એવી જે જે વસ્તુ અનુભવાતી હોય તે નિશ્ચયથી પૌદ્ગલિક-અજીવ જ હોય. ચૈતન્યશક્તિ વિનાની જે ચીજ હોય તે જીવ તો નથી જ, જીવનો પરિણામ પણ નથી. રાગ-દ્વેષ વગેરે પણ શુદ્ધનિશ્ચયથી કર્મપુદ્ગલના જ પરિણામ છે, મારા પરિણામ નથી. હું તો શુદ્ધઉપયોગ સ્વરૂપ છું. 'जैसो शिव पे, तैसो तन पे।' હું તો જેવો મોક્ષમાં છું. તેવો જ શરીરમાં છું. તેમાં કોઈ શંકા નથી. અવસર પામીને, મારી ચેતનાનો ટેકો લઈને આ કાયા, વચન, મન, ઈન્દ્રિય અને કર્મો પોત-પોતાના કાર્યોને કરે રાખે છે. તથા યથાયોગ્યપણે કાયા, કર્મ વગેરે તેનો ભોગવટો કરે છે. હલન-ચલન-ભોજન-શયનાદિ ક્રિયાનો કે રાગાદિપરિણામ વગેરેનો હું નથી કર્તા કે નથી ભોક્તા. હું તેનો માલિક નથી અને તે મારા નથી. હું તો કેવળ તેનો સાક્ષી છું. અમૂર્ત્ત જ છું."

આ રીતે અમૂર્ત્તસ્વભાવની દૃષ્ટિ દૃઢ થતાં કર્મ વગેરેને સાપેક્ષ એવો મૂર્ત્તસ્વભાવ કે જે હાલમાં આપણને પ્રબળપણે વારંવાર અનુભવાય છે, તે સંપૂર્ણપણે નાશ પામે છે. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધવામાં આવે તો જ **ઔપપાતિકસૂત્ર**માં, **તીર્થોદ્ગાલિકપ્રકીર્ણક**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં, **હરિભદ્રસૂરિ**કૃત **વિંશિકાપ્રકરણ**માં તથા **સમરાદિત્યકથા**માં દર્શાવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે "એક સિદ્ધ ભગવંતના ત્રૈકાલિક સુખના સમૂહને ભેગો કરીને એનું અનંતમું વર્ગમૂળ કરવામાં આવે તો પણ લોક-અલોકઆકાશમાં સમાઈ ન શકે."

### ❄ સિદ્ધસુખને સમજીએ ❄

[illegible] :- ૬૫,૫૩૬ નું વર્ગમૂળ (Square root) ૨૫૬ થાય. $\sqrt{૬૫,૫૩૬}$ = ૨૫૬. તેનું

વર્ગમૂળ ૧૬ થાય. $\sqrt{૨૫૬}$ = ૧૬. તેનું વર્ગમૂળ ૪ થાય. $\sqrt{૧૬}$ = ૪. તેનું વર્ગમૂળ ૨ થાય. $\sqrt{૪}$ = ૨. મતલબ કે ૬૫,૫૩૬ નું ચોથું વર્ગમૂળ જો ૨ થાય તો એક સિદ્ધ ભગવંતના સુખનું અનંતમું વર્ગમૂળ કેટલા નાના પ્રમાણમાં થાય ? તેમ છતાં તે લોકાલોકમાં = સંપૂર્ણ આકાશમાં ન સમાય. તો એક સિદ્ધ ભગવંતનું સુખ કેટલું વિશાળ હશે !

### ❀ બાહ્ય ક્રિયામાં ગળાડૂબ તત્ત્વદર્શી ન હોય ❀

સર્વ ક્રિયામાં ઉપરોક્ત જાગૃતિ વડે મૂર્તસ્વભાવનો ઉચ્છેદ કરીને સાધક મોક્ષમાં જાય છે. આ ગૂઢ તત્ત્વ છે. પરંતુ જે જીવ (૧) અધીરો હોય, (૨) અશાંત હોય, (૩) બેબાકળો હોય, (૪) મૂર્છા-ગૃદ્ધિવાળો હોય, (૫) ક્ષુદ્ર સ્વભાવવાળો હોય, (૬) ઈષ્ટવિયોગાદિમાં દીન-રાંક હોય, (૭) ઈર્ષ્યાળુ હોય, (૮) પોતાના સ્વરૂપની જેને બિલકુલ ઓળખાણ જ ન હોય તેવો જીવ કદાચ ધર્મી બનવાની ઈચ્છા રાખે તો પણ માત્ર બહારની ક્રિયામાં જ તે ગળાડૂબ બને છે. ઉપર જણાવેલ ગૂઢ તત્ત્વને તે નથી જોતો કે નથી તો તેની શ્રદ્ધા કરતો. આ અંગે **અધ્યાત્મસાર**ની એક પંક્તિ ઊંડાણથી વિચારવા યોગ્ય છે. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'બાહ્ય ક્રિયામાં જ જેનું પોતાનું મન ખૂંચી ગયેલ હોય, તે ગૂઢ-રહસ્યભૂત તત્ત્વને જોતો નથી.' (૧૨/૩)

**જી હો અમૂર્ત્તતા વિણ સર્વથા, લાલા મોક્ષ ઘટઈ નહીં તાસ;**
**જી હો એક પ્રદેશ સ્વભાવતા, લાલા અખંડ બંધ નિવાસ ॥૧૨/૪॥**
**(૧૯૮) ચતુર.**

અનઈં જો લોકદૃષ્ટ વ્યવહારઈં ♦મૂર્ત્તસ્વભાવ જ આત્માનઈં માનિઈં તો (**અમૂર્ત્તતા વિણ સર્વથા**) ♦મૂર્ત્ત તે હેતુસહસ્રઈં પણિ અમૂર્ત્ત ન હોઈ, તિવારઈં (**તાસ**) **મોક્ષ ન ઘટઈ**. તે માટઈં ✠મૂર્ત્તત્વસંવલિત જીવનઈં પણિં અંતરંગ અમૂર્ત્તસ્વભાવ માનવો.

**એકપ્રદેશસ્વભાવ** તે, તે કહિયઈ જે એકત્વપરિણતિ **અખંડ** આકાર **બંધ** કહતા સન્નિવેશ, તેહનો **નિવાસ** ભાજનપણું. ॥૧૨/૪॥

**પરામર્શઃ**

**सर्वथाऽमूर्त्तताऽयोगे जीवमोक्षो ह्यसङ्गतः।**
**एकप्रदेशभावत्वमखण्डबन्धभाजनम्।।१२/४।।**

**❁ અમૂર્તતા-એકપ્રદેશસ્વભાવની પિછાણ ❁**

[redacted] :- જો જીવમાં અમૂર્તતા સર્વથા ન હોય તો જીવનો મોક્ષ અસંગત થઈ જશે. અખંડ બંધભાજન થવું એ એકપ્રદેશસ્વભાવ છે. (૧૨/૪)

**➤ ભ્રાન્તિને છોડીએ ➤**

[redacted] :- 'હું તો સર્વદા સર્વત્ર નિરંજન-નિરાકાર-અરૂપી-અલિપ્ત છું' - આવું ફક્ત હોઠથી બોલીને, મજેથી પાપની પ્રવૃત્તિઓ કરનારા અને વિષય-કષાય-મોહમાં હોંશે-હોંશે તણાતા જીવોને ભ્રાન્ત જાણવા. તેવા ભ્રાન્ત જીવોએ **અધ્યાત્મસાર**નો એક શ્લોક યાદ કરવા જેવો છે. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'વિષમદશામાં સમાનતાનું દર્શન પ્રાથમિક અવસ્થામાં દોષ માટે થાય છે. નિરપેક્ષવૃત્તિવાળા નિર્ગ્રંથોને તો વિષમતામાં (= રૂપી-સાકાર-કર્મબદ્ધદશા વગેરે વિભિન્ન જીવદશામાં) ચૈતન્યાદિસ્વરૂપે સમાનતાનું દર્શન રાગ-દ્વેષના ઉચ્છેદ માટે થાય છે.' આ બાબતને યાદ કરીને તથા પોતાની વર્ત્તમાન ભૂમિકાને જોઈને તેવા વિભાવગ્રસ્ત જીવોએ એવો બોધ લેવાની જરૂર છે કે 'મારો રૂપી-કર્મબદ્ધ મૂર્ત્તસ્વભાવ પણ વાસ્તવિક જ છે.'

**❁ અમૂર્તસ્વભાવવિચાર ઉત્સાહવર્ધક ❁**

તથા વર્તમાનકાળે રાગાદિ મલિન પર્યાયો, શરીરની દીર્ઘકાલીન માંદગી, નિરંતર પ્રતિકૂળ પરિસ્થિતિ, સર્વત્ર પરાભવ વગેરેના લીધે જેઓનું મન અત્યંત ઉદ્વિગ્ન થઈ ગયેલ છે, તેના લીધે જ સાધનામાં જેઓનું મન ચોંટતું નથી તથા હતાશા-નિરાશાની ખીણમાં જેઓ દબાઈ ગયેલા અને દટાઈ ગયેલા છે તેવા જીવોએ **જ્ઞાનસાર**ના વિવેક અષ્ટકના ત્રીજા શ્લોકનો અર્થ ઊંડાણથી વિચારવો. ત્યાં **મહોપાધ્યાયજી**

♦ લા.(૨)માં 'મૂર્તિ' પાઠ.
✠ B(૨)માં 'મૂર્ત્તસં.' પાઠ.

મહારાજે જણાવેલ છે કે 'જેમ સ્વચ્છ એવા પણ આકાશમાં તિમિર રોગથી નીલ-પીત વગેરે રેખાઓથી મિશ્રતા ભાસે છે (પરંતુ છે નહિ), તેમ સ્વચ્છ = નિરંજન આત્મામાં અવિવેકના લીધે (= અજ્ઞાનના કારણે) વિકારોથી મિશ્રતા ભાસે છે, પરંતુ આત્મા હકીકતમાં વિકારમિશ્રિત નથી.' આ બાબતની અંતરમાં ઊંડાણથી વિભાવના કરીને, પોતાના અમૂર્ત્તસ્વભાવ ઉપર, નિરંજન-નિરાકાર દશા ઉપર દૃષ્ટિને કેન્દ્રિત કરવી. આ રીતે તેઓ પોતાની હતોત્સાહતાને/હતાશાને ખંખેરી નાખે તેવો ઉપદેશ અહીં મેળવવા યોગ્ય છે. આ રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં સિદ્ધસ્વરૂપ સુલભ થાય છે. તેનું વર્ણન કરતા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **પરમાત્મપંચવિંશતિકા**માં જણાવેલ છે કે 'લોકાગ્ર ભાગસ્વરૂપ શિખરે આરૂઢ થયેલા સિદ્ધ ભગવંતો સ્વભાવમાં સારી રીતે રહેલા છે. સંસારના પ્રપંચથી તેઓ પૂરેપૂરા છૂટી ગયેલા છે. અનન્ત કાળ સુધીની અનંત અવગાહના (= ત્યાં રહેવાપણું) સિદ્ધ ભગવંતોમાં છે.' (૧૨/૪)

**જી હો અનેક પ્રદેશ સ્વભાવતા, લાલા ભિન્ન પ્રદેશસ્વભાવ;**
**જી હો જો નહીં એકપ્રદેશતા, લાલા ✡માનો ભેદ ♦હુઇ બહુભાવ ॥૧૨/૫॥**
**(૧૯૯) ચતુર.**

**અનેકપ્રદેશસ્વભાવ** તે કહિયઇ, જે **ભિન્નપ્રદેશ(સ્વભાવ)**યોગઇ તથા ભિન્નપ્રદેશકલ્પનાઇં અનેક પ્રદેશ વ્યવહારયોગ્યપણું.

**જો એકપ્રદેશસ્વભાવ ન હોઈ**, તો અસંખ્યાત પ્રદેશાદિ યોગઈ (**બહુભાવ**=) બહુવચનપ્રવૃત્તિં (**ભેદ માનો**). "એક ધર્માસ્તિકાય" એ વ્યવહાર ન હોઈ. "ઘણા ધર્માસ્તિકાય" ઈત્યાદિક થવું જોઈઈ. *તે માટઈં એકપ્રદેશસ્વભાવ પણિ એમ ઘટઈ છઈ.* ॥૧૨/૫॥

परामर्शः

**नानाप्रदेशभावस्तु भिन्नप्रदेशयोगतः।**
**यदि नैकप्रदेशत्वमेकत्र बहुता भवेत्।।१२/५।।**

**❋ એક-અનેકપ્રદેશસ્વભાવનું સમર્થન ❋**

[redacted] :- અનેકપ્રદેશસ્વભાવ તો વિભિન્ન પ્રદેશોના = અવયવોના યોગના લીધે હોય છે. જો એકપ્રદેશસ્વભાવ ન હોય તો એકમાં અનેકતા આવે. (૧૨/૫)

**❁ અવિભક્તત્વનું અભિમાન ટાળીએ ❁**

[redacted] :- આત્માના પ્રદેશ અસંખ્ય હોવાથી 'આત્માના દેશો, પ્રદેશો' - આવો વ્યવહાર થાય છે. તેમાં નિયામક અનેકપ્રદેશસ્વભાવ છે. પ્રદેશાર્થનયના કે વ્યવહારનયના અભિપ્રાયથી આપણું વ્યક્તિત્વ સખંડ છે, વિભક્ત છે, અસંખ્ય દેશ-પ્રદેશમાં વહેંચાયેલું છે. આવું જાણીને આપણા એક-અખંડ -અવિભક્ત વ્યક્તિત્વનું અભિમાન ક્યારેય ન કરવું. અનેકપ્રદેશસ્વભાવના પ્રભાવથી આત્માના આઠ રુચકપ્રદેશો પાપની પ્રવૃત્તિ કરનાર જીવના પણ શુદ્ધ રહ્યા છે. જો અનેકપ્રદેશસ્વભાવ ન હોય તો પાપિષ્ઠ જીવનો એક આત્મપ્રદેશ મલિન થતાં સંપૂર્ણ આત્મા મલિન થવાની આપત્તિ આવે. તેથી કોઈ જીવ પાપની પ્રવૃત્તિમાં પરાયણ હોય તો પણ અનેકપ્રદેશસ્વભાવપ્રયુક્ત રુચકપ્રદેશશુદ્ધિની વિભાવના કરી તેના પ્રત્યે કોપાયમાન ન થવું. તેના પ્રત્યે દ્વેષ ન કરવો. આવો બોધપાઠ અહીં મેળવવા જેવો છે. પૂર્વે અગિયારમી શાખામાં જણાવેલ અસ્તિત્વાદિ સ્વભાવો તથા આ શાખામાં જણાવેલ ચેતનતા-અમૂર્તતા-અનેકપ્રદેશતાદિ સ્વભાવો મોક્ષમાં પણ છે જ. તેથી જ સિદ્ધ ભગવંતના ગુણને અને સ્વભાવને જણાવવાના અવસરે **કુંદકુંદસ્વામીએ નિયમસાર**માં જણાવેલ છે કે 'કેવલજ્ઞાન, કેવલ આનંદ, કેવલશક્તિ, કેવલદર્શન, અમૂર્ત્તત્વ, અસ્તિત્વ, સપ્રદેશત્વ હોય છે.' સાવધાન મનથી આની વિભાવના = વિચારણા કરવી. (૧૨/૫)

✡ 'માનો' પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

♦ આ.(૧)માં 'ભેદ માનો' પાઠ. લી.(૧+૨+૩)નો પાઠ લીધો છે. પુસ્તકોમાં 'હુઈ' નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

**જી હો કિમ સકંપ-નિકંપતા ? લાલા જો નહીં♦ અનેક પ્રદેશ;**
**જી હો અણુસંગતિ પણિ કિમ ઘટઈ, લાલા દેશ-સકલ આદેશ ? ॥૧૨/૬॥**
**(૨૦૦) ચતુર.**

**જો અનેકપ્રદેશસ્વભાવ** દ્રવ્યનઈ ✡કહિઈં **નહીં** તો ઘટ-પટાદિક♦ અવયવી દેશથી સકંપ, દેશથી નિષ્કમ્પ દેખિઈ છઈ, તે (= **સંકપ-નિકંપતા**) **કિમ** મિલઈ ?

"●ઘટ-પટાદિ અવયવ **કંપઈ** પણિ અવયવી **નિષ્કમ્પ**" - ઈમ કહિઈ તો **चलति** એ પ્રયોગ કિમ થાઈ ?

દેશવૃત્તિ કંપનો જિમ પરંપરા સંબંધ છઇ, તિમ દેશવૃત્તિ કંપાભાવનો પણિ પરંપરા સંબંધ છઈ. તે માટઈ "દેશથી ચલઈ છઈ, દેશથી નથી ચાલતો" - એ અસ્ખલિત વ્યવહારઈ* અનેકપ્રદેશસ્વભાવ માનવો.

તથા અનેકપ્રદેશસ્વભાવ □ન માનિઈં તો આકાશાદિ દ્રવ્યઈં, (**દેશ-સકલ આદેશથી**) **અણુસંગતિ** કહિતા પરમાણુસંયોગ, તે (**પણિ**) **કિમ ઘટઈ** ? ॥૧૨/૬॥

---

પરામર્શઃ

**नानाप्रदेशशून्यत्वे सकम्पाऽकम्पता कथम् ?।**
**व्योमादावणुसंयोगः कथं स्याद् देश-कात्स्र्न्यतः ?॥१२/६॥**

---

**❊ સકંપતા-નિષ્કંપતા અંગે વિમર્શ ❊**

[illegible] :- જો દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ ન હોય તો એક જ દ્રવ્યમાં આંશિક સકંપતા અને આંશિક નિષ્કંપતા કઈ રીતે થઈ શકે ? તથા આકાશ વગેરેમાં દેશથી કે સંપૂર્ણતાથી અણુસંયોગ કઈ રીતે થઈ શકે ? (૧૨/૬)

**❖ અનેકપ્રદેશસ્વભાવ વિચાર કોમળતા આપે ❖**

[illegible] :- આત્મા વગેરે દ્રવ્ય અનેકપ્રદેશસ્વભાવવાળા છે. કારણ કે સર્વ આત્મપ્રદેશોમાં આત્માનું અસ્તિત્વ છે. તેથી કોઈ પણ જીવના નાના પણ અંગોપાંગને આપણા દ્વારા હાનિ ન પહોંચે તેની આપણે પૂર્ણતયા કાળજી લેવી જોઈએ. આવી આંતરિક કોમળતાને કેળવવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. આ રીતે કોમળતા કેળવાય તો જ **યોગપ્રદીપ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં જણાવેલ છે કે 'નિષ્કલ (= સર્વકર્મકલાશૂન્ય), નિર્મમ, શાંત, સર્વજ્ઞ, સુખદાયી, સ્વામી એવા તે સિદ્ધ ભગવંત જ એક માત્ર નિરંજન દેવ જાણવા.' (૧૨/૬)

---

♦ પુસ્તકોમાં 'ન' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.
✡ પુસ્તકોમાં 'ન કહિઈં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.
♦ પુસ્તકોમાં 'ઘટાદિક' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ● પુસ્તકોમાં 'ઘટ-પટાદિ' નથી.
* આ.(૧)માં '...હાર છેં. માટે અનેક...' પાઠ. □ મો.(૨)માં 'ન' પાઠ નથી.

એહ જ યુક્તિ વિસ્તારી દેખાડઇ છઇ -

**જી હો દેશ-સકલભેદઈ દ્વિધા, લાલા દીઠી જગમાં વૃત્તિ;**
**જી હો પ્રત્યેકઈ દૂષણ તિહાં, લાલા બોલઈ સમ્મતિવૃત્તિ ॥૧૨/૭॥ (૨૦૧)**
**ચતુર.**

(**જગમાં દેશ-સકલભેદઈ દ્વિધા વૃત્તિ દીઠી.**) એક વૃત્તિ દેશથી છઈ. જિમ કુંડઈ બદર; નઈ બીજી સર્વથી છઇ. જિમ સમાન♦વસ્ત્રદ્વયની. **તિહાં પ્રત્યેકઈ દૂષણ સમ્મતિવૃત્તિ બોલઇ** છઇ. પરમાણુનઈ આકાશાદિકઇ દેશવૃત્તિ માનતા આકાશાદિકના પ્રદેશ અનિચ્છતાં પણિ આવઇ.

અનઇ સર્વતોવૃત્તિ માનતા પરમાણુ આકાશાદિપ્રમાણ થઈ જાઈ.

✡ઉભયાભાવઇ તો પરમાણુનઈ અવૃત્તિપણું જ થાઈ.

"**यावद्विशेषा♦भावस्य सामान्याभावनियतत्वाद्**" **इत्यादि** ॥१२/७॥

---

**परामर्शः**

**विश्वे वृत्तिर्द्विधा दृष्टा देश-कार्त्स्न्यविकल्पतः।**
**प्रत्येकं दूषणं तत्र भाषितं सम्मतौ स्फुटम्॥१२/७॥**

---

**❋ બે પ્રકારની વૃત્તિતાની વિચારણા ❋**

[redacted] :- વિશ્વમાં બે પ્રકારે વૃત્તિ = વૃત્તિતા દેખાય છે - દેશથી અને સર્વથી. બન્ને પ્રકારમાં દોષ આવે છે - તેવું સંમતિતર્કમાં સ્પષ્ટપણે જણાવેલ છે. (૧૨/૭)

**❁ દ્રવ્યકર્મ કરતાં ભાવકર્મ વધુ બળવાન ❁**

[redacted] :- કાર્મણવર્ગણાના સ્કંધસ્વરૂપ જ્ઞાનાવરણીયાદિ કર્મ આત્મામાં દેશવૃત્તિ છે. અલગ-અલગ આત્મપ્રદેશ દ્વારા ગ્રહણ કરાયેલા જુદા-જુદા કાર્મણવર્ગણાના સ્કંધ સ્વરૂપ દ્રવ્યકર્મ આત્માના જુદા જુદા ભાગમાં રહે છે. જો કે સંસારી આત્માના આઠ રુચક પ્રદેશ સિવાય સર્વત્ર દ્રવ્યકર્મ રહે જ છે. પણ એક જ કર્મદલિક સર્વ આત્મપ્રદેશોમાં રહેતું નથી. જુદા-જુદા આત્મપ્રદેશોમાં જુદા-જુદા કર્મદલિકો રહે છે. તેથી અલગ-અલગ આત્મપ્રદેશ દ્વારા ગ્રહણ કરાયેલા જુદા-જુદા દ્રવ્યકર્મ આત્મામાં દેશવૃત્તિ છે. મતલબ કે દ્રવ્યકર્મ અવ્યાપ્યવૃત્તિ છે. જ્યારે રાગ-દ્વેષાદિ સ્વરૂપ ભાવકર્મ તો આઠ રુચક પ્રદેશ સિવાય સંપૂર્ણ આત્મામાં રહે છે. તેથી આપેક્ષિકપણે સર્વવૃત્તિ છે. દ્રવ્યકર્મ દેશવૃત્તિ છે. તેથી તેના કરતાં સર્વવૃત્તિ ભાવકર્મ વધુ બળવાન છે. તેથી સાધકનું મુખ્ય લક્ષ દ્રવ્યકર્મ કરતાં ભાવકર્મને હટાવવાનું હોવું જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ અહીંથી ગ્રહણ કરવા યોગ્ય છે. દ્રવ્યકર્મ અને

---

♦ લા.(૨)માં 'સમાનવસ્તુદ્વયની' પાઠ.

✡ કો.(૯)માં 'ઉભયભાવ' અશુદ્ધ પાઠ.

♦ લા.(૨)માં '...शेषार्थाभा...' પાઠ.

ભાવકર્મ સંપૂર્ણપણે ઉચ્છેદ પામે તો **પ્રજ્ઞાપનાસૂત્ર**, **તીર્થોદ્ગાલિ પ્રકીર્ણક** (પયન્ના), **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**, **આત્મપ્રબોધ**, **આવશ્યકનિર્યુક્તિ**, **પુષ્પમાલા** ગ્રંથમાં(શબ્દલેશભેદથી) બતાવેલ તથા **કુમારપાલપ્રબોધ-પ્રબંધ**માં ઉદ્ધૃત કરેલ ગાથામાં જણાવેલ મોક્ષસુખ જરા પણ દુર્લભ નથી. ત્યાં આ અંગે જણાવેલ છે કે "સર્વ કાળનું ભેગું કરેલું દેવતાઓના સમૂહનું સંપૂર્ણ સુખ જો અનંતા વર્ગ-વર્ગ કરવા દ્વારા અનંતગુણઅધિક કરવામાં આવે તો પણ તે સુખ કદાપિ મોક્ષના સુખની તુલના કરી શકતું નથી."

[redacted] :- ૩ નો વર્ગ = $૩^૨$ = ૯ તથા ૯ નો વર્ગ = $૯^૨$ = ૮૧ થાય. $(૩^૨)^૨$ = ૮૧. તેથી ૩ નો વર્ગ-વર્ગ = ૮૧ થાય. આ રીતે ત્રૈકાલિક તમામ દિવ્યસુખનો વર્ગ-વર્ગ કરવાથી જે પરિણામ આવે તેનાથી અનંતગુણ અધિક સુખ પણ મુક્તિસુખની તુલનાને કરી શકતું નથી. (૧૨/૭)

**જી હો ભાવ સ્વભાવહ અન્યથા, લાલા છઈં વિભાવ વડ વ્યાધિ;**
**જી હો એ વિણ ન ઘટઈં જીવનઈં, લાલા અનિયત કર્મ ઉપાધિ ॥૧૨/૮॥**
**(૨૦૨) ચતુર.**

**સ્વભાવથી** જે **અન્યથાભાવ** તે **વિભાવસ્વભાવ કહિયઈં**. તે (વડ=) મહા **વ્યાધિ**રૂપ **છઈં**. **એ** વિભાવસ્વભાવ માન્યા **વિના જીવનઈં અનિયત** કહતાં નાનાદેશ-કાલાદિવિપાકી **કર્મ ઉપાધિ ન (ઘટઈ=)** લાગો જોઈઈ.

"उपाधिसम्बन्धयोग्यता हि विभावस्वभावः" ॥૧૨/૮॥

परामर्शः **स्वभावतोऽन्यथाभावो विभावो निष्ठुरो ज्वरः।**
**विना तमात्मनो नैवाऽनियतकर्मयोगता।।१२/८।।**

**❖ વિભાવસ્વભાવ નિષ્ઠુર જ્વર ❖**

[redacted] :- સ્વભાવથી અન્યથાભાવ તે વિભાવ જાણવો. તે નિષ્ઠુર જ્વર છે. તેના વિના આત્મામાં અનિયત કર્મનો સંયોગ થઈ ન શકે. (૧૨/૮)

**❀ વિભાવાત્મક મહારોગને ટાળીએ ❀**

[redacted] :- 'તમને કમળો થયો છે. બાકી આંખ પીળી ન થાય' - આવી ડોક્ટરની વાત કમળાને ટકાવવા માટે નથી પણ કમળાને વધતો અટકાવવા માટે અને ભગાવવા માટે છે. તેમ આપણા વિભાવસ્વભાવરૂપ મહારોગની વાત પરમર્ષિઓએ તેને ટકાવવા માટે નહિ પણ તેને વધતો અટકાવવા માટે અને ભગાવવા માટે કરી છે. કર્મના સંપર્કમાં આવવાની જીવની યોગ્યતા એ જ વિભાવસ્વભાવ છે. અનાદિ કાળથી આ વિભાવસ્વભાવ સક્રિય છે. અનાદિ કાળથી સક્રિય આ વિભાવસ્વભાવ આત્મવિરોધી એવા બળથી પુષ્ટ થયેલ છે. આત્મવિરોધી બળની સહાયને ધરાવનારા વિભાવસ્વભાવનો પ્રચાર અને પ્રસાર સર્વત્ર અવ્યાહત છે. તીર્થંકરના સમવસરણમાં ગયેલા પણ જીવની ચિત્તવૃત્તિને ઈન્દ્રિય દ્વારા બહાર ફેંકવાનું કામ આ વિભાવસ્વભાવ કરે છે. તેથી ત્યાં અરિહંત પરમાત્માને જોવાના બદલે રત્ન-સુવર્ણાદિના કાંગરા-કિલ્લા ઉપર અને નાચતી અપ્સરા વગેરે ઉપર જ જીવની નજર ચોંટી ગઈ. તેથી ત્યાં પણ રત્નાદિને ભેગા કરવાના કર્તૃત્વભાવમાં કે એ નાચતી અપ્સરાને ભોગવવાના ભાવમાં જ જીવ ઘણી વાર અટવાયો. આ રીતે સર્વત્ર પાંચેય ઈન્દ્રિયોના માધ્યમથી ચિત્તવૃત્તિપ્રવાહને બહાર ફેંકીને વિભાવસ્વભાવ સતત કર્તૃત્વ-ભોક્તૃત્વભાવને પેદા કરે છે. તેના લીધે રાગાદિ વિભાવપરિણામો, માનસિક વિકલ્પસ્વરૂપ તરંગોની હારમાળા, બહિર્મુખદશા, બંધદશા વગેરે બેમર્યાદપણે વધે જ રાખે છે. તથા તેના જ ફળસ્વરૂપે જન્મ, રોગ, ઘડપણ, મોત વગેરે દુઃખો આ જીવને સતત સંતાપવાનું કામ કરે છે.

**☫ વિભાવવળગાડમાંથી છૂટવાનો ઉપાય ☫**

આથી આ વિભાવસ્વભાવ ડાકણના વળગાડ જેવો છે. તે કાઢવા જેવો જ છે. તેને મૂળમાંથી

ઉખેડવા માટે નીચે મુજબ આત્માર્થી સાધકે વિશિષ્ટ ભાવના કરવી કે :- "હું મૂળભૂત સ્વરૂપે વિશુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ છું. મારું વિશુદ્ધ ચૈતન્ય પરમાનંદથી પરિપૂર્ણ છે. તેથી મારે બહાર ક્યાંય સુખની ભીખ માંગવાની જરૂર નથી. આ નિર્મળ ચેતનસ્વભાવ પરમ શાંતરસમય છે. એ પરમ નિષ્કષાય અને પરમ નિર્વિકાર છે. તેથી ઉકળાટ-અધીરાઈ-આવેશ-આવેગ-અહંકાર-કપટ-તૃષ્ણા-ભોગતૃષ્ણા વગેરે મારું સ્વરૂપ નથી. આવા ચૈતન્યથી ઝળહળતા મારા મહાન ગંભીર સ્વરૂપની સમજણ ન હોવાના લીધે, વિભાવસ્વભાવના કારણે પ્રગટેલા રાગાદિ વિભાવપરિણામોમાં તન્મય થઈને હું તાદાત્મ્યબુદ્ધિ કરી બેઠો. તેના જ કારણે હું આટલા દીર્ઘ કાળથી દેહ-દુકાન-ઘર-પરિવાર-વિરાધના વગેરે સ્વરૂપ બાહ્ય સંસારમાં ભટક્યો તથા રાગ-દ્વેષાદિવિભાવપરિણામ અને સંકલ્પ-વિકલ્પ વગેરે સ્વરૂપ અભ્યંતર સંસારમાં ભટક્યો. આવી મૂર્ખામી કરનારા એવા મને ધિક્કાર હો. ખરેખર કેળના વૃક્ષના થડને ઉખેડવામાં આવે તો એની અંદરથી નવા-નવા પડ નીકળે જ રાખે છે. પણ તેમાંથી કશું સારભૂત તત્ત્વ નીકળે નહિ. આકુળતાસ્વરૂપ રાગ, વ્યાકુળતારૂપ દ્વેષ, કર્તૃત્વભાવ, ભોક્તૃત્વભાવ વગેરે વિભાવપરિણામો અસાર હોવાના લીધે કેળના થડ જેવા છે. મારે તેનું શું કામ છે ? બસ હવે હું તેનાથી અટકું છું. જેમ મૃગજળ તુચ્છ છે, તેમ ઢગલાબંધ સંકલ્પ-વિકલ્પની કલ્પનાના તરંગોની હારમાળા પણ તુચ્છ છે. તેથી તેનાથી પણ હું અટકું છું. પાપોદયમાં ઉદ્વેગ અને પુણ્યોદયનું આકર્ષણ - આ બન્ને મારક તત્ત્વોથી હું જુદો પડું છું. હવે હું શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપે શાંતભાવે સહજતાથી પરિણમું છું." આ મુજબની વિભાવનાથી પ્રતિદિન લાંબા સમય સુધી આદરપૂર્વક શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. શુદ્ધાત્માનું ધ્યાન કરવાના બળે સાધકને અંતરમાં શાંતસુધારસની અનુભૂતિ થાય છે. ત્યાર બાદ તેને **જ્ઞાનસાર**ના તૃપ્તિઅષ્ટકમાં દર્શાવેલી વિગત સત્ય પદાર્થસ્વરૂપે અંદરમાં પ્રતીત થાય છે. ત્યાં **મહોપાધ્યાયજી મહારાજે** જણાવેલ છે કે 'અદ્વિતીય શાંતરસના અનુભવથી અતીન્દ્રિય એવી જે તૃપ્તિ થાય, તેવી તૃપ્તિ જીભથી ષડ્રસને ચાખવાથી પણ નથી થતી.'

## ❈ શુદ્ધચૈતન્યસ્વભાવધ્યાનના સાત ફળને સમજીએ ❈

શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન રોજે રોજ લાંબા સમય સુધી આદરપૂર્વક કરતાં કરતાં તે ધ્યાન અંદરમાં પરિણમે છે. તે ધ્યાન જેમ જેમ પરિણમતું જાય તેમ તેમ (૧) વિભાવસ્વભાવનું સહકારી શુદ્ધાત્મવિરોધી બળ ક્ષીણ થતું જાય છે. (૨) પ્રચુર પ્રમાણમાં અનાદિકાલીન સહજમળનો રેચ થાય છે. મતલબ કે સહજમળની કબજિયાત દૂર થાય છે. (૩) કર્તૃત્વભાવની અને ભોક્તૃત્વભાવની પરિણતિ પ્રશિથિલ બને છે. (૪) વિભાવદશા, વિકલ્પદશા, બંધદશા, બહિર્મુખદશા વગેરે અત્યંત ખલાસ થાય છે. (૫) અંતઃકરણ નિરાકુળ, નીરવ (આંતરિક ઘોંઘાટથી શૂન્ય) અને નિર્મળ બને છે. (૬) કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ વગેરેનો સમૂહ પણ અનુકૂળ બને છે. તથા (૭) વિભાવસ્વભાવ મોટા ભાગે નિષ્ક્રિય બને છે. આ રીતે તેને નિષ્ક્રિય કરવામાં આવે તો જ કેવલ ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવ પ્રગટી શકે. આ લક્ષમાં રાખી અજ્ઞાન, રાગ, દ્વેષ, વાસના, લાલસા, તૃષ્ણા વગેરે સ્વરૂપે આપણું પરિણમન ન થાય તેની સતત કાળજી રાખવાની છે. આ રીતે જ કર્મથી છૂટકારો સંભવે. આથી જ **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામીએ** "રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો જીવ કર્મથી છૂટે છે. તેથી હે જીવ ! તું કર્મોમાં રાગ નહિ કર" - આ મુજબ જણાવેલ છે. આવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યના બળથી

મળતો મોક્ષ સદા વિભાવસ્વભાવથી શૂન્ય જ છે. આ અંગે **રત્નકરંડકશ્રાવકાચારમાં સમન્તભદ્રાચાર્યે** જણાવેલ છે કે 'ત્રણ જગતની ઉથલ-પાથલ કરવા માટે સમર્થ એવો જો ઉત્પાદ પણ થઈ જાય અને સેંકડો કલ્પ પસાર થઈ જાય તો પણ મુક્તાત્માઓમાં એકાદ પણ વિક્રિયા (= વિભાવસ્વભાવકાર્ય) પ્રમાણથી ન જણાય.' (૧૨/૮)



**જી હો ♦શુદ્ધસ્વભાવ કેવલપણું લાલા ઉપાધિકજ અશુદ્ધ;**
**જી હો વિણ શુદ્ધતા ન મુક્તિ છઈ, લાલા લેપ ન વિગર અશુદ્ધ ॥૧૨/૯॥**
**(૨૦૩) ચતુર.**

**કેવલપણું** કહતા ઉપાધિભાવરહિતાન્તર્ભાવપરિણતિ✿ તે **શુદ્ધ✝સ્વભાવ.**

**ઉપાધિજનિત**બહિર્ભાવપરિણમન❖યોગ્યતા તે **અશુદ્ધ**સ્વભાવ છઈ.

જો (**વિણ શુદ્ધતા=**) શુદ્ધસ્વભાવ ન માનિઇ, તો **મુક્તિ ન** ઘટઇ(છઇ). (**વિગર અશુદ્ધ=**) જો અશુદ્ધસ્વભાવ ન માનિઈ, તો કર્મનો **લેપ ન** ઘટઈ.

**अत एव** – "શુદ્ધસ્વભાવનઈ કદાપિ અશુદ્ધતા ન હોઈ, અશુદ્ધસ્વભાવનઈ પછઈ પણિ ❑શુદ્ધતા ન હોઈ" એ ***वेदान्त्यादि*** મત નિરાકરિઉં. ઉભયસ્વભાવ માનિઈ, કોઈ દૂષણ ન હુવઇ, તે વતી.॥૧૨/૯॥

---

*પરામર્શઃ* **कैवल्यं शुद्धभावो ह्यशुद्ध उपाधिजस्तथा।**
**शुद्धाद् विना न मोक्षः स्याद् विनाऽशुद्धं न लिप्तता।।१२/९।।**

---

**❈ શુદ્ધ-અશુદ્ધસ્વભાવની પ્રરૂપણા ❈**

[illegible] :- કૈવલ્ય એ શુદ્ધસ્વભાવ કહેવાય છે. તથા ઉપાધિજન્ય અશુદ્ધસ્વભાવ કહેવાય છે. શુદ્ધસ્વભાવ વિના મોક્ષ ન થાય તથા અશુદ્ધસ્વભાવ વિના આત્મા લેપાય નહિ. (૧૨/૯)

**❀ બહિર્ભાવપરિણમન ટાળીએ ❀**

[illegible] :- જીવનું બહિર્ભાવપરિણમન જ્યાં સુધી વેગપૂર્વક સ્વૈચ્છિકપણે ચાલુ જ છે, ત્યાં સુધી અંતર્ભાવપરિણમન શક્ય જ નથી. તેથી અંતર્ભાવે પરિણમી જવા માટે બહિર્ભાવની પરિણતિને કાપવી પડે, ભેદવી પડે, ઘસવી પડે, ઓછી કરવી પડે, મંદ કરવી પડે. તે માટે ધ્યાન, કાયોત્સર્ગ વગેરે સાધના દ્વારા શુદ્ધસ્વભાવસન્મુખ થવાની આવશ્યકતા છે. તેનાથી અંતર્ભાવપરિણતિની દિશા ઉઘડતી જાય છે, શુદ્ધસ્વભાવ પ્રગટવા માટે સારી રીતે ઉલ્લસિત થતો જાય છે. પ્રગટ થયેલ આંશિક શુદ્ધપરિણતિ અને અંતર્ભાવપરિણતિ શુદ્ધ આત્માને અહોભાવથી સમર્પિત કરવાથી પુષ્ટ થયેલો શુદ્ધ સ્વભાવ પૂર્ણતયા પ્રગટવા માટે વધુ ઉલ્લસિત થાય છે. આ ક્રમથી શુદ્ધાત્માની ભાવનાથી, શુદ્ધ આત્માને ભાવિત કરવાથી **ધર્મોપદેશમાલાવિવરણ**માં શ્રી**જયસિંહસૂરિ**એ વર્ણવેલું અત્યંતપીડારહિત, નિરુપમ,

---

♦ પુસ્તકોમાં 'શુદ્ધભાવ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✿ લા.(૨) + પુસ્તકોમાં 'પરિણત' પાઠ. કો.(૯)માં 'પરિણમન' પાઠ આ.(૧)નો પાઠ લીધો છે.

✝ આ.(૧)માં 'શુદ્ધસ્વભાવ કેવલપણો તે કહીઈ' પાઠ.

❖ પુસ્તકોમાં 'પરિણામન' પાઠ. ભા૦ + કો.(૧૦+૧૧)માં 'પરિણમન' પાઠ.

❑ મો.(૨)માં 'અશુદ્ધતા' અશુદ્ધ પાઠ.

અનંત મુક્તિસુખ પ્રગટ થાય છે. તેને પ્રગટ કરવાની પ્રેરણા અહીં મેળવવા જેવી છે.

## ✻ યોગી વ્યવહારમાં સૂતેલા, આત્મકાર્યમાં જાગૃત ✻

પ્રસ્તુતમાં **ભાવપ્રાભૃત** ગ્રંથની એક ગાથાની વિભાવના કરવા જેવી છે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જો ચાર ગતિમાંથી મુક્ત થઈને જલ્દીથી શાશ્વત સુખને તું ઈચ્છતો હો તો સુવિશુદ્ધ નિર્મલ આત્માની, ભાવથી શુદ્ધ બનીને, ભાવના કર.' આઠમી શાખામાં દર્શાવેલ 'મારું શરીર, મારું ધન' વગેરે અસદ્ભૂત વ્યવહાર ત્યાજ્ય છે. તેમાં મગ્ન બનવામાં આવે તો પોતાના આત્માના કાર્યમાં મહાત્મા ઉંઘી જાય છે. આ અંગે **મોક્ષપ્રાભૃતમાં કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જે યોગી વ્યવહારમાં સૂતેલા હોય તે પોતાના આત્માના કાર્યમાં જાગે છે. તથા જે આત્મા વ્યવહારમાં જાગે છે તે પોતાના આત્માના કાર્યમાં ઉંઘે છે.' પૂર્વે (૭/૧૧) આ સંદર્ભ જણાવેલ હતો. તેનું અહીં અનુસંધાન કરવું. 'મોહનિદ્રામાં સૂતેલા હોય તે મુનિ નથી. મુનિઓ તો સદા જાગતા હોય છે' - આ મુજબ **આચારાંગસૂત્ર**ને યાદ કરીને મહાત્માઓએ શુદ્ધાત્મસ્વભાવમાં કાયમ જાગૃત રહેવું જોઈએ. **અધ્યાત્મસાર**ની પણ એક કારિકાની અહીં વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'સર્વ જીવના સમૂહને જે (શુદ્ધાત્મદશા) રાત્રિ લાગે છે, તે ધ્યાતા યોગીને દિનમહોત્સવ લાગે છે. તથા જેમાં (દેહાધ્યાસાદિમાં) સર્વ કદાગ્રહી જીવો જાગે છે, તેમાં ધ્યાતા યોગી ઊંઘે છે.' તેમજ **સમયસાર** ગ્રંથની એક ગાથા પણ અહીં ખાસ મનમાં સ્થિર કરવા યોગ્ય છે. તે ગાથાનો અર્થ આ મુજબ છે કે 'શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે. અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.' (૧૨/૯)

**જી હો નિયમિત એકસ્વભાવ જે, લાલા ઉપચરિઈ પરઠાણ;**
**જી હો તે ઉપચરિત સ્વભાવ છઈ, લાલા એ વિણ કિમ પરનાણ ? ॥૧૨/૧૦॥**
**(૨૦૪)ચતુર.**

**નિયમિત** એકસ્થાનકે◆ નિર્દ્ધારિઉં, **જે એકસ્વભાવ, પર**✱સ્થાનકઈ **ઉપચરિઈ, તે ઉપચરિત સ્વભાવ (છઈ=)** હોઈ.

**(એ વિણ=)** તે ઉપચરિતસ્વભાવ **(વિણ=)** ન માનિઈ ✡તો "સ્વ-પરવ્યવસાયિજ્ઞાનવંત આત્મા" **કિમ** કહિઈ? જે♦ માટઈ જ્ઞાનનઈ સ્વવિષયત્વ તો અનુપચરિત છઈ.

પણિ પરવિષયત્વ તે પરાપેક્ષાઈ પ્રતીયમાનપણઈ તથા પરનિરૂપિતસંબંધપણઈ ઉપચરિત છઈ.

✱**(પરનાણ=)**પરવિષયક જ્ઞાન પરાપેક્ષપણે ઉપચરિતસ્વરૂપવાળું કહ્યું પરનિરૂપિતસંબંધે. ઈન્દ્રિયો અને પુસ્તકાદિમાં જે જ્ઞાનસ્વભાવ છે, તે પણ ઉપચરિત ભાવથી જાણવો જોઈએ.

નહિતર અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણસ્વરૂપી આત્માના સ્વરૂપની સાથે વિરોધ આવશે.✱ ॥૧૨/૧૦॥

---

**परामर्शः**

**एकस्वभाव एकत्र निश्चितोऽन्यत्र चर्यते।**
**उपचरित उक्तः स परज्ञानं न तं विना।।१२/१०।।**

---

### ❀ ઉપચરિતસ્વભાવની સમજણ ❀

[redacted] :- એક સ્થાને નિશ્ચિત થયેલા એક સ્વભાવનો અન્યત્ર ઉપચાર કરવામાં આવે છે, તે ઉપચરિતસ્વભાવ કહેવાય છે. તેના વિના અન્ય વસ્તુનું જ્ઞાન થઈ ન શકે. (૧૨/૧૦)

### ✱ જ્ઞાનમાં પરપ્રતિભાસને ગૌણ બનાવીએ ✱

[redacted] :- અહીં ટબાનું તાત્પર્ય એમ જણાય છે કે જ્ઞાનનું જ્ઞેય જો માત્ર જ્ઞાન પોતે જ બને તો જ્ઞાન અત્યંત નિર્મળ બનતું જાય છે. આત્મજ્ઞાની પુરુષો પોતાના ચૈતન્યસ્વરૂપનું અનુસંધાન કરવા પૂર્વક જ્ઞાનને મુખ્યપણે સ્વાત્મક જ્ઞેયાકારે પરિણમાવે છે. આ રીતે તેઓ અત્યન્ત નિર્મળ જ્ઞાનનો અનુભવ કરે છે. જો કે જ્ઞાન તો અરિસા જેવું છે. તેથી જ્ઞાનમાં જેટલો નિર્મળ ચૈતન્યસ્વભાવ હોય તેટલા પ્રમાણમાં તેના બળથી સ્વ-પરનો પ્રતિભાસ તેમાં થયે જ રાખે છે. તો પણ સમ્યગ્દૃષ્ટિ જીવો

---

◆ પુસ્તકોમાં '...સ્થાનિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✱ પુસ્તકોમાં 'સ્થાનકિ' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'તો' નથી. સિ.+કો.(૯)માં છે.

♦ પુસ્તકોમાં 'તે' પાઠ છે. આ.(૧)+કો.(૭)માં 'જે'.

✱...✱ ચિહ્નદ્વયવર્તી પાઠ મ.માં તથા ઘણી હસ્તપ્રતોમાં નથી. શાં.+કો.(૭)માં છે.

જ્ઞાનથી ભિન્ન એવા પર જ્ઞેય પદાર્થોને પોતાના જ્ઞાનમાં ગૌણ કરે છે અને મુખ્યપણે જ્ઞાનને = પોતાને જ જ્ઞાનનો જ્ઞેય બનાવે છે. તેથી તેઓ જ્ઞાનઅભિન્ન જ્ઞેયના આકારને જ મુખ્ય બનાવીને તે સ્વરૂપે પોતાના જ્ઞાનનો અનુભવ કરે છે. તથા તે મુજબ શ્રદ્ધા કરે છે. મતલબ કે પરનું લક્ષ છૂટીને પ્રતિભાસમાન જ્ઞાન અંદરમાં ઝળહળે છે. આ રીતે જ્ઞાનથી અભિન્ન જ્ઞાતાનો અનુભવ સમકિતી કરી લ્યે છે. પરંતુ મિથ્યાદષ્ટિ જીવ પ્રતિક્ષણ જ્ઞાનને છોડી જ્ઞાનમાં સદા પ્રતિભાસમાન રાગાદિ પરજ્ઞેય સાથે એકાકાર-તદાકાર-તન્મય થઈ જાય છે. તથા રાગાદિ પર પદાર્થ સાથેના તાદાત્મ્યનો આશ્રય કરે છે, પરતાદાત્મ્યનો અનુભવ કરે છે. તથા રાગાદિ પર પદાર્થના તાદાત્મ્યની જ રુચિ-શ્રદ્ધા પકડી રાખે છે. આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અધ્યાત્મસાર** ગ્રંથમાં આત્મનિશ્ચય અધિકારમાં જણાવેલ છે કે "જેમ અજ્ઞાની માણસ લાલ-પીળા ફૂલ વગેરે સ્વરૂપ ઉપાધિના વૈવિધ્યથી ઉત્પન્ન થયેલ લાલાશ-પીળાશ વગેરે ભેદોને = પ્રકારોને સ્ફટિકમાં જાણે છે, (આરોપિત કરે છે,) તેમ અજ્ઞાની જીવ કર્મકૃત ભેદભાવોને = રાગાદિપરિણામોને આત્મામાં જ માને છે. તેથી તે 'હું રાગી છું, દ્વેષી છું, ક્રોધી છું' - ઈત્યાદિરૂપે અભિમાન કરે છે."

## ❦ જ્ઞાન સિવાયના પરિણામોની ઉપેક્ષા કરીએ ❦

આથી જ્ઞાન સિવાયના તમામ જ્ઞેયની (= પરજ્ઞેયપદાર્થની) રુચિ-દૃષ્ટિ-અભિલાષા-લક્ષ-શ્રદ્ધા છોડીને ગંભીર પરિણતિથી પોતાના ઉપયોગને અંદરમાં વાળીને, ઉપયોગ પોતાને જ જ્ઞેય બનાવે તેવું કરીને, જ્ઞાનાત્મક જ્ઞેયના જ્ઞાનની મુખ્યતા રાખવી એ જ સ્વાનુભૂતિનો આંતરિક તાત્ત્વિક માર્ગ છે. કેમ કે જ્ઞાન પોતે જ પોતાને જ્ઞેય બનાવે, જ્ઞાન પોતાને જ જાણવા-માણવા ઉત્સુક બને તો જ શુદ્ધ ઉપયોગ પ્રગટ થાય છે. તથા તે શુદ્ધોપયોગ દ્વારા નિરુપાધિક આનન્દ સ્વભાવી એવા જ્ઞાતાથી અભિન્નપણે જ્ઞાનના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. પ્રસ્તુતમાં લોકોત્તર ન્યાયને પણ લાગુ પાડવો. તે એ રીતે કે જ્ઞાતા જ પૂર્ણસ્વરૂપે જ્ઞાનાત્મક બની જાય તે મુક્તિ છે. (મતલબ કે જ્ઞાનનું સદા માટે કેવળ સ્વસન્મુખ સ્થિર થઈ જવું તે જ મોક્ષ છે. લોકાલોકસ્વરૂપ પર જ્ઞેયનો તેમાં પ્રતિભાસ થાય તો પણ મુક્તાત્મા તથાસ્વભાવી જ્ઞાનને જ જાણે છે. તે પરજ્ઞેયમાં તાદાત્મ્ય કે મમત્વ ધારણ કરતા નથી.) તથા જ્ઞાતાને રાગાદિ જ્ઞેયમાં તાદાત્મ્ય અનુભવાય તે જ ભવભ્રમ છે. (અર્થાત્ અજ્ઞાનદશામાં જ્ઞાનનું સ્વપ્રકાશકપણું લક્ષ બહાર નીકળી જાય છે તથા પરનું લક્ષ અને પરનો પક્ષ મજબૂત થઈ જાય છે. જ્યારે જ્ઞાનદશામાં જ્ઞેયના પ્રતિભાસ ઉપરથી પોતાનું લક્ષ છૂટી જાય છે અને સ્વપ્રકાશકતાનો પક્ષ દૃઢ થાય છે.)

જો કે સમકિતી કે મિથ્યાત્વી તમામ જીવોનું જ્ઞાન સ્વપ્રતિભાસી હોય જ છે. તો પણ સ્વનો = નિર્મળજ્ઞાનનો અનુભવ તો સમકિતીના જ્ઞાનમાં જ માન્ય છે. જ્ઞાની-અજ્ઞાનીને પ્રતિભાસ બેનો હોય છે. પણ જ્ઞાનીને લક્ષ સ્વનું હોય છે, અજ્ઞાનીને પરનું હોય છે. આટલો અહીં તફાવત સમજવો. તેથી જ્ઞાનમાં જ્યારે સ્વ-પરનો પ્રતિભાસ થતો હોય ત્યારે ઉપયોગનો વિષય રુચિપૂર્વક સ્વ = જ્ઞાન જ બને તેવું કરવું. બાકી મિથ્યાત્વનો ઉચ્છેદ થવો દુર્લભ જ છે. જીવના પરમપારિણામિકભાવસ્વરૂપ જ્ઞાતાથી ભિન્ન બાહ્ય શરીર-પરિવાર-ધન વગેરે જ્ઞેય પદાર્થ તથા રાગાદિ આંતરિક જ્ઞેય પદાર્થ - આ બન્નેની જિજ્ઞાસા, અનુસંધાન, રુચિ, પક્ષ, લક્ષ વગેરે જો છૂટે નહિ, છોડવાની તૈયારી પણ ના હોય તો સ્વાનુભૂતિની આશા છોડી જ દેવી. પરને રુચિપૂર્વક જાણવાનું ચાલુ રાખવું છે અને જ્ઞાનસ્વરૂપ

જ્ઞાતાનો સાક્ષાત્કાર કરી લેવો છે - આ બે વાતને મિયાં-મહાદેવની જેમ કદાપિ મેળ પડે તેમ નથી. તેથી અપરોક્ષ સ્વાનુભૂતિની કામનાવાળા આત્માર્થી જીવોએ પોતાના દેહધર્મ વગેરે સંબંધી રુચિ વગેરેને સૌપ્રથમ પરઠવી દેવી પડે, છોડવી પડે.

**❋ ઉપચાર વખતે જાગૃતિ કેળવીએ ❋**

તથા 'હું કાળો છું, હું ગોરો છું, હું દૂબળો છું, હું જાડો છું, હું લાંબો છું, હું ટૂંકો છું' - આ પ્રકારે જે વ્યવહાર થાય છે, તે જ્ઞાનગત પરપ્રતિભાસસ્વભાવની રુચિને મુખ્ય બનાવવાથી થાય છે. તેથી તે વ્યવહાર ઔપચારિક છે, વાસ્તવિક નહિ. આત્માની અંદર વાસ્તવમાં ગૌરત્વ, કૃષ્ણત્વ, સ્થૂલત્વ, કૃશત્વ, દીર્ઘત્વ, હ્રસ્વત્વ વગેરે ગુણધર્મો રહેતા નથી. પરંતુ આત્માના કારણે શરીરમાં તે તે ગુણધર્મો આવે છે. તેથી શરીરગત તે તે ગુણધર્મોનો આત્મામાં ઉપચાર થાય છે. આ હકીકત ઉપરોક્ત વ્યવહાર કરતી વખતે મગજમાં બરાબર વસી ગયેલ હોય તો તેવા પ્રકારનો વ્યવહાર કરતી વખતે કોઈ પણ જાતના આઘાતનો કે પ્રત્યાઘાતનો અનુભવ કર્યા વિના આત્મા અસંગ અને અલિપ્ત દશામાં આરૂઢ થતો જાય. તેથી સર્વત્ર (૧) નિરંજન, (૨) નિરાકાર, (૩) નિર્દ્વન્દ્વ, (૪) નિર્લેપ, (૫) નિરુપમ, (૬) નિર્વિકલ્પ, (૭) નિરાવરણ, (૮) નિરાકુળ, (૯) નિર્મમ, (૧૦) નિર્મદ, (૧૧) નિષ્ક્રિય, (૧૨) નિર્મલ, (૧૩) નિસ્પૃહ, (૧૪) નિષ્કષાય, (૧૫) નિર્મોહ, (૧૬) નિષ્પ્રકંપ, (૧૭) નિર્વિકાર, (૧૮) નિરુપાધિક, (૧૯) નિરવધિ (= અમર્યાદિત), (૨૦) નિસ્તરંગ, (૨૧) નિત્ય, (૨૨) નિરાબાધ (પીડારહિત), (૨૩) નિર્ભ્રાન્ત, (૨૪) નીરૂપ, (૨૫) નીરાગ, (૨૬) નિષ્કર્મા (કર્મશૂન્ય), (૨૭) નિર્બંધ (= કર્મબંધરહિત), (૨૮) નિરાશ્રવ (= આશ્રવમુક્ત), (૨૯) નિર્ગુણ (= રજોગુણ-તમોગુણ -સત્ત્વગુણરહિત), (૩૦) નિરપેક્ષ (= પોતાના અસ્તિત્વાદિ માટે પરદ્રવ્ય-ગુણાદિની અપેક્ષાથી રહિત), (૩૧) નિશ્ચલ, (૩૨) નિષ્કલંક, (૩૩) નિષ્કિંચન, (૩૪) નિરાશંસ, (૩૫) નિર્ભય, (૩૬) નિરાલંબન, (૩૭) નિરુપદ્રવ, (૩૮) નીરજસ્ક (= કર્મરજકણથી મુક્ત), (૩૯) પાપમુક્ત, (૪૦) નિરાહાર, (૪૧) અવિદ્યાગ્રહણશૂન્ય, (૪૨) આધિ-વ્યાધિ-ઉપાધિ આદિ પ્રપંચથી શૂન્ય, (૪૩) આસક્તિશૂન્ય, (૪૪) નિષ્કલ (= મતિજ્ઞાનાદિના અંશોથી રહિત અખંડ કેવલ ચૈતન્યસ્વરૂપ), (૪૫) નીરવ (કોલાહલશૂન્ય), (૪૬) નીરોગી, (૪૭) જન્મશૂન્ય, (૪૮) ઘડપણ વિનાના, (૪૯) નિઃસંગ, (૫૦) નિઃસીમ (= નિર્મર્યાદ) અને (૫૧) નિર્દોષ જ્ઞાતા એવા આત્માને જ પકડવો, તેનાથી ભિન્ન જ્ઞેયને નહિ. તેથી **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'પ્રજ્ઞા વડે એવું ગ્રહણ કરવું કે - જે જાણનારો છે, તે નિશ્ચયથી હું છું. બાકીના જે ભાવો છે, તે મારાથી પર = ભિન્ન છે - એમ જાણવું.' આવી જાગૃતિ કેળવવાની આધ્યાત્મિક પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા જેવી છે. તેનાથી સમસ્ત વૃત્તિઓનો સમ્યક્ પ્રકારે ઉચ્છેદ થવાથી **વૈરાગ્યકલ્પલતા**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે વર્ણવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રાપ્ત થાય છે. ત્યાં જણાવેલ છે કે 'દેહવૃત્તિથી શારીરિક દુઃખ ઉત્પન્ન થાય છે. તથા મનોવૃત્તિથી માનસિક દુઃખ પ્રગટ થાય છે. દેહ-મનોવૃત્તિ ન હોવાથી સિદ્ધશિલામાં મહાસુખ સિદ્ધ થાય છે.' (૧૨/૧૦)

**જી હો ♦કર્મજ-સહજ બિ ભેદ તે, લાલા મૂર્ત્ત-અચેતનભાવ;**
**જી હો પ્રથમ જીવને વળી✡ સિદ્ધનઈં, લાલા અપર પરજ્ઞસ્વભાવ ॥૧૨/૧૧॥**
**(૨૦૫)ચતુર.**

**તે** ઉપચરિતસ્વભાવ (**બે ભેદ**=) ૨ પ્રકાર છઇ. એક **કર્મજનિત**. એક (**સહજ**=) સ્વભાવજનિત. તિહાં પુદ્ગલ- સંબંધઈ જીવનઈં (**મૂર્ત્ત-અચેતનભાવ**=) મૂર્ત્તપણું અનઈં અચેતનપણું જે કહિઈં છઇં, તિહાં **गौर्वाहीकः** એ રીતિં ★તે જીવનો★ ઉપચાર છઈ, ✱તે કર્મજનિત છઈ.✱

તે માટઈં તે કર્મજ ઉપચરિતસ્વભાવ છઈ. તે (=**પ્રથમ**) **જીવનઈં**.

(**વળી,**) **અપર** કહતાં બીજો, જે સહજ ઉપચરિતસ્વભાવ, તે **સિદ્ધનઈં** ⁑**પરજ્ઞપણું**, તિહાં કોઈ કર્મોપાધિ છઈ નહીં.❒

**तदुक्तम्** ***आचारसूत्रे*** – [1]**"अकम्मस्स ववहारो ण विज्जइ, कम्मुणा उवाही जायति"त्ति** (आ.१/३/१/सू.११०) ॥१२/११॥

**परामर्शः**

**कर्म-सहजभेदात् स द्विधाऽचेतन-मूर्त्तता।**
**आद्यो जीवेऽपरः सिद्धे परज्ञताऽन्यदर्शिता॥१२/११॥**

**❀ ઉપચરિતસ્વભાવના બે ભેદ ❀**

[redacted] :- કર્મજનિત અને સ્વભાવજનિત એવા ભેદથી ઉપચરિતસ્વભાવ બે પ્રકારે છે. જીવમાં અચેતનતા અને મૂર્ત્તતા કહેવાય છે, તે પ્રથમ ઉપચરિતસ્વભાવ છે. તથા સિદ્ધ ભગવંતમાં પરજ્ઞતા અને પરદર્શિતા એ બીજો ઉપચરિતસ્વભાવ છે. (૧૨/૧૧)

**● નવી ઉપાધિઓ ભેગી ન કરીએ ●**

[redacted] :- કર્મજનિત ઉપચરિતસ્વભાવને દર્શાવવાની પાછળ આશય એવો જણાય છે કે બાહ્ય ઉપાધિ કર્મજનિત છે. તથા જો જાગૃતિ રાખવામાં ન આવે તો ઉપાધિ કર્મજનક બની જતાં વાર ન લાગે. 'આ હોંશિયાર, તે મૂરખ, આ શ્રીમંત, તે ગરીબ' - વગેરે સ્વરૂપ ઔપાધિક વ્યવહારથી ઉત્પન્ન થયેલ સુખ-દુઃખ નવી આધિ-વ્યાધિ-ઉપાધિનું જનક બની ન જાય તેની સાવધાની

♦ પુસ્તકોમાં 'કર્મસહજ' પાઠ. કો.(૧+૫+૮) + (મો.૨)નો પાઠ લીધો છે.

✡ કો.(૯)+સિ.+મ.માં 'વળી' નથી. શાં.માં છે.

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત P(૩)માં છે.

✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી કો.(૯)+સિ.માં નથી.

⁑ P(૨)માં 'પરમાજ્ઞ...' અશુદ્ધ પાઠ.

❒ મો.(૨)માં 'નહીં' પાઠ નથી.

1. अकर्मणः व्यवहारः न विद्यते, कर्मणा उपाधिः जायते।

રાખવી તે આત્માર્થી જીવનું ઉમદા કર્તવ્ય છે. તે માટે કર્મ, નોકર્મ (શરીરાદિ) વગેરેનો કર્તૃત્વ -ભોક્તૃત્વભાવ છોડવો તથા જ્ઞાતા-દૃષ્ટાભાવને ગ્રહણ કરવો. તેમજ નિરુપચરિત નિઃસંગ નિજસ્વરૂપપ્રકાશક શુદ્ધચૈતન્યસ્વભાવને વિશે કર્તૃત્વભાવ અને ભોક્તૃત્વભાવ આદરવો. તે માટે રોજ દીર્ઘકાળ સુધી અહોભાવપૂર્વક નિરુપચરિત નિજસ્વભાવનો અભ્યાસ કરવાની ટેવ પાડવી. તે અભ્યાસ આ રીતે કરી શકાય કે - "(૧) રાગ-દ્વેષ વગેરે વિભાવપરિણામો અને (૨) વિતર્ક-વિકલ્પના તરંગોની હારમાળા ખરેખર વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ, કર્મ, કાળ વગેરે પરિબળોની પ્રેરણાથી નિરંતર પ્રગટ થયે જ રાખે છે. (૩) કોલાહલ, કદન્ન (ખરાબ ભોજન), કિંકર, કૃમિ, કન્યા, કામિની, કુટુંબ, કાયા, કાંચન, કીર્ત્તિ, કૂવો, કરિયાણું, કસ્તૂરી, કમળ, સાદડી, કૂતરો (કપિલ), ગોદડી વગેરે પદાર્થો પણ કર્મ, કાળ વગેરે કારણોના પ્રતાપે મળે છે. આ ત્રણેય પ્રકારના આંતર-બાહ્ય પદાર્થોનું પ્રતિબિંબ દર્પણતુલ્ય મારા જ્ઞાનમાં સતત પડે જ રાખે છે. પરંતુ આ પદાર્થો મારું સ્વરૂપ નથી. મારા સ્વરૂપે એ પદાર્થો રહેતા નથી. કારણ કે તેઓ નશ્વર છે, હું નિત્ય છું. કોલાહલ-કદન્ન વગેરે જડ છે. હું ચેતન છું. કાયા-કાંચન વગેરે પુદ્ગલો પણ એંઠવાડ સ્વરૂપ છે. અનંતા જીવોએ ભોગવી-ભોગવીને તેને છોડેલ છે. કન્યા, કામિની વગેરે તો જંગમ (Mobile) ઉકરડો જ છે. કાયા વગેરે ગટરસ્વરૂપ છે. રાગાદિ અને વિકલ્પાદિ તો ફોડલા (ગૂમડા) જ છે. કાયા, કન્યા, કામિની આદિ હાડપિંજર સ્વરૂપ અશુચિ છે, ગંદી ચીજ છે. જ્યારે ચૈતન્યસ્વરૂપ હું તો પરમશુચિ-પરમપવિત્ર છું. આ જ કારણે હું તેઓનો નથી થતો તથા તેઓ મારા નથી થતા. એ પદાર્થો પૌદ્ગલિક છે. એ મારાથી ભિન્ન છે. હું એનો કર્તા નથી. કારણ કે જુદા-જુદા કર્માદિ પુદ્ગલદ્રવ્યો, કાળ, વિભાવ વગેરે સ્વભાવ, નિયતિ વગેરે દ્વારા તેઓ ઉત્પન્ન થયા છે. તથા હું તેઓનો ભોક્તા પણ નથી. કારણ કે હું તો અનાદિ-અનંત પરમ મધુર ચૈતન્યરસમય મારા પોતાના પરમાનંદના ભોગવટામાં ગળાડૂબ છું. હું ક્યાં તેઓને ભોગવવા જાઉં ?

### ❀ રાગ રાગમાં વસે, જ્ઞાન જ્ઞાનમાં વસે ❀

પરમાર્થથી તો હું ઉપયોગસ્વરૂપ છું. ઉપયોગમાં જ હું વસું છું. તથા રાગાદિ પદાર્થો તો રાગાદિમાં જ વસે છે. હું તો ઉપયોગાત્મક છું. તેથી મારામાં રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ કે દેહાદિ નોકર્મ રહેલા નથી. ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ - આ ત્રણ અને મારા વચ્ચે અત્યંત સ્વરૂપવિપરીતતા રહેલ છે. મારા ચૈતન્યસ્વરૂપથી અત્યંત વિપરીતસ્વરૂપ ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મનું છે. તેથી તે ત્રણ અને મારા વચ્ચે પારમાર્થિક આધાર-આધેયભાવ રહેતો નથી. અથવા રાગાદિસ્વરૂપ વિભાવ પરિણામો મોહનીયકર્મ વગેરે સ્વરૂપ પુદ્ગલોમાં ભલે રહો. કારણ કે રાગાદિ ભાવકર્મ અને મોહનીયાદિ દ્રવ્યકર્મ વચ્ચે પરસ્પર સાજાત્ય રહેલ છે. તે રીતે સાજાત્યના લીધે જ વિતર્ક, વિકલ્પ વગેરે ભાવો અંતઃકરણાદિમાં રહી શકે તથા કોલાહલ ભાષાવર્ગણાદિમાં રહી શકે અને કદન્ન (કુભોજન) આદિ પદાર્થો ઔદારિકાદિ વર્ગણામાં રહી શકે. પરંતુ દ્રવ્યકર્મ તે હું નથી. દ્રવ્યકર્મ તો મારા પાડોશી છે. પાડોશીના ઘરમાં રહેલા રાગાદિને હું કેવી રીતે ભોગવું ? તથા કોલાહલધારક ભાષાવર્ગણા વગેરે તો મારા માટે પરદેશ છે. પરદેશમાં રહેલા કોલાહલ, કુભોજન વગેરેનો હું કેવી રીતે ભોગવટો કરી શકું ? તેથી હું તેઓનો ભોક્તા નથી. કર્મ, મન, ઈન્દ્રિય, શરીર વગેરે ભલે પૂર્વોક્ત ત્રણેય રાગાદિ પદાર્થોનો ભોગવટો કરે. પરંતુ

હું તો રાગાદિ ત્રણેય પદાર્થોનો માલિક નથી, કર્તા નથી, ભોક્તા નથી. રાગાદિ ત્રણેય પદાર્થો મારા નથી. તેથી રાગાદિસાપેક્ષ એવા સ્વત્વ, સ્વામિત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે ભાવોથી શૂન્ય એવો હું તેઓનો માત્ર સાક્ષી જ છું. મારે અને તેઓને કોઈ લેવા-દેવા નથી. તે મારા ચૈતન્યસ્વરૂપના સાધક નથી કે બાધક નથી. કેમ કે હું તો મારા ચૈતન્ય સ્વભાવમાં લીન થયેલો છું." (**ગુણસેન, ગજસુકુમાલ મુનિ, ખંધક મુનિ, મેતાર્ય મુનિ** વગેરેના દૃષ્ટાંતથી આ બાબતની વધુ સ્પષ્ટ વિભાવના કરી શકાય.)

## 'આત્મા રાગાદિનો કર્તા-ભોક્તા-જ્ઞાતા નથી' - તેવું સંવેદન કરીએ

"વાસ્તવમાં તો આ રાગાદિ સર્વ પદાર્થોને નથી તો હું કરતો, નથી તો હું ભોગવતો કે નથી તો હું જાણતો. હું તો રાગાદિ જ્ઞેય પદાર્થોના આકારથી પરિણત થયેલા એવા મારા જ્ઞાનને જ માત્ર જાણું છું. અરીસા જેવા મારા નિર્મળ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા તે તે જ્ઞેયાકારોને હું જાણું છું. જ્ઞાનદર્પણમાં જ્ઞેય એવા રાગાદિ પદાર્થોનું પ્રતિબિંબ પડે છે પણ જ્ઞાન સ્વયં રાગાદિસ્વરૂપે પરિણમી જતું નથી. બાકી તો જ્ઞાનદર્પણમાં કોલાહલ, કુભોજન, કિંકર વગેરેનું પ્રતિબિંબ પણ પડે છે. કોલાહલાદિનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય જ છે. તેથી જ્ઞાન કોલાહલ-કુભોજન વગેરે સ્વરૂપે પણ પરિણમી જવાની સમસ્યા સર્જાશે. તો તો જ્ઞાન પોતે જડ થઈ જશે. તેથી નક્કી થાય છે કે જ્ઞાન જ્ઞેયાકારપ્રતિભાસસ્વરૂપે પરિણમે છે. પણ જ્ઞેયસ્વરૂપે પરિણમતું નથી. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યારે વિવેકીને ખ્યાલ છે કે 'જ્વાળા તો અગ્નિમાં જ છે. અરીસામાં જ્વાળા પ્રવેશેલ નથી. અરીસામાં જે જણાય છે, તે જ્વાળાનું પ્રતિબિંબ છે.' તે જ પ્રમાણે વિવેકી સાધકને ખ્યાલમાં આવે છે કે 'રાગાદિ પરિણામો જ્ઞાનદર્પણમાં પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનમાં રાગાદિનું પ્રતિબિંબ = જ્ઞેયાકાર માત્ર છે. બાકી રાગાદિ તો કર્માદિપુદ્ગલોમાં રહેલા છે. જ્ઞાનદર્પણમાં રાગાદિ વિભાવપરિણામો ઘૂસી નથી ગયા. તેથી પોતાનામાં પ્રતિબિંબિત થયેલા રાગાદિજ્ઞેયાકારને જાણતું જ્ઞાન જ મારા દ્વારા જણાય છે પરંતુ તુચ્છ અને અસાર એવા રાગાદિપ્રતિભાસને જાણવાનું મારે શું કામ છે ? તેને જાણવાથી મારે સર્યું. હું તો રાગાદિ પર પદાર્થના પ્રતિભાસથી ઉદાસીન બનીને મારા પોતાના ચૈતન્યસ્વભાવમાં તન્મય થઈને ઉપાદેયભાવથી જ્ઞાનની નિર્મળતાનું જ સંવેદન કરું. જ્ઞાનની નિર્મળતા સ્વપ્રકાશમય છે, અનુપચરિત છે. જ્ઞાનમાં રહેલી ઉપચરિતસ્વભાવરૂપ પરપ્રતિભાસકતાની ઉપેક્ષા કરીને અનુપચરિત = તાત્ત્વિક એવી સ્વપ્રકાશતામાં જ હું મારી દૃષ્ટિને સ્થાપું છું. તેના દ્વારા નિજાનંદની અપૂર્વ મધુરતાનો આસ્વાદ માણવા મળે છે. આ નિજાનંદની મધુરતા નિરુપાધિક છે. કારણ કે તે શુદ્ધચૈતન્યમય છે. સાથે સાથે શાંતરસનું અમૃત તથા સમાધિરસનું અમૃત પણ તે નિજાનંદમાધુર્યમાં વણાયેલ છે. હવે વિભાવાદિના બીજા રસાસ્વાદની મારે જરૂર નથી." આવા પ્રકારે પોતાના નિરુપાધિક સ્વરૂપનું સંવેદન કરવાનો રોજે રોજ એવો અભ્યાસ કરવો કે જે બાહ્ય વિષયોના આકર્ષણનો ઉચ્છેદ કરે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ના તૃપ્તિઅષ્ટકનો બીજો શ્લોક ઊંડાણથી ભાવિત કરવો. તેમાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'જો જ્ઞાનીને પોતાના જ્ઞાનાદિ ગુણોથી જ શાશ્વતી તૃપ્તિ થતી હોય તો જેનાથી ક્ષણિક તૃપ્તિનો આભાસ થાય તેવા ઈન્દ્રિયવિષયોની શી જરૂર છે ?' મતલબ કે સ્વગુણતૃપ્ત જ્ઞાનીને બાહ્ય વિષયોની જરાય પડી હોતી નથી.

### ✽ જ્ઞાની શુભ ક્રિયા-ભાવને પણ જ્ઞાનદર્પણમાં સ્થાપે ✽

તાત્ત્વિક જ્ઞાનયોગીના જીવનમાં તેમની પોતાની ભૂમિકાને ઉચિત એવા પ્રશસ્ત આચાર અને પ્રશસ્ત ભાવ અવશ્ય હોય છે. પણ તે પ્રશસ્ત આચાર+ભાવને પણ તેઓ પોતાના જ્ઞાનદર્પણમાં પ્રતિભાસિત સ્વરૂપે જોઈ રહેલા હોય છે. 'મેં આ ક્રિયા કરી. મેં આ શુભ ભાવને કર્યો' - આ મુજબ કર્તૃત્વભાવને તેઓ સ્પર્શતા નથી. પોતાના જ્ઞાનમાં પ્રતિભાસિત થતા વિકલ્પાદિની જેમ પ્રશસ્ત આચારને અને ભાવને જોતા-જોતા તેઓ તેના પ્રત્યે પણ ઉદાસીનભાવ રાખીને જ્ઞાનદર્પણની નિર્મળતાનું જ ઉપાદેયભાવે સંવેદન કરે છે. જ્ઞાનની નિર્મળતા જ તેમના અંતઃકરણમાં ઉપાદેયપણે વસેલી હોય છે. તેથી પોતાના જ્ઞાનમાં પ્રતિભાસિત થતા પારકા દ્રવ્ય-ગુણ-પર્યાયનું આકર્ષણ પણ તેમના અંતરમાં જાગતું નથી. પરદ્રવ્યાદિના મોહને તેઓ જરા ય નથી સ્પર્શતા. પરંતુ પોતાના જ્ઞાનમાં ભાસતા પરદ્રવ્યાદિ-પ્રશસ્તક્રિયા-પ્રશસ્તભાવાદિમાંથી તેઓ અસંગભાવથી પસાર થઈ જાય છે. 'મેં આ કર્યું. હું આ જાણું છું' - ઈત્યાદિસ્વરૂપે અહંકારના વમળમાં તેઓ ખૂંચતા નથી.

### ✽ કર્મપરિણામના કર્તા નહિ, જ્ઞાતા રહીએ ✽

આ અંગે **જ્ઞાનસાર**ના એક શ્લોકની વિભાવના કરવા જેવી છે. ત્યાં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'જ્ઞાનસ્વરૂપ દર્પણમાં જ્ઞાનાદિ સમસ્ત પંચાચારને સ્થાપવાથી જેમનો બોધ નિર્મળ થયેલ છે, તે નકામા પરદ્રવ્યમાં ક્યાં મોહ પામે?' મતલબ કે પોતાના જીવનમાં વણાયેલા અને ઉપયોગી એવા સંયમસાધક આચારમાં પણ કર્તૃત્વભાવ-મમત્વભાવાદિથી જે મોહિત થતા ન હોય તેવા મહર્ષિ અનુપયોગી એવા પરદ્રવ્ય-ગુણાદિસંબંધી સ્વત્વ-સ્વામિત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ મલિન ભાવોથી મૂઢ ન જ બને. આવું થાય તો જ આત્મજ્ઞાન સંભવે. તેથી **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'કર્મના પરિણામને તેમજ નોકર્મના પરિણામને જે આત્મા કરતો નથી પરંતુ જાણે છે, તે જ્ઞાની થાય છે.'

### ❖ બાહ્ય-આંતર સાધનામાં લીન થઈએ ❖

આ બાબતને મનમાં દૃઢતાથી સ્થાપીને, 'ઉપાધિઓને છોડવા માટે મળેલો માનવભવ નવી નવી ઉપાધિઓને ભેગી કરવામાં વેડફાઈ ન જાય તેવી જાગૃતિ રાખી કર્મને ઉખેડવા માટે બહિરંગ અને અંતરંગ સાધનામાં આત્માર્થી સાધકે સદા સજ્જ રહેવું' - આવી ભલામણ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તેનાથી **નિયમસાર**માં જણાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'આઠેય પ્રકારના કર્મબંધનો નાશ કરીને, આઠ મહાગુણોથી યુક્ત, લોકાગ્રભાગમાં રહેલા, તે સિદ્ધ ભગવંતો આવા સર્વોત્તમ હોય છે.' (૧૨/૧૧)

**જી હો દસઈ વિશેષસ્વભાવ એ, લાલા સવિ♦ ઈકવીસ સંભાલિ;**
**જી હો સવિહું પુદ્ગલ-જીવનઈ, લાલા પન્નરભેદ છઈ કાલિ ॥૧૨/૧૨॥**
**(૨૦૬)ચતુર.**

**એ દસઈ વિશેષસ્વભાવ**, નિયતદ્રવ્યવૃત્તિ માટઈં.એ મધ્યે પૂર્વોક્ત ૧૧ સામાન્યસ્વભાવ (**સંભાલિ**=) ભેલિઈં, તિવારઈં **સર્વ** મિલીનઈં **એકવીસ** સ્વભાવ થાઈ. **પુદ્ગલ-જીવનઈ** એ (**સવિહું**=) ૨૧ ઈ સ્વભાવ હોઈ. તથા (**કાલિ**=) **કાલ** દ્રવ્યનઈં વિષઈં (**પન્નરભેદ**=) ૧૫ સ્વભાવ (**છઈ**=) હોઇ, ૨૧ માંહિથી ૬ કાઢિઈં તિ વારઈં ॥૧૨/૧૨॥ (૨૦૬)

**परामर्शः** **विशेषाख्या स्वभावा हि दशैकादशमीलिताः।**
**जीव-पुद्गलयोः सन्ति काले पञ्चदशाऽक्षताः।।१२/१२।।**

**✤ વિશેષસ્વભાવનિરૂપણ ઉપસંહાર ✤**

[redacted] :- વિશેષ નામના સ્વભાવ દસ જ છે. પૂર્વના અગ્યાર સામાન્યસ્વભાવની સાથે તે ભેગા કરવામાં આવે તો કુલ એકવીસ સ્વભાવ થાય. જીવમાં અને પુદ્ગલમાં એકવીસ સ્વભાવ રહેલા છે. જ્યારે કાળમાં પંદર સ્વભાવ અબાધિત છે. (૧૨/૧૨)

**✽ મુખ્ય ધ્યેયને ઝડપથી હાંસલ કરીએ ✽**

[redacted] :- અગ્યારમી શાખામાં જણાવેલ અગ્યાર સામાન્યસ્વભાવમાંથી ચૈતન્યસ્વરૂપ પરમસ્વભાવને પૂર્ણતયા વિશુદ્ધપણે પ્રગટ કરવાના મુખ્ય ધ્યેયથી બારમી શાખામાં જણાવેલ ચેતન-સ્વભાવ, અમૂર્ત્તસ્વભાવ અને શુદ્ધસ્વભાવને પ્રગટ કરવા સતત તત્પર રહેવાની સૂચના આડકતરી રીતે આમાં પ્રાપ્ત થાય છે. તે માટે રાત-દિવસ સ્વ-પરભેદવિષયક વિજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. તે આ રીતે - ઉપયોગ એ આપણું ચૈતન્યસ્વરૂપ છે. તથા રાગાદિ જડ છે. કારણ કે તે કર્મ વગેરે પુદ્ગલોના વિકારસ્વરૂપ છે. જ્યારે જ્યારે બહારના કે અંદરના વિષયોનું સન્નિધાન થાય, ત્યારે ત્યારે ઉપયોગ તે-તે વિષયાકારવાળો બને છે. કારણ કે તે નિર્મળ છે. જેમ જુદા-જુદા પદાર્થો ઉપસ્થિત થતાં સ્ફટિક, દર્પણ વગેરે વસ્તુઓ પોતાની નિર્મળતાના લીધે સન્નિહિત લાલ-પીળા વગેરે પુષ્પ વગેરેના લાલ-પીળા આકારવાળી બને છે, તેમ ઉપયોગ અંગે સમજવું.

**❀ ઉપયોગમાં રાગાદિતાદાત્મ્યના ભાનને છોડીએ ❀**

**જો કે** જેમ સ્ફટિકાદિની નિર્મળતા પોતાના ઉજ્જ્વળસ્વરૂપે પરિણમવામાં સમર્થ છે, તેમ ઉપયોગની નિર્મળતા હંમેશા પોતાના ચૈતન્યસ્વરૂપે પરિણમવામાં સમર્થ છે જ. કારણ કે પોતાના ચૈતન્યસ્વરૂપને અનુસરનારો પરિણામ એ જ તો ઉપયોગનું લક્ષણ છે તથા ઉપયોગનિર્મળતા ઉપયોગથી અભિન્ન જ છે. જુદા-જુદા જ્ઞેયાકારપ્રતિભાસવાળી પરિણતિ ઉપયોગમાં ઉત્પન્ન થાય ત્યારે પણ ઉપયોગની નિર્મળતા તો ચૈતન્યસ્વરૂપે જ પરિણમતી હોય છે. બાકી તો જીવ અજીવ થવાની સમસ્યા સર્જાય. **તો પણ**

♦ મ.માં 'સબ' પાઠ. કો.(૨+૪+૭) + આ.(૧)નો પાઠ લીધો છે.

ગાઢ મિથ્યાત્વની અવસ્થામાં વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ વગેરેના સામર્થ્યના લીધે પાંચેય ઈન્દ્રિયોના માધ્યમથી ચિત્તવૃત્તિપ્રવાહ બહાર ફેંકાય છે, ત્યારે શરીરાદિને અનુકૂળ એવા વિષયોની ઉપલબ્ધિના નિમિત્તે રાગાદિભાવ સાથે અને શરીરાદિને પ્રતિકૂળ એવા વિષયોની ઉપલબ્ધિનિમિત્તે (= પ્રાપ્તિનિમિત્તે કે જાણકારી નિમિત્તે) દ્વેષાદિભાવ સાથે ઉપયોગ તન્મયપણાને પામે છે. ઉપયોગ રાગાદિસ્વરૂપ ન બનવા છતાં રાગાદિ સાથે તન્મય તો જરૂર થાય છે. પોતાના અમૂર્તસ્વભાવ, નીરાગસ્વભાવ = વીતરાગસ્વભાવ = શુદ્ધસ્વભાવ અને ચૈતન્યસ્વભાવનું જીવને જ્ઞાન ન હોવાથી તે સમયે જીવને પોતાનો ઉપયોગ રાગાદિ-સ્વરૂપે પરિણમી ગયો હોય તેવું લાગે છે. 'રાગ-દ્વેષાદિદશા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. તે મારા આત્માથી અત્યન્ત ભિન્ન છે. મારા ચૈતન્યરસનો મધુર આસ્વાદ તેના કરતાં તદ્દન વિલક્ષણ છે' - આ પ્રમાણે ભેદવિજ્ઞાન ન હોવાથી અજ્ઞાની જીવ રાગાદિરસાસ્વાદને પોતાનો ભાવ જાણે છે. તેથી ઉપયોગ અને રાગાદિ પરિણામો તે અજ્ઞાની જીવને એકરૂપે જ લાગે છે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ના નિમ્નોક્ત શ્લોકના ભાવાર્થની વિભાવના કરવી. ત્યાં જણાવેલ છે કે 'આત્માનું સ્વભાવસિદ્ધ સ્વરૂપ સ્ફટિક જેવું નિર્મળ છે. તેમાં કર્મજન્ય ઉપાધિના = રાગાદિના સંબંધનો આરોપ કરવાથી ભેદજ્ઞાનશૂન્ય અજ્ઞાની-અવિવેકી જીવ મૂંઝાય છે.'

## ❖ રાગાદિથી અને વિકલ્પોથી જ્ઞાનને છૂટું પાડીએ ❖

જ્યારે ઉપશમભાવ, જ્ઞાનગર્ભ વૈરાગ્યદશા, અન્તર્મુખતા, હૃદયની આર્દ્રતા, કોમળતા, ભદ્રિકતા વગેરે ગુણોનો આત્માર્થી જીવના જીવનમાં ઉદય થાય ત્યારે અંદરમાં ઉઠતા રાગાદિ વિભાવપરિણામો ભારબોજરૂપે અનુભવાય છે તથા મનના સંકલ્પ-વિકલ્પોમાં નિરર્થકતાનું સંવેદન થાય છે. રાગાદિ દ્વારા પોતાનો ઉપયોગ દબાતો હોય તેમજ સંકલ્પ-વિકલ્પાદિ દ્વારા પોતાના જીવનનો અમૂલ્ય સમય લૂંટાતો હોય તેવું તે અનુભવે છે. તેથી (૧) દેહમય સંસાર, (૨) ઈન્દ્રિયમય સંસાર અને (૩) મનોમય સંસાર અસારરૂપ - તુચ્છરૂપ લાગે છે. તેથી જ ત્રિવિધ સંસારમાં તે હોંશે-હોંશે તણાતો નથી. રુચિપૂર્વક પોતાને લાંબા સમય સુધી તેમાં જોડતો નથી. આમ ભવાભિનંદિતાનો ઉચ્છેદ થવાથી ઓઘદષ્ટિ રવાના થાય છે તથા યોગદૃષ્ટિ ઉદય પામે છે, વધે છે, તેમજ બળવાન થાય છે. રાગાદિથી અને વિકલ્પાદિથી પોતાના ઉપયોગને છૂટો પાડવાનું પ્રણિધાન અત્યંત દૃઢ થાય છે. 'ખાવા-પીવા વગેરેની જંજાળસ્વરૂપ દેહજગત, વિષયાસક્તિ-ભોગતૃષ્ણાદિમય ઈન્દ્રિયજગત અને સંકલ્પ-વિકલ્પ-અન્તર્જલ્પ વગેરેથી ઉભરાતું મનોજગત - આ ત્રણેય પ્રકારના સંસારમાંથી પાછો ફરીને હું મારી અંદર જ પ્રવેશ કરું છું. મારે બહાર ભટકવું નથી' - આવા પ્રકારની નિર્વેદ-સંવેગગર્ભિત ભાવનાથી આત્માર્થી સાધક સર્વદા પોતાની અંદરમાં પોતાના ઉપયોગને રાગાદિથી અને વિકલ્પાદિથી છૂટો પાડવાનો તીવ્ર અભ્યાસ કરે છે.

## ❋ ગ્રંથિભેદ માટે પુરુષાર્થ કરીએ ❋

તેથી આકુળતા-વ્યાકુળતા વગરની પરમ શાંતિ-સમાધિ-સમતા વગેરેનો તેને અંદરમાં અહેસાસ થાય છે. જ્ઞાનાનંદમય પોતાના સ્વરૂપની આંશિક અનુભૂતિ થાય છે. પૂર્ણસ્વરૂપે તેનો અનુભવ કરવા માટે આત્માર્થી સાધક વેગપૂર્વક ઉલ્લસિત થાય છે. તે અંગે તેનો વેગવંતો તલસાટ અંદરમાં જાગે છે, ઉછળે છે. શાસ્ત્ર-ગુરુ-કલ્યાણમિત્ર વગેરે પાસેથી જાણેલ પોતાના સચ્ચિદાનંદસ્વરૂપનો કોઈક અપૂર્વ મહિમા-ઉલ્લાસ-ઉમંગ અસંખ્ય આત્મપ્રદેશોમાં પ્રગટે છે. નિજસ્વરૂપને પૂર્ણપણે અને શુદ્ધપણે પ્રગટાવવા

માટે લાંબા સમય સુધી શાંત ચિત્તે સ્વરસથી સહજપણે પોતાની દૃષ્ટિને નાભિકમળમાં કે હૃદયકમળમાં તે સ્થાપિત કરે છે. આળસ, અનુત્સાહ, સંકલ્પ-વિકલ્પ-વિક્ષેપ, લય (= ધ્યાનાદિ અવસરે આવતી નિદ્રા) વગેરે વિઘ્નોના વૃંદને તે જીતે છે. તેથી સ્વયમેવ અનંતાનુબંધી કષાય ઉખડે છે. તીવ્ર રાગાદિ વિભાવપરિણામોથી અને નિરર્થક વિકલ્પાદિથી પોતાનો ઉપયોગ છૂટો પડતો જાય છે. કારણ કે ઉપયોગ તેમાં તન્મય થતો નથી. ઉપયોગ તેનાથી રંગાતો નથી. રાગાદિના અને વિકલ્પાદિના રસાસ્વાદથી વિલક્ષણ એવી મધુરતાનો પોતાના પ્રશાંત ચૈતન્યસ્વભાવમાં અનુભવ થાય છે. પોતાના અંતઃકરણમાંથી આકુળતા -વ્યાકુળતામય એવા રાગાદિનું અને વિકલ્પાદિનું આકર્ષણ રવાના થાય છે. તેથી અનાદિકાલીન કર્તૃત્વ -ભોક્તૃત્વપરિણતિમય એવું કર્મકૃતવ્યક્તિત્વ તથા ઘોર મિથ્યાત્વ ઓગળે છે. 'પરમશાંતરસમય એવો હું રાગાદિથી અને વિકલ્પાદિથી સર્વદા જુદો જ છું' - આવા જીવંત ભેદજ્ઞાનના બળથી નિરુપાધિક નિજસ્વરૂપની પ્રાપ્તિ માટે અપૂર્વ વીર્યોલ્લાસ ઉછળે છે અને ગ્રંથિભેદ થાય છે. 'પોતે સદા અતીન્દ્રિય -અમૂર્ત્ત-શુદ્ધજ્ઞાનસ્વરૂપે જ રહ્યો છે. દેહાદિરૂપે કે વિકલ્પાદિરૂપે કદાપિ થયો નથી જ' - આવું અપરોક્ષ સ્વાનુભૂતિના પ્રભાવે સમજાય છે. ત્યાર બાદ ભોજન-પાણી-હલન-ચલનાદિ દેહનિર્વાહ વગેરે પ્રવૃત્તિના અવસરે પણ 'આ મારો પરિણામ અને આ પરપરિણામ. મારા બધા જ પરિણામો સર્વદા ચૈતન્યમય છે. તથા પ્રતિભાસરૂપે અનુભવાતા તમામ પરપરિણામો પૌદ્ગલિક જડ જ છે' - આવી પરિણતિ નિર્મળસમકિતીના અંતરમાં સ્ફુરાયમાન રહે છે.

### ✡ નયમર્યાદામાં રહીને તત્ત્વવિચારણા કરીએ ✡

આ તત્ત્વને નયમર્યાદા મુજબ મોક્ષાર્થીએ જાણવું-વિચારવું-ભાવિત કરવું જરૂરી છે. બાકી મોક્ષ સુલભ બને તેવી શક્યતા નથી. તેથી જ **ભાવપ્રાભૃત**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જ્યાં સુધી જીવ તત્ત્વને ભાવિત કરતો નથી, જ્યાં સુધી ચિંતન કરવા યોગ્ય બાબતોનું ચિંતન કરતો નથી, ત્યાં સુધી જરા-મરણશૂન્ય સિદ્ધશિલાને જીવ પ્રાપ્ત કરતો નથી. આ તત્ત્વની હાર્દિક ભાવના કરવાથી **સમરાઈચ્ચકહા**માં **શ્રીહરિભદ્રસૂરિ**એ વર્ણવેલ પરમપદ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'પરમપદ = મોક્ષ એ અનંત આનંદમય કેવળ આત્મતત્ત્વના અસ્તિત્વ સ્વરૂપ છે.' (૧૨/૧૨)

તે કિમ છઈ ? તે કહઈ છઈ –

**જી હો બહુપ્રદેશ ચિત્♦ મૂર્તતા, લાલા ✡વિભાવ શુદ્ધ અશુદ્ધ,**
**જી હો ટાલી આદિમસંજુઆ, લાલા સોલ ધરમમુખ❒ બુદ્ધ✝ ॥૧૨/૧૩॥**
**(૨૦૭) ચતુર.**

**બહુપ્રદેશ** કહતાં અનેકપ્રદેશસ્વભાવ ૧, **ચિત્** કહેતાં ચેતનસ્વભાવ ૨, **મૂર્ત્તત્વસ્વભાવ** ૩, ✡**વિભાવસ્વભાવ** ૪, **શુદ્ધસ્વભાવ ૫**, **અશુદ્ધસ્વભાવ** ૬ - એ ૬ (**ટાલી=**) કાઢિઈં, તિવારઈં કાલનઈં ૧૫ સ્વભાવ થાઈં.

(**ધરમમુખ**=ધર્મપ્રમુખનઈં=) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયનઈં, **આદિમ** કહતાં અનેકપ્રદેશસ્વભાવ, તે (**સંજુઆ=**) સંયુત કરિઈં, બીજા ૫ **ટાલિઈં**, તિવારઈં **૧૬** સ્વભાવ થાઈં (ઈમ **બુદ્ધ** = જાણો).

**एकविंशतिभावाः स्युर्जीव-पुद्गलयोर्मताः।**
**धर्मादीनां षोडश स्युः, काले ❖पञ्चदश स्मृताः।। (आलापपद्धति – का.२ - पृ.५) ॥१२/१३॥**

---

परामर्शः

**बहुप्रदेश-चैतन्य-मूर्त्त-विभाव-शुद्धताः।**
**अशुद्धता च काले न, धर्मादिष्वादिमान्विताः।।१२/१३।।**

---

### ❀ વિભિન્ન દ્રવ્યમાં સ્વભાવવિચાર ❀

[illegible] :- બહુપ્રદેશ, ચૈતન્ય, મૂર્ત્ત, વિભાવ, શુદ્ધતા અને અશુદ્ધતા - આ છ સ્વભાવ કાળમાં નથી. અનેકપ્રદેશસ્વભાવસહિત આ પંદર સ્વભાવ = સોળ સ્વભાવ ધર્માસ્તિકાય વગેરેમાં હોય છે.(૧૨/૧૩)

### ☫ બંધદશાને ફગાવો ☫

[illegible] :- અન્ય દ્રવ્યના સંપર્કથી અને રાગાદિ પરિણામથી બંધદશામાં વ્યગ્રપણે જીવ અનાદિ કાળથી અટવાયેલ છે. તેથી બંધદશાના ઉચ્છેદ માટે આત્માર્થી જીવે હંમેશા શુદ્ધ આત્મસ્વભાવની સન્મુખ રહેવું જોઈએ. તથા તે માટે પોતાના જ આત્માનું આ રીતે અનુશાસન કરવું જોઈએ કે - "હે આત્મન્ ! પરદ્રવ્યનો સંપર્ક થતાં જ ઈષ્ટ-અનિષ્ટપણાના વિકલ્પની કલ્પનાથી રાગાદિ વિભાવપરિણામોની વૃદ્ધિ થાય છે. તેથી તું નિષ્પ્રયોજનભૂત પરદ્રવ્યના સંપર્કને નહિ કર. વ્યવહારથી આવશ્યક એવા પરદ્રવ્યોનો સંપર્ક કરવો પડે તો પણ તું તેમાંથી શાંતભાવે પસાર થઈ જા. તેમાં તું ઈષ્ટ-અનિષ્ટપણાના વિકલ્પોને અડતો નહિ. કારણ કે વિકલ્પો એ તો ગૂમડા છે, ફોડલા છે. રાગની રસીથી તે ફદફદે છે અને દ્વેષના પરુથી તે ખદબદે છે. માટે સામે ચાલીને, ઈચ્છાપૂર્વક નવા-નવા

---

♦ કો.(૧)માં 'ચેતન' પાઠ. લી.(૧)માં 'વિન' પાઠ.

✡ શાં.+મ.માં 'વિભાગ' અશુદ્ધ પાઠ. સિ.+આ.(૧)+ કો.(૫+૬+૭+૮+૯+૧૦+૧૧+૧૩)+B(૨)+P(૨+૩) નો પાઠ લીધો છે. ❒ લી.(૧)માં 'સુખ' પાઠ. ✝ લા.(૨)માં 'બદ્ધ' પાઠ. ❖ શાં.માં 'पज्ज' અશુદ્ધ પાઠ.

વિકલ્પગૂમડા પેદા નહિ કર. કદાચ વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ, કુસંસ્કાર, કુકર્મ વગેરેની તાકાતની પાસે તારી પ્રગટ શક્તિ ઓછી પડે અને સંકલ્પ-વિકલ્પો પેદા થઈ જ જાય તો પણ તેની તું ઉપેક્ષા કર. તેમાં તું લાંબા સમય સુધી હોંશે-હોંશે તણાયે રાખ નહિ. તું સાવધાન બનીને તારા પોતાના નિરુપાધિક, નિત્યસન્નિહિત, અકૃત્રિમ અને શુદ્ધ એવા ચૈતન્યઘનસ્વભાવને સંભાળ. તારામાં અંદર જ તું જો. ત્યાં અંદર સમતાના માનસરોવરને તું જો. સમાધિના ક્ષીરસાગરને તું નિહાળ. શાશ્વત શાંતિના સ્વયંભૂરમણ સમુદ્રમાં તું ડૂબકી લગાવ. તેમાંથી તને ચૈતન્યના પ્રકાશથી ઝળહળતા પૂર્ણાનંદ-પરમાનંદના રત્નોનો વૈભવ મળશે. ખરેખર દેહજગત, ઈન્દ્રિયજગત અને મનોજગત - આ ત્રણેય સંસારના કાર્યો રાખના ઢગલા જેવા તુચ્છ છે, માત્ર રાખના પડીકા છે. તેના ખાતર આ અણમોલ માનવજન્મ નકામો હારી ન જા. અપરોક્ષ એવી સ્વાનુભૂતિ તો વિષયના ઝેર વગરની છે. બહારના વૈભવ કરતાં વિલક્ષણ તથા અનેકગણી ચઢિયાતી છે. તે વિમલ છે, વિજ્ઞાનઘન છે. ચૈતન્યથી ઠસોઠસ ભરેલી છે. વિકલ્પના વળગાડથી તે કલંકિત નથી. આવી મહાન લોકોત્તર સ્વાનુભૂતિ એ તો અત્યંત કિંમતી રત્નોથી પરિપૂર્ણ પેટી સમાન છે, કોહીનૂર હીરા તુલ્ય છે, ડાયમન્ડ પેકેટ છે. તેની પ્રાપ્તિ માટે તું પ્રતિક્ષણ અત્યંત ચૈતન્યસ્વભાવનો રસિયો બની જા. નિરર્થક બાબતમાં નિરર્થકતાનું સંવેદન કરીને સાર્થકને સ્વીકારી લે. વ્યર્થને વોસીરાવી દે, વિસરી જા. તો તું પોતે જ અત્યંત ઝડપથી પ્રગટપણે સિદ્ધ ભગવાન બની જઈશ. તથા સિદ્ધોના પરિવારને મળીશ અને તેમાં જ ભળી જઈશ. કારણ કે તું તેમની જ્ઞાતિનો જ છે. સિદ્ધોની નાતમાં તું શોભીશ.''

## ✻ શુદ્ધાત્માની સન્મુખ રહીએ ✻

આ રીતે પોતાના આત્માનું સારી રીતે વારંવાર અનુશાસન-ઘડતર-સંસ્કરણ કરીને, તે દિશામાં અહોભાવપૂર્વક પ્રયત્ન કરીને જ્યારે શુદ્ધાત્મસ્વભાવનો અપરોક્ષ અનુભવ સાધકને થાય છે, ત્યારે તેને તે અનુભવમાં કર્મબંધશૂન્ય એવો આત્મા જણાય છે. પ્રસ્તુતમાં **અધ્યાત્મસાર**નો એક શ્લોક ઊંડાણથી વિચારવા યોગ્ય છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે ''આત્મતત્ત્વને સાંભળીને, વિચારીને, વારંવાર યાદ કરીને જેઓ શુદ્ધ આત્મતત્ત્વનો સાક્ષાત્ અનુભવ કરે છે, તેઓને 'આત્મા કર્મથી બંધાયો' - આવી બુદ્ધિ થતી નથી. તથા તેઓને 'આત્મા કર્મબંધશૂન્ય છે' - તેવું અપરોક્ષપણે સમજાય છે.'' આ તમામ બાબતને લક્ષમાં રાખીને, ઉપરોક્ત મોક્ષમાર્ગે આગળ વધવા માટે બિનજરૂરી પરદ્રવ્યનો સંગ ટાળી, રાગાદિ ભાવોને ગાળી, સંકલ્પ-વિકલ્પની હારમાળાની ઉપેક્ષા કરીને તથા બંધદશાને ફગાવી જીવ સદા શુદ્ધ આત્મસ્વભાવની સન્મુખ રહે તો અચૈતન્યસ્વભાવ, મૂર્ત્તસ્વભાવ, વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ, અનિત્યસ્વભાવ, ઉપચરિતસ્વભાવને છોડી પોતાના અમૂર્ત્ત, નિત્ય, વિશુદ્ધ, એક, શુદ્ધ ચેતનસ્વભાવમાં તે સદા માટે સ્થિર બને. આવો સાંકેતિક, આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે. તે સ્થિરતાના કારણે **વૈરાગ્યકલ્પલતા** ગ્રંથમાં દર્શાવેલ સમતાસુખ સુલભ બને. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'તમામ દેવ-દાનવોના જે સુખો છે, તેને ભેગા કરીને તેનો ગુણાકાર કરવામાં આવે તો સમાધિવાળા યોગીઓના સમતાસુખના એક અંશમાં પણ તે દિવ્યસુખો તુલના પામતા નથી.' (૧૨/૧૩)

**જી હો પ્રમાણ-નયનઈ અધિગમઈ♦, લાલા જાણી એહ સ્વભાવ;**
**જી હો સુજસવિબુધ♦જનસંગતિં, લાલા ધરો ચિત્તિ શુભ ભાવ ॥૧૨/૧૪॥**
**(૨૦૮) ચતુર.**

**એહ ૨૧ સ્વભાવ પ્રમાણ-નયનઈ✡ અધિગમઈ** કહતાં જ્ઞાનઈ **જાણીનઈ,**
**સુજસ** શોભન અનુયોગ પરિજ્ઞાન યશવંત જે **વિબુધ** પંડિતજન★, તેહની **સંગતિં** કરીનઈ, સર્વ શંકાદોષ ટાલી, **(ચિત્તિ =)** ચિત્તમાંહિ **શુભ ભાવ ધરો** *ભલી પરેં.* ॥૧૨/૧૪॥

---

**પરામર્શઃ** **प्रमाण-नयतो बोधमेकविंशतिगोचरम्।**
**सुयशःप्राज्ञसाङ्गत्यं शुभभावं गृहाण च॥१२/१४॥**

---

### ❋ સુનય-પ્રમાણ દ્વારા તત્ત્વબોધ ❋

[illegible] :- પ્રમાણથી અને નયથી એકવીસ ભાવ સંબંધી બોધને (વિશદ કરી), સુંદર, યશસ્વી, પ્રાજ્ઞ પુરુષની સંગતિને અને શુભ = પ્રશસ્ત ભાવને ગ્રહણ કરો. (૧૨/૧૪)

### ❋ પ્રશસ્ત ભાવને ઓળખીએ ❋

[illegible] :- પોતાની કલ્પનાથી સુંદર મજાના તરંગો મનમાં ઊભા થઈ જાય તેને શુભ ભાવ તરીકે સમજી લેવાની ઉતાવળ ન કરવી. તેમજ ક્યાંક કોઈક સારા વાક્યને વાંચીને કે સાંભળીને મનમાં ઉત્સાહ પ્રગટી જાય તેની પણ શુભ ભાવ તરીકે ખતવણી કરવાની અધીરાઈ ન કરવી. પરંતુ સ્વભૂમિકાયોગ્ય વિવિધ નયોની અને પ્રમાણની વિચારણા દ્વારા સત્સંગપૂર્વક સ્વ-પરસ્વભાવનો માર્મિક બોધ મેળવી, માર્ગાનુસારી ક્ષયોપશમના આધારે જેમાં પ્રશસ્તતાનો સિક્કો લાગે તેને શુભ ભાવ તરીકે સમજવો, પકડવો, સ્થિર કરવો, શુદ્ધસ્વભાવની ઝડપથી પ્રાપ્તિ કરવાના પ્રયોજનથી જ તેને પુષ્ટ કરવો તથા આપણી વર્ત્તમાન સાધકદશા અનુસારે વધારવો. આમાં પીછેહઠ ન કરવી. આવો અહીં સંદેશ મળે છે.

### ❋ શુદ્ધ વિકલ્પ દ્વારા નિર્વિકલ્પસમાધિને પ્રગટાવીએ ❋

ગ્રંથિભેદ પછીના કાળમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવની જે અપરોક્ષ અનુભૂતિ થાય છે, તેને પ્રાપ્ત કરવા માટે તો નીચે બતાવ્યા મુજબના શુભભાવનું ધ્યાન ધરવું જોઈએ.

(૧) સૌપ્રથમ યોગાવંચકયોગથી દેવ-ગુરુ વગેરેના યથાર્થ ગુણોની ઓળખ કરી, તેના પ્રત્યે ગુણાનુરાગ-અહોભાવ વગેરે કેળવીને પૂર્ણ વીતરાગી સ્વરૂપે દેવાધિદેવને, પરમવૈરાગી (= જ્ઞાનગર્ભવૈરાગ્યધારાવાસિત) સ્વરૂપે ગુરુદેવને તથા પૂર્ણસર્વજ્ઞપ્રરૂપિત પરમાનંદમય વિમલ વિજ્ઞાનઘન

---

♦ આ.(૧)માં 'અનુગમેં' પાઠ.
♦ મો.(૨)માં 'જન' પાઠ નથી.
✡ આ.(૧)માં 'અભિગમેં' પાઠ.
★ પુસ્તકોમાં 'પંડિત' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

નિરુપાધિક નિજ આત્મસ્વભાવરૂપે ધર્મને પોતાના શરણ-આધાર-માલિક તરીકે સ્વીકારવા.

(૨) ત્યાર બાદ જાણે-અજાણે, ટાણે-કટાણે પોતાના દ્વારા કોઈ પણ તારકતત્ત્વની આશાતના થઈ હોય કે હિંસા-જૂઠ વગેરે અઢાર પાપસ્થાનક વગેરેનું સેવન થયું હોય - આ તમામ દુષ્કૃતની નિંદા-ગર્હા કરવી. આ દુષ્કૃતગર્હા ગતાનુગતિકપણે ન હોવી જોઈએ. માત્ર બદનામી, દુઃખ, દુર્ગતિ વગેરેના ભયથી પણ પ્રેરાઈને આ દુષ્કૃતગર્હા કરવાની નથી. પરંતુ વિનમ્રતા, વૈરાગ્ય, વિમલબુદ્ધિ, હૃદયની આર્દ્રતા વગેરેથી પ્રેરાઈને તાત્ત્વિકપણે થવી જોઈએ. પોતાની ચિત્તવૃત્તિને પોતે બહારમાં મોકલી, મલિન કરી તેની આંતર વ્યથા-પીડા -રંજ-ડંખ એ જ દુષ્કૃતગર્હાનું સાચું સ્વરૂપ છે. 'ફરીથી આ દુષ્કૃતનું સેવન નથી જ કરવું' - આવા પ્રકારની પ્રતિજ્ઞાનું બળ પણ તે દુષ્કૃતગર્હામાં ભળેલું હોવું જોઈએ. તો જ તે સાનુબંધ દુષ્કૃતગર્હા બને.

(૩) તેમજ "હું મૂઢ અને પાપી છું. અનાદિ કાળના મોહના કુસંસ્કારોથી ખીચોખીચ ભરેલો છું, તેનાથી વાસિત થયેલો છું. 'પરમાર્થથી મારા માટે શું હિતકારી છે અને શું અહિતકારી છે ?' - આની પણ મને આજ સુધી તાત્ત્વિક ઓળખ થઈ નથી. હું કેવો મૂર્ખ શિરોમણિ છું !" - આ પ્રમાણે **પંચસૂત્ર**માં દર્શાવેલી પદ્ધતિ મુજબ દિલથી સ્વગર્હા-આત્મનિંદા કરવી. આ ત્રણેય પરિબળોના માધ્યમે કર્તૃત્વ -ભોક્તૃત્વપરિણતિને શિથિલ કરવી.

(૪) ત્યાર પછી પોતાના ચિત્તની વૃત્તિના પ્રવાહને સ્વસન્મુખ કરવો, સ્વરૂપગ્રાહી બનાવવો.

(૫) ત્યાર બાદ 'શુદ્ધ આત્મદ્રવ્ય એ જ હું છું. શુદ્ધ જ્ઞાન એ જ મારો ગુણ છે. શુદ્ધાત્મદ્રવ્ય સિવાય હું બીજું કાંઈ પણ તત્ત્વ નથી. શુદ્ધ જ્ઞાન સિવાયના બીજા કોઈ પણ ભાવો મારા નથી' - આ મુજબ **જ્ઞાનસાર** પ્રકરણમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જે શુભભાવ જણાવેલ છે, તેનું શાંત ચિત્તે ધ્યાન ધરવું જોઈએ. એ શુભ ભાવ 'શુદ્ધ વિકલ્પ' તરીકે માન્ય છે. વારંવાર તેનું ધ્યાન ધરવાથી કાલાંતરે નિર્વિકલ્પ સમાધિ ઉત્પન્ન થાય છે. તેથી જ તો **ધર્મપરીક્ષા** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જ જણાવેલ છે કે "પુદ્ગલભાવો જુદા છે. તથા જ્ઞાનમાત્રસ્વરૂપ એવો હું જુદો છું. હું એક છું, જ્ઞાનમાત્રસ્વરૂપ છું - આ ભાવ 'શુદ્ધવિકલ્પ' છે. તે નિર્વિકલ્પસમાધિને ઉત્પન્ન કરનાર છે." તેથી 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું' - આ ભાવને દઢ રીતે શાંત-સ્વસ્થ ચિત્તે વારંવાર અંદરમાં ઘૂંટવાથી નિર્વિકલ્પ સમાધિમય અપરોક્ષ સ્વાનુભૂતિનો પ્રવાહ પ્રગટે છે. આ પ્રવાહનું સંવર્ધન કરવું. તો તેનાથી જ કાલાન્તરે શુદ્ધભાવની પરાકાષ્ઠા પ્રાપ્ત થતાં **ગુણસ્થાનકક્રમારોહ** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસુખ પ્રગટે છે. ત્યાં **શ્રીરત્નશેખરસૂરિ**જીએ જણાવેલ છે કે 'ચક્રવર્તી, ઈન્દ્ર વગેરે પદવીના ભોગવટાની સંપત્તિનું જે સુખ છે તેનાથી અનન્તગુણ અધિક ક્લેશશૂન્ય શાશ્વત સુખ સિદ્ધ ભગવંતોને સિદ્ધશિલામાં હોય છે.' (૧૨/૧૪)

**બારમી શાખા સમાપ્ત**

- બુદ્ધિ Permanent સુખને
  ઝંખવા છતાં Temporary જ
  મેળવે છે.
  Temporary ચીજથી
  ચલાવવાની વૃત્તિ હોવા
  છતાં શ્રદ્ધા Permanent
  સુખ મેળવે જ છે.

- બુદ્ધિ પોતાની ભૂલમાં
  પણ બીજાને જવાબદાર ગણાવે છે.
  શ્રદ્ધા બીજાની ભૂલમાં પણ પોતાને
  જવાબદાર ઠરાવે છે.

- બુદ્ધિનું ઉત્પાદન
  ક્રૂરતા, કઠોરતા, કર્કશતા છે.
  શ્રદ્ધાનું સર્જન છે
  કોમળતા, મુલાયમતા, મૃદુતા.


સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૩

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१३

स्वभावनययोजना

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૩ :

૧૧ મી અને ૧૨ મી શાખામાં બતાવેલ સ્વભાવોની નયો દ્વારા જાણકારી અહીં અપાય છે.

સ્વદ્રવ્યાદિગ્રાહક નયથી દ્રવ્યનો અસ્તિસ્વભાવ છે. પરદ્રવ્યાદિગ્રાહક નયથી નાસ્તિસ્વભાવ છે. જીવે ગુણાત્મક અસ્તિસ્વભાવને પકડવો, દોષાત્મક નાસ્તિસ્વભાવને છોડવો.(૧૩/૧)

પર્યાયાર્થિકનય અનિત્યસ્વભાવને પકડે છે. તથા દ્રવ્યાસ્તિકનય નિત્યસ્વભાવને પકડે છે. પુણ્યોદયમાં અનિત્યસ્વભાવને યાદ કરી નમ્ર બનવું. પાપોદયમાં જીવલેણ રોગાદિથી મૃત્યુની સંભાવના હોય ત્યારે આત્માના નિત્યસ્વભાવને પકડી નિર્ભયતા કેળવવી.(૧૩/૨)

ભેદકલ્પનાનિરપેક્ષ નય એકસ્વભાવને તથા અન્વયદ્રવ્યાર્થિક નય અનેકસ્વભાવને સ્વીકારે છે. આ બન્ને નયના સહકારથી નિર્વિકલ્પદશા ઝડપથી પ્રગટે. (૧૩/૩)

ગુણ-ગુણીમાં સદ્ભૂતવ્યવહાર નયથી ભેદસ્વભાવ છે તથા ભેદકલ્પનાનિરપેક્ષ નયથી અભેદસ્વભાવ છે. તે જાણી પોતાના પ્રગટ ગુણોને ટકાવવા તથા બીજાના ગુણમય આત્માને નિહાળવો. (૧૩/૪)

પરમભાવગ્રાહક નય ભવ્યસ્વભાવને અને અભવ્યસ્વભાવને જણાવે છે. શુદ્ધાશુદ્ધ પરમભાવગ્રાહક નય આત્મામાં ચૈતન્યસ્વભાવ માને છે. (૧૩/૫)

કર્મ-નોકર્મમાં અસદ્ભૂતવ્યવહારથી ચેતનસ્વભાવ તથા પરમભાવગ્રાહક નયથી અચેતનસ્વભાવ છે. તે જાણીને બીજાને કાયિક દુઃખ ન દેવું તથા સ્વયં કાયકષ્ટને પ્રેમથી સહી લેવા. (૧૩/૬)

અસદ્ભૂતવ્યવહારથી જીવમાં અચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયથી કર્મમાં અને નોકર્મમાં મૂર્ત્તસ્વભાવ છે. (૧૩/૭)

અસદ્ભૂતવ્યવહારથી જીવમાં મૂર્ત્તસ્વભાવ છે. મતલબ કે આપણો રૂપાળો કે કાળો ચહેરો આપણો પારમાર્થિક સ્વભાવ નથી. પરમભાવગ્રાહક નયના મતે પુદ્ગલભિન્ન દ્રવ્ય અમૂર્ત્ત જ છે. (૧૩/૮)

પુદ્ગલમાં ઉપચારથી પણ અમૂર્ત્તતા નથી. તથાવ્યવહારયોગ્ય સ્વભાવનો જ ઉપચાર થાય. (૧૩/૯)

'દૂધ અને પાણીની જેમ અત્યંત સંકળાયેલ પદાર્થો સ્વતંત્ર રૂપે ન બોલવા' - એવું **સમ્મતિતર્ક** જણાવે છે. તેથી દેહધારી જીવને મારપીટ ન કરતાં તેના પ્રત્યે કોમળતા કેળવવી. (૧૩/૧૦)

પ્રગટ મૂર્ત્તતા અમૂર્ત્તતાનો વિરોધ કરે છે. તેથી પરમાર્થતઃ અમૂર્ત્ત એવા આત્માએ સ્વવિરોધી મૂર્ત્તતાથી છૂટવા ગંભીરતાથી સક્રિય બનવું. (૧૩/૧૧)

અસદ્ભૂતવ્યવહારનયથી પરોક્ષ પરમાણુમાં અમૂર્ત્ત સ્વભાવ માનવો. (૧૩/૧૨)

કાલાણુમાં અને પુદ્ગલમાં એકપ્રદેશસ્વભાવ છે. તે સિવાય ચાર દ્રવ્યોમાં એકપ્રદેશસ્વભાવને ભેદકલ્પનાનિરપેક્ષ એવા દ્રવ્યાર્થિકનયથી જાણવો. (૧૩/૧૩)

ભેદસાપેક્ષનયથી અણુ સિવાય સર્વ દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ છે. પુદ્ગલ પરમાણુમાં અનેકપ્રદેશસ્વભાવ આરોપથી છે. કાલાણુમાં તે નથી. (૧૩/૧૪)

વસ્તુમાં શુદ્ધનયથી શુદ્ધસ્વભાવ છે તથા અશુદ્ધનયથી અશુદ્ધસ્વભાવ છે. (૧૩/૧૫)

અસદ્ભૂતવ્યવહાર નયને જ ઉપચરિતસ્વભાવ માન્ય છે. (૧૩/૧૬)

અનુપચરિતસ્વભાવ ગુણ છે. ઉપચરિતસ્વભાવ પરમાર્થથી પર્યાયાત્મક છે. ઉપચરિતસ્વભાવ અનિત્ય છે. માટે આપણી પ્રશંસામાં ફૂલાવું નહિ. આપણી ટીકામાં ખળભળવું નહિ.(૧૩/૧૭)

## ઢાળ - ૧૩

(રાગ ધોરણી - નયરી અયોધ્યા વતી રે - □એ દેશી.)

★હવઈ ●સામાન્યસ્વભાવનો અધિગમ નયઈં કરી દેખાડઇ છઇ -★

**સ્વદ્રવ્યાદિકગ્રાહકઈં રે, અસ્તિસ્વભાવ વખાણિઓ;**
**પરદ્રવ્યાદિકગ્રાહકઈં રે, નાસ્તિસ્વભાવ મનિ આણિઓ રે. ॥૧૩/૧॥ (૨૦૯)**
**ચતુર વિચારિઈં. એ આંકણી.** રા

**અસ્તિસ્વભાવ** દ્રવ્યનો છઈ, તે **સ્વદ્રવ્યાદિગ્રાહક** દ્રવ્યાર્થિકનયઈં *****વખાણીઈં** ૧. સ
**નાસ્તિસ્વભાવ** છઈ, તે **પરદ્રવ્યાદિગ્રાહક** દ્રવ્યાર્થિકનયઈં ***મનમાં આણીઈં*** ૨.
उक्तं च- **"सर्वमस्ति स्वरूपेण, पररूपेण नास्ति च।"** (जै.स्या.मु.१/२७)
▸અહો ! તુમ્હે **ચતુર** મનુષ્યો ઈમ સમજીની લીયોજી.◂ *હે વિચક્ષણ નર ! તત્ત્વબુદ્ધિ નર ! સ્વભાવાદિ **વિચારિઈં** જોઈ.* ॥૧૩/૧॥

• द्रव्यानुयोगपरामर्शः •

परामर्शः

**शाखा - १३**

**स्वद्रव्यादिग्रहे ख्याता द्रव्यस्याऽस्तिस्वभावता।**
**परद्रव्यादिबोधे तु नास्तिस्वभावता मता।।१३/१।।**
**रे चतुर ! विचिन्त्येदम्, हृदि धारय धारय।। ध्रुवपदम्।।**

• અધ્યાત્મ અનુયોગ •

અ

### ૐ અસ્તિ-નાસ્તિસ્વભાવગ્રાહક નયનો વિચાર ૐ

[redacted] :- સ્વદ્રવ્ય વગેરેના ગ્રાહક નયમાં દ્રવ્યનો અસ્તિસ્વભાવ પ્રસિદ્ધ છે. પરદ્રવ્યાદિગ્રાહક નયમાં તો નાસ્તિસ્વભાવ સંમત છે. (૧૩/૧) દ્રા

હે ચતુર નર ! આ સ્વભાવતત્ત્વ વિચારીને હૃદયમાં ધારણ કરો, ધારણ કરો. **(ધ્રુવપદ)** (મ

### ❋ આપણા અસ્તિત્વને ઓળખીએ ❋

અ

[redacted]:- '(૧) શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડસ્વરૂપ એક નિજદ્રવ્યસ્વરૂપે જ હું છું. ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણાદિશરીર, શ્વાસોચ્છ્વાસ, ભાષાદ્રવ્ય, મનોદ્રવ્ય વગેરે પુદ્ગલદ્રવ્ય તથા ગુ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો તો પર દ્રવ્ય છે. તે સ્વરૂપે મારું અસ્તિત્વ નથી. (૨) પોતાના અસંખ્ય આત્મપ્રદેશસ્વરૂપ યો સ્વક્ષેત્રમાં હું વસું છું. લોક (= ચૌદ રાજલોકસ્વરૂપ વિશ્વ), નગર, વસતિ (= મકાન કે ઉપાશ્રયાદિ), સંથારો (પથારી), આકાશ વગેરે તો મારા માટે પરક્ષેત્ર છે. તેમાં હું રહેતો નથી. (૩) પ્રવર્તતી પોતીકી ગ

□ કો.(૧૧)માં 'પુણ્ય પ્રસંસીઈં' એ દેશી. ★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.+શાં.માં નથી. ● પુસ્તકોમાં 'સામાન્ય' પદ નથી. કો.(૧૧)માં છે. ❋ પુસ્તકોમાં 'વખાણાઈં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯) +આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

શુદ્ધવર્ત્તના સ્વરૂપ સ્વકાળે હું છું. અતીત, અનાગત કે પરકીય વર્તનાસ્વરૂપ પરકાળે મારું અસ્તિત્વ નથી. (૪) શુદ્ધ ઉપયોગ સ્વરૂપ નિજસ્વભાવરૂપે હું છું. એ શુદ્ધ ઉપયોગ અક્રિય (બાહ્યક્રિયાશૂન્ય), અખંડ, અતીન્દ્રિય, નિર્વિકલ્પ, નિસ્તરંગ, નિરાવરણ, કેવળ સ્વપ્રકાશમય, અપરોક્ષ અને અન્યથી (= ઈન્દ્રિય -મન વગેરેથી) નિરપેક્ષ છે. તેમજ અવિચલ સમતા, શાશ્વત શાંતિ, સહજ સમાધિ, પરમ આનંદ, અનંત શક્તિ અને પ્રકૃષ્ટ શુદ્ધિથી તે શુદ્ધોપયોગ સારી રીતે વણાઈ ગયેલ છે, એકમેક બની ચૂકેલ છે. આવા શુદ્ધોપયોગાત્મક નિજ સ્વભાવે જ હું વર્તું છું. પરંતુ ગમન-આગમન, ભોજન, ભાષણ, શયન (નિદ્રા), આસન (= બેસવું) વગેરે ક્રિયા તો પરભાવ છે. તે સ્વરૂપે મારું અસ્તિત્વ નથી. તે જ રીતે રાગાદિ વિભાવ પરિણામ, વિકલ્પ, વિતર્ક, અન્તર્જલ્પ (મનમાં થતો બબડાટ), રસ-ઋદ્ધિ-શાતા ગારવ, આહાર-ભય-મૈથુન -પરિગ્રહ સંજ્ઞા, સ્ત્રી-ભોજન-દેશ-રાજકથાસ્વરૂપ ચાર વિકથા, ક્રોધાદિ ચાર કષાય, સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ, કૃષ્ણાદિ છ લેશ્યા, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ વગેરે સ્વરૂપ ઔદયિકભાવરૂપે પણ મારું અસ્તિત્વ નથી. તે ઔદયિક ભાવ મારા માટે પરભાવ જ છે. તે જ રીતે મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિક ભાવસ્વરૂપે પણ મારું અસ્તિત્વ નથી. કેમ કે મતિજ્ઞાનાદિ પરિણામો પણ વિભાવગુણ વ્યંજનપર્યાય જ છે. [આ વાત આગળ (૧૪/૪) જણાવવામાં આવશે.] આથી તે સ્વભાવે હું નથી રહેતો. જ્ઞાનમાં જે પરપ્રતિભાસ થાય છે, તે પણ ઉપચરિત છે, વાસ્તવિક નહિ. [આ વાત પૂર્વે (૧૨/૧૦) જણાવેલ જ છે.] તો પછી પરપ્રતિભાસ -વિષયપ્રતિભાસ જ જેમાં સામાન્યથી મુખ્યપણે છવાયેલ હોય તેવા વિભાવગુણવ્યંજનપર્યાય સ્વરૂપ મતિ -શ્રુતાદિ તરીકે હું કઈ રીતે પરિણમી જાઉં ? તેથી તે સ્વરૂપે હું નથી જ' - આવું હૃદયસ્પર્શી રીતે જાણીને સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસાપેક્ષપણે આપણા અસ્તિત્વને અપરોક્ષપણે અનુભવવા માટે નાભિકમળમાં કે હૃદયકમળમાં અસંગભાવે ઉપયોગને કેન્દ્રિત કરી સ્વ-ભાવને = પોતાના પરિણામને ધવલ બનાવવા પ્રયત્નશીલ રહેવું. તથા 'પરકીય દ્રવ્યાદિની અપેક્ષાએ આપણું અસ્તિત્વ નથી, પરકીય દ્રવ્યાદિમાં આપણું અસ્તિત્વ નથી' - આવું જાણી હમણાં બતાવેલ પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રત્યે મધ્યસ્થતાને ધારણ કરવી. પરકીય દ્રવ્યાદિમાં થતાં ફેરફારના નિમિત્તે કોઈ આંતરિક ખળભળાટ ઉભા થઈ ન જાય તેની કાળજી રાખવી.

## આજ્ઞાવિચય ધર્મધ્યાનને પામીએ

અસ્તિસ્વભાવથી અને નાસ્તિસ્વભાવથી વણાયેલ એવા પોતાના આત્મતત્ત્વનું જ સર્વદા ધ્યાન ધરવું જોઈએ. આ જ અભિપ્રાયથી **બૃહદ્નયચક્ર**માં **માઈલ્લધવલજી**એ જણાવેલ છે કે 'સામાન્યરૂપે અને વિશેષરૂપે અસ્તિત્વાદિ સ્વભાવો જ્યાં પરસ્પર અવિરુદ્ધ બનીને રહેલા છે, તે પરમ નિજતત્ત્વ = આત્મતત્ત્વ છે.' આ રીતે પ્રસ્તુતમાં જિનાજ્ઞા મુજબ સ્વદ્રવ્યાદિચતુષ્કગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય એવા અસ્તિસ્વભાવથી યુક્ત તથા પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય એવા નાસ્તિસ્વભાવથી યુક્ત એવા આત્માદિ દ્રવ્યને વિશે વારંવાર જિનાજ્ઞાનુસાર એકાગ્રપણે પ્રતીતિ કરવાનો અભ્યાસ કરવાથી આજ્ઞાવિચય નામનું ધર્મધ્યાન પ્રગટ થાય છે. કારણ કે કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિ**જી મહારાજે **ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર**માં શ્રી**અજિતનાથ** ભગવંતની દેશનાના અવસરે જણાવેલ છે કે 'સ્વરૂપની અપેક્ષાએ સત્સ્વભાવથી યુક્ત તથા પરરૂપની દૃષ્ટિએ અસત્સ્વભાવથી યુક્ત એવા દ્રવ્યોને વિશે જે સ્થિર પ્રત્યય = પ્રતીતિ છે તે આજ્ઞાવિચય નામનું ધ્યાન છે.' આવા ધર્મધ્યાનને પામવાની અહીં આડકતરી રીતે સૂચના પ્રાપ્ત થાય છે. તેનાથી **વિશેષાવશ્યકભાષ્ય**માં બતાવેલ નિર્વાણ ખૂબ નજીક આવે છે. ત્યાં જણાવેલ છે કે 'અતુલ, અજોડ, પરમ શાંતિ (= નિર્વૃત્તિ) અને સર્વોત્કૃષ્ટ સુખ એ જ નિર્વાણ છે.(૧૩/૧)

**ઉત્પાદ-વ્યયગૌણતા રે, ♦સત્તાગ્રાહક નિત્યો;§**
**કોઈક પર્યાયાર્થિકઈ રે, જાણો સ્વભાવ અનિત્યો રે ॥૧૩/૨॥ (૨૧૦) ચતુર.**

ઉત્પાદ-વ્યયગૌણત્વઈં **સત્તાગ્રાહક** દ્રવ્યાર્થિકનયઈં **નિત્યસ્વભાવ** કહિઈં ૩.

**કોઈક પર્યાયાર્થિક** નય ઉત્પાદ-વ્યયગ્રાહક હોઈ,તેણઈં કરી **અનિત્યસ્વભાવ જાણો** ૪. ॥૧૩/૨॥

---

**परामर्शः** **उत्पाद-व्ययगौणत्वे सत्ताग्रहे च नित्यता।**
**उत्पाद-व्ययमुख्यत्वे पर्यायार्थादनित्यता।।१३/२।।**

---

**❀ નિત્યાનિત્યસ્વભાવગ્રાહક નયનો વિચાર ❀**

[redacted]:- ઉત્પાદ-વ્યયને ગૌણ કરવામાં આવે અને સત્તાનું ગ્રહણ કરવામાં આવે તો (દ્રવ્યાર્થિકનયથી) દ્રવ્યમાં નિત્યતા કહેવાય છે. તથા ઉત્પાદ-વ્યયને મુખ્ય કરવામાં આવે તો પર્યાયાર્થિકનયથી અનિત્યતા જણાય છે. (૧૩/૨)

**❀ નિત્યસ્વભાવનો મહિમા પ્રગટાવીએ ❀**

[redacted]:- આત્મદ્રવ્યરૂપે જેમ પોતે નિત્ય છે તેમ અસંખ્યાત્મપ્રદેશસ્વરૂપ સ્વક્ષેત્રરૂપે પણ પોતે નિત્ય જ છે. આત્મા પોતે ત્રૈકાલિક હોવાથી નિજકાળસાપેક્ષ નિત્યત્વનો પણ પોતાનામાં અપલાપ થઈ ન શકે. તેમજ નિજ શુદ્ધસ્વભાવરૂપે પણ આત્મા નિત્ય જ છે. તે આ રીતે સમજવું :- (૧) શરીર, ઈન્દ્રિય, અંતઃકરણ, વિજાતીય વ્યક્તિ વગેરે બાહ્ય નિમિત્ત, (૨) સંસ્કારસ્વરૂપ આંતરિકનિમિત્ત, (૩) કર્મ, (૪) કાળ, (૫) નિયતિ વગેરે પરિબળોના સહારે શરીર, ઈન્દ્રિય, મન અને કર્મમાં ગમન-આગમન-ભાષણ-ભોજન વગેરે ક્રિયાઓ, તર્ક, વિતર્ક, વિકલ્પ અને રાગાદિ વિભાવ પરિણામો ઉત્પન્ન થાય છે. પરંતુ તે સમયે પણ શુદ્ધનયની દૃષ્ટિએ તો આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપે જ રહેલો હોય છે. કારણ કે શુદ્ધનયમતે આત્મા આશ્રવ, બંધ, સંવર, નિર્જરા વગેરે પરિણામથી નિત્યનિવૃત્ત છે. આશ્રવાદિ પરિણામો કર્મપુદ્ગલના છે. શુદ્ધનયની દૃષ્ટિએ આત્માને તેની સાથે કોઈ લેવા-દેવા નથી. આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. શુદ્ધ ચૈતન્ય કાયમ અસંગ છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો સંગ -સંપર્ક નિર્મળ ચેતનામાં નથી. તે તો સદા અક્રિય છે, નિષ્ક્રિય છે. શુદ્ધ ચૈતન્યમાં કદાપિ વિક્રિયા થતી નથી. તે હંમેશા નિરાકાર છે. તે ક્યારેય બંધાતું નથી. બંધદશારહિત તે શુદ્ધચૈતન્ય છે. સદૈવ અનાબાધ = પીડાશૂન્ય અને અચલ છે. શુદ્ધચૈતન્ય ક્યારેય અન્ય સ્વરૂપે પરિણમતું નથી. તે અનુપમ છે. પ્રતિક્ષણ તે નિરાવરણ છે. તે ક્યારેય પણ આવરાતું નથી. કારણ કે તે કર્મની ઉપાધિ વગરનું છે. તેમાં કોઈ કલંક-દોષ નથી. તે ભ્રાન્તિશૂન્ય છે. તેમાં રાગ-દ્વેષની આકુળતા-વ્યાકુળતા હોતી નથી.

---

♦ પુસ્તકોમાં 'ગ્રાહકિ' પાઠ. આ.(૧)+કો.(૪+૯)નો પાઠ લીધો છે.
§. પુસ્તકોમાં 'નિત્ય' પાઠ. મો(૧)નો પાઠ લીધેલ છે.

તે સદા નિરાકુળ છે. નિર્મળ ચેતના અતીન્દ્રિય છે, છતાં પરોક્ષ નથી. તે પ્રત્યક્ષ હોવા છતાં ઈન્દ્રિયાદિને આધીન નથી. આવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજસ્વભાવથી આત્મા ક્યારેય ચલાયમાન થતો ન હોવાથી તે સ્વરૂપે આત્મા નિત્ય જ છે.

**❯ શુદ્ધ ચૈતન્યઘનસ્વભાવમાં રાગ ન પ્રવેશે ❯**

શુદ્ધચૈતન્યઘનસ્વભાવમાં રાગાદિ પરિણામો કદાપિ પ્રવેશતા નથી. જો તેમાં રાગાદિ પરિણામો પ્રવેશ કરે તો પ્રવેશ કરતાવેંત તેઓ સમૂળગા નાશ પામી જાય છે. જેમ જંગલમાં હિમનો વરસાદ થાય તો જંગલ બળી જાય તેમ શુદ્ધચૈતન્યઘનસ્વભાવનો સંપર્ક થતાંવેંત તેના પ્રભાવથી જ રાગાદિપરિણામો મૂળમાંથી સળગી જાય છે. મતલબ કે શુદ્ધચૈતન્યઘનસ્વભાવ એ હિમ જેવી શીતળ આગ છે. આવો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સાપેક્ષ એવો પોતાનો જે નિત્યસ્વભાવ છે, તેની અત્યંત દૃઢતાથી શ્રદ્ધા કરવી. તેમ જ તેનો અત્યંત આદર કરવો. તેનાથી આત્માના ધ્રૌવ્યનો મહિમા પ્રગટે છે. તેની સાથે જ ઉપયોગ બહારમાં રુચિપૂર્વક ભટકવાનું છોડી દે છે. ત્યારે ઉપયોગ અંદરમાં વળે છે. ઉપયોગ સમજણપૂર્વક અંતર્મુખ થતાં જ શુદ્ધ પર્યાયો ઝડપથી પ્રગટે છે.

**⊛ નિત્ય-અનિત્યસ્વભાવનો વ્યવહારમાં ઉપયોગ ⊛**

તેમજ રોગ, ઘડપણ, મોત, ભયાનક પરિસ્થિતિ વગેરે અવસરે સત્તાગ્રાહક = ધ્રૌવ્યગ્રાહી દ્રવ્યાર્થિકનયને મુખ્ય બનાવીને આત્માના નિત્યસ્વભાવને આગળ કરીને નિશ્ચલ, નિર્ભય તથા નિશ્ચિંત બનવું. તથા અનુકૂળતા, આરોગ્ય, આદેયનામકર્મોદય, આબાદી, આબરૂ વગેરે પરિસ્થિતિમાં, પુણ્યોદયની પરાકાષ્ઠામાં પર્યાયાર્થિકનયસંમત નિજ અનિત્યસ્વભાવને દૃષ્ટિમાં કેન્દ્રસ્થાને સ્થાપિત કરી નમ્રતા-લઘુતા -મૃદુતા ધારણ કરવી. ટૂંકમાં, રોગ વગેરે પ્રતિકૂળતામાં આત્માનો નિત્યસ્વભાવ અને પુણ્યોદય વગેરે અનુકૂળતામાં આરોગ્ય, અભ્યુદય વગેરેનો અનિત્યસ્વભાવ વિચારી મધ્યસ્થ બનવું, વિરક્ત રહેવું. આ રીતે વર્તવાથી જ **યોગપ્રદીપ** ગ્રંથમાં દર્શાવેલ શાશ્વત શુદ્ધાત્મસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ પ્રભુ સત્ત્વ-રજસ્-તમોગુણશૂન્ય છે, ગન્ધ-સ્પર્શવર્જિત છે, અચ્છેદ્ય, અભેદ્ય, નિર્લેપ અને નિર્મલ છે.' (૧૩/૨)

**ભેદકલ્પનારહિતથી રે, ધારો એક સ્વભાવ;**
**અન્વયદ્રવ્યાર્થિકનયઈ રે, અનેક દ્રવ્ય સ્વભાવ♦ રે ॥૧૩/૩॥ (૨૧૧) ચતુર.**

(**ભેદકલ્પનારહિતથી=**) ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયઈં (દ્રવ્ય) **એકસ્વભાવ** જાણો (=**ધારો**) ૫. **અન્વયદ્રવ્યાર્થિકનયઈં** (દ્રવ્ય) **અનેકસ્વભાવ** *કહીએ* ૬.

**कालान्वये सत्ताग्राहको देशान्वये चान्वयग्राहको नयः प्रवर्त्तते ॥१३/३॥**

---

**परामर्शः** **भेदकल्पनया शून्ये धारयैकस्वभावताम्।**
**नैको वस्तुस्वभावस्त्वन्वयद्रव्यार्थिके नये।।१३/३।।**

---

### ❋ એક-અનેકસ્વભાવગ્રાહક નયની વિચારણા ❋

[redacted] :- ભેદકલ્પનારહિત નયના મતે વસ્તુમાં એકસ્વભાવને ધારો. અન્વયદ્રવ્યાર્થિક નયના મતે તો વસ્તુમાં અનેકસ્વભાવ જાણવો. (૧૩/૩)

### ❋ દ્રવ્યાર્થિકનયની વિચારણા નિર્વિકલ્પદશાને પ્રગટાવે ❋

[redacted] :- માટીનો શ્યામ-રક્ત વગેરે ગુણો દ્વારા અનુભવ થાય ત્યારે માટીમાં અનેકસ્વભાવ જણાય છે. તથા મૃત્પિંડ, સ્થાસ, કોશ, કુશૂલ, શિવક, કપાલ, ઘટ વગેરે પર્યાયો દ્વારા માટીનો અનુભવ થાય ત્યારે પણ અન્વયદ્રવ્યાર્થિકની દૃષ્ટિએ માટીમાં અનેકસ્વભાવ જણાય છે. અન્વયદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આ અનેકસ્વભાવ સત્યસ્વરૂપે જણાય છે. તેમ છતાં ઉપરોક્ત સર્વ ગુણ-પર્યાયોમાં વણાયેલ અસ્ખલિત (= અખંડ) એવા માટીના એકસ્વભાવની નજીક જઈને અનુભવ કરવામાં આવે તો ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ માટીનો અનેકસ્વભાવ મિથ્યા જ જણાય છે. તે જ રીતે મતિ વગેરે જ્ઞાન, ક્ષાયોપશમિક વગેરે દર્શન, સામાયિકાદિ ચારિત્ર વગેરે ગુણસ્વરૂપે તથા મનુષ્ય, દેવ વગેરે પર્યાયસ્વરૂપે અનુભવવામાં આવે તો આત્માનો અનેકસ્વભાવ જણાય છે. અન્વયદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ તે સત્યરૂપે જણાય છે. તો પણ સર્વ ગુણ-પર્યાયોમાં વણાયેલા અસ્ખલિત (= અખંડ) એવા આત્મદ્રવ્યના એકસ્વભાવની નજીક જઈને અનુભવ કરવામાં આવે તો આત્માનો અનેકસ્વભાવ મિથ્યા જ છે - તેવો નિશ્ચય ભેદનિરપેક્ષદ્રવ્યાર્થિકનયથી થાય છે. તેથી ધ્યાનને સાધવામાં મુખ્ય કારણ બનનારી વિશુદ્ધ ચિત્તની એકાગ્રતાને મેળવવા માટે આત્માર્થી સાધકોએ પોતાની ભૂમિકાને ઉચિત બને તે રીતે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિને = રુચિને = શ્રદ્ધાને સ્વીકારવી જોઈએ. આમ સર્વત્ર, સર્વદા, સર્વ પ્રકારે આત્મનિષ્ઠ એકસ્વભાવને ગ્રહણ કરાવનાર ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનય દૃઢ થાય તો જીવની સંકલ્પ-વિકલ્પદશા ટળે. તથા અન્વયદ્રવ્યાર્થિકની ભાવના સ્થિર થાય તો 'જુદા-જુદા પ્રકારના પોતાના ગુણ-પર્યાયમાં સ્વાત્મદ્રવ્ય તો એક જ છે' - તેવું ભાન દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યામાં બતાવ્યા મુજબ

---

♦ પુસ્તકોમાં 'સ્વભાવો' પાઠ. કો.(૧૦)+સિ.નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+આ.(૧)માં છે.

સરળતાથી થાય. આમ બન્ને નયના સહકારથી નિર્વિકલ્પદશા ઉપર આરૂઢ થવાનું સૌભાગ્ય વહેલું પ્રગટે. આ હિતશિક્ષા અહીં મેળવવા યોગ્ય છે. આ રીતે જ **આરાધનાપતાકા પયન્નામાં** તથા **કુવલયમાળામાં** દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં જણાવેલ છે કે 'તે સર્વે સિદ્ધ પરમાત્માઓ અછેદ્ય, અભેદ્ય, અવ્યક્ત (ચર્મચક્ષુઅગ્રાહ્ય સૂક્ષ્મ), અક્ષર = અવિનાશી, નિરાલંબન અને લોકોથી અજ્ઞાત એવા સિદ્ધો હોય છે.' (૧૩/૩)

**સદ્ભૂતવ્યવહારથી રે, ગુણ-ગુણ્યાદિકભેદ;**
**ભેદકલ્પનારહિતથી રે, જાણો તાસ અભેદો રે ॥૧૩/૪॥ (૨૧૧) ચતુર.**

**સદ્ભૂતવ્યવહારનયથી ગુણ-ગુણી, (આદિક=) પર્યાય-પર્યાયીનો ભેદસ્વભાવ ૭. ભેદકલ્પનારહિત શુદ્ધદ્રવ્યાર્થિકનયથી (તાસ) અભેદ સ્વભાવ (જાણો) ૮.**

**यत्र कल्प्यमानस्यान्तर्निगीर्णत्वेन ग्रहः, तत्रैकस्वभावः, यथा – 'घटोऽयम्' इति। यत्र विषय-विषयिणोर्वैविक्त्येन ग्रहः, तत्राभेदस्वभावः, यथा – 'नीलो घटः' इति। सारोपा-साध्यवसानयोर्निरूढत्वार्थमयं प्रकारभेदः ८। प्रयोजनवत्यौ तु ते यदृच्छानिमित्तकत्वेन न स्वभावभेदसाधके इति परमार्थः ॥१३/४॥**

---

परामर्शः

**सद्भूतव्यवहारेण गुण-गुण्यादिभेदता।**
**भेदकल्पनया शून्ये गुण-गुण्याद्यभेदता।।१३/४।।**

---

**❰ ભેદ-અભેદસ્વભાવમાં નયવિચાર ❱**

[illegible] :- સદ્ભૂત વ્યવહારનયથી ગુણ-ગુણી વગેરેમાં ભેદસ્વભાવ જાણવો. ભેદકલ્પનાનિરપેક્ષ નયના મતે તો ગુણ-ગુણી વગેરેમાં અભેદસ્વભાવ કહેવાય છે. (૧૩/૪)

**❖ લક્ષણાનો આધ્યાત્મિક ઉપયોગ કરીએ ❖**

[illegible] :- અહીં ટબામાં તથા પરામર્શકર્ણિકામાં દર્શાવેલ શક્તિ અને લક્ષણાનું સ્વરૂપ જાણીને (૧) 'તમે તમારા દોષને લાલ આંખથી જુઓ' - આવા શાસ્ત્રવચનથી જે શાબ્દબોધ ઉત્પન્ન થાય છે તે શબ્દશક્તિ દ્વારા થવો જોઈએ, લક્ષણા દ્વારા નહિ. આપણા દોષ જોવાના બદલે, જહત્સ્વાર્થલક્ષણા સ્વીકારીને, કેવળ બીજાના દોષને લાલ આંખથી જોવા બેસીએ તો અધ્યાત્મજગતમાં દેવાળું નીકળી જાય. અથવા 'દોષ' શબ્દની ગુણમાં સ્વારસિકલક્ષણા કે વિરુદ્ધલક્ષણા કરીને આપણા ગુણને જ જોયે રાખીએ તો પણ આપણો આધ્યાત્મિક વિકાસ અટકી પડે. (૨) 'પર્વતિથિના દિવસે લીલોતરી છોડજો' - આ શાસ્ત્રવચનથી જે શાબ્દબોધ કરીએ તે શક્તિ દ્વારા નહિ પણ અજહત્સ્વાર્થલક્ષણા દ્વારા કરીએ કે 'પર્વતિથિના દિવસે આહારસંજ્ઞા ઉપર પોતાનો અંકુશ રાખીને રસોડામાં લીલોતરી-પાકાફળોને છોડીએ, દુકાને માયા-લોભ વગેરેનો નિગ્રહ કરીને ઘરાકને છોડીએ. ગુસ્સા ઉપર નિયમન કરીને ભૂલ કરતા પુત્રને કમ સે કમ ઘરમાં તો છોડીએ = માફ કરીએ. રાત્રે અબ્રહ્મની નિવૃત્તિ કરીને, પત્નીને છોડીએ...' આ પ્રમાણે શાબ્દબોધ થાય તો કલ્યાણ જલ્દી થાય. આ પ્રમાણે બીજા શાસ્ત્રીયવચનોમાં અને વ્યવહારોમાં પણ સ્વયં વિચારી લેવું. તથાવિધ બોધના બળથી સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. **ઔપપાતિકસૂત્રમાં** સિદ્ધસ્વરૂપને જણાવતા કહેલ છે કે "અતુલ સુખના મહાસાગરમાં ડૂબેલા, અવ્યાબાધ = પીડારહિત અનુપમ સ્વરૂપને પામેલા, સુખને પામેલા સિદ્ધાત્માઓ તમામ ભવિષ્યકાળ સુધી સુખી રહે છે." (૧૩/૪)

**ᛝપરમભાવગ્રાહક નયઈં રે, ભવ્ય-અભવ્ય પરિણામ;**
**શુદ્ધ-અશુદ્ધહ તેહથી રે, ચેતન આત્મારામો રે ॥૧૩/૫॥ ચતુર.**

**ભવ્ય સ્વભાવ અનઈં અભવ્ય સ્વભાવ** એ ૨ (**પરિણામ**=) સ્વભાવ♦ **પરમભાવગ્રાહક નયઈં** જાણવા.

ભવ્યતા સ્વભાવનિરૂપિત છઈ. અભવ્યતા ઉત્પન્ન સ્વભાવની તથા પરભાવની સાધારણ છઈ.

તે માટઈં ઈહાં અસ્તિ-નાસ્તિસ્વભાવની પરિઈં સ્વ✡-પરદ્રવ્યાદિગ્રાહક નય ૨ પ્રવૃત્તિ ન હોઈ.

**શુદ્ધાશુદ્ધપણઈં** ♦સંબદ્ધ જે પરમભાવગ્રાહક નય (**તેહથી**=) તેણઈં કરી **આત્મારામનઈં ચેતન** સ્વભાવ કહિઈં. ॥૧૩/૫॥

---

પરામર્શઃ

**भव्याऽभव्यत्वमाख्यातं परमभावबोधके।**
**शुद्धाऽशुद्धतया तस्मात् चैतन्यमात्मसम्मतम्।।१३/५।।**

---

**✤ ભવ્ય-અભવ્યસ્વભાવ : નયદર્પણમાં ✤**

[illegible]:- પરમભાવગ્રાહકનયમાં ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવ જણાવેલ છે. ચૈતન્યસ્વભાવ શુદ્ધ-અશુદ્ધરૂપ પરમભાવગ્રાહકનયથી આત્મામાં માન્ય છે. (૧૩/૫)

**❖ સાત પ્રકારના અધ્યાસમાંથી છૂટકારો ❖**

[illegible] :- વર્તમાનમાં આપણે અશુદ્ધ પરમભાવને ગ્રહણ કરનારા દ્રવ્યાર્થિકનયથી ચેતનસ્વભાવને ધરાવીએ છીએ. જિનશાસન, સદ્ગુરુ, જિનવાણીશ્રવણ, શ્રદ્ધા, સાધના વગેરેના માધ્યમથી આપણે (૧) દેહાધ્યાસ = દેહમાં તાદાત્મ્યબુદ્ધિ અને તેના લીધે દેહક્રિયામાં આવતી તન્મયતા, (૨) ઈન્દ્રિયાધ્યાસ = રુચિપૂર્વક રૂપ-રસાદિનો ભોગવટો કરવાની ઈન્દ્રિયોની નિરંતર સર્વત્ર ચપળતા, (૩) મનઅધ્યાસ = અતીતની સ્મૃતિ, અનાગતની કલ્પના વગેરેમાં સ્વરસથી તણાયે રાખવાની મનની કુટેવ, (૪) નામાધ્યાસ = પોતાની નામનાની તીવ્ર કામના, (૫) રૂપાધ્યાસ = પોતાના ફોટા વગેરે પ્રસિદ્ધ કરવાની ઘેલછા-મહત્ત્વાકાંક્ષા-તલપ-તૃષ્ણા, (૬) રાગાદિ વિભાવપરિણામોનો અધ્યાસ = રાગાદિમાં એકત્વબુદ્ધિ -તદ્રૂપતા-તદાકારતા-તલ્લીનતા, (૭) વિકલ્પાધ્યાસ = મનમાં ઉઠતા સંકલ્પ-વિકલ્પમાં તન્મયતા-એકાકારતા -એકરસતા વગેરેનો ઉચ્છેદ કરવો જોઈએ. કારણ કે તે સાતેય બાબતો સદંતર દેહાતીત, ઈન્દ્રિયાતીત,

---

ᛝ મો.(૨)માં 'કર્મભાવ' અશુદ્ધ પાઠ.

♦ પુસ્તકોમાં 'સ્વભાવ' પદ નથી. આ.(૧)માં છે.

✡ આ.(૧)માં 'સ્વ-પરભાવગ્રા...' પાઠ.

♦ 'સંમુગ્ધ' આ પ્રમાણે લા.(૨)+પુસ્તકોમાં પાઠ છે.

મનાતીત, અનામી, અરૂપી, વીતરાગી, વિકલ્પશૂન્ય એવા આપણા આત્માનું ભાન ભૂલાવે છે. તેથી તે સાતેયને ઝડપથી મૂળમાંથી ઉખેડીને જો આપણે સિદ્ધસ્વરૂપી બનીએ તો શુદ્ધપરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આપણામાં ચેતનસ્વભાવ આવે.

### ❈ શુદ્ધ ચેતનસ્વભાવને અનુભવીએ ❈

શુદ્ધ પરમભાવને ગ્રહણ કરનારા દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ ચેતનસ્વભાવ ધારણ કરવો, અનુભવવો - એ જ આપણું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. કર્મજન્ય સર્વ ઉપાધિઓથી રહિત શુદ્ધ આત્મદ્રવ્ય પ્રત્યે દૃષ્ટિ, રુચિ, સુંદર આદર, બહુમાન આદિને સ્થાપવાથી તે ધ્યેય હાંસલ થાય છે. તેથી જ **કુંદકુંદસ્વામી**એ **ભાવપ્રાભૃત** ગ્રંથમાં જણાવેલ છે કે 'આત્મા શુદ્ધ સ્વભાવવાળો છે. તથા તે શુદ્ધ આત્માને આત્મામાં જ જાણવો જોઈએ.' આ બાબતને ભૂલવી નહીં. બાકી કર્મપુદ્ગલો વગેરે પરદ્રવ્યોને આશ્રયીને રહેલા રાગાદિ પરિણામોને વિશે પોતાપણાની બુદ્ધિ, માલિકીપણાની પરિણતિ, કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ કાલ્પનિક પરિણામના લીધે અજ્ઞાની જીવને કર્મબંધદશાની વ્યગ્રતા દુર્લભ ન રહે. અર્થાત્ તેવી દશામાં અજ્ઞાની કર્મબંધના વમળમાં જ અટવાય. તેથી જ તો **અધ્યાત્મસાર** ગ્રંથમાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'પર દ્રવ્યોમાં રહેલા ભાવોનો હું કર્તા છું, ભોક્તા છું - આવા અભિમાનના લીધે અજ્ઞાની જીવ કર્મથી બંધાય છે. આત્મજ્ઞાની તો (તેવું અભિમાન ન કરવાથી કર્મ દ્વારા) લેપાતા નથી.' તેથી શુદ્ધ ચેતનસ્વભાવમાં જ ડૂબી જવા જેવું છે. આ ધ્યેય કદાપિ ખસી ન જાય તેની કાળજી રાખવાની હિતશિક્ષા આ શ્લોક દ્વારા મળે છે. તે હિતશિક્ષાને અનુસરવાથી શ્રી**અભયકુમારચરિત્ર**માં દર્શાવેલ સિદ્ધદશા અત્યંત નજીક આવે છે. ત્યાં શ્રી**ચન્દ્રતિલક** ઉપાધ્યાયજીએ જણાવેલ છે કે 'આઠ કર્મનો ક્ષય કરીને લોકાગ્ર ભાગમાં રહેલા તે સિદ્ધ ભગવંતોએ પરમ પદને સંપ્રાપ્ત કરેલ છે. (૧૩/૫)

**અસદ્ભૂત વ્યવહારથી રે, ચેતન કર્મ નોકર્મ;**
**પરમભાવગ્રાહક નયઈ રે, તેહ અચેતનધર્મ[§] રે ॥૧૩/૬॥ (૨૧૪) ચતુર.**

**અસદ્ભૂત વ્યવહારનયથી કર્મ** = જ્ઞાનાવરણાદિક, **નોકર્મ** = મન-વચન-કાયા પણિ **ચેતન** કહિઈં ♦ચેતનસંયોગકૃત પર્યાય તિહાં છઈ, તે માટઈં.

"**इदं शरीरमावश्यकं जानाति – इत्यादिव्यवहारोऽत एव भवति, 'घृतं दहति' इतिवत्**"।

**પરમભાવગ્રાહક નયઈં** તેહ કર્મ-નોકર્મને (**અચેતનધર્મો**=) અચેતનસ્વભાવ કહિઈં, જિમ ધૃત અનુષ્ણ સ્વભાવ *છઈ. ઈતિ પરમાર્થ.* ॥૧૩/૬॥

---

परामर्शः **अभूतव्यवहारेण, कर्म-नोकर्मचेतना।**
**कर्म-नोकर्मणोर्जाड्यम्, परमभावबोधके।।१३/६।।**

---

### ⊛ નયદૃષ્ટિએ ચેતન-અચેતનસ્વભાવ ⊛

[illegible] :- અસદ્ભૂત વ્યવહારથી કર્મમાં અને નોકર્મમાં ચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયના મતે તો કર્મમાં અને નોકર્મમાં (= શરીરાદિમાં) અચેતનસ્વભાવ છે. (૧૩/૬)

### ⁂ શરીરની ચેતનતા જાણીને જીવન કેળવીએ ⁂

[illegible] :- 'શરીર, ઈન્દ્રિય વગેરે નોકર્મ પણ અસદ્ભૂત વ્યવહારનયથી ચેતન છે' - આવું જાણીને કોઈને પણ આપણા નિમિત્તે શારીરિક પીડા ન પહોંચે કે કોઈની ઈન્દ્રિયને હાનિ ન પહોંચે તેની કાળજી રાખવી તે આપણી ફરજ છે. (૧) કેળું ખાઈને ખુલ્લા રસ્તા ઉપર કેળાની છાલ નાખવાની આપણી બેદરકારીથી પગ લપસી પડવાના લીધે કોઈનું હાડકું ભાંગી ન જાય.

(૨) હવા ખાવા માટે બારી પાસે ઊભા રહેવાથી, ત્યાં બેસીને પુસ્તક-પ્રત વગેરે વાંચનારને અંધારું પાડવા દ્વારા તેની આંખ નબળી પડી ન જાય.

(૩) મોટેથી અવાજ કરવા દ્વારા કોઈને ધ્યાન-સ્વાધ્યાયાદિમાં વિક્ષેપ પાડી તેમને માનસિક ખેદ પહોંચાડી તેના મનોયોગની હાનિ ન થાય...ઈત્યાદિ કાળજી દરેક સાધકે રાખવી જોઈએ. આવો હિતોપદેશ અહીં અસદ્ભૂત વ્યવહારનય દ્વારા આપણે મેળવવા જેવો છે.

### ✡ કર્માદિમાં ભેદજ્ઞાન વિના આત્મજ્ઞાનનો અસંભવ ✡

અસદ્ભૂત વ્યવહારનયનો ઉપયોગ કઈ રીતે કરવો ? તે જણાવ્યું. પરંતુ પોતાના આત્માને લાગેલા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમાં તો 'હું' પણાની અને 'મારા' પણાની બુદ્ધિ દૂરથી જ છોડવા જેવી છે. જો તેવી બુદ્ધિને છોડવામાં ન આવે તો પોતાનો આત્મા પ્રતિબોધ પામતો નથી. તેથી જ તો **સમયસાર**માં

---

§ પુસ્તકોમાં 'ધર્મો' પાઠ. કો.(૪)નો પાઠ લીધેલ છે.

♦ આ.(૧)માં 'કર્મને ચેતન...' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "કર્મમાં અને નોકર્મમાં 'હું' આવી બુદ્ધિ તથા હું એટલે કર્મ અને નોકર્મ - આવી બુદ્ધિ જ્યાં સુધી હોય છે. ત્યાં સુધી ખરેખર આત્મા પ્રતિબોધને પામેલો નથી બનતો." મતલબ એ થયો કે કર્મ-નોકર્મમાં સ્વભેદવિજ્ઞાન વિના આત્મજ્ઞાન સંભવિત નથી.

### ભેદજ્ઞાનના ઉપાયને અપનાવીએ

તથા 'પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી કર્મ, નોકર્મ વગેરે પરદ્રવ્યો જડ છે અને આપણા આત્મદ્રવ્યથી ભિન્ન છે' - આવું વિશેષ રીતે જાણવા માટે 'આપણા આત્મદ્રવ્યથી જે ભિન્ન (=વિજાતીય) છે, તે પરદ્રવ્યને જડ તરીકે જાણવા'- ઈત્યાદિ **પરમાત્મપ્રકાશ** ગ્રંથના વચનોને સતત યાદ કરવા, વાગોળવા, હૃદયમાં ઘૂંટવા. તેનાથી કાયકષ્ટાદિને સહન કરવાના પ્રસંગમાં ભેદજ્ઞાન સુલભ બને.

### ✡ કર્મચેતના-કર્મફલચેતનાને છોડી જ્ઞાનચેતનામાં લીન બનીએ ✡

અહીં અસદ્ભૂતવ્યવહારથી કર્મ-નોકર્મને ચેતન જણાવેલ છે. તે બાબતમાં હજુ ઊંડાણથી વિચારીએ તો કહી શકાય કે (૧) રાગાદિ વિભાવપરિણામસ્વરૂપ ભાવકર્મમાં પોતાપણાની = હુંપણાની બુદ્ધિ, મારાપણાનો અધ્યવસાય, કર્તૃત્વ-ભોક્તૃત્વબુદ્ધિ જાગે તે કર્મચેતના તરીકે સમજવી. 'હું જ રાગ છું. રાગ મારો પરિણામ છે. રાગ મારું કાર્ય છે. હું રાગાદિનો ભોક્તા છું' - આ પ્રમાણે જે અધ્યવસાય થાય, તે કર્મચેતના તરીકે જ્ઞાતવ્ય છે. તથા (૨) મન, વચન, કાયા વગેરેમાં જે સ્વત્વબુદ્ધિ વગેરે થાય, તે કર્મફલચેતનાસ્વરૂપે જાણવી. મતલબ કે 'હું જ શરીર છું. હું મનનો માલિક છું. વચનનો કર્તા છું. દેહાદિનો ભોક્તા છું' - આવો અધ્યવસાય 'કર્મફલચેતના' તરીકે જાણવો. તેમજ (૩) રાગાદિરહિત, મન-વચન-કાયાથી શૂન્ય, અજ્ઞાનાદિમુક્ત એવા પરમાનંદમય સ્વપ્રકાશસ્વરૂપ આત્મસ્વભાવને વિશે જ હુંપણાની બુદ્ધિ, મારાપણાની બુદ્ધિ, કર્તૃત્વ-ભોક્તૃત્વબુદ્ધિ એ 'જ્ઞાનચેતના' તરીકે જાણવી. કર્મચેતના અને કર્મફલચેતના હેય છે, ત્યાજ્ય છે. તેને છોડીને જ્ઞાનચેતનામાં જ સાધકે વિશ્રાન્તિ કરવી. 'હું શુદ્ધચૈતન્યસ્વરૂપ છું, રાગાદિસ્વરૂપ નથી. હું શુદ્ધ ચૈતન્યનો સ્વામી છું, રાગાદિનો કે દેહાદિનો નહિ. મારે રાગાદિ કે વિકલ્પાદિ કરવાના નથી. મારે તો મારા અંતરંગ ભૂલાયેલા શુદ્ધ ચૈતન્યને જ પરિપૂર્ણપણે પ્રગટ કરવાનું છે. એમાં જ મારું તાત્ત્વિક કલ્યાણ છે. જડ-નશ્વર-અશુદ્ધ-અશુચિ-પૌદ્ગલિક એવા રાગાદિ-વિકલ્પાદિ-આહારાદિ કે સ્વ-પરદેહાદિનો ભોગવટો મને શોભે નહિ. મારે તો મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવને પૂર્ણપણે પ્રગટ કરીને મારો નિર્દોષ આનંદ, મારી આંતરિક શાંતિ, પરમ સમાધિ જ મારા માટે માણવા યોગ્ય છે'- આ રીતે કર્મચેતના-કર્મફલચેતનાનો ત્યાગ કરી જ્ઞાનચેતનામાં જ સ્વત્વ -સ્વામિત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વબુદ્ધિ કરીને જ્ઞાનચેતનામાં જ વિશ્રાન્તિ કરવાથી મોક્ષ સુલભ બને. **પંચવસ્તુક** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ મોક્ષને શાશ્વતસુખસ્વરૂપ બતાવેલ છે. વિજ્ઞ વાચકવર્ગે આ વાતને ખ્યાલમાં રાખવી. (૧૩/૬)

**અસદ્ભૂત વ્યવહારથી રે, જીવ અચેતનધર્મ;**
**પરમભાવગ્રાહક નયઈ રે, મૂરત♦ કર્મ-નોકર્મ✿ રે ॥૧૩/૭॥ (૨૧૫) ચતુર.**

**અસદ્ભૂત વ્યવહારનયથી જીવ (અચેતનધર્મ=) અચેતનસ્વભાવ કહિઈ. अत एव "जडोऽयम्, अचेतनोऽयम्"** ઇત્યાદિ વ્યવહાર છઈ.

*एतेन* 'मां न जानामि' इति प्रतीत्या विलक्षणाज्ञानसिद्धिर्वेदान्तिनाम् *अपास्ता,* असद्भूतव्यवहारनयग्राह्येणाचेतनस्वभावेनैव तदुपपत्तेः।

**પરમભાવગ્રાહક નયઈ કર્મ-નોકર્મનઇં મૂર્ત્તસ્વભાવ કહિઈ.** *ઈમ ગુણવંત સમજી લીયો.* ॥૧૩/૭॥

परामर्शः

**अभूतव्यवहारेण जीवेऽचेतनधर्मता।**
**कर्म-नोकर्ममूर्त्तत्वं परमभावबोधके।।१३/७।।**

### ❖ મૂર્તસ્વભાવમાં નયપ્રચાર ❖

[illegible] :- અસદ્ભૂત વ્યવહારથી જીવમાં અચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયના મતે કર્મમાં અને નોકર્મમાં મૂર્ત્તસ્વભાવ છે. (૧૩/૭)

### ❯ આત્માના અચૈતન્યસ્વભાવને હટાવીએ ❯

[illegible] :- ઘણી વાર કોઈની સાથે વાતચીત કરતાં કરતાં માણસ વચ્ચે વચ્ચે માથું ખંજવાળવાનું કામ, માખી-મચ્છરને ઉડાડવાનું કામ, હાથ-પગને હલાવવાનું કામ, નજરને અન્યત્ર ફેલાવવાનું કામ... વગેરે અનેક કામો કરતો રહે છે. તેમ છતાં તે તે ક્રિયાની તે નોંધ પણ લેતો નથી. તેના ઉપયોગની બહાર ઉપરોક્ત રીતે અનેક ક્રિયાઓ તેના જ દ્વારા થતી હોય છે. આનાથી ફલિત થાય છે કે આત્મામાં જડતા = ઉપયોગશૂન્યતા = અચેતનતા = અચેતનસ્વભાવ પણ રહેલ છે. આવી જડતા જ્યારે દૂર થાય, પોતાની નાનામાં નાની પણ પ્રત્યેક ક્રિયા ઉપયોગપૂર્વક અને ચીવટપૂર્વક થાય, તો જ સાધક તાત્ત્વિક રીતે મોક્ષમાર્ગે આગળ વધી શકે.

આ જ કારણસર **સૂયગડાંગસૂત્ર**ના બીજા શ્રુતસ્કંધમાં ક્રિયાસ્થાન નામના બીજા અધ્યયનમાં જણાવેલ છે કે "સાધુ ઉપયોગપૂર્વક જ ચાલે, ઊભો રહે, બેસે, પડખું બદલે, ગોચરી વાપરે, બોલે તથા ઉપયોગસહિત જ વસ્ત્ર, પાત્ર, કામળી, રજોહરણ (દંડાસણ) લે અથવા મૂકે. યાવત્ આંખની પાંપણનો પલકારો પણ ઉપયોગયુક્ત જ હોય."

### ❀ ભેદજ્ઞાનને ઉજાગર કરીએ ❀

(૧) શરીર અને આત્મા વચ્ચે ભેદજ્ઞાનનો પ્રાથમિક અભ્યાસ ચાલતો હોય તેવી દશામાં પોતાની કર્તૃત્વપરિણતિ છોડવા માટે સાધકે ધીરજપૂર્વક એમ વિચારવું કે 'આ શરીરસ્વરૂપ યંત્ર ચાલે છે. ચેતન

♦ કો.(૩)માં 'મૂર્તિ... નોકર્મ્મો' પાઠ. ✿ કો.(૪+૫+૬+૮)માં 'નોકર્મો' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

એવો હું તો ફક્ત તેને ચલાવું છું. હું તો દેહભિન્ન અમૂર્ત્ત છું. તેથી હું તો નથી જ ચાલતો.' એ જ રીતે 'આ દેહ ભોજન કરે છે. હું તો ફક્ત તેને જમાડું છું. પરંતુ હું જમતો નથી. કારણ કે હું તો અણાહારી જ છું. સદાનો ઉપવાસી એવો હું ભૂખ્યા શરીરને જમાડું છું.' આમ હલન-ચલન -ભોજન વગેરે ક્રિયાના મુખ્ય કર્તૃત્વની પરિણતિને આપણામાંથી કાઢવી અને શરીરમાં મુખ્યકર્તૃત્વની (= પ્રયોજ્યકર્તૃત્વની) પરિણતિને વિવેકદૃષ્ટિપૂર્વક હંમેશા સર્વત્ર જોવી.

### ❖ સાક્ષીભાવને અપનાવીએ ❖

(૨) ભેદજ્ઞાન જ્યારે પરિપક્વ બની જાય તેવી દશામાં હજુ સૂક્ષ્મ બુદ્ધિથી એમ વિચારવું કે 'કર્માધીન બનેલી મારી ચેતના શરીરને ચલાવવું, જમાડવું વગેરે ક્રિયાઓમાં જોડે છે. તે ક્રિયાઓમાં શરીરને કર્મોદય બળાત્કારથી = પરાણે પ્રેરે છે. પરંતુ હું તેમાં પ્રેરકબળ નથી, પ્રેરક કર્તા નથી, પ્રયોજકકર્તા નથી.' આ મુજબ નિર્વેદગર્ભિત ભાવનાથી દેહ પાસે ક્રિયા કરાવવાની પોતાની પરિણતિને છોડવી. તથા દેહમાં ક્રિયાનો કર્તૃત્વપરિણામ અને કર્મમાં ક્રિયાકારકત્વપરિણામ (= શરીર પાસે ક્રિયા કરાવવાનો પરિણામ) છે - તેમ સમજવું. 'દરેક દ્રવ્યો પોત-પોતાના પરિણામના જ કર્તા છે' - આ પ્રમાણે જગતનું સ્વરૂપ જોતા એવા સાધકને હલન-ચલન-ભોજનાદિ પરપરિણામનું માત્ર સાક્ષિત્વ જ બાકી રહે છે. અર્થાત્ તે માત્ર સાક્ષી જ છે, કર્તા નથી. તેથી તો **જ્ઞાનસાર**માં **મહોપાધ્યાયજી**એ કહેલ છે કે 'જે સહજાનંદમાં મગ્ન છે અને જગતનું તત્ત્વ જુએ છે તેવા યોગીને પરપરિણામોનું કર્તૃત્વ નથી. માત્ર સાક્ષીપણું બાકી રહે છે.' 'મેં આ પરપરિણામ કર્યો કે કરાવ્યો' - તેવો અહંકાર તે યોગીને સ્પર્શતો નથી.

### ❦ કર્મસહકૃત દેહક્રિયામાં હરખ-શોકને છોડીએ ❦

(૩) જ્યારે કર્તૃત્વ-ભોક્તૃત્વપરિણતિ ન હોય, માત્ર સાક્ષીભાવની ભૂમિકા પ્રગટે ત્યારે આત્માર્થી સાધક સંવેગગર્ભિત ભાવનાથી એમ સમજે છે કે 'મારી ચેતનાની ચોરી કરીને તેના ટેકાથી શરીર પોતે જ, જાતે જ ચાલવાની-જમવાની વગેરે ક્રિયાઓ કરે છે. તેમાં કર્મ, કાળ, નિયતિ, સ્વભાવ વગેરે પરિબળો શરીરને સહાય કરે છે. કર્માદિસહકૃત દેહક્રિયામાં મારે શું હરખ કે શોક કરવાનો? હું તો તેમાં અસંગ ભાવથી માત્ર સાક્ષી જ છું. દેહક્રિયાનો નિર્લેપ સાક્ષીમાત્ર છું' - આ રીતે દેહક્રિયાની અનુમોદનાની પરિણતિને પણ છોડવી. તથા ચલન-ભોજનાદિ ક્રિયાનો કર્તૃત્વપરિણામ = મુખ્યકર્તૃત્વપરિણામ શરીરમાં છે અને સહાયક પરિબળ સ્વરૂપે તે ક્રિયાને કરાવવાની પરિણતિ કર્મ-કાળ વગેરેમાં છે - આમ સમજવું. દેહક્રિયાની જેમ વચનક્રિયામાં અને મનની ક્રિયામાં સમજી લેવું.

### ❀ દેહક્રિયામાં કરણ-કરાવણ-અનુમોદન તજીએ ❀

[redacted] :- અહીં (૧) માં શરીર મુખ્યકર્તા (= પ્રયોજ્યકર્તા) છે તથા આત્મા કારક = કરાવનાર = પ્રયોજકકર્તા છે, કરનાર નહિ. (૨) માં આત્મા કરનાર નથી કે કરાવનાર નથી. શરીર કરનાર છે. કર્મ કરાવનાર છે. આત્મા ફક્ત અનુમોદક છે. (૩) માં આત્મા નથી કરનાર, નથી કરાવનાર કે નથી અનુમોદના કરનાર. શરીર સ્વયં કરનાર છે. કર્માદિ કરાવનાર નથી. પણ સહાયક-અનુમોદક -શુભેચ્છકના સ્થાનમાં છે. આટલો તફાવત અહીં ત્રણેય વિકલ્પમાં ગંભીરતાથી સમજવો.

### ✡ પૌદ્ગલિક ભાવોનો ત્રિવિધ સંબંધ છોડીએ ✡

આ રીતે વારંવાર ઉપરોક્ત ભાવોનું પરિશીલન-અનુશાસન-પુનરાવર્તન-દૃઢીકરણ કરવાથી પૌદ્ગલિક ભાવોને વિશે કરણ-કરાવણ-અનુમોદન પરિણતિનો પૂરેપૂરો ત્યાગ થાય છે. તેના લીધે ખૂબ નિકટના

કાળમાં અલિપ્તદશા, અસંગદશા, અબંધદશા પ્રગટ થાય છે.

પ્રસ્તુત બાબતમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **જ્ઞાનસાર** પ્રકરણમાં જણાવેલ છે કે 'હું પુદ્ગલભાવોનો કર્તા નથી. કરાવનાર નથી, અનુમોદક નથી - આ પ્રમાણે આત્મસ્વરૂપની સમજણવાળો સાધક કઈ રીતે લેપાય ?' આ બાબતની અહીં ઊંડાણથી વિભાવના કરવી.

### ✻ જ્ઞાતા-દૃષ્ટાભાવની સાધનાનો ચિતાર ✻

(૪) જ્યારે ભેદજ્ઞાનની અને સાક્ષીભાવની પરિણતિને આત્મસાત્ કરીને સાધક જ્ઞાતા-દૃષ્ટાભાવની પરિણતિને પ્રગટ કરે, ત્યારે તેણે પોતાનાથી અભિન્ન છ કારકનો સમન્વય કરવામાં ડૂબી જવાનું હોય છે. તે આ રીતે - 'શાશ્વત શાન્તસુધારસમય અને મારાથી અભિન્ન એવા ચેતનસ્વભાવમાં (= અધિકરણ કારક) રહીને, પોતાનું જ દર્શન અને સંવેદન તથા પોતાની જ રમણતા અને અનુભૂતિ - આવા સ્વપરિણામોને પ્રગટ કરનાર એવો હું (= કર્તા કારક) મારા શુદ્ધ સ્વભાવને (= સંપ્રદાન કારક) દર્શન-જ્ઞાન-સ્વરૂપરમણતા આદિ સ્વરૂપ મારું સર્વસ્વ સોંપીને, મારા અતીન્દ્રિય એવા અમૂર્તસ્વભાવમાંથી અને શુદ્ધસ્વભાવમાંથી (= અપાદાન કારક) પ્રગટેલા મારા જ અકૃત્રિમ = સ્વાભાવિક એવા પરમાનંદરસને (= કર્મ કારક) શુદ્ધ ઉપયોગ વડે (= કરણ કારક) વારંવાર પી-પીને સમ્યક્ પ્રકારે તૃપ્ત થયેલો છું.' અહીં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ - આ છએ કારક આત્માથી અભિન્ન જ છે. ટૂંકમાં આશય એ છે કે 'હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ અનુભવું છું' - આ રીતે પોતાનાથી અભિન્ન છ કારકભાવની સંગતિ/સમન્વય કરવામાં જ્ઞાતા-દૃષ્ટાભાવ-પરિણતિવાળા સાધકો લીન બનતા હોય છે. **વિશેષાવશ્યકભાષ્ય, જ્ઞાનસાર સ્વોપજ્ઞટબો, સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ** વગેરે અન્ય ગ્રંથોના આધારે બીજી રીતે પણ પોતાનાથી અભિન્ન છ કારકભાવની સંગતિ કરવી. તથા (૧) દેહ-આત્મભેદવિજ્ઞાન, (૨) સાક્ષીભાવ અને (૩) જ્ઞાતા-દૃષ્ટાભાવ - આ ત્રણેય બાબતોનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે ભારતની રાષ્ટ્રભાષામાં (= હિન્દી ભાષામાં) તથા ગુજરાતી ભાષામાં અમે રચેલ **'સંવેદનની સરગમ'** - (= સંવેદનપ્રબંધ) પુસ્તકની (પૃ.૬૧ થી ૧૦૦ તથા પૃ. ૨૦૩ થી ૨૭૨) વિભાવના કરવી. પ્રસ્તુતમાં જે અભ્યન્તર મોક્ષમાર્ગ બતાવેલ છે, તેનો નિર્ભ્રાન્ત ચિત્તથી નિશ્ચય કરીને, પોતાની વર્તમાન ભૂમિકા મુજબ ગૌણ-મુખ્યભાવે ઉપરોક્ત ચારેય પ્રકારના ભાવોને સમ્યક્ પ્રકારે આત્મસાત્ કરવા જરૂરી છે.

### ❀ જડતાને હટાવીએ ❀

આમ વિરક્ત અને શાંત પરિણતિથી ઉપરોક્ત ચાર પ્રકારના ઉપયોગપૂર્વક શાસ્ત્રાનુસારે સર્વ ક્રિયા કરવા દ્વારા અસદ્ભૂત વ્યવહારનયથી માન્ય એવી જડતાનું આત્મામાંથી નિવારણ કરવામાં આવે તો જ સાધક તાત્ત્વિક આત્મકલ્યાણને સાધી શકે. આવા પ્રકારનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા આપણે મેળવવા જેવો છે. તે રીતે જીવન જીવવાના પ્રભાવે **વૈરાગ્યકલ્પલતા**માં વર્ણવેલ મોક્ષસુખ જાતે જ હાજર થાય છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સિદ્ધસુખને વર્ણવતાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો રતિ-અરતિ વગેરે તમામ દ્વન્દ્વોમાંથી છૂટી ગયેલા છે. તેઓના સર્વ કાર્યો સમ્યક્ રીતે સિદ્ધ થઈ ચૂકેલા છે. તેથી તે સિદ્ધાત્માઓ પાસે જ તાત્ત્વિક નિર્દ્વન્દ્વ સુખ વિદ્યમાન છે.(૧૩/૭)

**અસદ્ભૂત વ્યવહારથી રે, જીવ મૂર્ત્ત પણિ હોઈ;**
**પરમનયઈ પુદ્ગલ વિના રે, દ્રવ્ય અમૂર્ત્ત તૂં જોઈ□ રે ॥૧૩/૮॥ (૨૧૬) ચતુર.**

**અસદ્ભૂત વ્યવહારનયથી જીવનઈં મૂર્ત્તસ્વભાવ પણિ (હોઈ+) કહિઈં. अत एव "अयमात्मा दृश्यते, अमुमात्मानं पश्यामि"** એ વ્યવહાર છઈ.એ સ્વભાવઈં જ *જિનના ૫ વર્ણ કહીએ.* **"रक्तौ च पद्मप्रभ-वासुपूज्यौ"** (અભિધાનચિંતામણિ-પ્રથમ કાંડ-૧/શ્લોક-૪૯) ઇત્યાદિ વચન છઈ.

**પરમભાવગ્રાહક નયઈ પુદ્ગલ દ્રવ્ય વિના**§, બીજા સર્વ♦ **દ્રવ્યનઈ અમૂર્ત્તસ્વભાવ (તૂં જોઈ +)** કહિયઈ.॥૧૩/૮॥

---

परामर्शः

**अभूतव्यवहारेण जीवे मूर्त्तस्वभावता।**
**अमूर्त्तः पुद्गलाऽन्यो हि, परमभावबोधके।।१३/८।।**

---

**❈ અમૂર્ત્તસ્વભાવમાં નયપ્રસારણ ❈**

[redacted] :- અસદ્ભૂત વ્યવહારનયથી જીવમાં મૂર્ત્તસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયના મતે પુદ્ગલભિન્ન દ્રવ્ય અમૂર્ત્ત જ છે. (૧૩/૮)

**વ્યવહાર, વ્યવહાર-નિશ્ચય અને નિશ્ચયમાં ઠરીએ**

[redacted] :- અહીં ટબાના આધારે એવું સૂચિત થાય છે કે પ્રભુના સ્તવન, સ્તોત્રપાઠ, સ્તુતિ વગેરે બોલતી વખતે નીચલી ભૂમિકાવાળા જીવોને લાભ થાય, પ્રાથમિક કક્ષાના ભક્તોનો પ્રભુભક્તિમાં ઉલ્લાસ-ઉમંગ વધે માટે શાસ્ત્રકાર ભગવંતોએ પ્રભુના મૂર્ત્તસ્વભાવને મનમાં રાખીને બાહ્ય અતિશય, વાણીના પાંત્રીશ ગુણો વગેરેનું વર્ણન સ્તવન, સ્તોત્ર વગેરેમાં કરેલ છે. 'શ્રીજિનેશ્વર ભગવંતની વ્યાવહારિક સ્તવનામાં મારી ઈતિકર્તવ્યતા સમાયેલી નથી. હજુ મારે નિશ્ચયનયસંમત પ્રભુવર્તી વીતરાગતાદિ ગુણોની સ્તવના કરવાની બાકી છે' - ઈત્યાદિ બાબત ખ્યાલમાં રહે તે માટે વ્યવહારનયસંમત તે તે સ્તુતિ, સ્તવન વગેરે બોલતી વખતે પ્રાજ્ઞ જીવોએ 'આ પ્રભુની વ્યવહારનયસંમત સ્તુતિ છે' - આવો આંતરિક ખ્યાલ રાખવો જરૂરી છે. તથા પોતાની ભૂમિકા મુજબ પ્રભુના દેહગુણોની સાથે આત્મગુણોની પ્રશંસાથી ગર્ભિત સ્તુતિ, સ્તવન વગેરે બોલવા જોઈએ. આ રીતે વ્યવહાર-નિશ્ચયનો સમન્વય કરવો. તથા પોતાની ભૂમિકા વિશિષ્ટ રીતે આધ્યાત્મિક ઊંચાઈને પ્રાપ્ત કરે ત્યારે પ્રશાંત ચિત્તે કેવલ વીતરાગતા,

---

□ પુસ્તકોમાં 'જોયો' પાઠ. સં.(૧)નો પાઠ લીધેલ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

§ લી.(૩)માં 'વિના એવં એ બે પ્રકારે બીજા' પાઠ.

♦ આ.(૧)માં '૫ નઈ' પાઠ.

પરમ નિર્વિકારિતા, નિષ્કષાયતા, નિઃસંગતા, નિર્મલતા, નિરાલંબનતા, નિરુપમતા (= ઉપમાઅતીતતા), નિર્બંધદશા વગેરે આત્મગુણોથી ગર્ભિત એવી પ્રભુસ્તવના તે તે ગુણોની પ્રાપ્તિના આશયથી કરવી જોઈએ. કારણ કે બેય નય અલગ-અલગ ભૂમિકાને યોગ્ય એવા તત્ત્વને પ્રકાશે છે. તેથી જ **નમસ્કારમાહાત્મ્ય**માં **શ્રીસિદ્ધસેનસૂરિજી**એ જણાવેલ છે કે 'સૂર્ય અને ચંદ્ર જેમ દિવસ-રાત પ્રકાશ પાથરવા જાગતા છે, તેમ નિશ્ચય અને વ્યવહાર બન્ને નય આ લોકમાં અને પરલોકમાં પ્રકાશ પાથરવા સદા જાગતા રહે છે.' નિરંતર અહોભાવપૂર્વક આ રીતે પ્રભુના વિશિષ્ટ અને વિશુદ્ધ ગુણોની તાત્ત્વિક રુચિ કેળવી, તેની પ્રાપ્તિના સંકલ્પને દૃઢ બનાવી, તથાવિધ ગુણપ્રાપ્તિની સાધનાને જ્વલંત બનાવી સર્વગુણસિદ્ધિના શિખરે વહેલી તકે આરૂઢ થવું જોઈએ. સર્વસદ્‌ગુણસિદ્ધિના શિખરે આરૂઢ થયેલ સાધક ત્યાર બાદ **મહાનિશીથ**માં જણાવેલ અનંત અને ઉત્તમ એવા સુખવાળા મોક્ષને મેળવે છે. આ બાબત ખ્યાલમાં રાખવી. (૧૩/૮)

**ઉપચારિઈ પણિ પુદ્ગલિં રે, નહીં અમૂર્ત્તસ્વભાવ;**
**ઉપચરિઈ અનુગમવશિં રે, વ્યવહારિઈ જેહ□ ભાવો રે ॥૧૩/૯॥ (૨૧૭) ચતુર.**

ચેતનસંયોગઈ દેહાદિકનઈ વિષઈ જિમ ચેતનત્વ ✡પર્યાય ઉપચરિયઈ છઈ, તિમ અમૂર્ત્તત્વ ઉપચરતા નથી. તે માટઈ (**ઉપચારિઈ** =) અસદ્ભૂત વ્યવહારથી **પણિ પુદ્ગલ**નઈ **અમૂર્ત્તસ્વભાવ** (**નહીં** =) ન કહિઈ.

"પ્રત્યાસત્તિદોષઈ અમૂર્ત્તત્વ તિહાં કિમ ન ઉપચરિ ?" તે ✝ઊપરિ કહઈ છઈ –

♦**અનુગમવશિં** એક સંબંધ ●જોડતા દોષઈ⁸ **જેહ સ્વભાવ વ્યવહારિઈ** તે **ઉપચરિઈ** પણિ સર્વ ધર્મનો ઉપચાર ન હોઈ.

**तथा च 'आरोपे सति निमित्तानुसरणम्, न तु निमित्तमस्तीत्यारोपः' इति न्यायोऽत्राऽऽश्रयणीयः, इति भावः ॥१३/९॥**

---

**परामर्शः** उपचारादपि स्यान्न पुद्गले जात्वमूर्त्तता।
सम्बन्धादुपचर्यन्ते भावा हि व्यावहारिकाः॥१३/९॥

---

**❀ પુદ્ગલમાં ઔપચારિક પણ અમૂર્ત્તતા નથી : દિગંબર ❀**

[redacted] :- ઉપચારથી પણ પુદ્ગલ દ્રવ્યમાં ક્યારેય અમૂર્ત્તતા ન હોય. સંબંધવિશેષથી વ્યવહારને યોગ્ય એવા જ સ્વભાવોનો ઉપચાર થાય છે. (૧૩/૯)

**❀ કર્મબંધજનક - પરપીડાકારક ઉપચારને છોડીએ ❀**

[redacted] :- ટબા મુજબ અહીં એવું ફલિત થાય છે કે કોઈક ઉમદા પ્રયોજન હાજર હોય ત્યારે શિષ્ટ પુરુષો કોઈક નિમિત્ત વિશેષને આશ્રયીને એક વસ્તુના ગુણધર્મનો બીજી વસ્તુમાં આરોપ કરે છે. પરંતુ ઉપચારનિમિત્ત હાજર હોવા માત્રથી શિષ્ટ પુરુષો કાંઈ ઉપચાર કરતા નથી. દા.ત. કોઈકના મોઢા ઉપર કાળો તલ કે ડાઘ જોઈને 'તમારું મોઢું ચંદ્ર જેવું લાગે છે' - આવો ઉપચાર કરીને 'સામેની વ્યક્તિનું મોઢું કલંકિત છે' - તેવું શિષ્ટ પુરુષો જણાવતા નથી. કોઈક માણસ અનુપયોગથી ઘડો, દીવાલ કે ખુરશી વગેરે સાથે અથડાઈ જાય એટલા માત્રથી 'આ આંધળો છે' - આવો આરોપ ડાહ્યા માણસો કરતા નથી.

---

□ મ.માં 'જે' પાઠ. કો.(૩+૮)નો પાઠ લીધો છે.
✡ પુસ્તકોમાં 'પર્યાય' પદ નથી. કો.(૯)+સિ.માં છે.
✝ શાં.માં 'ઉચાર' પાઠ.
♦ મો.(૨)માં 'અનુગમ્યવૃત્ય' - અશુદ્ધ પાઠ.
● સિ.+શાં.માં 'સંબંધ જોડતાં' પાઠ. તથા મ.માં 'સબંધ દોષઈ' પાઠ.
⁸ શાં.માં 'દોષઈ' પાઠ નથી. લી.(૨+૩+૪)માં છે.
❀ પુસ્તકોમાં '**त्तमुररीकृत्या...**' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

## ❖ સ્વપરિણામની કર્કશતા ત્યાજ્ય ❖

કાણાને પણ કાણો કહેવાની કે ચોરને પણ ચોર કહેવાની **દશવૈકાલિક**શાસ્ત્રકાર ના પાડે છે. કારણ કે તેવું બોલવામાં આપણા પરિણામ કઠોર થાય છે તથા બીજાને દુઃખ થાય છે. જો ઉપર મુજબ શાસ્ત્રકાર જણાવતા હોય તો પછી જે માણસ વાસ્તવમાં અંધ ન હોય તેનામાં અંધ તરીકેનો આરોપ કરીને પોતાના પરિણામને કઠોર બનાવવાની ભૂલ કોઈ પણ આત્માર્થી જીવ કઈ રીતે કરી શકે ? તેવું તેને કઈ રીતે પસંદ હોય ? તેથી કોઈ પણ વિશેષ પ્રકારના નિમિત્તનું અવલંબન કરીને વિશેષ પ્રકારનું પ્રયોજન ઉપસ્થિત થતાં ઔપચારિક ભાષાનો પ્રયોગ કરતી વખતે ઉપરોક્ત સાવધાની પ્રત્યેક આત્માર્થી જીવે ખાસ કેળવવા જેવી છે. આડેધડ ઉપચાર કરવામાં આવે તો વિભાવદશા જ વધે. વિભાવદશાવર્ધક બને તેવું અસદ્ભૂતવ્યવહારનયગોચર જ્ઞાન એ તો બુદ્ધિના અંધાપા સ્વરૂપે જ માન્ય છે. આ અંગે **જ્ઞાનસાર**ની વાત વાગોળવા જેવી છે. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'આત્મસ્વભાવની જેનાથી પ્રાપ્તિ થાય તેવા સંસ્કારનું (= તેવી પરિણતિનું) કારણ બને તેવું જ્ઞાન માન્ય છે. એ સિવાયનું બીજું જ્ઞાન તો મતિનો અંધાપો જ છે.'

## ❁ ...તો મિથ્યાત્વ-કષાય-વિષય ટળે ❁

તેમજ વિશેષ પ્રકારનું પ્રયોજન ઉપસ્થિત થતાં, ચેતનદ્રવ્યના વિલક્ષણ સંયોગના લીધે, શરીરાદિમાં ચેતનત્વનો આરોપ-ઉપચાર-વ્યવહાર કરવો પડે ત્યારે પણ 'શરીર પરમાર્થથી અચેતન છે' - આ વાત ભૂલાવી ના જોઈએ. બાકી મિથ્યાત્વને દૃઢ થતાં વાર ન લાગે. ખરેખર પોતાની જાતને વીસરીને પરને જાણવાની ઈચ્છા મિથ્યાત્વને વધારે છે. પરને કરવાની ઈચ્છા કષાયનું જ પોષણ કરે છે. પરને માણવાની અભિલાષા (= ભોગવવાની રુચિ) વિષયતૃષ્ણાને પેદા કરે છે. આ ત્રણેયના બળથી તો સંસાર વધે છે. તથા આ ત્રણેયને જીતવાથી મોક્ષમાર્ગમાં ગતિ-પ્રગતિ થાય છે. તેથી કર્મથી મુક્ત થવાની ઈચ્છાવાળા જીવે પરતત્ત્વને જાણવાની, કરવાની, ભોગવવાની ઈચ્છાસંબંધી પોતાની ચિત્તવૃત્તિના પ્રવાહને વિશ્રાંતિ આપવી જોઈએ, વિદાય આપવી જોઈએ. આ રીતે પરને જાણવાની ઉત્કંઠા રવાના થવાથી બહિર્મુખતાની પરિણતિ ટળે તથા તેના લીધે મિથ્યાત્વનો ઉચ્છેદ થાય. પરને કરવાની ઈચ્છા જવાથી કર્તૃત્વપરિણામ વિદાય લે અને તેથી કષાય ટળે. તેમજ પરને ભોગવવાની અભિલાષા નિવૃત્ત થવાના લીધે ભોક્તૃત્વપરિણતિનો વિલય થાય છે અને તેનાથી વિષયતૃષ્ણાનો ઉચ્છેદ થાય છે. તેના બળથી સિદ્ધસુખ સુલભ બને. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં સિદ્ધાત્માનું સુખ જણાવતા કહેલ છે કે 'અરૂપી, નક્કરઆત્મપ્રદેશવાળા, જ્ઞાન -દર્શનઉપયોગવાળા સિદ્ધાત્માઓ એવા અતુલ સુખને પામેલા છે કે જેની ઉપમા નથી.' (૧૩/૯)

**એ ભાવિં સંમતિ ભણિઉં રે, અનુગત અર્થ અસેસ;**
**જલ-પય જિમ નવિ વિભજિઈ રે, યાવત્ અંત્ય વિસેસો રે ॥૧૩/૧૦॥**
**(૨૧૮) ચતુર.**

**એ ભાવિં** = એ અભિપ્રાયઈ, **સમ્મતિગ્રંથ**માંહિં (**ભણિઉં**=) કહિઉં છઈ, જે **અનુગત** અત્યંત સંબદ્ધ, **અશેષ** કહિતાં સર્વ, **અર્થ જલ-પય જિમ** = ખીર-નીર♦ પરિં, **વિભજિઈ નહીં** = પૃથક્ કરિઈ નહીં. કિહાં તાંઇ ? (**યાવત્**) **અંત્ય વિશેષઈ** = અંત્ય વિશેષતાંઈ✿ શુદ્ધ પુદ્ગલ-જીવ લક્ષણઈ વિભજિયઈ.

**यथा - "औदारिकादिवर्गणानिष्पन्नाच्छरीरादेर्ज्ञानघनाऽसंख्येयप्रदेश आत्मा भिन्नः" इति। अत्र गाथा - [1]अण्णोण्णाणुगयाणं 'इमं व तं व' त्ति विभयणमजुत्तं। जह दुद्ध-पाणियाणं जावंत विसेसपज्जाया।। (स.त.१.४७) इति ॥१३/१०॥**

---

परामर्शः

**इत्येवं सम्मतावुक्तमर्थो ह्यनुगतोऽखिलः।**
**विभाज्यो न पयोऽम्भोवद् यावदन्त्यविशेषताम्।।१३/१०।।**

---

**❀ અત્યંત સંબદ્ધ પદાર્થનું વિભાજન ન થાય : સંમતિકાર ❀**

[redacted] :- આ અભિપ્રાયથી **સંમતિતર્ક**માં જણાવેલ છે કે 'દૂધ અને પાણીની જેમ તમામ અનુગત અર્થનો અંતિમ વિશેષસ્વભાવ ન આવે, ન જણાય ત્યાં સુધી તેનું વિભાજન ન જ કરવું. (૧૩/૧૦)

**❀ અસદ્ભૂત નય કોમળ પરિણતિને પ્રગટાવે ❀**

[redacted] :- પરસ્પર અનુગત જીવ અને શરીરને વિભક્ત માની જીવતા માણસના શરીરને ઉદ્દેશીને 'આ તો જડ છે', 'આને મારો તો આને કાંઈ દુઃખનો અનુભવ થવાનો નથી' - આવું કહીને કોઈ માણસને માર-પીટ કરવી તે બિલકુલ વ્યાજબી નથી. કારણ કે જીવ અને દેહાદિપુદ્ગલો એકબીજામાં અનુગત હોવાથી જીવતા માણસના શરીરમાં ચૈતન્યસ્વભાવ પણ વિદ્યમાન છે. આ પ્રમાણે પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહારનય જણાવે છે. અસદ્ભૂત વ્યવહારનયનો આ ઉપદેશ કોમળ પરિણતિ, જીવદયા, જયણા વગેરેને પ્રગટાવવામાં-સહાયક છે. તથા તે મૃદુપરિણતિ વગેરેના બળથી આત્માર્થી સાધક મોક્ષમાર્ગે ઝડપથી આગળ વધે છે. તથા સ્વાનુભૂતિ કરવા માટે શુદ્ધ જીવને શરીર-ઈન્દ્રિય -મન વગેરેથી જુદો પાડવો. તે માટે વારંવાર એવી ભાવના ભાવવી કે 'હું કાયમ શાંત સ્વરૂપવાળો

---

♦ આ.(૧)માં 'દૂધ પાણી' પાઠ.

✿ પુસ્તકોમાં 'વિશેષઈ' પાઠ. કો.(૯)+આ.(૧)નો પાઠ લીધો છે.

1. अन्योन्यानुगतयोः 'इदं वा तद् वा' इति विभजनम् अयुक्तम्। यथा दुग्ध-पानीययोः, यावन्तः विशेषपर्यायाः (? यावद् अन्त्यविशेषपर्यायान्)।।

છું, સહજ સમાધિમય છું, પરમ નિષ્કષાય છું, પરમ નિર્વિકાર છું, અમૂર્ત છું, અનંત આનંદનું વેદન કરનાર છું, સ્વયંપ્રકાશમય છું, અતીન્દ્રિય છું, દેહશૂન્ય છું, અપૌદ્ગલિક છું અને શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ છું.' આવી ભાવના વારંવાર શાંત ચિત્તે કરવાથી દેહાદિથી શુદ્ધ આત્મા છૂટો પડતો જાય તથા તેના પ્રભાવે **આરાધનાપતાકા**માં તથા **સંવેગરંગશાળા**માં દર્શાવેલ પરમસુખી એવું સિદ્ધસ્વરૂપ ખરેખર અત્યંત ઝડપથી ખૂબ જ નજીક આવે છે. '(૧) જે કારણે તે સિદ્ધ ભગવાનને તમામ પીડાનો અભાવ છે, (૨) આખાય જગતને તે જાણે છે તથા (૩) ઔત્સુક્ય બિલકુલ નથી. તે કારણે સિદ્ધાત્મા પરમસુખી તરીકે સુપ્રસિદ્ધ છે' - આ મુજબ ત્યાં જણાવેલ છે. [૧૩/૧૦]

ઈમ કહતાં "મૂર્ત્તતા જો પુદ્ગલદ્રવ્યવિભાજક અંત્ય વિશેષ છઈ, તો તેહનો ઉપચાર આત્મદ્રવ્યઈં કિમ હોઈ ? અનઈ જો તે અંત્ય❒ વિશેષ નહીં, તો અન્યોન્યાનુગમઈં અમૂર્ત્તતાનો ઉપચાર પુદ્ગલદ્રવ્યઈં કિમ ન હોઈ ?" એહવી શંકા કોઈકનઈં હોઈ છઈ, તે ટાલવાનઈં કહઈ છઈ -

**અનભિભૂત જિહાં મૂર્ત્તતા રે, અમૂર્ત્તતા તિહાં નાહિં;**
**જિહાં અભિભૂત અમૂર્ત્તતા રે, મૂર્તિ§ અનંત્ય તે માહિં રે ॥૧૩/૧૧॥**
**(૨૧૯) ચતુર.**

**જિહાં** પુદ્ગલદ્રવ્યનઈ **મૂર્ત્તતા (અનભિભૂત=)** અભિભૂત નથી, કિંતુ ઉદ્ભૂત છઈ, **તિહાં અમૂર્ત્તતા** સ્વભાવ **(નાહિં=)** ન હોઈ. તે માટઈ અમૂર્ત્તતા અપુદ્ગલ દ્રવ્યનો અંત્ય વિશેષ.

અનઈ **જિહાં** આત્મદ્રવ્યનઈં કર્મદોષઈં★ **અમૂર્ત્તતા અભિભૂત**✦ છઈ, **(તે માહિં=)** તિહાં ◆**મૂર્ત્તતા** ✡**અનંત્ય** અનુગમજનિત સાધારણ ધર્મરૂપ હોઈ.

**तथा च** – **अन्योऽन्यानुगमाविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचित् कथञ्चिदभिभूयते✤ इति यथागमव्यवहारमाश्रयणीयम्** ॥१३/११॥

---

परामर्शः

**यत्राऽतिरोहिता मूर्त्तिरमूर्त्तता न तत्र तु।**
**यत्र तिरोहिताऽमूर्त्तिः तत्रैवाऽनन्त्यमूर्त्तता॥१३/११॥**

---

**❀ પ્રગટ મૂર્ત્તતા હોય ત્યાં અમૂર્ત્તવ્યવહારનો નિષેધ ❀**

[redacted] :- જ્યાં મૂર્ત્તતા પ્રગટ હોય ત્યાં અમૂર્ત્તતા કહેવાતી નથી. જ્યાં અમૂર્ત્તતા ઢંકાયેલી હોય ત્યાં જ અનંત્ય = અચરમ મૂર્ત્તતા કહેવાય છે. (૧૩/૧૧)

**☫ આપણી અમૂર્ત્તતાને પ્રગટાવીએ ☫**

[redacted]:- હમણાં આપણામાં મૂર્ત્તતા પ્રગટપણે પ્રતીયમાન છે. કર્મના દોષથી આપણી મૌલિક અમૂર્ત્તતા વર્તમાન કાળે પરાભવ પામી ચૂકેલ છે. જેમ જેમ જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષ-મોહ વગેરે ભાવકર્મ રવાના થાય તેમ તેમ આત્માની મૌલિક અમૂર્ત્તતા પ્રગટ થવાની સંભાવના વધતી જાય. તે માટે સૌપ્રથમ 'ઘર, શરીર, સ્નેહરાગ વગેરે મારા છે' - આ પ્રમાણેની મિથ્યામતિ છોડવી જોઈએ. કેમ કે તે મિથ્યામતિ જ ચિત્તવૃત્તિને બહિર્મુખ કરે છે. 'ઘર, શરીર, રાગ વગેરે પરમાર્થથી પુદ્ગલના પરિણામ છે' - આવું માનનારા જીવમાંથી વ્યવહારાભાસીપણું રવાના થાય છે. 'ઘર, શરીર, રાગ વગેરે માત્ર પુદ્ગલના જ પરિણામ છે' - આવું માનનારો જીવ કદાચ નિશ્ચયાભાસી થાય પણ

---

❒ પુસ્તકોમાં 'અંત્ય' પદ નથી. કો.(૯) + લી.(૨+૪) + આ.(૧)માં છે. § લી.(૧+૩)માં 'મૂર્ત્ત અનંત' પાઠ.
★ B(૨)માં 'ન હોઈ' અશુદ્ધ પાઠ. ✦ લી.(૩)માં 'અનભિભૂત' અશુદ્ધ પાઠ. ◆ B(૨)માં 'અમૂર્ત્તતા' અશુદ્ધ પાઠ.
✡ કો.(૯) + આ.(૧)માં 'અત્યંત' પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે. ✤ મ.+શાં.માં '...दनुभूयते' ઈતિ અશુદ્ધ પાઠ.

ખરો. પરંતુ 'રાગાદિ જીવના પરાશ્રિત પરિણામ છે' - આવું જાણનાર જીવ નિશ્ચયાભાસી બને તેવી શક્યતા નથી. તથા 'રાગ વગેરે વ્યવહારથી જીવના પરિણામ છે. છતાં પણ નિશ્ચયથી તો તે અજીવના જ પરિણામ છે. તેથી તે ત્યાજ્ય જ છે. મારે તેને છોડવા જ છે' - આવી પ્રતિજ્ઞા કરનારો સાધક વ્યવહારાભાસી કે નિશ્ચયાભાસી થતો નથી. તેથી તેવી પ્રતિજ્ઞાનું બળ વધતાં 'દેહ-ગેહ-નેહ વગેરેથી આત્મા જુદો જ છે' - આવી ભેદવિજ્ઞાનની પરિણતિ જીવંત બને છે. તેમ થતાં તે ભેદવિજ્ઞાની સાધકને અમૂર્ત્ત-અશરીરી-વીતરાગ એવા પોતાના આત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર પ્રગટે છે. એક વાર સમ્યક્ સ્વાનુભૂતિ થયા બાદ પોતાના અમૂર્ત્ત શુદ્ધ આત્મદ્રવ્યને જ જોવા-જાણવા-માણવા માટેની અભિલાષા દૃઢ થતી જાય છે. શુદ્ધ આત્મદ્રવ્યમાં અખંડ રમણતા કરવા માટે તીવ્ર તલસાટ અને તરવરાટ પ્રગટે છે. કર્મોદયજન્ય રાગાદિ પરિણામોની તદ્દન ઉપેક્ષા કરીને, તેને જરા પણ મહત્ત્વ આપ્યા વિના, શુદ્ધ આત્મદ્રવ્યમાં જ લીન થવાનો આસન્નમુક્તિગામી સાધક અભ્યાસ કરે છે. આ રીતે અમૂર્ત્ત શુદ્ધ આત્મદ્રવ્યસંબંધી દૃષ્ટિ પ્રબળ થતાં નવા-નવા શરીર-ઈન્દ્રિય-કર્મ વગેરેને ગ્રહણ કરવાની પરંપરાનો વિચ્છેદ થવાથી મૌલિક અમૂર્ત આત્મસ્વભાવ નજીકના સમયમાં જ પ્રગટ થશે - તેમ સમજવું. આમ અનેકનય-સમન્વયસ્વરૂપ પ્રમાણમાંથી ઉપાદેય તત્ત્વને પકડવાનું છે. તેના દ્વારા સમ્યગ્ એકાન્તને સાધવામાં તત્પર થવાનું છે.

### પરમાણુમાત્ર પણ મારું દ્રવ્ય નથી

તેથી પ્રસ્તુતમાં પરદ્રવ્યાદિવિષયક મમતા વગેરે ઉત્પન્ન કરનાર અસદ્ભૂતવ્યવહારની ઉપેક્ષા કરીને, અમૂર્ત્ત આત્મદ્રવ્યનો આવિર્ભાવ કરવાની કામનાવાળા સાધકે નિર્ભ્રાન્તપણે શુદ્ધનિશ્ચયનયને પોતાની ભૂમિકા અનુસાર પકડવો જોઈએ. તે માટે **સમયસાર**ની ૩૨૪ મી ગાથાની વારંવાર વિભાવના કરવી જરૂરી છે. તે ગાથાનો અર્થ આ મુજબ છે કે "જેમણે પદાર્થનું સ્વરૂપ નથી જાણ્યું તેવા પુરુષો વ્યવહારનયની ભાષા મુજબ 'પરદ્રવ્ય મારું છે' - આમ બોલે છે. પરંતુ 'કોઈ પરમાણુમાત્ર પણ મારું દ્રવ્ય નથી' - એમ જ્ઞાનીઓ નિશ્ચયથી જાણે છે." આ ગાથાર્થની સાચી વિભાવનાથી તમામ દ્રવ્યકર્મનો અને ભાવકર્મનો ઉચ્છેદ કરીને પોતાની મૌલિક અમૂર્ત્તતા વહેલી તકે હાંસલ કરવી. તે માટે પોતાના અમૂર્ત્તસ્વભાવને ઉપાદેય તરીકે જાણવો. ખાલી જાણવું તે ખરેખર જાણવું નથી. તેવી જાણકારી તો અભવ્ય પાસે પણ ઘણી હોય છે. પરંતુ ઉપાદેય તરીકે અમૂર્ત્ત આત્મસ્વભાવને જાણવો તે જ ખરેખર જાણવું છે. આ રીતે જાણવામાં આવે તો જ આપણું જ્ઞાન સમ્યક્ બની શકે. બાકી તો કોમ્પ્યુટરમાં ભેગી કરેલી માહિતી જેવી ભારબોજરૂપ જાણકારી બને. તેથી અમૂર્તસ્વભાવને ઉપાદેય તરીકે જાણીને તેને ઝડપથી આત્મસાત્ કરીએ, તે જ આપણું અંગત અને આત્મીય કર્તવ્ય છે. આ પ્રમાણેનો આધ્યાત્મિક ઉપદેશ અહીં પ્રત્યેક આત્માર્થી સાધકે પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે ઉપદેશ મુજબ વર્તન કરવાથી **દ્રવ્યલોકપ્રકાશ**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ સુલભ થાય. ત્યાં શ્રી**વિનયવિજય** ઉપાધ્યાયે કહેલ છે કે 'તે સિદ્ધાત્માઓ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોથી મુક્ત હોય છે. તથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર વગેરે આઠ ગુણોથી યુક્ત હોય છે.' (૧૩/૧૧)

**પુદ્ગલનઈ ◻ઈકવીસમો રે, ઈમ તો ભાવ♦ વિલુત્ત;**
**તેણિ અસદ્ભૂતહ ✡નયઈ રે, પરોક્ષ અણુય♦ ★અમુત્તો રે ॥૧૩/૧૨॥**
**(૨૨૦) ચતુર.**

"ઉપચારઈ પણિ અમૂર્ત્તસ્વભાવ **પુદ્ગલનઈ** ન હોઈ" **ઈમ** કહતાં **તો એકવીસમો ભાવ** (**વિલુત્ત**=) લોપાઈ,● **તિવારઈ एकविंशतिभावाः स्युर्जीव-पुद्गलयोर्मताः। *धर्मादीनां षोडश स्युः काले पञ्चदश स्मृताः।।*** (**આલાપપદ્ધતિ-પૃ.૫**) એ વચન વ્યાઘાતથી અપસિદ્ધાંત થાઈ. (**તેણિ**=) તે ટાલવાનઈ કાજિં **અસદ્ભૂત** વ્યવહાર**નયઈ પરોક્ષ** જે પુદ્ગલ (**અણુય**=) પરમાણુ છઈ, તેહનઇં ◻**અમૂર્ત્ત** કહિયઈ.

**व्यावहारिकप्रत्यक्षागोचरत्वममूर्त्तत्वं परमाणौ भाक्तं स्वीक्रियते इत्यर्थः ॥१३/१२॥**

---

**परामर्शः**

**अन्त्यभावस्य लोपः स्यादेवमुक्तौ हि पुद्गले।**
**तेन नयादसद्भूतात् परोक्षाणावमूर्त्तता।।१३/१२।।**

---

### ❀ દિગંબર મત સમીક્ષા ❀

[redacted] :- આ રીતે કહેવામાં આવે તો અંત્ય સ્વભાવનો પુદ્ગલમાં લોપ થશે. તેથી અસદ્ભૂત વ્યવહાર નયથી પરોક્ષ પરમાણુમાં અમૂર્ત્તસ્વભાવને માનવો જોઈએ. (૧૩/૧૨)

### ✿ સ્યાદ્વાદને જીવનમાં લાગુ પાડીએ ✿

[redacted] :- પુદ્ગલ પરમાણુમાં નૈશ્ચયિક મૂર્ત્તત્વનો અને વ્યાવહારિક અમૂર્ત્તત્વનો સમન્વય કરીને સ્યાદ્વાદની સાર્વત્રિકતા તરફ ગ્રંથકારશ્રીએ ટબામાં અંગુલીનિર્દેશ કરેલ છે. સમ્યગ્ એકાન્તપૂર્વક સ્યાદ્વાદ પ્રગટે છે. તેવા સ્યાદ્વાદને શાસ્ત્રના પ્રત્યેક વચનમાં, જીવનની પ્રત્યેક ઘટનામાં, આપણા અને બીજાના પ્રત્યેક વાક્યમાં, આપણા પ્રત્યેક વિચારમાં આપણી વર્તમાન ભૂમિકા મુજબ લાગુ પાડીને સક્રિય એવી આધ્યાત્મિક સમન્વયદૃષ્ટિ પ્રગટાવવી. આ રીતે જીવનસમાધિને અને આત્મવિશુદ્ધિને આત્મસાત્ કરવાનો મંગલ સંદેશ અહીં પ્રાપ્ત થાય છે. પ્રસ્તુતમાં **વૈરાગ્યકલ્પલતા**માં દર્શાવેલ સમાધિસુખનું અનુસંધાન કરવું. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'ઢગલાબંધ પ્રયાસો કરવા દ્વારા રાગી જીવ વિષયતૃષ્ણાજન્ય જે સુખને મેળવે છે, તેનાથી અનંતકોટિગુણ અધિક સુખને સમાધિના ફુવારામાં સદા સ્નાન કરનારા પ્રશાંત યોગી સ્વાભાવિક રીતે સંપ્રાપ્ત કરી લે છે.' (૧૩/૧૨)

---

◻ P(૨)માં 'ઈમ ઈક' પાઠ. લી.(૪)માં 'ઈમ કહી' પાઠ.

♦ કો.(૧)માં 'ભાખિ વિલ ત્તિ' પાઠ.

✡ કો.(૧)માં '...ભૂત તેહની રે' પાઠ. કો.(૫+૬+૮)નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં 'અણુઅં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ★ મો.(૨)માં 'અતુત્તો' અશુદ્ધ પાઠ.

● પુસ્તકોમાં 'તિરવાઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ◻ લી.(૧)માં 'અમૂર્ત્તત્વ' પાઠ.

**કાલ-પુદ્ગલાણુ તણો રે, એકપ્રદેશ સ્વભાવ;**
**પરમનયઈ પરદ્રવ્યનઈ રે, ભેદ♦કલ્પનાઅભાવો રે ॥૧૩/૧૩॥ (૨૨૧) ચતુર.**

(**કાલ-પુદ્ગલાણુ તણો**=) કાલાણુનઈં તથા પુદ્ગલાણુનઈં, ✡**પરમભાવગ્રાહક નયઈ એકપ્રદેશસ્વભાવ** કહિયઈ. **પરદ્રવ્યનઈ** = એ ૨ ટાલી બીજાં દ્રવ્યનઈં **ભેદકલ્પના** (**અભાવો**=) **રહિત**, શુદ્ધ♦ દ્રવ્યાર્થિકઇં એક પ્રદેશસ્વભાવ કહિઈં. ॥૧૩/૧૩॥

परामर्शः
**समय-पुद्गलाणूनामेकप्रदेशभावता।**
**अन्यद्रव्येषु भेदोहशून्य-द्रव्यार्थतो हि सा॥१३/१३॥**

### ❋ અણુમાં એકપ્રદેશસ્વભાવ ❋

**શ્લોકાર્થ** :- કાલાણુમાં અને પુદ્ગલાણુમાં એકપ્રદેશસ્વભાવ રહેલ છે. તે સિવાયના દ્રવ્યોમાં ભેદકલ્પનાનિરપેક્ષ (શુદ્ધ) દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એકપ્રદેશસ્વભાવ જાણવો. (૧૩/૧૩)

### ❋ આત્માની એકપ્રદેશતાને ઓળખીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- આત્માના અસંખ્ય પ્રદેશ હોવા છતાં ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયનું આલંબન કરવામાં આવે તો આત્મામાં એકપ્રદેશતા જણાય છે. આ રીતે સમગ્ર આત્મામાં ઐક્યનું, અખંડતાનું દર્શન કરવાથી ભેદસ્વભાવના વિકલ્પો નષ્ટ થાય છે. તેથી આત્મા એક, અખંડ, અસંગ નિજસ્વભાવમાં સ્થિર બની ગ્રંથિભેદ અને ક્ષપકશ્રેણિ વગેરે માટે અમોઘ-પ્રબળ સામર્થ્ય પ્રગટાવે છે.

### ❋ આત્માને સ્થિર કરીએ ❋

આ રીતે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના આલંબનથી આત્મા પોતાના અખંડ, અમલ, અન્યનિરપેક્ષ એકપ્રદેશસ્વભાવમાં સદા માટે સુસ્થિર બને છે. આમ ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના દૃષ્ટિકોણથી પોતાના એકપ્રદેશસ્વભાવ ઉપર દૃષ્ટિને કેન્દ્રિત કરવાથી આત્મા સાનુબંધ-સકામ-પ્રબળ કર્મનિર્જરા કરી કેવલજ્ઞાન પામી શીઘ્રતયા **જ્ઞાનાર્ણવ** ગ્રંથમાં **શ્રીશુભચંદ્રાચાર્યે** વર્ણવેલ, (૧) શબ્દઅવિષયભૂત (૨) અવ્યક્ત (૩) અનંત (૪) શબ્દશૂન્ય (૫) અજન્મા (૬) જન્મભ્રમઅતીત (૭) નિર્વિકલ્પ એવા સિદ્ધપદને પ્રાપ્ત કરે - તેવી મંગલ કામના. આત્મા અજન્મા-અનાદિ હોવા છતાં સંસારી જીવોને અવાર -નવાર 'હું જન્મ્યો' - આવો ભ્રમ થતો હોય છે. આવા ભ્રમનો ભોગ સિદ્ધ ભગવાન બનતા નથી. તેથી **જ્ઞાનાર્ણવ**માં સિદ્ધ ભગવાનને 'જન્મભ્રમાતીત' જણાવેલ છે. 'હું જન્મ્યો' - એવા ભ્રમને પેલે પાર સિદ્ધ ભગવાન પહોંચી ગયા છે. (૧૩/૧૩)

♦ મ.માં 'કલપના' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. કો.(૧)માં 'કલાય' પાઠ.

✡ શાં.+પ.+મ.માં 'પરભાવ...' અશુદ્ધ પાઠ. સિ. + કો.(૯+૧૦+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે.

♦ લા.(૨)માં 'શુદ્ધપર્યાયા..' પાઠ.

**ભેદકલ્પનાયુત નયઈ રે, અનેકપ્રદેશસ્વભાવ;**
**અણુ વિન પુદ્ગલ અણુતણો રે, ઉપચારઈ તેહ ભાવો રે ॥૧૩/૧૪॥**
**(૨૨૨) ચતુર.**

**ભેદકલ્પનાસાપેક્ષ** (=**યુત**) અશુદ્ધદ્રવ્યાર્થિક **નયઈ**, **અણુ** કહતા પરમાણુ **વિના** સર્વ દ્રવ્યનઈ **અનેક પ્રદેશસ્વભાવ** કહિયઈ.

અનઈ **પુદ્ગલ** (**અણુતણો**=) પરમાણુનઈ અનેક પ્રદેશ થાવાની યોગ્યતા છઈ, તે માટઈ **ઉપચારઈ** (**તેહ ભાવો** =) અનેકપ્રદેશસ્વભાવ કહિઈ. કાલાણુમાંહિં તે ઉપચારકારણ નથી. તે માટઈ તેહનઈ સર્વથા એ સ્વભાવ નહીં *ઈતિ રહસ્ય.* ॥૧૩/૧૪॥

**परामर्शः** **भेदापेक्षनयेनैव नानाप्रदेशभावता।**
**विनाऽणोः, पुद्गलाणौ च साऽऽरोपात्, समये तु न।।१३/१४।।**

[redacted] :- ભેદસાપેક્ષનયથી જ અણુ વિના સર્વ દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ રહેલ છે. પુદ્ગલ પરમાણુમાં અનેકપ્રદેશસ્વભાવ આરોપથી છે. કાલાણુમાં તો (આરોપથી પણ) અનેકપ્રદેશસ્વભાવ નથી. (૧૩/૧૪)

### ❋ આપણે કાલાણુ જેવા બનીએ ❋

[redacted] :- 'સ્નિગ્ધતા અને રૂક્ષતા ન હોવાના કારણે કાલાણુ એકબીજા સાથે બંધાતા નથી' - આ પ્રમાણે પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ દિગંબરીય સિદ્ધાન્તનું આધ્યાત્મિક અર્થઘટન બહુ સુંદર થઈ શકે તેમ છે. સ્નિગ્ધ પરિણામ રાગનું પ્રતીક છે અને રૂક્ષ પરિણામ દ્વેષનું પ્રતીક છે. રાગાદિ ભાવો પુદ્ગલના સંબંધે ઉત્પન્ન થાય છે. તેથી તે પુદ્ગલને સજાતીય છે. પુદ્ગલની નાતના હોવાથી જ રાગાદિ ભાવો જડ છે. તે આત્માની નાતના નથી' - આ પ્રમાણે વિચારવાથી 'રાગાદિ ભાવોથી આત્મા જુદો છે' - તેવો બોધ થાય છે. આ ભેદવિજ્ઞાનના આલંબનથી પોતાના મૂળભૂત વીતરાગી અસંગ ચૈતન્યસ્વભાવમાં ઘૂસી જતાં રાગાદિ સ્વયં અવસ્તુ થઈ જાય છે, મટી જાય છે. પૂર્વે તો રાગાદિ કથંચિત્ જીવના પરિણામ અને કથંચિત્ કર્મપુદ્ગલના પરિણામ તરીકે જણાતા હતા. પરંતુ અત્યારે ભેદવિજ્ઞાનનું આલંબન લેતાં તો અત્યંત ઉપેક્ષિત થયેલા તે રાગાદિ ભાવો જ ગેરહાજર થઈ ગયા. હવે તે છે જ નહિ તો તેને કોના કહેવા ? આમ ભેદવિજ્ઞાની બનવાના લીધે જે જીવ રાગ-દ્વેષપરિણામથી રહિત બને છે તે ક્યારેય, કદાપિ, કોઈથી પણ બંધાતો નથી. કહેવાનો મતલબ એ છે કે રાગ-દ્વેષરહિત આત્મા કોઈ પણ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અપ્રતિબદ્ધ-અનાસક્ત હોય છે. તેથી પોતાના પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર ભક્તોથી વીતરાગ ભગવાન બંધાતા નથી. તથા પોતાના પ્રત્યે દ્વેષ ધરાવનાર દુર્જનોથી પણ વીતરાગ ભગવાન બંધાતા નથી. તેમજ તેના નિમિત્તે વીતરાગ ભગવાન કર્મ દ્વારા પણ બંધાતા નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

## ❈ ઉત્સુકતા છોડીએ, જ્ઞાનજ્યોત પ્રગટાવીએ ❈

રાગ-દ્વેષમુક્ત જીવ બાહ્ય ઉત્સુકતાને રવાના કરી, અંતરંગજ્ઞાનજ્યોતને પ્રગટાવી, બંધદશાને ક્ષીણ કરી, સદા માટે અબંધદશાને પ્રગટાવી, જૂના બાંધેલા કર્મની નિર્જરા કરી, અંતરમાં જ સંતુષ્ટ બની, સચ્ચિદાનંદઘન-વિશુદ્ધ-પરિપૂર્ણ-શાશ્વત-નિજચૈતન્યસ્વભાવમાં ગળાડૂબ થઈને કૈવલ્ય જ્યોત પ્રગટાવી, વહેલી તકે મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષનું સ્વરૂપ **મહાનિશીથસૂત્ર**માં આ પ્રમાણે વર્ણવેલ છે કે ‘શિવાલય = સિદ્ધાલય (૧) શાશ્વતસુખયુક્ત છે, (૨) પીડારહિત છે, (૩) રોગ-ઘડપણ-મોતથી શૂન્ય છે, (૪) ત્યાં દુઃખ અને દારિદ્રય દેખાતા નથી, (૫) ત્યાં નિત્ય આનંદ છે.’ પ્રસ્તુતમાં **પૂજ્યપાદસ્વામી** દ્વારા રચિત **સમાધિતંત્ર**ની કારિકા અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે ‘અંતરમાં જેની જ્ઞાનજ્યોત મોહથી ઢંકાયેલ છે, તે મૂઢ બહિરાત્મા બહારમાં શરીરાદિમાં ખુશ થાય છે. પરંતુ જેનો આત્મા પ્રબુદ્ધ થયેલો છે, તે બાહ્ય પદાર્થોના કૌતુકથી મુક્ત બનીને અંતરંગ આત્મસ્વરૂપમાં સંતુષ્ટ રહે છે.’ (૧૩/૧૪)

**શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિકઈ રે, જાણિ વિભાવસ્વભાવ;**
**શુદ્ધઈ શુદ્ધસ્વભાવ છઈ રે, અશુદ્ધઈ અશુદ્ધસ્વભાવો રે ॥૧૩/૧૫॥**
**(૨૨૩) ચતુર.**

**શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિક**નયઈ સંમુગ્ધઈ **વિભાવસ્વભાવ** છઇ.

**શુદ્ધ દ્રવ્યાર્થિક**નયઈ **શુદ્ધસ્વભાવ, અશુદ્ધ દ્રવ્યાર્થિક**નયઈ **અશુદ્ધસ્વભાવ** (**જાણિ**=) જાણવો. *ઈતિ પરમાર્થ ચતુર નર સમજવઉ.* ॥૧૩/૧૫॥

---

**પરામર્શઃ** शुद्धाऽशुद्धनयाद् विद्धि हि विभावस्वभावताम्।
शुद्धे शुद्धस्वभावोऽस्त्यशुद्धेऽशुद्धस्वभावता।।१३/१५।।

---

**❋ વિભાવ-શુદ્ધ-અશુદ્ધસ્વભાવમાં નયયોજના ❋**

[redacted] :- શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી વિભાવસ્વભાવને તમે જાણો. શુદ્ધનયમાં શુદ્ધસ્વભાવ માન્ય છે તથા અશુદ્ધનયમાં અશુદ્ધસ્વભાવ માન્ય છે. (૧૩/૧૫)

**❋ આત્મા રાગાદિનો કર્તા લાગે છે, છે નહિ ❋**

[redacted] :- આ આત્મા ગાઢ મિથ્યાત્વથી વણાયેલા એવા અજ્ઞાનથી પોતાનો અને પારકાનો ભેદ પારખી શકતો નથી. તેવી અવસ્થામાં એકપણાના = તાદાત્મ્યના અધ્યાસના લીધે પારકાને (= રાગાદિને) પોતાના સ્વરૂપે માનતો અને પોતાને પારકાસ્વરૂપે માનતો જીવ વિભાવસ્વભાવવશ સ્વયં અજ્ઞાનમય બની જાય છે. તેથી ત્યારે તે રાગાદિ ભાવકર્મનો કર્તા હોય તેવો પ્રતિભાસ થાય છે. આ બાબતની વિસ્તારથી સ્પષ્ટતા આમ સમજવી કે **જેમ** ઠંડક અને ગરમીનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણસ્વરૂપ પુદ્ગલના પરિણામની જે અવસ્થા છે, તે પુદ્ગલથી અભિન્ન હોવાથી આત્મા કરતાં સદાય અત્યંત ભિન્ન છે, તથા તેના નિમિત્તે થતો તેવા પ્રકારનો અનુભવ એ આત્માથી અભિન્ન હોવાથી પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે, **તેમ** તેવો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિસ્વરૂપ પુદ્ગલપરિણામની જે દશા છે, તે (કર્મ) પુદ્ગલથી અભિન્ન હોવાના લીધે આત્માથી કાયમ તદ્દન જુદી છે તથા તેના નિમિત્તે થતો તથાવિધ અનુભવ એ આત્માથી અભિન્ન હોવાના લીધે પુદ્ગલથી હંમેશા અત્યંત અલગ છે. તેમ છતાં તેવા પ્રકારની સાચી સમજણ ન હોવાથી 'તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ મારાથી સાવ જુદા છે. હું તો તેનો અનુભવ કરનાર છું' - આ રીતે સ્વ-પરનો ભેદ આત્મા જાણતો નથી. તેથી ત્યારે તે અજ્ઞાની જીવ કર્મના ગુણધર્મસ્વરૂપ રાગ-દ્વેષાદિમાં એકતાનો = અભિન્નતાનો અધ્યાસ (= આરોપ) કરે છે. તેના લીધે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે પોતે પરિણમેલો હોય-પરિણમતો હોય તેમ માનતો સ્વયમેવ અજ્ઞાનમય બને છે. તેથી ત્યારે 'આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું' - ઈત્યાદિ રીતે

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

પોતાને રાગી-દ્વેષી વગેરે સ્વરૂપે માનતો રાગ-દ્વેષાદિ ભાવકર્મનો કર્તા પ્રતિભાસે છે. પરંતુ રાગાદિનો વાસ્તવમાં કર્તા બનતો નથી. આ મુજબ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો મત છે. 'આત્મા રાગાદિકર્તા બનતો નથી' - આ શુદ્ધ દ્રવ્યાર્થિકનો અભિપ્રાય છે. તથા 'રાગાદિનો કર્તા હોય તેવું લાગે છે' - આ અભિપ્રાય અશુદ્ધ દ્રવ્યાર્થિકનો છે. પરંતુ હકીકત એ છે કે આ આત્મા જેમ શીત-ઉષ્ણસ્પર્શસ્વરૂપ પુદ્ગલપરિણામરૂપે કદાપિ પરિણમતો નથી, તેમ અજ્ઞાનદશામાં પણ આ આત્માને વાસ્તવમાં રાગ-દ્વેષ-સુખ-દુઃખ વગેરે સ્વરૂપે પરિણમાવવો શક્ય જ નથી. કેમ કે તે હંમેશા અત્યન્ત શુદ્ધ જ છે. આ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય છે.

## ✱ શુદ્ધોપયોગને પ્રગટાવીએ ✱

ઉપરની તમામ બાબતને જાણીને સ્વ-પરનું તાત્ત્વિક ભેદવિજ્ઞાન મેળવવું. 'મોહનીય કર્મનો પરિણામ રાગ-દ્વેષ છે. તથા વેદનીયકર્મનો પરિણામ સુખ-દુઃખ છે. આઠેય કર્મ પૌદ્ગલિક છે. તેથી રાગાદિ એ પુદ્ગલપરિણામસ્વરૂપ જ છે, આત્મપરિણામસ્વરૂપ નથી જ. રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા પૌદ્ગલિક કર્મના ઉદયનો સ્વાદ છે. આ મારો (= આત્માનો) સ્વાદ નથી' - આ મુજબ ભેદજ્ઞાનના બળથી સાધક રાગાદિના પ્રતિભાસમાં એકત્વબુદ્ધિ = તાદાત્મ્યબુદ્ધિ કરવાના બદલે ફક્ત જ્ઞેયપણાની જ બુદ્ધિને કરે છે. 'મારા અનુભવમાં રાગાદિનો પ્રતિભાસ થાય છે. પણ તે મારું સ્વરૂપ નથી. હું તો માત્ર જ્ઞાનસ્વરૂપ છું' - આ મુજબ આત્માર્થી સાધક જરાય અજ્ઞાનરૂપે પરિણમતો નથી. પરંતુ સ્વયં જ્ઞાનમય બની જાય છે. તેથી રાગાદિભાવકર્મના ઉદય કાળે તે સ્પષ્ટપણે અનુભવે છે કે “આ હું આત્મા રાગાદિને ફક્ત જાણું જ છું. રાગને તો પુદ્ગલકર્મ કરે છે. મારામાં રાગાદિનો પ્રતિભાસ કરનારું જ્ઞાન પ્રગટ થાય છે. તથા કર્મપુદ્ગલોમાં મારી ચેતનાનો સહારો લઈને રાગ વગેરે પ્રગટ થાય છે. પુદ્ગલકર્મમાં પુદ્ગલકર્તૃક રાગાદિનો ઉદય થાય છે. પણ તેનો હું માત્ર જ્ઞાતા જ છું. મારા જ્ઞાનમાં રાગાદિનો માત્ર પ્રતિભાસ થાય છે. રાગ અને જ્ઞાનાત્મક એવા મારા વચ્ચે કર્મ-કર્તૃભાવ સંબંધ કે ભોગ્ય-ભોક્તૃભાવ સંબંધ કે સ્વ-સ્વામિત્વભાવ વગેરે સંબંધ વિદ્યમાન નથી. મતલબ કે 'રાગાદિ કાર્ય (= કર્મ) અને જ્ઞાનસ્વરૂપ હું (કે જ્ઞાન) રાગાદિનો કર્તા' - એવું નથી. 'રાગાદિ ભોગ્ય અને જ્ઞાનસ્વરૂપી હું (કે જ્ઞાન) તેનો ભોક્તા' - એવો પણ સંબંધ નથી. તેમ જ 'રાગાદિ મારી મૂડી અને જ્ઞાનસ્વરૂપી હું (કે જ્ઞાન) તેનો માલિક' - તેવો સંબંધ પણ ત્યાં સંભવતો નથી. પણ રાગાદિ અને જ્ઞાન વચ્ચે માત્ર પ્રતિભાસ્ય-પ્રતિભાસકભાવ જ સંબંધ છે. રાગાદિ પ્રતિભાસ્ય છે. જ્ઞાનસ્વરૂપી હું અતન્મયભાવે તેનો પ્રતિભાસક છું. જ્ઞેયના લક્ષ વગર, જ્ઞેયમાં પ્રવિષ્ટ થયા વિના, જ્ઞેયની પાસે ગયા વિના, જ્ઞેયથી અત્યંત ઉદાસીનભાવે રહીને, સ્વસન્મુખ રહેતાં-રહેતાં જ જ્ઞાનદર્પણમાં પ્રતિબિંબિત રાગાદિસ્વરૂપ કે લોકાલોકસ્વરૂપ એવા જ્ઞેય પરપદાર્થનો જ્ઞાનસ્વરૂપી એવો હું પ્રતિભાસક છું. જ્ઞાન અને મારા વચ્ચે અપૃથક્ સ્વરૂપે જ્ઞેય-જ્ઞાયકભાવ સંબંધ રહેલો છે.

## ✧ જ્ઞાનને જ જ્ઞેય બનાવીએ ✧

મતલબ કે મારા માટે જ્ઞેય ફક્ત જ્ઞાન જ છે, ઘટાદિ કે રાગાદિ નહિ. હું જ્ઞાનથી અપૃથક્ બનીને જ્ઞાનનો જ્ઞાયક = જ્ઞાતા છું. જ્ઞાન અને મારા વચ્ચે જુદાપણું (= પાર્થક્ય) નથી. હું આત્મસ્વરૂપ નિર્મળ

જ્ઞાનનું તન્મયપણે અખંડ વેદન કરવામાં લીન છું, કર્મપુદ્ગલોથી રચાયેલા રાગાદિનો પ્રતિભાસ મારા જ્ઞાનમાં થાય તો ભલે થાય. મારે તેની નોંધ લેવાની કે તેને મહત્ત્વ આપવાની શી જરૂર ? એ ભલે એના સ્વરૂપમાં રહે. હું તો મારા ચૈતન્યસ્વરૂપમાં જ રહું" - આવી મંથનપદ્ધતિથી રાગાદિનો પ્રતિભાસ ગૌણ થઈ જાય છે અને સ્વનો પ્રતિભાસ એ ઉપયોગાત્મક થતાં 'જ્ઞાનવિરોધી એવા રાગાદિ ભાવકર્મનો કર્તા હું નથી' - તેવું ગ્રન્થિભેદોત્તરકાલીન સમ્યગ્જ્ઞાનમાં પ્રતિભાસે છે.

**❋ મોહક્ષોભથી રહિત થઈએ ❋**

તેથી વિભાવસ્વભાવને અને અશુદ્ધસ્વભાવને રવાના કરી આત્માના શુદ્ધસ્વભાવને પ્રગટ કરવા માટે સ્વ-પરમાં ભેદની જીવંત પ્રતીતિના બળથી આત્માર્થી સાધકે રાગ-દ્વેષાદિ પરિણામોમાં એકપણાના = સ્વઅભિન્નપણાના અધ્યાસને કાઢી, વિરાધનાને અને વિરાધક ભાવોને રવાના કરીને, શક્તિ છૂપાવ્યા વિના તપ-ત્યાગ આદિ બાહ્ય સાધનામાં ઉજમાળ બની, વિધિપૂર્વક અને જયણાપૂર્વક બાહ્ય આચારોના પાલનમાં કટિબદ્ધ પણ બનવું. આ રીતે ક્રમબદ્ધ પોતાની સાધકદશા ઉચ્ચતમ બને તેવી રીતે પરમોચ્ચ આધ્યાત્મિક રોહણાચલનું આરોહણ કરીને 'મોહક્ષોભવિહીન આત્મપરિણામ એ ધર્મ છે' - આ પ્રમાણે **ભાવપ્રાભૃત**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ ભાવચારિત્રધર્મદશાને પ્રગટ કરવા માટે સતત આદરભાવે જાગૃતિ કેળવવી જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. તેનાથી **તત્ત્વાર્થસૂત્રકારિકા**માં વર્ણવેલ મોક્ષસુખ સુલભ બને. ત્યાં મોક્ષસુખને દર્શાવતા **શ્રીઉમાસ્વાતિવાચકે** કહેલ છે કે 'કર્મ અને ક્લેશ - બન્નેમાંથી કાયમી છૂટકારો થવાના લીધે મોક્ષમાં સર્વોત્તમ સુખ છે.' **(૧૩/૧૫)**

♦અસદ્ભૂત વ્યવહારથી રે, છઈ ઉપચરિતસ્વભાવ;
એ સ્વભાવ નયયોજના રે, કીજઈ મનિ ધરિ ભાવ§ રે ॥૧૩/૧૬॥
(૨૨૪) ચતુર.

**અસદ્ભૂત વ્યવહારનયથી ઉપચરિતસ્વભાવ (છઈ). એ ભાવ (મનિ=) ચિત્તમાંહિ ધરી સ્વભાવ નયયોજના કીજઈ. *એ ભાવ ચિત્તમાંહિ ધરી મન ભાવનસહિત કીજે.* ॥૧૩/૧૬॥**

परामर्शः

अभूतव्यवहाराच्चुपचरितस्वभावता।
कुर्वेनं हृदि धृत्वा हि, **स्वभावनययोजनम्**॥१३/१६॥

### ❯ ઉપચરિતસ્વભાવમાં નયપ્રવેશ ❯

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારનયથી જ ઉપચરિતસ્વભાવ સંમત છે. આ સ્વભાવસમૂહને હૃદયમાં ધારણ કરીને જ પ્રસ્તુત સ્વભાવોમાં નયોની યોજનાને તમે કરો. (૧૩/૧૬)

### ❯ નયયોજનાનું પ્રયોજન ❯

**આધ્યાત્મિક ઉપનય** :- સામાન્ય-વિશેષ સ્વભાવોમાં પ્રસ્તુત નયયોજના ફક્ત વિદ્વત્તાની પ્રાપ્તિ માટે કે વિદ્વત્તાના પ્રદર્શન માટે નથી. તથા પોતાની પ્રસિદ્ધિ માટે પણ આ નયયોજના અહીં બતાવવામાં આવેલ નથી. પરંતુ પોતાના ભાવમનને એકાન્તવાદની મિથ્યા વાસનાથી મુક્ત કરી તેને ભાવના, સદ્ભાવના, સંવેદના, સંવેગ-વૈરાગ્યભાવ, સમર્પણભાવ, શરણાગતિનો ભાવ આદિથી વાસિત કરવા માટે એકવીસ સ્વભાવ સંબંધી નયયોજનાને દર્શાવેલ છે. આ રીતે શાસ્ત્રના પ્રત્યેક વચનોનો આધ્યાત્મિક ઉપયોગ કરી પોતાની આત્મપરિણતિને ઉજ્જવળ બનાવી આત્મવિશુદ્ધિના શિખરે આરૂઢ થવું જોઈએ. બાકી વ્યાકરણ-ન્યાય વગેરેથી જ સાધી શકાય તેવા પદાર્થોની તપાસ કરવામાં ગળાડૂબ થવામાં આવે તો શાસ્ત્રવચનો અને વ્યાકરણ -ન્યાયાદિસાધ્ય પદાર્થ વચ્ચે વાચ્ય-વાચકભાવ સંબંધ સિદ્ધ કરવામાં જ વ્યગ્ર થવાય. તથા તેવી વ્યગ્રતાથી તો શ્રી**હરિભદ્રસૂરિ**જીએ **ષોડશક** પ્રકરણમાં દર્શાવેલ શ્રુતજ્ઞાનના સીમાડામાં જ સાધક અટવાય. તેવા સંયોગમાં શ્રુતજ્ઞાન પછી થનારા ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન સુધી સાધક પહોંચી શકતો જ નથી. તેથી તેવી પરિસ્થિતિમાં કદાગ્રહ, વ્યામોહ, મહત્ત્વાકાંક્ષા વગેરે આવર્તમાં (= વમળમાં) ડૂબવાનું દુર્લભ નથી રહેતું.

### ❁ માત્ર શબ્દાર્થજ્ઞાનમાં ન અટવાઈએ ❁

તેથી શાસ્ત્રસંબંધી વાચ્ય-વાચકભાવ સંબંધના સીમાડાને ઓળંગીને ચિંતાજ્ઞાનનું પરિશીલન કરવું. 'મારો આત્મા કઈ રીતે વીતરાગતાને મેળવશે ? મારો આત્મા શુદ્ધસ્વરૂપે ક્યારે અનુભવાશે ?' - આ પ્રમાણે આત્મતત્ત્વસંબંધી ચિંતાજ્ઞાનનું પરિશીલન કરીને શાસ્ત્રકારના તાત્પર્યને = આશયને પકડી,

♦ મો.(૨)માં 'અદ્ભૂત' અશુદ્ધ પાઠ.

§ પુસ્તકોમાં 'ભાવો' પાઠ. કો.(૧)નો પાઠ લીધેલ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

તેના વિષયને શોધીને તેમાં જ તન્મય બનવું, ઓતપ્રોત થવું. આ રીતે તન્મય બનીને સર્વત્ર, સર્વદા તેમાં જ રહેવાનો અભ્યાસ સમ્યક્ રીતે કરવો. આ રીતે તદ્વૃત્તિતાનો = શાસ્ત્રતાત્પર્યાર્થવૃત્તિતાનો સમ્યગ્ અભ્યાસ કરીને (૧) ઉપશમભાવ, (૨) વિવેકદષ્ટિ (= 'દેહ-ઇન્દ્રિય-મન-વિષય-વિકલ્પ-વિકારાદિથી આત્મા અત્યંત જુદો છે' - આવી ભેદવિજ્ઞાનની શ્રદ્ધા), (૩) સંવર (= પાપવૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ), (૪) ભાવનાજ્ઞાન, (૫) વૈરાગ્ય, (૬) અંતર્મુખતા, (૭) અંતઃકરણની નિર્મળતા, (૮) ધ્યાનનો અભ્યાસ વગેરેને પરિપક્વ કરવા. તેના બળથી જ તાત્પર્યાર્થ સાથે તાદાત્મ્યપરિણતિ મેળવી શકાય. સર્વ શાસ્ત્રનો તાત્પર્યાર્થ = ઐદંપર્યાર્થ શુદ્ધાત્મતત્ત્વ છે. ઉપરોક્ત આઠ પરિબળોના પ્રભાવે શુદ્ધાત્મતત્ત્વ સાથે તાદાત્મ્યપરિણતિ સધાય છે, અનુભવાય છે. તે જ આપણું પરમ પ્રયોજન છે. આ અંગે અમે શ્લોક બનાવેલ છે. તેનો અર્થ નીચે મુજબ છે.

### ✡ તદ્વૃત્તિ-તાદાત્મ્યપરિણતિને પ્રગટાવીએ ✡

'વાચ્ય-વાચકભાવને છોડીને, તદ્વૃત્તિ = તાત્પર્યાર્થવૃત્તિતા = ઐદંપર્યાર્થનિષ્ઠતા પછી ધ્યાનાદિયોગ વડે તદાત્મતાને = તાદાત્મ્યને = તાત્પર્યાર્થતાદાત્મ્યપરિણતિને મેળવીને યોગી પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે.' અહીં આશય એટલો જ છે કે ન્યાય, વ્યાકરણ, યુક્તિ, દૃષ્ટાંત વગેરે દ્વારા જે પદાર્થ જણાય, તેમાં જ અટવાઈ જવાના બદલે, તેમાં અટકવાના બદલે, તેનાથી આગળ વધી, શાસ્ત્રકારોના આશયને પકડી, તે મુજબના ઐદંપર્યાર્થમાં ચિત્તવૃત્તિને રમતી કરવી.

### ✡ ચિત્તપરિણતિને નિર્મળ કરીએ ✡

શાસ્ત્રવિચારમાં કે શાસ્ત્રાર્થવિચારમાં અટકવાનું નથી. પરંતુ શાસ્ત્રના તાત્પર્યાર્થ અનુસારે આપણી પરિણતિને ઘડવાની છે. શાસ્ત્રીય પદાર્થને મગજમાં ચોક્ખા કરવા ઉપર જેટલો ભાર આપીએ તેના કરતાં અનેકગણો વધુ ભાર આપણી પરિણતિને નિર્મળ કરવા માટે આપવાનો છે. નિજ પરિણતિને નિર્મળ કરવાનો સૌથી વધુ પ્રયત્ન કરવાથી **શ્રીમુનિસુવ્રતસ્વામીચરિત**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ જ ઝડપથી નજીક આવે. ત્યાં **શ્રીવિનયચંદ્રસૂરિજી**એ સિદ્ધસ્વરૂપને વર્ણવતા જણાવેલ છે કે '(૧) કૃતાર્થ, (૨) કર્મશૂન્ય, (૩) અનંતજ્ઞાનાદિચતુષ્ટયયુક્ત, (૪) સર્વક્લેશથી વિનિર્મુક્ત અને (૫) કેવલજ્ઞાન-કેવલદર્શનવાળા મુક્તાત્મા હોય છે.' (૧૩/૧૬)

એ દિગંબરપ્રક્રિયા કિહાં કિહાં સ્વસમયઈ પણિ ઉપસ્કૃત કરી છઈ. એહમાંહિ ચિંત્ય છઇ, તે દેખાડઈ છઈ –

**અનુપચરિત નિજ ભાવ જે રે, તે તો ગુણ કહવાય;**
**ઈક દ્રવ્યાશ્રિત ગુણ કહિયા રે, ઉભયાશ્રિત ♦પર્યાય રે ॥૧૩/૧૭॥**
**(૨૨૫) ચતુર.**

સ્વભાવ તે ગુણ-પર્યાયથી ભિન્ન ન ✡વિવખિઈ, જે♦ માટઈ જે **અનુપચરિત (નિજ) ભાવ તે (તો) ગુણ જ (કહવાય)**. ઉપચરિત તે પર્યાય જ. अत एव ●कारणात् **એક**❖**દ્રવ્યાશ્રિત ગુણ** કહ્યા✻, **ઉભયાશ્રિત પર્યાય કહિયા.**

**तथोक्तम्** ***उत्तराध्ययनेषु*** – [1]**"गुणाणमासओ दव्वं एगदव्वस्सिआ गुणा।**
**लक्खणं पज्जवाणं तु उभओ अस्सिआ भवे।।" (उत्त.२८/६)**

**"यदि च 'स्वद्रव्यादिग्राहकेणास्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः' इत्यभ्युपगम्यते, तदोभयोरपि द्रव्यार्थिकविषयत्वात् सप्तभङ्ग्यामाद्य-द्वितीययोः ❒भङ्गयोर्द्रव्यार्थिक-पर्यायार्थिकाश्रयणप्रक्रिया⧖ भज्येत" इत्याद्यत्र बहु विचारणीयम् ॥१३/१७॥**

---

**परामर्शः** **अनुपचरितो भावो हि गुण उच्यते, गुणाः।**
**एकद्रव्याऽऽश्रिता उक्ताः, पर्यायास्तूभयाश्रिताः।।१३/१७।।**

---

**❀ સ્વભાવ ગુણ-પર્યાયથી અતિરિક્ત નથી ❀**

**શ્લોકાર્થ** :- અનુપચરિત ભાવ સ્વભાવ કહેવાય છે, તે ગુણ જ છે. તેથી ગુણો એક દ્રવ્યમાં આશ્રિત કહેવાયેલ છે. પર્યાયો તો ઉભયાશ્રિત કહેવાયેલા છે. (૧૩/૧૭)

**✡ ગુણને પ્રગટ કરો, ઉપચાર ઉપર મદાર ન બાંધો ✡**

**આધ્યાત્મિક ઉપનય** :- અનુપચરિત સ્વભાવ ગુણસ્વરૂપ છે. તેથી તે સદૈવ આપણી પાસે જ છે.

---

♦ પુસ્તકોમાં 'પજ્જાયો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✡ ન વિવખિઈ = વિવક્ષા ન કરીએ.

♦ કો.(૭)માં 'તે માટિં' પાઠ.

● ફક્ત લા.(૨)માં '**कारणात्**' પાઠ છે.

❖ કો.(૧૦+૧૧)માં 'એક' શબ્દ નથી.

✻ પુસ્તકોમાં 'કહ્યા' નથી. આ.(૧)માં છે.

1. गुणानामाश्रयो द्रव्यम्, एकद्रव्याश्रिता गुणाः। लक्षणं पर्यवाणां तु उभयोः आश्रिता भवेयुः।।

❒ શાં.માં '...**ययोगङ्ग**...' અશુદ્ધ પાઠ.

⧖ પુસ્તકોમાં '...**श्रयणे प्रक्रिया**' પાઠ. કો.(૯)નો પાઠ ગ્રહણ કરેલ છે.

પરંતુ આપણા શુદ્ધ ચૈતન્યસ્વભાવ વગેરે ગુણો આવરાયેલા છે. કેવલજ્ઞાનીના તે ગુણો પ્રગટ છે. તેથી તેના આવરણોને દૂર કરવા માટે નિરંતર ઉત્સાહપૂર્વક આપણે પ્રયત્ન કરવો જોઈએ. તેનાથી તે ગુણો અવશ્ય પ્રગટ થાય. તથા આપણો ઉપચરિતસ્વભાવ પરમાર્થથી પર્યાયાત્મક હોવાથી પરિવર્તનશીલ છે, નાશવંત છે. તેથી કોઈ આપણને 'આ પરાક્રમની દૃષ્ટિએ સિંહ જેવા છે, શીતળતાની દૃષ્ટિએ પાણી જેવા છે, સહનશીલતાની દૃષ્ટિએ વજ્ર જેવા છે' - ઈત્યાદિ કહે તેના ઉપર આપણે મદાર બાંધવાની જરૂર નથી. કારણ કે આપણો તે ઉપચરિતસ્વભાવ કાયમ ટકે તેની કોઈ બાંહેધરી તેના કથનથી આપણને મળતી નથી. તેથી તેવી આપણી પ્રશંસા સાંભળીને over confidence માં આવીને આપણે છકી જવાની જરૂર નથી. તથા કોઈ આપણને ઉદ્દેશીને એમ કહે કે 'આ સસલા જેવો બીકણ છે, ભૂંડ જેવો ખાઉધરો છે, શિયાળ જેવો લુચ્ચો છે'- તો તેનાથી હતાશાની ઊંડી ખાઈમાં ફેંકાઈને inferiority complex નો શિકાર બનવાની જરૂર નથી. પરંતુ તેવા અવસરે 'આપણો તે અપ્રશસ્ત ઉપચરિત સ્વભાવ પણ નાશવંત છે' - આ બાબતને ખ્યાલમાં રાખી એવા અપ્રશસ્ત ઉપચરિતસ્વભાવના છેદ માટે આપણે સદા સજ્જ રહેવું જોઈએ.

### ❀ પાંચ ભ્રાન્ત સંબંધોને વિદાય આપીએ ❀

"કામરાગ વગેરેને આત્મામાં અપ્રશસ્ત ઉપચરિતસ્વભાવ તરીકે જાણવા. કારણ કે શુદ્ધ આત્મદ્રવ્ય, અસંખ્યઆત્મપ્રદેશાત્મક ક્ષેત્ર, શુદ્ધાત્મવર્તનાપર્યાયસ્વરૂપ કાળ કે શુદ્ધોપયોગસ્વરૂપ ભાવ - આ મુજબ આત્માના સ્વચતુષ્ટયમાં તે વ્યાપતા નથી. તે ચારેયમાં ચેતના-ઉપયોગ જ વ્યાપીને રહેલ છે, રાગાદિ નહિ. વળી, રાગાદિ તો આત્મદ્રવ્યથી વિજાતીય પરિણામ છે. તે આત્મદ્રવ્યની સાથે મેળ ન પડે તેવો પરિણામ છે. આત્મદ્રવ્ય સાથે અણમળતો ભાવ હોવાથી તે રાગાદિ આત્મદ્રવ્યની વિશેષ અવસ્થા સ્વરૂપ પણ ઘટી ન શકે. માટે રાગાદિ (૧) અનાત્મદ્રવ્યના અંશસ્વરૂપ જ છે. (૨) રાગાદિનું ઉપાદાનકારણ અનાત્મદ્રવ્ય જ છે. (૩) કર્મ, કાળ, નિયતિ વગેરેના કારણે જ રાગાદિ ઉત્પન્ન થાય છે. (૪) તથા પુદ્ગલદ્રવ્યને વ્યાપીને રાગાદિ પરિણામો રહેલા છે. રાગાદિ કર્મપુદ્ગલના જ વ્યાપ્ય છે. તથા રાગાદિ પરિણામો કર્મપુદ્ગલદ્રવ્યમાં જ રહેલા છે, આત્મામાં નહિ." આ પ્રમાણેની ભાવના કરવાથી આત્મદ્રવ્ય અને રાગાદિ વચ્ચે પાંચ પ્રકારના ભ્રાન્ત સંબંધો ખતમ થાય છે. તે આ રીતે -

(૧) 'રાગાદિ એ અનાત્મદ્રવ્યના અંશરૂપ છે'- તેવું જાણવાથી તેમાં પોતાપણાનો ભાવ, મમત્વબુદ્ધિ ખલાસ થાય છે. 'હું રાગાદિનો માલિક છું'- તેવી બુદ્ધિ નાશ પામે છે. તેથી આત્મદ્રવ્ય અને રાગાદિ પરિણામ વચ્ચેનો અનાદિકાલીન ભ્રાન્ત સ્વ-સ્વામિભાવ સંબંધ નષ્ટ થાય છે.

(૨) 'રાગાદિનું ઉપાદાનકારણ અનાત્મદ્રવ્ય-કર્મપુદ્ગલ જ છે' - તેમ અંદરથી સ્વીકારવાથી આત્મા અને રાગાદિ વચ્ચે જે અનાદિકાળથી ઉપાદાન-ઉપાદેયભાવ સંબંધ ભાસતો હતો, તે રવાના થાય છે. 'આત્મા રાગાદિનું ઉપાદાનકારણ નથી. તથા રાગાદિ આત્માનું ઉપાદેય = કાર્ય નથી' - આવી સમજણ અંદરમાં સ્પષ્ટ થવાથી રાગાદિ પરિણામોમાં એકત્વબુદ્ધિ થતી અટકે છે.

(૩) 'કર્મ, કાળ વગેરે જ રાગાદિને જન્માવે છે' - તેવું અંદરમાં યથાર્થપણે ભાન થવાથી આત્મા અને રાગાદિ વચ્ચે જે કર્તા-કર્મભાવ સંબંધ અનાદિકાલીન ભ્રાન્તિથી ભાસતો હતો, તે વિદાય લે છે.

આત્મા રાગાદિનો કર્તા બનતો નથી. તથા આત્માનું કર્મ (= વ્યાપ્ય = કર્તૃવ્યાપ્યકર્મ) રાગ વગેરે નથી થતા. તેથી જેમ કુંભાર પટને નથી કરતો, તેમ આત્મા રાગને નથી કરતો.

(૪) 'રાગાદિ પરિણામો પુદ્ગલના વ્યાપ્ય છે' - તેમ પ્રતીત થવાથી આત્મા અને રાગાદિ વચ્ચે અનાદિકાલીન ભ્રાન્ત વ્યાપ્ય-વ્યાપકભાવ પણ રવાના થાય છે. મતલબ કે 'રાગાદિ પરિણામ જ્યાં હોય ત્યાં ચૈતન્ય ન હોય પણ જડતા જ હોય. રાગાદિ પરિણામનો આશ્રય ચેતન ના હોય પણ અચેતન = જડ દ્રવ્ય જ હોય' - આવું અંદરમાં સ્વાભાવિકપણે અનુભવાય છે.

(૫) તથા 'રાગાદિ પરિણામો આત્મામાં નહિ પણ કર્મપુદ્ગલોમાં જ રહેલા હોવાથી આત્મા તેનો ભોગવટો પણ કઈ રીતે કરે ? પોતાની પાસે જે ચીજ હોય તેનો જ ભોગવટો થાય. જે ચીજ પોતાની ન હોય, પોતાની પાસે ન હોય તેનો ભોગવટો પોતે કઈ રીતે કરી શકે ?' આવી વિભાવનાથી આત્મા રાગાદિનો ભોક્તા બનતો નથી અને રાગાદિ આત્માના ભોગ્ય બનતા નથી. ભ્રમથી પણ રાગાદિની મીઠાશ અનુભવવામાં સાધક અટવાતો નથી. આમ તે બન્ને વચ્ચેનો ભોક્તા-ભોગ્યભાવ નામનો ભ્રાન્ત -કાલ્પનિક-આરોપિત સંબંધ પણ ઉચ્છેદ પામે છે.

## ✡ ....તો મિથ્યાત્વાદિ મૂળમાંથી ઉખડે ✡

આત્મા અને રાગાદિ પરિણામ વચ્ચે ફક્ત નિમિત્ત-નૈમિત્તિક ભાવ નામનો જ સંબંધ હોય છે. તથા તે સંબંધ પણ છદ્મસ્થદશામાં દશમા ગુણસ્થાનક સુધી જ વર્તે છે. કારણ કે ત્યારે કર્માધીન ચેતનાસ્વરૂપ નિમિત્તને પામીને કર્મપુદ્ગલસ્વરૂપ ઉપાદાનમાંથી રાગાદિ જન્મે છે. પરંતુ 'રાગાદિ પરિણામો જીવના છે' - આવું જો જીવ માને તો આત્મા અને રાગાદિ વચ્ચેનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ સંબંધ છોડીને ત્યાં ઉપાદાન-ઉપાદેયભાવ નામના સંબંધને ભ્રાન્તિથી સ્વીકારી લે છે અને મિથ્યાત્વને વધુ ગાઢ કરે છે. તેથી મિથ્યાત્વના ઉચ્છેદ માટે ઉપરોક્ત ભાવના દ્વારા અનાદિકાલીન પૂર્વોક્ત પાંચેય ભ્રાન્ત સંબંધોને મૂળમાંથી ઉખેડી નાંખવા. તો જ મિથ્યાત્વ મૂળમાંથી ઉખડી શકે.

## ❋ નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધને પણ પરિહરીએ ❋

તથા આત્મા અને રાગાદિ વચ્ચેનો નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધ પણ પરમાર્થથી તો છોડવા યોગ્ય જ છે. બાકી તો પૂર્ણ વીતરાગદશા ન જ પ્રગટી શકે. તેથી સંપૂર્ણ ક્ષાયિક વીતરાગદશાને પ્રગટાવવાની કામનાવાળા સાધકે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ડૂબીને આત્મા અને રાગાદિ વચ્ચે જે અનાદિકાલીન નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધ છે, તેને છોડી જ દેવો. તેથી રાગાદિને માત્ર જાણવાનું જ કામ કરવું. આમ નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધને છોડી જ્ઞાતૃ-જ્ઞેયભાવ સંબંધ આત્મા અને રાગાદિ વચ્ચે રાખવો. રાગાદિનો આશ્રય ન કરવો. પ્રશસ્ત રાગાદિ ઉપર પણ મદાર ન બાંધવો. તો જ રાગાદિનિમિત્તક કર્મબંધ અટકે.

## ❁ મિથ્યાત્વાદિને અવસ્તુ બનાવી તેનાથી મુક્ત બનીએ ❁

આગળ ઉચ્ચતમ આધ્યાત્મિકદશામાં તો મિથ્યાત્વ, રાગાદિ પરિણામોને અવસ્તુ = અસત્ બનાવી તેઓની સાથે આત્માના જ્ઞાતૃ-જ્ઞેયભાવ નામના સંબંધને પણ છોડાવીને આપણા આત્મામાં પ્રતીત થતા

મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોને કાયમી ધોરણે રવાના કરવા. મિથ્યાત્વાદિને અવસ્તુ = અસત્ તરીકે સમજવા-સ્વીકારવા માટે આ મુજબ વિચારણા કરવી કે :-

(૧) જેમ ખડી = ચૂનો અને દીવાલ - આ બન્નેના સંયોગથી જે સફેદાઈ ઉત્પન્ન થાય છે, તે ખડીસ્વરૂપ નથી. કારણ કે જો તે સફેદાઈ માત્ર ખડીસ્વરૂપ જ હોય તો દીવાલમાં સફેદાઈની પ્રતીતિ થઈ ન શકે. દીવાલમાં તેની પ્રતીતિ અસંગત જ બની જાય. કેમ કે દીવાલ અને ખડી બન્ને જુદા જ છે.

(૨) તે સફેદાઈ ભીંતસ્વરૂપ પણ નથી. કારણ કે ખડી-દીવાલસંયોગપૂર્વે પણ દીવાલ તો હાજર જ હતી. તેથી જો તે સફેદાઈ દીવાલસ્વરૂપ હોય તો તથાવિધ સંયોગની પૂર્વે પણ દીવાલમાં સફેદાઈની પ્રતીતિ થવાની સમસ્યા સર્જાશે.

(૩) ખડી અને દીવાલ ઉભયસ્વરૂપે તે સફેદાઈને માની ન શકાય. બાકી તો ખડી દીવાલસ્વરૂપ બની જાય અથવા દીવાલ ખડીસ્વરૂપ બની જાય - આવી સમસ્યા સર્જાશે. કેમ કે સફેદાઈ જો ઉભયસ્વરૂપ હોય તો સફેદાઈ દીવાલથી અને ખડીથી અભિન્ન બનવાથી દીવાલ અભિન્ન સફેદાઈથી અભિન્ન ખડી થતાં દીવાલ અભિન્ન ખડી થવાની વાત ન્યાયપ્રાપ્ત છે. આવું માનવાથી એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં સંક્રમણ થતાં કાં દીવાલનો કાં ખડીનો ઉચ્છેદ થશે. પરંતુ આવું તો કોઈને પણ માન્ય નથી જ. આમ સફેદાઈ નથી તો ખડીસ્વરૂપ કે નથી તો દીવાલસ્વરૂપ કે નથી તો ઉભયસ્વરૂપ. તેથી દીવાલમાં પ્રતીત થતી તે સફેદાઈ ભ્રાન્તિનો જ વિષય હોવાથી અવસ્તુ = અસત્ = મિથ્યા જ છે.

તેમ પ્રસ્તુતમાં પણ કહી શકાય છે કે :-

(૧) કર્મ અને જીવ - બન્નેના સંયોગથી ઉત્પન્ન થતા અને કર્મના ઉદયથી આવી પડતા મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામો કર્મસ્વરૂપ નથી. કારણ કે જો તે કર્મસ્વરૂપ હોય તો જીવમાં મિથ્યાદષ્ટિપણાની કે રાગીપણાની જે પ્રતીતિ થાય છે, તે અસંગત બની જાય. જો તે પરિણામો કર્મસ્વરૂપ હોય તો 'કર્મ મિથ્યાદષ્ટિ છે, કર્મ રાગી છે'- તેવી પ્રતીતિ થવી જોઈએ. તેવું તો લોકોમાં જણાતું નથી. તેથી તે પરિણામોને કર્મસ્વરૂપે માની ન શકાય.

(૨) તથા તે પરિણામોને જીવસ્વરૂપ પણ માની ન શકાય. કારણ કે જો મિથ્યાત્વાદિ જીવસ્વરૂપ હોય તો તો મુક્ત આત્મામાં પણ મિથ્યાદષ્ટિપણાની કે રાગીપણાની આપત્તિ આવીને ઊભી રહેશે. કેમ કે મોક્ષમાં પણ જીવનું સ્વરૂપ તો હાજર જ છે. મોક્ષમાં જૈનમતે જીવનું સ્વરૂપ નાશ ન પામતું હોવાથી જીવસ્વરૂપ મિથ્યાત્વાદિ પરિણામોને મુક્તાત્મામાં પણ માનવાની સમસ્યાને નકારી શકાશે નહિ.

(૩) તેમજ 'મિથ્યાત્વ વગેરે પરિણામો કર્મ-જીવઉભયસ્વરૂપ છે' - તેવું પણ માની ન શકાય. કારણ કે ઉપર જણાવ્યું તેમ તેવી પરિસ્થિતિમાં કાં તો કર્મ જીવસ્વરૂપ બની જશે કાં તો જીવ કર્મસ્વરૂપ બની જશે. આવું માનતાં તો કર્મનો કે જીવનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. માટે જ જિનાગમમાં એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે સંક્રમણ = પરિણમન થવાનો નિષેધ કરેલો છે. આમ આત્મામાં જે મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોની પ્રતીતિ થાય છે, તે પરિણામો નથી તો કર્મસ્વરૂપ, નથી તો જીવસ્વરૂપ કે નથી તો કર્મ-જીવઉભયસ્વરૂપ. આથી આત્મામાં જણાતા તે મિથ્યાત્વાદિ પરિણામો મૃગજળની જેમ ભ્રાન્તિનો જ વિષય હોવાથી અવસ્તુ = અસત્ = મિથ્યા જ છે. આ પ્રમાણે પ્રતીતિ-શ્રદ્ધા કરવી.

અ
દ્રા
(મ
અ
ણુ
યો
ગ

આ વાત માત્ર કલ્પનાસ્વરૂપ નથી. પણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સાડા ત્રણસો ગાથા પ્રમાણ સિદ્ધાન્તવિચારરહસ્ય ગર્ભિત જે **શ્રીસીમંધરજિનસ્તવન** રચેલ છે, તેમાં પણ આ વાત નિમ્નોક્ત શબ્દોમાં જણાવી છે કે -

**"ભાવ સંયોગજા કર્મઉદયાગતા,**
**કર્મ નવિ જીવ નવિ મૂલ તે નવિ છતાં;**
**ખડીયથી ભિત્તિમાં જિમ હોએ શ્વેતતા,**
**ભિત્તિ નવિ ખડીય નવિ તેહ ભ્રમસંગતા."** (૧૬/૩)

ઉપરોક્ત ગાથા મુજબ મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામો મિથ્યા છે - તે વાતની શ્રદ્ધા-પ્રતીતિ કરવી. આ રીતે 'મિથ્યાત્વ, રાગ આદિ ભાવો અસત્ છે' - તેવું પ્રતીત કરીને તેઓની સાથે આત્માનો જ્ઞાતૃ-જ્ઞેયભાવ સંબંધ પણ મૂળમાંથી ઉખેડી નાંખવો. જે વસ્તુ વિદ્યમાન જ ન હોય તો આત્મા તેનો જ્ઞાતા કેવી રીતે ? તથા તે આત્માના જ્ઞેય કઈ રીતે ? આમ મિથ્યાત્વ, રાગ વગેરે ભાવો મિથ્યા જ છે.

## ❧ ભાવસંસાર મિથ્યા ❧

**અધ્યાત્મસાર** ગ્રંથમાં પણ **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'શ્વેતદ્રવ્ય ખડી-ચૂનો વગેરેથી દીવાલના આગળના ભાગમાં સફેદાઈ કરેલી હોય તે સફેદાઈનો શ્વેતદ્રવ્યમાં કે દીવાલમાં અંતર્ભાવ થતો નથી. જે પરિણામનો કોઈ સ્વીકાર ન કરે તે પરિણામ મિથ્યા જ હોય, શૂન્ય જ હોય, અસત્ જ હોય. જે રીતે દીવાલમાં જણાતી સફેદાઈ પરમાર્થથી મિથ્યા છે, તેમ કર્મપ્રપંચસ્વરૂપ મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોને પણ પરમાર્થથી મિથ્યાસ્વરૂપે જ જોવા.' મતલબ કે ઉપરોક્ત ભાવના દ્વારા અંદરમાં મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોને જાણવા-માણવા ખોટી થવાનું નથી. આમ આત્મા અને મિથ્યાત્વ-રાગાદિ પરિણામો વચ્ચે **(૧)** સ્વ-સ્વામિભાવ સંબંધ, **(૨)** ઉપાદાન-ઉપાદેયભાવ સંબંધ, **(૩)** કર્તા-કર્મભાવ સંબંધ, **(૪)** વ્યાપ્ય-વ્યાપકભાવ સંબંધ, **(૫)** ભોક્તા-ભોગ્યભાવ સંબંધ, **(૬)** નિમિત્ત-નૈમિત્તિક ભાવ સંબંધ અને **(૭)** જ્ઞાતા-જ્ઞેયભાવ સંબંધ - આ તમામ સંબંધોને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવાથી આપણા આત્મામાંથી મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોનો ઉચ્છેદ કરવો સરળ બને. આ જ આશયથી અહીં આ વાત વિસ્તારથી જણાવેલ છે. આ રીતે મિથ્યાત્વ, રાગ વગેરે સ્વરૂપ અપ્રશસ્ત ઉપચરિતસ્વભાવનો ઉચ્છેદ થવાના પ્રભાવે **તીર્થોદ્દ્ગાલિપ્રકીર્ણક**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરવાના અવસરે જણાવેલ છે કે 'સિદ્ધશિલામાં પણ તે સિદ્ધાત્માઓ વેદરહિત, વેદનાશૂન્ય, નિર્મમ, નિઃસંગ, સંયોગથી વિપ્રમુક્ત, ચંચલપ્રદેશશૂન્ય તથા કાયમ એક જ સંસ્થાનવાળા હોય છે.' (૧૩/૧૭)

**♦સ્વભાવભેદ✠સહિત કહિયા રે, ઈમ એ ગુણહ પ્રકાર;**
**હવઈ ભેદ✡ ♦પર્યાયના રે, સુણિઈં સુજસ ભંડાર□ રે ॥૧૩/૧૮॥**

**(૨૨૬) ચ.**

**ઈમ એ સ્વભાવભેદસહિત** (ગુણહ=) ગુણના **પ્રકાર કહિયા. હવઈ પર્યાયના ભેદ** (સુણિઈં=) સાંભલો. **સુયશ**ના **ભંડાર** એહવા શ્રોતા પુરુષો. ॥૧૩/૧૮॥

---

परामर्शः

**गुणभेदाः स्वभावस्य भेदैस्सहाऽत्र दर्शिताः।**
**साम्प्रतं श्रुणु पर्याय-विभेदान् सुयशोनिधे ! ।।१३/१८।।**

---

**❖ ગુણ-સ્વભાવપ્રકારપ્રતિપાદનનો ઉપસંહાર ❖**

[illegible] :- સ્વભાવના ભેદની સાથે અહીં ગુણના ભેદો દેખાડાયેલા છે. હે સુયશોનિધિ વાચકો ! હવે તમે પર્યાયના ભેદોને સાંભળો. (૧૩/૧૮)

**✵ જિનશાસનની સેવા માટે જરૂરી ગુણોનો નિર્દેશ ✵**

[illegible] :- અન્ય દર્શનીના કે અન્ય સમ્પ્રદાયના મતનું નિરૂપણ કરતી વખતે માત્ર તેના મતનું આંખ મીંચીને ખંડન કરવાનો જ અભિપ્રાય રાખવાના બદલે તેમાં જે જે બાબતો સાચી હોય તેનું આપણા દર્શનની-સંપ્રદાયની પ્રક્રિયા મુજબ પ્રામાણિકપણે સમર્થન કરવાની ઉદારતા આપણે અવશ્ય કેળવવી જોઈએ. તો જ આપણામાં મધ્યસ્થતા, ગુણગ્રાહિતા, ખેલદિલી, નિખાલસતા, કોમળતા, સમ્યગ્દર્શન વગેરે સદ્ગુણો આવે, ટકે, વધે અને શુદ્ધ બને. તથા તેવું બને તો જ આપણી શિષ્ટતા, સભ્યતા, વિશ્વસનીયતા, આદરણીયતા આપણા પ્રતિસ્પર્ધી કે પ્રતિપક્ષી માણસના મનમાં ટકી શકે. તથા શ્રીજિનાગમની પવિત્ર પ્રણાલિકાથી વિરુદ્ધ પદાર્થપ્રરૂપણા જાણવા - જોવા મળે તો મધ્યસ્થતાથી, હિતબુદ્ધિથી અને નિર્ભયતાથી તેની સમાલોચના કરવી પણ જરૂરી છે. આ કાળમાં શ્રીજિનશાસનની સેવા-રક્ષા-પ્રભાવના વગેરે કરવા માટે આ બધા ગુણો હોવા અત્યંત જરૂરી અને વિશેષતઃ ઈચ્છનીય છે. આટલો બોધપાઠ આપણે સૌએ આ શ્લોકની પરામર્શકર્ણિકાવ્યાખ્યા દ્વારા લેવા જેવો છે. તથાવિધ ગુણસમુદાયના બળથી **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ સિદ્ધસ્વરૂપને વર્ણવતા જણાવેલ છે કે 'તે કર્મમુક્ત જીવોનો એકસ્વભાવ હોય છે. જન્માદિ ક્લેશથી તેઓ રહિત હોય છે. તથા તેઓ અનન્ત દર્શન-જ્ઞાન-શક્તિ-આનંદમય હોય છે.' (૧૩/૧૮)

**❀ તેરમી શાખા સમાપ્ત ❀**

---

♦ કો.(૧૧)માં 'ભેદ ભાવ' પાઠ. ✠ મો.(૨)માં 'સ્વહિત' પાઠ. ✡ પુસ્તકોમાં 'ભેય' પાઠ. કો.(૬)નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં 'પજ્જાય' પાઠ. કો.(૯)માં 'પજ્જાયતણા' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.

□ પુસ્તકોમાં 'ભંડારો' પાઠ. કો.(૪)નો પાઠ લીધેલ છે.

- વિવેકના અભાવમાં
  સર્જનનો દાવો કરતી સાધના
  ઘણું વિસર્જન નોતરે છે.
  દા.ત. કુલવાલક.

  જગતના સંબંધોનું વિસર્જન
  કરતી ઉપાસના
  પ્રભુતાનું સર્જન કરે છે.
  દા.ત. ગૌતમ સ્વામી.

- વાસનામાં ગરજ હોય છે
  વિજાતીયની.
  ઉપાસનામાં અરજ હોય છે
  પરમાત્માની.

- 'મારું તે સારું' - આ
  સમીકરણ બુદ્ધિનું છે.

  'સારું તે મારું' - આ
  સમીકરણ ઠરેલ
  શ્રદ્ધાને વરેલ છે.


વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૪

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१४

पर्यायप्रतिपादनम्

## ❈ ટૂંકસાર ❈

: શાખા - ૧૪ :

અહીં પર્યાયોના મુખ્યપણે બે પ્રકાર જણાવેલ છે - વ્યંજનપર્યાય અને અર્થપર્યાય. (૧૪/૧)

ત્રણે કાળને સ્પર્શનાર સ્થૂલ પર્યાય તે વ્યંજનપર્યાય. ઘટ વગેરેમાં રહેલ સૂક્ષ્મ અને વર્તમાનકાલીન પર્યાય તે અર્થપર્યાય. શબ્દથી વ્યક્ત થતા પર્યાય તે વ્યંજનપર્યાય. તે સિવાયના કેવલીએ જોયેલા પર્યાય તે અર્થપર્યાય. શબ્દવાચ્ય ઊર્ધ્વતાસામાન્યને તથા તિર્યક્સામાન્યને વ્યંજનપર્યાયરૂપે જાણવા. (૧૪/૨)

વ્યંજનપર્યાયમાં દ્રવ્યથી અને ગુણથી બે ભેદ પડે. તે બન્નેના શુદ્ધ અને અશુદ્ધ - એમ બે ભેદ પડે. આમ કુલ ચાર ભેદ પડે. અર્થપર્યાયમાં પણ તે જ રીતે ચાર ભેદ પડે. પ્રત્યેક સાધનાનું ચરમ ધ્યેય પોતાના શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયને અને શુદ્ધ ગુણવ્યંજનપર્યાયને પ્રગટાવવાનું છે. (૧૪/૩)

અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયમાં દેવ, મનુષ્ય વગેરે પ્રકારો સમજવા. કેવળજ્ઞાન શુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. મતિજ્ઞાન અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. (૧૪/૪)

ઋજુસૂત્રનયના મતે આત્માદિ દ્રવ્યની વર્તમાન ક્ષણ એ શુદ્ધ દ્રવ્યાર્થપર્યાય છે. આત્માદિ દ્રવ્યની વર્તમાનક્ષણસંતતિ એ અશુદ્ધ દ્રવ્યાર્થપર્યાય છે. (૧૪/૫)

'પુરુષ' શબ્દ વ્યંજનપર્યાયને સૂચવે છે. 'બાલ, યુવાન' વગેરે અલ્પકાલીન અવસ્થા અર્થપર્યાયને સૂચવે છે. અશુદ્ધ ઋજુસૂત્રનય જે બાલપર્યાયને માને છે, તે અનેકક્ષણવિષયક છે. (૧૪/૬)

અગુરુલઘુપર્યાય ષડ્ગુણ વૃદ્ધિ-હાનિથી સૂક્ષ્મસ્વરૂપે મળે છે. તથા કેવળજ્ઞાનમાં ક્ષણભેદથી વિવિધ અર્થપર્યાય રહેલા છે. આથી કેવળજ્ઞાનમાં પણ શુદ્ધ-અશુદ્ધ ગુણઅર્થપર્યાય માની શકાય. (૧૪/૭)

પુદ્ગલને આશ્રયીને વિચારીએ તો અણુ = શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય અને દ્વ્યણુક = અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. પુદ્ગલના ગુણ = ગુણવ્યંજનપર્યાય - એમ સમજવું. અણુના ગુણ = શુદ્ધ ગુણવ્યંજનપર્યાય અને દ્વ્યણુકના ગુણ = અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય જાણવા. (૧૪/૮)

કેવળજ્ઞાનની જેમ ધર્માસ્તિકાય વગેરેમાં પણ ક્ષણિક એવા સૂક્ષ્મ અર્થપર્યાય રહે છે. (૧૪/૯)

ધર્માસ્તિકાયની આકૃતિ = શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય અને ધર્માસ્તિકાયનો જીવાદિ સાથે સંયોગ = અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય - એમ જાણવું. (૧૪/૧૦)

આકૃતિની જેમ એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ, વિભાગ પણ પર્યાય છે.(૧૪/૧૧-૧૨)

ધર્માસ્તિકાયમાં થતો પરદ્રવ્યનો સંયોગ અને આત્માનો મનુષ્યપર્યાય એ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય આત્માદિ દ્રવ્યનો સર્વથા નાશ કરી શકતા નથી. તેથી આત્માએ તમામ અવસ્થામાં દ્વેષાદિથી મુક્ત રહેવું. (૧૪/૧૩) ચેતન કે જડ દ્રવ્ય જ્યારે બીજા દ્રવ્યની અપેક્ષા રાખે ત્યારે તેમાં અશુદ્ધતા આવે છે. તેથી આપણે પુદ્ગલથી નિરપેક્ષ બનવા પ્રયત્ન કરવો. (૧૪/૧૪)

અન્ય રીતે સજાતીયદ્રવ્યપર્યાય, વિજાતીયદ્રવ્યપર્યાય, સ્વભાવગુણપર્યાય અને વિભાવગુણપર્યાય - એમ ચાર પ્રકારે પર્યાય બતાવેલ છે. દ્વ્યણુક, મનુષ્યપર્યાય, કેવળજ્ઞાન, મતિજ્ઞાન - આ તેના ક્રમશઃ ઉદાહરણ છે. તેમાંથી આપણે સ્વભાવગુણપર્યાય તરફ આપણી દૃષ્ટિ રાખવી.(૧૪/૧૫-૧૬)

પર્યાય દ્રવ્યનો વિકાર છે. 'તે ગુણનો વિકાર છે' - આ દેવસેનવચન ઉત્સૂત્ર છે. (૧૪/૧૭-૧૯)

## ઢાળ - ૧૪

(રાગ મલ્હાર - મારગ વહિં રે ઉતાવળો - એ દેશી. મૂ૦ છોડી સીમંધરસ્વામીઆ. એ દેશી પા૦)

**સુણો ભેદ ♦પર્યાયના, તે દોઈ પ્રકાર;**
**વ્યંજન અર્થ વિભેદથી, ✡સંખેપઈ સાર ॥૧૪/૧॥ (૨૨૭)**
**શ્રી જિનવાણી આદરો. (આંકણી)**

***अधुना क्रमागतपर्यायलक्षणं वक्ष्यामः इति न्यायात्.**⧖ હવેં **પર્યાયના** ભેદ કહે છે, તે ભવિ પ્રાણી ! (**સુણો=**) સાંભળો.* તે પર્યાય સંક્ષેપઈ ૨ પ્રકારઈ (**સાર**) હોઈ. એક **વ્યંજન** પર્યાય બીજો **અર્થ** પર્યાય એ (**વિભેદથી**) ૨ ભેદ જાણવો. **સંક્ષેપઈ** કહ્યા.♦ ▸**શ્રી જિન** વીતરાગની **વાણી** ભાવસ્યું **આદરો.**◂ ❐॥૧૪/૧॥

---

• द्रव्यानुयोगपरामर्शः •

परामर्शः

**शाखा - १४**

**श्रृणुत पर्यायभेदान्, ते द्विधा सन्ति समासतः सिद्धान्ते।**
**व्यञ्जनार्थविभेदेन, समाद्रियध्वं हि जिनागमम्।।१४/१।।**

---

• અધ્યાત્મ અનુયોગ •

**❋ પર્યાયોનું પ્રતિપાદન ❋**

[redacted]:- તમે પર્યાયના ભેદોને સાંભળો. વ્યંજનપર્યાયના અને અર્થપર્યાયના ભેદથી તે પર્યાયો સિદ્ધાંતમાં સંક્ષેપથી બે પ્રકારે દર્શાવેલ છે. તમે જિનાગમને જ સારી રીતે આદરો. (૧૪/૧)

**❋ આગમપરિણતિને પ્રગટાવવાના ઉપાય ❋**

[redacted]:- (૧) સૈદ્ધાંતિક બાબતોનું નિરૂપણ હંમેશા શાસ્ત્રાનુસારે જ કરવું જોઈએ. તે માટે (૨) શાસ્ત્રોને સારી રીતે ભણવા જોઈએ તથા (૩) શાસ્ત્રો પ્રત્યે અને શાસ્ત્રના ઉપદેશક પ્રત્યે સાચો આદરભાવ કેળવવો જોઈએ. આ ત્રણેય બાબતની કાયમ પૂરતી કાળજી રાખવામાં આવે તો જ આગમનું અને સમ્યગ્જ્ઞાનનું આપણામાં તાત્ત્વિક પરિણમન થાય. આગમપરિણતિનો ઉઘાડ કરવા માટેની આ ચાવી પ્રત્યેક આત્માર્થી જીવે ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. તેનાથી જ **નવતત્ત્વસંવેદન**માં દર્શાવેલ સિદ્ધસુખ સુલભ થાય. ત્યાં શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદ**જીએ જણાવેલ છે કે "તે સિદ્ધશિલામાં સિદ્ધ ભગવંતનું સુખ (૧) અનન્ત, (૨) સ્વાધીન, (૩) પીડારહિત, (૪) સર્વશ્રેષ્ઠ, (૫) નિરુપમ, (૬) સ્વાભાવિક તથા (૭) સદા રહેનારું હોય છે." (૧૪/૧)

---

♦ પુસ્તકોમાં 'પજ્જાયના' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ કો.(૧)માં 'સદા કાલિ સંખેય...' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પા.(૧)માં છે. ⧖ 'इति न्यायाद्' इति पाठः निरुपयोगी। ♦ લા.(૨)માં 'શ્રી જિનવાણી ભવિક નર તુમ્હે આદર કરઓ.' પાઠ. ❐ શ્રી વીતરાગવાણી ધારો. ભા૦ હે ભવિક પ્રાણી શ્રી વીતરાગ કથિત વચન સમ્યગ્ પ્રકારે કરીને સાંભળીને આદરો. પાલિ૦ ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

**ᶻઅનુગતકાલકલિત□ કહિયો, વ્યંજનપર્યાય;**
**વર્ત્તમાન સૂક્ષ્મ♦ તિહાં, અત્થહ પજ્જાય ॥૧૪/૨॥ (૨૨૮) શ્રી જિન.**

જે જેહનો ત્રિકાલસ્પર્શી (= **અનુગતકાલકલિત**) પર્યાય, તે તેહનો **વ્યંજનપર્યાય કહિઈં**, જિમ ઘટાદિકનઈં મૃદાદિ પર્યાય.

(**તિહાં**=) તેહમાં **સૂક્ષ્મ વર્ત્તમાન** કાલવર્ત્તી **અર્થપર્યાય**.

જિમ ઘટનઈં તત્તત્ક્ષણવર્ત્તી પર્યાય. ॥૧૪/૨॥

**પરામર્શઃ** नानाकालानुगतः व्यञ्जनाभिधानपर्यायः।
तत्र ह्यर्थपर्ययः सूक्ष्मो वर्त्तमानश्चोक्तः।।१४/२।।

### ❁ વ્યંજનપર્યાય-અર્થપર્યાયની ઓળખ ❁

**શબ્દાર્થ** :- 'વ્યંજન' નામનો પર્યાય અનેક કાળમાં અનુગત છે. તથા ત્યાં સૂક્ષ્મ અને વર્તમાનકાલીન પર્યાય અર્થપર્યાય કહેવાયેલ છે. (૧૪/૨)

### ❁ વ્યંજનપર્યાયનો ઉપયોગ અને સાવધાની ❁

**આધ્યાત્મિક ઉપનય** :- વ્યંજનપર્યાયનું શબ્દ દ્વારા પ્રતિપાદન થઈ શકતું હોવાથી તેને સ્થૂલ લોકો પકડી શકે છે. તેથી આપણા વ્યંજનપર્યાયોથી આપણે ખૂબ સાવધ રહેવા જેવું છે. 'મેં સિદ્ધિતપ-વરસીતપ -શ્રેણિતપ કર્યો, મેં પાંચસો ગ્રંથ વાંચ્યાં, મેં ઉપધાન કર્યાં, મેં નવ્વાણુ યાત્રા કરી' ઈત્યાદિ રૂપે આપણા વ્યંજનપર્યાયોનું નિરૂપણ કરવા જતાં અભિમાનના શિખરે પહોંચી જવાની ઘણી બધી સંભાવના છે. જ્યારે બીજાના આવા પ્રકારના વ્યંજનપર્યાયોનું જાહેરમાં નિવેદન કરવાથી નમ્રતા ગુણની પ્રાપ્તિ, સ્થિરીકરણ, વાત્સલ્ય, ઉપબૃંહણા, ગુણાનુરાગ આદિની પ્રાપ્તિ થવાની સંભાવના છે. તેથી આપણા પ્રશસ્ત વ્યંજનપર્યાયોને સદા માટે છૂપાવવા દ્વારા ગંભીરતા કેળવવી અને બીજાના પ્રશસ્ત વ્યંજનપર્યાયોને પ્રગટ કરવાની ઉદારતા કેળવવી. આ રીતે પોતાના પ્રશસ્ત વ્યંજનપર્યાયોનો રાગ તથા બીજાના અપ્રશસ્ત વ્યંજનપર્યાયોનો દ્વેષ છોડવો. તથા તેવા રાગથી થનાર પોતાનો અહંકાર અને તેવા દ્વેષથી થનારો બીજા આત્માઓ પ્રત્યેનો દ્વેષ પણ ત્યજવો. આમ કરવાથી પર્યાયદૃષ્ટિ શિથિલ બને છે તથા સહજમલની તાકાત ઘટે છે. તેના લીધે શુદ્ધ આત્મદ્રવ્યસંબંધી દૃષ્ટિ-રુચિ-શ્રદ્ધા પ્રગટે છે, પ્રબળ બને છે. તેનાથી **વૈરાગ્યકલ્પલતામાં** વર્ણવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં સિદ્ધસ્વરૂપને વર્ણવતાં જણાવેલ છે કે 'સર્વ કર્મોથી શૂન્ય સિદ્ધ ભગવંત કેવલજ્ઞાનાદિ અનન્તચતુષ્ટયને ધારણ કરે છે.' (૧૪/૨)

---

ᶻ ધ.માં 'અનુમત' અશુદ્ધ પાઠ.

□ મો.(૨)માં 'કલિત' પાઠ નથી.

♦ પુસ્તકોમાં 'સૂષિમ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**દ્રવ્ય ગુણઈ બિહું ભેદ તે, વલી શુદ્ધ અશુદ્ધ;**
**શુદ્ધ દ્રવ્ય વ્યંજન તિહાં, ચેતનનઈ સિદ્ધ ॥૧૪/૩॥ (૨૨૯) શ્રી જિન.**

તે પ્રત્યેકઈ (બિહું ભેદ=) ૨ પ્રકારઈ હુઈ. એક દ્રવ્યપર્યાય ૨ ગુણપર્યાય ઈમ ૨ ભેદથી. તે વલી **શુદ્ધ પર્યાય♦ અશુદ્ધ પર્યાય♦** ભેદથી ૨ પ્રકારે હોઈ. **તિહાં શુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય** કહિઈં. **ચેતન** ✡દ્રવ્યનઈ સિદ્ધપર્યાય ✱જાણવો, કેવલભાવથી.✱ ॥૧૪/૩॥

**પરામર્શઃ** **द्रव्य-गुणविभेदात् तौ द्विधा पुनः शुद्धाऽशुद्धौ द्विधा।**
**चेतनस्य हि सिद्धता शुद्धद्रव्यव्यञ्जनं खलु।।१४/३।।**

### ❊ પર્યાયોના અવાન્તર ભેદોનું નિરૂપણ ❊

[illegible] :- દ્રવ્ય અને ગુણ - આમ બે ભેદથી વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એમ બે પ્રકાર બન્નેના જાણવા. વળી, તે શુદ્ધરૂપે અને અશુદ્ધરૂપે બે પ્રકારે જાણવા. ચેતન દ્રવ્યનો સિદ્ધપર્યાય શુદ્ધવ્યંજનપર્યાયરૂપે જાણવો. (૧૪/૩)

### ➤ શુદ્ધાત્મદ્રવ્યવ્યંજનપર્યાય પ્રાદુર્ભાવ : ચરમ-પરમ લક્ષ્ય ➤

[illegible] :- પ્રત્યેક સાધકનું ચરમ અને પરમ ધ્યેય પોતાના શુદ્ધઆત્મદ્રવ્યવ્યંજનપર્યાયને પ્રગટાવવાનું છે. (૧) તપ-ત્યાગાદિ બાહ્ય ઉગ્રસાધના, (૨) સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વકની ઉગ્ર સંયમચર્યા, (૩) વિધિનું અને જયણાનું અણિશુદ્ધ પાલન, (૪) ચરણસિત્તરિનું અને કરણસિત્તરિનું વિશુદ્ધ આચરણ - આ ચારેય પ્રવૃત્તિમાં પોતાની સ્થિર સિદ્ધદશા સ્વરૂપ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયને વહેલી તકે પ્રગટ કરવાનું મૂળભૂત લક્ષ્ય ચૂકાવું ન જોઈએ. આત્મપ્રશંસા, પરનિંદા, સાંપ્રદાયિક ઝનૂન, પ્રસિદ્ધિની ભૂખ, બહિર્મુખતા, મહત્ત્વાકાંક્ષા, લોકરંજન વગેરે મલિન તત્ત્વોના પ્રભાવે આ મૂળભૂત ધ્યેય સાધકો દ્વારા ચૂકી જવાય છે. તેથી આત્માર્થી સાધકે આ મલિન તત્ત્વોને ઝડપથી આત્મનિકાલ આપવો જોઈએ. તેમજ ઉપયોગશૂન્યતા, આચારમાં ઘાલમેલ, આળસ, પ્રમાદ, બેદરકારી, અધીરાઈ વગેરે કુટિલ ભાવો પણ સાધકને મૂળભૂત ધ્યેયથી ઘણે દૂર લઈ જાય છે. તેથી આત્માર્થી સાધકે તેનાથી પણ સદૈવ દૂર રહી સિદ્ધદશાને પ્રગટાવવાના મૂળભૂત ધ્યેયનું પ્રણિધાન દૃઢ કરવું. અંતર્મુખ રહી વિધિ-જયણા-ઉપયોગ અને અહોભાવ પૂર્વક સ્વભૂમિકાયોગ્ય વિશુદ્ધ આચારનું શક્તિ છૂપાવ્યા વિના અણિશુદ્ધ પાલન કરવામાં તત્પર રહેવું જોઈએ. આવા પ્રકારનો આધ્યાત્મિક ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. તે અણિશુદ્ધ પાલનના કારણે **સંવેગરંગશાળા**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે છે. ત્યાં **શ્રીજિનચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'સિદ્ધશિલામાં સિદ્ધ ભગવંતો કાયમ સર્વજ્ઞ, સર્વદર્શી, નિરુપમસુખયુક્ત, જન્માદિદોષરહિતપણે રહે છે.' (૧૪/૩)

---

♦ 'પર્યાય' શબ્દ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

✡ પુસ્તકોમાં 'દ્રવ્યનેં' પાઠ. આ.(૧)માં પાઠ લીધો છે.

✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી.

**અશુદ્ધ ✠દ્રવ્યવ્યંજન બહુ, મનુજાદિક ભેદ;**
**ગુણથી વ્યંજન ઈમ દ્વિધા, કેવલ ♦મતિ ભેદ ॥૧૪/૪॥ (૨૩૦) શ્રી જિન.**

**અશુદ્ધ દ્રવ્યવ્યંજન**પર્યાય (**મનુજાદિક=**) મનુષ્ય, દેવ, નારક, તિર્યંચાદિ✡ **બહુ ભેદ** જાણવા,જે માટઈં તે દ્રવ્યભેદ પુદ્ગલસંયોગજનિત છઈ.

**ઈમ (દ્વિધા ભેદ-)** શુદ્ધ **ગુણવ્યંજન** પર્યાય **કેવલ**જ્ઞાનાદિરૂપ.

અશુદ્ધગુણ વ્યંજનપર્યાય **મતિ**જ્ઞાનાદિરૂપ જાણવા. ॥૧૪/૪॥

परामर्शः

**नरादिभेदाद् बहुः ह्यशुद्धद्रव्यव्यञ्जनपर्ययः।**
**शुद्धगुणव्यञ्जनं हि कैवल्यं मत्यादिरितरः।।१४/४।।**

**❋ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયની પ્રરૂપણા ❋**

**શ્લોકાર્થ** :- મનુષ્ય વગેરેના ભેદથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયના અનેક ભેદ છે. શુદ્ધ ગુણવ્યંજનપર્યાય કેવળજ્ઞાનાદિ છે. મતિજ્ઞાન વગેરે અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. (૧૪/૪)

**❋ વ્યંજનપર્યાયસૂચિત સાધનામાર્ગની સમજણ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- પોતાના અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો મૂળમાંથી ઉચ્છેદ કરવા માટે પૂર્વે ૧૩/૫ માં વર્ણવેલ દેહાધ્યાસ-ઈન્દ્રિયાધ્યાસ વગેરે છોડવા જરૂરી છે. ત્યાર બાદ (૧) કાયાની સ્થિરતા કેળવી, (૨) પાંચેય ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી, (૩) પ્રતિમા-શાસ્ત્રવચન વગેરે પ્રશસ્ત આલંબનથી અંતઃકરણને ભાવિત કરવું. આ ત્રણેય બાબત ધ્યાનમાં સહાયક છે. તેથી તેની ઉચિત સહાય લઈને 'હું દેહાતીત છું, ઈન્દ્રિયાતીત છું, મનથી પણ અતીત (= મનનો અવિષય) છું, શબ્દનો પણ વિષય નથી. હું તો શાશ્વત શાંતરસમય, શુદ્ધ ચૈતન્યઘન અને અમૂર્ત્ત એવો આત્મા છું' - આ પ્રમાણેના આશયથી પોતાના આત્માનું ધ્યાન રોજે રોજ લાંબા સમય સુધી કરવું જોઈએ. આવા ધ્યાનમાં લીન થવું, ખોવાઈ જવું - એ પણ એટલું જ જરૂરી છે. મતલબ કે ધ્યાન ફક્ત શબ્દના સહારે, વિકલ્પના સહારે તરંગાત્મક થવું ન જોઈએ. પરંતુ અંતરના ઊંડાણથી થવું જોઈએ.

**☼ પુદ્ગલજાળમાં ન ફસાઈએ ☼**

તેમ છતાં કર્મવશ, પ્રમાદવશ કે અનાભોગવશ વચ્ચે-વચ્ચે મન બહારમાં જવાથી રાગાદિ વિભાવપરિણામોનો પ્રતિભાસ થાય કે નકામા સંકલ્પ-વિકલ્પાદિનો પ્રતિભાસ થાય કે અલગ-અલગ આકારોનો આભાસ થાય તો **અધ્યાત્મઉપનિષત્**ના એક શ્લોકને પોતાના મનમાં સ્થાપિત કરવો. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'આત્માના જ્ઞાનમાં મગ્ન બનેલા મહાત્મા તમામ પ્રકારના પુદ્ગલવિભ્રમને મોટી માયાજાળ સમાન જુએ છે. તેથી તેમાં તે જરાય અનુરાગ કરતા નથી.'

✠ મો.(૨)માં 'દ્રવ્ય' પાઠ નથી.

♦ પુસ્તકોમાં 'મઈ' પાઠ. મો.(૨)માં 'ઈમ' અશુદ્ધ પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'તિર્યગાદિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

## ❀ આત્મઘડતર કરીએ ❀

આ બાબતને પોતાના ચિત્તમાં લક્ષરૂપે રાખીને પોતાના આત્માને આ રીતે સમજાવવો/ઘડવો કે - "હું મૂળભૂત સ્વભાવથી તો વીતરાગ છું, રાગાદિશૂન્ય જ છું. દ્વેષ-ક્રોધાદિ પણ મારું સ્વરૂપ નથી. હું તો શાન્તિનો પિંડ છું. રાગાદિ ભાવો તો પૌદ્‌ગલિક છે, ભવભ્રમણને કરાવનારા છે. મારે તેનું કશું કામ નથી. અંદરમાં જે સંકલ્પ-વિકલ્પાદિ વગર આમંત્રણે આવે છે, તે માયાજાળ જેવા છે. તે તુચ્છ છે. કર્મ તેને પેદા કરે છે. હું તેનો કર્તા નથી. તે મારા આયુષ્યને લૂંટનારા છે. મારે તેનું પણ કશું કામ નથી. તથા મનની ચંચળતા પેદા કરનારી જે જુદી-જુદી આકૃતિઓ - વર્ણાદિ અંદરમાં જણાય છે, તે પણ મારું સ્વરૂપ નથી. મારામાં કોઈ સ્વતંત્ર આકૃતિ નથી. હું તો નિરાકાર છું, અમૂર્ત્ત છું, અતીન્દ્રિય છું. તેથી રંગ-બેરંગી દશ્ય આકૃતિઓ કે વર્ણાદિ મારામાં કેવી રીતે સંભવે ? હું નથી રાગાદિનો કર્તા, નથી વિકલ્પાદિનો કર્તા કે નથી જુદી-જુદી દશ્યમાન આકૃતિઓનો કર્તા. તથા આ ત્રણમાંથી એકનો પણ ભોક્તા ય હું નથી જ. મારે તો આ રાગાદિ ત્રણેયનો પ્રતિભાસ જે જ્ઞાનમાં થાય છે, તે જ્ઞાનની નિર્મળતાને જાણવી છે. તે જ્ઞાનની સ્વપ્રકાશરૂપતાને જાણવી છે. 'જ્ઞેયાકારરૂપે રાગાદિ જેમાં પ્રતિબિંબિત થાય છે, તે જ્ઞાન મારું જ સ્વરૂપ છે' - આ હકીકત પણ મારે સમજવી છે. તથા તે જ્ઞાન જે શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડમાંથી પ્રગટેલ છે, તે શુદ્ધ ચૈતન્યનો અખંડ મૂળભૂત પિંડ પણ મારે જોવો છે, જાણવો છે, માણવો છે. કારણ કે તે શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ એ જ મારું તાત્ત્વિક સ્વરૂપ છે. અનાદિ કાળથી હું મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ ભૂલી ગયો તથા મેં તેની ઘોર ઉપેક્ષા કરી. મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પ્રતિબિંબિત થયેલા રાગાદિ ભાવોને જ મેં રુચિપૂર્વક દીર્ઘકાળ સુધી તન્મય બનીને જોયા. તેથી જ તેમાં મેં એકરૂપતાની બુદ્ધિ કરી. તાદાત્મ્યબુદ્ધિથી (= સ્વઅભિન્નપણાની બુદ્ધિથી) મેં રાગાદિને માન્યા-માણ્યા. મારા સ્વરૂપે રાગાદિને જાણ્યા-જોયા. અહો ! મારી કેવી મૂર્ખતા ?! શાસ્ત્રોને ભણવાનું વ્યસન હોવા છતાં પરપરિણામને સ્વપરિણામ માનવાની મૂર્ખામી કરી બેઠો. લબ્ધિરૂપે/શક્તિસ્વરૂપે સદા શુદ્ધચૈતન્યઘન હોવા છતાં ઉપયોગરૂપે શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપથી ભ્રષ્ટ થયો. હવે હું મારા પરમશીતળ = પરમપ્રશાંતરસમય એવા શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડમાં પ્રવેશ કરું છું. બહાર ભટકવાથી તો ભવભ્રમણ પેદા થયું. હવે બહાર ભટકવાથી/ઉપયોગને બહાર ભટકાવવાથી સર્યું." આ રીતે ફરીથી દેહાદિશૂન્ય અમૂર્ત્ત આત્મદ્રવ્યનું ધ્યાન કરવામાં લીન થવું. તેનાથી અવશ્ય ચારગતિ વગેરે સ્વરૂપ આપણા અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયના પ્રવાહનો ઉચ્છેદ થશે. આ બાબતની અત્યંત દઢપણે શ્રદ્ધા કરવી.

## ❀ ગુણવ્યંજનપર્યાયને શુદ્ધ કરીએ ❀

તેમજ સતત જ્ઞાનગર્ભિત વૈરાગ્યના અને ઉપશમભાવના બળથી પોતાની આત્મદશાને નિર્મળ કરવા દ્વારા અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય શુદ્ધ થાય છે. રાગાદિ ભાવકર્મને નિર્મૂળ કરવા દ્વારા અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયની અશુદ્ધિ જ્યારે સંપૂર્ણતયા ક્ષીણ થાય ત્યારે શુદ્ધ ગુણવ્યંજનપર્યાય પ્રગટ થાય. ત્યાર બાદ દેહાદિ નોકર્મનો કાળક્રમે વિચ્છેદ થતાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો સંપૂર્ણતયા ક્ષય થાય છે અને આત્મા પોતાના શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયોમાં સદા માટે સ્થિર થાય છે. આમ સાધક સિદ્ધ બને છે.

### ❋ શુદ્ધસ્વરૂપદર્શનથી શુદ્ધસ્વરૂપ પ્રગટે ❋

એક બાબત ખ્યાલમાં રાખવી કે અહીં શુદ્ધ-અશુદ્ધ બન્ને પ્રકારના જે દ્રવ્યવ્યંજનપર્યાય અને ગુણવ્યંજનપર્યાય દર્શાવેલ છે, તે તમામને સારી રીતે સમજવા-જાણવા. જેથી પરિપૂર્ણ વસ્તુસ્વરૂપનો બોધ થવાથી આપણું જ્ઞાન પ્રમાણ બને. પરંતુ ઉપાદેયપણે શ્રદ્ધા તો અત્યંત દઢતાથી પોતાના શુદ્ધ એવા દ્રવ્યવ્યંજનપર્યાયની અને શુદ્ધ ગુણવ્યંજનપર્યાયની જ કરવી. અશુદ્ધ પર્યાયની તેવી શ્રદ્ધા-રુચિ -લાગણી દઢ કરવાથી તે મૂળમાંથી ટળતા નથી. માટે ઉપરોક્ત શુદ્ધપર્યાયની જ દઢપણે શ્રદ્ધા કરવી તથા તેનું જ નિરંતર અંદરમાં ધ્યાન કરવું. તેમજ બીજા જીવોના પણ ફક્ત શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો અને શુદ્ધ ગુણવ્યંજનપર્યાયો જ રુચિપૂર્વક જોવા. અશુદ્ધપર્યાયની ઉપેક્ષા કરવી. આના કારણે પોતાના અને બીજાના અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયોને અને અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયોને જ જોવાની અને તેની જ ઊંડી વિચારણામાં ખોવાયેલા રહેવાની રુચિ રવાના થાય છે. તેના લીધે સાધક પોતે ઝડપથી શુદ્ધ દ્રવ્યાદિરૂપે પરિણમે છે. મતલબ કે સાધક શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયરૂપે પરિણમે છે તથા તેના ગુણો શુદ્ધ ગુણવ્યંજનપર્યાય સ્વરૂપે ઝડપથી પરિણમે છે. પોતાનું કે બીજાનું, દ્રવ્યનું કે ગુણનું શુદ્ધ સ્વરૂપ રુચિપૂર્વક જોવામાં આવે તો શુદ્ધસ્વરૂપનો લાભ થાય, દ્રવ્ય-ગુણનું શુદ્ધરૂપે પરિણમન થાય. તથા અશુદ્ધ સ્વરૂપ રુચિપૂર્વક જોવામાં આવે તો અશુદ્ધ સ્વરૂપનો વિચ્છેદ ક્યારેય ન થાય - આવો નિયમ અહીં પગપેસારો કરી રહ્યો છે. આ જ અભિપ્રાયથી **જ્ઞાનસાર**માં જણાવેલ છે કે 'કર્મકૃત ભેદભાવને જે રુચિપૂર્વક જોતા નથી અને શુદ્ધચૈતન્ય અંશની અપેક્ષાએ જગતને (= જગતના સર્વ જીવોને) સમાન જુએ છે, પોતાનાથી અભિન્નપણે જુએ છે, તે ઉપશાંત યોગી મોક્ષગામી થાય છે.' પ્રસ્તુતમાં **ભગવદ્ગીતા**ની એક કારિકાની પણ ઊંડાણથી વિભાવના કરવી. તેનો અર્થ આ મુજબ છે કે 'વિદ્યા-વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ હોય કે ચંડાલ હોય, સામે ગાય હોય, હાથી હોય કે કૂતરો હોય - આ તમામને વિશે જે સમાન દૃષ્ટિવાળા હોય તે જ પંડિત છે.' આ કારિકા **અધ્યાત્મસાર**ના યોગઅધિકારમાં ઉદ્ધૃત કરેલ છે. તપ-ત્યાગ-લોચ-વિહારાદિ બાહ્ય સાધનામાર્ગ છે. સર્વ જીવોમાં સમદૃષ્ટિ-શુદ્ધદૃષ્ટિ તે આંતરિક સાધના માર્ગ છે.

### ❋ મોક્ષને ભૂલવો નહિ ❋

આ આંતરિક સાધનામાર્ગ ઉપર ચાલવાની પાવન પ્રેરણા અહીં પ્રાપ્ત થાય છે. તે સાધનામાર્ગ ઉપર ચાલવાથી **ઉપમિતિભવપ્રપંચા કથા**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી નજીક આવે. ત્યાં શ્રી**સિદ્ધર્ષિ ગણી**એ જણાવેલ છે કે 'મોક્ષમાં રહેલા જીવો સંસારના પ્રપંચમાંથી કાયમ મુક્ત થઈને સર્વ દ્વન્દ્વો(રતિ -અરતિ, સુખ-દુઃખ વગેરે)માંથી છૂટીને પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં રહીને સદા ખુશ રહે છે.' આવો મોક્ષ કદાપિ વિસરાય નહિ તે સાવધાની રાખવી. (૧૪/૪)

**ઋજુસૂત્રાદેશઈં કરી, ક્ષણપરિણત એહ;**
**કહો અર્થ ♦પર્યાય એ, અભ્યંતર જેહ ॥૧૪/૫॥ (૨૩૧) શ્રી જિન.**

ઈમ **ઋજુસૂત્રાદેશઈં ક્ષણપરિણત** જે **અભ્યંતર** પર્યાય, (**એહ**=) તે શુદ્ધાર્થપર્યાય. અનઈં જે જેહથી અલ્પકાલવર્ત્તી પર્યાય, (**એ**=) તે તેહથી અલ્પત્વવિવક્ષાઈં અશુદ્ધ **અર્થપર્યાય** (**કહો**=) કહવા. ॥૧૪/૫॥

**પરામર્શઃ** **ऋजुसूत्रनयादेशात् क्षण आन्तरः शुद्धोऽर्थपर्यायः।**
**स्वल्पकालवर्ती वै, ज्ञेयोऽशुद्धार्थपर्यायः।।१४/५।।**

**❀ ઋજુસૂત્રમતે અર્થપર્યાય ❀**

[redacted] :- ઋજુસૂત્રનયના આદેશથી આંતરિક ક્ષણ શુદ્ધ અર્થપર્યાય જાણવો. તથા થોડોક સમય રહેનાર ક્ષણ અશુદ્ધ અર્થપર્યાય જાણવો. (૧૪/૫)

**❀ દ્રવ્યાર્થપર્યાયની પ્રેરણા ઝીલીએ ❀**

[redacted] :- ઋજુસૂત્રનયના મતે દર્શાવેલ શબ્દઅગોચર આપણા શુદ્ધ અને અશુદ્ધ જરૂરી અર્થપર્યાયને પ્રગટાવી નિજ શુદ્ધ આત્મદ્રવ્યમાં સદા માટે સ્થિર થવાની આધ્યાત્મિક પ્રેરણા અહીં પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે પ્રેરણાને અનુસરવાથી **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ પરમ પદ ખૂબ નજીક આવે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'જે સ્થાન દુઃખથી મિશ્રિત ન હોય, પછી ભ્રષ્ટ ન થાય, અભિલાષાશૂન્ય હોય તેને પરમ પદ જાણવું.' (૧૪/૫)

♦ પુસ્તકોમાં 'પજ્જાય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

ઈહાં વૃદ્ધવચન સમ્મતિ દેખાડઈ છઈ –

**પુરુષશબ્દ જિમ પુરુષનઈ, વ્યંજન પર્યાય;**

**♦સંમતિગ્રંથઈ અર્થથી, બાલાદિ કહાય ॥૧૪/૬॥ (૨૩૨) શ્રી જિન.**

જિમ **પુરુષશબ્દ**વાચ્ય જે જન્માદિ મરણકાલપર્યંત એક અનુગત પર્યાય, તે **પુરુષનો વ્યંજન પર્યાય, સમ્મતિ ગ્રંથઈ** કહિઓ છઈ.

તથા (**બાલાદિ**=) બાલ-તરુણાદિપર્યાય તે (**અર્થથી પર્યાય**=) અર્થપર્યાય (**કહાય**=) કહિયા. તિમ સર્વત્ર ફેલાવીનઈ લેવું.

अत्र गाथा – [1]"पुरिसम्मि पुरिससद्दो *जम्माई मरणकालपज्जंतो।

तस्स उ बालाइआ पज्जवभेया(? जोया) बहुविगप्पा*।।" (स.त.१.३२) ॥૧૪/૬॥

परामर्शः

**पुरुषव्यञ्जनवाच्यः यथा हि पुरुषे व्यञ्जनपर्यायः।**

**सम्मतौ प्रोक्तस्तथा बालादिस्त्वर्थपर्यायः।।१४/६।।**

### ❦ અર્થપર્યાય : સંમતિતર્કદર્પણમાં ❦

**શ્લોકાર્થ** :- કારણ કે જેમ 'પુરુષ' શબ્દથી વાચ્ય પર્યાય પુરુષનિષ્ઠ વ્યંજનપર્યાય છે - આ પ્રમાણે **સંમતિતર્ક** ગ્રંથમાં જણાવેલ છે, તેમ બાલ વગેરે અવસ્થા અર્થપર્યાય તરીકે ત્યાં જણાવેલ છે. (૧૪/૬)

### ❁ બન્ને પ્રકારના સંસારી પર્યાયને હટાવીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા બાલ-તરુણ-યુવાન આદિ અર્થપર્યાયો આપણી સંસારી દશાને સૂચવે છે. તથા માણસ, પશુ વગેરે અવસ્થા સ્વરૂપ આપણા વ્યંજનપર્યાયો પણ વ્યવહારથી આપણી સંસારી દશાને સૂચવે છે. વ્યવહારનયથી આ અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયો જીવના કહેવાય છે. પરંતુ તેટલા માત્રથી તે પર્યાયો પરમાર્થથી જીવના બની જતા નથી કે જીવ તે-તે પર્યાયમય પરમાર્થથી બની જતો નથી. 'આ જીવ બાળક છે, તે જીવ યુવાન છે' - ઈત્યાદિ વ્યવહારોમાં અજ્ઞાની જીવ ખોટી થાય છે. તેવી વ્યવહારદષ્ટિમાં વ્યગ્ર બનીને તેવા વ્યવહારોને સાચો ઠરાવવા જતાં પોતાની શુદ્ધનિશ્ચયસંબંધી શ્રદ્ધાની દીવડીને તે બૂઝાવી દે છે. 'બાલ, યુવાન વગેરે પર્યાયો નશ્વર એવા શરીરના છે. તે મારા પર્યાય નથી. હું તો અમૂર્ત્ત, અતીન્દ્રિય, અસંગ, અનશ્વર અને શુદ્ધચૈતન્યનો અખંડ પિંડ છું' - આવો તાત્ત્વિક શ્રદ્ધાનો સાચો દીપક તે વ્યવહારોની દૃઢ શ્રદ્ધા કરવા જતાં બૂઝાઈ જાય છે.

### ❁ સ્વાનુભૂતિ માટે વ્યવહારદૃષ્ટિ ત્યાજ્ય ❁

'બાલ, યુવાન વગેરે દેહપુદ્ગલના જ પર્યાયો છે' - આવો સ્વીકાર જો ન થાય તો 'શરીર

♦ મ.માં 'સમતિગ્રંથિં' પાઠ. સિ.+કો.(૯+૧૧) આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી.

1. पुरुषे पुरुषशब्दः जन्मादिर्मरणकालपर्यन्तः। तस्य तु बालादिकाः पर्यययोगा बहुविकल्पाः।।

અને આત્મા જુદા જ છે' - આવી તાત્ત્વિક ભેદવિજ્ઞાનપરિણતિ દુર્લભ બને. તેવા જીવને રાગાદિથી કે વિકલ્પાદિથી કે કર્માદિથી ભેદજ્ઞાન થાય નહિ. દેહ-રાગ-દ્વેષ-વિકલ્પ વગેરેથી પોતાના ઉપયોગને છૂટો પાડ્યા વિના તો ગ્રંથિભેદ અત્યંત દુર્લભ જ બની જાય છે. પોતાના શુદ્ધ આત્મદ્રવ્યના સ્વભાવનો યથાર્થ નિશ્ચય તો અશુદ્ધ નિશ્ચયનયથી પણ થતો નથી. તો પછી ઉપચારને જ ડગલે ને પગલે મુખ્ય કરનાર વ્યવહારનયથી તો તે સ્વભાવનો નિર્ણય ક્યાંથી થાય ? તથા બાલ, યુવાન આદિ પર્યાયોના લક્ષે આત્મજ્ઞાન પ્રગટ થતું નથી, અપરોક્ષ સ્વાનુભૂતિ થતી નથી જ. તેથી (૧) પોતાના શુદ્ધ આત્મદ્રવ્યના યથાર્થ સ્વભાવની શ્રદ્ધા-રુચિ-જાણકારી મેળવવા માટે તથા (૨) ગ્રંથિભેદ પછીના સમયે થનાર તાત્ત્વિક અપરોક્ષ સ્વાનુભવ = આત્મસાક્ષાત્કાર માટે (૩) તેમજ તથાવિધ અશુદ્ધ વ્યંજનપર્યાયના અને અર્થપર્યાયના પ્રવાહનો ઉચ્છેદ કરવા માટે તેવા વ્યવહારની દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ છોડવી જ જોઈએ.

### ❋ બાલાદિ પર્યાયો શરીરના જ છે ❋

પ્રસ્તુતમાં "મારું મરણ નથી તો ડર ક્યાંથી ? મને રોગ નથી તો વ્યથા ક્યાંથી ? હું બાલ નથી કે વૃદ્ધ નથી કે યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ તો પુદ્ગલની છે" - આ મુજબ **દેવનંદીરચિત ઈષ્ટોપદેશની** કારિકાના અર્થની વિભાવના કરવી. આ રીતે આપણી સંસારી દશાને સૂચવનારા પ્રસ્તુત વ્યંજનપર્યાયનું અને અર્થપર્યાયનું ઉન્મૂલન કરીને આપણી સિદ્ધ-બુદ્ધ-મુક્તદશાને દર્શાવનારા શુદ્ધદ્રવ્યગોચર વ્યંજનપર્યાયને અને અર્થપર્યાયને પ્રગટ કરવામાં જ આપણું તાત્ત્વિક કલ્યાણ સમાયેલું છે. તે પ્રવૃત્તિથી **ધર્મબિંદુ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ દુર્લભ નથી - એ ખ્યાલમાં રાખવું. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ મોક્ષને દર્શાવતાં કહેલ છે કે 'ત્યારે વિશુદ્ધ આત્મસ્વરૂપનો લાભ થાય છે. દુઃખની અત્યંતનિવૃત્તિ થાય છે. તે નિરુપમ સુખરૂપ છે.' (૧૪/૬)

"કેવલજ્ઞાનાદિક શુદ્ધગુણવ્યંજન પર્યાય જ હોઈ, તિહાં અર્થ ♦પર્યાય નથી." એહવી કોઈક ***દિક્પટાભાસ***ની શંકા ✡ટાલવાનેં કહિએ છઈં –

**ષડ્ગુણહાણી-વુઢ્ઢિથી, જિમ અગુરુલહુત્ત;**

**નવ નવ❖ તિમ ખિણભેદથી, કેવલપણિ વુત્ત ॥૧૪/૭॥ (૨૩૩) શ્રી જિન.**

"**षड्गुणहानि-वृद्धिलक्षणागुरुलघुपर्यायाः सूक्ष्मार्थपर्यायाः**" એ જિમ (વુત્ત = उक्तम्) કહિઉં છઇ, **તિમ ક્ષણભેદથી** કેવલજ્ઞાનપર્યાય **પણિ** (નવ નવ =) ભિન્ન ભિન્ન દેખાડયા છઈં, "**पढमसमय-सजोगिभवत्थकेवलनाणे *अपढमसमय-सजोगिभवत्थकेवलनाणे**" (स्था.२/१/६०, न.सू.८५) **इत्यादिवचनात्**।

તે માટઈં ઋજુસૂત્રાદેશઈં શુદ્ધગુણના પણિ અર્થપર્યાય માનવા.* ॥૧૪/૭॥

---

**परामर्शः** **षड्गुणहानि-वृद्धितो यथाऽगुरुलघुपर्याया हि सूक्ष्माः।**
**तथा क्षणभेदभिन्नाः केवलज्ञानेऽपि पर्ययाः।।१४/७।।**

---

### ❯ કેવલજ્ઞાનમાં પણ અર્થપર્યાય ❯

**શ્લોકાર્થ** :- જેમ ષડ્ગુણ હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ અગુરુલઘુ પર્યાય સૂક્ષ્મ જ રહેલા છે, તેમ કેવલજ્ઞાનમાં પણ ક્ષણભેદથી વિભિન્ન પ્રકારના અર્થપર્યાય રહેલા છે. (૧૪/૭)

### 卐 કાળતત્ત્વનો ભય છોડો, સાવધાન બનો 卐

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રથમસમયવિશિષ્ટ અને ચરમસમયવર્તી એવું સયોગી ભવસ્થ કેવળજ્ઞાન, અયોગી ભવસ્થ કેવળજ્ઞાન, સૂક્ષ્મસંપરાય સરાગસંયમ, બાદરસંપરાય સરાગસંયમ વગેરે સ્વરૂપ શુદ્ધ અર્થપર્યાય અને અપ્રથમસમયવિશિષ્ટ અને અચરમસમયવર્તી એવા સયોગી ભવસ્થ કેવળજ્ઞાન આદિ અશુદ્ધ અર્થપર્યાય વિશે અહીં પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં જે પ્રરૂપણા કરવામાં આવેલ છે, તેનાથી અહીં એટલો બોધપાઠ લેવો કે કાળની અસર જગતના પ્રત્યેક પદાર્થ ઉપર વ્યક્ત-અવ્યક્ત રૂપે, સ્થૂલ-સૂક્ષ્મ સ્વરૂપે થતી જ હોય છે. સંસારી જીવ હોય કે મુક્તાત્મા, મતિજ્ઞાન હોય કે કેવલજ્ઞાન, અર્થપર્યાય હોય કે વ્યંજનપર્યાય - તમામ દ્રવ્ય-ગુણ-પર્યાય ઉપર કાળતત્ત્વની ઓછા-વત્તા અંશે અસર અવશ્ય થાય છે. પરંતુ આવું જાણીને આપણે કાળ તત્ત્વથી ગભરાઈ જવાની જરૂર નથી. કારણ કે જીવ જો પ્રામાણિકપણે જિનાજ્ઞાપાલન કરી પોતાની અંતરંગ ચિત્તવૃત્તિને સતત સૌમ્ય, સ્વસ્થ અને સ્વચ્છ બનાવે તો જીવના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનું મલિન-સંક્લિષ્ટ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમન કેવલ કાલતત્ત્વ કદાપિ કરી શકતું

---

♦ કો.(૧૧)માં 'પર્યાય જ નથી હુઈ' પાઠ છે.

✡ પુસ્તકોમાં 'ટાલઈ છઈં' પાઠ. આ.(૧)માં પાઠ લીધો છે.

❖ કો.(૪)માં 'પજ્જવ' પાઠ. કો.(૧)માં 'નવ નર' પાઠ.

*...*. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી.

નથી. માત્ર કાળ દ્વારા કેવલજ્ઞાનાદિસંબંધી અર્થપર્યાયમાં દર્શાવેલ જે અશુદ્ધતાનું નિર્માણ થાય છે, તે વાસ્તવિક હોવા છતાં પણ પારિભાષિક છે. તેવી અશુદ્ધતા આપણને નુકસાનકારક નથી. તેથી તેનાથી ડરવાની જરૂર નથી. પણ ચેતનનું જડદ્રવ્યરૂપે પરિવર્તન કરવાનું કાર્ય, મુક્તાત્માને સંસારી બનાવવાનું કામ, પ્રગટ થયેલ કેવલજ્ઞાનને મતિજ્ઞાનરૂપે પરિણમાવવાનું કામ કે કેવળ શુદ્ધ આત્માના = મુક્તાત્માના પર્યાયને સંસારીપર્યાયરૂપે પલટાવવાનું કાર્ય કદાપિ કાળતત્ત્વ કરતું જ નથી.

**❖ વાતાવરણની ઝેરી અસરથી બચીએ ❖**

પરંતુ જીવ જાગૃત ન રહે, જાણી-જોઈને ઘાલમેલ કરે, સ્વેચ્છાથી કુકર્મને અને કુસંસ્કારને પરવશ થઈ જાય, ઈરાદાપૂર્વક કુનિમિત્તનું સેવન કરે તો સમ્યગ્ જ્ઞાનીને અજ્ઞાની રૂપે, ભગવદ્ભક્તને ભોગીરૂપે, સંયમીને સંસારી રૂપે, આરાધકને વિરાધકરૂપે પલટાવી દેતાં કાળતત્ત્વને વાર લાગતી નથી. આવું જાણીને સાવધ જરૂર રહેવું. પાંચમો આરો, હુંડા અવસર્પિણી કાળ, એકવીસમી સદીનું ભોગવિલાસમય વાતાવરણ વગેરેની ઝેરી અસર આપણને ન થાય તેની પૂરતી કાળજી લેવી. તેના લીધે **ઉપમિતિભવપ્રપંચા કથામાં** વર્ણવેલી નિર્વૃતિનગરી = મુક્તિપુરી નજીક આવે. ત્યાં **સિદ્ધર્ષિગણીએ** જણાવેલ છે કે 'અનન્ત આનંદરાશિથી પરિપૂર્ણ, અવિનાશી નિર્વૃત્તિનગરીમાં રહેલા જીવોને ઘડપણ, રોગ વગેરે ઉપદ્રવો જે કારણે નથી થતા, તે કારણે તે સર્વોપદ્રવશૂન્ય છે.' (૧૪/૭)

**શુદ્ધ દ્રવ્યવ્યંજન અણુ, પુદ્ગલપર્યાય;**

**અશુદ્ધ ♦દ્વ્યણુકાદિક ગુણા, નિજગુણપજ્જાય ॥૧૪/૮॥ (૨૩૪) શ્રી જિન.**

***પુદ્ગલ** દ્રવ્યનો **શુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય અણુ** કહતા ♦પરમાણુ જાણવો. તે પરમાણુનો કદિઈં નાશ નથી, તેહ ભણી. **દ્વ્યણુકાદિક** દ્રવ્ય તે પુદ્ગલદ્રવ્યના ઙ**અશુદ્ધવ્યંજનપર્યાય**, સંયોગજનિત છઈ તે માટઈં. ઈમ **ગુણા** કહતાં પુદ્ગલદ્રવ્યના ▸શુદ્ધ ગુણવ્યંજનપર્યાય **અશુદ્ધ** ગુણવ્યંજન**પર્યાય**◂ તે **નિજ**-નિજ **ગુણા**શ્રિત જાણવા. પરમાણુનો ગુણ **તે** શુદ્ધ ગુણવ્યંજનપર્યાય, દ્વિપ્રદેશાદિકનો ●ગુણ તે અશુદ્ધગુણવ્યંજનપર્યાય કહિઈં.* ॥૧૪/૮॥

---

परामर्शः

**अणुः पुद्गलद्रव्ये शुद्धो द्रव्यव्यञ्जनपर्यायः।**

**अशुद्धो द्व्यणुकादिः गुणगा गुणव्यञ्जनभावाः॥१४/८॥**

---

**✡ દ્રવ્ય-ગુણના વ્યંજનપર્યાયોનો પમરાટ ✡**

**શ્લોકાર્થ** :- પુદ્ગલ દ્રવ્યમાં અણુતા એ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. દ્વ્યણુકાદિ પરિણામ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. પુદ્ગલના ગુણમાં રહેલા પર્યાયોને ગુણવ્યંજનપર્યાયો જાણવા. (૧૪/૮)

**❋ પર્યાયપરિવર્તનનિમિત્તક આઘાત-પ્રત્યાઘાતને છોડો ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- પુદ્ગલ અને તેના ગુણને વિશે જે ચાર પ્રકારના વ્યંજનપર્યાય અને ચાર પ્રકારના અર્થપર્યાય ટબામાં તથા પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં જણાવ્યા તેનાથી આપણો આત્મા તદ્દન ન્યારો છે. આત્માને અને તેને પરમાર્થથી કોઈ સ્થાયી સંબંધ નથી. તેથી પુદ્ગલમાં અને તેના ગુણોમાં થતી પર્યાયોની ઉથલ-પાથલ નિમિત્તે આપણા આત્મદ્રવ્યમાં કોઈ પણ પ્રકારનો આઘાત-પ્રત્યાઘાત ઉભો થઈ ન જાય, તેની પૂરતી કાળજી રાખવાની સૂચના આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે. પત્ની, પુત્ર, પરિવાર, દુકાન, મકાન, વસ્ત્ર, શરીર, ઈન્દ્રિય, મન, સત્તા, સંપત્તિ, સૌંદર્ય, સ્વજન, સ્વાસ્થ્ય વગેરેથી પણ આપણો આત્મા પરમાર્થથી તદ્દન નિરાળો છે, ન્યારો છે. તેથી તેના નિમિત્તે રતિ-અરતિના વમળમાં આપણો આત્મા ફસાઈ ન જાય કે તેના નિમિત્તે થતા રાગાદિ દ્વારા પોતાના શુદ્ધાત્માનું ધ્યાન વગેરે બાધિત ન થાય, તેની પૂર્ણતયા તકેદારી રાખવાની આધ્યાત્મિક હિતશિક્ષા આ શ્લોક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. તે હિતશિક્ષાનું પરિણમન થવાથી **આરાધનાપતાકા પયન્નામાં** તથા **સંવેગરંગશાળામાં** દર્શાવેલ સિદ્ધસુખ સુલભ થાય. ત્યાં જણાવેલ છે કે 'દેવેન્દ્ર અને ચક્રવર્તી જે ઈન્દ્રિયસુખને અનુભવે છે, તેના કરતાં અનંતગુણ અધિક અવ્યાબાધ = પીડારહિત સુખ સિદ્ધાત્મા પાસે હોય છે.' (૧૪/૮)

---

♦ પુસ્તકોમાં 'દ્વયકાદિક' ત્રુટક પાઠ. આ.(૧)+P(૩)+લી.(૧+૩)+કો.(૨+૮+૧૦+૧૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી. ♦ પુસ્તકોમાં '...માણુઓ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

ઙ મો.(૨) + લી.(૨+૩)માં 'શુદ્ધ' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી.

● શાં.માં 'ગુણ' પદ નથી. મ.+સિ.+કો.(૯)માં છે.

"ધર્માસ્તિકાયાદિકના શુદ્ધદ્રવ્ય✿ વ્યંજનપર્યાય જ છઈ" - એહવો જેહ હઠ કરઈ છઈ, તેહનઈ કહિઈ -

**સૂક્ષ્મ અર્થપર્યાય તે, ધર્માદિક એમ;**
**નિજ-પર⧗ પ્રત્યયથી લહો,♦ છાંડી હઠ પ્રેમ ॥૧૪/૯॥ (૨૩૫) શ્રી જિન.**

જે ઋજુસૂત્રાદેશઈ કરી (**સૂક્ષ્મ**=) ક્ષણપરિણતિરૂપ **અર્થપર્યાય** (**તે**) પણિ (**એમ**=) કેવલજ્ઞાનાદિકની પરિ (**નિજ-પર પ્રત્યયથી ધર્માદિકમાં લહો.**) **હઠ છાંડીનઈ** તિહાં કિમ (**પ્રેમ** = પ્રેમથી) નથી માનતા ? ॥૧૪/૯॥

---

**પરામર્શઃ** **सूक्ष्ममर्थपर्यायं केवलवद् धर्माऽधर्मादिकेषु।**
**स्वाऽन्यप्रत्ययाद् विद्धि, निरस्य व्यञ्जनपर्ययहठम्।।१४/९।।**

---

### ❀ ધર્માસ્તિકાય વગેરેમાં પણ અર્થપર્યાય ❀

[redacted] :- વ્યંજનપર્યાયની હઠને છોડીને તમે કેવલજ્ઞાનાદિની જેમ ધર્મ, અધર્મ વગેરે દ્રવ્યોમાં પણ સૂક્ષ્મ એવા અર્થપર્યાયને સ્વ-પરનિમિત્તે જાણો. (૧૪/૯)

### ✥ ધર્માસ્તિકાયાદિથી બોધપાઠ લઈએ ✥

[redacted] :- ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યોના શુદ્ધ અને અશુદ્ધ અર્થપર્યાયો આત્માથી જુદા જ છે. તેથી તેના ઉત્પાદ-વ્યય નિમિત્તે જેમ આત્માને કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ થતા નથી, તેમ પુદ્ગલના પર્યાયો પણ આત્માથી ભિન્ન હોવાથી તેના નિમિત્તે પણ આપણા આત્માને કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ થવા ન જોઈએ. તથા ગતિનિમિત્તત્વ, સ્થિતિનિમિત્તત્વ વગેરે અર્થપર્યાયો ઉત્પન્ન થાય કે નાશ પામે - બન્ને અવસ્થામાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય જેમ અસંગ અને અલિપ્ત રહે છે તેમ આપણા કે બીજાના પણ કોઈ પણ પ્રકારના પર્યાયો ઉત્પન્ન થાય કે નાશ પામે તેમાં અપેક્ષિત અસંગભાવે અને અલિપ્તભાવે આપણે રહેવું જોઈએ. તેમાં આપણને હરખ કે શોક ન થાય તે રીતે આપણે તેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ જવું જોઈએ. પર્યાયોની ઉથલ-પાથલ વચ્ચે પણ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની જેમ આપણી અસંગતા, અલિપ્તતા અને ઉદાસીનતા ટકી રહેવી જોઈએ. તે મુજબ આંતરિક સંકલ્પ અને દૃઢ પ્રયત્ન આપણે કરવો જોઈએ.

### ❖ કર્મના કાર્યક્ષેત્રમાંથી બહાર નીકળી જઇએ ❖

તેવો પ્રયત્ન અને સંકલ્પ કરવા માટે આપણે આપણી જાતને કર્મના કાર્યક્ષેત્રમાંથી વહેલી તકે બહાર કાઢવી જરૂરી છે. કર્મનો ભોગવટો જ્યાં હોય, કર્મનો અધિકાર જ્યાં પ્રવર્તતો હોય, ત્યાં શા

---

✿ આ.(૧)માં 'શુદ્ધગુણ વ્યંજનપર્યાય દ્રવ્ય જ....' પાઠ.

⧗ મો.(૨)માં 'પરમશ્રયથી' પાઠ.

♦ કો.(૯)+સિ.માં 'પ્રત્યય થકી રે' પાઠ.

માટે આપણે ખોટી થવું ? માણસો, મકાન, મશીન, મીઠાઈ, મોર, મહિલા, મિલકત, મીલ, માખી વગેરે પરજ્ઞેય પદાર્થોનો પ્રતિભાસ જ્ઞાનમાં થયા પછી 'આ મને ઈષ્ટ છે, તે મને અનિષ્ટ છે' - ઈત્યાદિ વિકલ્પના વમળમાં વ્યગ્ર બનીને પરિણમવું એ આત્માનું કાર્યક્ષેત્ર-અધિકારક્ષેત્ર નથી, પરંતુ કર્મનું જ કાર્યક્ષેત્ર-અધિકારક્ષેત્ર છે. પરજ્ઞેય પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટના વિકલ્પમાં ગળાડૂબ થઈને (૧) પરજ્ઞેય પદાર્થમાં વિશ્રાન્તિ કરવી, (૨) પરસન્મુખ ચિત્તવૃત્તિ કરવી, (૩) પરપદાર્થો જ નજરાયા કરે, (૪) પરપદાર્થમાં અટકવું - આ બાબતો આત્માનો મૂળભૂત અધિકાર ભોગવવાનું કાર્યક્ષેત્ર નથી જ. સાધક આત્માએ તો નિરંતર પરજ્ઞેય પદાર્થની સન્મુખ રહેલી પોતાની ચિત્તવૃત્તિને પૂરેપૂરી છોડવાની છે. તેમાં રુચિને બિલકુલ સ્થાપિત કરવાની નથી. ત્યાર બાદ પોતાના નિર્વિકાર સહજ અનંત આનંદના અનુભવમાં લીન બનીને પરપદાર્થો પ્રત્યે પૂર્ણ ઉદાસીનભાવ ધારણ કરવો. તેવી આત્મસ્થિતિ કર્યા બાદ વ્યવહારમાં કે સાધનામાં ઉપયોગી બને તેવા પ્રયોજનભૂત અને વર્તમાનકાળમાં પોતાની પાસે ઉપસ્થિત એવા પરજ્ઞેય પદાર્થોનો પોતાના જ્ઞાનમાં પ્રતિભાસ થાય તે સમયે પણ પોતાના જ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું અવલોકન કરવું, તેનો જ અનુભવ કરવો એ જ આત્માનું અધિકારક્ષેત્ર-કાર્યક્ષેત્ર છે. જ્ઞાતા-દૃષ્ટાભાવના અંગત અધિકારને ભોગવવાનું કાર્યક્ષેત્ર છોડીને બીજે ક્યાંય માથું મારવા જેવું નથી. બિનઅધિકૃત ચેષ્ટાની મજાની સજા પણ મોટી હોય છે.

### ❁ સાધકને ભોગસુખો મૃગજળતુલ્ય લાગવા જોઈએ ❁

તેમજ પોતાની ભૂમિકાને ઉચિત બને તે રીતે જીવનનિર્વાહ વગેરેમાં સાધનભૂત એવી ભોજનાદિ પ્રવૃત્તિ જ્યારે ચાલી રહી હોય, તે સમયે પણ ખરાબ કર્મ ન બંધાઈ જાય તે માટે 'ભોજનાદિપ્રવૃત્તિ મૃગજળસમાન છે' - તેવી વિભાવના કરવી. તો જ અસંગદશા જન્મે, અબંધદશા પ્રગટે. એ અંગે **શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ યોગદષ્ટિસમુચ્ચયમાં** જણાવેલ છે કે - (રણપ્રદેશાદિ ક્ષેત્રમાં ઉનાળાના દિવસોમાં બપોરના સમયે દૂર-સુદૂર પાણી દેખાવાથી ત્યાં આગળ વધવામાં મૂંઝાતો અને ઉદ્વિગ્ન બનેલો મુસાફર જાણકાર વ્યક્તિ દ્વારા જાણી લે કે 'સામે દેખાય છે તે પાણી નથી પણ ઝાંઝવાના નીર છે' - ત્યારે) "પરમાર્થથી મૃગજળને ઝાંઝવાના નીર તરીકે જોતો મુસાફર તેનાથી ઉદ્વેગ પામ્યા વિના, ખચકાટ વગર જેમ તેની અંદરથી ઝડપથી પસાર થાય જ છે, તેમ 'સ્વરૂપથી ભોગસુખો મૃગજળ જેવા છે' - આવું જોતો સાધક (કર્મોદયથી આવી પડેલા) ભોગોને અસંગભાવે ભોગવવા છતાં પણ (તેમાંથી પસાર થઈને) પરમ પદને = મોક્ષને પામે જ છે." જેમ યથાર્થપણે મૃગજળ ઓળખાય પછી તે ક્યારેય મુસાફરને આગળ વધવામાં બાધક ન બને, તેમ યથાર્થપણે ભોગસુખો મૃગજળતુલ્ય અંદરમાં ભાસે પછી તે કદાપિ સાધકને મોક્ષમાર્ગે આગેકૂચ કરવામાં નડતરરૂપ થઈ શકતા નથી. તેથી સમ્યગ્દષ્ટિ સાધક યોગની છઠ્ઠી કાંતાદષ્ટિ પામીને ભોગુસખોમાં અટવાતો નથી, રોકાતો નથી પરંતુ તેમાંથી અપેક્ષિત અસંગભાવે તે પસાર થઈ જાય છે. પૂર્વે (૧૦/૨૦) દર્શાવેલ પદ્ધતિ મુજબ અહીં વિસ્તારથી વિચારણા કરવી.

### ❋ જ્ઞાનજ્યોત સિવાય બધું ઉપદ્રવસ્વરૂપ ❋

ખરેખર આંતરિક જ્ઞાનજ્યોતને છોડીને બીજું બધુ સમ્યગ્દષ્ટિ સાધકને પરમાર્થથી ઉપદ્રવસ્વરૂપ જ લાગે છે. તેથી તો **શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ યોગદષ્ટિસમુચ્ચયમાં** જણાવેલ છે કે 'પીડારહિત, રોગરહિત

આંતરિક કેવળ ચૈતન્યજ્યોતિ જ જગતમાં પરમ તત્ત્વ છે. તે સિવાયની તમામ ચીજ ઉપદ્રવ છે, મોકાણ છે.' આ બાબત ઊંડાણથી મનન કરવા યોગ્ય છે.

### નિજશુદ્ધચૈતન્યસ્વભાવમાં વિશ્રાન્તિ કરીએ

આ રીતે આત્માર્થી = મોક્ષાર્થી સાધકોએ સર્વત્ર, સર્વદા, સર્વ પ્રકારે પોતાના સ્વાભાવિક, આકુળતાશૂન્ય, નિસ્તરંગ, નિઃસંગ એવા શુદ્ધચૈતન્યસ્વભાવમાં જ વિશ્રાન્તિ કરવા માટે, લીન-લયલીન થવા માટે ઝડપથી દૃઢપણે પ્રયત્ન કરવો જરૂરી છે. 'મારા શુદ્ધચૈતન્યસ્વભાવમાં જ મારે વિશ્રાન્તિ લેવી છે. પ્રાણના ભોગે પણ આ કાર્ય મારે કરીને જ રહેવું છે' - આવા પ્રણિધાનપૂર્વક-સંકલ્પપૂર્વક આ પ્રયત્ન થવો જોઈએ. આવા પ્રકારનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા જેવો છે. તેના પ્રભાવે **સમરાદિત્યકથા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપને આત્માર્થી સાધક ઝડપથી મેળવે છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'નવા જન્મને ધારણ નહિ કરવાથી મોક્ષ ઉત્પન્ન થાય છે. મોક્ષમાં પહોંચેલા આ જીવને (૧) જન્મ નથી, (૨) ઘડપણ નથી, (૩) વ્યાધિ નથી, (૪) મરણ નથી, (૫) ઈષ્ટવિયોગ નથી, (૬) અનિષ્ટનો સંયોગ નથી, (૭) ભૂખ નથી, (૮) તરસ નથી, (૯) રાગ નથી, (૧૦) દ્વેષ નથી, (૧૧) ક્રોધ નથી, (૧૨) માન નથી, (૧૩) માયા નથી, (૧૪) લોભ નથી, (૧૫) ભય નથી, (૧૬) અન્ય પણ કોઈ ઉપદ્રવ નથી. પરંતુ તે (૧૭) સર્વજ્ઞ છે, (૧૮) સર્વદર્શી છે, (૧૯) નિરુપમ સુખથી સંપન્ન છે, (૨૦) ત્રણ લોકમાં મુગટ સમાન છે. આ પ્રકારે જીવ મોક્ષપદમાં રહે છે.'(૧૪/૯)

"તે ધર્માસ્તિકાયાદિકમાંહિં અપેક્ષાઇં અશુદ્ધ પર્યાય પણિ હોઈ. નહીં તો, પરમાણુ-પર્યંતવિશ્રામઈ પુદ્ગલદ્રવ્યઇં પણિ ન હોઈ" - એહવઇ અભિપ્રાયઈં કહઈ છઈ -

**જિમ આકૃતિ ધર્માદિકની♦, વ્યંજન છઈં શુદ્ધ;**
**લોક દ્રવ્ય સંયોગથી☒, તિમ જાણિ અશુદ્ધ ॥૧૪/૧૦॥ (૨૩૬) શ્રી જિન.**

✡**જિમ** (**ધર્માદિકની**=) ધર્માસ્તિકાયાદિકની **આકૃતિ** લોકાકાશમાનસંસ્થાન♦રૂપ **શુદ્ધ**દ્રવ્ય **વ્યંજન**પર્યાય (**છઈં**+) કહિઇં, પરનિરપેક્ષપણા માટઇં. **તિમ લોક**વૃત્તિ **દ્રવ્ય સંયોગ**રૂપ **અશુદ્ધ** દ્રવ્યવ્યંજન પર્યાય પણિ કહતાં તેહનો પરાપેક્ષપણઈં અનેકાંતવિરોધ નથી. ॥૧૪/૧૦॥

**પરામર્શઃ** **यथाऽऽकृतिर्धर्मादेः शुद्धो व्यञ्जनपर्ययः कथ्यते।**
**लोकद्रव्ययोगतः तथा ज्ञेयोऽशुद्धपर्ययः।।१४/१०।।**

### ♦ ધર્માસ્તિકાયમાં શુદ્ધ-અશુદ્ધવ્યંજનપર્યાય ♦

**શ્લોકાર્થ** :- જેમ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની આકૃતિ શુદ્ધ (દ્રવ્ય)વ્યંજનપર્યાય કહેવાય છે, તેમ લોકમાં રહેલ (જીવાદિ) દ્રવ્યના સંયોગની અપેક્ષાએ ધર્માસ્તિકાય વગેરેમાં અશુદ્ધ (દ્રવ્યવ્યંજન)પર્યાય જાણવા. (૧૪/૧૦)

### ✻ ધર્મદ્રવ્યનો ઉપદેશ ✻

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા નિમિત્તે ધર્માસ્તિકાય દ્રવ્યમાં અશુદ્ધ વ્યંજનપર્યાય ઉત્પન્ન થવા છતાં ધર્માસ્તિકાય દ્રવ્ય જેમ અસંગ અને અલિપ્ત રહે છે, તેમ કર્મદ્રવ્યના નિમિત્તે શરીરનું રૂપ કે લાવણ્ય વગેરે ઘટે કે વધે તથા માંદગી, બદનામી, દુર્ભાગ્ય, દરિદ્રતા, અનાદેયતા વગેરે અશુદ્ધ પર્યાયો ઉત્પન્ન થાય તો પણ આપણે ધર્માસ્તિકાય દ્રવ્યની જેમ અસંગ અને અલિપ્ત રહેવું જોઈએ. આવી અસંગતા અને અલિપ્તતા લાવવા માટે **જ્ઞાનસાર**ના એક શ્લોકની વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'શરીરનું રૂપ, લાવણ્ય, ગામ, બગીચો, ધન (પુત્ર-પૌત્ર...) આદિ પરપર્યાયોથી ચિદાનંદઘન એવા આત્માને અભિમાન શું હોય ?' આની ઊંડી વિચારણા દ્વારા શરીરાદિથી અસંગતા અને અલિપ્તતા કેળવવી. તેના બળથી સૌપ્રથમ આપણો ઉપયોગ રાગ-દ્વેષાદિથી અસંગ બને છે. તથા ત્યાર બાદ આપણી પરિણતિ રાગ-દ્વેષ આદિથી અસંગ બને છે.

### ✤ આપણા ઉપયોગને અને પરિણતિને અસંગ બનાવીએ ✤

તથા 'જ્ઞાનામૃતસાગરસ્વરૂપ પ્રપંચશૂન્ય શુદ્ધ આત્મજ્યોતિમાં જેને મગ્નતા પ્રગટી છે, તેવા સાધકને

♦ પુસ્તકોમાં 'ધર્માદિની' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.

☒ શાં.માં 'સંયોયથી' પાઠ.

✡ શુદ્ધ દ્રવ્ય જિમ૦ ભા૦

♦ પુસ્તકોમાં '...નસ્તય...' અશુદ્ધ પાઠ છે. ધ૦માં 'સંસ્થાનમય' પાઠ. કો.(૯)+સિ. +કો.(૧૨)+આ.(૧)નો પાઠ લીધો છે.

શુદ્ધ આત્મજ્યોતિ છોડી અન્ય વિષયોમાં મનને દોડાવવું ઝેરતુલ્ય લાગે છે' - આ મુજબ **જ્ઞાનસાર**ના શ્લોકના તાત્પર્યાર્થને ઊંડાણથી આર્દ્ર હૃદયે વિચારીને જ્યારે સાધકની રુચિ-રસ-લાગણી બહારના વિષયોમાં મરી પરવારે છે ત્યારે તેનો ઉપયોગ અંતર્મુખ બને છે, અંદરમાં ઊંડો ઉતરે છે. તથા તે અંતર્મુખ ઉપયોગ પોતાના જ સ્વરૂપમાં તન્મય બને છે, તદ્રૂપ બને છે. તેની પરસન્મુખતા દૂર થાય છે, પરલક્ષિતા છૂટી પડે છે. અનાદિ કાળથી ભિન્ન ભિન્ન પરજ્ઞેયમાં ભટકવાથી વિકેન્દ્રિત થયેલો ઉપયોગ હવે સ્વકેન્દ્રિત બને છે. તેવી દશામાં જ્યારે ઉપયોગ સન્નિહિત પરજ્ઞેય પદાર્થના આકારનું અવગાહન કરે છે, ત્યારે સાધકને પરજ્ઞેય પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણાના વિકલ્પો ઉભા થતા નથી. તેથી અન્તરાત્માની = સાધક ભગવાનની અંતરંગ પરિણતિ સરળતાથી વિભાવપરિણામોથી અસંગ બને છે, છૂટી પડે છે. આમ પ્રથમ ઉપયોગ અને પછી અંતરંગપરિણતિ રાગાદિથી અસંગ બને છે. પરજ્ઞેય પદાર્થોથી પરાઙ્મુખ બનેલું જે જ્ઞાન ઉપાદેયપણે સ્વાત્મક જ્ઞેયના આકારથી પરિણત થાય તેને જ સમ્યગ્ જ્ઞાન કહેવાય. તે જ્ઞાન રાગાદિદશાથી છૂટું પડીને વીતરાગભાવે પરિણમે છે. સમ્યગ્ જ્ઞાન દર્પણતુલ્ય હોવાના કારણે પોતાના સ્વરૂપમાં અત્યંત નિર્મળ જ રહે છે, સ્વચ્છ જ રહે છે. દર્પણમાં કોલસાનું પ્રતિબિંબ પડે તો પણ દર્પણ સ્વચ્છ જ રહે ને ! કોલસાના કાળા પ્રતિબિંબવાળું દર્પણ કાંઈ કોલસાની જેમ સ્વયં કાળું થઈ જતું નથી. આ હકીકતને સાધકે કદાપિ ભૂલવી નહિ. પોતાના સ્વચ્છસ્વભાવના લીધે તે જ્ઞાનમાં યથાવસ્થિતપણે પરજ્ઞેય પદાર્થના આકારોનો પ્રતિભાસ થાય છે. પણ પરજ્ઞેય જ્ઞાનરૂપે પરિણમતું નથી અને જ્ઞાન કદાપિ પરજ્ઞેયરૂપે પરિણમતું નથી. પરંતુ પોતાના નિર્મળ-સ્વચ્છ સ્વભાવના સામર્થ્યથી ત્યારે સમ્યગ્ જ્ઞાન સ્વયં જ પરજ્ઞેયાકારના માત્ર પ્રતિભાસરૂપે પરિણમે છે. તેમ છતાં પણ તે સમ્યગ્ જ્ઞાન પરજ્ઞેય પદાર્થોના નિમિત્તે ઈષ્ટ કે અનિષ્ટ વિકલ્પને ઉત્પન્ન કરવા માટે સમર્થ થતું નથી કે તથાવિધ વિકલ્પથી થનારા રાગ-દ્વેષ વગેરે વિભાવપરિણામોને પણ ઉત્પન્ન કરવા માટે સમર્થ બનતું નથી. તેના લીધે તે જ્ઞાન આત્માની અબંધદશાને પ્રગટાવે છે અને આશ્રવદશાને મૂળમાંથી ઉખેડે છે.

### ❁ અસંગદશાથી કેવળજ્ઞાન ❁

આ રીતે સાધક ભગવાન પોતાની (૧) અસંગદશા, (૨) અબંધ દશા અને (૩) અનાશ્રવદશા ઉપર આરૂઢ થાય છે. તેથી કેવલજ્ઞાનાદિ પ્રાપ્ત થવાના ક્રમથી મોક્ષમાર્ગે આગળ વધતાં ક્રમશઃ સાધકનું સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. સિદ્ધસ્વરૂપને જણાવતાં **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં તથા **જિનલાભસૂરિકૃત આત્મપ્રબોધ**માં જણાવેલ છે કે 'કર્મના કવચથી = કોચલાથી = બંધનથી મુક્ત થયેલા જીવો (૧) સિદ્ધ, (૨) બુદ્ધ, (૩) ભવપારગામી, તથા (૪) સમ્યક્ત્વાદિની પરંપરાથી ભવપારને પામેલા હોવાથી પરંપરગત કહેવાય છે. તે જીવો અજર, અમર અને અસંગ હોય છે.' (૧૪/૧૦)

"આકૃતિ તે પર્યાય ✡હુસ્યઈં, સંયોગ પર્યાય નહીં હોઈ" એહવી આશંકા ટાલવાનેં કહે છઈ❖-

**સંયોગઈં આકૃતિ પરિ, પજ્જાય♦ કહવાય;**
**ઉત્તરાધ્યયનઈં ભાખિઆં, લક્ષણ પજ્જાય ॥૧૪/૧૧॥ (૨૩૭) શ્રી જિન.**

**સંયોગ** પણિ **આકૃતિની પરિં પર્યાય કહઈવાઈ** છી. જે માટઈં **પર્યાયનાં લક્ષણ**ભેદરૂપ **ઉત્તરાધ્યયનઈં** એહવી રીતિં (**ભાખિઆં**=) કહિયાં છઈ. ॥૧૪/૧૧॥

परामर्शः **संयोगोऽपि पर्याय आकृतिरिव प्रकथ्यते स्फुटं ननु।**
**उत्तराध्ययनकथिताः पर्ययभेदा रीत्याऽनया।।१४/११।।**

**❀ સંયોગ પણ પર્યાય છે ❀**

**શ્લોકાર્થ** :- ચોક્કસ સંયોગ પણ આકૃતિની જેમ સ્પષ્ટ રીતે પર્યાય જ કહેવાય છે. કેમ કે આ રીતે જ પર્યાયના ભેદો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં કહેલા છે. (૧૪/૧૧)

**❀ સંયોગ દુઃખનિમિત્ત ❀**

**આધ્યાત્મિક ઉપનય** :- 'સંયોગ, સંસ્થાન વગેરે પર્યાયસ્વરૂપ છે' - આવા કથન દ્વારા તેની વિનશ્વરતા પણ આડકતરી રીતે સૂચવાઈ જાય છે. કારણ કે પર્યાયમાત્ર વિનશ્વર છે. પરંતુ તેમાં નિત્યપણાની બુદ્ધિથી અને મમત્વબુદ્ધિથી જીવ દુઃખી થાય છે. જીવની આ અજ્ઞાનદશાના લીધે 'संजोगमूला जीवेण पत्ता दुक्खपरम्परा' આ પ્રમાણે **મહાપ્રત્યાખ્યાન પયન્નામાં** તથા **આઉરપચ્ચક્ખાણ પયન્નામાં** જણાવેલ છે. આવું જાણીને (૧) ઈષ્ટસંયોગનિમિત્તક રાગ અને (૨) અનિષ્ટસંયોગનિમિત્તક દ્વેષ તથા (૩) સ્વકીય શરીર, સંસ્થાન નિમિત્તક ગમા-અણગમાનો વળગાડ - આ ત્રણ વ્યામોહકારી તત્ત્વોથી સદા દૂર રહેવાની હિતશિક્ષા આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. રાગ-દ્વેષ વગેરેનો મૂળમાંથી ઉચ્છેદ કરવા માટે આત્માર્થી સાધકે પરદ્રવ્યોની તથા તેના ગુણ-પર્યાયોની ઉપેક્ષા કરવી. જણાઈ જતા પરદ્રવ્યાદિની રુચિ તોડવી. પરદ્રવ્યાદિને જાણવાનું લક્ષ ન રાખવું. તેમ કર્યા બાદ નિર્મળ આત્મસ્વરૂપની સમજણ દ્વારા અંતર્મુખ -સ્વસન્મુખ થઈને અને એકાગ્ર બનીને પોતાના શુદ્ધ આત્મદ્રવ્યનું ધ્યાન કરવું. તેવા ધ્યાનયોગથી પોતાના પરમાનંદનો આસ્વાદ માણવો. આ રીતે પરિપૂર્ણ અખંડ સ્વાનુભવધારા પ્રગટે છે. તેનાથી કોઈ પણ જાતની આકુળતા વ્યાકુળતા વિના ત્રણ કાળના તમામ દ્રવ્યાદિને જાણવામાં સમર્થ એવું સર્વજ્ઞપદ ઝડપથી મળે તેવી સંભાવના છે. તેના પ્રભાવે **પંચસૂત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો (૧) જરા-મરણથી રહિત હોય છે, (૨) વેદ-કર્મકલંકથી શૂન્ય હોય છે, (૩) પીડા વગરના હોય છે, (૪) કેવલજ્ઞાન-દર્શનને ધારણ કરનારા હોય છે, (૫) સિદ્ધિનગરમાં વસનારા હોય છે, (૬) નિરુપમ સુખથી યુક્ત હોય છે તથા (૭) સર્વથા કૃતકૃત્ય હોય છે.' (૧૪/૧૧)

✡ 'હુસ્યઇ = થશે' જુઓ **નેમિરંગરત્નાકરછંદ** કવિ લાવણ્યસમયરચિત. ❖ પુસ્તકોમાં 'ટાઈલ છઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'પજ્જય' પાઠ. લા.(૧)નો પાઠ લીધો છે.

**§એકત્વ ♦પૃથક્ત્વ તિમ વલી, સંખ્યા સંઠાણ;✿**
**વલિ સંયોગ વિભાગ એ, મનમાં તૂ આણ ॥૧૪/૧૨॥ (૨૩૮) શ્રી જિન.**

▸તેહ જ વર્ણવીને કહે છે. *उत्तराध्ययनगाथा* –◂

**[1]एगत्तं च पुहुत्तं च संखा संठाणमेव य।**
**संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ।।** (उत्त.२८/१३) ✱**इत्यादिगाथा।**
**अस्या अर्थः सुगमः। तस्माद् विस्तरभयाद् न लिखितः।**✱ ★એ ગાથાર્થનું **મનમાંહે આણિ** - અર્થરૂપે કરીને ધારો, જિમ મનસંદેહ દૂરિ ટલૈ.★ ॥૧૪/૧૨॥

---

**परामर्शः**

**एकत्वं तु पृथक्त्वं सङ्ख्या संस्थानमेव संयोगः।**
**विभागश्चेति पर्यय-लक्षणं चेतसि त्वमानय।।१४/१२।।**

---

### ❁ પર્યાયના લક્ષણનો વિચાર ❁

[illegible] :- એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગ - આ પ્રમાણે પર્યાયનું લક્ષણ તું મનમાં લાવ. (૧૪/૧૨)

### ✻ સંખ્યાપૂરક બનવાનું નથી ✻

[illegible] :- દ્રવ્યાનુયોગપરામર્શ ગ્રંથના મૂળ શ્લોકમાં તેમજ **ઉત્તરાધ્યયન સૂત્ર**માં રહેલ 'तु' શબ્દ પાદપૂર્તિ માટે છે. તેનો અર્થ એ છે કે 'तु' શબ્દ શ્લોકમાં ખાલી રહેતી જગ્યાને પૂરવા માટે છે. આપણું જીવન પણ વ્યવહારરાશિની કે ત્રસજીવોની કે મનુષ્યની સંખ્યા ભરવા માટે ન હોવી જોઈએ. પ્રસ્તુતમાં **રત્નાકરપચ્ચીશી**ની છઠ્ઠી ગાથાની વિભાવના કરવી. તેમાં જણાવેલ છે કે - ***"મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ, તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ; જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા, આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા." (રત્ના.૬)***

આ ગાથાની ઊંડાણથી વિચારણા કરીને આપણો જન્મ માનવસંખ્યાની પૂર્તિ માટે ન બને તે રીતે આપણી સાધકદશાને પ્રગટાવવી, વધારવી, નિર્મળ કરવી અને બળવાન કરવી. અનંત કાળમાં ન કરેલું કોઈક અપૂર્વ ગુણસર્જન કરવા માટે આપણો આ ભવ હોવો જોઈએ, આપણે તેવો બનાવવો જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ અહીં ગ્રહણ કરવાથી **શ્રીશ્રીપાલચરિત્ર**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં શ્રી**રત્નશેખરસૂરિ**જીએ જણાવેલ છે કે 'જે (૧) અનન્ત છે, (૨) અપુનર્જન્મા છે, (૩) અશરીરી છે, (૪) પીડારહિત છે, (૫) દર્શન-જ્ઞાનમાં ઉપયુક્ત હોય છે, તે સિદ્ધ ભગવંતો છે.' (૧૪/૧૨)

---

§ પુસ્તકોમાં 'એકત' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં+લા.(૨)+મ.માં 'પૃથકત' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ✿ પુસ્તકોમાં 'સંઠાણિ... આણિ' પાઠ. કો.(૫+૬+૮+૯) + સિ. + આ.(૧) + લા.(૧)(૨)નો પાઠ લીધો છે. ▸...◂ વચ્ચેનો પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત પાલિ.માં છે. 1. एकत्वं च पृथक्त्वं च, सङ्ख्या संस्थानम् एव च। संयोगाः च विभागाः च, पर्यवाणां तु लक्षणम्।। ✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.
★...★ વચ્ચેનો પાઠ મ.માં નથી. B(૨) + પાલિ.માં છે.

**♦ઉપચરિત, ન અશુદ્ધ તે, ✡જે પરસંયોગ;**
**અસદ્ભૂત મનુજાદિક, તો✦ ન અશુદ્ધહ જોગ ॥૧૪/૧૩॥ (૨૩૯) શ્રી જિન.**

હિવઈં જો ઈમ કહસ્યો "જે ધર્માસ્તિકાયાદિકનઈં **પરદ્રવ્યસંયોગ** છઈં,તે **ઉપચરિત**☐ પર્યાય કહિઈં; પણિ **અશુદ્ધ**પર્યાય **ન** કહિઈં, દ્રવ્યાન્યથાત્વ હેતુનઈં વિષઈં જ અશુદ્ધત્વ ❖વ્યવહાર છઈ." તે વતી.

તો **મનુજાદિ** પર્યાય પણિ **અશુદ્ધ** (**જોગ** = યોગ્ય) **ન** કહો. **અસદ્ભૂત**વ્યવહારનયગ્રાહ્ય માટઈં અસદ્ભૂત કહો. પણિ અશુદ્ધ ન કહો. એ પરમાર્થ. ॥૧૪/૧૩॥

પરામર્શઃ **धर्मादावुपचरितः परयोगो न सोऽशुद्धः पर्ययः।**
**चेत् ? तर्हि न नरादिका अशुद्धाः स्युरसद्भूतास्तु।।१४/१३।।**

**શ્લોકાર્થ** :- 'ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં પરદ્રવ્યનો સંયોગ ઉપચરિત = અસદ્ભૂત પર્યાય કહેવાય છે. પરંતુ તે અશુદ્ધ પર્યાય નથી' - આવું જો તમે કહેતા હો તો (આત્માને અનાત્મા ન કરવાથી) મનુષ્ય વગેરે પર્યાય પણ અશુદ્ધ પર્યાય નહિ બને પરંતુ અસદ્ભૂત પર્યાય બનશે. (૧૪/૧૩)

### ❀ આત્મા અનાત્મા બનતો નથી ❀

**આધ્યાત્મિક ઉપનય** :- મનુષ્યાદિ પર્યાયો આવે અને જાય તેમ છતાં પણ આત્મા અન્યદ્રવ્યસ્વરૂપે (= અનાત્મા) બનતો નથી. તેમ માન-અપમાન, સૌભાગ્ય-દુર્ભાગ્ય, શાતા-અશાતા, યશ-અપયશ વગેરે દ્વન્દ્વ આવે કે જાય, આત્મા બદલાતો નથી. આત્મા અનાત્મા થતો નથી. અર્થાત્ આવા દ્વન્દ્વોના આવા -ગમનથી આત્માને કોઈ જ લાભ કે નુકસાન પરમાર્થથી નથી થતું. તે તમામ અવસ્થાઓમાં આત્મા તો આત્મા તરીકે જ રહે છે. આવું જાણીને આત્માર્થી સાધકે માન, અપમાન આદિ દ્વન્દ્વ વખતે હરખ કે શોક કર્યા વિના મધ્યસ્થદશા કેળવવી જોઈએ.

### ❖ શુદ્ધાત્મદ્રવ્યાદિરમણતા જ ઉપાદેય છે ❖

તેવી મધ્યસ્થદશા મેળવવા માટે તમામ પરદ્રવ્ય, પરગુણો અને પરપર્યાયો - આ ત્રણેયથી પોતાની સર્વ ઈન્દ્રિયોને, ચિત્તવૃત્તિને અને પોતાના ઉપયોગને પાછા વાળવા જરૂરી છે. આ રીતે અંતર્મુખ બનવું જોઈએ. ત્યાર બાદ શુદ્ધ એવા નિજ આત્મદ્રવ્યમાં, શુદ્ધ આત્મગુણમાં, પોતાના શુદ્ધ અર્થપર્યાયમાં અને પોતાના જ શુદ્ધ વ્યંજનપર્યાયમાં પોતાના ઉપયોગને લાંબા સમય સુધી આદરપૂર્વક લીન-લયલીન બનાવીને રાખવો. આ કાર્યમાં ઉત્સાહ પ્રગટે તે માટે **જ્ઞાનસાર**ની એક પંક્તિને યાદ કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'પોતાના શુદ્ધાત્મદ્રવ્યમાં, પોતાના જ શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિગુણમાં, પોતાના જ શુદ્ધ અર્થપર્યાયમાં અને પોતાના જ શુદ્ધ વ્યંજનપર્યાયમાં પોતાની પરિણતિ (= ચર્યા) રમતી રાખવી

♦ લા.(૧) + મ.માં 'ઉપચારી' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✡ મ. + ધ.માં 'જો' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✦ કો.(૧)માં 'તે ન યશુદ્ધ યોગ' પાઠ. ☐ ધ.માં '...ઉપચરિતપર્યાય ન કહીએ. દ્રવ્યાન્યથા...' આ મુજબ ત્રુટિત પાઠ છે. ❖ મ.માં 'વ્યવહર' પાઠ. ધ.માં 'વ્યવહારે તે' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

એ જ શ્રેષ્ઠ છે. પરદ્રવ્ય-ગુણ-પર્યાયમાં ગ્રહણ-ઉત્પત્તિરૂપ પરિણતિ (= ચર્યા) તે સારી નથી.' (મહોપાધ્યાયજીરચિત **જ્ઞાનસારટબા**ના આધારે આ અર્થ લખેલ છે.) ખરેખર અંતર્મુખ થઈને પોતાના શુદ્ધ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવ્યા વિના અપરોક્ષ સ્વાનુભવ નથી જ થઈ શકતો. શુદ્ધાત્માને પોતાના ઉપયોગનો વારંવાર વિષય બનાવવાથી અલ્પજ્ઞ પણ નિયમા અલ્પકાળમાં સર્વજ્ઞ બની જાય છે. તેથી શાસ્ત્રજ્ઞાનને મેળવવા માટે જેટલો પ્રયત્ન કરવામાં આવે છે, તેના કરતાં આત્મજ્ઞાનને મેળવવા માટે ઘણો વધુ પ્રયત્ન આત્માર્થી જીવે કરવો જોઈએ.

### ✡ પરને જાણવા-જોવા-ભોગવવાની મિથ્યામતિ છોડીએ ✡

આત્મજ્ઞાનગોચર પ્રયત્ન બળવાન થવાથી અનાદિકાલીન મિથ્યામતિને સાધક છોડે છે. અનાદિ કાળથી જીવને એવી મિથ્યામતિ-મિથ્યારુચિ-મિથ્યાશ્રદ્ધા દૃઢ થયેલ છે કે 'પોતાના આત્માથી ભિન્ન પરદ્રવ્યોને જાણવાથી, પરદ્રવ્યોને ઉત્પન્ન કરવાનો કે પરદ્રવ્યોને મેળવવાનો પ્રયત્ન કરવાથી સુખ મળે છે. પરદ્રવ્યોને એક વાર કે વારંવાર ભોગવવાથી સુખ ઉત્પન્ન થાય છે. અરે ! પરદ્રવ્યોને મેળવવાની કલ્પના-ઇચ્છા -આકાંક્ષા વગેરેથી પણ સુખ મળે છે. તથા પરદ્રવ્યોને ન જાણવાથી, પરદ્રવ્યોને પ્રાપ્ત કરવાનો પ્રયાસ ન કરવાથી દુઃખી થવાય છે. પત્ની-ભોજન-વસ્ત્રાદિ પરદ્રવ્યોનો ભોગ-ઉપભોગ ન કરવાથી સુખહાનિ થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે. પત્ની વગેરે પરદ્રવ્યોની સ્પૃહા-કામના વગેરે ન કરવાથી દુઃખી થવાય છે.' અનાદિ-કાલીન આ મિથ્યામતિ વગેરેને છોડીને પરદ્રવ્યોને જાણવાનો, જોવાનો કે મેળવવાનો પ્રયત્ન, ભોગવવાનો સંકલ્પ વગેરે પણ સાધકે છોડવા જોઈએ. અન્ય સમસ્ત જ્ઞેય વસ્તુના જ્ઞાન વગેરેથી રહિત બનીને સાધકે પોતાના જ શુદ્ધ આત્માને જાણવો જોઈએ. તેને જ પ્રગટાવવાનો = અનુભવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પોતાના જ શુદ્ધ આત્મામાં એકવાર-અનેકવાર રમણતા-ક્રીડા કરવી. તથા તેની જ વારંવાર સ્પૃહા કરવી.

### ❁ આત્માના આનંદસ્વભાવને ઓળખીએ ❁

તેના પ્રભાવથી જ્યારે નિર્મળ આત્માનો આનંદસ્વભાવ પ્રગટે છે. ત્યારે સાધક ભગવાનને અંદરમાં અભ્રાન્તપણે પ્રતીતિ થાય છે કે 'હું શરીરરહિત છું. પરમાર્થથી મારું અસ્તિત્વ દેહથી નિરપેક્ષ છે. શબ્દો દ્વારા મારી ઓળખ થઈ શકે તેમ નથી. હું શ્રેષ્ઠ તત્ત્વ છું, વીતરાગ છું, વિકારશૂન્ય છું. હું સંકલ્પ-વિકલ્પનો વિષય નથી. મને મારો આત્મા અત્યંત પ્રિય છે. હું ગુણોથી વિકસ્વર છું, આપત્તિશૂન્ય છું. હું વિષાદશૂન્ય છું. વ્યાધિરહિત છું. હું વિજ્ઞાનઘન છું. હું કર્મમળશૂન્ય છું. અનંત આનંદ મારો સ્વભાવ છે. તથા મારો આનંદસ્વભાવ પણ મારાથી અભિન્ન હોવાથી વિદેહ = દેહનિરપેક્ષ છે, શબ્દાતીત છે, શ્રેષ્ઠ છે, રાગરહિત-તૃષ્ણાશૂન્ય છે, વિકારવિકલ છે. મારા આનંદસ્વભાવમાં વિકારનો છાંટો નથી. મારો નિરુપાધિક આનંદસ્વભાવ નિર્વિકલ્પ છે. મને તે અત્યંત પ્રિય છે. તે વિકસ્વર છે. તે વિપત્તિશૂન્ય, વિષાદવિકલ, રોગરહિત છે. મારો આનંદસ્વભાવ ચૈતન્યમય-ચૈતન્યઘન-વિજ્ઞાનઘન છે. તે વિમલ છે, નિર્મલ છે.' આવા નિર્મળ આનંદસ્વભાવને સાધક જ્યારે મેળવે છે, પ્રગટાવે છે, ત્યારે બીજું કશું પણ મેળવવા લાયક બાકી રહેતું નથી. **જ્ઞાનસાર**માં **મહોપાધ્યાયજી**એ જ જણાવેલ છે કે 'આત્માના સ્વભાવની પ્રાપ્તિ થતાં બીજું કાંઈ પણ પામવા જેવું બાકી રહેતું નથી.' આ શુદ્ધ આત્મસ્વભાવનો લાભ થવાથી **સંવેગરંગશાળા**માં વર્ણવેલ મોક્ષ સુલભ બને. ત્યાં **શ્રીજિનચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'શારીરિક-માનસિક દુઃખનો ઉચ્છેદ થવાથી મોક્ષ સદા સુખમય છે.' (૧૪/૧૩)

દ્વિતંતુકાદિપર્યાયની પરિં એકદ્રવ્યજનકાવયવસંઘાતનઈં જ અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયપણું જ કહતાં રૂડું લાગઈ. "**तस्मात् ♦परापेक्षानपेक्षाभ्यां ▫शुद्धाशुद्धत्वानेकान्तव्यापकत्वमेव श्रेयः**" તેહ જ દેખાડઈ છઈ :-

**ધર્માદિક પરપજ્જાયઈ, વિષમાઈ એમ;**

**અશુદ્ધતા અવિશેષથી✡, જિઅ પુદ્ગલિ જેમ ॥૧૪/૧૪॥ (૨૪૦) શ્રી જિન.**

**ધર્માદિકનઈં પરપર્યાયઈં** સ્વપર્યાયથી **વિષમાઈ** = વિલક્ષણતા **ઈમ** જાણવી. જે માટઈં પરાપેક્ષાઇં **અશુદ્ધતાનો (અવિશેષથી=)** વિશેષ નથી. **જેમ** જીવદ્રવ્ય **(પુદ્ગલિ=)** પુદ્ગલ દ્રવ્યનઈં વિષઈં. ॥૧૪/૧૪॥

---

परामर्शः **धर्मादिपरपर्यये स्वपर्यायाद् वैलक्षण्यमेवम्।**
**अशुद्धता समा यथा, जडापेक्षणतो जीवे।।१४/१४।।**

---

**શ્લોકાર્થ** :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના પરપર્યાયમાં સ્વપર્યાય કરતાં આ રીતે વિલક્ષણતા આવશે. જેમ કે ચેતનમાં જડ દ્રવ્યની અપેક્ષા હોવાથી અશુદ્ધતા (છે. તેવી રીતે ધર્માસ્તિકાયાદિમાં પણ અશુદ્ધતા) સમાન જ રહેશે. [બાકી મનફાવતું માનવામાં તો સગવડવાદ કહેવાશે, સ્યાદ્વાદ નહિ.] (૧૪/૧૪)

### ❊ સગવડવાદ છોડો, સ્યાદ્વાદ પકડો ❊

**આધ્યાત્મિક ઉપનય** :- વસ્તુગત કોઈ પણ ગુણધર્મની મુખ્યતા શાસ્ત્રકારોને માન્ય હોય તે રીતે કરાય. આપણને ફાવે તે રીતે ન કરાય. તેથી જ તારક તીર્થંકર ભગવંતે બતાવેલ સિદ્ધાંતનું નામ સ્યાદ્વાદ છે, સગવડવાદ નથી. (૧) આપણી અનુકૂળતા પોષાય, (૨) આપણા રાગ-દ્વેષના તોફાન વધે, (૩) આપણી પૌદ્ગલિક સ્વાર્થવૃત્તિ પુષ્ટ બને અથવા તો (૪) જગતના જીવો પ્રત્યેનો મૈત્રીભાવ ખતમ થાય તે રીતે શાસ્ત્રવચનોને આગળ ધરવાનું કાર્ય તારક તીર્થંકર ભગવંતોને માન્ય નથી.

### ✡ કુટિલ નહિ, કમળ જેવા કોમળ બનો ✡

તે આ રીતે સમજવું - (૧) વગર કારણે દોષિત ગોચરીને વાપરનાર સાધુ 'શાસ્ત્રમાં તો ઉત્સર્ગ-અપવાદ બધું બતાવેલ છે' - આવું બોલીને પોતાની અનુકૂળતા પોષે, (૨) વગર કારણે ગુરુની રજા વિના રસલંપટતાથી મીઠાઈને વાપરનારો સાધુ 'મને તો નિર્દોષ મીઠાઈ મળી એટલે મેં લઈ લીધી. આયંબિલખાતાનો લૂખો રોટલો દોષિત હોવાથી મેં છોડી દીધો' - આવું બોલીને પોતાના રાગ-દ્વેષને તગડા કરે, (૩) 'વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ છે' - આવા શાસ્ત્રવચનને આગળ કરીને બીજા પાસે પોતાની સેવા કરાવી લેવાની સ્વાર્થવૃત્તિનું વલણ સાધક કેળવે, (૪) પોતાના પ્રત્યે વ્યક્તિગત પ્રતિકૂળ વ્યવહાર

---

♦ પુસ્તકોમાં 'अपेक्षा...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

▫ ફક્ત લી.(૧)માં 'शुद्धाशुद्धत्वाने...' પાઠ. પુસ્તકોમાં 'शुद्धाशुद्धाने...' પાઠ.

✡ કો.(૨)માં 'અવિપથિ' પાઠ.

કરનાર એવા સાધકના જીવનમાં રહેલ કોઈ નાનકડી ત્રુટિને મુખ્ય બનાવી 'આવા શિથિલાચારીને સમુદાયમાં રાખવાથી આખો સમુદાય શિથિલ થઈ જશે, ભ્રષ્ટ થઈ જશે' - આવી સૂફીયાણી વાતો કરી તેને સમુદાય બહાર કરવા માટે ધમપછાડા કરવા દ્વારા જીવમૈત્રીને ખતમ કરવી... આ બધા લક્ષણો તીર્થંકરસંમત સ્યાદ્વાદના નથી પરંતુ સ્વસંમત સગવડવાદના છે, સ્વચ્છંદવાદના છે. તેનાથી તીર્થંકર પરમાત્મા પ્રત્યેની વફાદારી નહિ પરંતુ મોહરાજા પ્રત્યેની પોતાની વફાદારી સૂચિત થાય છે. તેનું પરિણામ દુઃખ-દુર્ગતિ-દોષપ્રચુર એવો દીર્ઘ સંસાર છે. આત્માર્થી સાધક આવી મલિન વૃત્તિને દૂરથી તિલાંજલી આપે - એવા પ્રકારનો આધ્યાત્મિક સંદેશ અહીં પ્રાપ્ત થાય છે. તે સંદેશને અનુસરવાથી **શ્રીશ્રીપાલકથા (સિરિસિરિવાલકહા)** ગ્રંથમાં વર્ણવેલ મુક્તિસુખ દૂર ન રહે. ત્યાં **શ્રીરત્નશેખરસૂરિજી**એ જણાવેલ છે કે 'સિદ્ધિનું સુખ (૧) અનંત છે, (૨) અનુત્તર = સર્વશ્રેષ્ઠ છે, (૩) અનુપમ છે, (૪) શાશ્વત છે તથા (૫) સદા આનંદમય (દુઃખલેશશૂન્ય) છે.' (૧૪/૧૪)

▸હિવઈં પ્રકારાન્તરઈં ચતુર્વિધ પર્યાય *નયચક્રઈં* કહિયા, તે દેખાડઈં છઈં :-◂

**ઈમ જ ♦સજાતિ-વિજાતિથી, ✿દ્રવ્યપર્યાય;**

**✦ગુણઈં ●સ્વભાવ-વિભાવથી, એ ચ્યાર કહાય❖ ॥૧૪/૧૫॥ (૨૪૧) શ્રી જિન.**

ઈમ (જ) સજાતીય દ્રવ્યપર્યાય, વિજાતીય દ્રવ્યપર્યાય, સ્વભાવ ગુણપર્યાય, વિભાવ ગુણપર્યાય - (એ=) ઈમ ૪ ભેદ પર્યાયના કહઈવા. ॥૧૪/૧૫॥

**પરામર્શઃ** तुल्यद्रव्यपर्ययो विजातीयद्रव्यपर्यय उक्तः।
स्वभावगुणपर्यायः विभावगुणपर्यायस्तथा।।१४/१५।।

**♦ પર્યાયના ચાર પ્રકાર ♦**

**શ્લોકાર્થ** :- (૧) સજાતીયદ્રવ્યપર્યાય, (૨) વિજાતીયદ્રવ્યપર્યાય, (૩) સ્વભાવગુણપર્યાય તથા (૪) વિભાવગુણપર્યાય - આ પ્રમાણે ચાર પર્યાય કહેવાય છે. (૧૪/૧૫)

**❯ જો જો, શુદ્ધ આત્મદ્રવ્ય નજરમાંથી છૂટી ન જાય ❯**

**આધ્યાત્મિક ઉપનય** :- ગમે તે વિવક્ષાથી પર્યાયના ભેદ પાડો. પરંતુ પર્યાય અંતે તો પર્યાયમાત્ર જ છે, વિનશ્વર જ છે. તેથી તેના ઉપર કેવળ આંધળી રુચિ કેળવીને શુદ્ધ આત્મદ્રવ્ય આપણી નજરમાંથી છટકી જાય - તેવું બનવું ન જોઈએ. સંવર, નિર્જરા, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે પણ પર્યાયસ્વરૂપ જ છે. તે પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. તેથી તેના પ્રત્યેની તીવ્ર રુચિના લીધે અમલ, અખંડ, અવિનશ્વર આત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક સ્વદૃષ્ટિને સ્થાપિત કરવાનું ચૂકી ન જવાય તેની પણ આંતરિક કાળજી દ્રવ્યાનુયોગના અભ્યાસી એવા આત્માર્થી સાધકે અવશ્ય રાખવી. ઉત્પાદ, વ્યય વગેરે પર્યાયો આત્મામાં હોવા છતાં પણ તેની ઉપેક્ષા કરીને "નાશ પામવા છતાં પણ જે નષ્ટ નથી થયેલ, ઉત્પાદને પામવા છતાં પણ જે ઉત્પન્ન નથી થયેલ તથા ત્રણેય કાળને વિશે અવશ્ય જે વિદ્યમાન છે તે જ પરમ નિજતત્ત્વ છે" - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં દર્શાવેલ પદ્ધતિ મુજબ રાત-દિવસ સન્માત્રસ્વરૂપે પરમભાવસ્વભાવાત્મક નિજ આત્મતત્ત્વનું જ આત્માર્થી સાધકે ધ્યાન ધરવું જોઈએ.

---

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.+શાં.માં નથી. મો.(૨) + મ.માં છે.

♦ આ.(૧)માં 'સ્વજાતિ' પાઠ.

✿ લા.(૧)+લા.(૨)+મ.માં 'દ્રવ્યઈં પજ્જાય' પાઠ કો.(૧+૪)નો પાઠ લીધો છે.

✦ આ.(૧)માં 'ગુણે ગુણ સ્વભાવથી' પાઠ.

● શાં.માં 'સ્વભાવથી' અશુદ્ધ પાઠ. સિ.+લી.(૧+૨+૩+૪)+કો.(૯)+મ.નો પાઠ લીધો છે.

❖ પુસ્તકોમાં 'કહાઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

ᵜ एतत्तु द्रव्य-गुण-पर्यायरासस्तबकानुवादरूपेणैवाऽत्रोक्तम्। अधुनोपलभ्यमाने नयचक्रादौ तु एतादृशचतुर्विधपर्यायनिरूपणं नोपलभ्यते। इदञ्चाऽग्रे (१४/१६) स्फुटीभविष्यतीत्यवधेयम्।

## ❀ સ્વસન્મુખ રહી સ્વાનુભૂતિ પ્રગટાવીએ ❀

પોતાના આત્મતત્ત્વનું સંવેદન કરવા માટે બહિર્મુખતા તો સર્વથા છોડી જ દેવી. કેમ કે બહિર્મુખતા એટલે પરલક્ષિતા = પરજ્ઞેયસન્મુખતા. પરજ્ઞેયની રુચિપૂર્વક સન્મુખતા પરજ્ઞેયગોચર રાગાદિથી ગર્ભિત છે. તેથી તે કર્મબંધનું કારણ છે. આથી તે ભવભ્રમણનું ભયંકર કારણ છે. આ કારણે નિષ્કલંક એવા પોતાના પરમાત્મપદનું ધ્યાન કરવા દ્વારા તેમાં જ વિશ્રાન્તિ કરવાની કામનાને જે સાધકો ધરાવતા હોય તેમણે કાયમ (૧) પરના લક્ષે જ અટકી રહેવું, (૨) જનસંપર્કમાં ગળાડૂબ રહેવું, (૩) સ્વમતવાદી સાથે કે પરમતવાદી સાથે વાદ-વિવાદાદિ કરવા - ઈત્યાદિ બાબતને છોડવી જ જોઈએ. કેમ કે તે પરમાર્થથી આત્મધ્યાનમાં બાધક છે. બાહ્ય દુનિયાના લક્ષમાં ખોવાયેલા રહેવામાં ભય લાગે, એમાં આખો જન્મ લૂંટાતો હોય તેવું લાગે તો બહિર્મુખતા વગેરે છૂટે. પોતાના શુદ્ધ પરમાત્મતત્ત્વને સતત જોતા જ રહેવું એ પોતાના પરમ ઈષ્ટનું સાધન છે. બહિર્મુખતા ટાળીને સતત પોતાના સિદ્ધસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ ખરેખર પોતાના સિદ્ધસ્વરૂપને પ્રગટાવવાનું મુખ્ય અંતરંગ સાધન છે. કારણ કે આ રીતે સ્વસન્મુખ થવાથી પોતાના જ પરમાત્મસુખનો આસ્વાદ મળે છે. તેનાથી આત્માની પ્રકૃષ્ટ શુદ્ધિ જન્મે છે. બાહ્ય વિષયોથી અને વિભાવપરિણામોથી ઉદાસીન બનીને, ઈન્દ્રિયથી અને મનથી નિરપેક્ષ બનીને **(A)** પોતાના જ આત્મતત્ત્વની સન્મુખ રહેવાનો, **(B)** નિજ નિર્મળસ્વરૂપનો પરિચય કરવાનો, **(C)** પોતાને સ્વયંપ્રકાશસ્વરૂપે જોવાનો નિરંતર અભ્યાસ કરવો. તેનાથી આત્મામાં એક એવું અમોઘ સામર્થ્ય પ્રગટે છે કે જે સાક્ષાત્ અતીન્દ્રિય, નિર્વિકલ્પ, નિરુપાધિક અને શાશ્વત શાંતસુધારસથી વ્યાપ્ત એવા પરમાનંદનો આસ્વાદ કરાવે છે. આવો પરમાનંદનો આસ્વાદ એ જ સ્વસંવેદન છે, આત્માનુભવ છે. તે સ્વાનુભવ પરમતૃપ્ત હોય છે. ભૌતિક સુખના આસ્વાદની જેમ તે તૃષ્ણાવર્ધક-ભોગતૃષ્ણાજનક બિલકુલ નથી. તેથી આત્મજ્ઞાનીને એવી ભાવના રહે છે કે 'હું હંમેશા સ્વસન્મુખ જ રહું. પરસન્મુખ કદાપિ ન થાઉં.' આથી તે વારંવાર નિજચૈતન્યસ્વભાવમાં ડૂબકી લગાવે છે અને સ્વાનુભવધારાને જીવંત-જ્વલંત -જયવંત-બલવંત બનાવે છે. તે સ્વસંવેદનના બળથી નિર્ગ્રન્થ સાધુ સુખી બને છે.

## ❯ સાધુ સદા સુખી ❯

અહીં **જ્ઞાનસાર**ના એક શ્લોકનો તાત્પર્યાર્થ ઊંડાણથી વિચારવો. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'આશ્ચર્ય છે કે બાહ્ય વિષયોથી અતૃપ્ત એવા ઈન્દ્ર અને ઉપેન્દ્ર (ગોવિંદ) વગેરે પણ સુખી નથી. જગતની અંદર આત્મજ્ઞાનમાં લીન બનીને તૃપ્ત થવાથી કર્મમલિનતારહિત બનેલ ભિક્ષુ = સાધુ એક જ સુખી છે.' તેવા આત્મજ્ઞાનના = સ્વસંવેદનના પ્રવાહનો વિચ્છેદ ન થવાથી **રત્નકરંડકશ્રાવકાચાર**માં દર્શાવેલ મોક્ષને આત્માર્થી ઝડપથી મેળવે છે. ત્યાં **સમન્તભદ્રાચાર્યે** જણાવેલ છે કે "(૧) જન્મ, ઘડપણ, રોગ, મરણ, શોક, દુઃખ અને ભય - આનાથી જે રહિત છે, (૨) રાગાદિસ્વરૂપ આગ જ્યાં બૂઝાઈ ગયેલ છે, (૩) જ્યાં શુદ્ધ સુખ વિદ્યમાન છે, તે મોક્ષરૂપે માન્ય છે.' (૧૪/૧૫)

ઉદાહરણ દેખાડઈ છઈ -

**દ્વયણુક મનુજ ♦કેવલ વળી✡ મતિમુખ દિઠ્ઠંત;**

**એ પ્રાયિક જેણિ દ્રવ્યથી, અણુપજ્જવ સંત ॥૧૪/૧૬॥ (૨૪૨) શ્રી જિન.**

**દ્વયણુક** કહતાં દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધ, તે સજાતીય દ્રવ્યપર્યાય કહિઈં, ૨ મિલી એક દ્રવ્ય ઉપનું તે માટઈં. **મનુજાદિપર્યાય** તે વિજાતીય દ્રવ્યપર્યાય ✦કહીએ. એ ૨ મિલી પરસ્પર ભિન્નજાતીય દ્રવ્યપર્યાય ઊપનો, તે વતી.

**કેવલ**જ્ઞાન તે સ્વભાવ ગુણપર્યાય, કર્મરહિતપણે માટઈં.

(**વલી, મતિમુખ**=) મતિજ્ઞાનાદિક (**દિઠ્ઠંત**) તે વિભાવ ગુણપર્યાય, ●કર્મતંત્રપણા માટઈં.

**એ** ચાર ભેદ પણિ **પ્રાયિક** જાણવા; (**જેણિ**=) જે માટઈં (**અણુપજ્જવ**=) ❖પરમાણુરૂપ દ્રવ્યપર્યાય તે એ ચારમાંહિ ન અંતર્ભવઈ. પર્યાયપણું તેહનઈં વિભાગજાત શાસ્ત્રિ કહિઉં છઈ. (તેથી તે **સંત** = સત્ય.)

**तदुक्तं *सम्मतौ* –**

**[1]'अणु' दुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुयं'ति ✠ववएसो।**

**तत्तो य पुण विभत्तो 'अणु'त्ति जाओ अणू होइ।। (स.त.३.३९) इत्यादि ॥१४/१६॥**

**परामर्शः**

**द्व्यणुकं नरादि केवल-मतिज्ञानादिकं यथाक्रममत्र।**

**उदाहरणं प्रायशः, परमाणुपर्ययाऽनिवेशात्।।१४/१६।।**

### ❋ ચાર પર્યાયના ઉદાહરણ ❋

**શ્લોકાર્થ** :- (૧) દ્વયણુક, (૨) મનુષ્યાદિ પર્યાય, (૩) કેવળજ્ઞાનાદિ તથા (૪) મતિજ્ઞાનાદિ અહીં ક્રમશઃ ઉદાહરણ જાણવા. પ્રાયઃ આ પ્રમાણે પર્યાયના પ્રકાર છે. કારણ કે પ્રસ્તુત પર્યાયવિભાગમાં પરમાણુપર્યાયનો પ્રવેશ કરવામાં આવેલ નથી. (૧૪/૧૬)

### ❋ સ્વભાવગુણપર્યાયને પ્રગટાવીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- ઉપરોક્ત ચારેય પ્રકારના પર્યાયમાંથી વિભાવગુણપર્યાયના માધ્યમથી

♦ કો.(૯)માં 'કેવલી' પાઠ.
✡ કો.(૧)માં 'કેવલ લહી' પાઠ.
✦ પુસ્તકોમાં 'પર્યાયમાંહિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
● પુસ્તકોમાં 'કર્મ પરતંત્ર...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
❖ લા.(૨)માં 'પરમાણુહૃદયરૂપ' પાઠ.
✠. પુસ્તકોમાં '**तस्स ववएसो**' પદ છે.
1. 'अणुः' द्व्यणुकैः द्रव्ये आरब्धे 'त्र्यणुकम्' इति व्यपदेशः। ततः च पुनः विभक्तः अणुः इति जातः अणुः भवति।।

સ્વભાવગુણપર્યાયને આપણે પ્રગટાવવાના છે. પરંતુ અનાદિકાળથી માત્ર બહારની જ રુચિ હોવાથી આ આત્મા પરને જ જાણવામાં રોકાઈ ગયો, અટવાઈ ગયો. શાસ્ત્રોનો અભ્યાસ પણ ઘણો કર્યો. શાસ્ત્રીય પદાર્થોની માહિતી ઘણી ભેગી કરી. સત્સંગ વગેરે પણ ઘણી વાર કર્યા. છતાં બહિર્લક્ષી જ જ્ઞાન કર્યું. પરંતુ અંદરમાં સ્વસન્મુખ થઈને પોતાને જ ન જાણ્યો. વિજ્ઞાનઘન, પરમશીતળ, પૂર્ણાનંદમય એવી પોતાની જાતને જ ઓળખી નહિ. પરજ્ઞેય તત્ત્વોના માહિતીજ્ઞાનમાં ડૂબીને, ખોવાઈને કાયમ પોતાની પાસે વિદ્યમાન-નિત્યસન્નિહિત એવો જાણનાર આત્મા જ અત્યંત વિસરાયો. જગત આખામાં ભટક્યો પણ જ્ઞાનનિધાનભૂત નિજ આત્માને જ ન ઓળખ્યો. કેવી મૂર્ખામી કરી ? **આનંદઘનજી** મહારાજ પણ ધર્મનાથ ભગવાનના સ્તવનમાં આ જ વાત કરે છે કે *'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય, જિનેસર !'* ખરેખર જાણનારને જ જાણ્યો નહિ. શાસ્ત્રોની લિપિનું વિજ્ઞાન મેળવવામાં કે શબ્દોની ગોઠવણી કરવામાં કે માનસિક કલ્પનાઓની હારમાળા રચવામાં વ્યગ્ર બનીને દ્વન્દ્વાતીત વિશુદ્ધ આત્માને અતીન્દ્રિય અનુભવના બળથી ન જ જાણ્યો. સ્વનો સાક્ષાત્કાર ન જ કર્યો. તેવી વ્યગ્રતાથી - વ્યસ્તતાથી કઈ રીતે શુદ્ધ આત્માનો અપરોક્ષ અનુભવ થાય ?

### ✡ લિપિમય-વાઙ્મય-મનોમય દૃષ્ટિથી આત્માનુભવ ન થાય ✡

પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ની એક કારિકાની વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે "ક્લેશશૂન્ય શુદ્ધ અપરોક્ષ એવા અનુભવ વિના, રાગ-દ્વેષાદિશૂન્ય શુદ્ધ આત્મસ્વરૂપને (૧) લિપિમયી દૃષ્ટિ (લિપિજ્ઞાન કે પુસ્તકીયું જ્ઞાન કે સંજ્ઞાક્ષરમય દૃષ્ટિ), (૨) વાઙ્મયી દૃષ્ટિ (વ્યંજનાક્ષરમયી દૃષ્ટિ કે ધર્મવાદાદિથી ઊભી થતી માન્યતા) કે (૩) મનોમયી દૃષ્ટિ (આત્મસંબંધી કલ્પના કે લબ્ધિઅક્ષરમય બોધ કે શાસ્ત્રદૃષ્ટિ) કઈ રીતે જાણી શકે ?" તેથી આત્માનુભવ માટે શાસ્ત્રદૃષ્ટિ કે ચર્મદૃષ્ટિ ઉપર મદાર બિલકુલ ન બાંધવો. તેનાથી સ્વાનુભૂતિ શક્ય નથી. તેથી જે જ્ઞાન વડે પરવસ્તુઓ જ્ઞેય બનાવાય છે, જે જ્ઞાન પરવસ્તુઓને જ્ઞેય = સ્વવિષય બનાવીને જાણે છે, તે જ જ્ઞાનને પોતાના અંતરમાં વાળીને, તે જ જ્ઞાનથી સ્વવસ્તુને = સ્વાત્મતત્ત્વને જ્ઞેય બનાવીને જાણવાનો પ્રયત્ન કરવો. પરમપવિત્રસ્વરૂપે, પૂર્ણાનંદમયરૂપે, શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડસ્વરૂપે સ્વાત્મતત્ત્વને તે જ જ્ઞાન વડે ઓળખવું. અધૂરા જ્ઞાનના આશ્રયે પૂર્ણજ્ઞાન પ્રગટતું નથી. તેથી પૂર્ણ જ્ઞાનસ્વભાવનો આશ્રય કરાવવા માટે અહીં મતિ-શ્રુત વગેરે ચાર અપૂર્ણ જ્ઞાનોને વિભાવગુણપર્યાય તરીકે કહ્યા છે.

### ❀ મતિજ્ઞાન વિભાવ છે, વિરુદ્ધભાવ નથી ❀

પરંતુ આત્માના ચૈતન્યસ્વભાવથી રાગાદિ વિભાવપરિણામો જેમ વિરુદ્ધ ભાવ છે, વિરુદ્ધ જાતના ભાવ છે તેમ મતિજ્ઞાન વગેરે કાંઈ વિરુદ્ધ ભાવ નથી. મતિ વગેરે પાંચેય જ્ઞાનો સમ્યગ્જ્ઞાનત્વ જાતિની અપેક્ષાએ તો આત્માના ચૈતન્યસ્વભાવને સજાતીય જ છે. આ રીતે પોતાના પરિશુદ્ધ-સ્થિર-શાશ્વત-પરિપૂર્ણજ્ઞાનમય આત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક સ્વદૃષ્ટિને સ્થિર કરતાં કરતાં, તે સિવાયના અન્ય તમામ દ્રવ્ય અને પર્યાય પ્રત્યે ઉદાસીન ભાવ કેળવતાં કેળવતાં સાનુબંધ સકામ નિર્જરાના પ્રભાવે નિજ શુદ્ધ સ્વભાવગુણપર્યાય પ્રગટ થાય છે. તે પ્રગટ થાય તો જ **(A)** અનાલંબન, **(B)** અમલ, **(C)** અચલ,

**(D)** અનુપાધિક, **(E)** અગમ્ય (ઈન્દ્રિય વગેરેનો અવિષય), **(F)** અનિન્દ્રિય (ઈન્દ્રિયભિન્ન), **(G)** અનુપમ, **(H)** અવ્યાબાધ (પીડાશૂન્ય), **(I)** અનાહાર, **(J)** અશરીર, **(K)** અક્રિય, **(L)** અજન્મ, **(M)** અજર, **(N)** અમર, **(O)** નિર્વિકલ્પ, **(P)** વીતરાગ, (Q) વીતદ્વેષ, (R) નિષ્પ્રકમ્પ, (S) અવિકાર, **(T)** અશોક, **(U)** નિષ્કલંક, **(V)** અનાકુળ, **(W)** અસંગ, **(X)** તર્ક અગોચર, **(Y)** શબ્દ અવિષય, **(Z)** અનાવૃત (પ્રગટ) એવા પોતાના આત્મદ્રવ્યનો અપરોક્ષ અનુભવ અવિચ્છિન્ન થવાથી તાત્ત્વિક આત્મકલ્યાણ થાય છે. આ ગંભીર વાત પ્રસ્તુત શ્લોક દ્વારા હિતોપદેશ રૂપે ગ્રહણ કરવા યોગ્ય છે.

### ❋ સિદ્ધસ્વરૂપને પ્રગટાવીએ ❋

આ હિતોપદેશને ગ્રહણ કરવાથી **બૃહન્નયચક્ર**માં = **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે છે. ત્યાં દિગંબર **માઈલ્લધવલે** જણાવેલ છે કે (૧) આઠ કર્મોનો નાશ થવાથી શુદ્ધ બનેલા, (૨) અશરીરી, (૩) અનંત સુખ અને જ્ઞાન દ્વારા સમૃદ્ધ બનેલા, (૪) પરમ પ્રભુત્વને પામેલા જે તે સિદ્ધ ભગવંતો છે, તે જ ખરેખર મુક્તાત્મા છે.' (૧૪/૧૬)

**ગુણવિકાર પજ્જવ કહી, દ્રવ્યાદિક કહંત;**
**♦સ્યૂં જાણઈ મનમાંહિં તે દેવસેન મહંત ॥૧૪/૧૭॥ (૨૪૩) શ્રી જિન.**

"**गुणविकाराः पर्यायाः**" - ઈમ **કહીનઈ**, તેહના ભેદનઈ અધિકારઈ "તે પર્યાય દ્વિભેદ - (૧) દ્રવ્યપર્યાય, (૨) ગુણપર્યાય" ઇત્યાદિક (=**દ્રવ્યાદિક કહંત**=) કહતો (**તે**) ***नयचक्रकर्ता दिगम्बर देवसेन*** (**મહંત**) **મનમાંહિં સ્યૂં જાણઈ** છઈ ? અર્થાત્ કાંઈ જાણતો નથી, પૂર્વાપરવિરુદ્ધ ભાષણથી.

તે માટઈ દ્રવ્યપર્યાય જ કહવા પણિ ગુણપર્યાય જુદો ન કહવો. એ પરમાર્થ✡ જાણવો.♦ ॥૧૪/૧૭॥

**પરામર્શઃ** **गुणविकाराः पर्यया इत्युक्त्वा द्रव्यपर्यायं वदन्।**
**किं जानाति मनसि ननु देवसेनो दिगम्बरः खलु।।१४/१७।।**

### ❀ ગુણવિકારસ્વરૂપ પર્યાયની મીમાંસા ❀

[redacted]:- 'ગુણના વિકાર પર્યાય કહેવાય' - આ પ્રમાણે કહીને ફરીથી દ્રવ્યના પર્યાયને જણાવતા દિગંબર દેવસેનજી પોતાના મનમાં શું જાણે છે ? [મતલબ કે દ્રવ્યવિકાર જ પર્યાય છે.] (૧૪/૧૭)

### ❈ વિકૃતિ પ્રકૃતિ ન બને ❈

[redacted] :- દ્રવ્યનો વિકારાત્મક પરિણામ એ જ પર્યાય હોવાથી આપણા વર્તમાન તમામ પર્યાયો આત્મદ્રવ્યની વિકૃતિ રૂપ જાણવા. વિકૃતિ એ દ્રવ્યની પ્રકૃતિ બની શકતી નથી. તથા વિકૃતિ કાયમ ટકી પણ શકતી નથી. દ્રવ્યવિકૃતિસ્વરૂપ પર્યાયોને રુચિપૂર્વક નિહાળવાથી જ આપણી રાગાદિ વિભાવદશા પ્રગટ થઈ છે. તથા આપણે જ આ રીતે આપણા આત્માને અશુદ્ધ કરેલ છે. તેથી હવે વિભાવદશાહેતુભૂત પર્યાયદૃષ્ટિને છોડી, શુદ્ધાત્મસ્વભાવને પ્રગટ કરવામાં સજ્જ એવી નિજાત્મસ્વભાવદૃષ્ટિને આત્મસાત્ કરવી જોઈએ. આ રીતે જ આત્મા શુદ્ધ-વિશુદ્ધ બની શકે.

### ⚚ પર્યાય ઉપર નહિ, દ્રવ્ય ઉપર ભાર આપો ⚚

આ અંગે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**ગ્રંથની એક ગાથા ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "જેમ વિભાવહેતુને પામીને આત્મા પોતાને જ અહીં અશુદ્ધ કરે છે, તેમ સ્વભાવને પામીને આત્મા પોતાને શુદ્ધ કરે છે." અહીં 'સ્વભાવ' શબ્દનો અર્થ 'નિજાત્મસ્વભાવદૃષ્ટિ' - આમ સમજવો. તેથી

♦ 'સ્યું = શું, કેવું'. જુઓ - **ઐતિહાસિક જૈનકાવ્યસંગ્રહ** (સંપા.અગરચંદ નાહટા)
✡ આ.(૧)માં 'એ ૨ કહિતાં ભેલો નથી દિસતૌ. દેવસેનજી નયચક્રકર્તા. માટૈં દ્રવ્ય ગુણ એક જ કહેવાં. ગુણપર્યાય જુદો નથી માટૈં દ્રવ્યપર્યાય કહેવા.' પાઠ.
♦ ફક્ત લા.(૨)માં 'જાણવો' પાઠ.

આપણા પ્રશસ્ત કે અપ્રશસ્ત પર્યાય ઉપર બહુ ભાર આપવાના બદલે તે પર્યાય જેમાંથી પ્રગટ થાય છે એવા મૂળભૂત શુદ્ધ દ્રવ્ય તરફ આપણી દૃષ્ટિને સ્થિર કરવા જેવી છે.

### ❖ રાગાદિ આત્માનો વિભાવ પણ નથી જ ❖

વાસ્તવમાં તો આત્મદ્રવ્યમાં વિભાવપરિણામ છે જ નહિ. જેમ શિખંડમાં જે ખટાશ જણાય છે, તે સાકરનો વિભાવ નથી પણ દહીંનો જ સ્વભાવ છે, તેમ સંસારી જીવમાં જે રાગાદિ પરિણામ જણાય છે, તે આત્મદ્રવ્યનો વિભાવ નથી પણ કર્મપુદ્ગલદ્રવ્યનો જ સ્વભાવ છે. એક દ્રવ્યના સ્વભાવને બીજા દ્રવ્યનો વિભાવ કઈ રીતે કહી શકાય ? તેવું પ્રતિપાદન કરવું જરાય વ્યાજબી નથી. 'રાગાદિ આત્માની વિભાવદશા છે, વિભાવપરિણામ છે' - આવો પક્ષ કે વ્યવહાર તો અજ્ઞાની-મિથ્યાત્વી લોકોનો સમજવો. આત્મજ્ઞાની ક્યારેય રાગાદિને આત્માના વિભાવ તરીકે સ્વરસથી જણાવે જ નહિ. ક્યારેક શાસ્ત્રજ્ઞ લોકો રાગાદિને આત્માના વિભાવ તરીકે જણાવે તો તે અજ્ઞાની લોકોને પ્રતિબોધ કરવાના તાત્પર્યથી બોલાયેલ છે - તેમ સમજવું. અનાર્યભાષા આર્યપુરુષ સ્વરસતઃ ન બોલે. પણ ક્યારેક અનાર્યને સમજાવવા માટે જેમ અનાર્યભાષાનો ઉપયોગ આર્યપુરુષ કરે છે, તેમ 'આત્મામાં અવાર-નવાર જણાતા હોવાથી રાગાદિ આત્માનો જ સ્વભાવ છે' - તેવું માનતા એવા અજ્ઞાની લોકોને સમજાવવા માટે, રાગાદિ-આત્મસ્વભાવપક્ષ છોડાવવા માટે શાસ્ત્રકારો ક્યારેક રાગાદિને આત્માના વિભાવ તરીકે ઓળખાવે છે.

### ❁ ક્રિયાયોગીનો મોક્ષમાર્ગે વિકાસ ❁

'રાગાદિની આત્મામાં જ પ્રતીતિ થતી હોવાથી તે આત્માનો જ સ્વભાવ છે' - આવું અનુસંધાન કરતાં અજ્ઞાની લોકોને સીધેસીધું 'રાગાદિ પુદ્ગલનો સ્વભાવ છે' - તેવું કહેવામાં આવે તો તેઓને શાસ્ત્રવેત્તા મનીષીઓ ઉપર જ અવિશ્વાસ થઈ જાય. પોતાનો અનુભવ ભ્રાન્ત છે - તેવું તેઓ સમજતા નથી. તેથી તેઓને 'રાગાદિ પુદ્ગલસ્વભાવ છે' - તેવું કહેવું યોગ્ય નથી. માટે 'રાગાદિ આત્મસ્વભાવ છે' - તેવી તેઓની માન્યતા છોડાવવાના આશયથી શાસ્ત્રકારો ઉપચારભાષાસ્વરૂપ વચલા માર્ગને શોધીને રાગાદિને આત્માના વિભાવપરિણામ તરીકે જણાવે છે. તેવું સાંભળીને ક્રિયાયોગી જીવને એવી દૃષ્ટિ પ્રગટે છે કે 'મારો આત્મા રાગાદિ વિભાવ પરિણામથી વર્તમાનકાળમાં લેપાયેલ છે. તેથી સમ્યક્ ક્રિયા, ભગવદ્ ભક્તિ, તપ વગેરે દ્વારા મારે આત્માને રાગાદિશૂન્ય કરવો જોઈએ.' આવી વ્યવહારદૃષ્ટિથી ક્રિયાયોગી મોક્ષમાર્ગમાં આગળ વધે છે. વાસ્તવમાં રાગ નથી આત્માનો સ્વભાવ કે નથી વિભાવ.

### ❉ જ્ઞાનયોગની અભિરુચિને ઓળખીએ ❉

પરંતુ આત્મજ્ઞાની એવું સમજે છે કે 'રાગ વગેરેને આત્માના વિભાવપરિણામ કહેવા માત્રથી તે રાગાદિ આત્માના પરિણામ બનતા નથી. કારણ કે પરમાર્થથી તો રાગાદિ નથી આત્માનો સ્વભાવ કે નથી આત્માનો વિભાવ. રાગાદિ કર્મપુદ્ગલોનો જ સ્વભાવ છે. તેથી ત્રણેય કાળમાં આત્મા રાગ વગેરેથી લેપાયેલો નથી જ. આત્મા તો સર્વદા શુદ્ધ જ છે, અસંગ જ છે.' આવી નિશ્ચયદૃષ્ટિથી આત્મજ્ઞાની સાધક મોક્ષમાર્ગમાં પૂરપાટ દોટ મૂકે છે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ની એક કારિકાની વાચકવર્ગે વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે "નિશ્ચયથી આત્મા અલિપ્ત છે. તથા વ્યવહારથી આત્મા રાગાદિ વડે લેપાયેલ છે. જ્ઞાની અલિપ્તદૃષ્ટિથી શુદ્ધ થાય છે. ક્રિયાવાન્ 'આત્મા રાગાદિથી લેપાયેલ છે. તો હવે હું તેને શુદ્ધ કરું' - તેવી દૃષ્ટિથી શુદ્ધ થાય છે."

### ❦ જ્ઞાનમાં અનેકાંત, દૃષ્ટિમાં સમ્યગ્ એકાંત ❦

આ રીતે 'મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહારમય અનેકાંતસ્વરૂપ છે' - આ પ્રમાણે જ્ઞાન દ્વારા જાણી સાધક પોતાના જ્ઞાનને પ્રમાણભૂત બનાવે. પછી પોતાની સાધકદશાને વધારવા 'રાગાદિ કર્મપુદ્ગલનો જ સ્વભાવ છે, મારો નહિ' - તેવું પ્રણિધાન કરીને પોતાની દૃષ્ટિને સમ્યગ્ એકાંતસ્વરૂપ બનાવવી. આમ જ્ઞાનને અનેકાંતસ્વરૂપ તથા પોતાની દૃષ્ટિને = શ્રદ્ધાને સમ્યક્ એકાંતસ્વરૂપ બનાવવાથી તાત્ત્વિક શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. તે તાત્ત્વિક શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ રાગ-દ્વેષજનક ન હોવાથી અને રાગ-દ્વેષરહિત હોવાથી ઝડપથી મોક્ષમાર્ગે આપણને આગળ ધપાવે છે. માટે તમામ પ્રવૃત્તિ કરતી વખતે આપણી દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ-પ્રીતિ-લાગણી એ અસંગ-અમલ-અખંડ-અવિનાશી આત્મદ્રવ્ય ઉપરથી ક્યારેય પણ ખસી ન જાય તેનું દૃઢ પ્રણિધાન કરવાની પ્રેરણા અહીં પ્રાપ્ત કરવા જેવી છે. એ સાવધાની રાખવાથી **પંચાસ્તિકાયવૃત્તિ**માં દર્શાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં **અમૃતચંદ્રાચાર્યે** જણાવેલ છે કે 'જીવને અત્યંત શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ સ્વરૂપ તથા જીવની સાથે ચોંટેલા કર્મપુદ્ગલોનો સર્વથા વિયોગ થવા સ્વરૂપ મોક્ષ છે.' (૧૪/૧૭)

**ઈમ જે♦ દ્રવ્યાદિક પરખિઆ, રાખી ગુરુઆણ✡;**
**ઊવેખી બહુ §તનુમતિ, અવગણિઅ અજાણ ॥૧૪/૧૮॥ (૨૪૪) શ્રી જિન.**

**ઈમ** (જે **દ્રવ્યાદિક**=) દ્રવ્ય-ગુણ-પર્યાય **પરખ્યા**, સ્વરૂપ-લક્ષણ-ભેદાદિકઈં કરી. **ગુરુઆણ** કહતાં ગુરુપરંપરાની આજ્ઞા **રાખીનઈં**, (**બહુ**=) ઘણા **તનુમતિ** જે તુચ્છ બુદ્ધિના ધણી, તેહનઈં ઊવેખીનઈં, **અજાણ** નઈં♦ કદાગ્રહી, તેહનઈં **અવગણીનઈં** નિરાકરીનઈં. ॥૧૪/૧૮॥

परामर्शः **द्रव्य-गुण-पर्यया इति, परीक्षिता रक्षिता च गुर्वाज्ञा।**
**उपेक्ष्य बहुतुच्छमतीन् कदाग्रहिणो निरस्य चैव॥१४/१८॥**

### ❦ દ્રવ્ય-ગુણ-પર્યાયની પરીક્ષા ❦

**શ્લોકાર્થ** :- આ રીતે અત્યંત તુચ્છ મતિવાળા લોકોની ઉપેક્ષા કરીને તથા કદાગ્રહી જીવોનું નિરાકરણ કરીને ઉપરોક્ત રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયની પરીક્ષા કરવામાં આવી છે. તથા ગુર્વાજ્ઞાનું રક્ષણ કરવામાં આવેલ છે. (૧૪/૧૮)

### ❈ શક્તિના દુર્વ્યયથી બચીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- અત્યંત તુચ્છ બુદ્ધિવાળા લોકો સાથે વાદવિવાદ કરવામાં આવે તો સમય, શક્તિ વગેરેની નુકસાની સિવાય બીજું કોઈ સારું તાત્ત્વિક ફળ આવવાની આશા રાખી શકાતી નથી. તેથી અતિ તુચ્છ મતિવાળા જીવોની કાયમ માટે ઉપેક્ષા કરવી જોઈએ. તથા પવિત્ર આગમિક પરંપરાનો અપલાપ કે ઉચ્છેદ કરવા માટે તૈયાર થયેલા કદાગ્રહી જીવોના કદાગ્રહનું તો મધ્યસ્થ ભાવે અવસરે નિરાકરણ પણ કરવું જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ જિનવચનની રક્ષા અને જિનવચનનો વિનિયોગ થઈ શકે છે. આના પ્રભાવે આપણને આ-લોકમાં અને પર-લોકમાં ખરા અર્થમાં શાસનપ્રભાવના કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થાય છે તથા જિનશાસન, જિનવચન, સદ્ગુરુ, સંયમ વગેરેની પ્રાપ્તિ થાય છે. આ હકીકત પણ આડકતરી રીતે અહીં સૂચવાયેલ છે. તથા તે સંયમાદિના બળથી **સંવેગરંગશાળા**માં વર્ણવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં શ્રી**જિનચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતોને ફરીથી ક્યારેય ઈચ્છા ઊભી થતી નથી. તેથી તેમની પાસે જે ઔત્સુક્યની નિવૃત્તિ છે, તે સર્વકાલીન છે, ઐકાન્તિક = અવશ્યંભાવી છે તથા આત્યન્તિક = સંપૂર્ણ છે. તેથી સિદ્ધ ભગવંતો પાસે પરમસુખ હોય છે.' (૧૪/૧૮)

---

♦ પુસ્તકોમાં 'જે' નથી. ફક્ત કો.(૧૧)માં છે.

✡ કો.(૯)+સિ.માં 'ગુરુની આણ' પાઠ.

§ મો.(૨)માં 'મતીતનુ' પાઠ.

♦ પુસ્તકોમાં 'જે ક...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**જે દિન દિન ઈમ $^{\S}$ભાવસ્યઈ, દ્રવ્યાદિ વિચાર;**
**તે લહસ્યઈ જસસંપદા, સુખ સઘલાં સાર ॥૧૪/૧૯॥ (૨૪૫) શ્રી જિન.**

જેહ એ અર્થવિચાર♦ (**ઈમ**) **દિન દિન** પ્રતિં *નિત્ય નિત્ય* (**દ્રવ્યાદિ**=) દ્રવ્ય-ગુણ-પર્યાય વિચારરૂપ **ભાવસ્યઈ**, **તે**હ જીવ✿ પ્રાણીઆ **યશની સંપદા** પામસ્યઈ. તથા **સઘલાં** (**સાર**) **સુખ** (**લહસ્યઈ**=) પામસ્યઈ નિશ્ચયે. ▸એહવો શ્રીજિનવાણીનો મહિમા જાણવો.◂ ॥૧૪/૧૯॥

**પરામર્શઃ** **गुणविकाराः पर्यया इत्युक्त्वा द्रव्यपर्यायं वदन्।**
**किं जानाति मनसि ननु देवसेनो दिगम्बरः खलु।।१४/१९।।**

### ❦ તત્ત્વવિચારણાથી સુયશ મળે ❦

[illegible] :- આ પ્રમાણે જે જીવ રોજ દ્રવ્યાદિ તત્ત્વની વિચારણા કરશે તે ખરેખર સુયશની સંપત્તિને અને તમામ સુખને ચોક્કસ પ્રાપ્ત કરશે. (૧૪/૧૯)

### 卐 યશ નહિ, સુયશ મેળવો 卐

[illegible] :- દ્રવ્યાનુયોગના અભ્યાસથી બુદ્ધિ સૂક્ષ્મ થાય છે અને શુદ્ધ એવા આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયને ગ્રહણ કરવામાં પટુ = કુશળ બને છે. તથા આત્માર્થી જીવ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે તો તેની પ્રજ્ઞા તટસ્થ = મધ્યસ્થ પણ બને છે. આવી સૂક્ષ્મ અને મધ્યસ્થ બુદ્ધિના પ્રભાવે દ્રવ્યાનુયોગની વિચારણા સુયશને = સુંદર યશને અપાવે છે. આ યશના કારણે બીજા જીવોને ધર્મમાર્ગે સરળતાથી જોડી શકાય છે. તેમજ કોઈક નબળા કર્મના ઉદયથી આપણને ખરાબ પ્રવૃત્તિ કરવાનો વિચાર જાગે તો તેનાથી અટકવાનું બળ પણ સુંદર યશના પ્રભાવે પ્રાપ્ત થાય છે. મતલબ કે 'મારું નામ આટલું પ્રસિદ્ધ છે અને હું આવું કામ કરીશ તો લોકોને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઉઠી જશે' - આવું વિચારી દ્રવ્યાનુયોગઅભ્યાસી અકાર્ય કરવાથી પાછો ફરે છે. આ રીતે યશ-કીર્તિ સ્વ-પરને આધ્યાત્મિક લાભ અપાવનાર હોવાથી યશનું 'સુ' એવું વિશેષણ અહીં લગાડવામાં આવેલ છે. શાતાવેદનીય વગેરેના ઉદયથી ઉત્પન્ન થનારું સુખ તો તેને મળે જ છે પરંતુ મોહનીય કર્મના ક્ષય વગેરેથી ઉત્પન્ન થનારું સુખ પણ તે અવશ્ય પ્રાપ્ત કરે છે. આવું જણાવવા દ્વારા દ્રવ્યાનુયોગની નિત્ય વિચારણા કરવા માટે અહીં આધ્યાત્મિક પ્રેરણા ગ્રંથકારશ્રીએ કરેલ છે.

§ B(૨)માં 'અભ્યસઈ' પાઠ.
♦ પુસ્તકોમાં 'વિચાર' પાઠ નથી. કો.(૯)માં છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
✿ ફક્ત લા.(૨)માં જીવ પ્રાણીઆ પાઠ.
▸...◂. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

## માત્ર યુક્તિમાં ગળાડૂબ ન થઈએ

પરંતુ દ્રવ્યાનુયોગસંબંધી જે જે યુક્તિઓ અહીં દર્શાવેલ છે, તેમાં જ માત્ર ગળાડૂબ ન બનવું. પરંતુ પોતાના વિશુદ્ધ આત્મતત્ત્વના અનુભવનો પ્રવાહ સ્ખલિત ન થાય, તે માટે સતત પ્રયત્ન કરવો. કારણ કે **જ્ઞાનસાર**માં તથા **અધ્યાત્મઉપનિષદ્**માં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'ઈન્દ્રિયોથી જાણી ન શકાય એવો શુદ્ધ આત્મા, વિશુદ્ધ અનુભવ સિવાય, શાસ્ત્રોની સેંકડો યુક્તિઓથી પણ જાણી ન શકાય.' તે વિશુદ્ધ સ્વાનુભવના બળથી પોતાની આત્મશુદ્ધિ પરાકાષ્ઠાને પામે તો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં દર્શાવેલ સિદ્ધગતિ ઝડપથી પ્રાપ્ત થાય છે. ત્યાં સિદ્ધગતિ અંગે જણાવેલ છે કે 'જ્ઞાન-દર્શનઉપયોગવાળા, સંસારના પારને પૂર્ણતયા પામેલા તે તમામ સિદ્ધ ભગવંતો લોકના એક ભાગમાં શ્રેષ્ઠ સિદ્ધિગતિને પામેલા છે.' (૧૪/૧૯)

❈ ચૌદમી શાખા સમાપ્ત ❈




द्रव्यानुयोगपरामर्शः शाखा-१६

ज्ञानमाहात्म्यम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૫

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१५

ज्ञानमाहात्म्यम्

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૫ :

અહીં ગ્રંથકારશ્રી દ્રવ્યાનુયોગના માહાત્મ્યને જણાવે છે.

દ્રવ્યાનુયોગ એ જિનવચનમાં સારભૂત હોવાથી તેના ઊંડા અભ્યાસની ઝંખના રાખવી.(૧૫/૧-૧)

શ્રોતા ત્રણ પ્રકારના હોય છે. બાલ જીવ બાહ્ય વેશને જુવે છે. મધ્યમબુદ્ધિવાળા ક્રિયામાં તત્પર છે. ઉત્તમ પુરુષ જ્ઞાનના રસિયા છે. આપણો નંબર ઉત્તમ પુરુષમાં જોડવો જોઈએ. (૧૫/૧-૨)

ક્રિયા આગિયા જેવી અને જ્ઞાન સૂર્ય જેવું છે. આમ ક્રિયા કરતાં જ્ઞાન ચઢિયાતું છે. (૧૫/૧-૩)

ક્રિયાથી થતો કર્મનાશ દેડકાના ચૂર્ણ જેવો છે, જેમાંથી ફરી દેડકા પેદા થાય. જ્ઞાનથી થતો કર્મનાશ દેડકાની રાખ જેવો છે. તેમાંથી દેડકા (=કર્મો) પેદા થતા નથી. માટે જ્ઞાનમાં યત્ન કરવો.(૧૫/૧-૫)

સમ્યગ્ જ્ઞાન આવે પછી જીવ ક્યારેય મિથ્યાત્વ વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો નથી. (૧૫/૧-૬)

'સંવિગ્ન ઉત્કૃષ્ટ ગીતાર્થ અને કેવળજ્ઞાની - બન્ને તત્ત્વોપદેશક જ્ઞાનની અપેક્ષાએ સમાન જ છે' - આવું **બૃહત્કલ્પભાષ્ય**નું વચન જાણી જ્ઞાનની શ્રેષ્ઠતાને સમજવી.(૧૫/૧-૭)

જ્ઞાન આત્માનો શ્રેષ્ઠ ગુણ છે. તે ભવસાગર તરવા માટે વહાણ છે તથા મિથ્યાબુદ્ધિરૂપી અંધકારનો નાશક મહાપ્રકાશ છે. (૧૫/૧-૮)

જે જ્ઞાન અને ક્રિયા બન્નેમાં ઉદ્યમી છે તેમના ગુણાનુરાગ દ્વારા સદ્ગુણો મેળવવા.(૧૫/૨-૧)

જ્ઞાનમાં વિકાસ ન જ થાય તો તેવા સાધુ જો જ્ઞાની ગુરુને શરણે રહી તેમની ભક્તિ કરે તો તેઓ પણ મોક્ષમાર્ગમાં જ રહેલા છે. માટે જ્ઞાનની અવેજીમાં ગુરુભક્તિમાં તત્પર રહેવું.(૧૫/૨-૨)

માત્ર બાહ્યવેશધારી હઠવાદમાં આસક્ત સાધુ પરમાર્થથી જિનશાસનને પામી શકતા નથી. (૧૫/૨-૩)

કપટી જીવો પોતાના દોષના બદલે ગુરુના દોષોને જુવે, તેમની નિંદા કરે તો પાપશ્રમણ તરીકે તેના જીવનમાં માત્ર આત્મવિડંબના જ રહે છે. માટે આ બાબતમાં સાવધ રહેવું. (૧૫/૨-૪)

માયાવી સાધુઓ શાસનપ્રભાવનાના નામે સ્વપ્રભાવના કરે છે. તે પ્રવૃત્તિ દૂરથી જ ત્યાજ્ય છે. (૧૫/૨-૫)

બહિર્મુખી સાધુઓ અજ્ઞાનીના ટોળામાં જીવીને અંધ વ્યક્તિની જેમ ભવાટવીમાં પડે છે.(૧૫/૨-૬)

પોતાના ઉત્કર્ષને ઈચ્છતા જીવો બીજા ગુણવાનની ઉપેક્ષા અને તેમના નાના દોષોની નિંદામાં પડે છે. પરમાર્થથી તેઓ પોતાના જ પગ પર કુહાડો મારે છે. (૧૫/૨-૭)

તેવા જીવો લોકપ્રિય અને ગુણપ્રિય વ્યક્તિના ગુણાનુવાદ દ્વારા તેમની વચ્ચે સ્થાન મેળવવાનો પ્રયત્ન કરે છે અને તે માટે માયાના શરણે જાય છે. (૧૫/૨-૮)

તેવા સાધુ જિનશાસનને નુકસાન કરે છે. માટે તેમનો ત્યાગ કરવો. (૧૫/૨-૯)

જ્ઞાનીવચનથી ઝેર પણ અમૃત બને. અજ્ઞાનીની વાણીનું અમૃત પણ વિષતુલ્ય છે. (૧૫/૨-૧૦)

જે ક્રિયામાં પાછળ હોય તે જ્ઞાનને મુખ્ય કરીને સંસાર તરે છે. માટે ક્રિયામાં ઉણપ હોય તો ઉત્સૂત્રપ્રરૂપણાથી બચી, નમ્રતા દ્વારા સંવિગ્નપાક્ષિકપણું ટકાવી મોક્ષમાર્ગે આગળ વધવું. (૧૫/૨-૧૧)

શ્રાવક પાસે ચારિત્ર નથી. તેથી તે જ્ઞાનને મુખ્ય બનાવે છે. ભાવસાધુ તો જ્ઞાન અને ક્રિયા બન્ને દ્વારા આગળ વધે છે. (૧૫/૨-૧૨)

**આવશ્યકનિર્યુક્તિ**માં 'જ્ઞાન મુખ્ય છે' - તેમ જણાવેલ છે. તેથી યથાશક્તિ આચારપાલનની સાથે સમ્યગ્ જ્ઞાન દ્વારા મોક્ષમાર્ગે આગળ વધવું. (૧૫/૨-૧૩)

ઢાળ - ૧૫ - દુહા

**ગુરુ-શ્રુત-અનુભવબલ થકી, કહિઓ દ્રવ્યઅનુયોગ;**
**એહ સાર જિન વચનનો♦, એહ પરમપદભોગ ॥૧૫/૧-૧॥ (૨૪૬)**

ગુરુ કહતાં ગુરુઉપદેશ, **શ્રુત** = શાસ્ત્રાભ્યાસ, **અનુભવબલ** = ✡સામર્થ્યયોગ. (**થકી**=) તેહથી એહ **દ્રવ્યાનુયોગ કહિઓ**.

**એહ** સર્વ ✠**જિનવચનનો**□ **સાર** છઈ. એહ જ **પરમપદ** કહિઈં મોક્ષ, તેહનો **ભોગ** છઈ. જે માટઈં એ દ્રવ્યાદિ વિચારઈ શુક્લધ્યાનસંપદાઈં મોક્ષ પામિઈ. *તે સત્યાર્થ.* ॥૧૫/૧-૧॥

---

परामर्शः

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - १५ भूमिका (आर्याच्छन्दः)**

**गुरु-श्रुतानुभवबलात् कथितो द्रव्यानुयोगः सुयोगः।**
**स च सारो जिनवचसः परपदभोग ईतिवियोगः।।१५/१-१।।**

---

• અધ્યાત્મ અનુયોગ •

**卐 પંદરમી શાખાની પૂર્વભૂમિકા 卐**

[redacted] :- ગુરુદેવ, શ્રુત અને અનુભવ - આ ત્રણના બળથી દ્રવ્યાનુયોગ નામનો સુંદર યોગ આ રીતે કહેવાયો. તે દ્રવ્યાનુયોગ એ જ જિનવચનનો સાર છે. દ્રવ્યાનુયોગ એ જ પરમપદનો ભોગવટો છે. તથા દ્રવ્યાનુયોગ એ જ ઉપદ્રવનો વિયોગ છે. (૧૫/૧-૧)

**❊ આગમનો સાર દ્રવ્યાનુયોગ ❊**

[redacted] :- (૧) કોઈ પણ પદાર્થનું નિરૂપણ ગુરુ-ઉપદેશ, શ્રુત-ઉપદેશ અને અનુભવના બળથી કરવામાં આવે તો તે નિરૂપણ સમ્યગ્ બને છે, અપ્રતિક્ષેપ્ય બને છે. તેથી ઉપરોક્ત ત્રણેય પરિબળોનો સમન્વય કરીને જ કોઈ પણ શાસ્ત્રીય પદાર્થનું નિરૂપણ કરવાનું વલણ કેળવવાની પાવન પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. (૨) છાશ પીએ અને દહીં-છાશ વલોવીને કાઢેલું માખણ ફેંકી દે તેવો સશક્ત હોજરીવાળો કોઈ પણ માણસ મૂરખ ગણાય છે. તેમ સરળ આગમનો ઓઘથી = સામાન્યતઃ અભ્યાસ કરે પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ શક્તિ હોવા છતાં ન કરે તો તેવા સાધકની ગણના પણ મૂરખમાં થવા લાગે છે. (૩) મોક્ષને ઝડપથી મેળવવા અને સમ્યગ્દર્શનાદિના બાધક તત્ત્વોનું નિવારણ કરવા માટે પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ માત્ર ઈચ્છનીય નહિ પરંતુ આવશ્યક પણ છે. આવી

---

♦ પુસ્તકોમાં 'વચનનું' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✡ લા.(૨)માં 'સામગ્રીયોગ' પાઠ.

✠ B(૨)માં 'જિનવચન તે વીતરાગપ્રણીત સાર્ગનું સાર' પાઠ.

□ પુસ્તકોમાં 'વચનનું' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

ત્રણેય બાબતને લક્ષમાં રાખીને દ્રવ્યાનુયોગનો ઊંડો અભ્યાસ કરવાની પ્રત્યેક આત્માર્થી જીવે પ્રબળ ઝંખના રાખવી જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક આપે છે.

### ❋ સદ્ગુરુસાન્નિધ્યમાં ગ્રંથિભેદ કરીએ ❋

ઉપર મૂળ ગ્રંથમાં ગુરુદેવના ઉપદેશથી દ્રવ્યાનુયોગના નિરૂપણની વાત જણાવી છે, તે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. સાધકજીવનમાં સદ્ગુરુનું ખૂબ મહત્ત્વ છે. પરંતુ ગુરુદેવને ચામડાની આંખે બહારથી જોવાના બદલે યોગદષ્ટિસ્વરૂપ પોતાની આંતર ચક્ષુથી તેમના અંતરંગ સ્વરૂપનું દર્શન કરવું. તેમની અસંગ અને અલિપ્ત, સ્વસ્થ અને સરળ, પ્રશાંત અને પવિત્ર, તારક અને તૃપ્ત, વિમલ અને વિરક્ત એવી ચિત્તવૃત્તિના જ્ઞાનચક્ષુથી દર્શન કરવા એ અવંચકયોગ છે. શાસ્ત્રજ્ઞાનના આધારે નહિ પણ આંતરિક યોગદષ્ટિના આધારે અવંચકયોગ પ્રગટે છે. પોતાની પાત્રતાના-શુદ્ધિના આધારે સાધક સદ્ગુરુની પાત્રતાને -તારકતાને ઓળખી શકે છે. સમ્યક્ જ્ઞાન અને સદાચાર - બન્નેથી સુશોભિત અને સ્વાનુભૂતિથી સંપન્ન એવા સદ્ગુરુને ઉપરોક્ત અવંચકયોગથી ઓળખીને-મેળવીને તેમના જ પાવન સાન્નિધ્યમાં ગ્રંથિભેદ વગેરેનો તીવ્ર પુરુષાર્થ કરવો. શક્ય હોય તો આ પુરુષાર્થ નૈસર્ગિક અને નીરવ સ્થળમાં થાય તો વધુ સારું. જઘન્યથી છ માસ સુધી અહીં બતાવ્યા મુજબ નિરંતર પ્રયાસ કરવો. આ સાધના સમય દરમ્યાન (૧) ધાર્મિક સમારંભો-આયોજનો-કાર્યક્રમો ન યોજવા. (૨) લોકસંપર્ક - લોકપરિચય ટાળવો. (૩) હળવું-મળવું-ફરવું-બિનજરૂરી વાતચીત વગેરે નિરર્થક પ્રવૃત્તિઓ છોડવી. (૪) વ્યર્થ વિચારવાયુ, કલ્પનાના તરંગો, વિકલ્પોની હારમાળા વગેરેમાં અટવાઈ ન જવું. આટલી સાવધાની આ સાધના દરમ્યાન રાખવી. તે સમયગાળા દરમ્યાન પઠન-પાઠનાદિમાં સતત વ્યસ્ત રહેવાના બદલે અંતરમાં શાસ્ત્રસંન્યાસને ધારણ કરવો. ત્યારે નવા-નવા શાસ્ત્રો વાંચવામાં અટકવાના બદલે જરૂર પડે સદ્ગુરુના વચનામૃતોનું પાન કરવું. શાસ્ત્રવ્યસની ન બનવું. કારણ કે આ અંતરંગ સાધનામાં મનને વિચારોથી, વિકલ્પોથી કે શાસ્ત્રીય માહિતીથી ભરવાનું નથી પરંતુ એ તમામથી ખાલી કરવાનું છે.

### ✡ નવ પ્રકારે અંતરંગ પુરુષાર્થ કરીએ ✡

(૧) શાસ્ત્રસંન્યાસને સ્વીકારીને પ્રમાદને પરવશ થવાનું નથી કે ગપ્પા મારવાના નથી પણ પોતાના પરમાત્મપદને પરિપૂર્ણપણે પ્રગટ કરવાનું અંતરમાં દૃઢ પ્રણિધાન, પ્રબળ સંકલ્પ કરીને પોતાની મૂળભૂત પ્રકૃતિને સતત જોવી.

(૨) પોતાના અંતરંગ ભાવોનું વારંવાર પરીક્ષણ કરવું.

(૩) 'શરીરાદિથી આત્મા જુદો છે' - તેવા ભેદવિજ્ઞાનનો નિરંતર અભ્યાસ કરવો.

(૪) નિજ શુદ્ધ આત્માનું દીર્ઘ કાળ સુધી ધ્યાન કરવું.

(૫) રોજ ત્રિકાળ ઓછામાં ઓછો એક-એક કલાક કાયોત્સર્ગ સાધના કરવી. બપોરે ભોજન પછી નિદ્રાધીન થવાના બદલે ઊભા-ઊભા કાઉસગ્ગ કરવો. કાયોત્સર્ગમાં લોગસ્સ વગેરે બોલવાના બદલે પોતાના પ્રશાંત-વીતરાગ-પરમનિર્વિકાર-નિષ્કષાય ચૈતન્યસ્વભાવમાં સ્થિર થવાનો ગુરુગમથી પ્રયત્ન કરવો એ આ સાધનામાં વધુ હિતકારી છે.

(૬) ધ્યાન, કાયોત્સર્ગ સિવાયના સમયે કે જીવનનિર્વાહ માટે જરૂરી ભોજનાદિ પ્રવૃત્તિ કરવાના

સમયે પોતાના અણાહારી-અસંગ-અલિપ્ત-અમૂર્ત-અક્રિય-અનંતાનંદમય શુદ્ધ = કર્મમુક્ત ચૈતન્યસ્વરૂપનું અનુસંધાન વારંવાર કરતા રહેવું. ધ્યાન-કાયોત્સર્ગાદિ સાધના કરતાં પણ બાકીના સમયમાં જે નિજ શુદ્ધસ્વરૂપનું અનુસંધાન થાય તેનું મહત્ત્વ અનેકગણું વધારે છે. તે અનુસંધાનથી ઔદયિકભાવસ્વરૂપ ઝેરમાં તે જ સમયે ક્ષાયોપશમિક ભાવનું અમૃત ભળે છે. તે ઝેરની તાકાતને તોડે છે.

(૭) ભોજન, શયન, હલન-ચલન, વસ્ત્રપરિધાન, વાત-ચીત, શ્રવણ, શૌચક્રિયા, તત્ત્વચિંતન વગેરે પ્રવૃત્તિમાં પણ કર્તૃત્વ-ભોક્તૃત્વભાવને છોડી અસંગ સાક્ષીભાવનો અભ્યાસ કરવો.

(૮) અંતરમાં શુદ્ધ ચૈતન્યના રંગે રંગાયેલ આનંદ, શાંતિ, શીતળતા, પ્રસન્નતા, સ્વસ્થતા, હળવાશ વગેરેની જે અનુભૂતિ થાય, તેનો ભોગવટો કરવામાં રોકાવાના બદલે 'હું આત્મીય આનંદ, શાંતિ વગેરેનો કેવળ જ્ઞાતા છું' - આવા જ્ઞાતાભાવનો દીર્ઘ અભ્યાસ કરવો.

(૯) 'આત્મીય આનંદ આદિનો હું માત્ર દૃષ્ટા છું' - આવા દૃષ્ટાભાવનો અભ્યાસ કરીને તે આનંદાદિમાંથી પણ નિર્લેપપણે પસાર થઈ જવું.

### ❋ દેહાદિભિન્ન સ્વરૂપે આત્માને અનુભવીએ ❋

ઉપરોક્ત નવ પ્રકારની સાધનાનો અભ્યાસ જેમ જેમ વધતો જાય તેમ તેમ તે પરિપક્વ બને છે, બળવાન બને છે. તેના બળથી સાધક પ્રભુ એવો અનુભવ કરે છે કે '(૧) શરીર, (૨) ઈન્દ્રિય, (૩) અંતઃકરણ, (૪) વચન, (૫) વિચાર, (૬) ઈષ્ટાનિષ્ટ વિકલ્પ, (૭) રાગાદિ વિભાવ પરિણામો, (૮) શ્વાસ-ઉચ્છ્વાસ આદિ ક્રિયા, (૯) જ્ઞાનાવરણાદિ કર્મ તથા (૧૦) રોગ, ઘડપણ, કાળાશ-ઉજળાશ -લાંબા-ટૂંકાપણું વગેરે દેહધર્મો આદિથી હું તો તદ્દન નિરાળો છું, જુદો છું, છૂટો છું' - આવો અનુભવ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સ્થિરતા, શુદ્ધિ, વૃદ્ધિ માટે આત્માર્થીએ અત્યંત પ્રયત્ન કરવો. અહીં જે સમકિતની વાત ચાલી રહી છે, તે ગ્રંથિભેદ પછી પ્રગટ થનાર નૈશ્ચયિક (= તાત્ત્વિક) સમ્યગ્દર્શનની વાત સમજવી. તે અપરોક્ષ સ્વાનુભૂતિમય ભાવ સમ્યગ્દર્શન છે. તથા સમકિતપ્રાપ્તિ પછી પણ આ જ દિશામાં આગળ વધીને ઉપર-ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ, સ્થિરતા, શુદ્ધિ અને વૃદ્ધિ માટે આત્માર્થી જીવે સતત અત્યંત પ્રયત્ન કરવો. ક્ષણવાર પણ પ્રમાદ ન કરવો. વર્તમાન કળિયુગમાં ઓછામાં ઓછો છ માસ સુધી આવો પુરુષાર્થ આત્મજ્ઞાનીની નિશ્રામાં દઢપણે કરવામાં આવે તો પ્રાયઃ ગ્રંથિભેદ થઈ જ જાય. પરંતુ રાત-દિવસ ઉપરોક્ત સાધનામાં લાગ્યા રહેવું પડે. દિવસમાં બે-ચાર કલાક સાધના અને બાકીના સમયમાં પ્રમાદ, આળસ, બહિર્મુખતા વગેરે ચાલુ રહે તો પ્રયોજનનિષ્પત્તિ ન થાય. ભવસાગરના કિનારે આવેલા સાધકને મોહના મોજા તાણીને ડૂબાડી દે છે. આવા અંતરંગ દઢ ઉદ્યમના બળથી **વૈરાગ્યકલ્પલતા**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે. ત્યાં સિદ્ધસુખને જણાવતા કહેલ છે કે 'આત્મામાં પૂર્ણતયા રહેવું તે મોક્ષ છે. (દીર્ઘકાલીન સર્વ) રોગનો ઉચ્છેદ થવાથી જેમ રોગીને સુખ મળે છે, તેમ કર્મરોગનો ઉચ્છેદ થવાથી આત્મસ્વાસ્થ્યસ્વરૂપ પૂર્ણ સુખ તમામ મુક્તાત્મા પાસે હોય છે.' (૧૫/૧-૧)

"એહ દ્રવ્યાનુયોગમાંહિ જે રંગ ધરઈ, તેહ જ પંડિત કહિઈ" - એહવો✡ અર્થ અભિયુક્ત સાખિં સમર્થઈ છઈ -

**મધ્યમ કિરિયારત હુઈ, બાલક માનઈ લિંગ;**
**ષોડશકઈ ભાખિઉં ધુરઈ♦, ઉત્તમ જ્ઞાન સુરંગ ॥૧૫/૧-૨॥ (૨૪૭)**

*षोडशक*वचनं चेदम् – "बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम्।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन।।" (षो.१/२) ॥१५/१-२॥

---

परामर्शः **मध्यमः क्रियानिरतो भवति बालस्तु पश्यति लिङ्गमेव।**
**षोडशकादावुक्तम्, ज्ञानरसश्चोत्तमो ज्ञेयः।।१५/१-२।।**

---

### ❈ ત્રણ પ્રકારના શ્રોતાનો પરિચય ❈

**શ્લોકાર્થ** :- ક્રિયામાં મગ્ન મધ્યમબુદ્ધિવાળા હોય છે. બાલ જીવ તો બાહ્ય લિંગને જ જુવે છે. જ્ઞાનના રસિયા ઉત્તમ પુરુષ જાણવા. આ પ્રમાણે ષોડશક ગ્રંથના પ્રારંભમાં જણાવેલ છે.(૧૫/૧-૨)

### ❁ વિશુદ્ધ પરિણતિ એ તાત્ત્વિક ધર્મ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- ત્રણ પ્રકારના જીવોમાંથી બાલ જીવ માત્ર વેશથી જ સામેનામાં ધર્મને જુવે છે. કેમ કે આચારસંબંધી ઊહાપોહ કરવાનું તેનું ગજું નથી. તેની દૃષ્ટિ મુગ્ધ, અવિકસિત અને વિવેક વગરની છે. માટે તેની ધર્મક્રિયા પણ લોચા-લાપસીવાળી જ પ્રાયઃ હોય. મધ્યમબુદ્ધિવાળો જીવ સામેની વ્યક્તિમાં વેશને અનુરૂપ આચરણ હોય તો તેને વંદનીયરૂપે સ્વીકારી લે છે. 'मुख में राम, बगल में छुरी' આવી નીતિવાળા જીવોને તે વંદનીય રૂપે માનતો નથી. આચારમાં ચોકસાઈ અને સૂક્ષ્મતા એ તેનું ધર્મને માપવાનું થર્મોમીટર બને છે. જ્યારે પંડિત જીવની પાસે અત્યંત વિકસિત વિવેકદૃષ્ટિ હોવાથી, તથા તે સિદ્ધાંતના ઐદંપર્યાર્થ સુધી વિચારી શકતો હોવાથી માત્ર વેશ દ્વારા કે આચાર દ્વારા સામેનાને ધર્મી માનવાની ભૂલ કરતો નથી. પરંતુ સામેની વ્યક્તિમાં રહેલા ધર્મશાસ્ત્રોના રહસ્યોને સમજવા તે કમર કસે છે અને તે રહસ્યો સામેનામાં જણાય તો જ તેને ધર્મી રૂપે સ્વીકારશે. જીવની વિશુદ્ધ ધર્મપરિણતિ તે જ ધર્મ છે અને તેના સ્વામી બનેલા જીવો જ ધર્મી છે. કેમ કે ખરો ધર્મ બાહ્યક્રિયામાં સમાયેલો નથી પણ આત્મપરિણતિમાં રહેલો છે. તેને શોધી કાઢે તે જ પંડિતની ધર્મપરીક્ષા છે.

### ⁂ મોક્ષસુખ શ્રેષ્ઠ ⁂

આમ વિવિધ જીવોની રુચિ અલગ અલગ હોવાથી તેઓની ધર્મસૃષ્ટિમાં અને ધર્મદૃષ્ટિમાં ભેદભાવ સર્જાય છે. આપણે પંડિત કક્ષાએ ઝડપથી પહોંચીએ તેવી આધ્યાત્મિક પ્રેરણા આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે. તે પંડિતકક્ષાએ પહોંચવાથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં તથા **સંવેગરંગશાળા**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'મોક્ષમાં દેહધારણપ્રારંભસ્વરૂપ જન્મ હોતો નથી. તેથી ઘડપણ અને મોત પણ નથી હોતું. ત્યાં ભય પણ નથી તથા સંસાર નથી. આ બધાનો અભાવ હોવાથી મોક્ષમાં શ્રેષ્ઠ સુખ કેમ ન હોય ?' અર્થાત્ જન્માદિના અભાવથી મોક્ષમાં સર્વોત્તમ સુખ છે. (૧૫/૧-૨)

✡ પુસ્તકોમાં 'એહવું અભિ...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ લી.(૧+૩) + કો.(૫+૬)માં 'ધરઈ' પાઠ.

**નાણરહિત જે શુભ ક્રિયા, ક્રિયારહિત શુભ નાણ;**
**યોગદષ્ટિસમુચ્ચય કહિઉં, અંતર ખજુઆ ભાણ ॥૧૫/૧-૩॥ (૨૪૮)**

▸**જ્ઞાનરહિત જે શુભ ક્રિયા** કરઈ અનઈં **ક્રિયારહિત** *= ક્રિયાઈ હીણા છે* **શુભ** *જે ઉત્તમ પ્રધાન* **જ્ઞાન યોગદૃષ્ટિસમુચ્ચય** માંહિ ગ્રન્થઈં વિષઈં **કહિઉં** છઇ, જે **આંતરઉં** §કેતલઉં ? જેતલઉ **ખજુઆ** અનઈં **ભાણ** કહિઈં સૂર્ય.◂ ★ખજુઆ સમાન ક્રિયા જાણવી.★ ॥૧૫/૧-૩॥

**પરામર્શઃ** **ज्ञानशून्या सत्क्रिया क्रियारहितं च यत् शुभविज्ञानम्।**
**योगदृष्टिसमुच्चये तद्भेदः खद्योतार्कवत्।।१५/१-३।।**

**❈ જ્ઞાન સૂર્ય છે ❈**

[redacted] :- જ્ઞાનશૂન્ય એવી જે શુભ ક્રિયા અને ક્રિયાશૂન્ય જે શુભજ્ઞાન આ બન્ને વચ્ચેનું અંતર આગિયા અને સૂર્ય જેટલું છે. આ પ્રમાણે **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથમાં જણાવેલ છે. (૧૫/૧-૩)

**❈ મિથ્યા સંતોષ છોડીએ ❈**

[redacted] :- સમ્યગ્ જ્ઞાન અને પ્રશસ્ત ક્રિયા - આ બન્ને સાથે હોય તો અત્યંત ઉત્તમ વાત છે. સોનામાં સુગંધ ભળે તે રીતે વધાવવા જેવી તે બાબત છે. પરંતુ બેમાંથી એક જ જો મળી શકે તેમ હોય તો સૂર્ય જેવું ઝળહળતું જ્ઞાન મેળવવા માટે આત્માર્થી જીવે પ્રયત્ન કરવો એ વધુ ઉચિત છે. સમ્યગ્જ્ઞાનશૂન્ય એવી આગિયા જેવી પ્રશસ્ત ક્રિયા કરવા માત્રથી 'માનવજીવનની સફળતાનો આસ્વાદ માણી લીધો' - આ પ્રમાણે મિથ્યા સંતોષમાં આત્માર્થી જીવે અટવાઈ જવું ન જોઈએ.

**❈ ઉપયોગમાંથી રાગને છૂટો કરીએ ❈**

સમ્યગ્જ્ઞાનને મેળવવા માટે રાત-દિવસ આપણા ઉપયોગને રાગ વગેરેથી છૂટો કરવો. અનાદિ કાળથી આપણી ઉપયોગપરિણતિ જાણે કે રાગાદિ વિભાવપરિણામોની સાથે એકરૂપ બની ગઈ હોય, તાદાત્મ્યને પામી હોય તેવું અનુભવાય છે. મિથ્યાત્વવશ આપણી આવી ઘોર વિડંબના થઈ રહી છે. તેમાંથી છૂટવા માટે સૌપ્રથમ આપણા વીતરાગ સ્વભાવનો, ચૈતન્ય સ્વભાવનો મહિમા અંદરમાં ઉભો કરવો જોઈએ. તે માટે આત્મલક્ષે શાસ્ત્રાભ્યાસ = સ્વાધ્યાય કરવો જોઈએ. આત્માનુભવીના પડખાં સેવવા જોઈએ. આવા સ્વાધ્યાય, સત્સંગ વગેરેના માધ્યમે પોતાના વીતરાગ ચૈતન્યસ્વભાવનું અપૂર્વ માહાત્મ્ય પ્રગટે છે. તેના બળથી પોતાના ઉપયોગને સ્વસન્મુખ વાળવો. આ રીતે આપણા ઉપયોગમાં કામરાગ, સ્નેહરાગાદિની સાથે અનાદિ કાળથી મિથ્યાત્વવશ એકરૂપતાની જે પ્રતીતિ થાય છે, તેને મૂળમાંથી જ સમ્યક્ રીતે ઉખેડવી.

---

▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ કો.(૯)+સિ.માં નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લા.(૨)માં છે.

§ ફક્ત (૨)માં 'કેતલઉ ?' પાઠ.

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લી.(૩)માં છે.

### ❀ વાસનાનો વિલાસ છોડીએ ❀

તે માટે શાસ્ત્રવચનોની પણ વિભાવના કરવી. જેમ કે **સૂત્રકૃતાંગ** આગમમાં જણાવેલ છે કે 'જે માણસો સ્ત્રીઓનો ભોગવટો નથી કરતા, તે માણસો સૌપ્રથમ મોક્ષમાં જનારા છે.' **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'સ્ત્રી એટલે ચામડાથી ઢાંકેલી અને માંસ-હાડકા-મળ-મૂત્રથી ભરેલી એવી કોઠી. આવી (સ્ત્રીઓમાં મોહાવા જેવું કશું નથી. તેમ છતાં) સ્ત્રીઓમાં જે સારાપણાની બુદ્ધિ થાય છે, તે મમતાનો-વાસનાનો વિલાસ છે.'

### ❀ બહિર્મુખતાની સખેદ નોંધ લઈએ ❀

આવા શાસ્ત્રવચનોની ઊંડાણથી વિભાવના કરવા છતાં પણ (૧) અનાદિકાલીન બહિર્મુખતાના સંસ્કારના લીધે, (૨) પ્રમાદવશ કે (૩) સ્વસન્મુખ રહેવાના પોતાના પ્રણિધાનની મંદતા વગેરેના કારણે આપણો ઉપયોગ બહારમાં સ્ત્રી વગેરે નબળા નિમિત્તોમાં ખેંચાય તો તેનો અંતરમાં ખેદ ઊભો કરવો, તેવી બહિર્મુખતાની અંદરમાં નોંધ (= અવધાન) લેવી. તથા આપણા ઉપયોગને પાછો આપણા તરફ ખેંચીને અંતર્મુખ કરવો. વારંવાર આવો અંતરંગ પુરુષાર્થનો અભ્યાસ કરવાના પ્રભાવે પોતાની ઉપયોગપરિણતિમાં રાગાદિની સાથે તાદાત્મ્યનો અધ્યાસ મંદ થાય છે, છૂટો થાય છે. તથા ફરી ક્યારેય પણ ન આવે તે રીતે રાગાધ્યાસનો ઉચ્છેદ થાય છે. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **ઉપમિતિભવપ્રપંચા કથા**માં વર્ણવેલ મોક્ષ ખૂબ જ નજીક આવે. ત્યાં મોક્ષને વર્ણવતા **સિદ્ધર્ષિગણી**એ જણાવેલ છે કે 'અનન્ત સમ્યગ્ જ્ઞાન-દર્શન-સુખ-શક્તિથી યુક્ત, અમૂર્ત્ત તથા સત્ત્વ-રજસ્-તમોગુણથી રહિત એવો આત્મા પોતાના સ્વરૂપમાં રહે તે જ મોક્ષનું લક્ષણ છે.' (૧૫/૧-૩)

**ખજુઆ સમી ક્રિયા કહી, નાણ ભાણ સમ હોઈ♦;**
**✡કલિયુગ એહ પટંતરો✝, વિરલા §જાણઈ કોઈ ॥૧૫/૧-૪॥ (૨૪૯)**

*ખજુઆ (સમી=) સરિખી ભાવશૂન્યા દ્રવ્યક્રિયા કહી છઈ. જ્ઞાન તે (ભાણસમ=) સૂર્યસમાન (હોઈ એમ) જાણવું.*

**तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया। अनयोरन्तरं ज्ञेयं भानु-खद्योतयोरिव।।** (यो.दृ.स.२२३) इत्यादि *योगदृष्टिसमुच्चये* ▸*श्रीहरिभद्रसूरि*वाक्यम्। ખજુઆસમાન ક્રિયા છેં. સૂર્યસમાન જ્ઞાન છે. પણિ◂ ★કલિયુગ દુસ્સમાયૈ **એહવો ❋પટંતર** હોઈ, તેહનિ **વિરલા કોઈક** મનુષ્ય **જાણે**, બુદ્ધિવંત પ્રાણી જ જાણઈ. એ કલિનો આરાનો કારણ છઈ. **निर्बुद्धिर्नैव जानाति इति परमार्थः**★ ॥૧૫/૧-૪॥

---

**परामर्शः**　**खद्योततुल्या क्रिया विज्ञानं भानुतुल्यमवसेयम्।**
**कलियुगे त्विमं भेदं विरलः कश्चिदेव जानाति।।१५/१-४।।**

---

[redacted]:- ક્રિયા આગિયા જેવી છે અને સમ્યગ્જ્ઞાન સૂર્ય સમાન છે - આ પ્રમાણે જાણવું. કલિયુગમાં તો જ્ઞાન અને ક્રિયા વચ્ચેના આ ભેદને કોઈક વિરલા જ જાણે છે. **(૧૫/૧-૪)**

### ❋ કલિકાલની બલિહારી ! ❋

[redacted]:- 'જ્ઞાન અને ક્રિયા વચ્ચેના તફાવતને કલિકાલમાં તો કોઈક વિરલા પંડિત જ જાણે છે' - આવું કહેવા દ્વારા ગ્રંથકારશ્રી એવું સૂચિત કરવા માંગે છે કે કલિકાલના આરાધક જીવો જેમાં ઉપયોગને તીક્ષ્ણ-સૂક્ષ્મ-સ્થિર બનાવવો પડે, બુદ્ધિની કસરત કરવી પડે, મગજને કસવું પડે તેવા દ્રવ્યાનુયોગવિષયક જ્ઞાન માટે તત્પરતા રાખવાના બદલે મોટા ભાગે બાહ્ય ક્રિયામાત્રમાં જ સંતોષ માનનારા વધુ પ્રમાણમાં હશે. કોહિનૂર હીરા અને ચિંતામણિ રત્ન કરતાં પણ કિંમતી તથા શુદ્ધ દ્રવ્યદૃષ્ટિને તાત્કાલિક ઉત્પન્ન કરનારા એવા દ્રવ્યાનુયોગગોચર સમ્યગ્જ્ઞાનનું ઉપાર્જન કરવાના બદલે કોડીની કિંમત ધરાવનાર

---

♦ મ.માં 'જોઈ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.
✡ કો.(૧)માં 'કાહલિયુગ' પાઠ.
✝ કો.(૯+૧૦)+લા.(૨)માં 'પટંતરુ' પાઠ.
§ પુસ્તકોમાં 'બૂઝઈ' પાઠ. B(૨)નો પાઠ લીધો છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લા.(૨)માં છે.
▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
★....★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. પાલિ+લા.(૨)માં છે.
❋ પટંતર = ભેદ. જુઓ **મધ્યમકાલીન ગુજરાતીશબ્દકોશ** (જયંત કોઠારી સંપાદિત પૃ.૨૯૫), **નરસિંહ મેહતાની કાવ્યકૃતિઓ, વિક્રમચરિત્ર રાસ, સિંહાસનબત્રીસી** (શામળભટ્ટકૃત)

જ્ઞાનશૂન્ય ક્રિયાનું ઉપાર્જન કરવામાં વધારે રુચિ ધરાવનાર આરાધક જીવોની પ્રચુરતા એ પણ આ વિષમ કલિકાલની બલિહારી જ સમજવી. કળિયુગની આ વિષમતાથી અને વિચિત્રતાથી બચવા માટે આપણે સહુએ પ્રામાણિકપણે આંતરિક ઉદ્યમ કરવો જોઈએ. આવી પાવન પ્રેરણા આ શ્લોક દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે.

### નિજસ્વભાવનો મહિમા પ્રગટાવીએ

મૂળ ગ્રંથમાં જ્ઞાનને સૂર્યસમાન જણાવેલ છે, તે મુખ્યવૃત્તિથી તો ગ્રંથિભેદ થયા પછીનું જ જ્ઞાન સમજવું. ગ્રંથિભેદ થયા પૂર્વે જે દ્રવ્યાનુયોગનું જ્ઞાન થયું હોય તે અહીં સૂર્યસમાન બતાવવું અભિપ્રેત નથી. કારણ કે તેવું જ્ઞાન તો ઘણી વાર અભવ્ય-દૂરભવ્ય વગેરે પાસે પણ હોય છે. તેથી ગ્રંથિભેદ પછીના કાળમાં થનાર સમ્યગ્જ્ઞાનને મેળવવા માટે પ્રયત્ન કરવો. તે માટે સૌપ્રથમ પરદ્રવ્ય-પરગુણ -પરપર્યાયમાં લીન બનેલા પોતાના ઉપયોગને તેમાંથી પાછો વાળીને પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, શુદ્ધ આત્મગુણમાં અને શુદ્ધ આત્મપર્યાયમાં જ સમ્યક્ પ્રકારે લીન કરવાનો છે. નિજ ઉપયોગને પોતાના જ નિર્મળ દ્રવ્યાદિમાં સ્થિર કરીને 'શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ એ જ હું છું' - આવી શ્રદ્ધાને અત્યંત દૃઢ કરવાની છે.

### શાશ્વત શાંતિને પ્રગટાવીએ

પોતાના જે શુદ્ધ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરી છે, તે જ શુદ્ધસ્વભાવમાં પોતાના ઉપયોગને લીન કરવાનો છે. ઉપયોગને તેમાં લીન કરવા માટે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો મહિમા પોતાના જ્ઞાનમાં આ મુજબ સ્થાપવો જોઈએ કે 'મારો શુદ્ધ ચૈતન્યસ્વભાવ અનંત આનંદમય છે. એ આનંદ ઉપાધિશૂન્ય છે, સ્વાધીન અને શાશ્વત છે. આવા શાશ્વત અનંત આનંદના શાશ્વત સાગરને છોડીને નશ્વર, પરાધીન, ઉપાધિવર્ધક, ઉપાધિજન્ય, જડ, પૌદ્ગલિક, ભૌતિક સુખની પાછળ મારે શા માટે ભટકવું ? મારી અંદર રહેલા અનંત આનંદના મહાસાગરને જ ઝડપથી પ્રગટ કરું.' એક નિયમ એવો છે કે જ્ઞાનમાં જેનું માહાત્મ્ય દૃઢ બને તેમાં જ જ્ઞાન એકાગ્ર થાય, લીન બને. પરતત્ત્વનો મહિમા અનંત કાળથી જ્ઞાનમાં હોવાથી ત્યાં જેમ જ્ઞાન એકાગ્ર થાય છે, તેમ આત્માના અનંત સુખમય સ્વભાવનું માહાત્મ્ય જો જ્ઞાનમાં વસી જાય તો બધાય બાહ્ય પ્રયોજનોની દરકાર કર્યા વિના જ્ઞાન આત્મસ્વભાવમાં ઠરે, લીન બને. તો જ સાચી સહજ શાશ્વત શાંતિ પ્રગટ થાય.

### નૈશ્ચયિક ભાવસમકિતને પ્રગટાવીએ

આ ક્રમથી મોક્ષમાર્ગે આગળ વધતાં સહજમલનો ધરખમ ઘટાડો થાય. તેના લીધે અજ્ઞાનગ્રંથિનો ભેદ થાય અને નૈશ્ચયિક ભાવ સમકિત પ્રગટે. તેના પ્રભાવે પૂર્વે ભણેલા દ્રવ્યાનુયોગાદિવિષયક શાસ્ત્રો સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે. તે સમ્યગ્ જ્ઞાનને આદરપૂર્વક અનુસરવાથી **સમરાદિત્યકથા**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ વર્ણવેલ મોક્ષને આત્માર્થી જીવ ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'મોક્ષ એવું સ્થાન છે જ્યાંથી સંસારમાં પાછા આવવું પડતું નથી. જન્મ-જરા-મરણ-રોગ-શોકથી રહિત મોક્ષ તો નિરુપમ સુખથી યુક્ત છે.' (૧૫/૧-૪)

**ક્રિયામાત્રકૃત કર્મક્ષય♦, દદુરચુન્નસમાન;**
**ગ્યાન✿કિઓ ઉપદેશપદિ, તાસ છાર♦ સમ જાન§ ॥૧૫/૧-૫॥ (૨૫૦)**

(ક્રિયામાત્રકૃત=) ✱ક્રિયાઈ કરી કીધા **કર્મક્ષય** □જાઈ **દર્દુરચૂર્ણસમાન** - એહવઉ (ગ્યાનનઈ) રા
ઉપદેશપદે કહિઓ છઈ.✱

[1]मंडुक्कचुन्नकप्पो किरियाजणिओ ●वओ किलेसाणं। स
तद्दड्ढचुन्नकप्पो नाणकओ तं च आणाए ।। (उप.रह.७) इति *उपदेशरहस्ये* एतदर्थसंग्रहः।।
▸*ઉપદેશપદાદિ* ગ્રન્થ જોતાં, ज्ञानमेव प्रधानमित्यर्थः◂ ॥૧૫/૧-૫॥

**પરામર્શઃ** क्रियामात्रकृतः कर्मनाशो दर्दुरचूर्णसमः प्रोक्तः।
ज्ञानकृतः कर्मनाश उपदेशपदे तु भस्मसमः।।१५/१-५।।

### ✡ કર્મનાશના બે ભેદ ✡

[redacted] :- 'માત્ર ક્રિયા દ્વારા થયેલો કર્મનો નાશ દેડકાના ચૂર્ણ સમાન છે. તથા જ્ઞાન દ્વારા થયેલો કર્મનો નાશ તો દેડકાની રાખ સમાન છે' - આ પ્રમાણે **ઉપદેશપદ**માં કહેલ છે.(૧૫/૧-૫) અ ધ્યા

### ❀ કર્મવર્ધક કર્મનિર્જરાની નિશાનીઓ ❀

[redacted] :- (૧) જો તપની પૂર્ણાહૂતિમાં ખાવાની લાલસા વધુ દૃઢ બનતી જાય, (૨) વિવિધ પ્રકારના ત્યાગના નિયમની સમાપ્તિ પછી ભોગતૃષ્ણા વધતી હોય, (૩) લોચ, વિહાર આદિ કાયક્લેશ પછી પણ દેહાધ્યાસ વધુ ને વધુ દૃઢ થતો હોય, (૪) શાસ્ત્રાભ્યાસ આદિના માધ્યમથી વિદ્વત્તા મેળવ્યા બાદ પ્રસિદ્ધિની ભૂખ વધતી હોય, (૫) અનેક વરસોની સંયમસાધના પછી નાના સાધુ ઉપર પોતાનું આધિપત્ય સ્થાપિત કરવાનું વલણ વધુને વધુ મજબૂત બનતું હોય તો આપણે આપણી જાત માટે સમજી લેવું કે તપ, ત્યાગ, કાયકષ્ટ, સ્વાધ્યાય વગેરે દ્વારા આપણે કરેલી કર્મનિર્જરા દેડકાની રાખ સમાન નથી પણ દેડકાના ચૂર્ણ સમાન છે. નવી નવી લાલસા, ભોગતૃષ્ણા વગેરેને લાવવામાં આપણા તપ-ત્યાગ વગેરે નિમિત્ત બની જાય તો સંસાર ઘટવાના બદલે ઘણો લાંબો સર્જાઈ જાય. આવું ત્મ અ નુ યો ગ

♦ પુસ્તકોમાં 'કર્મખય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
✿ 'કિઉ' પુસ્તકોમાં પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે.
♦ મો.(૨) + લા.(૨)માં 'ખાર' પાઠ.
§ લી.(૧)માં 'જ્ઞાન પાઠ'.
□ જાઈ = जायते = ઉત્પન્ન થાય છે.
✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લી.(૧)માં છે.
● કો.(૯)માં 'वओ' પાઠ. પુસ્તકોમાં 'खओ' પાઠ. મો.(૨)માં 'च न किलेमाणं' इत्यशुद्धः पाठः।
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.
1. मण्डूकचूर्णकल्पः क्रियाजनितो व्ययः क्लेशानाम्। तद्दग्धचूर्णकल्पो ज्ञानकृतः तच्चाज्ञया।।

આપણા જીવનમાં પૂર્વે અનેક વખત થઈ ચૂકેલ છે. તેથી જ પૂર્વભવના અનંતા ઓઘા કદાચ નિષ્ફળ ગયા હશે. હવે આ ઘટનાનું પુનરાવર્તન આપણા જીવનમાં ન થાય તેની સાવધાની આ શ્લોક દ્વારા મેળવી, ભાવનાજ્ઞાન-સ્પર્શજ્ઞાન-આત્મપરિણતિવાળું જ્ઞાન-તત્ત્વસંવેદનજ્ઞાન વગેરે મેળવવા માટે આપણે સદા તત્પર રહેવું. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

### ❀ પરમ બ્રહ્મસ્વરૂપ બનીએ ❀

તે સંદેશને અનુસરવાથી આત્માર્થી સાધક **પંચસૂત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપને ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'આત્માર્થી સાધક શાસ્ત્રોક્ત રીતે (૧) સામે ચાલીને કર્મ બાળી નાંખે છે, (૨) પરમ બ્રહ્મસ્વરૂપ બને છે, (૩) મંગલધામ બને છે, (૪) જન્મ-જરા-મરણરહિત થાય છે, (૫) પાપકર્મના સર્વથા ઉચ્છેદક હોય છે, (૬) અશુભ અનુબંધશક્તિથી શૂન્ય હોય છે, (૭) પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પામેલા હોય છે, (૮) નિષ્ક્રિય હોય છે, (૯) પોતાના સ્વભાવમાં રહેલા હોય છે, (૧૦) અનન્તજ્ઞાનવાળા તથા (૧૧) અનન્તદર્શનવાળા હોય છે.' (૧૫/૧-૫)

**મિથ્યાત્વાદિકકર્મથિતિ, અકરણ નિયમઈ ભાખિ§;**
**અપ્રતિપાતી ગ્યાનગુણ, મહાનિશીથહ સાખિ ॥૧૫/૧-૬॥ (૨૫૧)**

જ્ઞાન, તે સમ્યગ્દર્શનસહિત જ આવઈ. તે પામ્યા પછી મિથ્યાત્વમાંહઈ આવઈ, તો પણિ કોડાકોડિ ૧ ઉપરાંત કર્મબંધ જીવ ન કરઈ.

"[1]**बंधेण न वोलइ कयावि**"त्ति (**श्रावकप्रज्ञप्ति-३३**) **वचनात्**।

એ અભિપ્રાયઈ *નંદિષેણ*નઈ અધિકારઈ **મહાનિશીથઈ જ્ઞાનગુણઈ અપ્રતિપાતી (સાખી=)** કહિઓ છઈ. *૪૩૨૦૦ બૂઝવ્યા ૧૨ વર્ષ મધ્યે, નિત્ય ૧૦ નૈ લેખૈ*

*उत्तराध्ययनेषु* अप्युक्तम् –

☆**सूई जहा ससुत्ता, ण णस्सई कयवरम्मि पडिआ वि।**
**इय जीवो वि ससुत्तो, ण णस्सइ गओ वि संसारे।।** (उत्त.२९/आलापक ६१)॥**१५/१-६**॥

**પરામર્શઃ**

**मिथ्यात्वाद्युत्कृष्टस्थित्यकरणनियम एव विज्ञाने।**
**अप्रतिपाति ज्ञानं महानिशीथे नन्दिषेणे।।१५/१-६।।**

[redacted]:- સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય તો જ મિથ્યાત્વ વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિને ન બાંધવાનો નિયમ આવે છે. મહાનિશીથમાં નંદિષેણ મુનિના અધિકારમાં સમ્યગ્જ્ઞાનને અપ્રતિપાતી જણાવેલ છે.(૧૫/૧-૬)

**❖ અપ્રતિપાતી ગુણને મેળવીએ ❖**

[redacted]:- 'નિશ્ચયથી મારો આત્મા સ્વભાવથી પરિપૂર્ણ છે તથા વિભાવ-ઉપાધિથી ખાલી છે. મારો આત્મા શુદ્ધોપયોગથી ભરેલો છે તથા અશુદ્ધોપયોગથી/રાગાદિથી ખાલી છે' - આ પ્રમાણે આત્માનું અભ્રાન્ત ભાન = સમ્યગ્ જ્ઞાન કરવું, તે સોયમાં દોરો પરોવવા જેવું છે. ટબામાં દર્શાવેલ **ઉત્તરાધ્યયનસૂત્ર**ના સંદર્ભ મુજબ, જેમ દોરો પરોવેલી સોય કચરામાં પડી જાય તો પણ ખોવાતી નથી, તેમ જેણે નિજ આત્મસ્વરૂપ સોયમાં સમ્યગ્જ્ઞાનસ્વરૂપી મજબૂત દોરો પરોવેલ હોય તે સંસારમાં એક/બે ભવ કરે તો પણ તેનું આત્મજ્ઞાન ટળતું નથી, તે દીર્ઘ ભવભ્રમણ કરતો નથી. સાચી સમજણરૂપી દોરો યથાર્થપણે આત્મામાં પરોવી લેવામાં આવે તો તે વૈયાવચ્ચની જેમ અપ્રતિપાતી છે. વૈયાવચ્ચ અને તથાવિધ સમ્યગ્ જ્ઞાન વગેરે અપ્રતિપાતી હોવાથી જીવને મોક્ષે પહોંચાડવા માટે અખંડ બળ પૂરું પાડે છે. તેથી મોક્ષે અવશ્ય પહોંચાડવાની બાંહેધારી આપનાર આવા સદ્ગુણોને પ્રાપ્ત કરવા માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવા પ્રકારની આધ્યાત્મિક પ્રેરણા પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

§ મ.+શાં.માં 'ભાવિ' પાઠ. લી.(૧+૩) + ધ. + P(૨+૩+૪)નો પાઠ લીધો છે.

1. **बन्धेन न व्यवलीयते कदाचित्।**

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત આ.(૧)માં છે.

☆. सूचिः यथा ससूत्रा, न नश्यति कचवरे पतिता अपि। इति जीवः अपि ससूत्रः, न नश्यति गतः अपि संसारे।।

## ✥ રાગ-દ્વેષ-મોહશૂન્ય બનીએ ✥

તેવા પ્રયત્નથી **આરાધનાપતાકા**માં દર્શાવેલ ત્રિલોકવંદનીય સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં **વીરભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે '(૧) રાગ-દ્વેષ-મોહશૂન્ય, (૨) નિર્ભય, (૩) નિરુત્સુક, (૪) કેવલજ્ઞાનાત્મક મતિને ધારણ કરનારા એવા સિદ્ધ ભગવંતના ગુણ અનેક લોકો દ્વારા પ્રશંસાયેલા છે. (૫) તે સિદ્ધાત્મા ત્રણ જગતને વંદનીય છે.' (૧૫/૧-૬)

**♦જ્ઞાનવંતનઈં કેવલી, દ્રવ્યાદિકઅહિનાણિ□;**
**✿બૃહત્કલ્પના ભાષ્યમાં, સરખા ભાખ્યા જાણિ⁑ ॥૧૫/૧-૭॥ (૨૫૨)**

*જ્ઞાનવંતને (દ્રવ્યાદિક અહિનાણ = દ્રવ્યાદિકઅધિજ્ઞાનઈં) કેવળી સરિખો કહ્યો છઈ, "શ્રુતકેવળી" ઈતિ.*

*बृहत्कल्प(भाष्य)* गाथा चेयम् – [1]किं गीयत्थो केवली ? चउव्विहे जाणणे य गहणे य ।
तुल्लेऽराग-होसे, अणंतकायस्स वज्जणया♦ ।।(बृ.क.भा.१/९६२) इति।

*કેવલી ને શ્રુતકેવલી એ બે **સરિખા** (ભાખ્યા=) કહિયા છઈ.* ॥૧૫/૧-૭॥

परामर्शः सुगीतार्थ-केवलिनौ द्रव्यादीनामभिज्ञानात् समौ।
बृहत्कल्पभाष्योक्तौ, ततो ज्ञानाधिक्यं निश्चिनु।।१५/१-७।।

### 卐 શુષ્ક ક્રિયા કરતાં જ્ઞાન ચઢે 卐

[redacted] :- 'સંવિગ્ન ગીતાર્થ અને કેવલજ્ઞાની દ્રવ્ય, ક્ષેત્ર વગેરેના જ્ઞાનની અપેક્ષાએ સમાન જ છે' - આ પ્રમાણે બૃહત્કલ્પભાષ્યમાં જણાવેલ છે. તેથી ક્રિયા કરતાં સમ્યક્ જ્ઞાન ચઢિયાતું છે - એવો તમે નિશ્ચય કરો. (૧૫/૧-૭)

### ❉ જ્ઞાની બનવાની પાત્રતા કેળવીએ ❉

[redacted]:- 'અમુક અપેક્ષાએ ગીતાર્થ અને કેવલજ્ઞાની બન્ને સમાન છે' - આ હકીકત જ્ઞાનનું ક્રિયા કરતાં વધુ મહત્ત્વ આંકે છે. તેથી કેવલજ્ઞાન મેળવવાની ઝંખના ધરાવનાર આત્માર્થી જીવોએ ગુરુ-આજ્ઞા મેળવી વહેલી તકે ગીતાર્થ બનવું જોઈએ. તથા સંવેગ, વૈરાગ્ય, વિવેકદૃષ્ટિ, ભવભીરુપણું, ગુરુસમર્પણભાવ, અનાગ્રહી વલણ, નિર્દંભતા, પરિણતપણું વગેરે સદ્ગુણોના વૃંદને આત્મસાત્ કરવા દ્વારા પ્રકલ્પગ્રન્થને = છેદગ્રંથને ભણવાની યોગ્યતા પોતાનામાં પ્રગટાવવી જોઈએ. આવા સદ્ગુણવૈભવની પ્રાપ્તિ બાદ પણ જ્યાં સુધી છેદગ્રંથાદિનું જ્ઞાન ગુર્વાજ્ઞા મુજબ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દ્રવ્યાનુયોગવિષયક જ્ઞાન, ભાવનાજ્ઞાન, સ્પર્શજ્ઞાન, આત્મપરિણતિવાળું જ્ઞાન, તત્ત્વસંવેદન જ્ઞાન, અસંમૂઢ પ્રજ્ઞા વગેરે વિવિધ પ્રકારના સમ્યગ્ જ્ઞાનને મેળવવા સતત પ્રતિબદ્ધ બનવું જોઈએ. આવું બને તો જ **શ્રીશ્રીપાલકથામાં** (= **સિરિસિરિવાલકહામાં**) વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. શ્રી**રત્નશેખરસૂરિ** ત્યાં જણાવે છે કે 'જે રૂપાતીતસ્વભાવવાળા અને કેવલજ્ઞાન-દર્શન-આનંદમય પરમાત્મા છે તે જ સિદ્ધાત્મા છે.'(૧૫/૧-૭)

---

♦ કો.(૧)માં 'ગ્યાનર્વત જે' પાઠ. પુસ્તકોમાં 'ગ્યાનવંતનઈં' પાઠ. કો.(૯)+સં.(૧)+મો.(૨)+પા.(૧)માં 'જ્ઞાનવંત...' પાઠ. □ પુસ્તકોમાં + પાલ.માં 'અહિનાણિ' પાઠ. કો.(૯+૧૦+૧૧+૧૪+૧૫+૧૭)+લી.(૧+૩+૪)+B(૧)+મો.(૨)+સં.(૧)માં 'અહિનાણ' પાઠ. ✿ પુસ્તકોમાં 'બૃહત્કલ્પગાથાના ભાષ્યમાં' પાઠ. કો.(૧+૭+૯+૧૦+૧૧)+સિ.+પાલ.+આ.(૧)+લા.(૨)+લી.(૧+૨+૩+૪)માં 'ગાથા' પદ નથી. ⁑ પુસ્તકોમાં + પાલ.માં 'જાણિ' પાઠ. કો.(૯+૧૦+૧૧)+મો.(૨)માં 'જાણ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. ♦ લા.(૨)માં '**वज्जणा**' પાઠ.

1. किं गीतार्थः केवली ? चतुर्विधं ज्ञानं च ग्रहणं च। तुल्येऽराग-द्वेषः, अनन्तकायस्य वर्ज्जना।।

**નાણ પરમગુણ જીવનો, નાણ ભવન્નવપોત;**
**મિથ્યામતિ તમ ભેદવા, નાણ મહા ઉદ્યોત ॥૧૫/૧-૮॥ (૨૫૩)**

**જ્ઞાન** તે જીવનો **પરમગુણ** છઈ, અપ્રતિપાતીપણા માટે.

**જ્ઞાન** તે ભવાર્ણવમાં = ભવસમુદ્રમાં **પોત** = વહાણ સમાન છઈ, તરણ-તારણ સમર્થ. **મિથ્યાત્વમતિ**રૂપ જે (**તમ**=) તિમિર = અંધકાર, તેહનેં **ભેદવા**નેં અર્થે **જ્ઞાન** તે **મહાઉદ્યોત** છઈ, મોટા અજુઆલા સરખો કહ્યો છે.॥૧૫/૧-૮॥

પરામર્શ : **ज्ञानमात्मगुणः परः ज्ञानं भवार्णववरयानपात्रम्।**
**महाप्रकाशो ज्ञानम्, मिथ्यात्वमतितमोभेदाय।।१५/१-८।।**

**શ્લોકાર્થ** :- (૧) જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે. (૨) ભવસાગર તરવા માટે જ્ઞાન એ જ શ્રેષ્ઠ વહાણ છે. (૩) તથા જ્ઞાન એ જ મિથ્યાબુદ્ધિરૂપી અંધકારનો નાશ કરવા માટે મહાપ્રકાશ છે. (૧૫/૧-૮)

**❀ ભાવનાજ્ઞાની પરહિત જ કરે ❀**

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્તુત શ્લોકમાં જણાવેલ 'જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે, વહાણ છે, મહાપ્રકાશ છે' - આ ત્રણેય બાબત દ્વારા જ્ઞાનનું માહાત્મ્ય, પ્રભાવ, સામર્થ્ય, આદરણીયત્વ વગેરે જાણીને કયો આત્માર્થી જીવ દ્રવ્યાનુયોગાદિવિષયક સમ્યગ્જ્ઞાનનું ઉપાર્જન કરવા માટે તત્પર ન થાય? તે જ પ્રશ્ન છે. અર્થાત્ બધા જ થાય. તથા 'ભાવનાજ્ઞાનવાળો સાધક શક્ય હોય તો બીજાનું હિત કરે પરંતુ બીજાનું અહિત તો ન જ કરે' - આવું જાણીને આપણી જાણકારી અને પ્રવૃત્તિ ભૂલે ચૂકે પણ બીજા જીવોના અહિતમાં નિમિત્ત બની ન જાય તેની જાગૃતિ રાખવાની મંગળ પ્રેરણા અહીં પ્રાપ્ત થાય છે. જો આપણી જાણકારી બીજા જીવનું અહિત કરવામાં નિમિત્ત બની જાય તો વાસ્તવમાં આપણામાં અજ્ઞાન જ છવાયેલ હોય. તેથી 'દીવા નીચે અંધારું' - આવી લૌકિક કહેવતનો આપણે ભોગ બનવું પડે. બીજાનું અહિત કરીએ ત્યારે આપણે આપણા પગમાં પણ કુહાડો મારવાનું કામ કરીએ છીએ. આવું આપણી બાબતમાં ન બને એવો પ્રયત્ન કરવાનો આધ્યાત્મિક સંદેશ ગ્રંથકારશ્રી અહીં ફરમાવે છે.

**❀ માત્ર દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન નહિ, દ્રવ્યદૃષ્ટિને મેળવીએ ❀**

પ્રસ્તુતમાં દ્રવ્યાનુયોગના જ્ઞાનના પ્રભાવથી-સામર્થ્યથી-સહાયથી દ્રવ્યદષ્ટિ મેળવવાની છે. ફક્ત દ્રવ્યદષ્ટિનું જ્ઞાન મેળવીને અટકી જવાનું નથી. કારણ કે દ્રવ્યદષ્ટિના જ્ઞાનથી કે દ્રવ્યાનુયોગના જ્ઞાનથી પ્રશસ્ત, પ્રકૃષ્ટ અને પ્રૌઢ વાણીનો વિલાસ કે તેવો વિચારવૈભવ આવી જાય એટલા માત્રથી કર્મસત્તાને છેતરવી શક્ય નથી. તેથી અહીં દ્રવ્યાનુયોગજ્ઞાનની સહાયથી માત્ર દ્રવ્યદષ્ટિનું જ્ઞાન નહિ પણ દ્રવ્યદષ્ટિ મેળવવાની છે. સાધક ભગવાનમાં દ્રવ્યદષ્ટિનું પરિણમન થાય, દ્રવ્યદષ્ટિનું બળ પ્રગટે તો દેહાત્મભેદજ્ઞાન દ્વારા પોતાનો અંતરંગ આશય નિર્મળ બને છે. તેના લીધે કર્મસત્તાને માત્ર છેતરવાનું જ નહિ પણ કર્મસત્તાને મૂળમાંથી ઉખેડવાનું પણ શક્ય બને છે. આમાં તપ-ત્યાગ આદિ સાધનાનો સહકાર પણ જરૂરી છે.

દા.ત. (૧) આપણે એવી કલ્પના કરીએ કે જીવને જમવાનો અવસર આવે એટલે કર્મસત્તા

હરખાય છે કે 'હવે આ જીવને રસલોલુપ બનાવીને હું તેને મારા અદશ્ય બંધનમાં બાંધીશ, ભવભ્રમણ કરાવીશ.'

(૨) પણ ભોજન સમયે સાધક એમ વિચારે કે 'હમણાં શરીરને ટેકો આપી દઉં. કાલથી તો અટ્ઠમ કરીને શરીરનો પૂરેપૂરો કસ કાઢીશ. વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિહાર વગેરે યોગોના માધ્યમથી મોક્ષમાર્ગે આગળ વધીશ. ચાર મીઠાઈની જરૂર નથી. એક મીઠાઈથી ચાલશે. ફરસાણની તો બિલકુલ આવશ્યકતા નથી.' આવું થાય તો કાંઈક અંશે કર્મસત્તા છેતરાઈ કહેવાય.

(૩) તથા ભોજનના અવસરે શાંત-વિરક્ત ચિત્તથી સાધક ભગવાન એવું અંદરમાં પ્રતીત કરે કે 'ભોજનના પુદ્ગલોથી દેહપુદ્ગલો પુષ્ટ થાય છે. એમાં મારે શું હરખ-શોક કરવાનો ? હું તો અનાદિથી અણાહારી છું. દગાબાજ દેહને પુષ્ટ કરવામાં મને શો લાભ ? શરીર ખાય કે ન ખાય તેમાં મને શું લાગે વળગે ? મને તો રત્નત્રયના નિર્મળ પર્યાયોથી જ પુષ્ટિ મળે. શુદ્ધ ચેતનાનો ખોરાક મને ક્યારે મળશે ? કેવી રીતે મળશે ?' આ અંગે વધુ જાણકારી મેળવવા જુઓ - અમે બનાવેલ **'સંવેદનની સરગમ'** પુસ્તક-ત્રીજી આવૃત્તિ-પૃષ્ઠ ૮૫ થી ૯૯. આ રીતે શાંત-વિરક્ત ચિત્તે આશયશુદ્ધિથી સાધક પ્રભુ પરિણમી જાય તો મિથ્યાત્વમોહનીય મૂળમાંથી ઉખડવા માંડે, કર્મસત્તા પલાયન થઈ જાય.

પરંતુ આ બધું હોઠથી નહિ પણ હૃદયથી થવું જોઈએ. આર્દ્ર અંતઃકરણથી આવો પુરુષાર્થ ઉપડવો જોઈએ. તો જ દ્રવ્યદૃષ્ટિનું બળ મળે. સાધક આત્માની દ્રવ્યદૃષ્ટિમય સ્થિતિ-પરિણતિ હકીકતરૂપે જોઈએ. તો આત્માનું કામ થઈ જાય.

### ❋ વ્યક્ત મિથ્યાત્વને ઓળખીએ ❋

શ્રીહરિભદ્રસૂરિવરે **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથરાજમાં બતાવેલી મિત્રાદૃષ્ટિ જ્યારે ભદ્રપરિણામી જીવમાં પ્રગટે ત્યારથી દ્રવ્યદૃષ્ટિનું પરિણમન તે જીવમાં શરૂ થાય છે. સાધક પ્રભુમાં પરિણમતી એવી દ્રવ્યદૃષ્ટિ 'આત્મામાં રહેલ મિથ્યાત્વ એ જ આત્માનો ઘોર શત્રુ છે' - તેવું વ્યક્ત કરે છે, જણાવે છે. 'દેહ, ઈન્દ્રિય, મન વગેરેમાં આત્મબુદ્ધિ તથા દુઃખાત્મક ભોગાદિમાં સુખબુદ્ધિ...' વગેરે સ્વરૂપ મિથ્યામતિ -મિથ્યાદૃષ્ટિ-મિથ્યાશ્રદ્ધા જ આત્માનું ઘોર નિકંદન કાઢનાર છે - આ પ્રમાણે મિત્રાદૃષ્ટિની હાજરીમાં સૌપ્રથમ વખત સાધક જીવને અંદરમાં સમજાય છે.

મિત્રાદૃષ્ટિ પૂર્વે જે મિથ્યાત્વ હોય છે, તે દોષસ્થાનક બને છે. મિત્રાદૃષ્ટિકાળે દોષરૂપે ઓળખાતું જે મિથ્યાત્વ હોય છે, તે ગુણસ્થાનક બને છે. તેની પૂર્વે જીવ ગુણઠાણામાં નહિ પણ દોષના ખાડામાં જ હતો. તેથી ત્યારે જીવ મિથ્યાત્વને દોષરૂપે જાણી જ શકતો ન હતો. જીવની નજરમાં તે મિથ્યાત્વ પકડાતું ન હતું. મિત્રાદૃષ્ટિ આવે એટલે મિથ્યાત્વ શત્રુસ્વરૂપે વ્યક્ત થાય છે, દોષસ્વરૂપે ઓળખાય છે. પોતાના દોષને દોષસ્વરૂપે ઓળખવો, સ્વીકારવો એ જ સૌ પ્રથમ મહત્ત્વનો ગુણ છે. આવો ગુણ આવે એટલે ગુણની પ્રાપ્તિ, રક્ષા, શુદ્ધિ, વૃદ્ધિ થવાની યોગ્યતા જીવમાં આવે. તેથી જ મિથ્યાત્વ તે સમયે હાજર હોવા છતાં દોષનો દોષ તરીકે બોધ-સ્વીકાર-શ્રદ્ધા કરવા સ્વરૂપ ગુણ એ 'ગુણસ્થાનક' તરીકે શાસ્ત્રકારોને માન્ય છે. પ્રસ્તુતમાં મિથ્યાત્વ એ 'ગુણસ્થાનક' તરીકે માન્ય નથી. પરંતુ મિત્રા વગેરે દૃષ્ટિને ધરાવનાર સાધકને મહાદોષ સ્વરૂપે મિથ્યાત્વનું જે નિર્ભ્રાન્ત જ્ઞાન થાય છે, તે જ ગુણસ્થાનક સ્વરૂપે શાસ્ત્રકારોને સંમત છે. ગુણસ્થાન = સાનુબંધ એવા ગુણોની ઉત્પત્તિનું સ્થાન.

## ❀ તાત્ત્વિક પ્રથમ ગુણસ્થાનને સમજીએ ❀

તેથી જ ત્યારે જીવમાં તાત્ત્વિક પ્રથમ ગુણસ્થાન કહેવાય છે. આ જ અભિપ્રાયથી **ગુણસ્થાનકક્રમારોહ** ગ્રંથમાં **શ્રીરત્નશેખરસૂરીશ્વરે** જણાવેલ છે કે "(શત્રુ સ્વરૂપે) વ્યક્ત થયેલા મિથ્યાત્વની બુદ્ધિ મળવી એ 'ગુણસ્થાનક' તરીકે કહેવાય છે." **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે આ અંગે **દ્વાત્રિંશિકા** પ્રકરણમાં એક મહત્ત્વપૂર્ણ વાત જણાવી છે. તેનું પણ અહીં અનુસંધાન કરવા જેવું છે. ત્યાં જણાવેલ છે કે "અન્ય ગ્રંથમાં (ગુણસ્થાનક ક્રમારોહ ગ્રંથમાં) 'મિથ્યાત્વગુણસ્થાનક' શબ્દના પ્રવૃત્તિનિમિત્તસ્વરૂપે જે વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિની પ્રાપ્તિ કહેવાય છે, તે આ મિત્રાદૃષ્ટિ જ છે." અમે ઉપર જે નિરૂપણ કરેલ છે, તેને લક્ષમાં રાખવાથી ઉપરોક્ત બન્ને શાસ્ત્રપાઠને સમજવા સહેલા થશે.

## ✡ મિથ્યાત્વને મૂળમાંથી કાઢવાના સાધનોને પકડીએ ✡

મિત્રાદૃષ્ટિ મળે તે પૂર્વે, પગમાં ઊંડે ખૂંચી ગયેલા કાંટાની જેમ આત્મામાં ઊંડે ખૂંચી ગયેલ મિથ્યાત્વ સ્પષ્ટપણે પકડાતું નથી. તેથી જ તો તે મિથ્યાત્વને શાસ્ત્રકારો શલ્ય તરીકે ઓળખાવે છે. પૂર્વે આત્મામાં મિથ્યાત્વ હોવા છતાં તે જણાતું જ ન હતું. તો પછી પોતાના ઘોર શત્રુસ્વરૂપે મિથ્યાત્વને ઓળખવાની વાત ત્યારે અત્યંત દૂર રહી જાય છે. તેથી જ મિત્રા યોગદૃષ્ટિ મળે તે પૂર્વે મિથ્યાત્વ શલ્યરૂપે જાણવું. તથા મિત્રાયોગદૃષ્ટિ મળ્યા બાદ ગ્રંથિભેદ ન થાય ત્યાં સુધી ઘોરશત્રુરૂપે જણાતું મિથ્યાત્વ એ ગુણસ્થાનક સ્વરૂપે જાણવું. અથવા તો પોતાના અંદરમાં રહેલા મિથ્યાત્વનું ઘોરશત્રુરૂપે જે પરિણતિસ્વરૂપ જ્ઞાન થાય, તે જ મિથ્યાત્વગુણસ્થાનક સમજવું. તેથી મિત્રા નામની પ્રથમ યોગદૃષ્ટિનો ઉદય થાય તેના પૂર્વ કાળમાં તો મિથ્યાત્વ મૂળમાંથી ઉખડે તેવો પ્રયત્ન શક્ય જ નથી. શત્રુ જ્યાં સુધી ઘોર શત્રુસ્વરૂપે ન ઓળખાય કે મિત્ર તરીકે ઓળખાય ત્યાં સુધી તેનો મૂળમાંથી ઉચ્છેદ કરવો શક્ય નથી જ. મિત્રા, તારા, બલા, દીપ્રા નામની પ્રથમ ચાર યોગદૃષ્ટિઓ મળે ત્યારે જ દ્રવ્યદૃષ્ટિપરિણમનના પ્રભાવે તેવો પ્રયાસ શક્ય બને.

## ❁ ગીરવે મૂકેલ કેવળજ્ઞાનને છોડાવીએ ❁

તે આ પ્રમાણે સમજવું. મિત્રા વગેરે પ્રાથમિક ચાર યોગદૃષ્ટિઓ જ્યારે વિદ્યમાન હોય, ત્યારે નિજ શુદ્ધસ્વભાવમાં અત્યંત ઝડપથી ઠરી જવાની ઝંખના કરતા સાધક ભગવાન એકાન્ત અને મૌન સેવે છે. લોકસંજ્ઞાત્યાગ કરી નિરર્થક પ્રવૃત્તિનો પણ પરિહાર કરે છે. મૂળભૂત આત્મસ્વભાવનું નિરંતર તે નિરીક્ષણ કરે છે. તથા પોતાના અંતરંગ વર્તમાન ભાવોનું પરીક્ષણ પણ કરે છે. આત્મલક્ષે સ્વાધ્યાય કરે છે. અનાદિ કાળથી બંધાયેલી પોતાની જાતને આ જ ભવમાં અત્યંત ઝડપથી છોડાવવા માટે તે તત્પર બને છે. કર્મસત્તાને ત્યાં ગીરવે મૂકેલ કેવલજ્ઞાનને અત્યંત જલ્દીથી છોડાવવા માટે તે તલસે છે. પોતાની પ્રકૃતિને તે શાંત કરે છે. પ્રત્યેક કાર્યને તે આકુળ-વ્યાકુળ ચિત્તથી કરવાના બદલે ધીરજથી શાંત ચિત્તે કરે છે. તે આત્મસ્વભાવગ્રાહક પ્રજ્ઞાને પ્રગટાવે છે. ચરમ યથાપ્રવૃત્તકરણ તે સમયે પ્રવર્તતું હોય છે. તેવા અવસરે સ્વાનુભવસંપન્ન યોગીનો પ્રાયઃ તેને ભેટો થાય છે. આવા તમામ પરિબળોના સામર્થ્યથી ત્યારે જેમ જેમ સાધક ભગવાનમાં દ્રવ્યદૃષ્ટિ = શુદ્ધાત્મદ્રવ્યગ્રાહક દૃષ્ટિ પરિણમતી જાય, તેમ તેમ તે દ્રવ્યદૃષ્ટિ સાધક પ્રભુમાં મિથ્યાત્વને મૂળમાંથી ઉખેડી નાંખવાનું પ્રણિધાન કરાવે છે અને તેને મૂળમાંથી ઉખેડે છે.

## મિથ્યાત્વોચ્છેદ માટે મરણિયા બનીએ

દ્રવ્યદષ્ટિપરિણમનના પ્રતાપે આત્માર્થીને ખ્યાલ આવે છે કે "બહારમાં = બાહ્ય વિષયોમાં સુખની દષ્ટિ-રુચિ-શ્રદ્ધા-આસ્થા એ મિથ્યાત્વનું જ એક સ્વરૂપ છે. તે મિથ્યાત્વ મારા મૌલિક શુદ્ધચૈતન્યસ્વભાવને દબાવે છે. શાસ્ત્રાધારે, સત્સંગપ્રભાવે અને આંશિક સ્વપ્રતીતિના આધારે જણાય છે કે મારો મૂળ સ્વભાવ આકુળતા-વ્યાકુળતા વગરનો છે. નીરવ, નિઃસંગ, નિરાલંબન અને નિરુપાધિક છે. મારો મૂળસ્વભાવ શાંત-પ્રશાંત-ઉપશાંત છે. અનન્ત આનંદનો મહોદધિ મારામાં જ રહેલો છે. આનંદ મેળવવા માટે મારે બહારમાં ભટકવાની જરૂર નથી. બાહ્ય વસ્તુ-વ્યક્તિ પાસે સુખની ભીખ માગવાની મારે બિલકુલ આવશ્યકતા નથી. પરંતુ અનન્ત આનંદમય મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવને ઘોર મિથ્યાત્વ દબાવી રહ્યું છે. 'બહારમાં સુખ મળશે' - તેવી મિથ્યા શ્રદ્ધા મારી અંતર્મુખપરિણતિને હણે છે. બાહ્ય સાધનો દ્વારા સુખને મેળવવાની અને ભોગવવાની અતૃપ્ત મનોદશાથી વણાયેલું મિથ્યાત્વ મારી જ્ઞાનગર્ભિત વૈરાગ્યપરિણતિને ખતમ કરે છે. તેથી મિથ્યાત્વ એ જ મારો ઘોર શત્રુ છે. અનાદિ કાળથી ભવચક્રમાં મને પીલી-પીલીને, પીસી-પીસીને તેણે દુઃખી કર્યો છે. ભયંકર નુકસાન કરનારા આ મિથ્યાત્વને મારે મૂળમાંથી ઉખેડી જ નાંખવું છે. આ કાર્યમાં વિલંબ મને પાલવે તેમ નથી. મિથ્યાત્વના ઉચ્છેદ માટે મરણિયો થઈને મચી પડવું છે" - આવું પ્રણિધાન આત્માર્થી યોગીમાં ઉત્પન્ન કરીને તે દ્રવ્યદષ્ટિ તે યોગીમાંથી = મિત્રાદિદષ્ટિવાળા સાધકમાંથી મિથ્યાત્વને મૂળથી ઉખેડીને ફેંકી દે છે.

## ....તો પુનર્જન્મપરંપરા અટકે

ગ્રંથિભેદ થયા પછી પણ તે દ્રવ્યદષ્ટિને આદરભાવે ઉત્સાહપૂર્વક અનુસરવામાં આવે તો જ **દ્રવ્યલોકપ્રકાશ**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં ઉપાધ્યાય શ્રી**વિનયવિજય**જીએ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો રોગ, મૃત્યુ, ઘડપણ વગેરેની પીડા વગરના છે. કર્મબંધનના કારણો (મિથ્યાત્વાદિ) ન હોવાથી તેઓનો પુનર્જન્મ થતો નથી. બીજ બળી જાય તો અંકુરો ન ઉગે તેમ કર્મબીજ બળી જવાથી તેમને ફરીથી જન્માદિની પરંપરા ઊભી થતી નથી.' (૧૫/૧-૮)

[redacted] :- આ રીતે પ્રાસંગિક રીતે ગ્રંથકારશ્રીએ આઠ શ્લોક દ્વારા જ્ઞાનનો મહિમા જણાવેલ છે તથા પંદરમી શાખાની ભૂમિકાને તૈયાર કરેલ છે.

## ઢાળ - ૧૫

(❖ઋષભનો વંશ રયણાયરો - એ દેશી.)

હિવઇ આગલી ઢાલેં જ્ઞાનાધિકાર દૃઢ કરઈ છઇ, દૃષ્ટાન્તે કરીનેં –

**નાણ સહિત જે♦ મુનિવરા, કિરિયાવંત મહંતો રે;**
**તે મૃગપતિ જિમ પાખરિઆ✡, તેહના ગુણનો ન અંતો રે ॥૧૫/૨-૧॥ (૨૫૪)**
**શ્રી જિનશાસન સેવિઈ. આંકણી.**

**જ્ઞાન સહિત જે મુનિવર** = સાધુ, ચારિત્રીયા **કિરિયાવંત** = ક્રિયાપાત્ર છે. **મહંત** તે મોટા ચિત્તના ધણી છઈ; **તે મૃગપતિ જીમ** સિંહ અને **●પાખરિયા** તે **જિમ** મહાપરાક્રમી હોય, **તેહના ગુણનો અંત નથી**, પરમાર્થે બહુ ગુણના ભાજન છઈ. તેહની પ્રશંસા કહી ન જાય, એ પરમાર્થ. એહવા જ્ઞાનારાધક સુસાધુ જેહમાં છી એહવું **શ્રી જિનશાસન સેવીઈ**, ભક્તિભાવપૂર્વક આરાધિયે. ॥૧૫/૨-૧॥

---

परामर्शः

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - १५ (आर्याच्छन्दः)**

**ज्ञानोपेता मुनयो ये हि क्रियावन्तो महान्तो रे।**
**मृगपति-हयपराक्रमाः ते तद्गुणानां नान्तो रे।।१५/२-१।।**
**जिनशासनमुपास्यतां रे भव्याः ! जिनशासनमुपास्यताम्।। ध्रुवपदम्।।**

---

• અધ્યાત્મ અનુયોગ •

### ❀ જિનશાસનની ઉપાસના કરો ❀

**શ્લોકાર્થ** :- જે જ્ઞાનયુક્ત ક્રિયાવાળા મુનિવરો છે તે મહાન છે. તે મુનિવરો સિંહ અને ઘોડા જેવા પરાક્રમી છે. તેમના ગુણોનો કોઈ અંત નથી. (૧૫/૨-૧)

રે ! ભવ્ય જીવો ! તમે જિનશાસનની ઉપાસના કરો, જિનશાસનની ઉપાસના કરો.(**ધ્રુવપદ**)

### ✲ જ્ઞાન-ક્રિયાસંપન્નની પ્રશંસા કરીએ ✲

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) જ્ઞાનવંત મુનિ ક્રિયાવંત હોય તે સોનામાં સુગંધ ભળે તેવી વાત છે. આવી સુગંધ આપણને સહુને પ્રાપ્ત થાય તેવી ભાવનાને ગર્ભિત રીતે અહીં ગ્રંથકારશ્રી સૂચવી રહ્યા છે. (૨) તથા જ્ઞાન-ક્રિયાસંપન્ન મહાત્માઓના ગુણગાન કરવામાં આપણે ક્યારેય પણ થાકવું ન જોઈએ. ગુણાનુરાગ અને ગુણાનુવાદ દ્વારા તે તે સદ્ગુણોની સરળતાથી પ્રાપ્તિ થાય છે. તેથી તેવો અંગત પ્રયાસ આપણા જીવનમાં ઈચ્છનીય છે. આવી પ્રેરણા અહીં મળે છે. આ રીતે, **પ્રમાણનયતત્ત્વાલોક**માં જણાવ્યા મુજબ, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા દ્વારા સકલકર્મક્ષયસ્વરૂપ મુક્તિ સુલભ થાય. (૧૫/૨-૧)

---

❖ કો.(૧૧)માં 'શ્રીજિનશાસન સેવિઈ' પાઠ. ♦ પુસ્તકોમાં 'જે અ મુનિ...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ કો.(૧)માં 'પાખર્યા' પાઠ. લા.(૨)માં 'પારખરિયા' પાઠ. ●. 'પાખર = ઘોડા પર કસવાનો સામાન. પાખરીયો = પાખરવાળું, એક જાતનો ઘોડો' - ભગવદ્ગોમંડલ ભાગ-૬, પૃષ્ઠ - ૫૫૦૫. **पाखरिया = घोड़ा** - જુઓ - **મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ** પૃ.૩૧૬ તથા **વિશ્વનાથજાનીરચિત પ્રેમપચીસી**.

**વશ નિરુપક્રમ કર્મનઈ, જે પણિ જ્ઞાનવિહીના રે;**
**તે પણિ મારગમાં કહ્યા♦, જ્ઞાની ગુરુપદલીના રે ॥૧૫/૨-૨॥ (૨૫૫) શ્રી જિન.**

▸**નિરુપક્રમ** કહતાં કોઈક નિબિડ જ્ઞાનાવરણ **કર્મનઈ વશેં** કરી **જે** કોઈ તાદશ **જ્ઞાન** ગુણેં કરી **હીન** છેં.◂ તાદશ સત્ ક્રિયા વસત્યાદિક દોષરહિત[®] છઈ, **તે પણિ** અજ્ઞાનક્રિયાસહિત છઈ. તાદશ જૈન પ્રક્રિયાનો અવબોધ નથી પામ્યા, **તે પણિ માર્ગમાંહે કહ્યા** છઈ.

સ્યા પરમાર્થે ? **જ્ઞાની** તે જ્ઞાનવંત, જે **ગુરુ**, તેહના (**પદ**=) ચરણ કમલને વિષે એકાન્તે (**લીના**=) રક્ત પરિણામ છઈ. તે માટઈ શ્રી જિનમાર્ગનેહિ જ સેવીયે.॥૧૫/૨-૨॥

---

**परामर्शः** **निरुपक्रमकर्मवशाद् ये मुनयोऽपि ज्ञानविहीना रे।**
**तेऽपि मोक्षमार्गस्था ज्ञानिगुरुजनपदलीना रे।।१५/२-२।।**

---

### ❀ જ્ઞાન-ક્રિયારહિત ગુરુભક્ત પણ મોક્ષમાર્ગસ્થ ❀

[redacted] :- જે જીવો મુનિ હોવા છતાં પણ નિરુપક્રમ કર્મને વશ થવાથી જ્ઞાનશૂન્ય છે, તેઓ પણ જો જ્ઞાની ગુરુવર્યના ચરણમાં લીન હોય તો મોક્ષમાર્ગમાં રહેલા છે. (૧૫/૨-૨)

### ✡ .... તો જ્ઞાન-ક્રિયામાં ખામીવાળાનું પણ જીવન સફળ ✡

[redacted] :- (૧) "જે મહાત્માઓમાં જ્ઞાનની કે આચારની બાબતમાં થોડી સ્ખલના હોય, પરંતુ ગુરુની ભક્તિ કરવામાં તેઓને અનેરો આનંદ આવતો હોય તેમજ ગુરુને છોડવાનો કે ગુરુથી દૂર રહેવાનો જેમને બિલકુલ વિચાર પણ ન આવતો હોય, તથા ગુરુભક્તિના માધ્યમથી પોતાના કોઈ પણ પ્રકારના ભૌતિક સ્વાર્થની પરિપૂર્તિ માટેનો લેશ પણ આશય જેમના જીવનમાં જોવા મળતો ન હોય, ફક્ત આત્મકલ્યાણની બુદ્ધિથી જ ગીતાર્થ ગુરુના ચરણકમલની ઉપાસના કરવામાં જ જે મહાત્માઓ તત્પર હોય તેઓ પણ મોક્ષમાર્ગમાં જ રહેલા છે" - આવું જાણીને અજાણતા પણ તેવા મહાત્માઓની નિંદા ન થઈ જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવી. (૨) તથા "જ્ઞાન ન હોય, જ્ઞાન ચડતું ન હોય, નિર્દોષ ભિક્ષાચર્યામાં કે તપશ્ચર્યામાં માયકાંગલું શરીર સાથ આપે તેમ ન હોય અને નિરતિચાર સંયમપાલનનો ઉત્સાહ જાગવાની સંભાવના વર્તમાનમાં જણાતી ન હોય તો દીક્ષા લઈને શું કરવાનું ?" - આવી મૂંઝવણ રાખીને દીક્ષા લેવાનો વિચાર પડતો મૂકીને સંસાર માંડવાની ભૂલ ન કરવી. પરંતુ 'દીક્ષા પછી ગીતાર્થ ગુરુના ચરણકમલની ઉપાસના દ્વારા મારા હઠીલા કર્મોને હટાવી હું જરૂર મોક્ષમાર્ગે આગળ વધીશ' - આવો અપૂર્વ આત્મવિશ્વાસ કેળવીને દીક્ષા બાદ ગુરુની ઉપાસનામાં રક્ત બનવું. આ બે પ્રકારનો આધ્યાત્મિક સંદેશ અહીં મેળવવા જેવો છે. તેના લીધે સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય. **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં, **તીર્થોદ્ગાલિપ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં તથા **આત્મપ્રબોધ**માં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરતાં જણાવેલ છે કે "આ પ્રમાણે સર્વકાલ તૃપ્ત થયેલા, અતુલ નિર્વાણને = આનંદને પામેલા, સુખને પામેલા સિદ્ધાત્માઓ શાશ્વત કાળ સુધી અવ્યાબાધપણે સુખી રહે છે." (૧૫/૨-૨)

---

♦ પુસ્તકોમાં 'કહિયા' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૦)+લી.(૧)માં છે. ® પુસ્તકોમાં 'દોષસહિત' અશુદ્ધ પાઠ.

**નાણરહિત હિત પરિહરી, અજ્ઞાન જ ઃહઠરાતા રે;**

**કપટ ક્રિયા કરતા યતિ ન હુઈ ♦જિનમતમાતા રે ॥૧૫/૨-૩॥ (૨૫૬) શ્રી જિન.**

જે પ્રાણી **જ્ઞાનરહિત** છઈ સ્વહિતદસાચિંતન **પરિહર્યો** છે જેણે. **અજ્ઞાનરૂપ** જે હઠવાદ, તેહમાં જ તે **રાતા** છઈ, એકાંતે સ્વાભિગ્રહીત હઠવાદમાં રક્ત પરિણામી છઈ. બાહ્ય **કપટ ક્રિયા કરીનેં** અનેક લોકને રીઝવઈ, એહવા જે વેશધારીયા, (તે) **યતિ** = સાધુ **ન હોઈ.** ❐**જિનમત**ને વિષે = તે જૈન મતનઈ વિષઈ, **માતા ન હોઈ** = પુષ્ટ ન હોઈ. ॥૧૫/૨-૩॥

પરામર્શઃ **जडा ये हिताऽपेताः स्वीयाऽज्ञानहठाऽऽग्रहरक्ता रे।**
**कपटक्रियान्विताः ते यतयो न जिनमतमग्ना रे।।१५/२-३।।**

### ❖ ઉન્માર્ગગામી જીવોની ઓળખ ❖

**શ્લોકાર્થ** :- જે જડ જીવો આત્મહિતનો પરિહાર કરીને પોતાના અજ્ઞાન સ્વરૂપ હઠાગ્રહમાં આસક્ત છે તથા (જનમનરંજનાદિના આશયથી) કપટપૂર્વક બાહ્યાચારને પાળે છે, તે સાધુવેશને ધારણ કરનારા હોવા છતાં જિનેશ્વર ભગવંતના શાસનમાં લીન થયા નથી. (૧૫/૨-૩)

### ● આત્મહિતનો વિચાર કરીએ ●

**આધ્યાત્મિક ઉપનય** :- ધર્મજગતમાં પ્રવેશ કર્યા બાદ પ્રત્યેક આત્માર્થી જીવનું કર્તવ્ય છે કે 'મેં કેટલું આત્મહિત સાધ્યું ? કેટલું આત્મહિત સાધવાનું બાકી છે ? શક્તિ હોવા છતાં પણ ક્યા આત્મહિતને સાધવામાં પ્રમાદ થઈ રહેલ છે ? શા માટે પ્રમાદ થઈ રહેલ છે ? આત્મહિતની કઈ દશાએ હું પહોંચેલ છું ?' ઇત્યાદિ વિચારવિમર્શ કરવો જોઈએ.

### ◆ જનમનરંજનની વૃત્તિ છોડીએ ◆

માત્ર જનમનરંજનના આશયથી બાહ્યાચારને પકડવામાં આવે કે પોતાની માન્યતા મુજબના હઠવાદની અંદર રક્ત થવામાં આવે તો તેનાથી જિનમતમાં તાત્ત્વિક પ્રવેશ થઈ શકતો નથી. તથા સાધુવેશ ધારણ કરવા છતાં ભાવસાધુ થવાતું નથી. દીર્ઘ ભવભ્રમણના માર્ગે હોવા છતાં 'હું મોક્ષમાર્ગમાં છું' - એવો ભ્રમ રાખીને જીવ ઉન્માર્ગે ચડી જાય છે. આવું આપણા માટે ન બને તેવી કાળજી રાખવાની હિતશિક્ષા ગ્રંથકારશ્રી આ શ્લોક દ્વારા ફરમાવી રહ્યા છે.

### ❀ ક્રિયાયોગત્યાગી મોક્ષમાર્ગબાહ્ય ❀

એ જ રીતે, બીજી બાજુ વિચારીએ તો, પરમાર્થથી નિશ્ચયની જાણકારી વિના જ જે સુંદર ક્રિયાયોગને

ઃ લી.(૧)માં 'ડહરાતા' પાઠ.

♦ કો.(૪+૯)+આ.(૧)માં 'જિનમતમાતા' પાઠ. પુસ્તકોમાં 'નિજમતિમાતા' પાઠ. શાં.(પૃ.૨૩૫)માં 'જિનમતિમાતા' પાઠ.

❐ પુસ્તકોમાં 'નિજમતને' પાઠ છે. લી.(૩)નો પાઠ લીધો છે.

છોડે છે, તે શુષ્કજ્ઞાની છે. તેવા શુષ્કજ્ઞાની પણ મોક્ષમાર્ગની બહાર છે. પ્રસ્તુતમાં **ઓઘનિર્યુક્તિની** ગાથા યાદ કરવા જેવી છે. ત્યાં **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ છે કે 'નિશ્ચયનયનું આલંબન કરવા છતાં પરમાર્થથી નિશ્ચયનયને નહિ જાણતાં એવા કેટલાક બાહ્યક્રિયામાં આળસુ જીવો ચારિત્રના મૂલગુણનો અને ઉત્તરગુણનો નાશ કરે છે.' દિગંબરાચાર્ય **અમૃતચંદ્રજી**એ પણ **પુરુષાર્થસિદ્ધિઉપાય**માં આવા પ્રકારના ભાવવાળી જ કારિકા બનાવી છે. તે પણ અહીં ભૂલવા યોગ્ય નથી.

### ❀ સાચા જ્ઞાની સત્ક્રિયાને ન છોડે ❀

વાસ્તવમાં તો તાત્ત્વિક જ્ઞાનનો પરિપાક થતાં પોતાની ભૂમિકા મુજબ શાસ્ત્રવિહિત ક્રિયા છૂટી જતી નથી પણ આત્મસાત્ થાય છે. તેથી **અધ્યાત્મઉપનિષદ્**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે જણાવેલ છે કે 'જ્ઞાનનો પરિપાક થવાથી ખરેખર શાસ્ત્રોક્ત ક્રિયા આત્મસાત્ થાય છે. જેમ ચંદનમાંથી સુવાસ છૂટી પડતી નથી તેમ જ્ઞાનીમાંથી શાસ્ત્રોક્ત ક્રિયા છૂટી પડતી નથી.' આ અંગે અધિક નિરૂપણ **અધ્યાત્મઉપનિષદ્ની અધ્યાત્મવૈશારદી વ્યાખ્યા**માં અમે (યશોવિજય ગણીએ મુનિ અવસ્થામાં) કરેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગે તેનું અવલોકન કરવું.

### ❀ મુક્તાત્મા સદા પ્રસન્ન ❀

આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **યોગશાસ્ત્ર**માં કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિજી**એ તથા **ષડ્દર્શનસમુચ્ચય**માં મલધારી **શ્રીરાજશેખરસૂરિજી**એ વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સાદિ-અનંત-અનુપમ-પીડાશૂન્ય-સ્વાભાવિક સુખને મુક્તાત્મા પ્રાપ્ત કરે છે. કેવલજ્ઞાન-કેવલદર્શનને ધરાવનાર મુક્તાત્મા સદા પ્રસન્ન રહે છે.' (૧૫/૨-૩)

**કપટ ન જાણઈ રે♦ આપણું, પરનાં ગુહ્ય તે ખોલઈ રે;**
**ગુણનિધિ ✡ગુરુથી બાહિરા, વિરૂઉં નિજમુખિં બોલઈ રે ॥૧૫/૨-૪॥**
**(૨૫૭) શ્રી જિન.**

જે પ્રાણી (**આપણું**=) પોતાની કપટ દશાને **જાણતા નથી**, સ્યા પરમાર્થે ? અજ્ઞાનરૂપ પડલઈ કરીનેં. અને વલી (તે) **પરનાં ગુહ્ય** = પારકા અવર્ણવાદ (**ખોલઈ** =) મુખથી બોલઈ છઈ.

**ગુણનિધિ** = ગુણનિધાન એહવા જે **ગુરુ**, તેહ**થી બાહિર** રહીને, **વિરૂઓ** તે કહેવા યોગ્ય નહિ, એહવું **નિજમુખથી બોલઈ** છઈ, અસમંજસપણું ભાખે છે, તે પ્રાણીનઈં. ॥૧૫/૨-૪॥

---

**પરામર્શઃ** **स्वकपटं तु न जानन्ति, ते परगुह्यानुद्घाटयन्ति रे।**
**गुणनिधिगुरुतो बाह्या विरूपं स्वमुखाद् वदन्ति रे।।१५/२-४।।**

---

### ❯ સાધ્વાભાસની ઓળખાણ ❯

**શ્લોકાર્થ** :- તે સાધ્વાભાસ જીવો પોતાના કપટને નથી જ જાણતા અને પારકાના દોષોને ઉઘાડા પાડે છે. ગુણના નિધાન સમાન એવા ગીતાર્થ ગુરુથી છૂટા પડીને પોતાના મોઢેથી ગુરુના દોષોને જણાવે છે.(૧૫/૨-૪)

### ❀ આત્મવિડંબક ન બનીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- કપટી જીવ પોતાના દોષ જોવાના બદલે હંમેશા બીજાના છિદ્રોને જુવે છે. બીજાના દોષને રજનું ગજ કરીને દેખાડે છે અને ગજ જેવા પોતાના દોષ એને રજ જેવા લાગે છે. તે રીતે પોતાના દોષને તે ઢાંકે છે. તથા ગુરુનિંદાના પાપમાં તે હોંશે-હોંશે જોડાય છે અને અનંતકાળ સુધી મોક્ષથી દૂર ફેંકાઈ જાય છે. ધર્મશ્રમણ તરીકેનો દેખાવ કરવા છતાં પાપશ્રમણ તરીકેનું તેનું જીવન આત્મવિડંબના સિવાય બીજું કશું જ નથી.

### ❦ જ્ઞાનીની નજરમાં નીચા ન ઉતરીએ ❦

બાહ્ય દૃષ્ટિએ સંસારનો ત્યાગ કરવા છતાં પણ તે સાધ્વાભાસ જીવ જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં અત્યંત નીચો ઉતરી જાય છે અને જિનશાસનની અત્યંત બહાર નીકળી જાય છે. આવું આપણી બાબતમાં ન બને તેવું ગ્રંથકારશ્રી ઈચ્છી રહ્યા છે. પાપશ્રામણ્યનો પરિહાર કરવાના પ્રયત્નથી જ **શ્રીશ્રીપાલ-કથામાં** (= સિરિસિરિવાલ કહામાં) શ્રી**રત્નશેખરસૂરિ**જીએ દર્શાવેલ શાશ્વતસુખવાળો મોક્ષ સુલભ બને. (૧૫/૨-૪)

---

♦ કો.(૯)+સિ.માં 'રે'ના બદલે 'તે' પાઠ.

✡ કો.(૧)માં 'ગુરુથકા' પાઠ. પુસ્તકોમાં 'ગુરુ થકી' પાઠ. લા.(૨)માં 'ગુરુથી' પાઠ.

**બાહિર બક પરિ ચાલતાં, અંતર આકરી ♦કાતી રે;**
**તેહનઈ ✡જે ભલા કહઈ, મતિ નવિ જાણઈ તે ✠જાતી રે ॥૧૫/૨-૫॥**
**(૨૫૮) શ્રી જિન.**

જે બાહ્યવૃત્તિ બકની પરે ચાલતાં રહે છે.

शनैर्मुञ्चति स पादान् जीवानामनुकम्पया।
पश्य लक्ष्मण ! पम्पायां बकः परमधार्मिकः ।। ( ) इति वचनात्।
□सहवास्येव जानाति सहजं सहवासिनाम्। मन्त्रं प्रच्छ्यसे राजन् ! येनाहं निष्कुलीकृतः।। ( )

અને **અંતરંગમાં આકરી કાતી** માયારૂપ રાખેં. **તેહને જે ભલા કહઈ** છઈ, તે પણ દુર્બુદ્ધિ જાણવા. પણિ તેહની **મતિ**, તેણે **જાતી ન જાણી**, अत एव "**निर्बुद्धिको पुरुषो ज्ञेयः**" इति भावः ॥૧૫/૨-૫॥

**પરામર્શઃ** **बाह्यवृत्तयो बकवत् चलन्ति दधत्यन्तो दृढां मायाम्।**
**तान् यः शोभनान् वदति स नैव वेत्ति तेषां छायाम्।।१५/२-५।।**

### ❀ બહિર્મુખી સાધુનો પરિચય ❀

[illegible] :- બહિર્મુખવૃત્તિવાળા બગલાની જેમ ચાલે છે. તેઓ અંદરમાં દઢ કપટને ધારણ કરે છે. તેવા સાધુઓને જે સારા કહે છે, તે તેઓના પડછાયાને પણ નથી જ જાણતા. (૧૫/૨-૫)

### ❀ લોકરંજનનો આશય ઘાતક ❀

[illegible] :- 'આત્મશુદ્ધિના બદલે જનમનરંજનને પોતાનું લક્ષ્ય બનાવીને બહિર્મુખપણે જે કોઈ તપ-ત્યાગાદિ ઉગ્ર આચાર પાળવામાં આવે છે, તે માયાચારરૂપે પરિણમે છે' - આવું જાણીને દીર્ઘ તપશ્ચર્યા, મોટા ત્યાગ, વ્યાખ્યાન, શિબિર, સંઘ, ઉપધાન, અંજનશલાકા, પ્રતિષ્ઠા, શાસ્ત્રપ્રકાશન, મહાપૂજા, અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ આરાધના કરતી વખતે અને કરાવતી વખતે જનમનરંજનનો તુચ્છ આશય ઘૂસી ન જાય તેની સાવધાની રાખવાની આંતરિક ભલામણ ગ્રંથકારશ્રી આ શ્લોક દ્વારા કરે છે. શાસનપ્રભાવનાના નામે જાતપ્રભાવના કરવી કે સંઘરક્ષાના નામથી ફક્ત પોતાના સમુદાયની અને

---

♦ કાતી = કર્તકી = છરી. તત્સમાન હોવાથી માયાને 'કાતી' કહેલ છે. આધારગ્રંથ- **અખાની કાવ્યકૃતિઓ ખંડ-૨** (પ્રકાશન : સાહિત્ય સંશોધન પ્રકાશન, અમદાવાદ) તથા **કામાવતી** (લોકવાર્તાકાર **શિવદાસકૃત**) અને **પ્રેમાનંદની કાવ્યકૃતિઓ**

✡ મ.માં 'જેહ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

✠ M(૧)માં 'જોતી' અશુદ્ધ પાઠ.

□ શાં.માં 'सहवासीव जानाति सहसं सहवाजिनाम्। मन्त्रं प्रच्छ्यसे...' ઇત્યાદિ અશુદ્ધ પાઠ છે.

પોતાના સંપ્રદાયની જ રક્ષા કરવી - આ પણ કપટવૃત્તિ છે. આવી માયાવૃત્તિથી પણ આ કાળમાં વિશેષ પ્રકારે દૂર રહેવા જેવું છે.

### ❈ સાચી શાંતિને મેળવવાનો ઉપાય ❈

હકીકતમાં દરેક જીવ શાન્તિ, સુખ વગેરેના જ કામી છે. તે માટે જ સર્વ જીવો પ્રયત્ન કરે છે. પણ તેનું સાચું સાધન ન પકડવાથી તેની પ્રાપ્તિ થતી જ નથી. જેણે તાત્ત્વિક શાન્તિ, સુખ વગેરે મેળવવા છે, તેણે ક્યારેય પણ જનમનરંજન, માયા, મમતા, વાસના વગેરેના વમળમાં ડૂબવું ન જ જોઈએ કે પર દ્રવ્ય-ગુણાદિનો અનુભવ કરવામાં ગળાડૂબ થવું ન જ જોઈએ. હે ભવ્યાત્મા ! તારે આત્માની શાંતિ વગેરે ગુણવિભૂતિને પ્રગટ કરવી જ છે, તો તે ક્યારેય પારકા દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી નહીં આવે, પારકી વસ્તુ સામે જોવાથી નહિ જ આવે. રાગાદિ વિભાવપરિણામ કે ક્ષણિક વિકલ્પ વગેરે પર્યાયના કર્તા-ભોક્તા બનવાની અવસ્થામાંથી પણ શાંતિ વગેરે ક્યારેય પણ, ક્યાંય પણ, કોઈને પણ પ્રગટી શકે જ નહિ. તેથી તે તમામ પરભાવના લક્ષને છોડી દે. તે તમામ પારકા દ્રવ્યાદિથી પરમ ઉદાસીન બનીને ધ્રુવ, શુદ્ધ, પરિપૂર્ણ એવા પોતાના ચૈતન્યના અખંડ પિંડમાં જ તારી પોતાની વર્તમાન ઉપયોગપરિણતિને એકાકાર કર, તન્મય બનાવ. તારા ધ્રુવ, શુદ્ધ, પૂર્ણ ચૈતન્યસ્વભાવના આધારે જ સાંપ્રત અવસ્થામાં સાચી શાંતિ વગેરે પ્રગટ થાય. બીજી કોઈ રીતે તાત્ત્વિક શાંતિ મળશે નહિ. આ રીતે અહીં બતાવેલ માર્ગે ચાલીને પરિપૂર્ણ, પરિશુદ્ધ, શાશ્વત એવા પોતાના જ પરમ શાંતસ્વભાવને પ્રગટ કરવાથી **પ્રશમરતિ**માં દર્શાવેલ સિદ્ધિ નજીક આવે છે. ત્યાં **ઉમાસ્વાતિવાચકે** જણાવેલ છે કે "જન્મ-જરા-મરણ-રોગથી સંપૂર્ણતયા છૂટી ગયેલ તથા વિમલ સિદ્ધિક્ષેત્રમાં લોકાગ્ર ભાગને પામેલ આત્મા સાકાર ઉપયોગથી સિદ્ધિને પામે છે."(૧૫/૨-૫)

વળી એહ જ દૃઢઈ છઈ-

**બહુવિધ બાહ્ય ક્રિયા કરઈ, જ્ઞાનરહિત જેહ ટોલઈ રે;**
**શત જિમ અંધ અદેખતા, તે તો પડિયા♦ છઈ ભોલઈ રે ॥૧૫/૨-૬॥**
**(૨૫૯) શ્રી જિન.**

☆**બહુવિધ** ઘણા પ્રકારની, **બાહ્ય ક્રિયા કરઈ** છઈ, **જ્ઞાનરહિત જે** અગીતાર્થ, તેહનેં **ટોલે**♦ = સંઘાડે, મીલીનઈ તે, **જિમ શત અંધ અણદેખતા** જિમ મિલ્યા હોઈ, તે જિમ શોભા ન પામઈ, તિમ **તે તો ભોલઈ પડ્યા છઈ**, ▸અજ્ઞાની સ્વમતેં દુર્ગતેં પડે.◂

"आत्मार्थसाधने अकुशलाः" इति परमार्थः ॥१५/२-६॥

**परामर्शः** बहुविधां बाह्यक्रियां कुर्वन्तो जडवृन्दं विशन्ति रे।
अपश्यन्तोऽन्धशतवद् ह्यर्थं मुग्धाः प्रपतन्ति रे॥१५/२-६॥

### ... તો ઉગ્ર સંયમચર્યા પણ નિષ્ફળ બને

[redacted] :- અનેક પ્રકારની બાહ્યક્રિયાને કરતા બહિર્મુખ જીવો અજ્ઞાનીના ટોળામાં પ્રવેશ કરે છે. આત્મકલ્યાણને નહિ જોતા તે મુગ્ધજીવો સેંકડો અંધ વ્યક્તિની જેમ ભવાટવીમાં પડે છે. (૧૫/૨-૬)

### અગીતાર્થનિશ્રિત ભવમાં ભટકે

[redacted] :- 'ગીતાર્થ ગુરુની નિશ્રાને છોડીને લોકોને ખુશ કરવાના આશયથી ઉગ્ર તપશ્ચર્યાને કરનારા અને સંયમચર્યાને પાળનારા અગીતાર્થનિશ્રિત એવા અગીતાર્થ બહિર્મુખી સાધુઓ દીર્ઘ ભવભ્રમણ કરે છે. મોક્ષમાર્ગે લેશ પણ આગળ વધતા નથી' - આવું જાણીને આપણા જીવનમાં તેવું અજ્ઞાનકષ્ટ કે ક્રિયાજડતા ઘૂસી ન જાય તેની તકેદારી રાખવાની સૂચના અહીં પ્રાપ્ત થાય છે.

### મિથ્યાત્વીના બ્રહ્મચર્યાદિ પ્રશંસનીય નથી - મહાનિશીથ

વળી, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મેળવ્યા વિનાની બ્રહ્મચર્યપાલનાદિ ઉગ્રસંયમચર્યા પણ નથી તો પ્રશંસાપાત્ર બનતી કે નથી તો સાનુબંધ થતી. કેમ કે અતિદીર્ઘ એવી પુનર્ભવની પરંપરાને ઉત્પન્ન કરવા માટે સમર્થ એવા મિથ્યાત્વનો હજુ સુધી તેમણે ઉચ્છેદ કર્યો નથી. આ જ અભિપ્રાયથી **મહાનિશીથ** સૂત્રમાં બીજા અધ્યયનમાં જણાવેલ છે કે 'જે વળી મિથ્યાદૃષ્ટિ થઈને ઉગ્ર બ્રહ્મચારી થાય, હિંસાના આરંભથી અને પરિગ્રહાદિથી અટકી જાય તો પણ તેઓને મિથ્યાદૃષ્ટિ જ જાણવા, સમ્યગ્દૃષ્ટિ ન જ

---

♦ પુસ્તકોમાં 'પડિઆ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

☆ કો.(૧૦)માં '૧૦૦ જણા આંધળા જિમ અહંકારે ચતુર અગ્રેસરી વિના કૂપકાદિકે પડે તિમ અજ્ઞાની સ્વમતેં દુર્ગતે પડે' પાઠ.

♦ ટોલ = સમુદાય. જુઓ- **ચિત્તવિચારસંવાદ** (અખાજી કૃત)

▸....◂. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૫)માં છે.

જાણવા. હે ગૌતમ ! તે બ્રહ્મચારીઓએ જીવાદિ નવ તત્ત્વનું સ્વરૂપ જાણેલ નથી. તેથી તેઓની બ્રહ્મચારિતાસ્વરૂપ ઉત્તમતા નથી તો અભિનંદનપાત્ર કે નથી પ્રશંસાપાત્ર. કારણ કે (ભવબીજસ્વરૂપ મિથ્યાત્વનો ઉચ્છેદ થયો ન હોવાથી) પછીના ભવમાં તેઓ દિવ્ય-ઔદારિક વિષયોની પ્રાર્થના કરશે. વળી, તેઓ કદાચ દિવ્ય અપ્સરાઓને જુએ તો તેઓ બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થાય અથવા તો ભવાંતરમાં તે અપ્સરાઓને ભોગવવાનું નિયાણું પણ તેઓ કરી બેસે.' તેથી સૌપ્રથમ ભયાનક સંસાર અટવીનું નિર્માણ કરવામાં સમર્થ એવા બીજતુલ્ય મિથ્યાત્વનો ઉચ્છેદ કરવા માટે સતત પ્રયત્ન કરવો જરૂરી છે.

### સચ્ચિદાનંદમય સ્વરૂપનું સતત સ્મરણ

તે માટે પોતાના શુદ્ધ સચ્ચિદાનંદમય સ્વરૂપનું સતત સ્મરણ અને સંવેદન કરવું જોઈએ. સતત આવી તકેદારી રાખવામાં આવે તો જ **રત્નકરંડકશ્રાવકાચાર**માં **સમન્તભદ્રાચાર્યે** વર્ણવેલ શિવસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'મોક્ષને પામેલા જીવો ત્રૈલોક્યમુગટની શોભાને ધારણ કરે છે. તથા તેઓનો આત્મા કચરાથી રહિત અને કાળાશશૂન્ય દેદીપ્યમાન સુવર્ણ જેવો ઝળહળતો, કેવળજ્ઞાનથી ચળકતો હોય છે. (૧૫/૨-૬)

**નિજ ♦ઉત્કર્ષથી હરખિયા, નિજઅવગુણ નવિ⁸ દાખઈ રે;**
**જ્ઞાન❒જલધિગુણ અવગણી, અવગુણલવ બહુ ભાષઈ રે ॥૧૫/૨-૭॥**
**(૨૬૦) શ્રી જિન.**

જે **નિજ** કહતાં પોતાનો, ઉત્કર્ષ હઠવાદ, તેહ**થી** (**હરખિયા**=) હર્ષવંત છઈ, કેમ તે "જે અમ્હે કહું છું, તે ખરું; બીજું સર્વ ખોટું." **નિજ** કહતાં પોતાના, **અવગુણ** = ક્રિયારહિતપણું, તે તો **દાખતા** પિણ **નથી.**

**જ્ઞાન** રૂપ જે **જલધિ** કહતાં સમુદ્ર (તેના **ગુણ**), તે પ્રત્યે **અવગણીને** પ્રકર્ષે, જ્ઞાનવંતના **અવગુણ**, તદ્રૂપ જે **લવ**, તે પ્રતે **બહુ ભાખે** છઈ. ॥૧૫/૨-૭॥

**પરામર્શઃ** **निजोत्कर्षात् प्रहृष्टाः ते नैव निजदोषं पश्यन्ति रे।**
**ध्यर्णवगुणोपेक्षया तद्दोषलवमतिवदन्ति रे।।१५/२-७।।**

[redacted]:- પોતાના ઉત્કર્ષથી અત્યંત ખુશ થયેલા તે જીવો પોતાના દોષને નથી જ જોતા. જ્ઞાનસમુદ્રરૂપી ગુણની ઉપેક્ષા કરીને જ્ઞાનીના આંશિક દોષને તેઓ અત્યંત પહોળા કરીને બોલે છે. (૧૫/૨-૭)

### ❖ માયાશલ્ય પરિહરીએ ❖

[redacted]:- પોતાના દોષ ન જોવા અને બીજાના દોષોને બોલવા - આ બે ચેપી રોગ છે. આ હકીકતને જાણીને તટસ્થભાવે પોતાના અંતરંગ ભાવોનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીને પોતાના દોષોને જોવા-શોધવા. તથા તેની ગર્હા-નિંદા કરવી. દોષોને ભેગા કરવામાં અને વધારવામાં પ્રવૃત્ત થયેલ પોતાના આત્માની નિંદા કરવી. તેમજ પ્રમોદભાવથી ગુણાનુરાગદષ્ટિએ બીજાના ગુણો સભામાં-જાહેરમાં પ્રકાશવા. આ રીતે સાનુબંધ સકામ કર્મનિર્જરા વગેરે ભાવોનું પ્રણિધાન કરવું. સાનુબંધ સકામ કર્મનિર્જરા, આત્મશુદ્ધિ, સદ્ગુણપ્રાપ્તિ, સંવર-નિર્જરાની આરાધના, જિનાજ્ઞાની ઉપાસના કરવાનું લક્ષ્ય ભૂલીને 'માત્ર લોકોને ખુશ કરવા, આ-લોકની અનુકૂળતા પ્રાપ્ત કરવી, યશ-કીર્તિને મેળવવી' - આ જ મુખ્ય લક્ષ્ય ધર્મક્રિયાની પાછળ ગોઠવાઈ જાય તો તે એક જાતની મહામાયા છે. ભગવાને બતાવેલા ઉત્તમ આશયને છોડી ધર્મક્રિયાની પાછળ તુચ્છ આશયને કેન્દ્રસ્થાને સ્થાપિત કરવો - તે એક જાતની લુચ્ચાઈ જ છે. ઉગ્ર ધર્મચર્યા કરવા છતાં પણ આત્મકલ્યાણને કે મોક્ષને પરિધિના સ્થાનેથી પણ ખસેડી દેવાનું વલણ કેળવવું તે એક જાતનું કપટ જ છે. આવું કપટ રાખીને બાહ્ય ઉગ્ર સંયમચર્યાને આચરવી તે અજ્ઞાનકષ્ટ છે. મિથ્યાત્વમોહનીય કર્મનું તે કાર્ય છે. મતિવિપર્યાસના લીધે પોતાના કપટને તે જીવો કપટ તરીકે ઓળખી શકતા નથી. આવું આપણા જીવનમાં બની ન જાય તેની સાવધાની આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે.

♦ મ.માં 'ઉતકરષથી' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે.
⁸ મો.(૨)માં 'અવિહાખે' અશુદ્ધ પાઠ.
❒ મો.(૨)માં 'અવધિ' પાઠ.

પંન્યાસપ્રવર શ્રી**ચરણવિજયજી** મહારાજે '**ગુજરાતી સુભાષિત સૂક્તરત્નાવલી**' માં જે નિમ્નોક્ત વાત જણાવી છે, તેની પણ અહીં વિભાવના કરવી.

**"ગુણીજનની નિંદા કરે, આપ બડાઈ અપાર;**
**છતાં કહે હું સંત છું, એ પણ એક ગમાર."** (૯૪/૨૧ ભાગ-૧, પૃષ્ઠ-૧૭૭)
**"આપ બડાઈ બહુ કરે,સુણે બીજાની પાસ;**
**વગર ગુણે ગુરુજી બને, ત્રણ જગ માને દાસ."** (૧૦૯/૪ ભાગ-૨, પૃષ્ઠ-૩૩૫)
**"તેવા પામર માનવી, પશુ સમા હેવાન;**
**આપ બડાઈ સાંભળી, બને સાવ બેભાન."** (૧૦૯/૫ ભાગ-૨, પૃષ્ઠ-૩૩૫)

### ❋ સ્વલક્ષ વિના જ્ઞાન સમ્યગ્ બને નહિ ❋

વાસ્તવમાં તો પર દ્રવ્યાદિની રુચિ = બહિર્મુખતા જ મતિમાં વિપર્યાસને જન્માવે છે. બહિર્મુખપણે પારકા દ્રવ્ય-ગુણાદિની રુચિમાં જ તત્પર બનીને બીજાને ધર્મોપદેશ આપવાના અભરખા રાખવા એ પણ પરલક્ષ જ છે. તેવા પરલક્ષથી પણ જે મતિ-શ્રુત પ્રગટે છે, તે કેવળ મિથ્યા છે. સ્વલક્ષ્ય પ્રગટાવ્યા વિના, પર લક્ષે જે પણ બોધ થાય તે મિથ્યા જ બને, મિથ્યાત્વપોષક બને. ધર્મોપદેશકોએ આ વાતને ગંભીરતાથી સાંપ્રત કાળે ધ્યાનમાં લેવા જેવી છે. પોતાના જ ચૈતન્યસ્વભાવનો મહિમા અંદરમાં પ્રગટે, તેની જ લગની જાગે, તેનું જ સર્વત્ર લક્ષ્ય રહે, સર્વદા તેનો જ સાચો આદરભાવ વગેરે જાગે તો તેનાથી ગ્રંથિભેદ થાય, સમ્યગ્દર્શન પ્રગટે. તેનાથી જ જ્ઞાન સમ્યગ્ બને છે. સમ્યગ્ જ્ઞાનને મેળવવાનો, મતિવિપર્યાસને ટાળવાનો આ જ સાચો ઉપાય છે. વધુ શાસ્ત્રો ભણવાથી વધુ માહિતી ભેગી થાય, કોમ્પ્યુટરમાં જેમ માહિતીસંગ્રહ થાય તેમ. પરંતુ સમ્યગ્જ્ઞાન તેટલા માત્રથી ન પ્રગટે. બાકી તો સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવનાર અભવ્યનું જ્ઞાન પણ સમ્યગ્ બની જાય. સાચા આત્માર્થી સાધકનો સૌપ્રથમ પ્રયત્ન વધુ માહિતીજ્ઞાનને મેળવવાનો નહિ પરંતુ મળેલા જ્ઞાનને સમ્યગ્ કરવાનો હોય. તે માટે સ્વલક્ષ્ય = નિજ શુદ્ધચૈતન્યસ્વભાવનું લક્ષ્ય બળવાન બનાવવું. સ્વલક્ષે સમ્યગ્જ્ઞાનને પ્રગટ કર્યા વિના કે તે દિશાના પ્રયાસ વિના કોઈ જીવ કષાયને મંદ કરવાના બાહ્ય પ્રયત્ન વગેરેમાં લાગી જાય તો તેવા પ્રયત્નથી પણ જે પુણ્ય બંધાય તે પુણ્ય પ્રાયઃ પાપાનુબંધી હોય છે. સાધુવેશધારી નવગ્રૈવેયકગામી અભવ્યનું પુણ્ય પાપાનુબંધી જ હોય છે ને ! તેની જેમ આ વાત સમજવી.

### ❋ જો જો, પરદ્રવ્યની રુચિ જાગે નહિ ❋

તેથી સાધક ભગવાને સર્વત્ર, સર્વદા, સર્વથા પોતાના શુદ્ધ આત્મસ્વભાવના જ સમ્યક્ પ્રકારે આદર, અહોભાવ, બહુમાન ભાવ વગેરેમાં પરાયણ બનવું. નિજજ્ઞાનમાં પ્રતિભાસતા-જણાતા પરદ્રવ્યાદિમાં જરા પણ રુચિ જાગી ન જાય તેની સતત સાવધાની રાખવી. તે રુચિને સતત સદંતર છોડવી. આ રીતે સાવધાની રાખીને ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યામાં જણાવેલ મોક્ષ નજીક આવે. ત્યાં દિગંબર **પૂજ્યપાદસ્વામી**એ દર્શાવેલ છે કે 'સર્વ કર્મમલ કલંકનું નિરાકરણ કરીને અશરીરી આત્માની વિશેષ પ્રકારની અવસ્થા મોક્ષ છે. તે અવસ્થામાં અચિંત્ય સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણો રહેલા હોય છે તથા પીડારહિત અત્યંત આનંદ વિદ્યમાન હોય છે. **(૧૫/૨-૭)**

**ગુણપ્રિય આગઈ ⁑અણછૂટતા, જે ગુણ અલ્પસ્યો ભાખઈ રે;**
**તે પણિ અવગુણ પરિણમઈ, માયા શલ્ય♦ મનિ ☐રાખઈ રે ॥૧૫/૨-૮॥(૨૬૧)**
**શ્રી જિન.**

વલી જે **ગુણપ્રિય** પ્રાણી છે, તે **આગેં અણછૂટતા** થકાં = અવકાશ અણપામતાં, જે **અલ્પસ્યો** = થોડોઈક ગુણ (**ભાખઈ**=) ભાષણ કરેઇ છઇ, **તે પણિ** = તે હવે **અવગુણ** રૂપ થઈને **પરિણમઈ** છઇ, જેણે (**મનિ** = મનમાં) **માયા** શલ્યરૂપ આત્મપરિણામ **રાખ્યો** છઇ, તે પ્રાણીનઇં. ॥૧૫/૨-૮॥

परामर्शः **गुणप्रियसन्निधाने स्थानाप्तये गुणलवं वदन्ति रे।**
**दूषणतया परिणमति तदपि मायां धारयन्ति रे।।१५/२-८।।**

**❈ ગુણાનુવાદ પણ દોષરૂપે પરિણમે ❈**

[redacted] :- ગુણપ્રિય વ્યક્તિના સાન્નિધ્યમાં સ્થાન મેળવવા માટે જ્ઞાની પુરુષોના આંશિક ગુણોને તે બોલે છે. તે પણ દોષરૂપે પરિણમે છે. કારણ કે તેઓ માયાને ધારણ કરે છે. (૧૫/૨-૮)

**❈ પ્રચ્છન્ન માયાને છોડીએ ❈**

[redacted] :- જો ગુણજ્ઞ શ્રાવકો વગેરેની આગળ આત્મજ્ઞાની મહાત્માની નિંદા કરવામાં આવે તો તે ગુણજ્ઞ શ્રાવકો પાસેથી ગોચરી, પાણી, ઉપકરણ, ઉપાશ્રય વગેરે મળવાની શક્યતા રહેતી નથી. તેથી તત્ત્વજ્ઞાની મહાત્મા પ્રત્યે પોતાના અંતઃકરણમાં દ્વેષ હોવા છતાં તથાવિધ પૌદ્ગલિક લાભ લેવા માટે ગુણજ્ઞ શ્રાવકો, ગૃહસ્થો વગેરે પાસે તત્ત્વજ્ઞાની મહાત્માની નિંદા કરવાના બદલે તેમના થોડા-ઘણા ગુણોની પ્રશંસા કરવી તે પણ એક જાતની પ્રચ્છન્ન માયા જ છે. આવી માયા કે તત્ત્વજ્ઞાની મહાત્મા પ્રત્યેનો દ્વેષ આપણા અંતઃકરણમાં પ્રવેશી ન જાય તેવી સાવધાની રાખવાની ભલામણ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

**❁ સિદ્ધસ્વરૂપનું સૌંદર્ય ❁**

તે સાવધાનીના બળથી સિદ્ધિગતિ સુલભ થાય. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં સિદ્ધિગતિ અંગે જણાવેલ છે કે 'તે (૧) લોકાગ્રભાગમાં પ્રતિષ્ઠિત થયેલા, (૨) અચિંત્યશક્તિ-શુદ્ધિસંપન્ન, (૩) ભવપ્રપંચથી પૂર્ણતયા મુક્ત થયેલા સિદ્ધાત્માઓ (૪) શ્રેષ્ઠ સિદ્ધિગતિને પામેલા છે.' (૧૫/૨-૮)

♦ મ.માં 'શલ' પાઠ. આ.(૧)+કો.(૨+૪)નો પાઠ લીધો છે.
⁑ લી.(૧)માં 'અછૂટતા' પાઠ. લી.(૨)માં 'આછૂટતા' પાઠ.
☐ મો.(૨)માં 'મ રાખે' પાઠ.

**જ્ઞાનરહિત જેહ એહવા, જિનશાસન ધન ચોરઈ રે;**
**તેહ શિથિલ પરિ♦ પરિહરું✡, ગચ્છાચારનઈં જોરઈ રે ॥૧૫/૨-૯॥**
**(૨૬૨) શ્રી જિન.**

**એહવા જે જ્ઞાનરહિત** પ્રાણીઓ અજ્ઞાનવંત પ્રાણી જે છઈ, તે **જિનશાસન**નું **ધન** તે સત્યભાષણ-ક્રિયા-વ્યવહારરૂપ **ચોરે છે.**

*ગચ્છાચાર*વચનં ચેદમ્ - [1]अगीयत्थ-कुसीलेहिं, संगं तिविहेण वोसिरे। मुक्खमग्गस्सिमे विग्घं, ♦पहम्मि तेणगा जहा।। (ग.प्र.४८) इति वचनात् તે શિથિલ● પરિ પરિહરું છું, ગચ્છાચારને ❖જોરઈ કરીને.॥૧૫/૨-૯॥

---

પરામર્શઃ **जडास्ते जिनशासने सत्यभाषणधनं चोरयन्ति रे।**
**त्याज्या हि गच्छाचारवचनान्यत्र च बलवन्ति रे।।१५/२-९।।**

---

**શ્લોકાર્થ** :- તે જડ સાધુઓ જિનશાસનમાં સત્યભાષણરૂપી મહાધનને ચોરે છે. તેથી તેઓનો ત્યાગ જ કરવો જોઈએ. પ્રસ્તુત બાબતમાં '**ગચ્છાચારપયન્ના**' આગમના વચનો બળવાન પ્રમાણ છે.(૧૫/૨-૯)

### ❀ આપણા પરમાત્મસ્વરૂપનું ધ્યાન ધરીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- જીવ ભાવુક દ્રવ્ય છે. સામાન્યથી જેવા પ્રકારનો સંગ થાય તેવા પ્રકારનો રંગ જીવને લાગુ પડે છે. પોતાની ચિત્તવૃત્તિને પરમાત્મામાં સદૈવ લીન કરવા દ્વારા પરમાત્મસ્વરૂપ બનવા માટે મહામૂલો માનવભવ આપણને મહાન પુણ્યોદયથી પ્રાપ્ત થયો છે. વીતરાગના સંગમાં ચિત્તવૃત્તિ સતત રોકાયેલી રહે તો 'ઈલિકા-ભ્રમરી' ન્યાયથી જીવ શિવસ્વરૂપ બને છે. અત્યંત સૌમ્ય મુખમુદ્રાવાળી પરમાત્માની પ્રતિમા વગેરેનું આલંબન લઈને, પરમાત્માનું નહિ પરંતુ તીર્થંકર પરમાત્મા જેવા જ પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવું. "અરિહંત-સિદ્ધ પરમાત્મા જેવું જ મારું સ્વરૂપ અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય, અનંત શક્તિમય, અનંત પરમાનંદમય, શાશ્વત શાન્તિમય અને સહજ સમાધિમય છે. મૂળભૂત સ્વભાવે મારામાં અને પરમાત્મામાં કશો જ તફાવત નથી. હવે મારે મારું મૂળભૂત પરમાત્મસ્વરૂપ જ પ્રગટાવવું છે. પારકી પંચાતમાં કે બીજી આળ-પંપાળમાં ક્યાંય અટવાવું નથી. હે પ્રભુ ! આપના અચિંત્ય પ્રભાવથી, આપના જેવું, આપે બતાવેલું મારું પરમાત્મસ્વરૂપ અત્યંત

---

♦ કો.(૯)+સિ.માં 'શિથિલપણિ' પાઠ.

✡ આ.(૧)માં 'પરિહરો' પાઠ.

1. अगीतार्थ-कुशीलैः सङ्गं त्रिविधेन व्युत्सृजेत्। मोक्षमार्गस्य इमे विघ्नाः पथि स्तेनकाः यथा।।

♦ પુસ્તકોમાં '**मग्गम्मि**' પાઠ. કો.(૧૦) + આ.(૧)નો પાઠ લીધો છે.

● પુસ્તકોમાં 'શિથિલતાને' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

❖ પુસ્તકોમાં 'જોરે' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

ઝડપથી પ્રગટો, ઝડપથી પ્રગટો. આપની અનુગ્રહદૃષ્ટિથી હવે તે જ પ્રગટ કરવા યોગ્ય લાગે છે. હવે મારે મારું શુદ્ધસ્વરૂપ તાત્કાલિક પ્રગટ કરવું છે, પ્રગટ કરવું જ છે. હે ભગવંત ! આપની વીતરાગતાનું આલંબન લઈને હું મારા વીતરાગ-વિકારશૂન્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં સ્થિર થાઉં. મારા જ સ્વરૂપમાં હવે હું ઓતપ્રોત થાઉં છું. ૐ શાન્તિ... ૐ શાન્તિ.. ૐ શાન્તિ.." - આ રીતે પરમાત્મા પ્રત્યેના પરમ આદરભાવથી, નિજ શુદ્ધસ્વરૂપમાં એકાકાર-તન્મય બનીને, પોતાના જ શુદ્ધ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવું.

**જે સરૂપ અરિહંતકો, સિદ્ધસરૂપ વલી જેહ;**
**તેહવો આતમરૂપ છે, તિણમેં નહિ સંદેહ. (સમાધિસુધા - ૧૬)**

આ લક્ષ્યથી રોજ તે મુજબ ધ્યાન કરવું. દીર્ઘ કાળ સુધી તેવું ધ્યાન કરવું. તેનાથી પોતાના જ સત્-ચિત્-આનન્દરસનો એવો કોઈક અપૂર્વ આસ્વાદ મળે છે કે જેના કારણે પોતાના અંતઃકરણની વૃત્તિ વારંવાર નિજપરમાત્મસ્વરૂપમાં જ જોડાય છે, રસપૂર્વક જોડાય છે અને શુદ્ધ પરમાત્મસ્વરૂપથી જ ચિત્તવૃત્તિ રંગાઈ જાય છે. તેના લીધે અનાદિકાલીન સહજમળ, સંસારનો વળગાડ, બહિર્મુખતા, કર્મબંધદશા વગેરે ઝડપથી ખતમ થાય છે તથા તાત્ત્વિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મળે છે. આ જ પરમપદની પ્રાપ્તિનો પારમાર્થિક પંથ છે.

### ❀ કુશીલાદિ સાધુ લૂંટારા જેવા છે ❀

પણ અગીતાર્થ, કુશીલ, પાસત્થા વગેરેનો સંગ કરવામાં આવે તો આપણું છદ્મસ્થ જીવદ્રવ્ય ભાવુક હોવાથી શક્તિ હોવા છતાં આપણી પોતાની કાયિકવૃત્તિ હીન આચારમાં, પોતાની વાક્વૃત્તિ અસભ્ય અને અસત્ય શબ્દોમાં તથા પોતાની ચિત્તવૃત્તિ હલકા વિચારોમાં અત્યંત ભટકે છે. આરાધનામાં શક્તિ છૂપાવવી તે માયા છે. અસભ્ય-અસત્યભાષણ એ મૃષાવાદ છે. કુવિચારમગ્નતા એ મનની મલિનતા છે. તેથી તેને આધીન થઈ જવાના લીધે આપણું આત્મદ્રવ્ય દીર્ઘ ભવભ્રમણકારી સંસારી જીવ તરીકે પરિણમે છે. કુસંગ પછી શાસ્ત્રાભ્યાસ, સદાચારપાલન, સત્સંગ વગેરેમાં જોડાવાનો ઉત્સાહ પણ ખલાસ થાય છે. પરમાત્મામાં અને પરમાત્મગુણોમાં ચિત્તવૃત્તિને પરોવવાની વાત તો દૂર જ રહી જાય છે. આમ અગીતાર્થ, કુશીલ વગેરેનો સંગ આપણા પુણ્યોદયલભ્ય માનવભવને, સત્પુરુષાર્થલભ્ય આચારવૈભવને અને પરિણતિની નિર્મળતાથી મળનારા ગુણવૈભવને લૂંટી લેનાર હોવાથી લૂંટારા સમાન છે. તેથી તેનો ત્યાગ કરવો જ જોઈએ.

### ❀ કુશીલ સાધુની નિંદા ન કરીએ ❀

પરંતુ તેની પણ નિંદા, કુથલી વગેરે ન કરવી. કારણ કે તેઓ પણ આત્મા જ છે. કાલાંતરે પ્રાયઃ પરમાત્મરૂપે તેઓ પરિણમવાના છે. તેથી અગીતાર્થ, કુશીલ વગેરેને છોડવાના ખરા પણ તરછોડવાના નહિ. તેઓનો અંતરથી ધિક્કાર કે તિરસ્કાર ન કરવો. તેમના પ્રત્યે કરુણા-મૈત્રી-માધ્યસ્થ્ય વગેરે યથોચિત ભાવનાને ધારણ કરવી. આ રીતે accident કર્યા વિના આપણી સાધનાગાડીનું driving કરીને ઝડપથી લોકાગ્ર ભાગમાં આવેલ મોક્ષનગરે પહોંચી જવાની આધ્યાત્મિક પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તે પ્રેરણાને ઝીલવાથી **દિગંબરીય પ્રાચીન પંચસંગ્રહ**માં દેખાડેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રાપ્ત થાય છે. ત્યાં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરતાં જણાવેલ છે કે 'લોકના ઊર્ધ્વ ભાગમાં વસનારા સિદ્ધ ભગવંતો આઠેય પ્રકારના કર્મોને દૂર કરીને અત્યંત શીતળ અને નિરંજન બનેલા છે. તેઓ નિત્ય છે. આઠ ગુણને ધારણ કરનાર છે. તેમજ તેઓ કૃતકૃત્ય છે.' (૧૫/૨-૯)

**જ્ઞાનિવચન વિષ અમૃત છઈ, ઉલટી મૂરખવાણી રે;**
**આગમવચન એ આદરી, જ્ઞાન ગ્રહો ભવિ પ્રાણી રે ॥૧૫/૨-૧૦॥**
**(૨૬૩) શ્રી જિન.**

**गीयत्थस्स वयणेणं, विसं हालाहलं पिबे।** (ग.प्र.४४)

**अगीयत्थस्स वयणेणं, ♦अमयं पि न घुण्टए ।** (ग.प्र.४६)

ઇત્યાદિ **વચન** (આગમઈ=) શાસ્ત્રઈ છઈ, **જ્ઞાની વચન**(થી **વિષ**) તે **અમૃત** સમાન **છઈ**, **મૂર્ખ**ની **વાણી** તે વિપરીત પ્રરૂપણારૂપ **ઉલટી** છઈ.

તે માટઈ **ભવ્ય પ્રાણી** = ધર્માર્થી **જ્ઞાન**પક્ષ દૃઢ **આદરો**. જે માટઈ જ્ઞાનપક્ષનો ❒હવણાં દૃઢાધિકાર છઈ. [1]**"पढमं नाणं तओ दया"** (द.वै.४/१०) **इति वचनात्** ભવિ **પ્રાણી** (**ગ્રહો**=) આદરવું **જ્ઞાન**.॥૧૫/૨-૧૦॥

---

परामर्शः **विषमपि सुधा ज्ञानिनो वचनादन्यथाऽज्ञानिवाणी रे।**
**इति सूत्रोक्तिमादृत्य गृह्णातु ज्ञानं प्राणी रे।।१५/२-१०।।**

---

**શ્લોકાર્થ** :- 'જ્ઞાનીના વચનથી ઝેર પણ અમૃત બને છે. જ્યારે અજ્ઞાનીની વાણી આનાથી ઊલટી હોય છે'- આ પ્રમાણેના શાસ્ત્રવચનનો આદર કરીને જીવે જ્ઞાનને ગ્રહણ કરવું જોઈએ.(૧૫/૨-૧૦)

### ❈ જ્ઞાની અસત્ પક્ષપાત ન કરે ❈

**આધ્યાત્મિક ઉપનય** :- 'કૃષ્ણ કરે તે લીલા'- આવી ઉક્તિને જ્ઞાની પુરુષની બાબતમાં લાગુ પાડવાનું પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં અભિપ્રેત નથી. પરંતુ નિકાચિત કર્મના ઉદયથી કે વિપરીત સંયોગથી કે અશક્તિ આદિના કારણે જ્ઞાની પુરુષને જિનાજ્ઞાથી વિપરીત રીતે પ્રવૃત્તિ કરતી વખતે અંતરમાં અત્યંત વેદના અને આત્મસંવેદના જ ઘૂંટાતી હોય છે. ખોટી પ્રવૃત્તિનો લેશ પણ પક્ષપાત તેમના અંતરમાં હોતો નથી. અનિવાર્યપણે કરવી પડતી ખોટી પ્રવૃત્તિમાંથી પણ અપેક્ષિત અસંગપણે જ્ઞાની પુરુષ પસાર થઈ જાય છે. યોગની છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં રહેલા યોગી પુરુષના ભોગસુખની જેમ આક્ષેપકજ્ઞાનના લીધે જ્ઞાની પુરુષો ક્વચિત્ કર્મવશ ભોગપ્રવૃત્તિમાં પરોવાયેલા હોય છતાં પણ કર્મબંધથી લેપાતા નથી. કેમ કે ભોગપ્રવૃત્તિનો આંશિક પણ પક્ષપાત તેમના અંતઃકરણમાં હોતો નથી. તેથી જ તેવી પ્રવૃત્તિથી તેમના સંસારની પરંપરા વધતી નથી. કારણ કે માત્ર કર્મોદયજન્ય દેહ-ઈન્દ્રિય-ધનાદિ પદાર્થ, ભોગસુખ પ્રવૃત્તિ કે રાગાદિ પરિણામો ભવપરંપરાના કારણ બનતા નથી. પરંતુ તેમાં (૧) હુંપણાની બુદ્ધિ કે (૨) મારાપણાની બુદ્ધિ કે (૩) કર્તૃત્વબુદ્ધિ કે (૪) ભોક્તૃત્વબુદ્ધિ કે (૫) પક્ષપાતબુદ્ધિ એ જ અતિદીર્ઘ ભવપરંપરાનું કારણ છે. કર્મવશ

---

♦ લા.(૨) + પુસ્તકોમાં **'अमियं'** પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

❒ હવણાં = હમણાં. જુઓ - **મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ.**

1. प्रथमं ज्ञानं ततो दया।

થતી ભોગસુખપ્રવૃત્તિ વગેરેમાં આત્મજ્ઞાની નિર્મળ સમ્યગ્દૃષ્ટિને આ પાંચમાંથી એક પણ પ્રકારની કુમતિ હોતી નથી. તો પછી તેની ભવપરંપરા તેના નિમિત્તે કઈ રીતે વધી શકે ?

### ❀ સમકિતીની પ્રવૃત્તિ નિર્જરાજનક ❀

ઊલટું નિર્મળ સમકિતીને તેવા સ્થળે કર્મબંધ નહિ પણ કેવળ નિકાચિત કર્મની નિર્જરા જ થાય છે. કારણ કે તેને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું સતત અનુસંધાન હોય છે. તે રાગભાવથી નહિ પણ અસંગભાવે જ ભોગપ્રવૃત્તિ વચ્ચેથી ઝડપથી પસાર થઈ જાય છે. તે ભોગપ્રવૃત્તિમાં પોતાની ઈચ્છાથી નહિ પણ કેવલ કર્મોદયથી જ પ્રવર્તે છે. પ્રારબ્ધ કર્મના બળ કરતાં આત્માનું બળ ઓછું પડવાના લીધે નિર્મળ સમકિતીએ કર્મોદયના ધક્કાથી પરાણે ભોગસુખમાં પ્રવર્તવું પડે છે. પરંતુ તેવી પ્રવૃત્તિનો લેશ પણ પક્ષપાત તેના અંતઃકરણમાં હોતો નથી. મગરૂરીથી નહિ પણ મજબૂરીથી ભોગપ્રવૃત્તિમાં જોડાવાના લીધે તેને નિકાચિત કર્મની નિર્જરા જ થાય છે.

### ❀ જે આશ્રવ તે જ્ઞાનીને નિર્જરાસાધન ❀

આ અંગે આત્માર્થી સાધકોએ નીચેના ચાર શાસ્ત્રવચનોના તાત્પર્યાર્થને શોધીને ઊંડાણથી, ગંભીર બુદ્ધિથી વિભાવના કરવી. (૧) **આચારાંગ**માં જણાવેલ છે કે 'જે આશ્રવ છે, તે જ કર્મનિર્જરાનું સ્થાન છે.' (૨) **ઓઘનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'આ પ્રવૃત્તિને હું છોડું - આવા અભિપ્રાયથી પરિણત થયેલ જીવ તેવી પ્રવૃત્તિ થવા છતાં કર્મથી છૂટે છે.' (૩) **અધ્યાત્મસાર**માં કહેલ છે કે 'ઘણા દોષોને અટકાવવા માટે ક્યારેક નિવૃત્તિની જેમ પ્રવૃત્તિ પણ ધ્યાનાદિ યોગના અનુભવથી શોભતા જીવો માટે દુષ્ટ નથી.' (૪) **સામ્યશતક**માં બતાવેલ છે કે 'પાંચ ઈન્દ્રિયના પ્રસ્તુત વિષયોમાં રાગ-દ્વેષ છોડીને પ્રવૃત્તિ કરવી તે ઉદાસીનતા છે. પરમર્ષિઓ તેને અમૃત પ્રાપ્તિ માટેનું રસાંજન-રસાયણ કહે છે.' તાત્પર્યગ્રાહી ગંભીર બુદ્ધિથી આ શાસ્ત્રવચનોને વિચારવાના છે. બાકી સ્વચ્છંદતાને પોષાતા વાર ન લાગે. નિર્મળ સમકિતી માત્ર કર્મના ધક્કાથી ભોગમાં પ્રવર્ત્તે છે. તેથી જ ભોગકર્મ રવાના થયા બાદ જ્ઞાની પુરુષ સામે ચાલીને ભોગપ્રવૃત્તિમાં જોડાવાની ભૂલ કરતા નથી. ઈરાદાપૂર્વક ખાડામાં પડવાની ભૂલ કોણ કરે ? આવી પ્રામાણિક પારદર્શક જ્ઞાનદશાને પ્રગટ કરવાની આધ્યાત્મિક પ્રેરણા તથા ગીતાર્થ જ્ઞાની પુરુષને સમર્પિત થવાની સૂચના અહીં પ્રાપ્ત થાય છે.

### ❀ સિદ્ધસ્વરૂપની સપ્તપદી ❀

તેના બળથી **ષટ્ખંડાગમની ધવલા** વ્યાખ્યામાં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં **વીરસેનાચાર્યએ** જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતોએ (૧) વિવિધ = અનેક અવાન્તરભેદવાળા આઠ કર્મોને ખતમ કર્યા છે. (૨) તેઓ ત્રણ લોકના મસ્તકમાં મુગટસ્વરૂપ છે. (૩) તેઓએ દુઃખોનો ઉચ્છેદ કર્યો છે. (૪) તેઓ સુખના મહાસાગરની મધ્યમાં રહેલા છે. (૫) તેઓ નિરંજન, (૬) નિત્ય અને (૭) આઠ ગુણથી યુક્ત છે.' (૧૫/૨-૧૦)

**♦ચરણગુણે જે હીણડા, જ્ઞાનપ્રધાન આદરિઈ રે;**
**ઈમ કિરિયાગુણ અભ્યાસી, ઈચ્છાયોગથી તરિયઈ રે ॥૧૫/૨-૧૧॥**
**(૨૬૪) શ્રી જિન.**

જ્ઞાન ને **ચરણ** તે ચારિત્ર, તેહના **ગુણથી જે હીણા** પ્રાણી છે, તેહને સંસારસમુદ્ર તરવો દુર્લભ છઈ, માટઈ જ **જ્ઞાનનું પ્રધાન**તાપણું **આદરીઈ. यतः**

**कर्त्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः।**
**§कालादिविकलो योगः, इच्छायोग □उदाहृतः।।** (ल.वि.पृ.४९, यो.दृ.स.३)

इतीच्छायोगलक्षणं *ललितविस्तरादौ।*

**ઈમ ક્રિયાનો** જે યોગ, તદ્રૂપ જે ગુણ, તેહનો **અભ્યાસ** કરીને **ઈચ્છાયોગે તરઈ** ભવાર્ણવ પતઈ. ॥૧૫/૨-૧૧॥

---

પરામર્શઃ **ज्ञान-चरणगुणहीनो ज्ञानं प्रधानं समाद्रियते रे।**
**क्रियागुणाभ्यासिनैवमिच्छायोगात् तीर्यते रे।।१५/२-११।।**

---

**※ જ્ઞાનપક્ષમુખ્યતા સાપેક્ષભાવે માન્ય ※**

**શ્લોકાર્થ** :- જ્ઞાન-ચરણગુણથી હીન એવો સાધક જ્ઞાનને મુખ્યરૂપે આદરે છે. આ રીતે ક્રિયાગુણના અભ્યાસી ઈચ્છાયોગથી (ભવસાગર) તરી જાય છે. (૧૫/૨-૧૧)

**※ કમ સે કમ સંવિગ્નપાક્ષિક તો બનીએ ※**

**આધ્યાત્મિક ઉપનય** :- અપૂર્વ ઉલ્લાસથી અને ઉમંગથી ચારિત્ર જીવનનો સ્વીકાર કર્યા પછી કર્મવશ, સંયોગવશ કે પ્રમાદવશ પંચાચારપાલનનો ઉત્સાહ ઓસરી જાય તેવા સંયોગમાં પણ પોતાના શિથિલાચારનો બચાવ કરવાની કે ઉત્સૂત્રપ્રરૂપણા કરવાની કે આચારચુસ્ત સાધુની નિંદા કરવાની ગોઝારી ભૂલ તો કદાપિ ન જ થવી જોઈએ. પોતાના દોષનો બચાવ કરવાના બદલે તેનો સ્વીકાર કરીને યથાર્થ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવી જોઈએ. તથા જેમના જીવનમાં શુદ્ધ મોક્ષમાર્ગ જોવા મળે તેની ઉપબૃંહણા, પ્રશંસા વગેરે પણ કરવી જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ ઈચ્છાયોગ જળવાય, પોતાના આચારપ્રતિબંધક કર્મ રવાના થાય અને ભવાંતરમાં શાસન, સદ્ગુરુ અને સંયમ વગેરેની પ્રાપ્તિ સુલભ બને. દીક્ષા પછી ચારિત્રમોહનીય કે વીર્યાન્તરાય કર્મના ઉદયથી સંવિગ્નસાધુ ન બની શકાય એવી અનિવાર્ય સ્થિતિમાં દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ, સુસાધુસેવા, મોક્ષમાર્ગની શુદ્ધ પ્રરૂપણા, સ્વાધ્યાય, શ્રદ્ધા વગેરેના બળથી કમ સે કમ

---

♦ પુસ્તકોમાં 'ચરણ-કરણગુણ હીણડા' પાઠ. કો.(૪+૧૧)નો પાઠ લીધો છે.

§ લલિતવિસ્તરા તથા યોગદષ્ટિસમુચ્ચયમાં 'विकलो धर्मयोगो यः' પાઠ છે. રાસની હસ્તપ્રતોનો પાઠ અહીં છાપેલ છે.

□ રાસના પુસ્તકોમાં 'स उच्यते' પાઠ છે. કો.(૩+૪+૧૫) + B.(૧) + લલિતવિસ્તરાદિનો પાઠ અહીં લીધો છે. પૂર્વે (૧/૮) આ શ્લોક રાસના ટબામાં આવી ગયો છે.

સંવિગ્નપાક્ષિક તો અવશ્ય બનવું. યથાછંદ કે કુશીલ વગેરે કક્ષામાં પહોંચવાની ભૂલ તો કદાપિ ન જ કરવી. આવો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

### જ્ઞાનયોગપ્રાધાન્યને પાંચ પ્રકારે સમજીએ

**(A)** માત્ર શાસ્ત્રાભ્યાસને મુખ્ય બનાવવાથી સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતા ન જાણવી. અથવા **(B)** સ્વયં શાસ્ત્રો ભણવા, બીજાને શાસ્ત્રો ભણાવવા, શાસ્ત્રોનું સંશોધન કરવું, શાસ્ત્રનું પ્રકાશન વગેરે કરવું - આવી પ્રવૃત્તિની મુખ્યતા સંવિગ્નપાક્ષિકના જીવનમાં જોવા મળે તેટલા માત્રથી 'આ સંવિગ્નપાક્ષિક જ્ઞાનયોગપ્રધાન છે' - તેમ ન જાણવું.

જ્ઞાનયોગની મુખ્યતા નીચેના પાંચ પરિબળોના માધ્યમથી જાણી શકાય.

(૧) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મ વગેરેથી ભિન્નરૂપે પોતાના આત્માનું નિરંતર અવલોકન કરવું. **પરમાનંદપંચવિંશતિકા** પ્રકરણમાં જણાવેલ છે કે 'નિશ્ચયથી પોતાના આત્માને તું દ્રવ્યકર્મમુક્ત, ભાવકર્મશૂન્ય, નોકર્મરહિત અને ચૈતન્યસ્વરૂપ જાણ.' આ સંદર્ભ પૂર્વે (૭/૬) દર્શાવેલ હતો. તેનું આલંબન લઈને ઉપર મુજબ અવલોકન સંવિગ્નપાક્ષિક કરે. અજ્ઞાનીને તો પોતાનો આત્મા કર્મથી અને કર્મજન્ય તત્ત્વોથી સંયુક્તરૂપે-એકમેકસ્વરૂપે-તન્મયપણે ભાસે છે. પણ સંવિગ્નપાક્ષિક તેવું ન કરે.

(૨) કુકર્મને આધીન બનેલી પોતાની ચિત્તવૃત્તિ, પોતાની ચિત્તવૃત્તિના કુસંસ્કારો, પોતાની પ્રમાદપરવશતા વગેરેની નિષ્પક્ષપાતપણે, બચાવ કર્યા વગર, ગર્હા-નિંદા-ધિક્કાર આદિ કરવા દ્વારા પોતાની ચિત્તવૃત્તિનું સંશોધન-સંમાર્જન-પરિમાર્જન કરવું.

(૩) પોતાની જ્ઞાનપરિણતિમાંથી દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, રાગાદિનો અધ્યાસ વગેરેને છૂટા પાડવાનો અભ્યાસ કરવામાં નિરન્તર લીન રહેવું.

(૪) પોતાના જ્ઞાનોપયોગમાં જે પારકા જ્ઞેયપદાર્થોના આકારો પ્રતિભાસે છે, તે જ્ઞેયાકારોના નિમિત્તે જે રાગાદિ વિકૃતપરિણામો પ્રગટ થાય, તેને અટકાવવાના પ્રણિધાનને - સંકલ્પને વધુ ને વધુ પ્રબળ કરતા રહેવું. **(A)** તે પ્રણિધાનમાં બાધક બને તેવી પ્રવૃત્તિને અને પરિણતિને તિલાંજલિ આપતા રહેવી. તથા **(B)** વારંવાર તે પ્રણિધાનને યાદ કરવું. આ બન્ને પ્રકારની સાવધાની વડે તે પ્રણિધાન પ્રબળ બને.

(૫) પોતાના ચૈતન્યસ્વભાવના માહાત્મ્યની નિરંતર ભાવના કરવી. 'મારો ચૈતન્યસ્વભાવ **(A)** પરમ નિષ્કષાય, **(B)** પરમ નિર્વિકાર, **(C)** પરમ નિર્વિકલ્પ, **(D)** અત્યંત નિરાકુલ, **(E)** નિષ્પ્રપંચ છે. **(F)** મારા પોતાના જ અક્ષય = કદી ન ખૂટે એવા અને અનન્ત = શાશ્વત આનંદથી વ્યાપ્ત એવો મારો ચૈતન્યસ્વભાવ છે. આનંદની પ્રાપ્તિ મને અંદરમાંથી જ થશે. મારો ચૈતન્યસ્વભાવ અલૌકિક છે. મારે તેમાં જ વિશ્રાન્તિ કરવી છે. ત્રણ લોકમાં ચૈતન્યસ્વભાવથી ચઢિયાતી કોઈ ચીજ નથી. એ જ પરમાર્થ તત્ત્વ છે. તેને પામીને, તેનો આશ્રય કરીને, તેમાં તદ્રૂપ થઈને મારે પરિપૂર્ણ વીતરાગ ચૈતન્યસ્વરૂપે જ કાયમી ધોરણે પરિણમી જવું છે.' આ પ્રમાણે પોતાના ચૈતન્યસ્વભાવના મહિમાથી ભાવિત થવું.

### ભાવભાસનની આવશ્યકતા

આ પાંચેય પરિબળો અથવા પાંચમાંથી કોઈ પણ એક પરિબળ દ્વારા અંતરમાં ભાવભાસન =

નિજસ્વભાવનું ભાસન થાય છે. તેવું પરિબળ 'સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતા છે' - તેવું સૂચવે છે. જેણે ગ્રંથિભેદ કરેલો છે, ભાવ સમ્યગ્દર્શન જેની પાસે વિદ્યમાન છે એવા સંવિગ્નપાક્ષિકને વિશે આ વાત સમજવી. દ્રવ્યસમકિત જેની પાસે છે તેવા સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતાને સૂચવનારા આ ચિહ્નો નથી. અહીં તો ભાવસમકિતવાળા સંવિગ્નપાક્ષિક કઈ રીતે પોતાના જીવનમાં જ્ઞાનયોગ પ્રધાન બનાવે ? તેની વાત દર્શાવેલ છે.

## જ્ઞાનયોગની મુખ્યતાથી સિદ્ધસુખ સમીપ

આવી જ્ઞાનયોગમુખ્યતા વડે જ **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ સિદ્ધપણું સંવિગ્નપાક્ષિકના જીવનમાં ખૂબ નજીક આવે. ત્યાં શ્રી**ભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ છે કે "જીવે દીર્ઘ કાળથી બાંધેલ જે રજકણ છે તે કર્મ કહેવાય છે. આઠ પ્રકારે બાંધેલ તે કર્મ જેણે બાળી નાંખેલ હોય તે સિદ્ધ કહેવાય. 'सितं (= બાંધેલ) ध्मातं (= બાળેલ) येन स सिद्धः' - આવી વ્યુત્પત્તિ છે. તેથી બાંધેલા કર્મને બાળવાપણું એ જ સિદ્ધમાં રહેલ સિદ્ધત્વ છે. તેને તેઓ મેળવે છે." **(૧૫/૨-૧૧)**

**ચરણપતિત વલી શ્રાવકો, તનુધર્મા વલી જેહો રે;**
**તેહનઈ જ્ઞાન પ્રધાન છઈ, મુનિનઈ બે ગુણ ગેહો રે ॥૧૫/૨-૧૨॥**
**(૨૬૫) શ્રી જિન.**

**ચરણપતિત** = ચારિત્રરહિત, એહવો **શ્રાવક**, **વલી** તે **તનુધર્મા** હોઈ = લઘુધર્માભ્યાસી હોઈ, **તેહને** પણિ **જ્ઞાન**, તેહિ જ **પ્રધાન છઈ**.

**મુનિને** તો **બેઈ** ચારિત્ર ક્રિયાસહિત અને જ્ઞાન - એ બેઉ (**ગુણ**=) પદાર્થ (**ગેહો**=) મુખ્ય છઈ.

**अत्र *आवश्यक*गाथा** – [1]**"दंसणपक्खो सावय, चरित्तभट्ठे य मंदधम्मे य।**
**दंसणचरित्तपक्खो, समणे परलोगकंखम्मि ।।"** (आ.नि.११६५)

**इति वचनात् ज्ञानप्रधानत्वमादरणीयम् इति भावः ॥१५/२-१२॥**

---

**परामर्शः** **चरणशून्यः श्रावकः यश्च तनुधर्माभ्यासालयो रे।**
**तस्य ज्ञानं मुख्यम्, मुनिस्तूभयगुणनिलयो रे।।१५/२-१२।।**

---

### ❀ જ્ઞાનમુખ્યતાની ભૂમિકા ❀

[redacted] :- જે ચારિત્રરહિત શ્રાવક નાના નાના ધર્મનો અભ્યાસ કરવાનું પાત્ર બને છે, તેને પણ જ્ઞાન મુખ્ય છે. ભાવસાધુ તો જ્ઞાન અને ક્રિયા બન્ને ગુણનો આધાર છે. (૧૫/૨-૧૨)

### ❀ ઔત્સર્ગિક-આપવાદિક મોક્ષમાર્ગનો વિચાર ❀

[redacted] :- સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ક્રિયા - આ બન્નેની મુખ્યતાવાળા ભાવસાધુ તો સંપૂર્ણ ઔત્સર્ગિક મોક્ષમાર્ગે રહેલા છે. શ્રાવકો અપૂર્ણ = આંશિક ઔત્સર્ગિક મોક્ષમાર્ગે રહેલા છે. જ્યારે સંવિગ્નપાક્ષિક સાધુ આપવાદિક મોક્ષમાર્ગે રહેલા છે. મોક્ષમાર્ગની અપૂર્ણતા કે આપવાદિકતા મુખ્યતયા જેના જીવનમાં છવાયેલ હોય તેમણે આત્મપરિણતિયુક્ત જ્ઞાનને અને સમ્યગ્દર્શનને મુખ્ય બનાવી સંપૂર્ણ ઔત્સર્ગિક માર્ગમાં પ્રતિબંધક બનનારા કર્મોને હટાવવા જોઈએ. આ રીતે પ્રતિબંધક કર્મ દૂર થતાં સાધક જીવ સંપૂર્ણ ઔત્સર્ગિક મોક્ષમાર્ગે આગેકૂચ કરવા માટે સમર્થ બને છે. આવું સામર્થ્ય આપણામાં પ્રગટાવવાની પાવન પ્રેરણા પ્રસ્તુત શ્લોક આપણને કરે છે.

તે પ્રેરણાને અનુસરવાથી **વિશેષાવશ્યકભાષ્ય**માં વર્ણવેલ મુક્તદશાનું સુખ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'જે મુક્તાત્માનું સુખ છે, તે જ નિરુપચરિત છે. કારણ કે તમામ દુઃખોનો ઉચ્છેદ થતાં તે અવશ્ય પ્રગટે છે.' (૧૫/૨-૧૨)

---

1. दर्शनपक्षः श्रावके, चारित्रभ्रष्टे च मन्दधर्म्मे च। दर्शन-चारित्रपक्षः, श्रमणे परलोकाऽऽकाङ्क्षिणि।।

**આવશ્યકમાંહિ ભાખિઉં, ✡તિણઈ ♦ગહી જ્ઞાન પ્રધાનો રે;**
**આચરણાપથિ✦ ચાલતાં, લહિઈં જસ બહુમાનો રે ॥૧૫/૨-૧૩॥**
**(૨૬૬) શ્રી જિન.**

**આવશ્યકસૂત્રમાંહે** (ભાખિઉં=) કહીઉં છઇ, પ્રવચનદ્વારે પ્રરૂપ્યું છે. તેણે **ગ્રહ્યું જ્ઞાને પ્રધાનત્વપણું**, "ज्ञानमेव परं मोक्षः (? मोक्षकारणम्)" ( ) इति वचनात्।

**આચરણા પથ**, તે શુદ્ધ માર્ગો, તે આચરણા ક્રિયા વ્યવહારરૂપ માર્ગે **ચાલતાં**, **લહીયે** = પામીઈ, **યશ** અને **બહુમાન** ઈહલોકે પરલોકે સર્વથાનીકે અનેક જ્ઞાનનો અભ્યાસક પ્રાણી સઘલેં પૂજાઈ.

यतः श्लोकः –

'विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन। स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते।।' (चाणक्यनीतिशतक-३) 'वलीपलितकायेऽपि कर्तव्यः श्रुतसङ्ग्रहः। न तत्र धनिनो यान्ति यत्र यान्ति बहुश्रुताः।।' ( ) ॥૧૫/૨-૧૩॥

परामर्शः **आवश्यके भाषितं ततो ज्ञातं ज्ञानं प्रधानं रे।**
**आचरणापथि विचरन् लभतां यशो बहुमानं रे।।१५/२-१३।।**

**શ્લોકાર્થ** :- આવશ્યકસૂત્રમાં જે જણાવેલ છે, તેનાથી 'જ્ઞાન મુખ્ય છે' - એવું અમે જાણેલ છે. આચરણાના માર્ગમાં ચાલતા સાધુ યશને અને બહુમાનને પ્રાપ્ત કરે છે. (૧૫/૨-૧૩)

### ❁ જ્ઞાનને આચારમાં વણીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન મહદ્ અંશે રાગાદિ વિભાવપરિણામોથી છૂટું પડી ચૂકેલ છે. તેથી જ તો રાગાદિમાં તન્મય થયા વિના તે રાગાદિને જાણે છે. અનંતાનુબંધી કષાય ગયા એટલે ૭૦ માંથી ૬૯ કોટાકોટી સાગરોપમ જેટલા મોહનીયના વળગાડમાંથી (દબાણમાંથી) જ્ઞાન મુક્ત થયું. તીવ્ર રાગાદિથી દબાયેલો જ્ઞાનોપયોગ ઘણો હળવો થયો એટલે જ જ્ઞાન સમ્યગ્ થયું. મોક્ષમાર્ગમાં આવા જ સમ્યગ્ જ્ઞાનની મુખ્યતા છે.

### ❀ શાસ્ત્રપાઠને પોપટપાઠ ન બનાવીએ ❀

પરંતુ શક્તિ હોવા છતાં સ્વભૂમિકાયોગ્ય આચારનું પાલન કરવામાં ન આવે તો તે શાસ્ત્રબોધ પણ પોપટપાઠ જેવો બની જાય છે. પોતાને પણ પોતાનું જ્ઞાન શુષ્ક લાગવા માંડે છે. લોકોને પણ તેના જ્ઞાન

---

✡ મ.માં 'તિણિ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

♦ ગહી = ગૃહીત = ગ્રહણ કર્યું. આધારગ્રંથ - ગુર્જર રાસાવલી. પ્રકાશક :- ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ બરોડા.

✦ સિ.+આ.(૧)+કો.(૪+૭+૮+૯) લા.(૨)માં 'પથ' પાઠ.

ઉપરનો ભરોસો ઉઠી જાય છે. પોતાના જીવનમાં અહંકાર, પ્રમાદ અને દંભ વગેરે દોષવૃંદનો પ્રવેશ થતાં વાર લાગતી નથી. જાણી જોઈને આચાર ન પાળવાથી પોતાનું હૈયું પણ કઠોર બનતું જાય છે. આમ વ્યવહારથી પોતાનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપે જણાવા છતાં તે જ્ઞાનને મિથ્યાજ્ઞાનરૂપે પરિણમી જતાં વાર લાગતી નથી. આવું ન બને તે માટે પોતાની શક્તિને છૂપાવ્યા વિના આપણે પંચાચારના પાલનમાં કટિબદ્ધ બનીને દ્રવ્યાનુયોગની ઊંડી જાણકારી મેળવવા સતત પ્રયત્નશીલ બનવું.

**❀ મોક્ષગામી મહાત્માની મુલાકાત ❀**

આ પ્રકારે સુંદર યશ-કીર્ત્તિ મેળવીને આત્માર્થી સાધક '(૧) અક્ષય, (૨) નિરોગી, (૩) નિત્ય, (૪) કલ્યાણી, (૫) મંગલધામ, (૬) અપુનર્જન્મા એવો જીવ જ્યાંથી સંસારમાં પુનરાગમન નથી તેવા શિવાલયને પ્રાપ્ત કરે છે' - આ પ્રમાણે **સંવેગરંગશાળા**માં **શ્રીજિનચન્દ્રસૂરિ**એ દર્શાવેલ રીતે સિદ્ધશિલામાં પહોંચે છે. (૧૫/૨-૧૩)

**• પંદરમી શાખા સમાપ્ત •**

- સહિષ્ણુતાના અભાવમાં સાધના

બીજાની ખામીને ખમી
શકતી નથી,
ખૂબીને મેળવી
શકતી નથી.

ઉપાસના પોતાની ખામીને
ખમી શકતી નથી,
આંતરિક ખૂબીને મેળવ્યા
વિના રહેતી નથી.

- વાસનામાં બે વિભક્ત

શરીરના એકીકરણનું
આંધળું ગાંડપણ છે.

ઉપાસનામાં આત્મા અને
પરમાત્માના એકીકરણનું
ઠરેલ ડહાપણ છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૬




## द्रव्यानुयोगपरामर्शः शाखा-१६

द्रव्यानुयोगपरिज्ञानप्राधान्यम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૬

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१६

द्रव्यानुयोगपरिज्ञानप्राधान्यम्

## ❀ ટૂંકસાર ❀

: શાખા - ૧૬ :

અહીં ગ્રંથરચનાનું પ્રયોજન જણાવેલ છે.

આ ગ્રંથ આત્માર્થી જીવોના કલ્યાણ માટે પ્રાકૃતભાષામાં = લોકભાષામાં રચાયો છે. અહીં પ્રાકૃતની વ્યુત્પત્તિ જણાવાયેલ છે. આ ગ્રંથ સમકિતીને અત્યંત આનંદ આપનાર છે. (૧૬/૧)

આ ગ્રંથ ભણવાની યોગ્યતા ગંભીરપ્રકૃતિવાળા જીવોની છે. તુચ્છ જીવો આ ગ્રંથ ભણવાને લાયક નથી. 'યોગદષ્ટિસમુચ્ચય' ગ્રંથના સંવાદ સાથે આ વાત જણાવેલી હોવાથી તેનું વજન ઘણું વધી જાય છે. માટે આપણે આપણી પ્રકૃતિ છીછરી હોય તો ગંભીર બનાવવી. ક્ષુદ્રતા વગેરે ભવાભિનંદી જીવના લક્ષણો દૂર કરવા પ્રયત્નશીલ રહેવું. (૧૬/૨)

જિનેશ્વરની આ વાણી તત્ત્વની ખાણ છે. શુભમતિને જન્માવે છે. દુર્મતિને કાપે છે. માટે તે સર્વ પ્રકારે આદરવી. પ્રસ્તુત વ્યાખ્યાને 'બ્રહ્માણી' કહીને નવાજવામાં આવેલી છે તે એક મહત્ત્વપૂર્ણ બાબત છે. 'બ્રહ્માણી'નું રહસ્યોદ્ઘાટન મનનીય છે. (૧૬/૩)

અત્યંત રસાળ એવી આ દ્રવ્યાનુયોગની વાણીને જણાવનારા તીર્થંકરોને દેવો પણ વંદન કરે છે. આમ દ્રવ્યાનુયોગ અત્યંત આદરણીય છે. (૧૬/૪)

કેવળીને પ્રત્યક્ષ એવો દ્રવ્યાનુયોગ અહીં વર્ણવાયો છે. આમ દ્રવ્યાનુયોગની વાત કરવા દ્વારા કેવળીની અને તેમની દેશનાની પણ સ્તુતિ કરવામાં આવેલી છે. અહીં દ્રવ્યાનુયોગવિચારણા દ્વારા સમાપત્તિપ્રાપ્તિની જે વાત કરી છે, તે હૃદયંગમ છે. હેતુ-સ્વરૂપ-ફલમુખે સમાપત્તિને વર્ણવેલ છે. સમાપત્તિના પ્રસંગને પામીને વિવિધ દર્શનોમાં પ્રસિદ્ધ ચાર પ્રકારના ધ્યાનમાર્ગ દર્શાવેલ છે. સમાપત્તિને લાવનારી ભાવનાને જણાવી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતની પોતાનામાં ભાવના કરવાથી વચનાનુષ્ઠાન, તેનાથી ધ્યાન, તેના દ્વારા સમાપત્તિ, તેના વડે ક્ષપકશ્રેણિ, તેનાથી ઘાતિકર્મક્ષય, તેનાથી કેવલજ્ઞાન મળે છે. આમ દ્રવ્યાનુયોગ કેવલજ્ઞાનનું મૂળ છે. (૧૬/૫)

આમ દ્રવ્યાનુયોગની પ્રાપ્તિથી જીવ પાપની શ્રેણિને તોડે છે. અંતરંગ પુરુષાર્થથી ગુણશ્રેણિ ઉપર ચડે છે. અંતે ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરે છે. (૧૬/૬)

અહીં દુર્જનલક્ષણ શ્લેષઅલંકારથી જણાવેલ છે, તે ખૂબ જ રોચક બનેલ છે. તથા અંતમાં આધ્યાત્મિક ઉપનયમાં ગ્રંથના નિષ્કર્ષરૂપે નિગોદથી નિર્વાણ સુધીની જીવની આધ્યાત્મિક વિકાસયાત્રાનું વર્ણન કરેલ છે. અનંતકાળથી જીવની રખડપટ્ટીના કારણો, વિવિધ યોગદષ્ટિ તથા ગુણસ્થાનકોમાં જીવનું આંતરિક માળખું, માર્ગાભિમુખ-માર્ગપતિત-માર્ગાનુસારી દશાનું વિશિષ્ટ સ્વરૂપ, ૫ પ્રકારની લબ્ધિ, ભેદજ્ઞાન, ગ્રંથિભેદ દ્વારા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ સ્વરૂપ સમ્યગ્દર્શનની મહત્તા, તેની પ્રાપ્તિમાં આવતા વિઘ્નો, સમ્યગ્દર્શનની દુર્લભતા, તેમજ તેની ઉપલબ્ધિ માટેના વિવિધ ઉપાયોનું રોચક વર્ણન, સ્વરૂપલીનતા દ્વારા મુનિદશાનું પ્રાકટ્ય તથા સ્વ-પરગીતાર્થ બની અનેક ભવ્યાત્માઓમાં શાસનનો વિનિયોગ યાવત્ સિદ્ધદશા સુધીનો આંતરિક મોક્ષમાર્ગ ચિત્રિત કરેલ છે. (૧૬/૭)

## ઢાળ - ૧૬

(સમરવી સમરથ શારદા ય વર દાયક દેવી - એ દેશી)

હિવે શિષ્ય પ્રશ્ન કરઈ છઇ જે "હે સ્વામિ ! એહવો જ્ઞાનમાર્ગ દઢ્યો, તો પ્રાકૃત વાણીઇં કિમ ગ્રન્થ કીધો ?" ગુરુ કહે છે પ્રશ્નોત્તર પ્રત્યે -

**આતમ અર્થિનઈં અર્થિ♦ પ્રાકૃત વાણી,**
**ઈમ એ ✡મઈં કીધી હિયડઈં ઉલટ આણી;**
**મિથ્યાદષ્ટિનઈં એહમાં મતિ મૂંઝાણી,**
**સમ્યગ્દષ્ટિનઈં લાગઈ✦ સાકરવાણી ॥૧૬/૧॥ (૨૬૭)**

**આત્માર્થી** જે પ્રાણી જ્ઞાનરુચિ, **अत एव** મોક્ષાર્થિને **અર્થિ** = અર્થે, **(ઈમ) એ મેં પ્રાકૃત વાણીઈં** રચના **(હિયડઈં ઉલટ આણી) કીધી** છઈ, સમ્યગ્ પ્રકારે બોધાર્થે **यतः काव्यं** – રી

**गीर्वाणभाषासु विशेषबुद्धिस्तथापि भाषारसलम्पटोऽहम् ।** સ
**यथा सुराणाममृतं प्रधानं दिव्याङ्गनानामधरासवे रुचिः ।। ( ) पुनरपि –**
**बाल-स्त्री-मन्द-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।**
**अनुगृहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ।। ( )**
**प्रकृतिः संस्कृतम्, तस्माद् भवम् = प्राकृतम् इति व्युत्पत्तिः ।**

મિથ્યાત્વી તે અજ્ઞાની પ્રાણી, **(મિથ્યાદષ્ટિનઈં એહમાં મતિ મૂંઝાણી.)**

**સમકિત દષ્ટિને એ (લાગઈ) સાકરવાણી** = સાકર સમાન મીઠાસની દેણહારી●, એહવી વાણી છઈ.

મિથ્યાત્વી તે રોગસહિત છઈ, તેહને રોગકારી, રુચિવંતને હિતકારી.॥૧૬/૧॥

---

**परामर्शः**

• **द्रव्यानुयोगपरामर्शः** •

**शाखा - १६ (आर्याच्छन्दः)**

**आत्मार्थिकृते प्राकृतगिरा प्रबन्धोऽयं कृत उत्साहात् ।**
**मिथ्यादृष्टिमतिरत्र मूढेतरस्य सितातुल्या ।।१६/१।।**

---

♦ કો.(૨)માં 'અર્થે' પાઠ.

✡ કો.(૯)+સિ.માં 'મિં' પાઠ.

✦ પુસ્તકોમાં 'લાગે' પાઠ. આ.(૧)+કો.(૭)+લા.(૨)નો પાઠ લીધો છે.

● દેણહારી = દેનાર, દેવાને ઈચ્છુક જુઓ **'આનંદઘન બાવીસી'** ઉપર **જ્ઞાનવિમલસૂરિકૃતસ્તબક** (પ્રકા. કૌશલ પ્રકાશન, અમદાવાદ) તથા **ષડાવશ્યકબાલાવબોધ** (તરુણપ્રભ આચાર્યકૃત)

• અધ્યાત્મ અનુયોગ •

## ¤ લોકભાષામાં રચનાનું પ્રયોજન ¤

**ભાવાર્થ** :- આત્માર્થી જીવ માટે પ્રાકૃત ભાષામાં આ પ્રબંધ ઉત્સાહથી રચેલો છે. આમાં મિથ્યાદષ્ટિની મતિ મૂઢ થઈ જાય છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિને તો આ વાણી સાકર જેવી મીઠી લાગે છે. (૧૬/૧)

## * શાસ્ત્રવચનો મધુરા લાગવા અઘરા *

**આધ્યાત્મિક ઉપનય** :- 'શાસ્ત્રવચનો મિથ્યાદષ્ટિને વ્યામોહકારક હોય છે, સમ્યગ્દૃષ્ટિને માધુર્યદાયક હોય છે' - આવું જાણી આપણને પ્રમાણભૂત શાસ્ત્રવચનો મધુર લાગે તેવી ભૂમિકાને આપણે તૈયાર કરવી. બીજાને લાગુ પડતા શાસ્ત્રવચનો ગમવા સહેલા છે. પરંતુ પોતાને લાગુ પડે તેવા શાસ્ત્રવચનો ગમવા અઘરા છે. તપ કરવાની રુચિ ન ધરાવનાર જીવને 'સાધુએ રોજ એકાસણું કરવું જોઈએ' - આવું **દશવૈકાલિકસૂત્ર**નું વચન ગમવું અઘરું છે. વૈયાવચ્ચ ન કરનાર આળસુ જીવને 'વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ છે'- આવું પૂર્વોક્ત (૧૫/૧-૬) **ઓઘનિર્યુક્તિ** તથા **પુષ્પમાલા** ગ્રંથનું વચન આનંદદાયક બનતું નથી. પ્રમાદી અને પ્રમાદની રુચિ ધરાવનાર એવા જીવને '**प्रमादो मृत्युः**' - આ **અધ્યાત્મોપનિષદ્** (અજૈનગ્રંથ) ગ્રન્થના વચન ઉપર જલદીથી વિશ્વાસ બેસતો નથી. ઉચ્છૃંખલ મતિવાળા જીવને '**आज्ञा गुरूणाम् अविचारणीया**' - આ **રઘુવંશ** કાવ્યનું વચન પ્રાયઃ ગમતું નથી. માયાવી જીવને 'માયા એ તો મોક્ષરૂપી વેલડીને બાળનારી આગ છે' - આવું **અધ્યાત્મસાર** શાસ્ત્રનું વચન સાંભળીને આનંદ થતો નથી.

## ❁ આત્મજાગૃતિના બળથી મોક્ષ સુલભ ❁

આવું આપણા જીવનમાં બની ન જાય તેની જાગૃતિ રાખવી. તથાવિધ આત્મજાગૃતિના બળથી **વૈરાગ્યકલ્પલતા**માં સાબિત કરેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં સિદ્ધાત્મામાં સુખની સિદ્ધિ કરવા માટે જણાવેલ છે કે 'સિદ્ધોને દેહધારણ કરવા સ્વરૂપ જન્મ નથી હોતો. જન્મસ્વરૂપ કારણ ન હોવાથી તેના કાર્યભૂત ઘડપણ અને મોત પણ તેઓને નથી હોતા. જન્મ-જરા-મરણનો અભાવ હોય ત્યારે રોગ -શોક-ભૂખ-તરસ આદિ સર્વ દુઃખનો ઉચ્છેદ થાય છે. તેથી સિદ્ધોને સુખ હોય છે.' (૧૬/૧)



**ગુરુ પાસઈ શીખી, અર્થ એહના જાણી,**
**તેહનઈ એ દેજ્યો જેહની મતિ નવિ કાણી;**
**લઘુનઈ નય દેતાં હોઈ અર્થની હાણી,**
**યોગદષ્ટિસમુચ્ચયે♦ એહવી રીતિ વખાણી ॥૧૬/૨॥ (૨૬૮)**

એટલા માટે **સદ્ગુરુ પાસે** = ગીતાર્થ સંગે, **(શીખી) એહના** અર્થ **(જાણી=)** સમજીને લેવા, જિમ ગુરુઅદત્ત એ દોષ ન લાગઈ. શુદ્ધ વાણી, તે ગુરુસેવાઈ પ્રસન્ન થાઇ.

**તેહને** = તેહવા પ્રાણીનેં, **એ** શાસ્ત્રાર્થ **(દેજ્યો =)** આપવો, **જેહની મતિ કાણી** = છિદ્રાળી **ન** હોઈ. છિદ્રસહિત જે પ્રાણી તેહને સૂત્રાર્થ ન દેવો.

કાણું ભાજન, તે✡ પાણીમાં રાખીઈ તિહાં સુધી ભર્યું દિસઇ, પછે ખાલી થાઈ.

અને **લઘુને** પણિ **નયાર્થ દેતાં અર્થની હાણી** **(હોઈ=)** થાઈ.

તે માટે સુરુચિ જ્ઞાનાર્થિને જ દેવો પણ મૂર્ખને ન જ દેવો. **એહવી રીત યોગદષ્ટિસમુચ્ચય ગ્રન્થે વખાણી** છઈ = વર્ણવી છઈ ***હરિભદ્રસૂરિજીયે.*** **॥૧૬/૨॥**

---

**परामर्शः**

**गुरुगमत एतदर्थो ज्ञेयो निश्छिद्रेभ्यो देयोऽयम्।**
**तुच्छदानेऽर्थहानिः योगदृष्टिसमुच्चय उक्ता।।१६/२।।**

---

[redacted] :- પ્રસ્તુત પ્રબંધના અર્થને ગુરુગમથી જાણવો અને નિશ્છિદ્રમતિવાળા જીવને પ્રસ્તુત ગ્રંથનો અર્થ આપવો. 'તુચ્છ પ્રકૃતિવાળા જીવને પ્રસ્તુત પ્રબંધના અર્થને આપવામાં આવે તો અર્થની હાનિ થાય' - આ પ્રમાણે **યોગદષ્ટિસમુચ્ચય** ગ્રંથમાં જણાવેલ છે. (૧૬/૨)

### ✠ અધ્યયનક્ષેત્રે ઉત્સર્ગ-અપવાદનો વિચાર ✠

[redacted] :- પોતાની જાતે શાસ્ત્ર વાંચવાના બદલે ગુરુગમથી શાસ્ત્રોને ભણવા એ ઉત્સર્ગમાર્ગ છે. આ મૂળભૂત માર્ગ છે. પરંતુ મુદ્રણનો જમાનો આવ્યા પછી યોગ્ય જીવોને ગુરુ ભગવંતો સામે ચાલીને તે તે શાસ્ત્રો જાતે વાંચવાની રજા આપતા પણ દેખાય છે. આ ઉત્સર્ગમાર્ગ નથી પણ અપવાદમાર્ગ છે. આ અપવાદમાર્ગે ભણતા શિષ્યોએ પોતાના શંકિત અર્થને ગુરુ પાસે નિઃશંકિત બનાવવા જોઈએ. તથા અનુપ્રેક્ષા કરવા દ્વારા પોતાને સ્ફુરેલા નવા પદાર્થને પણ ગુરુ મહારાજને જણાવવા દ્વારા તેને ગુરુગમથી વધારે સ્પષ્ટ અને અસંદિગ્ધ બનાવવા જોઈએ. આમ ઔત્સર્ગિક કે આપવાદિક માર્ગે શાસ્ત્રાભ્યાસ કરતા વર્તમાનકાલીન આત્માર્થી જીવોએ ઉપરોક્ત રીતે જ્ઞાનનું પરિણમન કરી યોગ્ય જીવ સુધી શાસ્ત્રીય પદાર્થોને પહોંચાડવાની પોતાની જવાબદારીને અદા કરવામાં ક્યારેય પણ કંટાળો રાખવો

---

♦ પુસ્તકોમાં 'સમુચ્ચય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✡ તેમાં પાણી રાખઈ. ભા૦

નહિ. તથા કલિકાળના જડ-વક્ર એવા જીવોને જોઈને હતાશ થવાના બદલે, તેમના દોષો દૂર થાય તેવા પ્રકારની વ્યક્તિગત પ્રેરણા કરી, તેમની યોગ્યતાને વિકસાવી તે તે ભૂમિકાને યોગ્ય એવા તે તે ગ્રંથોને ભણાવવાની ઉદારતા પણ ગુરુ ભગવંતે અવશ્ય કેળવવી જોઈએ.

### ❋ માયાવીને માયા છોડાવવી ❋

તેથી જે શિષ્ય અવિનીત હોય તેને વિનીત કરવા માટે ગુરુએ પ્રયત્ન કરવો. વિગઈ, મીઠાઈ, ફૂટ, ફરસાણ વગેરેમાં આસક્ત એવા શિષ્યને વિગઈ વગેરેની આસક્તિ છોડાવવા માટે ગુરુએ પ્રેરણા કરવી. ઝઘડો કરનાર શિષ્યને ક્ષમા રાખવા, માંગવા અને આપવા માટે ઉત્સાહિત કરવા. તેમજ માયાવી શિષ્યને માયાના નુકસાન સમજાવી, માયા-દંભ-આડંબર-કપટ-બકવૃત્તિ છોડાવવા માટે ઉલ્લસિત કરવા. આ રીતે અયોગ્ય શિષ્યને યોગ્ય બનાવી તે તે અવસરે તેવા તેવા ગ્રંથોનો અભ્યાસ ગુરુએ કરાવવો.

### ❋ ....તો શ્રુતપરંપરા અવિચ્છિન્ન બને ❋

જો પોતાના અધિકાર-પદ-સત્તા વગેરે તરફ નજરને રાખવાના બદલે કર્તવ્યપાલન તરફ ગુરુવર્ગ -વડીલવર્ગ પોતાની દૃષ્ટિને કેન્દ્રિત કરે તથા આશ્રિતવર્ગ પણ ગુરુ, વિદ્યાગુરુ વગેરેની ભક્તિ, વિનય વગેરેમાં ઉલ્લસિત બની શાસ્ત્રાભ્યાસ કરે તો શ્રુતની પરંપરા અવિચ્છિન્ન બને. આ રીતે શ્રુતપરંપરાને અખંડ બનાવવાનો આધ્યાત્મિક સંદેશ અહીં સહુ કોઈએ પોતપોતાની ભૂમિકામાં રહીને ગ્રહણ કરવા યોગ્ય છે. શ્રુતપરંપરાને અખંડ બનાવવાથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં તથા **સંવેગરંગશાલા**માં દર્શાવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે '(૧) રાગાદિનો અભાવ હોવાથી, (૨) જન્માદિનો અસંભવ હોવાથી તથા, (૩) પીડાનો વિરહ હોવાથી ખરેખર સિદ્ધ ભગવંતો પાસે શાશ્વત સુખ રહેલું છે.' (૧૬/૨)

**સામાન્ય મ જાણો, એ તો જિનબ્રહ્માણી,**
**ભલી પરિ ♦સાંભલો ✡એ, તત્ત્વરયણની ખાણી;**
**એ શુભમતિ માતા, દુર્મતિ વેલી કૃપાણી,**
**એ શિવસુખ-સુરતરુ-ફલ-રસ-સ્વાદ-નિસાણી ॥૧૬/૩॥ (૨૬૯)**

અને એ નયાર્થ વ્યાખ્યાનને **"સામાન્ય"** એમ **મ જાણો. એ તો જિન**પ્રણીત **બ્રહ્માણી.** यतः – **"भगवता श्रीऋषभदेवेन ब्राह्म्याः दक्षिणकरेणोपदिष्टा, सा 'ब्रह्माणी' इत्युच्यते।"**

**ભલી પરિ સાંભલો** = ધારો, **તત્ત્વ**રૂપ જે **રત્ન**, તેહની **એ ખાણી** છઈ = ઉત્પત્તિસ્થાનક છઈ. **એ શુભમતિ** = ભલી જે મતિ, તેહની **માતા** છઈ રૂડી મતિની પ્રસવનહારી. **દુરમતિ** મિથ્યાત્વાદિ, તદ્રૂપ જે **વેલી**, તેહને છેદવાને **કૃપાણી** તુલ્ય છઈ.

**એ શિવસુખ** તે મોક્ષ સુખ, તદ્રૂપ જે **સુરતરુ** = કલ્પવૃક્ષ, તેહના જે **ફળ (રસ)**, તેહનો જે **સ્વાદ**, તેહની **નિશાની** છઈ, યાદગારી છઈ મોક્ષ સુખની. ॥૧૬/૩॥

---

**પરામર્શઃ** **स्वल्पां मेमां बोधत, जिन'ब्रह्माणी' तत्त्वरत्नखनिः।**
**शुभमतिजननी दुर्मतिवल्लीकृपाणी शिवकघृणिः।।१६/३।।**

---

[redacted] :- 'પ્રસ્તુત વાણી સામાન્ય છે' – એવું તમે જાણતા નહિ. કારણ કે જિનેશ્વર ભગવંતે રચેલ આ તો બ્રહ્માણી છે, તત્ત્વરત્નની ખાણ છે, શુભમતિની જનક છે, દુર્મતિરૂપી વેલડીને કાપનારી છરી છે અને મોક્ષસુખની નિશાની છે. (૧૬/૩)

### ✻ શબ્દબ્રહ્મમાંથી પરબ્રહ્મ તરફ ✻

[redacted] :- દ્રવ્યાનુયોગગોચર વાણીને બ્રહ્મવાણી, તત્ત્વરત્નખાણ વગેરે સ્વરૂપે દર્શાવવા દ્વારા અહીં 'બ્રહ્મતત્ત્વ, તત્ત્વરત્ન, પ્રશસ્ત પ્રજ્ઞા, દુર્બુદ્ધિવિચ્છેદ, શિવસુખાસ્વાદ વગેરેની કામનાવાળા જીવોએ અત્યંત આદરપૂર્વક પ્રસ્તુત દ્રવ્યાનુયોગવાણીનો સર્વ પ્રકારે અભ્યાસ કરવો જોઈએ' – તેવું સૂચન ગ્રંથકારશ્રી દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત દ્રવ્યાનુયોગવાણી શબ્દબ્રહ્મસ્વરૂપ છે. 'શબ્દ બ્રહ્મમાં નિષ્ણાત થયેલ સાધક પર બ્રહ્મને પ્રાપ્ત કરે છે' – આ પ્રમાણે **મહાભારત, ત્રિપુરાતાપિનીઉપનિષત્, મૈત્રાયણી ઉપનિષત્** તથા **બ્રહ્મબિંદુ ઉપનિષત્** ગ્રંથમાં જણાવેલ છે. તથા **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં જણાવેલ છે કે 'તે શબ્દબ્રહ્મથી સાધક પર બ્રહ્મને મેળવે છે.' તેથી તે મુજબ અત્યંત આદરથી શબ્દબ્રહ્મસ્વરૂપ પ્રસ્તુત બ્રહ્માણી દ્રવ્યાનુયોગવાણીનો અભ્યાસ કરવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ સુલભ બને છે. શબ્દબ્રહ્મસ્વરૂપ તે દ્રવ્યાનુયોગવાણીના અભ્યાસના બળથી આત્માર્થી સાધક **સમરાદિત્યકથા**માં દર્શાવેલ પરમપદને ઝડપથી મેળવે છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'પરમપદ = મોક્ષ તો (૧) સર્વપ્રપંચશૂન્ય, (૨) આત્મસત્તામાત્રસ્વરૂપ તથા (૩) અનંતઆનંદમય છે.' (૧૬/૩)

---

♦ સિ.+લી.(૨+૪)+કો.(૭+૯+૧૦+૧૧)માં 'સંભાલો' પાઠ. ✡ પુસ્તકોમાં 'એ' નથી. કો.(૪)માં છે.

**એહનઈં સુપસાઈં ઉભા જોડી પાણિ,**
**સેવઈં ♦નર-કિન્નર-વિદ્યાધર-ᵜપવિપાણિ;**
**એ અમિય દૃષ્ટિથી જેહની મતિ સિંચાણી,**
**તેમાંહિ ઉલ્લસઈં સુરુચિ વેલી કરમાણી ॥૧૬/૪॥ (૨૭૦)**

**એહને સુપસાયઈ** = એહના વાણીના પ્રસાદથી **ઉભા પાણિ જોડી** = હાથ જોડી (**સેવઈં**=) સેવા કરે છે. સેવામાં ભક્તિવંત **નર** તે ચક્રવર્ત્યાદિક, **કિન્નર** તે વ્યંતરાદિ, **વિદ્યાધર**ાદિક અને **પવિપાણિ** = ઈન્દ્ર પ્રમુખ કેઈ દેવતાની કોડા કોડી. **એ અમૃતદૃષ્ટિથી** જે ભવ્ય પ્રાણી બુદ્ધિવંતની **મતિ સિંચાણી**, તે મતિ નવ પલ્લવપણાને પામી, **તેહમાંહે** = તેહના હૃદયકમળમાંહે (**ઉલ્લસઈં**=) ઉલ્લાસ પામી. (**સુરુચિ**=) ભલી રુચિ રૂપ જે **વેલી**, આગેં મિથ્યાત્વાદિસંસર્ગે **કરમાણી** હુંતી પણિ શુદ્ધ નૈયાયિકી વાણી સાંભળીને ઉલ્લાસ પામીઈ છઈ. ॥૧૬/૪॥

---

પરામર્શઃ **एतत्कृपया पाणी पिधाय सेवते नरं पविपाणिः।**
**एतत्सुदृष्टिसिक्ता सुमतिर्म्लानाऽपि सुरसाली।।१६/४।।**

---

**શ્લોકાર્થ** :- પ્રસ્તુત દ્રવ્યાનુયોગવાણીના પ્રસાદથી ઈન્દ્ર પણ બે હાથ જોડીને પ્રસ્તુત વાણીના પ્રકાશક એવા મનુષ્યની સેવા કરે છે. તથા કરમાયેલી સુમતિ = સન્મતિ પણ પ્રસ્તુત દ્રવ્યાનુયોગવાણીની અમૃતદૃષ્ટિથી સિંચાયેલી સુરસાળ બની જાય છે. (૧૬/૪)

### ❋ દ્રવ્યાનુયોગથી સન્મતિનો ઉદય ❋

**આધ્યાત્મિક ઉપનય** :- મિથ્યાત્વના સંપર્કથી સન્મતિનો નાશ થાય છે. અને દ્રવ્યાનુયોગના સંપર્કથી સન્મતિ અભ્યુદયને પામે છે. તેથી 'આત્માર્થી જીવે અત્યંત આદરપૂર્વક દ્રવ્યાનુયોગગોચર વાણીનો અભ્યાસ કરવામાં સદા લીન બનવું જોઈએ' - આવી આધ્યાત્મિક સૂચના અહીં પ્રાપ્ત થાય છે.

### ❁ સિદ્ધોનો આનંદ અસાંયોગિક ❁

આ સૂચનાને અનુસરવાથી આત્માર્થી સાધક **પંચસૂત્ર**માં જણાવેલ સિદ્ધસ્વરૂપને ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'તે સિદ્ધાત્મા **(A)** શબ્દશૂન્ય છે, **(B)** રૂપશૂન્ય છે, **(C)** ગંધશૂન્ય છે, **(D)** રસશૂન્ય, **(E)** સ્પર્શશૂન્ય છે. તેમની સત્તા = વિદ્યમાનતા (૧) અરૂપિણી છે, (૨) અનિત્થંસ્થસંસ્થાનવાળી છે, (૩) અનંતસામર્થ્યવાળી છે, (૪) કૃતકૃત્ય છે, (૫) સર્વપીડારહિત છે, (૬) સર્વથા નિરપેક્ષ છે, (૭) સ્તિમિત = સ્થિર છે, (૮) પ્રશાંત છે, (૯) અસાંયોગિક = સ્વાભાવિક આનંદસ્વરૂપ છે. તેથી જ તે આનંદ શ્રેષ્ઠ મનાયેલ છે.' (૧૬/૪)

---

♦ આ.(૧)માં 'સુરકિન્નર...' પાઠ. ᵜ લી.(૧)માં 'પતિ' અશુદ્ધ પાઠ.

**બહુ ભાવ ♦જ એહના જાણઈ કેવલનાણી,**
**✡સંખેપઈ એ તો ગુરુમુખથી કહવાણી♦;**
**એહથી સંભારી જિનગુણ શ્રેણિ સુહાણી,**
**વચનાનુષ્ઠાનઈ સમાપત્તિં ✠પરમાણી ॥૧૬/૫॥ (૨૭૧)**

**એહના બહુ ભાવ** છઇં. □જે **કેવળજ્ઞાની** તેહિ **જ** એહના ભાવ સંપૂર્ણ **જાણઈ**; પણિ સામાન્ય છદ્મસ્થ જીવ એહના ભાવ સંપૂર્ણ ન જાણઈ. તે માટઈં **(તો) સંક્ષેપથી એ** મેં **ગુરુમુખથી** સાંભળી હતી, તેહવી **કહવાણી** કહતાં વચનવર્ગણાઇં આવી, તિમ કહઈ છી.

**(એહથી સંભારી=)** એહિજ દ્રવ્યાનુયોગ વિચારી ક્રિયામાર્ગમાંહે પણિ **(જિનગુણશ્રેણિ સુહાણી)** આદિપ્રવર્તક ભગવંત●ધ્યાનઈ ભગવંત**સમાપત્તિ** હુઈ. તેણે કરી સર્વ❖ક્રિયા સાફલ્ય હોઈ. **उक्तं च – अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति।**

**हृदयस्थिते च तस्मिन् नियमात्सर्वार्थसंसिद्धिः**✽।। **(षोडशक - २/१४)**
**चिन्तामणिः परोऽसौ तेनेयं भवति समरसापत्तिः ।**
**सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ।। (षोडशक - २/१५)**

**समापत्तिलक्षणं चेदम् – मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम्।**
**तात्स्थ्यात्तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता।। (द्वा.द्वा.२०/१०)**

**વચનાનુષ્ઠાનઈ સમાપત્તિ**પણે **(પરમાણી=)** પ્રમાણ ચઢી(=પરિણમી).॥૧૬/૫॥

---

**परामर्शः**

**अस्या भावान् पश्यति केवली लेशतो ह्युक्ता श्रुतेयम्।**
**ततो जिनगुणस्मृत्या वचनकर्मसमापत्तिः स्यात्।।१६/५।।**

---

[illegible] :- પ્રસ્તુત દ્રવ્યાનુયોગવિષયક વાણીના ભાવોને તો કેવલજ્ઞાની જ સાક્ષાત્ જુએ છે. તેથી અંશતઃ સાંભળેલી પ્રસ્તુત વાણી અહીં મારા દ્વારા કહેવાય છે. તેથી જિનેશ્વર ભગવંતના ગુણોનું સ્મરણ કરવા દ્વારા વચનાનુષ્ઠાનથી સમાપત્તિ પ્રાપ્ત થાય છે. (૧૬/૫)

### ❀ આત્મવિચારદશા કેળવીએ ❀

[illegible] :- કોઈ પણ પ્રવૃત્તિ કરતી વખતે આત્માર્થી સાધકે 'શું કરવાની મને જિનાજ્ઞા પ્રાપ્ત થયેલ છે ?', 'હું જે કાર્ય કરું છું તે જિનાજ્ઞા મુજબ છે કે નહિ ?', 'કાર્ય કરવાની પાછળ કે કાર્ય કર્યા બાદ મારા ભાવો જિનાજ્ઞા મુજબ રહે છે કે નહિ ?', 'ભગવાનની આજ્ઞા પાળવા માટે

---

♦ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૬)માં છે. ✡ પુસ્તકોમાં 'સંખવઈં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં 'કહૈવાણી' પાઠ. લા.(૨)માં 'કહાવાણી' પાઠ. પુસ્તકોમાં 'કહવાલી' કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. ✠ લી.(૧)માં 'કહવાણી' પાઠ. □ પુસ્તકોમાં 'તે' પાઠ અશુદ્ધ છે. B.(૧)માં 'જે' પાઠ. ● પુસ્તકોમાં 'ધ્યાને' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ❖ 'સર્વ' પદ પુસ્તકોમાં નથી. કો.(૧૦) + આ.(૧)માં છે. ✽ પુસ્તકોમાં '...र्थसिद्धिः' પાઠ. ધ.માં 'सिद्धसम्पत्तिः' પાઠ.

જ આ કામ હું કરું છું ને !', 'આ કાર્ય કરવાની પાછળ લોકરંજન કરવાનું કે સસ્તી પ્રસિદ્ધિ મેળવી લેવાનું લૌકિક વલણ તો રહેલું નથી ને ?' - ઈત્યાદિ વિચાર મધ્યસ્થપણે, પ્રામાણિકપણે અવશ્ય કરવો.

### ધ્યાનયોગ દ્વાદશાંગીનો સાર

આ રીતે વિચારદશા કેળવવાથી જીવનકેન્દ્રમાં - હૃદયકેન્દ્રમાં જિનેશ્વર ભગવાનની પ્રતિષ્ઠા થાય છે. તેના પ્રભાવથી વચનાનુષ્ઠાનની ભૂમિકા સાધકમાં તૈયાર થતી જાય છે. તેનાથી જે ધ્યાન ઉત્પન્ન થાય છે, તે ધ્યાન દ્વાદશાંગીનો સાર છે. **ઉપમિતિભવપ્રપંચા કથા** ગ્રંથમાં **શ્રીસિદ્ધર્ષિગણિવરે** આ અંગે જણાવેલ છે કે 'હે સુંદર ! પૌંડરિક ! વિશુદ્ધ અને એકાગ્ર ચિત્તસ્વરૂપ ધ્યાન ઉત્તમ હોવાથી પ્રસ્તુત સમસ્ત દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે. પરંતુ તે શુદ્ધ હોવો જોઈએ. (અર્થાત્ આર્ત્ત-રૌદ્ર ધ્યાન નહિ પણ અત્યંત નિર્મલ ધર્મ-શુક્લ ધ્યાન જ અહીં દ્વાદશાંગીના સાર રૂપે અભિમત છે. તથા આવો) શુદ્ધ ધ્યાનયોગ જ મુમુક્ષુએ સાધવા યોગ્ય છે.'

### રાગ છોડો તો ધ્યાન ટકે

તથા તે શુદ્ધ ધ્યાન રાગસ્વરૂપ પવનની ગેરહાજરીમાં સ્થિર થાય છે. આ અંગે **ભાવપ્રાભૃત** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જેમ ગર્ભગૃહમાં પવનની સમસ્યાથી મુક્ત બનેલો દીવો નિશ્ચલપણે સળગે છે, તેમ રાગરૂપી પવનથી શૂન્ય ધ્યાનદીપક પણ નાભિકમલમાં (=ગર્ભગૃહમાં) પ્રકાશે છે, આત્મસ્વરૂપને - પરમાત્મસ્વરૂપને પ્રકાશિત કરે છે.' આ જ અભિપ્રાયથી **દશાશ્રુતસ્કંધ**માં જણાવેલ છે કે 'ઓજ = રાગ-દ્વેષવિરહિત ચિત્તને સારી રીતે મેળવીને સાધક ધ્યાનને સારી રીતે (= સ્થિરતાપૂર્વક) કરે છે.' **દશાશ્રુતસ્કંધચૂર્ણિ**માં 'ઓજ' શબ્દની જે વ્યાખ્યા કરી છે તે મુજબ જ અમે અહીં દશાશ્રુતસ્કંધની ગાથાના પૂર્વાર્ધનો અનુવાદ ઉપર કરેલ છે. તે સ્થિર ધ્યાનથી ક્ષપકશ્રેણિની યોગ્યતા તથા અહીં દર્શાવેલી સમાપત્તિ = ભગવત્તુલ્યતાપ્રાપ્તિ થવાની યોગ્યતા પણ તૈયાર થતી જાય છે.

### સમાપત્તિના શિખરે પહોંચીએ

આ રીતે પ્રવર્ત્તવાથી શુદ્ધાત્મસ્વરૂપમાં રહેવાનો લાભ મળે છે. તેથી **સમાધિતંત્ર**માં દિગંબર **દેવનન્દી**એ (= **પૂજ્યપાદસ્વામી**એ) જણાવેલ છે કે "તે પરમાત્મસ્વરૂપમાં ભાવના કરવાથી 'તે પરમાત્મા હું છું' - આવા સંસારને પામેલો સાધક વારંવાર વિશુદ્ધ આત્મસ્વરૂપમાં જ રહેવાના દૃઢ સંસ્કારથી અવશ્ય આત્મામાં સ્થિરતાને મેળવે છે." પરંતુ ચિત્ત જો કામ-ક્રોધાદિ ભાવોમાં ગળાડૂબ હોય તો બહારથી 'સોઽહમ્' - એવું રટણ કરવાથી સમાપત્તિનો લાભ નથી જ થતો. આ બાબત અન્યદર્શનીઓને પણ માન્ય છે. તેથી જ **સાયણસંહિતાભાષ્ય**માં **ભગવદાચાર્યે** કહેલ છે કે 'જ્યાં સુધી કામવાસના વગેરે શત્રુઓ જીવોમાં રહે છે, ત્યાં સુધી પરમેશ્વરનો જીવોમાં પ્રવેશ થતો નથી.' તેથી કામ-ક્રોધાદિ ભાવોને દૂર કરીને ઉપર જણાવેલ પદ્ધતિ મુજબ સમાપત્તિના શિખરે પહોંચવાની પાવન પ્રેરણા આ શ્લોક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. તે સમાપત્તિના બળથી **દ્રવ્યલોકપ્રકાશ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ જ નજીક આવે છે. ત્યાં ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી**એ વિરોધાભાસ અલંકારમાં સિદ્ધસ્વરૂપ આ રીતે જણાવેલ છે કે 'સિદ્ધાત્માઓ (૧) રૂપશૂન્ય હોવા છતાં પ્રકૃષ્ટ રૂપને (= આત્મસ્વરૂપને) પ્રાપ્ત કરે છે. શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિથી તેઓ સ્વયં પ્રકૃષ્ટ બનેલ છે. (૨) સ્વયં અનંગ = દેહશૂન્ય હોવા છતાં અનંગનો = અશરીરી કામદેવનો દ્રોહ કરનારા છે. (૩) તેઓ અનંત અક્ષરવાળા = કેવલજ્ઞાનવાળા હોવા છતાં તમામ વર્ણોને (= અક્ષરોને) છોડી દીધા છે.' (૧૬/૫)

**એહથી સવિ[8] જાઈ પાપશ્રેણિ ઉજાણી,**
**ગુણશ્રેણિ ચઢતાં લહઈ મુગતિ પટરાણી;**
**ઘનઘાતિ કર્મનઈ પીલઈ જિમ તિલ ઘાણી,**
**નિરમલ ગુણ એહથી પામિઆ[♦] બહુ ભવિ પ્રાણી ॥૧૬/૬॥ (૨૭૨)**

**એહથી સર્વ** જે **પાપ**ની **શ્રેણિ**, તે **ઉજાણી** = નાઠી **જાઈ**. **ગુણશ્રેણિ ચઢતાં લહઈ** = પામઈ, **મુગતિ** રૂપ **પટરાણી** પ્રતેં **ઘનઘાતી** સકલ **કર્મ**ને **પીલે**, **જિમ ઘાણી તલ** પીલાઈ, તિમ કર્મક્ષય થાઈ.

અનેક ક્ષાન્ત્યાદિક **નિર્મળગુણ (એહથી) પામઈ, (બહુ) ભવિ પ્રાણી** = નિર્મળ વીતરાગવચનનો આસ્થાવંત જે જીવ. ॥૧૬/૬॥

**પરામર્શઃ**

**ततोऽपि सर्वाऽघवृन्दनाशे गुणश्रेणिरोहाद् मुक्तिम्।**
**लभेत घातिक्षयेण निर्मलगुणमत एति भव्यः।।१६/६।।**

**卐 સમાપત્તિથી મુક્તિપ્રાપ્તિ 卐**

[illegible] :- સમાપત્તિથી પણ તમામ પાપની શ્રેણિનો નાશ થતાં ગુણશ્રેણિનું સમારોહણ કરવાથી ઘાતિકર્મના ક્ષય વડે ભવ્યાત્મા મુક્તિને પ્રાપ્ત કરે છે. આમ સમાપત્તિથી ભવ્ય જીવ નિર્મળ ગુણને પ્રાપ્ત કરે છે. (૧૬/૬)

**❋ આપણા ભગવત્સ્વરૂપને પ્રગટાવીએ ❋**

[illegible] :- દરેક આત્માર્થી જીવનું મુખ્ય ધ્યેય મોક્ષ છે. તમામ ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ એટલે મુક્તિ. પ્રચુર કર્મ વગેરેના લીધે આ ભવમાં તે કદાચ ન મળે તો પણ તમામ ક્ષાયોપશમિક ગુણોનો વૈભવ તો આ ભવમાં પ્રાપ્ત થવો જ જોઈએ. ક્ષાયિક અને ક્ષાયોપશમિક તમામ ગુણોની પ્રાપ્તિનું અમોઘ સાધન પરમાત્મસમાપત્તિ છે. તેથી મુમુક્ષુ જીવે નિરંતર 'મારામાં ભગવાનનું સ્વરૂપ રહેલ છે. નિશ્ચયથી હું ભગવાન જ છું. મારા ભગવત્સ્વરૂપને પ્રગટ કરવામાં અવરોધ કરનારા હઠીલા કર્મોને મારે ઝડપથી હટાવવા જ છે' - આ પ્રમાણેની ભાવનાથી ભાવિત થઈ સમાપત્તિને મેળવવા માટે આદરપૂર્વક પ્રયત્નશીલ રહેવું. આવી સમાપત્તિને મેળવવા માટે જ પ્રસ્તુત દ્રવ્યાનુયોગના જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. આધ્યાત્મિક ઉપનયાદિથી ગર્ભિત રીતે દ્રવ્યાનુયોગનો ઊહાપોહ કરી વચનાનુષ્ઠાન અને સમાપત્તિ દ્વારા મુક્તિમહેલના શિખરે ઝડપથી પહોંચવાની પાવન પ્રેરણા અહીં થાય છે.

**❋ અવસરે શાસ્ત્રસંન્યાસ ગ્રહણ કરવો ❋**

પરંતુ અનક્ષરપદની = શબ્દાતીતદશાની = સિદ્ધપદની કામનાવાળા આત્માર્થી સાધકોએ ગ્રન્થના

8 લી.(૧)માં 'સબ' પાઠ.
♦ કો.(૯)+સિ.માં 'પામ્યા' પાઠ.

અક્ષરોમાં/શબ્દોમાં ક્યારેય વ્યગ્ર ન થવું તથા શબ્દોની ગાઢ પક્કડ પણ ન રાખવી. શાસ્ત્રપાઠનો આધાર લઈને સંઘર્ષો ન કરવા. મૂળ વાત ભગવત્સમાપત્તિને મેળવવાની છે. તેને અવશ્ય ઝડપથી પ્રગટાવનારા શુક્લધ્યાનને પ્રગટાવવાનું છે. 'દેહ-ઈન્દ્રિય-મન-વચન-કર્મ વગેરેથી આત્મતત્ત્વ નિરાળું છે' - આ મુજબ તત્ત્વવિજ્ઞાન દ્વારા તે શુક્લધ્યાન જન્મે છે. તથાવિધ તત્ત્વવિજ્ઞાન ઉપલબ્ધ થાય તો શાસ્ત્રસંન્યાસને સ્વીકારીને ભગવત્સમાપત્તિમાં લીનતાનું જ સંપાદન કરવું. આ જ અભિપ્રાયથી **યોગપ્રદીપ** ગ્રંથમાં જણાવેલ છે કે 'તત્ત્વની ઉપલબ્ધિ માટે ગ્રંથોનો અભ્યાસ કરીને જ્યારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થઈ જાય ત્યારે પ્રાજ્ઞ સાધક, જેમ ધાન્યાર્થી તૃણ-પર્ણાદિને છોડે તેમ, સંપૂર્ણતયા ગ્રંથોને છોડે.' **ત્રિપુરાતાપિની ઉપનિષદ્**માં પણ જણાવેલ છે કે 'જ્ઞાન-વિજ્ઞાનમાં તત્પર પ્રાજ્ઞ સાધક ગ્રંથનો અભ્યાસ કરીને સંપૂર્ણતયા ગ્રંથને છોડી દે, ધાન્યગ્રહણ બાદ ધાન્યશૂન્ય છોડને ધાન્યાર્થી છોડે તેમ.' **યોગશિખા ઉપનિષદ્**માં પણ કહેલ છે કે 'પોતાની બુદ્ધિથી જીવો શાસ્ત્રરૂપી જાળમાં પડે છે, ફસાય છે. તેથી મૂઢ બને છે. સ્વાત્મપ્રકાશાત્મક તે આત્મતત્ત્વ શું માત્ર શાસ્ત્રથી પ્રકાશિત થાય ?' અર્થાત્ ન જ થાય. **મહોપનિષદ્**માં પણ જણાવેલ છે કે '(દેહાત્મભેદ-વિજ્ઞાનવાળા) વિવેકી જીવોને શાસ્ત્ર ભારરૂપ છે.' આ વચનો અહીં યાદ કરવા. આ અંગે અધિક નિરૂપણ અમે **દ્વાત્રિંશિકાપ્રકરણ**ની **નયલતા** વ્યાખ્યામાં કરેલ છે.

### ❀ આત્મસ્વભાવનું માહાત્મ્ય પ્રગટાવીએ ❀

અહીં આ બાબત પણ ખ્યાલમાં રાખવી કે - 'રાગ-દ્વેષાદિશૂન્ય એવું આપણું આત્મસ્વરૂપ જેના દ્વારા સધાય તે મોક્ષસાધક સાધના કહેવાય' - આ વ્યાખ્યા મુજબ, પોપટપાઠની જેમ શાસ્ત્રના પઠન -પાઠન વગેરેનું જે વ્યસન હોય તેનો સાધના તરીકે બિલકુલ સ્વીકાર ન જ કરવો. નિજ નિર્મલસ્વરૂપને સાધવા માટે સૌપ્રથમ આપણા આત્મામાં શુદ્ધ ચૈતન્યસ્વભાવનું માહાત્મ્ય પ્રગટાવવું. (૧) 'મારો આત્મા ઉપાધિશૂન્ય છે, અનન્ત આનંદથી પરિપૂર્ણ છે, આકુળતા-વ્યાકુળતા વિનાનો છે, પરમ શાંત છે, શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ છે' - આ પ્રમાણે આત્મસ્વભાવનો મહિમા-રસ-રુચિ-શ્રદ્ધા-આસ્થા અંતરમાં પ્રગટાવીને (૨) જુદા-જુદા સ્વભિન્ન જ્ઞેય પદાર્થોની સન્મુખ સતત વહેવાના લીધે વિકેન્દ્રિત બનેલા પોતાના ચિત્તવૃત્તિપ્રવાહનો તિરસ્કાર કરવો. તથા (૩) આટલા કાળ સુધી મૂઢતાથી બહિરાત્મપણે પરિણમેલી પોતાની જાત પ્રત્યે ધિક્કારનો, ગર્હાનો ભાવ અવશ્ય કરવો. આ ત્રણ કાર્ય કર્યા બાદ પોતાની ચિત્તવૃત્તિનો પ્રવાહ જે રીતે શુદ્ધ ચૈતન્યની સન્મુખ જ રહે તે જ રીતે સ્વાધ્યાય (= સ્વનું નિરીક્ષણ-પરીક્ષણ-પરિશીલન) વગેરે યોગોને આરાધવા. મનમોહક પર પદાર્થોનો કે રાગ-દ્વેષાદિ પરપરિણામોનો આપણા જ્ઞાનમાં પ્રતિભાસ થાય તો પણ તેની ઉપેક્ષા કરવી, તેમાં રુચિ ન કરવી, તેનું લક્ષ ન રાખવું. અનાત્મ ચીજ ઉપર ધ્યાન ન આપવું. આ રીતે અંતરંગ ઉપયોગનું વહેણ વહેવડાવવામાં આવે તો જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિષ્પત્તિ સંભવે. બાકી (= ઉપરોક્ત ત્રણ બાબતની ઉપેક્ષા કરીને) માત્ર પોપટપાઠની જેમ વધુ ને વધુ શાસ્ત્રોનો અભ્યાસ વગેરે કરવામાં આવે તો તેના નિમિત્તે અહંકાર, મહત્ત્વાકાંક્ષા, રસગારવ-ઋદ્ધિગારવ-શાતાગારવ વગેરેના વમળમાં શાસ્ત્રપાઠીને ખૂંચી જતાં વાર ન લાગે.

### ❀ ઉપયોગને ચોક્ખો કરીએ ❀

આ રીતે આંતરિક સમજણ મેળવીને આત્માર્થી સાધક ભગવાન (૧) સૌપ્રથમ પોતાના ઉપયોગને **(A)** અંતર્મુખ કરવામાં, **(B)** વિરક્ત બનાવવામાં, **(C)** પ્રશાંતપણે પરિણમાવવામાં, **(D)** નિર્મલસ્વરૂપે

અનુભવવામાં અને (E) સ્વકેન્દ્રિત કરવામાં ઉત્સાહ-ઉમંગપૂર્વક મંડી પડે તે ખૂબ જ જરૂરી છે. આ રીતે પોતાના ઉપયોગને પાંચ સ્વરૂપે પરિણમાવીને (૨) પોતાની ભૂમિકાને ઉચિત એવા પંચાચાર પાલન વગેરેમાં પરાયણ રહેવું. તથા (૩) સ્થિરા-કાંતા-પ્રભા-પરા આ પાછલી ચાર યોગદૃષ્ટિનું બળ વધારવામાં લીન રહેવું.

### ❀ વિધિ-નિષેધથી મુક્તિસ્વરૂપ ❀

આ ત્રણેય પરિબળોના સહારે **શ્રીરત્નશેખરસૂરિજી**એ **ગુણસ્થાનકક્રમારોહ**માં વર્ણવેલ મુક્તિ ઝડપથી પ્રગટ કરી લેવી. ત્યાં બૌદ્ધ, નૈયાયિક-વૈશેષિક, ત્રિદંડી, પૌરાણિક, વામમાર્ગી વગેરેના મતનો નિષેધ કરીને જૈનદર્શનસંમત મુક્તિનું સ્વરૂપ આ મુજબ દર્શાવેલ છે કે - 'સર્વજ્ઞ ભગવંતો મુક્તિને (૧) અત્યંત અભાવરૂપ, (૨) જડતારૂપ, (૩) આકાશની જેમ સર્વવ્યાપી, (૪) પુનરાવૃત્તિને ધારણ કરનારી અને (૫) અત્યંત વિષયસુખવાળી માનતા નથી. પરંતુ સર્વજ્ઞ ભગવંતોએ કહેલ છે કે વિદ્યમાન જ્ઞાનસ્વરૂપ આત્માની નિર્મળતાથી પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ ગુણના સમૂહથી સંસારમાં અદ્વિતીય સારભૂત, અત્યંત અતીન્દ્રિય સુખાનુભવના સ્થાનરૂપ અને પુનરાગમનરહિત મુક્તિ છે.' (૧૬/૬)

**ખલજન જો એમાં દ્વેષ ધરઈ અભિમાણી,**
**તો પણિ સજ્જનથી એહની ખ્યાતિ મચાણી;**
**ગુણ મણિ રયણાયર જગિ ઉત્તમ ગુણઠાણી,**
**જસ દિઈ ગુણિ સજ્જનનઈ સંઘ અનંત કલ્યાણી ॥૧૬/૭॥ (૨૭૩)**

**ખલજન** તે નીચ જન, (**જો**) **એહમાં દ્વેષ ધરસ્યે**, यतः खललक्षणम् -

**नौश्च खलजिव्हा च प्रतिकूलविसर्पिणी। जनप्रतारणायैव दारुणा केन निर्मिता ?।।**

**(सूक्तमुक्तावली-३१/२०, कवितामृतकूप-१०) इति खललक्षणम्।**

જે **અભિમાની** છઈ (તે) પોતાનું બોલ્યું મિથ્યાત્વાદિક મૂકતા નથી.

**તો પણિ સજ્જન**ની સંગતિ**થી એહ** વાણી**ને ખ્યાતિ** તે પ્રસિદ્ધતાપણું, **મચાણી** = વિસ્તારપણાને પામે છે.

**ગુણમણિ** = ગુણરૂપ જે મણિ, તેહનો **રત્નાકર** તે સમુદ્ર, (**જગિ**=) જગમાંહે તે **ઉત્તમ ગુણથાનક** છે. ગુણિ જન જે સત્સંગતિક પ્રાણી, તેહને **યશને દેણહારી**, એહવી જે વાણી તે **સજ્જનના** અને **અનંત કલ્યાણી સંઘને** મહારી યશ સુસૌભાગ્યની આપણહારી એહવી ભગવદ્વાણી છઈ. ॥૧૬/૭॥

---

परामर्शः **खलोऽत्र द्वेष्टि मानाद् यदि तथापि सज्जनतोऽस्याः ख्यातिः।**
**गुणमणिजलधिरिहेयं गुणि-सुजन-सङ्घयशोदात्री।।१६/७।।**

---

### ❀ સજ્જનો ગુણગ્રાહી ❀

**શ્લોકાર્થ** :- જો અહીં અભિમાનના કારણે દુર્જન દ્વેષ કરે તો પણ સજ્જનોથી આ ગ્રંથની ખ્યાતિ થશે. તથા જિનશાસનમાં આ દ્રવ્યાનુયોગવાણી તો ગુણમણિના સાગર સમાન છે. તે ગુણિજનને, સજ્જનને અને સંઘને યશ-કીર્તિ આપે જ છે. (૧૬/૭)

### ❀ કદરની ભૂખ છોડી, કદરલાયક કામ કરીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) 'દુર્જનો નિંદા કરશે' - એવા ભયથી સારા કામ કદાપિ છોડવા નહિ. (૨) આદરની અને કદરની ભૂખ રાખ્યા વિના આદરલાયક અને કદરલાયક એવા સ્વભૂમિકાયોગ્ય સત્કાર્ય કરવામાં પરાયણ રહેવું - એ જ સજ્જનોનું આગવું લક્ષણ છે. તથા અન્ય સજ્જનના આદરલાયક અને કદરલાયક સત્કાર્યની કદર કરવાનું આપણે કદાપિ ચૂકવું નહિ. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા ગ્રહણ કરવો.

### ❀ ગ્રંથનિષ્કર્ષ ❀

હવે ગ્રંથઅંતર્ગત પરિશિષ્ટરૂપે આ ગ્રંથનો નિષ્કર્ષ બતાવાય છે.

અનાદિ કાળથી આ મૂઢ જીવ પોતાનાથી ભિન્ન વસ્તુને વારંવાર યાદ કરતાં-કરતાં પોતાને જ સાવ ભૂલી ગયો. તેથી તે ભૂલાયેલા આત્માને યાદ કરવા માટે તથા શાસ્ત્રબોધના પ્રકર્ષ માટે અનુભવમાર્ગ

દેખાડાય છે. તેથી હે જીવ ! તું ઊભો થા, આ પ્રબંધને ભણ, તથા તું તને જ અનુભવ.**(યુગ્મ શ્લોકાર્થ)**

### ❋ તાત્ત્વિક આત્મસાક્ષાત્કારનો આંતરિક માર્ગ ❋

તમામ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં પોતાના આત્મા સિવાયના પુદ્ગલાદિ પરદ્રવ્યોમાં, જ્ઞાનાદિ સિવાયના રૂપાદિ પરગુણોમાં તથા સિદ્ધત્વાદિ સિવાયના શરીરાકૃતિ વગેરે પરપર્યાયોમાં જ અત્યંત ઉપાદેયબુદ્ધિથી અને તન્મય બનીને તેનો જ આ જીવે અનેક વાર અનુભવ કર્યો. જેમ કે (૧) 'હું જાડો છું, પાતળો છું, ગોરો છું. હું ઊભો છું, જાઉં છું, ઊંઘું છું.' - ઈત્યાદિ સ્વરૂપે પૌદ્ગલિક દેહદ્રવ્યના તાદાત્મ્યનો અનુભવ કર્યો. (૨) 'હું મૂંગો છું, કાણો છું, બહેરો છું, આંધળો છું' - આ મુજબ ઈન્દ્રિયગુણોનો પોતાના આત્મામાં સમારોપ કર્યો. (૩) કામના, સંકલ્પ, વિકલ્પ, અધ્યવસાય વગેરે અંતઃકરણના પર્યાયોનો પોતાના ધર્મરૂપે અનુભવ ઘણી વાર કર્યો. પરંતુ પોતાના જ શુદ્ધ આત્મદ્રવ્ય-શુદ્ધગુણ -શુદ્ધપર્યાયમાં અત્યંત ઉપાદેયબુદ્ધિથી તન્મય બનીને તેનો અનુભવ તો ક્યારેય આ જીવે ન જ કર્યો. તેથી અનાદિ કાળથી નહિ જાણેલા-નહિ માણેલા એવા પોતાના જ આત્માની પ્રત્યક્ષાનુભૂતિ કરવાનો પ્રકૃષ્ટ, સરળ અને સીધો માર્ગ વર્તમાનકાલીન મુમુક્ષુજનોના હિત માટે હવે દેખાડવામાં આવે છે. અનાદિ કાળથી શરીર-ઈન્દ્રિયાદિસ્વરૂપે આપણી જાતનો અનુભવ ઘણી વાર કર્યો છે.

પરંતુ '(૧) હું **(A)** દેહ, **(B)** ઈન્દ્રિયો, **(C)** વાણી, **(D)** નામ, **(E)** દેહાકૃતિ, **(F)** મુખાકૃતિ, **(G)** શરીરનું રૂપ, **(H)** મન, **(I)** કર્મ, **(J)** અન્યવિધ પુદ્ગલ વગેરેથી તદ્દન ભિન્ન છું. **(K)** પુદ્ગલસ્વરૂપ દેહાદિના ગુણધર્મો, જેમ કે તગડાપણું, કૃશપણું, લાંબા-ટૂંકાપણું વગેરેથી પણ અત્યંત નિરાળો છું. **(L)** પુદ્ગલસ્વરૂપ દેહાદિની હલન-ચલન-ભોજન-શયન આદિ જે ક્રિયા વગેરે છે, તેનાથી પણ હું સાવ જ જુદો છું. આફ્રિકાના જંગલ વગેરેથી જેટલો હું જુદો છું, તેટલો જ પૌદ્ગલિક દેહાદિથી ભિન્ન છું' - આ સ્વરૂપે આપણા આત્માની આપણને ક્યારેય પ્રત્યક્ષ અનુભૂતિ થઈ નથી.

(૨) 'હું ક્રોધ, માન, માયા, લોભ - આ ચાર કષાયથી અત્યન્ત ભિન્ન છું અને તેનાથી શૂન્ય છું. હું પરમ નિષ્કષાયસ્વરૂપ છું' - આવો અનુભવ પણ આ જીવે કદિ કર્યો નથી. તે જ રીતે નીચે મુજબની પણ અનુભૂતિ આ જીવને કદાપિ થઈ નથી કે :-

(૩) 'હું પરમ નિર્વિકાર છું. વિકારભિન્ન અને વિકારરહિત છું.'

(૪) '**(A)** આધિ, **(B)** વ્યાધિ, **(C)** ઉપાધિ, **(D)** રાગાદિ વિભાવપરિણામ, **(E)** સંકલ્પ-વિકલ્પ, **(F)** વિચારવાયુ, **(G)** સારા-નરસા સંસ્કાર, **(H)** દેહાદિમાં શાતા વગેરેની સંવેદના વગેરે તમામ પ્રપંચથી હું ભિન્ન છું તથા તેનાથી હું શૂન્ય છું.'

(૫) 'મારું સ્વરૂપ કાયમ **(A)** શાન્ત, **(B)** પ્રશાન્ત, **(C)** ઉપશાંત, **(D)** પરમ શાન્ત, **(E)** પરિપૂર્ણપણે શાંત છે. ઉકળાટ, આક્રોશ, આવેશ, આવેગ, ઉદ્ધતાઈ વગેરે પણ મારું સ્વરૂપ નથી જ.'

(૬) 'હું સહજ સમાધિમય છું. **(A)** કૃત્રિમ સમાધિ, **(B)** નિમિત્તાધીન સમાધિ, **(C)** કર્માધીન સમાધિ, **(D)** ક્ષણભંગુર સમાધિ કે **(E)** કાલ્પનિક સમાધિ એ પણ મારું મૂળભૂત સ્વરૂપ નથી.'

(૭) 'હું **(A)** પરમાનંદથી પરિપૂર્ણ છું. **(B)** પૂર્ણાનંદનો નાથ છું. **(C)** અનંત આનંદથી હું સંપૂર્ણ છું. **(D)** સ્વાધીન આનંદનો હું સ્વામી છું. **(E)** શાશ્વત આનંદધામ છું. **(F)** અનંતાનંદ આનંદનો હું ભોક્તા છું. **(G)** હું તો પરમાનંદથી છલકાતો છું. **(H)** મારા પ્રત્યેક આત્મપ્રદેશમાં પરમાનંદ ઠાંસી

-ઠાંસીને ભરેલો છે. ખરેખર (I) દુઃખ, પીડા, વેદના, વ્યથા, વિડંબના, હેરાનગતિ, ક્લેશ, સંક્લેશ, અશાંતિ, રોગ, શોક, અરતિ, ઉપદ્રવ, ઉદ્વેગ, ખેદ વગેરેનો એક અંશ પણ મારામાં નથી.'

(૮) 'હું (A) અપરોક્ષ અને (B) અતીન્દ્રિય એવા સ્વયંપ્રકાશ સ્વરૂપ છું. પૌદ્ગલિક પ્રકાશથી રહિત એવા જ્ઞાન પ્રકાશ સ્વરૂપ છું. પરમાણુ, પ્રેત, પિશાચ વગેરેની જેમ હું પરોક્ષ નથી. મારા માટે હું પ્રત્યક્ષ છું. છતાં પણ ઘટ, પટ વગેરેની જેમ હું ઈન્દ્રિયગોચર નથી. પરંતુ અતીન્દ્રિય જ્ઞાનથી ગમ્ય છું. હું ખુદ જ મારી જાતને પ્રકાશનાર છું. હું સ્વયમેવ અતીન્દ્રિયજ્ઞાનપ્રકાશસ્વરૂપ છું.'

(૯) 'હું (A) કેવલ ચૈતન્યસ્વરૂપ છું. (B) માત્ર શુદ્ધ ઉપયોગાત્મક છું. (C) નિર્મળ ચેતના એ જ મારું સાચું સ્વરૂપ છે, (D) આંતરિક શાંતિ, સમાધિ, આનંદ વગેરે મારા ગુણો પણ ચૈતન્યમય છે. (E) મારા ક્ષમા, નમ્રતા, સરળતા વગેરે સર્વ પરિપૂર્ણ ક્ષાયિક શુદ્ધગુણો મારી આર્દ્ર ચેતનાના રંગે રંગાયેલા છે, ભીંજાયેલા છે. (F) તે તમામમાં વણાયેલ શુદ્ધ ચૈતન્ય એ જ મારું પારમાર્થિક સ્વરૂપ છે. (G) મારા તમામ શુદ્ધ ગુણો ચૈતન્યપ્રકાશથી ઝળહળતા છે. (H) ઔદયિક ભાવવાળા ક્ષમા વગેરે ગુણો પણ મારું તાત્ત્વિક સ્વરૂપ નથી. (I) હું તો કેવળ જ્ઞાન-દર્શનઉપયોગસ્વરૂપ છું.'

(૧૦) 'હું શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ છું. સંકલ્પ-વિકલ્પાદિથી ચૈતન્યપિંડ કદાપિ ખંડિત-વિભક્ત થતો નથી. રાગાદિથી અશુદ્ધ બનેલી ચેતના એ મારું મૂળભૂત સ્વરૂપ નથી. કામ, ક્રોધ વગેરેથી અશુદ્ધ બનેલી કાર્મિક ચેતનાથી હું નિરાળો છું. ખંડ-ખંડ, ત્રુટક-ત્રુટક શુદ્ધ ઉપયોગ પણ મારું પૂર્ણ સ્વરૂપ નથી. મારામાંથી પ્રગટ થતી આંશિક શુદ્ધ ક્ષણિક જ્ઞાનચેતનામાં સમગ્રતયા હું સમાવિષ્ટ થતો નથી. હું તો પરિશુદ્ધ, પરિપૂર્ણ ચૈતન્યનો અખંડ, શાશ્વત, શાંત, પરમતૃપ્ત, સહજ, સૌમ્ય, સ્વસ્થ પિંડ છું.'

## નિજસ્વરૂપ જિનસ્વરૂપ તુલ્ય અનુભવીએ

આમ ઉપરોક્ત દશ પ્રકારે આપણા આત્માનો અનુભવ અનાદિ કાળમાં પ્રાયઃ ક્યારેય થયો નથી. શાસ્ત્રાધારે પરમાત્માના સ્વરૂપનો ઉપરોક્ત રીતે ઉપર-છલ્લો બોધ હજુ થયો હશે. પરંતુ 'આપણા આત્માનું પણ સ્વરૂપ ખરેખર પરમાત્મા જેવું જ છે' - તેવો બોધ કે તેવી ઓળખાણ થઈ નથી. કદાચ ગુરુગમથી આપણું પરમાત્મતુલ્યસ્વરૂપ બુદ્ધિમાં હજુ પકડાય. સત્સંગથી બૌદ્ધિક કક્ષાએ કદાચ નિજસ્વરૂપ જિનસ્વરૂપતુલ્યપણે સમજાયું હશે. પરંતુ તેવા પ્રકારે આપણા આત્માની પ્રત્યક્ષ અનુભૂતિ થઈ નથી. તેથી આત્મસાક્ષાત્કારનો પ્રકૃષ્ટમાર્ગ, સરળમાર્ગ અહીં જણાવવામાં આવે છે. (A) પ્રસ્તુત ગ્રંથ મુજબ, (B) અન્ય ગ્રંથ અનુસારે, (C) ગુરુ પરંપરા મુજબ તથા (D) સ્વાનુભવ અનુસારે, અત્યંત વિસ્તારથી નહિ કે અત્યંત સંક્ષેપથી નહિ પણ મધ્યમ પ્રકારે સ્પષ્ટપણે આત્મસાક્ષાત્કારનો માર્ગ જણાવાય છે.

## બહિર્મુખી ચિત્તવૃત્તિના પ્રવાહનો વેગ ઘટાડીએ

તે માર્ગ આ મુજબ સમજવો :- ચરમાવર્તકાળમાં પ્રવેશ કર્યા બાદ, શુભ કે અશુભ બળવાન નિમિત્તના માધ્યમથી પોતાના કર્મના ઉદયના લીધે જીવને આઘાત-પ્રત્યાઘાત લાગે છે. પોતાના કર્મની ઘેરી ચોટ લાગતાં નિયતિ સાનુકૂળ હોવાથી કોઈક શુક્લપાક્ષિક જીવ પોતાના કર્મના ગણિતને ગહનતાથી વિચારે છે, બીજા ઉપર દોષારોપણ કરવાની વૃત્તિનો ત્યાગ કરે છે, પોતાના ચિત્તનું સમાધાન વગેરે કરે છે. તેથી એવા જીવને પોતાની નિરાધાર-નિઃસહાય-અશરણ-અશુચિમય અવસ્થાની અંતરમાં તાત્ત્વિક પ્રતીતિ થાય છે. તેના લીધે અનાદિ કાળથી જે રજોગુણનો ઉછાળો અને તમોગુણનો ઉછાળો પ્રવર્તતો

હતો, તે પુષ્કળ પ્રમાણમાં ક્ષય પામે છે. રજોગુણનો ઉદ્રેક જવાથી **અધ્યાત્મસાર**માં વર્ણવેલ રજોગુણપ્રધાન બહિર્મુખી 'ક્ષિપ્ત' ચિત્ત મોટાભાગે રવાના થાય છે. તથા તમોગુણનો ઉદ્રેક જવાથી **અધ્યાત્મસાર**માં વર્ણવેલ તમોગુણપ્રધાન કષાયગ્રસ્ત 'મૂઢ' ચિત્ત મહદ્અંશે વિદાય લે છે. સંસારમાહાત્મ્ય તેના અંતઃકરણમાં જામતું નથી. બાહ્ય ઘટનાઓને તે બહુ વજન આપતો નથી. વિભાવદશામાં તે તીવ્રરસપૂર્વક જોડાતો નથી. તેના કારણે જે પૂર્વકાલીન સતત બહાર તરફ વહી જતો ચિત્તવૃત્તિપ્રવાહનો વેગ ધસમસતો હતો, તે મંદ પડે છે. પાંચેય ઈન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવા માટે જે ઊર્જાનો પ્રવાહ અનાદિ કાળથી યથેચ્છપણે બેરોકટોક સ્વરસથી ઉત્સુક-સતેજ હતો, તે હવે કાંઈક અંશે નિસ્તેજ બને છે. કર્મની ઘેરી ચોટની અસર જીવના અંતરમાં નિરંતર છવાયેલી રહે છે. તેથી કર્મના નવા આઘાત-પ્રત્યાઘાત, રતિ-અરતિ, હર્ષ-શોક, રાગ-દ્વેષ, ગમા-અણગમા વગેરેના વમળમાં તણાવાનું-ડૂબવાનું વલણ ઓછું થાય છે.

### ❀ સદ્યોગાવંચક યોગથી સદ્ગુરુસમાગમ ❀

તેવા અવસરે પ્રભુકૃપાથી સદ્ગુરુનો તેને ભેટો થાય છે. 'અપરોક્ષ સ્વાનુભૂતિથી સંપન્ન, પ્રશાંત-વિરક્તવૃત્તિવાળા તથા જ્ઞાનાનંદમય નિજ સ્વભાવમાં ગળાડૂબ થયેલા આ સદ્ગુરુ જ ખરેખર મારા સમગ્ર સંસારસાગરને સૂકવનારા છે, ભવસાગરથી મારો ઉદ્ધાર કરનારા છે' - એવું આ જીવ ત્યારે અંતઃકરણથી સ્વીકારે છે. કારણ કે સદ્યોગાવંચક યોગનું સામર્થ્ય આ અવસ્થામાં પ્રગટ થયેલું હોય છે, કષાયાદિના સેવનની પાત્રતા અત્યંત ઘટેલી હોય છે. ટૂંકમાં, જીવ પોતાની પાત્રતાના જોરે સદ્ગુરુની પાત્રતાને પિછાણી શકે છે. પૂર્વે આ જીવને સદ્ગુરુનો જે યોગ થયો હતો, તે આ જીવની અપાત્રતાના લીધે ઠગારો નીવડેલ હતો. તે વંચક યોગ સાબિત થયો હતો. પરંતુ હવે નિયતિ અનુકૂળ હોવાથી, જીવની પાત્રતા પ્રગટ થઈ હોવાથી, કાળબળ સાધક હોવાથી સદ્ગુરુનો જે સમાગમ થયો છે તે અવંચક છે. તેથી જ સંસારતારક તરીકે ઓળખાયેલા સદ્ગુરુ પ્રત્યે તેના અંતરમાં પરમ પ્રીતિ પ્રગટે છે. બિનશરતી સદ્ગુરુશરણાગતિને આ જીવ હવે માન્ય કરે છે. તેથી જ શુદ્ધ ચૈતન્યની અનુભૂતિથી રંગાયેલા અંતઃકરણમાંથી નીકળતી સંવેગ-વૈરાગ્યમય ગુરુવાણી આ જીવના અંતઃકરણને ભીંજવે છે, પલાળે છે. જીવના અહંકારને ગુરુવાણી પીગાળે છે. તથા દુષ્ટ-બેમર્યાદ વાસનાના વમળમાંથી જીવને ગુરુવાણી બહાર કાઢે છે.

### ❦ ઓઘદૃષ્ટિ છોડીએ, યોગદૃષ્ટિ મેળવીએ ❦

આ રીતે અહંકારાદિ ઓગળવાના લીધે જીવ હવે કુનિમિત્ત, કુકર્મોદય, કુપ્રવૃત્તિ અને કુસંસ્કાર વગેરેના માધ્યમથી જન્મેલા પોતાના મલિન વ્યક્તિત્વને ઓગાળવાનો, મૂળમાંથી ઉખેડવાનો પ્રયત્ન કરવા માટે કટિબદ્ધ થાય છે. તે માટે તે તથાભવ્યત્વાદિના પરિપાકથી સદ્ગુરુની શરણાગતિને અંતઃકરણથી સ્વીકારે છે, આત્મસાત્ કરે છે. જીવ સદ્ગુરુની શરણાગતિ-સમર્પણભાવને પોતાનામાં ઓતપ્રોત કરે છે. કર્મોદયની ચોટની = આઘાત-પ્રત્યાઘાતની ઘેરી અસરવાળું જીવનું અંતઃકરણ સંસારથી વિરક્ત બને છે. તથા એ અંતઃકરણ સ્વસન્મુખ = અંતર્મુખ બને છે. તેથી જ 'શરીર, ઈન્દ્રિય વગેરે હું છું. કષાય વગેરે મારા પરિણામો છે' - આ મુજબ ઉપાદેયપણે દેહાદિમાં પોતાપણાની પરિણતિ સ્વરૂપ અને કષાયાદિમાં મારાપણાની મજબૂત પરિણતિસ્વરૂપ ઓઘદૃષ્ટિનું બળ ખલાસ થતું જાય છે. સાધકને અંદરમાં એવું પ્રતીત થાય છે કે 'હું દેહાદિથી ભિન્ન આત્મદ્રવ્ય છું. કષાયાદિશૂન્ય શુદ્ધ જ્ઞાનાદિગુણો એ જ મારી મૂડી છે.'

આ પ્રતીતિ ઉપલક નથી. પરંતુ તે અંગેની સાચી શ્રદ્ધા, ઊંડો આદર, તીવ્ર બહુમાન, અંતરંગ રુચિ, પ્રબળ પ્રીતિ વગેરેથી વણાયેલી પ્રતીતિ હોય છે. તેથી જ તે પરિણતિનું સ્વરૂપ ધારણ કરે છે. આવી પરિણતિ જ યોગદૃષ્ટિ કહેવાય. તે અંશે-અંશે સાધકમાં ત્યારે યથાર્થપણે પ્રગટ થતી જાય છે.

### યોગબીજવાવણી, પ્રીતિઅનુષ્ઠાન, અધ્યાત્મયોગની સ્પર્શના

તેથી જ નિરાશંસભાવે વીતરાગપ્રણામ વગેરેમાં સાધક ત્યારે પ્રવર્તે છે. આ પ્રવૃત્તિને સ્વચિત્તભૂમિમાં સંશુદ્ધ યોગબીજની વાવણી સમજવી, જે કાલાંતરે યોગ કલ્પતરુનું નિર્માણ કરશે. અહીં પ્રીતિઅનુષ્ઠાનનો પ્રારંભ થાય છે. મૈત્રી, મુદિતા વગેરે ભાવોથી તે સાધક પોતાના અંતઃકરણને વાસિત કરે છે. પછી નિજ આત્માદિ તત્ત્વની ચિંતા કરે છે. 'મારો આત્મા પરિપૂર્ણપણે પ્રગટ સ્વરૂપે મને ક્યારે પ્રાપ્ત થશે? અપરોક્ષ સ્વાનુભવ ક્યારે થશે ?' ઈત્યાદિ ચિંતાસ્વરૂપ અધ્યાત્મયોગની તે સ્પર્શના કરે છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં પ્રસ્તુત અધ્યાત્મયોગનું વિસ્તારથી વર્ણન ઉપલબ્ધ છે.

### ત્રિવિધ સંસાર તુચ્છ-અસાર-અનર્થકારી

અનાદિ કાળથી ત્રણ પ્રકારના સંસારમાં ચિત્તવૃત્તિપ્રવાહ ધસમસતો વહી રહેલો છે. (૧) કનક, કામિની (= સ્ત્રી), કુટુંબ, કાયા વગેરે સ્વરૂપ બાહ્ય સંસારની સાર-સંભાળ-સંવર્ધન વગેરેમાં જ ચિત્તવૃત્તિ સતત અટવાયેલી હોય છે. (૨) પાંચેય ઈન્દ્રિયના અનુકૂળ અને ઉપસ્થિત એવા વિષયોની રુચિ-તૃષ્ણા-લાલસા-આસક્તિ સ્વરૂપ બાહ્ય-આંતર સંસારમાં પણ ચિત્તવૃત્તિ પરોવાયેલી હોય છે. (૩) મનમાં ઉઠતા સંકલ્પ-વિકલ્પ વગેરેની હારમાળા એ અભ્યંતર સંસાર છે. તેમાં પણ ચિત્તવૃત્તિ સતેજપણે, સહજપણે રસપૂર્વક જોડાયેલી જ રહે છે. જ્યારે જીવ ચરમાવર્તમાં પ્રવેશ કરે, કર્મની ચોટની ઘેરી અસર તેના અંતઃકરણમાં છવાયેલી હોય, શાસ્ત્રાભ્યાસ-સત્સંગ વગેરેમાં જીવ પ્રવર્તે અને અંતર્મુખતા આવે ત્યારે ઉપરોક્ત ત્રણેય પ્રકારના સંસારને અભિનંદનારી, રસપૂર્વક પોષનારી એવી ચિત્તવૃત્તિના પ્રવાહનો ધસમસતો વેગ સ્ખલના પામે છે, મંદ થાય છે, વેરવિખેર થાય છે. ભવાભિનંદી ઊર્જાપ્રવાહ પાંખો પડે છે, અસ્ત-વ્યસ્ત બને છે. ત્યારે શાસ્ત્રાભ્યાસ, સત્સંગ વગેરેના પ્રભાવે તેવો જીવ પરદ્રવ્ય -પરગુણ-પરપર્યાયોની તુચ્છતા, અસારતા, અનર્થકારિતા, નશ્વરતા, અવિશ્વસનીયતા, અશરણરૂપતા, અશુચિરૂપતા વગેરેને અંદરથી સ્વીકારે છે. પર બાબતોનું મૂલ્ય તેને નહિવત્ લાગે છે. ઉપરોક્ત ત્રણેય પ્રકારનો સંસાર તેને નિર્મૂલ્ય અને નિર્માલ્ય લાગે છે.

### ભવભ્રમણના કારણાદિને વિચારીએ

અનાદિ કાળથી વળગેલા આ ત્રિવિધ સંસારના કારણની, સંસારના અસારસ્વરૂપની અને તેની આસક્તિના ફળની પણ ઊંડી મીમાંસા આ જીવ કરે છે. ત્રણેય પ્રકારના સંસારમાં ભટકવાનું અને તેનાથી અટકવાનું-છૂટવાનું કારણ શું ? - આ બાબતમાં જીવ વેધક વિચારણા કરે છે. **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ આ અંગે જણાવેલ છે કે 'તેથી આ અપુનર્બંધક જીવ સંસારના કારણ વગેરે વિશે પ્રાયઃ ઊહાપોહ = ઊંડી વિચારણા કરે છે.'

### ભાવના યોગની સ્પર્શના

એકાન્તે દુઃખરૂપ, દુઃખહેતુ અને દુઃખની પરંપરાને લાવનાર એવા બાહ્ય, મિશ્ર અને અભ્યંતર

સંસારની અસારતા તેના અંતરમાં સારી રીતે ઓળખાયેલી હોય છે. તેથી તે અસારતા તેના દિલમાં વસી જાય છે. તેના લીધે (૧) પોતાનો દેહ, પૈસા, પત્ની, પુત્ર, પરિવાર વગેરે સ્વરૂપ બાહ્ય સંસારમાં, (૨) પાંચ ઈન્દ્રિયના ઉપસ્થિત વિષયોની આસક્તિ સ્વરૂપ બાહ્ય-અભ્યંતર = મિશ્ર સંસારમાં તથા (૩) બાહ્ય વિષયની ગેરહાજરીમાં પણ અંતરમાં ઉઠતા સંકલ્પ-વિકલ્પ-વિતર્ક-વિચારની હારમાળા સ્વરૂપ અભ્યંતર સંસારમાં જીવની રતિ-રસિકતા-તન્મયતા-એકાકારતા-ઓતપ્રોતપણું - તદ્રૂપતા ઘટે છે, રવાના થાય છે. આ અંગે **ધર્મરત્ન પ્રકરણ**માં શ્રીશાંતિસૂરિજીએ જણાવેલ છે કે 'સંસાર (૧) દુઃખસ્વરૂપ, (૨) દુઃખફલક = દુઃખજનક, (૩) દુઃખની પરંપરાને લાવનાર, (૪) આત્મવિડંબના સ્વરૂપ અને (૫) અસાર છે - તેવી અંતરથી ઓળખાણ કરીને તેમાં સાધક જીવ રતિને કરતો નથી.' આ રીતે સંસારાભિમુખ ચિત્તવૃત્તિનું નિયંત્રણ કરવાની સાથે સાધક મૈત્રી-મુદિતા વગેરે ભાવોથી ગર્ભિત રીતે અધ્યાત્મયોગનો અભ્યાસ કરે છે કે જે ભાવનાયોગરૂપે પરિણમે છે. આ ભાવનાયોગનું નિરૂપણ **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ, યોગવિંશિકાવૃત્તિ** વગેરે ગ્રંથોમાં વિસ્તારથી ઉપલબ્ધ થાય છે. વ્યવહારથી તાત્ત્વિકયોગ અહીં પ્રગટ થાય છે. તે અધ્યાત્મ-ભાવનાસ્વરૂપ સમજવો. અપુનર્બંધક દશામાં તે પ્રગટે છે. **યોગબિંદુ**માં આ બાબત જણાવેલ છે. આ અવસ્થામાં જીવ ભદ્રક મિથ્યાદૃષ્ટિ બને છે.

### ❋ શુક્લ ધર્મનું મંગલાચરણ કરીએ ❋

મૈત્રી વગેરે ભાવોથી તામસાદિ ભાવો રવાના થવાના લીધે અહીંથી 'શુક્લધર્મ' પ્રારંભાય છે. રાગાદિથી મુક્તિ મેળવવાની અનાદિકાલીન જે સ્વરૂપયોગ્યતા જીવમાં પડી હતી, તે હવે અહીં સહકારિયોગ્યતારૂપે પરિણમતી જાય છે. કેમ કે રાગાદિમાંથી કાયમી છૂટકારો મેળવવામાં સહકારી બનનારા સત્સંગ, સ્વાધ્યાય, અધ્યાત્મ, ભાવનાયોગ વગેરે કારણો હવે જીવ પાસે હાજર થયેલ છે.

### ➤ મિત્રા-તારાદૃષ્ટિમાં માર્ગાભિમુખતાના અઢાર સંકેત ➤

(૧) આ રીતે મોક્ષમાર્ગે ક્રમશઃ આગળ વધતાં જીવ વડે અવેદ્યસંવેદ્યપદ જીતાય છે. અર્થાત્ હેય-ઉપાદેયની સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયપણે અંતરમાં પ્રતીતિ ન કરી શકવાની જીવની ભૂમિકા ખતમ થવાની શરૂઆત થાય છે. પૂર્વે (૬/૯ + ૮/૧૮) નૈગમનયથી પ્રસ્થક દૃષ્ટાંતની વિચારણા કરી હતી, તે મુજબ અવેદ્યસંવેદ્યપદના વિજયની વાત સમજવી. ભવિષ્ય કાળમાં પ્રસ્થક થવાનો હોવા છતાં લાકડાના ટુકડાને છોલતો સુથાર 'પ્રસ્થક બનાવે છે' - આવો વ્યવહાર નૈગમનયમત મુજબ જેમ થાય છે, તેમ અવેદ્યસંવેદ્યપદને પરિપૂર્ણપણે જીતવાનું કાર્ય ગ્રંથિભેદ વખતે થવાનું હોવા છતાં તેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવાથી પ્રસ્તુત ભદ્રક મિથ્યાદૃષ્ટિ દશામાં 'અવેદ્યસંવેદ્યપદ જીતાય છે' - આમ જણાવેલ છે. પૂર્વે અનંત વાર ગ્રંથિદેશ પાસે આવીને ગ્રંથિભેદ કર્યા વિના જ આ જીવ પાછો ફરી ગયો હતો. એવું હવે બનવાનું નથી. હવે આ જીવ આગેકૂચ જ કરવાનો છે. મોક્ષમાર્ગ જરૂર સાધવાનો છે. આવું અન્વયમુખે જણાવવા માટે અહીં અવેદ્યસંવેદ્યપદ જીતવાનો ઉલ્લેખ પ્રસ્થક ન્યાયથી કરેલ છે.

### ☫ કદાગ્રહ-સહજમળ-ભવાભિનંદીદશા વગેરેની વિદાય ☫

(૨) **ષોડશક**માં દર્શાવેલ દૃષ્ટિસંમોહ, **યોગદૃષ્ટિ સમુચ્ચય** વગેરેમાં જણાવેલ કુતર્ક, કદાગ્રહ, પૂર્વગ્રહ, હઠાગ્રહ, ખોટી પક્કડ પણ હવે જીવમાંથી વિદાય લે છે.

(૩) આત્માને પોતાના સ્વરૂપમાં ઠરવામાં અટકાયત કરનાર, અંતર્મુખતામાં પ્રતિબંધક બનનાર એવું આત્મસ્વભાવવિરોધી બળ 'સહજમળ' તરીકે ઓળખાય છે. તે સહજમળ ત્યારે પ્રચુર પ્રમાણમાં શિથિલ થાય છે. સહજમળનો રેચ થવાની પૂર્વભૂમિકા રચાય છે.

(૪) પૂર્વે જણાવેલ ત્રિવિધ સંસારને અભિનંદવાની પાત્રતા આ જીવમાંથી હવે ઘટતી જાય છે. ક્ષુદ્રતા, લાભરતિ, દીનતા વગેરે દોષોથી વણાયેલી ભવાભિનંદિતાનો હ્રાસ થાય છે.

(૫) અશુદ્ધ ભાવોથી વણાયેલી એવી પાપનો અનુબંધ પડવાની પાત્રતા ક્રમશઃ રવાના થાય છે. દીર્ઘકાલીન સાનુબંધ એવા પાપ કર્મના સંપર્કમાં આવવાની જીવની યોગ્યતા ખતમ થતી જાય છે. પાપના તીવ્ર અનુબંધ પાડનારી આત્મદશા ખલાસ થતી જાય છે.

(૬) **વિંશિકાપ્રકરણ** વગેરેમાં વર્ણવેલ ભવબાલદશા જાય છે, ધર્મયૌવનદશા પ્રવર્તે છે.

(૭) વર્ધમાન ગુણોથી યુક્ત બનતી એવી અપુનર્બંધકદશાને જીવ પ્રાપ્ત કરે છે. પાપને વિશે તીવ્ર બહુમાન ભાવ, સંસારની આસક્તિ વગેરે દોષો અપુનર્બંધકદશામાં હોતા નથી.

### ❊ મિત્રા-તારાદૃષ્ટિના ગુણવૈભવને નિહાળીએ ❊

(૮) **ષોડશક, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં દર્શાવેલ **(A)** ઔદાર્ય, **(B)** દાક્ષિણ્ય, **(C)** પાપજુગુપ્સા, **(D)** નિર્મળ બોધ, **(E)** દુઃખી જીવોની દયા, **(F)** ગુણવાનને વિશે અદ્વેષ (ઈર્ષ્યાનો ત્યાગ), **(G)** સાર્વત્રિક ઔચિત્યસેવન, **(H)** યોગની કથામાં અખંડ પ્રીતિ, **(I)** યોગી પ્રત્યે બહુમાન-આદરભાવ, **(J)** કૃતજ્ઞતા, **(K)** પ્રકૃતિની ભદ્રકતા, **(L)** શાંતતા, **(M)** ઉદાત્તતા, **(N)** વિનીતતા, **(O)** મૃદુતા, **(P)** નમ્રતા, **(Q)** સરળતા, **(R)** ક્ષમા, **(S)** સંતોષ, **(T)** નિર્ભયતા, **(U)** પ્રમોદ-ભાવ, **(V)** ગુણાનુરાગ, **(W)** વિચક્ષણતા, **(X)** અશુભ પ્રવૃત્તિના ત્યાગના લીધે સંસારના તીવ્ર ભયનો અભાવ, **(Y)** શિષ્ટ પુરુષો પ્રત્યેનો દૃઢ વિશ્વાસ, **(Z)** [૧]સફલારંભિતા વગેરે ગુણોનો વૈભવ પ્રગટે છે.

### ❊ પોતાના જ નિર્મળસ્વરૂપની હિંસાથી અટકીએ ❊

(૯) અનાદિ કાળથી પ્રવૃત્ત થયેલ આત્મતત્ત્વનો દ્વેષ, આત્માની ઘોર ઉપેક્ષા, આત્માનો તિરસ્કાર -ધિક્કાર, આત્માની અત્યન્ત વિસ્મૃતિ વગેરે રવાના થવાના લીધે, તે દ્વેષ વગેરેથી પોતાના જ નિર્મળ સ્વરૂપની ઘોર હિંસા કરનારી જે ઘાતક ચિત્તવૃત્તિ પ્રવર્તતી હતી, તે ચિત્તવૃત્તિ હવે રવાના થાય છે.

### ❖ આપણા આત્માને સંભાળીએ ❖

(૧૦) પોતાના નિર્મળ આત્મસ્વરૂપની ઘોર હિંસાને અટકાવવા વગેરેની પરિણતિના બળથી સાધકમાં આત્મતત્ત્વની તાત્ત્વિક રુચિ પ્રગટે છે. પોતાના આત્મા પ્રત્યે બીજાને દેખાડવા માટે આડંબરાત્મક નહિ પણ આંતરિક ભાવાત્મક બહુમાન, લાગણી, લગની તેના અંતરમાં સતત ઉછળે છે. આત્માને પ્રગટ કરવાનો તલસાટ વધે છે. 'આત્મા જ પ્રગટ કરવા યોગ્ય છે' - તેવી શ્રદ્ધા દૃઢ બનતી જાય છે. સાંસારિક પ્રવૃત્તિઓમાં પણ આત્મા ભૂલાતો નથી. આત્મા જ સતત નજરાયા કરે છે. આત્માને જ તે સતત સંભારે છે, સંભાળે છે, સાંભળે છે, સંભળાવે છે, સાચવે છે, સ્વચ્છ કરે છે. આત્માનું = આત્મગુણોનું જ તે સંવર્ધન કરે છે. આત્મસાક્ષાત્કાર અંગેની તેની પ્યાસ વધતી જાય છે.

---

૧. સફલારંભિતા એટલે જે કાર્ય કરવાથી કાળક્રમે અવશ્ય આધ્યાત્મિક ફળ મળે જ તેવી પ્રવૃત્તિ કરવી. સમય પસાર કરવા માટે કે 'લાગ્યું તો તીર, બાકી તુક્કો'- આવી ગણતરીથી પ્રવૃત્તિ ન કરવી.

(૧૧) જીવાત્મા ઉપર કર્મપ્રકૃતિનો અનાદિકાલીન ભવભ્રમણાદિકારક જે અધિકાર હતો, તે હવે અત્યંત રવાના થાય છે, ઝડપથી વિદાય લે છે.

## અંતરાત્મદશા ઉજાગર થાય છે

(૧૨) તેથી **યોગશાસ્ત્ર, અધ્યાત્મસાર, અધ્યાત્મપરીક્ષાવૃત્તિ, મોક્ષપ્રાભૃત, નિયમસાર, કાર્ત્તિકેયાનુપ્રેક્ષા, જ્ઞાનાર્ણવ, સમાધિશતક** વગેરે ગ્રંથોમાં વર્ણવેલ બહિરાત્મદશા ઘટતી જાય છે. કારણ કે કાયાદિથી ભિન્ન આત્મતત્ત્વની શ્રદ્ધા તેના અંતરમાં જાગેલી છે. તથા આ જીવમાં હવે અંતરાત્મદશા પ્રગટે છે.

## તાત્ત્વિક આત્મજિજ્ઞાસાનો પ્રાદુર્ભાવ

(૧૩) અંતરાત્મદશાનો આવિર્ભાવ થવાના લીધે જ 'પ્રાપ્ત થયેલા આ દુર્લભ જીવનની સફળતા અને સરસતા શેમાં ? આત્મા મૂળભૂત સ્વરૂપે કેવો હશે ? મોક્ષનું સાચું સ્વરૂપ કેવું હશે ?' આવી અનેક પ્રકારની આધ્યાત્મિક જિજ્ઞાસા તેના અંતઃકરણમાં ઉદ્‌ભવે છે. આ જિજ્ઞાસા માત્ર સમય પસાર કરવા (Time Pass) માટે નથી હોતી. પરંતુ સાચી હોય છે, તાત્ત્વિક હોય છે. તેથી તેવી જિજ્ઞાસા વધે જ રાખે છે. તે જિજ્ઞાસા ફળદાયક બને છે. અપરોક્ષ સ્વાનુભૂતિનું પ્રબળ અંતરંગ કારણ બને છે.

## તદ્‌હેતુ અનુષ્ઠાનનો પ્રારંભ

(૧૪) આત્મા, મોક્ષ વગેરેની જિજ્ઞાસા કરીને તે અટકી જતો નથી. પરંતુ પ્રભુપૂજા વગેરે તાત્ત્વિક આચાર પ્રત્યે તેના અંતરમાં ભાવાત્મક બહુમાન પ્રગટે છે. તેવા બહુમાનથી તે પ્રભુપૂજા, ભાવયોગીની સેવા વગેરે અનુષ્ઠાનોમાં પ્રવર્તે છે. આદિધાર્મિકકાળમાં = અપુનર્બંધકાદિદશામાં (જુઓ **લલિતવિસ્તરા-પંજિકા**ના અંતે તથા **ધર્મસંગ્રહવૃત્તિ** ગાથા-૧૭, પૃષ્ઠ-૩૫) થનારી આ પ્રભુપૂજા વગેરે ધર્મક્રિયા ખરેખર મુક્તિઅદ્વેષ, કાંઈક મુક્તિઅનુરાગ વગેરે શુભભાવોથી વણાયેલી હોય છે. તેથી જ તે તદ્ધેતુઅનુષ્ઠાનરૂપે = સદનુષ્ઠાનકારણીભૂત અનુષ્ઠાનરૂપે પરિણમે છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ, અધ્યાત્મસાર** વગેરેમાં તદ્ધેતુઅનુષ્ઠાનનું નિરૂપણ ઉપલબ્ધ થાય છે. અહીં ખેદ અને ઉદ્વેગ દોષ રવાના થાય છે.

## વિક્ષિપ્ત ચિત્તનો લાભ

(૧૫) તથા સત્ત્વગુણનો ઉછાળો થવાથી **અધ્યાત્મસાર**માં વર્ણવેલ 'વિક્ષિપ્ત' ચિત્ત અહીં પ્રાપ્ત થાય છે. દુઃખને લાવનાર કામવાસના વગેરેના આવેગથી નિવૃત્ત અને સુખને લાવનાર ન્યાય-નીતિ -સદાચારપાલન આદિમાં સદૈવ પ્રવૃત્ત એવું ચિત્ત 'વિક્ષિપ્ત' ચિત્ત તરીકે **અધ્યાત્મસાર**માં બતાવેલ છે.

## 'યાતાયાત' ચિત્તનો પણ લાભ

(૧૬) પરંતુ જાપ વગેરે યોગસાધનામાં તે જીવનું ચિત્ત કાંઈક ચંચળ હોય છે. તથા જાપાદિમાં આનંદની અનુભૂતિ પણ જીવને થતી હોય છે. આથી **યોગશાસ્ત્ર**માં **શ્રીહેમચંદ્રસૂરિજી**એ વર્ણવેલ 'વિક્ષિપ્ત' ચિત્ત અને 'યાતાયાત' ચિત્ત તેમના જીવનમાં અવ્યાહત રીતે, અટકાયત વિના, પગપેસારો કરે છે - તેમ જાણવું. **યોગશાસ્ત્ર** મુજબ, સાધનામાં ચિત્તની ચંચળતા એ 'વિક્ષિપ્ત' ચિત્તની ઓળખ છે. તથા સાધનામાં ચંચળતા હોવા છતાં આનંદની લાગણી અનુભવાય છે એ 'યાતાયાત' ચિત્તની નિશાની છે.

(૧૭) **યોગદૃષ્ટિસમુચ્ચય**માં કહેલા ઈચ્છા વગેરે કક્ષાના અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ-સ્વરૂપ પાંચ યમો તથા શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-ઈશ્વરપ્રણિધાનસ્વરૂપ પાંચ નિયમો અહીં સંભવે છે.

(૧૮) તથા ભવની પરંપરાને અત્યંત લંબાવવાના સ્વભાવસ્વરૂપ ભવાશ્રવનો ઉચ્છેદ થાય છે.

તમોગુણપ્રધાન કૃષ્ણધર્મ રવાના થાય છે. આત્મસ્વરૂપને સાધવામાં જેને આનંદ આવે તેની ભવપરંપરા વધે તો નહિ જ ને ! 'હું જ અનંત શાંતિનો મહાસાગર છું. શાંતિનો માર્ગ-મોક્ષમાર્ગ મારામાં અંદર જ છે. તેથી હવે હું દઢતાથી મારી સન્મુખ થાઉં' - આવું પ્રણિધાન બળવાન થવાથી તથા આંતરિક સમજણ પોતાના મૂળભૂત સ્વભાવને-સ્વરૂપને અનુકૂળ બનવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. તેથી સાધક આત્મા હવે માર્ગાભિમુખ = મોક્ષમાર્ગસન્મુખ બને છે. મિત્રા અને તારા નામની યોગદૃષ્ટિની આ પ્રકૃષ્ટ અવસ્થા છે.

### ❁ માર્ગાભિમુખદશાસૂચક શાસ્ત્રસંદર્ભ ❁

આ માર્ગાભિમુખ દશા નીચેના શાસ્ત્રસંદર્ભોની ઊંડી વિચારણા દ્વારા વધુ સ્પષ્ટ થઈ જશે.

(૧) **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'અવેદ્યસંવેદ્યપદ જીતાય ત્યારે અવશ્યમેવ જીવોનો કુતર્કસ્વરૂપ વિષમ વળગાડ પોતાની જાતે જ પરમાર્થથી અત્યંત રવાના થાય છે.'

(૨) **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ દર્શાવેલ છે કે 'ભવાભિનંદી જીવોના જે દોષો છે, તેના પ્રતિપક્ષી ગુણોથી યુક્ત એવા જે સાધકના ગુણો પ્રાયઃ વર્ધમાન = વધતા હોય છે, તે સાધક અપુનર્બંધક તરીકે માન્ય છે.'

(૩) **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'મિત્રા વગેરે દૃષ્ટિઓ પણ જીવને મોક્ષમાર્ગાભિમુખ કરવા વડે મોક્ષ સાથે સંયોગ કરાવતી હોવાથી જે જીવ **(A)** પ્રકૃતિથી ભદ્રક હોય, **(B)** શાંત હોય, **(C)** વિનીત હોય, **(D)** મૃદુ હોય, **(E)** ઉત્તમ હોય, તે કદાચ મિથ્યાદૃષ્ટિ હોય તો પણ આગમમાં જણાવેલ છે કે **શિવરાજર્ષિ**ની જેમ તે પરમાનંદને = મોક્ષને પામનાર છે.'

(૪) **યોગબિંદુવ્યાખ્યા**માં કહેલ છે કે 'મોક્ષમાર્ગપ્રવેશની યોગ્યતાને પામેલો જીવ માર્ગાભિમુખ બને.' (આ શાસ્ત્રપાઠોના આધારે, પૂર્વોક્ત અઢાર મુદ્દાને સ્પષ્ટ કરવા સ્વયમેવ ઊંડી વિચારણા કરવી.)

### ✱ બલાદૃષ્ટિમાં માર્ગાનુસારિતાનો પ્રકર્ષ ✱

માર્ગાભિમુખદશાથી વણાયેલી એવી મિત્રા અને તારા નામની યોગદૃષ્ટિને પરિણમાવ્યા પછી કાળક્રમે જ્યારે ત્રીજી બલાદૃષ્ટિનો સાધકને લાભ થાય ત્યારે (૧) સાધક પોતાના ચૈતન્યસ્વભાવને અનુકૂળ એવા બોધ અને સંકલ્પ વડે એવી સુંદર ક્રિયાનો અભ્યાસ કરે છે કે જે પોતાના મૂળભૂત સ્વભાવને અનુકૂળ હોય. તેનાથી મોક્ષમાર્ગને અનુસરવામાં અવરોધ કરનારા કર્મોમાં ધરખમ ઘટાડો થાય છે.આ કારણે આત્મામાં **(A)** ન્યાયસંપન્ન વૈભવ, **(B)** ઉચિત વિવાહ વગેરે માર્ગાનુસારિતાના ૩૫ ગુણોનો સમૂહ પ્રગટ થાય છે અને વિશુદ્ધ થાય છે. **યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ** વગેરે ગ્રંથોમાં માર્ગાનુસારિતાના ૩૫ ગુણો વિસ્તારથી વર્ણવેલા છે. આત્મતત્ત્વને જણાવનારા શાસ્ત્રો વિશેની બૌદ્ધિક સમજણને અનુરૂપ બાહ્ય-અભ્યંતર પ્રયત્ન કરવાથી પોતાની ભૂમિકા મુજબ પ્રગટતી તરતમભાવવાળી પોતાના ચૈતન્યસ્વભાવને અનુકૂળ એવી નિજ આત્મદશા એ જ અહીં માર્ગાનુસારિતા જાણવી.

### ❁ આત્માર્થીભાવે શુદ્ધ શાસ્ત્રને આદરીએ ❁

(૨) બલા દૃષ્ટિમાં તાત્ત્વિક તત્ત્વશ્રવણેચ્છા પ્રગટ થાય છે. તેથી સાચા ઊંચા આધ્યાત્મિક શાસ્ત્રોને સાંભળવા તે ઝંખે છે. તેથી જ તે શાસ્ત્રની પણ પરીક્ષા કરે છે. **ધર્મબિંદુ, શ્રીપ્રભસૂરિકૃત ધર્મવિધિ, પંચવસ્તુક** વગેરેમાં શાસ્ત્રસ્વરૂપ સુવર્ણની શુદ્ધિ (તપાસ) કરનારી કષ, છેદ, તાપ અને તાડન પરીક્ષા દર્શાવેલી છે. આ ચાર પરીક્ષાથી પોતાના ક્ષયોપશમ મુજબ શાસ્ત્રની તપાસ કરીને તેમાંથી ઉત્તીર્ણ થયેલા

શુદ્ધ શાસ્ત્રસુવર્ણને તે સ્વીકારે છે. તે સાધક ગતાનુગતિક રીતે કે દેખાદેખીથી કે ઓઘદૃષ્ટિથી શાસ્ત્રને સ્વીકારતો નથી, પરંતુ યથાયોગ્ય પરીક્ષા કરીને સ્વીકારે છે. તથા તે સાધક જગતમાં વિદ્વાન-જાણકાર તરીકે પોતાની જાતને દેખાડવાના માધ્યમ તરીકે શાસ્ત્રને સ્વીકારતો નથી. પરંતુ પોતાની વર્તમાન ભૂમિકાને યોગ્ય એવા મોક્ષમાર્ગની ઓળખાણ કરવાના સાધન તરીકે તે પરીક્ષિત શાસ્ત્રને સ્વીકારે છે.

### ❁ મોક્ષશાસ્ત્રવચનોની આછેરી ઝલક ❁

(૩) તથા આ અવસ્થામાં કુતૂહલથી, ચપળતાથી, ઉત્સુકતાથી કે ઉતાવળથી શાસ્ત્રાભ્યાસ કરવાના બદલે વિરક્ત ચિત્તે, શાંતચિત્તે તે મોક્ષઉદ્દેશ્યવાળા શાસ્ત્રને ભણે છે. જેમ કે **(A)** 'શરીર, ઘર, ધન, સ્વજન, મિત્ર અને પુત્રો - આ પરદ્રવ્ય છે. તેનાથી હું જુદો છું' - આ મુજબ **ઉપદેશરહસ્ય**ની ગાથા.

**(B)** 'જે જ્ઞાનપરિણામથી જાણે છે, તે જ્ઞાનપરિણામ આત્મા જ છે. તે જ્ઞાનપરિણામને આશ્રયીને આત્માનો વ્યવહાર કરવો' - આવી **આચારાંગસૂત્ર**ની ઉક્તિ.

**(C)** 'ત્રણેય કાળમાં પરદ્રવ્યનો સંયોગ થવા છતાં પણ આત્મા પરદ્રવ્યના સ્વભાવને ગ્રહણ કરતો નથી' - આવી **ધર્મપરીક્ષા વ્યાખ્યા**ની પંક્તિ.

**(D)** 'આત્મા વગેરે તમામ ચીજ પોતાના સ્વભાવમાં જ વસે છે. પોતાના સ્વભાવનો ત્યાગ કરીને અન્યત્ર તે વસે તો તે સ્વભાવશૂન્ય બની જવાની સમસ્યા સર્જાય' - આ **અનુયોગસૂત્રમલધારવૃત્તિ**નું વચન.

**(E)** 'ચરણગુણસ્થિતિ = ચારિત્રના ગુણોનું (અથવા ચારિત્રનું અને જ્ઞાનનું) અવસ્થાન તો પરમમાધ્યસ્થ્યસ્વરૂપ છે. તે રાગ-દ્વેષના વિલય વિના ન આવે. તેથી ચારિત્રગુણસ્થિતિના ઈચ્છુક જીવે રાગ-દ્વેષના વિલય માટે અવશ્ય પ્રયત્ન કરવો'- આ પ્રમાણે **નયરહસ્ય** ગ્રંથનું કથન.

**(F)** 'પ્રશસ્ત રાગ-દ્વેષને પણ અંતે તો કાઢવાના જ છે. તેથી તે બન્ને (વિશેષ દશામાં પ્રયોજનભૂત હોવા છતાં) પરમાર્થથી ઉપાદેય નથી' - આ **અધ્યાત્મમતપરીક્ષા વ્યાખ્યા**નું વચન.

**(G)** 'પ્રાજ્ઞ પુરુષે ધારાવાહીસ્વરૂપે-અખંડપણે તે ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો, જેનાથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મને અને રાગ-દ્વેષાદિ ભાવકર્મને ફેંકીને પોતે શુદ્ધસ્વરૂપે રહે' - આ **અધ્યાત્મબિંદુ**ની કારિકા. આ અને આવા પ્રકારના બીજા પણ જે જે શાસ્ત્રવચનો સ્પષ્ટપણે મોક્ષપ્રયોજનવાળા જણાય તથા કષ -છેદ વગેરે પરીક્ષાથી શુદ્ધ થયેલા હોય તેનો તે વિરક્તપણે, શાંત ચિત્તથી અભ્યાસ કરે છે.

(૪) શાસ્ત્રનું આત્મામાં પરિણમન થાય તે રીતે પરિશીલન કરે છે. તેથી પૂર્વે જે રસપૂર્વક ઉપાદેયબુદ્ધિથી પરદ્રવ્ય-પરગુણ-પરપર્યાયના સંપર્કમાં આવવાની જીવની યોગ્યતા હતી, તે હવે પ્રચુર પ્રમાણમાં ઘટે છે. તેથી ભોગતૃષ્ણા, ધનતૃષ્ણા, સન્માનતૃષ્ણા વગેરે ખોટી તૃષ્ણાઓ દૂર થાય છે.

(૫) પોતાના આત્મદ્રવ્યને, ગુણોને અને પર્યાયોને મલિન કરનારી જીવશક્તિ ક્રમશઃ ક્ષીણ થાય છે.

(૬) પોતાના પરિશુદ્ધ પાવન પરમાત્મતત્ત્વ પ્રત્યે પરમ પ્રીતિ પ્રચુર પ્રમાણમાં પાંગરે છે.

### ❋ આત્મભાન સતત સર્વત્ર ટકાવીએ ❋

(૭) પોતાની ભૂમિકાને યોગ્ય એવા સદનુષ્ઠાન વગેરે પ્રવર્તતા હોય તે સમયે પણ સાધક ભગવાન પોતાના ઉપયોગ, રુચિ, પરિણતિ, શ્રદ્ધા, અનુસંધાન, લગની, લાગણી વગેરેના પ્રવાહને નિરંતર પોતાના આત્માની સન્મુખ જ સારી રીતે પ્રવર્તાવે છે. 'તપ દ્વારા આહારસંજ્ઞા કેટલી ઘટી ? દાન દ્વારા ઉદારતા કેટલી આવી ? બ્રહ્મચર્ય પાલનથી આત્મરમણતા કેટલી આવે છે ? ગુરુસેવા દરમ્યાન ગુરુસમર્પણભાવ

પ્રગટે છે કે નહિ ? સ્વાધ્યાય કરવામાં સ્વનું પરિશીલન - પરિપ્રેક્ષણ કેટલું થાય છે ?' - ઈત્યાદિ ભાવો વડે સાધક પોતાના ઉપયોગને, પોતાની પરિણતિને પોતાના તરફ જ ખેંચે છે. અનામી અને અરૂપી એવો પોતાનો આત્મા નામ-રૂપની પાછળ પાગલ ન બને તેનો પ્રામાણિકપણે ખ્યાલ રાખવા સાધક જાગૃત હોય છે. તેથી જ પોતાની પ્રત્યેક સાધના જનમનરંજનનું સાધન ન બની જાય તેની સતત તકેદારી તેના અંતરમાં છવાયેલી હોય છે. આ જ તો આત્માનું પોતીકું બળ છે. તેથી તેને અંદરમાં પ્રતીત થાય છે કે :-

**'આતમસાખે ધર્મ જ્યાં, ત્યાં જનરંજનનું શું કામ ?**
**જનમનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ.'**

(૮) અપરોક્ષ અતીન્દ્રિય સ્વાનુભૂતિના પ્રણિધાનને = સંકલ્પને સાધક વારંવાર દૃઢ કરે છે.

### ❋ વિષયવૈરાગ્યની દૃઢતા ❋

(૯) હવે સાધક ભગવાનને પોતાની અંદર એવી પ્રતીતિ થાય છે કે '**(A)** ભોગો રોગ સ્વરૂપ છે. **(B)** પાંચ ઈન્દ્રિયના વિષયો મૃગજળ જેવા તુચ્છ છે. માટે તેની પાછળ શા માટે વ્યર્થ દોડધામ કરવી? **(C)** આ વિષયો કિંપાકફળ જેવા પ્રારંભમાં મજા કરાવીને પાછળથી દુર્ગતિની ભયંકર સજા કરાવનારા છે. **(D)** વિષયો કાંટા જેવા છે, આત્મામાં પીડા કરનારા છે. **(E)** વિષયો દાવાનળ વગેરે જેવા છે. સ્વાનુભૂતિપ્રણિધાન, આત્મશુદ્ધિ વગેરેને તે બાળનારા છે. **(F)** આભૂષણો ભાર-બોજરૂપ છે. **(G)** નૃત્ય તો કાયિક વિડંબના સ્વરૂપ છે. **(H)** ગીત-સંગીત વગેરે તો રડવા સમાન છે.' આવી પ્રતીતિ કરીને **અધ્યાત્મસાર**માં વર્ણવેલા વિષયવૈરાગ્યને તે અત્યંત દૃઢ બનાવે છે.

### ❋ સાધનામાં ચિત્તસ્થિરતાને સાધીએ ❋

(૧૦) સાધક હવે વિશુદ્ધ પરમાત્મસ્વરૂપની ધારણા પોતાના અંતઃકરણમાં કરે છે. તે ધારણા પરિપક્વ થતાં વિશુદ્ધ પરમાત્મસ્વરૂપનું જ ધ્યાન સધાય છે તે ધ્યાનમાં પણ ચિત્ત એકાગ્રતાને પ્રાપ્ત કરે છે. કારણ કે પોતાનું મુક્ત સ્વરૂપ સાધવા માટેની ભાવના ત્યારે સાધકમાં સમ્યક્ પ્રકારે વેગવંતી બની હોય છે તથા ત્રિવિધ સંસાર પ્રત્યે પણ સાધક વિરક્ત બનેલો હોય છે. તેમજ ચિત્ત શાંત-પ્રશાંત થયું હોય છે. આ જ તો સંવેગ, વૈરાગ્ય અને ઉપશમભાવ વગેરેનું બળ છે. તેનાથી ધ્યાનાદિમાં આનંદપૂર્વક ચિત્તસ્થિરતા સધાય છે.

### ❋ શ્લિષ્ટ ચિત્તનો લાભ ❋

(૧૧) તેથી **યોગશાસ્ત્ર**માં જણાવેલ 'શ્લિષ્ટ' ચિત્તને પ્રગટ થવાનો અહીં અવસર મળે છે. **યોગશાસ્ત્ર**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે "યોગસાધનામાં સ્થિરતાવાળું અને આનંદવાળું ચિત્ત એ 'શ્લિષ્ટ' કહેવાય." **યોગદૃષ્ટિસમુચ્ચય**માં જણાવેલ ત્રીજો ક્ષેપ દોષ અહીં રવાના થાય છે.

### ❋ માર્ગાનુસારી બુદ્ધિનો પ્રભાવ ❋

(૧૨) સાધકની અંદર મુક્તિઅદ્વેષ, મુક્તિરાગ ઝળહળતા હોય છે. પોતાના આત્માના મૌલિક સ્વરૂપને જાણવાનો, માણવાનો તીવ્ર તલસાટ અંદરમાં સતત ઉછળે છે. આત્માનો દ્રવ્ય-ભાવ કર્મથી છૂટકારો કઈ રીતે ઝડપથી થાય ? તેનો ઉપાય જણાવનારા શાસ્ત્રોને સાંભળવાની ઉત્કટ તમન્ના તેમનામાં પ્રગટેલી હોય છે. સાંભળેલા અધ્યાત્મશાસ્ત્રની શ્રદ્ધા પણ દૃઢ હોય છે. તેથી તેમની બુદ્ધિ મોક્ષમાર્ગને અનુસરનારી બની હોય છે. **દ્વાત્રિંશિકા પ્રકરણ** મુજબ આ વાત સમજવી.

(૧૩) આવી માર્ગાનુસારી બુદ્ધિના લીધે તીવ્ર પાપનો ક્ષય થવાથી મોક્ષસાધક સદનુષ્ઠાનનો તીવ્ર રાગ તેમનામાં ઝળહળતો હોય છે. આ વાત **દ્વાત્રિંશિકા પ્રકરણ** મુજબ જાણવી.

## પ્રીતિ અનુષ્ઠાનનો પ્રકર્ષ

(૧૪) તેથી આ ભૂમિકામાં પ્રીતિ અનુષ્ઠાન પ્રકૃષ્ટ થાય છે તથા વિશુદ્ધ બને છે. કારણ કે '(I) અનુષ્ઠાનમાં આદર, (II) અનુષ્ઠાન કરવામાં પ્રીતિ, (III) અનુષ્ઠાન કરવામાં વિઘ્નનો અભાવ, (IV) સંપત્તિનું આગમન, (V) અનુષ્ઠાનાદિના સ્વરૂપની જિજ્ઞાસા, (VI) અનુષ્ઠાનના જાણકારની સેવા અને '**च**' શબ્દથી (VII) અનુષ્ઠાનના જાણકાર આપ્ત પુરુષનો અનુગ્રહ - આ સદનુષ્ઠાનના લક્ષણો છે' - આ મુજબ **બ્રહ્મસિદ્ધાંતસમુચ્ચય** તથા **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં જણાવેલા સદનુષ્ઠાનના પ્રાયઃ તમામ લક્ષણો અહીં હાજર હોય છે. તથા ક્રિયાશુદ્ધિમાં કારણ બનનારા પ્રણિધાનાદિ આશયો અહીં પ્રગટ થઈ ચૂકેલા હોય છે. **દ્વાત્રિંશિકાપ્રકરણવ્યાખ્યા**માં (૧૦/૯) પ્રણિધાનાદિને ક્રિયાશુદ્ધિના કારણ તરીકે જણાવેલ છે.

## વિષયપ્રતિભાસ જ્ઞાનના વળતા પાણી

(૧૫) **ઉપદેશપદ, અષ્ટક પ્રકરણ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં દર્શાવેલ વિષયપ્રતિભાસ જ્ઞાનની તાકાત સાવ ખલાસ થતી જાય છે. હેયમાં હેયપણાની ઓળખાણ કે ઉપાદેયમાં ઉપાદેયપણાની ઓળખાણ વિષયપ્રતિભાસ જ્ઞાનમાં હોતી નથી. આવા મુગ્ધ જ્ઞાનની શક્તિ અહીં ક્ષીણ થતી જાય છે. તેમજ **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં વર્ણવેલી બહિર્મુખી બુદ્ધિનું સામર્થ્ય પણ અત્યંત ઘટતું જાય છે.

## આત્મજ્ઞાનનો આવિર્ભાવ

(૧૬) 'મુક્તિ વગેરે અતીન્દ્રિય પદાર્થનું સ્વરૂપ કેવું હશે ? તેનું મુખ્ય અમોઘ કારણ શું હશે ? તેનું ફળ કેવું હશે ? કેવી રીતે આ બધું સંગત થાય અને અસંગત થાય ?' - આવા પ્રકારના ઊહાપોહ દ્વારા પૂર્વે શાસ્ત્રાદિના માધ્યમે જાણેલા આત્માદિ પદાર્થના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરનારું પ્રતીતિસ્વરૂપ જ્ઞાન અહીં સારી રીતે વધતું જાય છે. આનું નિરૂપણ **યોગદૃષ્ટિસમુચ્ચય** (શ્લોક-૧૨૧) વગેરેમાં મળે છે.

## યોગપૂર્વસેવા વિશુદ્ધતર

(૧૭) આવું નિર્મળજ્ઞાન મળવાના લીધે જ અહીં યોગની પૂર્વસેવા વિશુદ્ધતરસ્વરૂપે પ્રવર્તે છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા** વગેરેમાં વિસ્તારથી પૂર્વસેવા બતાવી છે. સંક્ષેપમાં તે આ મુજબ સમજવી. (I) ગુરુપૂજા, (II) પ્રભુપૂજા, (III) દાન-દાક્ષિણ્ય-દયા-દીનોદ્ધાર વગેરે સદાચાર (IV) વિવિધ તપશ્ચર્યા, (V) મુક્તિનો અદ્વેષ. મિત્રા-તારા યોગદૃષ્ટિની અપેક્ષાએ અહીં અધિક શુદ્ધિવાળી પૂર્વસેવા પ્રવર્તે છે.

## અધીરાઈને વિદાય આપીએ

(૧૮) બલાદૃષ્ટિમાં રહેલા સાધક સંતોષી હોવાથી આમથી તેમ ખોટી દોડધામ કરતા નથી. શાંતિથી, સ્થિરતાથી અને સુખેથી અધ્યાત્મસાધનામાં રચ્યા-પચ્યા રહે છે. તેથી તેમને સુખાસનની સિદ્ધિ થાય છે. સુખપૂર્વક એકી બેઠકે સાધનામાં લીન થાય છે. તેથી તેઓ હાલવા-ચાલવા વગેરેનું કામ કરે તે પણ ઉતાવળ વિના કરે છે. 'હું આત્મા છું, શરીર નથી. શરીર આમથી તેમ ચાલે છે, હું નહિ. હું તો શરીરને ચલાવનાર છું, ચાલનાર નહિ' - આવા પ્રણિધાનપૂર્વક ગમનાદિ ક્રિયામાં તે જોડાય છે. તેમજ ગુરુવંદન, પ્રભુવંદન-પૂજનાદિ ધર્મસાધના પણ ઉતાવળ વિના કરે છે તથા આત્મશુદ્ધિના લક્ષથી કરે છે.

## ❀ અવ્યક્ત સામાયિક-સમાધિની પ્રાપ્તિ ❀

(૧૯) **સંપ્રતિરાજા**ના જીવને પૂર્વભવમાં જે દીક્ષા મળી હતી, તે 'અવ્યક્ત સામાયિક' તરીકે **નિશીથસૂત્ર ભાષ્ય ચૂર્ણિ** વગેરેમાં જણાવેલ છે. અનંતાનુબંધી કષાય વગેરે દોષોનું સેવન કરવાની ક્ષમતા અત્યંત તૂટતી જાય, પ્રાયઃ કાયમી ધોરણે રવાના થતી જાય તેવી આત્મદશા એ જ અવ્યક્ત સામાયિક. પ્રારંભિક માર્ગાનુસારી અવસ્થામાં જીવને પ્રસ્તુત 'અવ્યક્ત સામાયિક' મળે છે. **ઉપદેશપદવ્યાખ્યા**માં શ્રી**મુનિચંદ્રસૂરિ**જીએ તથા **પુષ્પમાળા**માં શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ પણ અવ્યક્ત સામાયિકનો નિર્દેશ કર્યો છે. તથા કદાગ્રહશૂન્ય પ્રકૃષ્ટ માર્ગાનુસારી દશામાં **ચિલાતિપુત્ર**ની જેમ 'અવ્યક્ત સમાધિ' પણ મળે છે. સ્વરસથી સહજતઃ સતત સમ્યક્પણે પોતાની સામ્યપરિણતિનો પ્રવાહ સ્વાભિમુખ બને અને ચૈતન્યસ્વરૂપનું પરોક્ષરૂપે ગ્રહણ કરે એ અવ્યક્તસમાધિ. આનો નિર્દેશ **અધ્યાત્મ ઉપનિષદ્**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે કરેલ છે.

(૨૦) મોક્ષે પહોંચવામાં સહકાર આપનારા કારણોના સાન્નિધ્યથી જે સહકારિયોગ્યતા જીવમાં પ્રગટેલી હતી, તે અત્યંત સક્રિય સમુચિતયોગ્યતાસ્વરૂપે પ્રચુર પ્રમાણમાં આ અવસ્થામાં પરિણમે છે. કારણ કે જીવને રાગાદિમુક્તસ્વરૂપ સુધી પહોંચાડનાર યોગની દૃષ્ટિનું-રુચિનું-પ્રીતિનું-શ્રદ્ધાનું આંતરિક બળ-સામર્થ્ય-વીર્યોલ્લાસ-ઉત્સાહ-ઉમંગ અહીં વિશેષ પ્રમાણમાં પ્રગટ થયેલ હોય છે.

(૨૧) મિત્રા-તારા યોગદૃષ્ટિવાળી માર્ગાભિમુખ દશામાં વીતરાગનમસ્કાર આદિ જે સંશુદ્ધ યોગબીજોને વાવેલા હતા, તે આ રીતે અંકુરિત થાય છે. અહીં બલાદૃષ્ટિમાં માર્ગાનુસારિતાનો આટલો પ્રકર્ષ સમજવો.

## ❀ દીપ્રાદૃષ્ટિમાં માર્ગપતિત દશાની ઝલક ❀

આ રીતે માર્ગાનુસારી દશાનો પરમ પ્રકર્ષ પ્રાપ્ત થયા પછી જીવ 'દીપ્રા' નામની ચોથી દૃષ્ટિને પ્રાપ્ત કરે છે. તે અવસ્થામાં સાધક પૂર્વોક્ત ત્રિવિધ સંસારના માર્ગથી આંતરિક દૃષ્ટિએ પતિત થાય છે. તથા સ્વરૂપપ્રાપ્તિની ઉત્સુકતા, વ્યગ્રતા, કુતૂહલ, અધીરાઈ, અનુપયોગ વગેરે છોડીને નિજ નિર્મલ સ્વરૂપના પ્રગટીકરણ માટે પોતાના સહજ સ્વભાવને અનુકૂળ બનેલ **(क)** પરિપક્વ પ્રજ્ઞા, **(ख)** પરિપુષ્ટ પ્રણિધાન અને **(ग)** પાવન પરિણતિ - આ ત્રણના બળથી મોક્ષમાર્ગમાં આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રવેશ કરે છે. યોગગ્રંથની પરિભાષા મુજબ આ અવસ્થા 'માર્ગપતિત' નામથી પ્રસિદ્ધ છે.

(૧) અહીં પરદ્રવ્યાદિનું આકર્ષણ તો ખલાસ થાય જ છે. પરંતુ **(A)** ઔપાધિક સ્વદ્રવ્ય (= કષાયાત્મા વગેરે), **(B)** વૈભાવિક નિજગુણો (= મતિ અજ્ઞાન આદિ) તથા **(C)** પોતાના મલિન પર્યાયો (= મનુષ્યદશા, શ્રીમંતદશા, લોકપ્રિયતા વગેરે) પ્રત્યેનું આકર્ષણ પણ ઓગળતું જાય છે.

(૨) પોતાનો ચિત્તવૃત્તિપ્રવાહ નિરુપાધિક સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય તરફ સ્વતઃ સહજતાથી વળે છે.

## ❀ આંતરિક મોક્ષમાર્ગનો પ્રાદુર્ભાવ ❀

(૩) આ ક્રમથી આગળ વધતાં પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે પરમ પ્યાસ પ્રબળપણે પ્રગટે છે. પોતાના પરમ શાંત ચેતનદ્રવ્યને અત્યંત ઝડપથી પ્રગટ કરવાની તીવ્ર તડપનમાંથી આંતરિક મોક્ષમાર્ગ ખુલતો જાય છે. આત્માર્થી સાધક પોતાના નિર્મળ સ્વરૂપમાં ખીલતો જાય છે, વારંવાર ઠરતો જાય છે.

## ❀ પ્રકૃષ્ટ વિષયવૈરાગ્યની પ્રાપ્તિ ❀

(૪) **(1)** વર્તમાન દેહની સાથે જોડાયેલી પત્ની, પુત્ર વગેરે સાંસારિક વ્યક્તિઓ અંગે કર્તવ્યપાલન

કરવાનો પરિણામ, **(2)** પાંચેય ઈન્દ્રિયના વિષયોના ઉપાર્જન-સંગ્રહ-સંરક્ષણ-સંવર્ધન-લેવડ-દેવડ-ઉપભોગ -પરિભોગ વગેરે વ્યવહારો તથા **(3)** માનસિક સંકલ્પ-વિકલ્પો... આ ત્રણેય પ્રકારના સંસારમાં જીવને પૂર્વે (ભવાભિનંદી દશામાં) રસ-કસના દર્શન થતા હતા. પરંતુ હવે તેને આ ત્રણેય પ્રકારના સંસાર અંતરમાં **(A)** અસાર જણાય છે, **(B)** તુચ્છ લાગે છે, **(C)** અનર્થકારી સ્વરૂપે વેદાય છે, **(D)** વળગાડરૂપે પ્રતીત થાય છે, **(E)** વિડંબનાસ્વરૂપ દેખાય છે, **(F)** છઠ્ઠી આંગળી જેવા કષ્ટદાયક-નડતરરૂપ જ લાગે છે, **(G)** ઉપાધિનું પોટલું લાગે છે, **(H)** પાપના ઉદયમાં કે ભવાંતરમાં પોતાના અશરણરૂપે ભાસે છે, **(I)** નાશવંતરૂપે પ્રતિભાસે છે, **(J)** દગાબાજ-અવિશ્વસનીય-ઠગારા જણાય છે, (K) અશુચિ-અપવિત્ર સ્વરૂપે અનુભવાય છે, **(L)** એક જાતની લપ લાગે છે. પૂર્વે માર્ગાભિમુખ દશામાં શાસ્ત્રાભ્યાસ, સત્સંગ વગેરેના પ્રભાવે આ જીવ સંસારને અસાર માનતો હતો. પરંતુ હવે માર્ગપતિત અવસ્થામાં તો પોતાને જ અંતરમાં ત્રણેય પ્રકારના સંસાર અસાર લાગે છે. આટલી અહીં વિશેષતા છે. અનુકૂળ ધર્મપત્ની સાથેના જરૂરી વ્યવહારો પણ હવે જીવને પોતાને અંદરથી જ સ્વતઃ અસાર અને અનર્થકારી લાગે છે.

### ❥ ભવાભિનંદી દશાની વિદાય ❥

(૫) ઉપરોક્ત ત્રણેય પ્રકારના સંસારમાં ઓત-પ્રોત બનીને, તન્મય બનીને તેમાં જ કર્તૃત્વ -ભોક્તૃત્વભાવની રસમય પરિણતિસ્વરૂપ સંસારસારભૂતતા = ભવાભિનંદીદશા અત્યંત ક્ષય પામે છે. કુટુંબપાલન, ભોજનાદિપ્રવૃત્તિ કે માનસિક સંકલ્પ-વિકલ્પ વગેરેમાં ઓત-પ્રોત થયા વિના, તન્મય બન્યા વિના યથોચિતપણે જીવ તેમાં કર્મવશ જોડાય છે.

### ● ચિંતામય જ્ઞાનની પ્રાપ્તિ ●

(૬) 'આમ ને આમ આ જન્મ આત્મજ્ઞાન મેળવ્યા વિના તો પૂરો નહિ થઈ જાય ને ? મને ક્યારે આત્મદર્શન થશે ? મારો શુદ્ધ આત્મા ક્યારે પૂર્ણપણે પ્રગટ થશે ?' આમ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પૂર્ણતયા પ્રાપ્ત કરવાની પ્રબળ ચિંતા તેના અંતઃકરણમાં વણાયેલી હોય છે. તેના લીધે શ્રુતમય જ્ઞાન હવે ચિંતામય જ્ઞાનસ્વરૂપે ઝડપથી પરિણમતું જાય છે. **ષોડશક, દ્વાત્રિંશિકા પ્રકરણ, વૈરાગ્ય કલ્પલતા** વગેરે ગ્રંથોમાં શ્રુતમય-ચિંતામય જ્ઞાનનું વિસ્તારથી વિવેચન મળે છે.

આ અવસ્થામાં સાધક ભગવાન પોતે જ પોતાને કહે છે કે :-

**लाख बात की बात यह, तोकुं देइ बताय ।**
**जो परमातमपद चहे, तो राग-द्वेष तज भाय !।। (परमात्म छत्रीसी-२५)**

(૭) અહીં સાધકનું અંતઃકરણ ઈન્દ્રિયવિષયોથી વિરક્ત અને શાંત બનેલું હોય છે. વિરક્ત અને શાંત અંતઃકરણમાંથી પ્રસ્તુત ચિંતામય જ્ઞાનનો જન્મ થયેલ હોવાથી તે જ્ઞાન જન્મ-મરણની પરંપરાને ટૂંકાવવાનું જ કારણ બને છે. પુનર્જન્મની પરંપરાને ટૂંકાવવાનો હેતુ બનવાથી, મોક્ષનો હેતુ બનવાથી, આત્મસ્વરૂપપ્રાપ્તિની ચિંતાથી વણાયેલું તે જ્ઞાન તત્ત્વબોધસ્વરૂપે અહીં પરિણમતું જાય છે. તેથી ધર્મક્રિયાના મર્મોને, રહસ્યોને તે સારી રીતે વિશેષ પ્રકારે જાણે છે.

(૮) તથા ધર્માદિ તત્ત્વને જણાવનારા સદ્ગુરુની ભક્તિમાં તે બહુમાનગર્ભિત અંતઃકરણથી વિધિવત્ વિશેષ પ્રકારે ઉદ્યમ કરે છે. **ષોડશકમાં** દર્શાવેલ ચોથો ઉત્થાન દોષ રવાના થાય છે.

### ❋ ત્રિવિધ પ્રત્યય મુજબ સાનુબંધ સાધના ❋

(૯) સાનુબંધપણે યોગની સિદ્ધિ કરવા માટે તે સાધક સતત અંદરથી ઝંખના કરે છે. તેથી (I) તેને અંતરમાં જે સાધના કરવાની પ્રબળ ભાવના (= આત્મપ્રત્યય) થાય, (II) તે જ સાધના કરવાની ગુરુ ભગવંત પણ સહજપણે પ્રેરણા કરે છે (= ગુરુપ્રત્યય) તથા (III) તે સાધનામાં જોડાતી વખતે તેને બાહ્ય શુકન-નિમિત્તો પણ સારા મળે છે (= લિંગ પ્રત્યય). આ રીતે સાધનામાં જોડાતી વખતે આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય = નિમિત્તપ્રત્યય - આ પ્રત્યયત્રિપુટીની તે અપેક્ષા રાખે છે. **શ્રીહરિભદ્રસૂરિજીએ યોગબિંદુ**માં આ ત્રણેય પ્રત્યયની છણાવટ કરેલી છે. આ ત્રણેય પ્રત્યયની અપેક્ષા રાખીને તે સાનુબંધ યોગસિદ્ધિ માટે પ્રયત્ન કરે છે. જે સાધનામાં આ ત્રણ પ્રત્યય વણાયેલા હોય, તે સાધનાની પ્રાયઃ સાનુબંધ સિદ્ધિ થતી હોય છે. પ્રાપ્ત સિદ્ધિ એ અગ્રેતન નવી સિદ્ધિનું બીજ હોવાથી સિદ્ધિઅનુબંધી સિદ્ધિનો પરમાર્થથી અહીંથી (= દીપ્રાદૃષ્ટિકાલીન માર્ગપતિત દશાથી) જ પ્રારંભ થાય છે. **યોગબિંદુ** અને **દ્વાત્રિંશિકા** ગ્રંથમાં સિદ્ધિઅનુબંધી સિદ્ધિનું વર્ણન વિસ્તારથી ઉપલબ્ધ છે.

### ❖ યોગધર્મના સાચા અધિકારી બનીએ ❖

(૧૦) "(I) સર્વ કાર્યોમાં ઉચિત આરંભ કરનારા, (II) ગંભીર આશયવાળા, (III) અત્યંત નિપુણબુદ્ધિવાળા, (IV) શુભપરિણામવાળા, (V) નિષ્ફળ ન જાય તેવી પ્રવૃત્તિને કરનારા અને (VI) અવસરને જાણનારા જીવો યોગધર્મના અધિકારી છે" - આ પ્રમાણે **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજીએ** યોગધર્મના અધિકારીના જે લક્ષણો બતાવેલા છે, તે અહીં બરાબર સંગત થાય છે. તેથી આ સાધકમાં યોગધર્મનો સંપૂર્ણ અધિકાર જાણવો.

(૧૧) "યોગધર્મના અધિકારી (I) ધૈર્યથી પ્રવૃત્તિ કરે. (II) સર્વત્ર વસ્તુમાં ભાવી નુકસાનનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરે. તથા (III) કાર્યના પરિણામનો લાંબો-ઊંડો વિચાર કરીને પ્રવૃત્તિ કરે" - આ પ્રમાણે **યોગબિંદુ**માં આ જીવની પ્રવૃત્તિનું જે સ્વરૂપ જણાવેલ છે, તેની પણ પ્રસ્તુતમાં યોજના કરવી.

### ✡ સમ્યગ્દર્શન મેળવવા તેર ગુણોને પરિણમાવીએ ✡

(૧૨) આ રીતે દીપ્રા નામની ચોથી યોગદૃષ્ટિનો પ્રકર્ષ થતાં સાધક ભગવાન સમ્યગ્દર્શનપ્રાપ્તિ માટે **દર્શનશુદ્ધિ પ્રકરણ**માં બતાવેલ તેર ગુણરત્નોને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરે છે. ત્યાં આ અંગે જણાવેલ છે કે '(I) ભાષાકુશલ, (II) મતિકુશલ, (III) બુદ્ધિકુશલ, (IV) વિવેકકુશલ, (V) વિનયકુશલ, (VI) જિતેન્દ્રિય, (VII) ગંભીર, (VIII) ઉપશમગુણયુક્ત, (IX) નિશ્ચય-વ્યવહારનયમાં નિપુણ, (X) દેવ -ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં રત, (XI) હિત-મિત-પ્રિય વચનને બોલનારો, (XII) ધીર, (XIII) શંકાદિ દોષથી શૂન્ય જીવ સમ્યક્ત્વ રત્નને યોગ્ય છે.' સમ્યક્ પ્રકારે આ ગુણરત્નોને આત્મસાત્ કરીને અગ્રેતન ભૂમિકાને માટે યોગ્ય અને આવશ્યક એવા વિશુદ્ધ ગુણોના સમૂહની તે ઓળખાણ મેળવે છે, તેનો પક્ષપાત કેળવે છે તથા તેને જ મેળવવાનું પ્રણિધાન કરે છે. તેના બળથી તે પોતાના અંતઃકરણને નિષ્કલંક કરે છે.

### ✱ સમકિતના સોળ નિમિત્તોને પરિણમાવીએ ✱

(૧૩) તેમજ સમકિત માટે **આવશ્યકનિર્યુક્તિ**માં બતાવેલા સમ્યક્ નિમિત્તોમાંથી કોઈ પણ એક નિમિત્તને પોતાના અંતઃકરણમાં સાધક સમ્યક્ પ્રકારે જરૂર પરિણમાવે છે. ત્યાં **શ્રીભદ્રબાહુસ્વામીજીએ**

જણાવેલ છે કે '(I) અનુકંપા, (II) અકામનિર્જરા, (III) બાલતપ, (IV) દાન, (V) ભક્તિસ્વરૂપ વિનય, (VI) વિભંગજ્ઞાન, (VII) સંયોગ-વિયોગ, (VIII) દુઃખ, (IX) ઉત્સાહ, (X) ઋદ્ધિ, (XI) સત્કાર, (XII) અભ્યુત્થાન = ગુરુ આવે ત્યારે ઊભા થવું, (XIII) નમસ્કારાદિસ્વરૂપ તેમનો વિનય, (XIV) પરાક્રમ = કષાયમંદતા અથવા સાધુસમીપગમન, (XV) સાધુસેવા, (XVI) શ્રુતસામાયિક ('च'શબ્દવાચ્ય) - આનાથી સમ્યગ્દર્શનનો, દેશવિરતિનો અને સર્વવિરતિનો લાભ થાય છે.' આ સોળ નિમિત્તમાંથી એકાદ નિમિત્તને તો પ્રસ્તુત દીપ્રાદષ્ટિવાળા સાધક સારી રીતે અવશ્ય પરિણમાવે છે.

### આધ્યાત્મિક અરુણોદયની પરાકાષ્ઠા

(૧૪) ત્યાર બાદ '**समराइच्चकहा**' ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિજીએ દર્શાવેલ પદ્ધતિ મુજબ, વીર્યોલ્લાસના અતિરેકથી કુશલ પરિણામ માર્ગપતિત દશામાં પ્રવિષ્ટ સાધક ભગવાનના અંતરમાં ઉછળે છે. ક્લિષ્ટ કર્મોનો ઢગલો ચલાયમાન થાય છે, પલાયન થાય છે. અનાદિકાલીન મહામોહના સંસ્કારો રવાના થાય છે. અશુભ અનુબંધો તૂટે છે. ત્યારે સાધક ભગવાનના અંતઃકરણમાં આધ્યાત્મિક અરુણોદય પરાકાષ્ઠાને પામે છે. ઝળહળતું ચિન્મય આત્મસ્વરૂપ પ્રગટ થવાને થનગને છે. આત્મા સ્વસ્થતા-પ્રસન્નતાને અનુભવે છે.

(૧૫) માર્ગપતિત અવસ્થામાં 'દીપ્રા' નામની ચોથી યોગદષ્ટિ જ્યારે પરમ પ્રકર્ષને પામે છે, ત્યારે સાધક ભગવાનને મોક્ષમાર્ગ પોતાના અંતરમાં જ જણાય છે, બહાર નહિ. તે પણ દઢપણે જણાય છે, યથાર્થપણે જણાય છે, સહજપણે જણાય છે તથા સતત જણાય છે.

### સંસારનમસ્કારનો વિરામ

(૧૬) ખાવાની તીવ્ર લાલસા, કાતિલ ભોગતૃષ્ણા, ઉગ્ર કષાયના આવેશ વગેરેમાં હોંશે-હોંશે લાંબા સમય સુધી ખોવાઈ જતી, ડૂબી જતી, લીન થતી ચિત્તવૃત્તિની ધારા સ્વરૂપ સંસારનમસ્કાર હવે મોટા ભાગે અટકે છે. બાહ્ય-અભ્યંતર સંસારમાં નીરસતાનું વેદન થવાથી તેના તરફ ઝૂકવાનું વલણ કઈ રીતે સંભવે ? ત્રિવિધ સંસારનું ખેંચાણ, આકર્ષણ જવાથી સંસારનમસ્કાર, સંસારપૂજા વિરામ પામે છે.

### તાત્ત્વિક વીતરાગનમસ્કારની સ્પર્શના

(૧૭) પરમ નિષ્કષાય આત્મદ્રવ્ય પ્રત્યે ઊંડો આદરભાવ પ્રગટે છે. પરમ નિર્વિકારી પાવન નિજ સિદ્ધસ્વરૂપને પ્રગટાવવાની પ્રબળ ઝંખના જાગે છે. અંશે-અંશે પ્રગટ થઈ રહેલા શાંત-સુધારસમય નિજ ચેતનદ્રવ્ય પ્રત્યે અનન્ય બહુમાનભાવ ઉછળે છે. (આને પણ અન્ય એક પ્રકારે નિશ્ચયથી સદ્યોગાવંચક યોગની પ્રાપ્તિ સમજવી.) પરમ સમાધિથી પરિપૂર્ણ નિજાત્મતત્ત્વનું અદમ્ય આકર્ષણ એના અંતઃકરણમાં ઉદ્ભવે છે. અસંગ, અલિપ્ત, અનાવૃત પોતાના શુદ્ધ ચેતન દ્રવ્યને જ અનુભવવાનો તીવ્ર તલસાટ-તરવરાટ અંદરમાં પ્રગટે છે. નિજ આત્મતત્ત્વમાં જ પૂરેપૂરા રસ-કસના દર્શન થાય છે. 'સાચી શાંતિ-સમાધિ-પ્રસન્નતા અંદરમાં ઠરવાથી જ મળશે' - તેવી શ્રદ્ધા પ્રબળ થતી જાય છે. અંદરમાં ઠરવા માટે ચિત્તવૃત્તિપ્રવાહ સમ્યક્ પ્રકારે વેગવંતો બને છે. બહારમાં નીરસતા-વિરસતા વેદાય છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તરફ સાધક ઝૂકે છે. આ એક પ્રકારનો વીતરાગનમસ્કાર જ છે. આ રીતે વીતરાગ ભગવાનને નમસ્કાર કરવાનો ભાવ, ભગવાનની વીતરાગતાને નમસ્કાર કરવાનો ભાવ આત્માર્થીને સ્પર્શે છે. આમ તાત્ત્વિક પ્રશસ્ત 'નમો'ભાવની સ્પર્શના કરવા માટે જીવ બડભાગી બને છે.

### ❉ સાચી ઉપાસનાની ઓળખાણ ❉

(૧૮) પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની અનુભૂતિ કરવાની ઝંખના-તલસાટ-તરવરાટ-તમન્ના વગેરે સ્વરૂપ નમસ્કારભાવ વિશે પોતાના ચિત્તનો ઉત્સાહ પ્રબળ બને છે. તેનાથી સાધકનું ચિત્ત સ્વસ્થતાને -સ્વાસ્થ્યને મેળવે છે, અંતઃકરણ શાંતિને પામે છે તથા મન પ્રસન્ન બને છે. સાચી ઉપાસનાનું આ ચિહ્ન છે.

### ❁ આઠ તત્ત્વોનો પરમ પ્રકર્ષ ❁

(૧૯) આ રીતે આગળ વધતાં પ્રસ્તુત નમસ્કારભાવમાં તન્મયતા આવવાના લીધે **(A)** સત્ત્વગુણની શુદ્ધિ, **(B)** યોગસાધનાના માર્ગમાં જરૂરી એવું કુશલ પુણ્ય, **(C)** શુક્લ અન્તઃકરણ, **(D)** અંતરંગ પ્રયત્નમાં ધૃતિ, **(E)** અંતરંગ સાધકદશા, **(F)** આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાની પ્રબળ ઈચ્છા, **(G)** આત્મતત્ત્વનું સમ્યક્ પ્રકારે વેદન કરવાની અભિલાષા તથા **(H)** આત્મતત્ત્વને ગ્રહણ કરનારી પ્રજ્ઞા - આ આઠેય તત્ત્વો પરમ પ્રકર્ષને પામે છે.

### ❁ નૈશ્ચયિક અધ્યાત્મયોગની સ્પર્શના ❁

(૨૦) આધ્યાત્મિક શાસ્ત્રનું શ્રવણ, સદ્ગુરુની હિતશિક્ષા વગેરે દ્વારા 'આત્મા હકીકતમાં કર્તા -ભોક્તા નથી. આત્મા પરમાર્થથી વીતરાગ ચૈતન્યસ્વરૂપ છે' - આવું જાણીને આત્માર્થી સાધક વારંવાર પોતાના તેવા સ્વરૂપમાં ડૂબે છે. કર્મોદયજન્ય કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ પરિણામોને પોતાના પરિણામ માનીને પૂર્વવત્ તેઓનો તે પોતાનામાં સમારોપ-ઉપચાર કરતો નથી. કર્મના ઘરના, પારકા એવા કર્તૃત્વ -ભોક્તૃત્વાદિ પરિણામો કર્મવશ ઉત્પન્ન થતા હોય ત્યારે 'આ મારા પરિણામ નથી' - એવું જાણવા છતાં પૂર્વસંસ્કારવશ તેને તેમાં તન્મયતા આવી જતી હોય છે. તો પણ તેવી તન્મયતાને તે પોતાના ચિત્તમાંથી પ્રયત્નપૂર્વક બહાર કાઢે છે, અટકાવે છે તથા 'આ તન્મયતા પણ પોતાનાથી ભિન્ન છે' - એવું તે કોઠાસૂઝથી ઓળખી જાય છે. તથા તેવી તન્મયતાથી છૂટો થવા માટે તે પ્રયત્ન પણ કરે છે. આ રીતે નૈશ્ચયિક અધ્યાત્મયોગને તે પ્રકૃષ્ટ બનાવતો જાય છે. પ્રસ્તુતમાં **અધ્યાત્મબિંદુસ્વોપજ્ઞવૃત્તિમાં** એક વાત જણાવી છે, તેનું આત્માર્થીએ અનુસંધાન કરવું. ત્યાં શ્રી**હર્ષવર્ધન** ઉપાધ્યાયે જણાવેલ છે કે 'કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ પરિણામોને દૂર કરવાપૂર્વક શુદ્ધ આત્મસ્વરૂપ વિશે શ્રવણ, મનન, નિદિધ્યાસન સ્વરૂપ એવો પણ કોઈક અનોખો વિશેષ પ્રકારનો જે વિચાર પ્રગટે, તે લક્ષણાથી અધ્યાત્મ છે.'

### ❁ નૈશ્ચયિક ભક્તિઅનુષ્ઠાનનો પ્રારંભ ❁

(૨૧) નૈશ્ચયિક અધ્યાત્મયોગના બળથી નૈશ્ચયિક ભક્તિઅનુષ્ઠાન પ્રવર્તે છે. પોતાના જ કર્તૃત્વાદિભાવ-શૂન્ય વિશુદ્ધ પરમાત્મસ્વરૂપને ભજવું તે નૈશ્ચયિક ભક્તિઅનુષ્ઠાન છે. અહીં તે પરમાર્થથી શરૂ થાય છે.

### ❁ કુશલાનુબંધની વર્ધમાન પરંપરા ❁

(૨૨) પોતાના પ્રાણ કરતાં પણ ધર્મને આ સાધક ચઢિયાતો માને છે, મહાન માને છે. તેથી અવસરે ધર્મ ખાતર જીવનની કુરબાની આપતા આ સાધક ખચકાતો નથી. તથા પોતાના જ રાગાદિમુક્ત સ્વરૂપને પ્રગટ કરવાની અભિલાષા સ્વરૂપ તાત્ત્વિક મુક્તિરાગ એના અંતઃકરણમાં જ્વલંત બને છે. 'મારા ચૈતન્યસ્વરૂપને રાગાદિથી મુક્ત કરવું જ છે' - આવું તાત્ત્વિક મુક્તિપ્રણિધાન તેના અંતરમાં છવાયેલ હોય છે. તેના ફળસ્વરૂપે સૂક્ષ્મ પણ પરપીડાનો પરિહાર કરવાનું આ સાધક પ્રણિધાન કરે

છે. આવા ઉમદા તત્ત્વો બળવાન બનવાના લીધે કુશલાનુબંધની = મોક્ષસહાયક શુભ અનુબંધની પરંપરા એના આત્મામાં પ્રકૃષ્ટપણે વધતી જ જાય છે.

### ❋ અવંચકયોગનો પ્રકર્ષ ❋

(૨૩) હવે શરીર, ઈન્દ્રિય વગેરેથી ભિન્ન અને કર્તૃત્વાદિશૂન્ય એવા પોતાના ચેતનતત્ત્વમાં પોતાની ચિત્તવૃત્તિનો પ્રવાહ નિરંતર દૃઢ રુચિથી ઢળે છે, પરમ પ્રીતિથી ઝૂકે છે, પ્રબળ ભક્તિભાવથી સમર્પિત થાય છે. (= ક્રિયાઅવંચકયોગ પ્રાપ્તિ.) આ રીતે પોતાના જ શુદ્ધ ચેતનતત્ત્વમાં જ્યારે પોતાનો ચિત્તવૃત્તિપ્રવાહ લીન-સંલીન-વિલીન થાય છે ત્યારે વીતરાગનમસ્કાર શુદ્ધ બને છે, સ્થિર-દૃઢ થાય છે. તથા 'णमो अरिहंताणं' પદ ત્યારે પરમાર્થથી તન્મયપણે પરિણમે છે. પોતાના વીતરાગ ચૈતન્યસ્વરૂપ તરફ અહોભાવથી નિરંતર ઝૂકેલા રહેવા સ્વરૂપે 'णमो अरिहंताणं' પદમાં આત્માર્થી સાધક સ્થિર થાય છે, એકાકાર થાય છે. (= ફલાવંચકયોગ પ્રાપ્તિ.) આમ યોગાવંચક, ક્રિયાઅવંચક અને ફલાવંચક યોગ વિશુદ્ધ થતા જાય છે તથા પ્રકૃષ્ટ થતા જાય છે. પ્રસ્તુતમાં **યોગદૃષ્ટિ સમુચ્ચય**ની એક કારિકાનું અનુસંધાન કરવું. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ચરમ યથાપ્રવૃત્તકરણમાં સહજમળ (= અનાદિકાલીન આત્મસ્વભાવવિરોધીબળ સ્વરૂપ ગાઢ આશ્રવદશા) અત્યંત અલ્પ થવાના લીધે, ગ્રંથિભેદની નજીક રહેલા સાધકને અહીં જણાવેલ ત્રણ અવંચકયોગ વગેરે બધી બાબતો પ્રગટ થાય છે.'

### ❋ એકાગ્ર ચિત્તનો લાભ ❋

(૨૪) **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં જણાવેલ આત્મતત્ત્વનો અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા તથા શ્રવણ ગુણનું બળ અહીં માર્ગપતિત દશામાં પ્રગટેલ હોય છે. તથા **ષોડશક**માં દર્શાવેલ ખેદ, ઉદ્વેગ, ક્ષેપ અને ચિત્તઉત્થાન - આ દોષો દીપ્રા નામની ચોથી યોગદૃષ્ટિવાળી ભૂમિકામાં હોતા નથી. આમ આ ચાર ગુણોનું બળ પ્રાપ્ત થવાના લીધે તથા ચાર ચિત્તદોષોનો પરિહાર થવાના લીધે સાધકની ચિત્તવૃત્તિ પોતાના જ પરમાત્મતત્ત્વમાં સ્થિર બને છે. નિજપરમાત્મસ્વરૂપલીનતામાં જ આનંદની પ્રબળ ઊર્મિઓ અને અદમ્ય લાગણીઓ ઉછળે છે. તેથી **અધ્યાત્મસાર**માં દર્શાવેલ 'એકાગ્ર' ચિત્તને આત્માર્થી સાધક અહીં મેળવે છે. ત્યાં જણાવેલ છે કે "અદ્વેષ વગેરે ગુણવાળા સાધકોનું ચિત્ત ખેદાદિ દોષોનો ત્યાગ કરવાથી કાયમ માટે સાધનામાં એકાગ્ર હોય છે. એકસરખો ધ્યેયાકાર વૃત્તિપ્રવાહ ચિત્તમાં હોવાના કારણે તે ચિત્ત 'એકાગ્ર' તરીકે માન્ય છે."

### ❋ આત્મામાં પરમાત્મદર્શન ❋

(૨૫) પોતાના પરમાત્મસ્વરૂપમાં ચિત્ત એકાગ્ર બનવાથી આત્મામાં એવી શક્તિ ઉત્પન્ન થાય છે કે જેના કારણે **યોગબિંદુ**માં દર્શાવેલ 'ધ્યાનયોગ' અહીં પરિણમે છે. **યોગબિંદુ**માં જણાવેલ છે કે 'પ્રશસ્ત એક આલંબનવાળું ચિત્ત જ્યારે સ્થિર દીવા જેવું ધારાવાહી સૂક્ષ્મ જ્ઞાનોપયોગવાળું બને તેને પંડિતો ધ્યાન કહે છે.'

(૨૬) દીપ્રા નામની ચોથી યોગદૃષ્ટિમાં પોતાના જ નિષ્કષાય અને નિર્વિકાર પરમાત્મસ્વરૂપનું ધ્યાન અંદરમાં પરિણમવાના લીધે આત્મામાં એવી શક્તિ ઉત્પન્ન થાય છે કે હજુ સુધી પોતાનું પરમાત્મતત્ત્વ અવ્યક્ત હોવા છતાં પણ સાધકને પોતાના વિશુદ્ધ પરમાત્મતત્ત્વની અભ્રાન્તપણે તથા દૃઢપણે અંદરમાં પ્રતીતિ (= યથાર્થ સ્થિર બોધ) પ્રગટે છે કે 'હું પોતે જ નિષ્કષાય-નિર્વિકાર ચૈતન્યસ્વરૂપ છું.'

## ❀ સાચો સાધક તો પ્રશાંત અને ઉદાત્ત હોય ❀

(૨૭) પોતાની અંદર રહેલ નિષ્કષાય અને નિર્વિકાર પરમાત્મતત્ત્વની દૃઢ પ્રતીતિ થવાના કારણે સાધકને કષાય અને વિષયવાસના પ્રત્યેનું આકર્ષણ ઓસરતું જાય છે. તેથી તેવા પ્રકારના ઉત્કટ-ઉગ્ર કષાય અને ઈન્દ્રિયવિકારો સાધકમાંથી રવાના થવા માંડે છે. આ સ્વરૂપે પ્રશાન્તપણું સાધકમાં જન્મે છે. તેથી અત્યંત નિમ્ન કક્ષાની નિર્લજ્જ સ્વચ્છંદ પશુચેષ્ટાદિસ્વરૂપ આચરણા છોડીને ઉચ્ચ-ઉચ્ચતર આદિ કક્ષાની આચરણામાં ટકી રહેવાની ટેક સાધકના ચિત્તમાં જન્મે છે. મતલબ કે વર્તમાનમાં પોતે જે દશામાં હોય તેનાથી અધિક-અધિક ઉચ્ચ આચરણ જે દશામાં થઈ શકે તે દશાને પ્રાપ્ત કરવામાં તેનું અંતઃકરણ ત્યારે તત્પર હોય છે. પોતે જે અવસ્થામાં હોય તે અવસ્થાથી આગળ-આગળની અવસ્થામાં જવાની તીવ્ર ભાવના હોય અને તે અંગે શક્ય પ્રયત્ન પણ કરે. આ સ્વરૂપે ઉદાત્તતા અહીં પ્રગટે છે.

(૨૮) આ પ્રશાન્તતા અને ઉદાત્તતા - બન્ને ગુણો પોતાના આત્મતત્ત્વના સમ્યક્ વેદન-અનુભવથી વણાયેલા હોય છે તેમજ આશ્રવ-સંવર-બંધ-નિર્જરા વગેરે સ્વરૂપ સૂક્ષ્મ ભાવોની વ્યાપક વિચારણા કરવાની પરિણતિથી ગર્ભિત હોય છે. તેથી તે બન્ને ગુણો નિરવદ્ય આચરણનું કારણ બને છે. મતલબ કે હવે સાધકની અંદર શુદ્ધ આચરણમાં સહજપણે જોડાવાની ભૂમિકા તૈયાર થાય છે. આ જ અભિપ્રાયથી શ્રી**હરિભદ્રસૂરિ**જીએ **યોગબિંદુ**માં જણાવેલ છે કે 'ધર્મસાધનાયોગ્ય સુંદર સ્વભાવ થતાં જ શાન્તત્વ અને ઉદાત્તત્વ જન્મે છે. તે તત્ત્વસંવેદનથી યુક્ત હોય છે તથા (ગ્રંથિભેદની પૂર્વે પણ) સૂક્ષ્મ ભાવોની વ્યાપક વિચારણાથી સંયુક્ત હોય છે. તે બન્ને ગુણ શુદ્ધ = નિરવદ્ય અનુષ્ઠાનના કારણ બને છે.'

## ❀ નિર્મળ આત્મપરિણતિસ્વરૂપ ગુણોનો પ્રાદુર્ભાવ ❀

(૨૯) દીપ્રા દૃષ્ટિમાં રહેલા સાધક ભગવાનમાં પ્રગટેલી પ્રશાંતતા અને ઉદાત્તતા એ નિરવદ્ય = નિર્દોષ આચરણનું કારણ હોવાના લીધે જ હવે તેનામાં સર્વ જીવો પ્રત્યે દયા, કરુણા, કોમળતા, મૃદુતા, નમ્રતા, પરોપકાર વગેરે ગુણોની પરિણતિ વિશેષ પ્રકારે પરિશુદ્ધ તથા પ્રબળ બને છે. આત્માની નિર્મળ પરિણતિ એ જ તાત્ત્વિક ગુણ છે - આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.

## ❀ સંસાર પરિમિત થાય છે ❀

(૩૦) આવા દયા-કરુણાદિ નિર્મળ ગુણોના બળથી ઘણા જીવો ગ્રંથિભેદની પૂર્વે પણ પોતાના સંસારને પરિત્ત = પરિમિત કરે છે. **જ્ઞાતાધર્મકથાંગ**માં '**મેઘકુમાર**ના જીવે સમકિત પ્રાપ્તિની પૂર્વે હાથીના ભવમાં જીવદયાની પરિણતિના લીધે સંસારને પરિમિત કર્યો' - એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ મળે જ છે.

## ❀ સર્વ જીવમાં શિવદર્શન ❀

(૩૧) નિર્મલપરિણતિસ્વરૂપ દયા, કરુણા, કોમળતા વગેરે શુદ્ધ ગુણોના બળથી જ સર્વ જીવોને આ સાધક પોતાના સમાન જુએ છે. જેમ પોતાનો જીવ સિદ્ધસ્વરૂપ છે, તેમ બધા જ જીવો સિદ્ધસ્વરૂપ છે - આવું જોવાની ભૂમિકા પ્રગટ થાય છે. તેથી 'કોઈ પણ જીવને હું પીડા નહિ પહોંચાડું' - આ મુજબ પ્રણિધાન, પ્રતિજ્ઞા વગેરેનું બળ પ્રગટ થાય છે. તેના કારણે આ સાધક પરપીડા વગેરેને છોડે છે.

## ❀ ઈચ્છાયમ-પ્રવૃત્તિયમની પરાકાષ્ઠા ❀

(૩૨) તે અવસ્થામાં ચરમ યથાપ્રવૃત્તકરણના લીધે આત્મામાં એક એવી દિવ્ય શક્તિ પ્રગટ થાય

છે કે તેનાથી પોતાને અંદરમાં અનુભવાય છે કે 'મોક્ષમાર્ગ અંદરમાં જ છે. મોક્ષમાર્ગ શમપ્રધાન-શાન્તિપ્રધાન છે. આ મોક્ષમાર્ગ પૂર્વે ક્યારેય ઓળખાયેલ નથી. એ અપૂર્વ છે. આ મોક્ષમાર્ગ માત્ર અનુભવગમ્ય જ છે.' પોતાની વર્તમાન ભૂમિકાને ઉચિત એવા મોક્ષમાર્ગને વિશે હકીકતમાં હવે તેને કોઈ ભ્રાન્તિ રહેતી નથી. આવા અભ્રાન્ત આંતરિક અપૂર્વ મોક્ષમાર્ગને વિશે અમોઘ = સફળ દિશાસૂચન તે ચરમ યથાપ્રવૃત્તકરણનું સામર્થ્ય કરાવે છે. તે સામર્થ્યના લીધે જ આ સાધક આવા આંતરિક મોક્ષમાર્ગની સ્પર્શના કરે છે. તે મોક્ષમાર્ગ તેને અંદરથી જ ગમે છે, રુચે છે. અંતર્મુખી (= નિજાત્મસન્મુખી), પ્રશાંત અને પ્રકૃષ્ટ વિરક્ત એવી પોતાની જ આંતરિક પરિણતિની મોક્ષમાર્ગરૂપે સાચી ઓળખાણ થાય છે. તે સ્વરૂપે તે યથાર્થ સંવેદન કરે છે. ત્યાર બાદ તેને જ વારંવાર સમ્યક્ પ્રકારે વાગોળ્યા કરે છે, યાદ કર્યા રાખે છે. આ આંતરિક મોક્ષમાર્ગની દૃઢ શ્રદ્ધા એના અંતરમાં સતત જાગ્રત રહે છે. અંતર્મુખી પ્રશાંત વિરક્ત પરિણતિની મોક્ષમાર્ગસ્વરૂપે સંવેદના-સંસ્મરણ-શ્રદ્ધા વગેરેના લીધે મોક્ષમાર્ગે શક્તિ મુજબ સાધક ભગવાન પ્રવૃત્તિ પણ કરે છે. ચરમ યથાપ્રવૃત્તકરણની દિવ્ય શક્તિથી આ બધું અંદરમાં સતત સહજતઃ થયા કરે છે. તેનાથી મોહનીયાદિ કર્મનો પ્રબળ ક્ષયોપશમ (ધરખમ ઘટાડો) થાય છે. તેના લીધે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ સંબંધી ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમ તેના જીવનમાં પ્રકૃષ્ટ બને છે. અહિંસાદિ યમની ઈચ્છા તે ઈચ્છાયમ. તથા શમપ્રધાન-શાંતિપ્રધાન અહિંસાદિ યમનું પાલન તે પ્રવૃત્તિયમ. આ બન્નેનું વિસ્તારથી નિરૂપણ **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં મળે છે.

### શુભ-અશુભ દ્રવ્યાદિમાં સમતા

(૩૩) આ રીતે અહિંસાદિસંબંધી પ્રકૃષ્ટ ઈચ્છાયમનું અને પ્રવૃત્તિયમનું પાલન કરવાથી સાધક ભગવાનમાં સહજમળનો પુષ્કળ ઘટાડો થાય છે. જેમ દિવસો જૂની કબજિયાતમાંથી - મળમાંથી છૂટકારો મળવાથી માણસને પ્રસન્નતાનો, સ્ફુર્તિનો, તાજગીનો અનુભવ થાય, તેમ અનાદિકાલીન સહજમળનો રેચ થવાથી સાધક પ્રભુને અંદરમાં સ્વાભાવિક આનંદનો અનેરો અનુભવ થાય છે. ફરિયાદી વલણને મૂળમાંથી રવાના કરે તેવો આનંદ અનુભવાય છે. અંદરમાં અત્યંત પ્રગાઢ તૃપ્તિ અનુભવાય છે. તેથી બહારની સારી ચીજ મળી જાય, પોતાની કદર કરનારી વ્યક્તિ મળી જાય, સારી જગ્યા વગેરે મળી જાય તો હરખાવા જેવું લાગતું નથી. શુભ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેમાં ઈષ્ટપણાની બુદ્ધિ થતી નથી. તથા બહારમાં કોઈ પ્રતિકૂળ-અશુભ ચીજ વગેરે આવી જાય તો તેનો તેને અણગમો થતો નથી. તેમાં તેને અનિષ્ટપણાની બુદ્ધિ થતી નથી. આમ સારા-નરસા દ્રવ્ય-ક્ષેત્રાદિમાં ગમો-અણગમો રવાના થવાથી **યોગબિંદુ**માં તથા **દ્વાત્રિંશિકા**માં બતાવેલ સમતાયોગ ઉપર સાધક ભગવાન આરૂઢ થાય છે.

### નૈશ્ચયિક ચરમ યથાપ્રવૃત્તકરણનો પ્રકર્ષ

(૩૪) આ રીતે સર્વ જીવોમાં શિવદર્શન કરવાથી અને સર્વ દ્રવ્ય-ક્ષેત્રાદિમાં સમતા રાખવાથી કર્મનો આત્મામાં પગપેસારો થાય તેવી આત્મદશા ઝડપથી પલાયન થાય છે. હવે દીર્ઘ કાળની સ્થિતિવાળા નવા-નવા કર્મોને બાંધવાની અભિરુચિસ્વરૂપ કર્મવાસનાને સાધક પૂરેપૂરી છોડે છે. આ રીતે અન્તર્મુહૂર્ત્તની સ્થિતિવાળું નૈશ્ચયિક ચરમ યથાપ્રવૃત્તકરણ અહીં પ્રાપ્ત થાય છે અને તે પરમ પ્રકર્ષને પામે છે. 'આ રાગાદિ પરપરિણામ છે. ચૈતન્ય સ્વપરિણામ છે' - આ રીતે સ્વ-પરપરિણામને જુદા કરવામાં આ ચરમ યથાપ્રવૃત્તકરણ નિપુણ હોય છે.

## ❀ અપૂર્વકરણમાં ગ્રંથિભેદ ❀

(૩૫) ત્યાર બાદ સાધક ભગવાન પોતાના જ પરમ શીતળ, ત્રિકાળશુદ્ધ, પરિપૂર્ણ વીતરાગપણે પરિણમેલ ચૈતન્યના અખંડ પિંડમાં એકતાન, લયલીન, તન્મય-એકાકાર-એકરસ બને છે. તેના લીધે સાધક પ્રભુમાં અપૂર્વ આત્મશક્તિ ઉછળે છે. આ રીતે તે અપૂર્વકરણમાં પ્રવેશે છે. આત્માની નિર્મળ ચૈતન્યપરિણતિને ઉપાદેયપણે ગ્રહણ કરવામાં અપૂર્વકરણ નિપુણ હોય છે. સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ આદિ તપશ્ચર્યા, ઈન્દ્રિય-મનનો સંયમ, વિશુદ્ધ શીલ વગેરે ગુણોના સામર્થ્યથી સક્રિયતર એવી સમુચિતયોગ્યતા અહીં ગ્રંથિભેદાદિ ફળને તાત્કાલિક જન્માવે તેવી ફલોપધાયકયોગ્યતા સ્વરૂપે પ્રકૃષ્ટપણે પરિણમે છે. તેથી અપૂર્વ આત્મવીર્યોલ્લાસથી નિર્ભયપણે આત્માર્થી ભગવાન અનાદિકાલીન નિબિડ-ગૂઢ રાગાદિમય તમોગ્રંથિને ભેદે છે. અત્યંત દૃઢ થયેલ સંવર, ઉપશમ, ઈન્દ્રિયદમન, સમતા, મધ્યસ્થતા વગેરે સદ્‌ગુણોના બળથી અનંતાનુબંધી ક્રોધાદિ ચારેય કષાયો ક્ષીણ થાય છે. પૂર્વે કદાપિ ન અનુભવેલ આધ્યાત્મિક પ્રશમરસના આનંદની છોળો અંદર ઉછળે છે. અનંત આત્માનંદનો મહાસાગર અંદર હિલોળે ચઢે છે. તેનો અનુભવ કરીને પણ સાધક તેમાં અટવાતો નથી, અટકતો નથી. પરંતુ પોતાના શુદ્ધ આત્માને ગ્રહણ કરવા સતત તલસે છે. તેવી પાવન નિર્મળ ભાવધારાને તે અખંડપણે સમ્યક્ પ્રકારે પ્રકૃષ્ટ રીતે આગળ વધારે છે, ઉછાળે છે. સાધક પ્રભુ સ્વયં તેવી અખંડ વિમલ ભાવધારામાં આગેકૂચ કરે છે. તેવી વિશુદ્ધ અધ્યવસાયધારાના માધ્યમે આંતરિક મોક્ષમાર્ગે આત્માર્થી ઝડપથી આગળ વધે છે. અહીં **શીલપ્રાભૃત**ની એક ગાથાનું અનુસંધાન કરવું. ત્યાં જણાવેલ છે કે 'વિષયરાગના રાગથી = પક્ષપાતથી આત્માની જે ગાંઠ = ગ્રંથિ બંધાયેલી હતી, તેને કૃતાર્થ સાધકો તપ, સંયમ અને શીલ ગુણથી છેદી નાંખે છે.' દરેક આત્માર્થી મુમુક્ષુથી આવો ગ્રંથિભેદ થઈ શકે તેમ છે.

## ❊ આત્મસાક્ષાત્કારનો પરિચય ❊

(૩૬) હવે સાધક ભગવાન અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે. નિજ નિઃસંગ-નિર્મલ-નિર્વિકલ્પ ચૈતન્યપરિણતિમાં રમણતા-લીનતા કરવામાં અનિવૃત્તિકરણ નિષ્ણાત હોય છે. ત્યારે મન-વચન-કાયાની શુભપ્રવૃત્તિ, શુભ આત્મપરિણામ, વિશુદ્ધ લેશ્યા, પ્રશસ્ત અધ્યવસાય, અન્તર્મુખતા સાધકમાં વણાયેલ હોય છે. પોતાના શુદ્ધ સ્વરૂપને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવાનું પ્રબળ પ્રણિધાન તેના અંતરમાં છવાયેલ હોય છે. તેને પોતાના શુદ્ધ સ્વભાવનું અંદરમાં પ્રકૃષ્ટપણે ભાસન થાય છે. નિરાગ્રહી અને નિખાલસ એવા અંતઃકરણમાં પ્રગટતા વર્ધમાન આત્મજ્ઞાનગર્ભિત વૈરાગ્ય તથા ઉપમાતીત ઉપશમભાવ વગેરેના બળથી આત્માર્થી સાધક અનાદિ સહજમળથી વણાયેલી મહાઘોર અને મહારૌદ્ર એવી મિથ્યાત્વપરિણતિને મૂળમાંથી ઉખેડે છે. ત્યારે શરીર, પાંચ ઈન્દ્રિય, વાણી, મન, કર્મ, પુદ્‌ગલ વગેરેથી ભિન્ન એવા પોતાના આત્મતત્ત્વની અપરોક્ષ અનુભૂતિ થાય છે. સાધક ભગવાનને પોતાનો આત્મા પૂર્ણાનંદમય, પરમ શાન્ત, અસંગ, નિર્મલ, અવિનાશી સ્વરૂપે અનુભવાય છે. નિજ આત્મદ્રવ્ય નિરાલંબી, સ્વાવલંબી છે - તેવું તે સાક્ષાત્ અનુભવે છે. પરદ્રવ્ય-ગુણ-પર્યાયના ટેકે તો નિજ આત્મદ્રવ્ય ઊભું નથી. પરંતુ પોતાના ગુણ-પર્યાયના ટેકાની પણ તેને જરૂરત નથી. 'આવો સ્વયંભૂ, સ્વાવલંબી આત્મા એ જ હું છું' - એવો સાક્ષાત્કાર સાધકને થાય છે.

## ❋ સ્થિરાદૃષ્ટિમાં પ્રવેશ ❋

ત્યારે પોતાના ચિદાકાશમાં સમ્યગ્દર્શનનો સૂરજ ઉગે છે. '**(A)** દુર્લભ દિવ્ય કામકુંભ, **(B)** દૈવી કામધેનુ, **(C)** કલ્પવૃક્ષ, **(D)** ચિંતામણિરત્ન, **(E)** દેવઅધિષ્ઠિત કુત્રિકાપણ (= જ્યાં ત્રણ લોકની તમામ ચીજ મૂલ્ય આપવા દ્વારા મળી શકે તેવી દેવતાઈ દુકાન), **(F)** સંજીવની વગેરે દિવ્ય ઔષધિ, **(G)** મહાપ્રભાવશાળી પરમમંત્ર, **(H)** અમૃત વગેરેથી પણ સમ્યગ્દર્શન ચઢિયાતું છે' - આવું તે અનુભવે છે. આ રીતે સાધક 'સ્થિરા' નામની પાંચમી યોગદષ્ટિમાં પ્રવેશ કરે છે.

## ❯ મહાનિશીથસૂત્ર મુજબ સમકિતપ્રાપ્તિનો માર્ગ ❯

અહીં **મહાનિશીથ** સૂત્રનો પ્રબંધ ઊંડાણથી વિચારવો. ત્યાં 'સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું વર્ણન આ પ્રમાણે મળે છે કે - "સૌ પ્રથમ (૧) જ્ઞાન (= 'હું દેહાદિભિન્ન શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા છું' - તેવી આંતરિક પ્રતીતિ - ઓળખાણ) જોઈએ. પછી (૨) દયા જોઈએ. (૩) દયાથી જગતના જીવ = દેવ, નરક, અસંખ્યવર્ષના આયુષ્યવાળા યુગલિક એવા તિર્યંચ અને મનુષ્ય, નિરુપક્રમ આયુષ્યવાળા ત્રેસઠશલાકા પુરુષ તથા ચરમ શરીરી જીવો, પ્રાણ = દશપ્રાણધારી સામાન્ય પંચેન્દ્રિય પ્રાણીઓ, ભૂત = પૃથ્વીકાયાદિ પાંચ પ્રકારના સ્થાવરો તથા સત્ત્વ = સોપક્રમ આયુષ્યવાળા મનુષ્ય, તિર્યંચ અને વિકલેન્દ્રિય (**પાક્ષિકસૂત્રવૃત્તિ**ના આધારે) - આ ચારેય પ્રકારના [અથવા પ્રાણ = વિકલેન્દ્રિય, ભૂત = વનસ્પતિકાય, જીવ = પંચેન્દ્રિય, સત્ત્વ = બાકીના જીવો - આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં (ગા.૫૭) ઉદ્ધૃત ગાથાના આધારે આ ચાર પ્રકારના] સર્વ સંસારી આત્માઓને સાધક પોતાના આત્મા જેવા જ જુએ છે. (૪) જગતના સર્વ જીવ વગેરેમાં આત્મસમદર્શિતાના લીધે તે જ જીવ, પ્રાણી વગેરેને **(a)** સંઘટ્ટો = સ્પર્શ, **(b)** પરિતાપના, **(c)** કિલામણા = તીવ્ર પીડા, **(d)** ઉપદ્રવ = પ્રાણવિયોગ વગેરે સ્વરૂપ દુઃખને ઉત્પન્ન કરવાનો અને **(e)** તેઓને ભય થાય તેવી પ્રવૃત્તિનો સાધક ત્યાગ કરે છે. (૫) પરપીડાપરિહારથી અનાશ્રવ થાય. (૬) અનાશ્રવથી આશ્રવ દ્વારો સ્થગિત થાય = સંવર થાય. (૭) આશ્રવદ્વારો બંધ થવાથી ઈન્દ્રિય-મનનું દમન તથા ઉપશમભાવ આવે. (૮) તેનાથી શત્રુ અને મિત્ર બન્ને ઉપર સમાન પક્ષપાત આવે. (૯) આમ શત્રુ-મિત્રમાં એકસરખી લાગણી પ્રવર્તવાના લીધે રાગ-દ્વેષ છૂટે છે, મધ્યસ્થતા આવે છે. (૧૦) તેના લીધે (અનન્તાનુબંધી) ક્રોધ-માન-માયા-લોભ જાય છે. (૧૧) તેના લીધે આત્મસ્વભાવ અકષાયી બને છે. [**પંચકલ્પભાષ્યચૂર્ણિ** (ગા.૧૧૩૫, પૃ.૧૩૫) મુજબ અહીં કષાય હોવા છતાં તેનો પરમ નિગ્રહ કરવાથી અકષાયીપણું સમજવું.] (૧૨) અકષાયસ્વભાવના લીધે સમ્યક્ત્વ મળે છે. (૧૩) સમ્યક્ત્વથી જીવાદિ પદાર્થોનો યથાર્થ નિશ્ચય થાય છે." **મહાનિશીથસૂત્ર**નું અનુસંધાન કરીને અહીં અમે બતાવેલ સમ્યગ્દર્શનપ્રાપ્તિની પ્રક્રિયાને સમજવા પ્રયત્ન કરવો. તથા તે મુજબ અંતરંગ અપ્રમત્ત પુરુષાર્થનો પણ પ્રારંભ કરવો. તો કાર્યનિષ્પત્તિ થાય. માત્ર વાંચવાથી, સાંભળવાથી, સંભળાવવાથી, લખવાથી કે વિચારવાથી કાર્યનિષ્પત્તિ ન થાય. પરંતુ આંતરિક મોક્ષમાર્ગને ઓળખીને તેવા પ્રકારની આત્મસ્થિતિ-આત્મદશા ઊભી કરવાથી સમકિત વગેરે કાર્યની નિષ્પત્તિ થાય.

## ● સમરાદિત્યકથા મુજબ સમકિતપ્રાપ્તિનો માર્ગ ●

તે જ રીતે **સમરાઈચ્ચકહા (સમરાદિત્ય કથા)** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ આ અંગે જે જણાવેલ

છે, તેનું પણ અહીં અનુસંધાન કરવું. ત્યાં જણાવેલ છે કે 'મન-વચન-કાયાની પ્રવૃત્તિની વિશુદ્ધતાથી અને જીવવીર્યોલ્લાસની ઉત્કટતાથી (૧) કુશલ પરિણામ ઉછળ્યો, (૨) સંક્લિષ્ટ કર્મોનો ઢગલો ચલાયમાન થયો, (૩) મોહવાસના રવાના થઈ, (૪) અશુભ અનુબંધો તૂટી ગયા, (૫) કર્મગ્રંથિનો ભેદ થયો, (૬) મિથ્યાત્વનો ક્ષયોપશમ થયો, (૭) સમકિતનો પરિણામ પ્રગટ થયો.' **બૃહત્કલ્પભાષ્ય**માં તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં પરમતત્ત્વરુચિસ્વરૂપ જે સમકિત જણાવેલ છે, તેને અહીં યાદ કરવું.

## ❋ સમ્યગ્દર્શનના ૨૨ લક્ષણોને પ્રગટાવીએ ❋

**કુવલયમાળા** ગ્રંથમાં શ્રી**ઉદ્યોતનસૂરિ**જીએ સમ્યગ્દર્શનના અનેક લક્ષણો બતાવેલા છે. તે આ પ્રમાણે - "(૧) ઉપશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા તથા (૫) આસ્તિક્ય ભાવ - આનાથી સહિત એવા લક્ષણો સમ્યક્ત્વના હોય છે અથવા (૬) જીવો વિશે મૈત્રી, (૭) ગુણવાન પ્રત્યે પ્રમોદ, (૮) દીન-દુઃખી પ્રત્યે કરુણા અને (૯) અવિનયી વિશે ચોથો માધ્યસ્થ્ય ભાવ હોય તો સમકિત હોય. અથવા (૧૦) જેણે જગતના અનિત્ય-અશરણાદિ સ્વભાવની સારી રીતે ભાવના કરી હોય, (૧૧) કાયાનો અશુચિ-અનિત્યાદિસ્વભાવ જેણે ભાવિત કર્યો હોય, (૧૨) બાહ્ય-અભ્યંતર તપસાધનામાં જેને સમ્યક્ પ્રકારે વેગ-ઉત્સાહ-ઉમંગ હોય તથા (૧૩) સંસાર પ્રત્યે વૈરાગ્ય જ હોય. આ લક્ષણો દ્વારા ઓળખાય છે કે અહીં સમ્યક્ત્વ છે." આ લક્ષણો અહીં સ્થિરા દૃષ્ટિમાં પ્રગટ થાય છે. **સંબોધપ્રકરણ**માં સમકિતના લિંગો આ મુજબ જણાવેલ છે કે '(૧) વિધિનું પાલન, (૨) ગુણીનો રાગ, (૩) અવિધિનો ત્યાગ, (૪) પ્રવચનપ્રભાવના, (૫) અરિહંતની સેવા અને (૬) સુગુરુની સેવા - આ સમકિતના લિંગો છે.' તથા **પુષ્પમાલા** ગ્રંથમાં મલધારી શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ નીચે મુજબ જણાવેલ છે કે - '(૧) સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ, (૨) ગુણાનુરાગ, (૩) જિનવચનમાં રતિ તથા (૪) નિર્ગુણ જીવો પ્રત્યે મધ્યસ્થતા - આ સમ્યગ્દૃષ્ટિના લિંગો છે.' મતલબ કે સમકિતીમાં તે અવશ્ય હોય છે. સમ્યગ્દૃષ્ટિ (૧) પરાર્થરસિક, (૨) પ્રજ્ઞાશાલી, (૩) કલ્યાણમાર્ગગામી, (૪) મહાન આશયવાળા અને (૫) ગુણાનુરાગી હોય - આ પ્રમાણે બોધિસત્ત્વની સાથે સરખામણી કરીને સમકિતીની આગવી વિશેષતા **યોગબિંદુ**માં જણાવી છે. કુવલયમાળાનું સાતમું લક્ષણ, સંબોધપ્રકરણનું તથા પુષ્પમાલાનું બીજું લક્ષણ અને યોગબિંદુનું પાંચમું લક્ષણ એક જ છે. તથા કુવલયમાળામાં દર્શાવેલ ચોથું અને આઠમું લક્ષણ એક છે, ત્રીજું અને તેરમું લક્ષણ એક છે. તથા કુવલયમાળામાં દર્શાવેલ નવમું લક્ષણ અને પુષ્પમાલામાં બતાવેલ ચોથું લક્ષણ એક જ છે. તેથી આ ચાર ગ્રંથના આધારે સમકિતના કુલ ૨૨ લક્ષણ જાણવા. તે અહીં પ્રગટે છે.

## ❖ સમકિતના ૬૭ બોલને મેળવીએ ❖

**પ્રવચનસારોદ્ધાર** ગ્રંથમાં શ્રી**નેમિચંદ્રસૂરિ**જીએ વિસ્તારથી સમકિતના ૬૭ બોલ સમજાવેલા છે. તેનો સંક્ષેપમાં નિર્દેશ આ પ્રમાણે છે. "શ્રદ્ધા-૪, લિંગ-૩, વિનય-૧૦, શુદ્ધિ-૩, દૂષણનો ત્યાગ-૫, પ્રભાવના-૮, ભૂષણ-૫, લક્ષણ-૫, જયણા-૬, આગાર-૬, ભાવના-૬, સ્થાન-૬. આ પ્રમાણે ૬૭ દર્શનભેદથી (દર્શનપ્રકારથી કે દર્શનાચારથી) વિશુદ્ધ સમ્યક્ત્વ હોય છે." પાંચમી સ્થિરા દૃષ્ટિની પ્રાપ્તિ થતાં સમકિતના ઉપરોક્ત ૬૭ બોલ (= પદ-પ્રકાર-આચાર-પરિણામ) યથાસંભવ પ્રગટે છે.

### ✡ સમ્યગ્દર્શનને ટકાવનારા ગુણવૈભવને માણીએ ✡

સ્થિરા નામની પાંચમી યોગદૃષ્ટિમાં પ્રવેશ કરીને તે સાધક સમ્યગ્દર્શનના સ્થિરીકરણ માટે **સમ્યક્ત્વકૌમુદી**માં **શ્રીજિનહર્ષગણિવરે** વર્ણવેલા ગુણોને આત્મસાત્ કરે છે. ત્યાં જણાવેલ છે કે '(૧) જિતેન્દ્રિય, (૨) સર્વ જીવો પ્રત્યે કૃપાળુ, (૩) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સ્વરૂપને જાણવામાં નિપુણ, (૪) સુંદર ગુણોનો અનુરાગી, (૫) ઉચિત કર્તવ્ય પાલનમાં નિમગ્ન, (૬) ગુરુના અને પ્રભુના ભક્ત, (૭) શંકા-કાંક્ષા-વિચિકિત્સાદિ દોષથી શૂન્ય, (૮) સતત પ્રસન્ન, (૯) સર્વજ્ઞ તીર્થંકરના શાસનની જબ્બર ઉન્નતિ-પ્રભાવના કરવામાં સદા જાગૃત, (૧૦) સંવેગના રસથી સૌભાગ્યવાન, (૧૧) ચતુર આશયવાળા, (૧૨) અતિઉત્તમ જીવો શિવસુખના બીજ સમાન સમ્યક્ત્વને પુણ્યવશ મેળવીને સાચા અર્થમાં સંભાળે છે, પાળે છે.'

### ❋ સ્થિરાદૃષ્ટિનો વિકાસ ❋

જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આત્માર્થીને થાય ત્યારે 'આ શુદ્ધ આત્મદ્રવ્ય, આ તેના શુદ્ધ ગુણો તથા આ તેના શુદ્ધ પર્યાયો...' આવી રીતે શુદ્ધ આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયનું વિભાજન કરવાના વિકલ્પમાં સાધક ખોટી થતો નથી, રોકાતો નથી. ત્યારે તો સમકિતી શુદ્ધ આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદ પાડ્યા વિના, સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયો પૂર્ણપણે પરસ્પર વણાયેલા હોય તે રીતે આખા નિજ શુદ્ધસ્વભાવને એકીસાથે નિર્વિકલ્પપણે અનુભવે છે. નિજ વસ્તુના શુદ્ધ સ્વરૂપને સમગ્રપણે ગ્રહણ કરીને યથાર્થપણે તેનો અનુભવ સમ્યગ્દૃષ્ટિ કરે છે. તેવી દશામાં તેને અનાકુળ અપૂર્વ ચિદાનંદરસનું સમ્યક્ પ્રકારે વેદન થાય છે. તેના બળથી સમકિતીને ખ્યાલમાં આવે છે કે 'આકુળતા-વ્યાકુળતાદિ સ્વરૂપ રાગ-દ્વેષાદિ ભાવો મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો આકુળતા-વ્યાકુળતા વગરનું પરમાનંદમય છે. નિરાકુળ જ્ઞાન-દર્શન ઉપયોગ જ મારું સ્વરૂપ છે. તેમાં તો અંશતઃ પણ રાગાદિ ભાવો નથી.' તેથી ત્યારે સમકિતીનો અંદરમાં ઉપયોગ રાગાદિથી ભિન્ન થાય છે. રાગાદિના અધ્યાસથી તેનો ઉપયોગ (= ચેતના = ચૈતન્ય) મુક્ત થાય છે.

### ❀ દેહાદિભિન્નરૂપે આત્મસાક્ષાત્કાર ❀

રાગાદિના વળગાડથી મુક્ત પોતાના વિશુદ્ધ ચૈતન્યરસમાં ડૂબકી લગાવીને પોતે પોતાની દેહાદિભિન્નસ્વરૂપે સાક્ષાત્ અનુભૂતિ કરી લે છે. 'જેમ કમળમાં પાણી કાયમ સ્વભાવથી જ ભિન્ન = છૂટું રહે છે, તેમ નિર્મલ આત્મા સ્વભાવથી જ શરીરમાં (રહેવા છતાં શરીરથી) જુદો જ રહે છે' - આ પ્રમાણે પૂર્વોક્ત (૭/૧૦) **પરમાનંદપંચવિંશતિ** સંદર્ભમાં જે બતાવેલ છે, તે સ્વરૂપે સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માનું સંવેદન કરે છે તથા ઇન્દ્રિય વગેરેની સહાય વિના જ આ પ્રમાણે તે સંવેદન કરે છે. અહીં માત્ર શાસ્ત્રાધારે દેહાદિભિન્ન આત્માની કેવળ બૌદ્ધિક જાણકારીની કે ઉપલક માહિતીજ્ઞાનની કે પરોક્ષ બોધની વાત ચાલતી નથી. પરંતુ તે મુજબ તે સાક્ષાત્ સંવેદન કરે છે - આવું અભિપ્રેત છે.

### ❋ જીવનની સફળતાને અનુભવીએ ❋

સમકિતીને પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સમસ્ત ખજાનો પોતાના જ આત્મપ્રદેશોમાં હર્યો-ભર્યો અનુભવાય છે. અવિકારી નિજ ચૈતન્યરસથી તરબોળ બનેલા સ્વાત્મદ્રવ્ય-ગુણ-પર્યાયોમાં ઐક્યની અખંડ અપરોક્ષ અતીન્દ્રિય અનુભૂતિ સ્વરૂપ પોતાનું સર્વસ્વ પ્રગટ થતાં જ પોતાના આત્માની દિવ્યતા

-ભવ્યતા અનુભવાય છે, પોતાના જીવનની કૃતાર્થતા-સફળતા પ્રતીત થાય છે. આત્મદ્રવ્યના ચૈતન્યથી ઝળહળતા વિશુદ્ધ ગુણો ઝડપથી પ્રગટે છે. તથા પ્રગટ થયેલા પર્યાયો ઝડપથી નિર્મળ બને છે.

### ❈ સમકિતીને સર્વ ગુણોનો આંશિક આસ્વાદ ❈

ખરેખર શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ જીવાત્માને દિવ્યદૃષ્ટિ, દિવ્યશુદ્ધિ આપે છે. નિરંતર નિજ આત્મદ્રવ્યના ગુણોના દર્શન, સ્મરણ વગેરેના બળથી આત્માર્થી ઉપલી કક્ષાના વિશુદ્ધ ગુણોને પ્રગટ કરે છે. પોતાના ચૈતન્યરસનો તેને આસ્વાદ આવે છે. ચૈતન્યરસાસ્વાદની સાથે-સાથે પોતાના અનંત ગુણોનો આસ્વાદ એને અંદરમાં સ્વતઃ આવે છે. 'પોતાના વિશુદ્ધ ચૈતન્યસ્વભાવમાં ડૂબવાથી જ કેવળજ્ઞાન પ્રગટશે' - તેવી શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિમાં ઝળહળે છે. તેથી તે વારંવાર તેની સન્મુખ રહે છે. અવાર-નવાર અંદરમાં જવા તેની ચિત્તવૃત્તિ વેગવંતી બને છે. આવી શ્રદ્ધા, અન્તર્મુખતા, સંવેગ વગેરેના બળથી નિર્મળ સમ્યગ્દૃષ્ટિ સાધક સદા પોતાના જ વિશુદ્ધ ચૈતન્યસ્વભાવમાં ઠરે છે. તેમાં જ તેને વિશ્રામ-આરામ-સુખાકારિતા અનુભવાય છે. આમ તે શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં જ મોટા ભાગે વિશ્રામ કરે છે. **યોગદૃષ્ટિસમુચ્ચયવ્યાખ્યા**માં જણાવેલ અવંધ્ય સ્થૂલબોધના કારણો રવાના થવાથી સ્થિરા દૃષ્ટિથી સ્થૂલ બોધ વિદાય લે છે. તથા **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ 'વિષયપ્રતિભાસ જ્ઞાન' પણ અહીંથી નિવૃત્તિ લે છે.

### ❀ પુણ્યબંધ પણ સોનાની બેડી ! ❀

વેદ્યસંવેદ્યપદભાવી શ્રદ્ધા, સંવેગ, નિર્વેદ વગેરેથી વણાયેલા અધ્યવસાયના પ્રભાવે પરમાર્થથી પ્રચુર પ્રમાણમાં પુણ્યાનુબંધી પુણ્ય સ્થિરા દૃષ્ટિથી જ બંધાય છે. તો પણ તેની ઈચ્છા તેને હોતી નથી. કારણ કે પોતાની જાતને રાગ-દ્વેષાદિના બંધનમાંથી અત્યંત ઝડપથી છોડાવવાની ઝંખના તીવ્રપણે નિર્મળ સમકિતીના અંતઃકરણમાં છવાયેલી હોય છે. આ પ્રમાણે સંવેગનો અતિશય (Power) તેનામાં પ્રગટેલો હોય છે. તથા પાંચેય શબ્દાદિ વિષયોનું આકર્ષણ ખતમ થઈ ચૂકેલ હોવાથી પાંચેય ઈન્દ્રિયો પણ પોતાના વિષયોથી અંદરમાં સ્વતઃ અત્યંત નિવૃત્ત થઈ ચૂકેલી હોય છે. આ પ્રમાણે પાંચમી યોગદૃષ્ટિમાં પ્રત્યાહારનું બળ વિકસેલું હોય છે. આવા સંવેગાતિશય અને પ્રત્યાહારબળ - આ બન્નેના પ્રભાવથી, કામરાગ -સ્નેહરાગ-રતિ-હર્ષ વગેરેને પેદા કરાવવામાં નિમિત્ત બનવાની યોગ્યતા ધરાવનારા પુણ્યને બાંધવાની ઈચ્છા પણ તેને હોતી નથી. (૧) 'જે પુણ્યબંધ છે, તે પણ ઈચ્છવા યોગ્ય નથી. કારણ કે તે સોનાની બેડી-સાંકળ-બંધન સમાન છે' - આ મુજબ **ધર્મસંગ્રહવૃત્તિ**માં **શ્રીમાનવિજયજી** ઉપાધ્યાયનું જે વચન છે, તે આ દશામાં પરમાર્થથી પરિણમે જ છે. તથા (૨) 'આત્માને વશમાં રાખનારા સંયમીઓના શુભ યોગો જે પુણ્યકર્મને પેદા કરે છે, તેને પણ સોનાની બેડી જેવા સમજવા. કારણ કે મોક્ષના સુખને તો તે અટકાવે જ છે' - આ પ્રમાણે **શાંતસુધારસ**માં **શ્રીવિનયવિજયજી** ઉપાધ્યાયનું જે વચન છે, તે પણ આ અવસ્થામાં પરમાર્થથી પરિણમે જ છે.

### ❁ અમૃતઅનુષ્ઠાનનો પ્રારંભ ❁

પ્રત્યાહાર સિદ્ધ થવાના લીધે વિષયાકર્ષણ-પુણ્યાકર્ષણ રવાના થાય છે. તથા સંવેગાતિશયથી પોતાના વીતરાગ સ્વરૂપનું આકર્ષણ નિર્મળ સમ્યગ્દૃષ્ટિ સાધકમાં પ્રગટે છે. તેથી જ પ્રભુના વંદન, પૂજન આદિ કર્યા વિના તે રહી શકતો નથી. ગ્રન્થિભેદ કરાવવા દ્વારા સમ્યગ્દર્શનની ભેટ આપનારા સદ્ગુરુનો વિનય-વૈયાવચ્ચ વગેરે કર્યા વિના તે રહી શકતો નથી. ગુરુવૈયાવચ્ચનો તે અભિગ્રહ લે છે. (જુઓ - **ધર્મસંગ્રહવ્યાખ્યા**-શ્લોક ૨૨, **સમકિતના સડસઠ બોલની સજ્જાય** ગાથા-૧૪, **સમ્યક્ત્વસપ્તતિકા** શ્લોક-

૧૩ વગેરે.) જિનવાણીશ્રવણનું તેને વ્યસન હોય છે. જિનવાણીને સાંભળ્યા બાદ તે ચિંતન-મનનાદિ પણ આત્મલક્ષથી કરે છે. સાધર્મિકભક્તિ-વાત્સલ્ય વગેરે પણ તે ઉછળતા ઉલ્લાસથી કરે છે. તેમજ અવસરે પ્રાણના ભોગે, ધનના ભોગે પણ શાસનરક્ષા-શાસનપ્રભાવના વગેરે સદનુષ્ઠાનને તે કરે છે. તથા આ બધું પણ તારક સ્થાન પ્રત્યે અત્યંત સદ્ભાવને કેન્દ્રમાં રાખીને તે કરે છે. સંસારની માયા -પ્રપંચાદિથી નિરપેક્ષ રહીને તે કરે છે. તે ધર્મક્રિયામાં સંસારની ભેળસેળ કરતો નથી. કપટ, દંભ વિના ધર્મક્રિયા કરે છે. નિયાણા વિના આરાધના કરે છે. આગમિક વિધિ-નિષેધથી યથોચિત રીતે સાધના વણાયેલ હોય તેમ તે સાધનાને કરે છે. યથાયોગ્યપણે ઉત્સર્ગ-અપવાદથી ગર્ભિતપણે તે ઉપાસના કરે છે. **ષોડશક, યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ, દ્વાત્રિંશિકાપ્રકરણ** ગ્રંથમાં દર્શાવેલ અનુષ્ઠાનસંબંધી ભ્રાંતિ નામના ચિત્તગત દોષથી રહિત એવા સદનુષ્ઠાનો સ્થિરા દૃષ્ટિમાં વર્તતા નિર્મળ સમ્યગ્દૃષ્ટિના જીવનમાં અવ્યાહત રીતે ફેલાયેલા જોવા મળે છે. વળી, જિનભક્તિ, ગુરુસેવા વગેરે પ્રત્યેની શુદ્ધ શ્રદ્ધા, મોક્ષની તીવ્ર ઝંખના સ્વરૂપ સંવેગ વગેરે ભાવો તેના અંતઃકરણમાં ઉછળતા હોય છે. આ ભાવો અમૃત છે. આ ભાવઅમૃતથી ગર્ભિત હોવાના લીધે જિનવંદન-પૂજાદિ સદનુષ્ઠાન અમૃતઅનુષ્ઠાનરૂપે પરિણમે છે. આ રીતે અમૃતઅનુષ્ઠાનનું મંગલાચરણ પરમાર્થથી સ્થિરા દૃષ્ટિથી જ થાય છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકાપ્રકરણ, અધ્યાત્મસાર** વગેરે ગ્રંથોમાં અમૃતઅનુષ્ઠાન વર્ણવેલ છે.

### ❁ સમકિતીને સદા શુદ્ધ અનુષ્ઠાન ! ❁

સમ્યગ્દૃષ્ટિ જીવ શાસ્ત્રના આધારે, શાસ્ત્રને સાપેક્ષ રહીને જ સર્વત્ર પ્રવૃત્તિ કરે છે. ગ્રંથિભેદોત્તરકાલીન સમ્યગ્દર્શનના પ્રભાવે શાસ્ત્ર એની સંજ્ઞા-સમજણરૂપ બની જાય છે. તેથી તે 'શાસ્ત્રસંજ્ઞી' કહેવાય છે. સંયોગવશ કદાચ સમકિતી શાસ્ત્રને ન ભણેલ હોય તો પણ જિનોક્ત સ્યાદ્વાદની સમજણ તેના અંતરમાં યથાર્થપણે પ્રગટી ચૂકેલી હોય છે. સમ્યગ્દર્શનનું આ અવશ્યંભાવી કાર્ય છે. તેથી જ શાસ્ત્રકારો ચારેય ગતિમાં રહેલા તમામ સમકિતી જીવોને દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞાવાળા કહે છે. દૃષ્ટિવાદનો = સ્યાદ્વાદનો ઉપદેશ તેમની સંજ્ઞામાં = સમજણમાં વણાયેલો હોય જ છે. **બૃહત્કલ્પભાષ્ય, વિશેષાવશ્યકભાષ્ય, દંડકપ્રકરણ** (ગાથા-૩૩) વગેરેમાં આ બાબત દર્શાવેલ છે. આવા સમકિતીનું અંતઃકરણ કદાપિ ક્ષુદ્રતા વગેરે ભવાભિનંદીપણાના દોષો દ્વારા પરાભવ પામતું નથી, ખળભળતું નથી. આવા અંતઃકરણના સામર્થ્યના લીધે સ્થિરા દૃષ્ટિમાં રહેલા સમકિતીને સદૈવ શુદ્ધ સદનુષ્ઠાન જ હોય છે. આ વાત **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરે ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવેલ છે.

### ❁ અપાયશક્તિમાલિન્ય + અવિદ્યાશ્રવ રવાના થાય છે ❁

આ અવસ્થામાં શુદ્ધ અનુષ્ઠાન - અમૃત અનુષ્ઠાન પ્રવર્તતું હોવાથી જ સૂક્ષ્મ દૃષ્ટિને ખતમ કરનાર ઝેરતુલ્ય અપાયશક્તિમાલિન્ય મૂળમાંથી ઉખડીને કાયમી ધોરણે રવાના થાય છે. નરકાદિ દુર્ગતિનું કારણ બને તેવી પ્રવૃત્તિને અવશ્ય કરાવે તેવા સામર્થ્યને લીધે આત્માની જે મલિનતા ઉભી થયેલી હોય તે અપાયશક્તિમાલિન્ય કહેવાય. નિર્મળસમકિતવાળી સ્થિરા દૃષ્ટિ આવે એટલે આ અપાયશક્તિ-માલિન્યનો અત્યંત ઉચ્છેદ થાય છે. આવું **યોગદૃષ્ટિસમુચ્ચય** અને **દ્વાત્રિંશિકા પ્રકરણ** ગ્રંથમાં જણાવેલ છે. અપાયશક્તિમાલિન્યનો ઉચ્છેદ થવાથી આગમના માત્ર શબ્દને પકડવાના બદલે કે આગમના ઉપર -છલ્લા શબ્દાર્થને વળગવાના બદલે આગમના ઐદંપર્યાર્થ સુધી તેની દૃષ્ટિ પહોંચે છે. આગમના ઐદંપર્યાર્થને - ગૂઢાર્થને શોધી કાઢનારી શ્રેષ્ઠ પ્રજ્ઞાની પરાકાષ્ઠા અહીં સારી રીતે પ્રવર્ત્તે છે. તેનું બીજું નામ 'સૂક્ષ્મ

બોધ' છે. તે સૂક્ષ્મ બોધના કારણે દેહાદિમાં અહંબુદ્ધિ, રાગાદિમાં મમત્વબુદ્ધિ વગેરે નવા-નવા અજ્ઞાનનો સંચય કરવાના સ્વભાવરૂપ અવિદ્યાઆશ્રવનો અત્યંત ઉચ્છેદ થાય છે. તેથી જ સમ્યગ્દષ્ટિ અને તેની જ્ઞાનધારા સર્વ અવસ્થામાં વિશુદ્ધ જ હોય છે. આ અંગે **અધ્યાત્મસાર**માં આત્મનિશ્ચયઅધિકારમાં જણાવેલ છે કે 'સમકિતની પ્રાપ્તિ થયા પછી જ્ઞાનધારા શુદ્ધ જ હોય છે. પરંતુ યોગધારા શુભ-અશુભ એમ વિવિધ પ્રકારે પ્રવર્તે છે. કેમ કે યોગધારાના કારણભૂત કર્મ-નિમિત્તાદિ સતત બદલાતા હોય છે. સમકિતીની જ્ઞાનધારા સદૈવ શુદ્ધ જ હોવાના લીધે બધી ય અવસ્થાઓમાં સમ્યગ્દષ્ટિ આત્મા વિશુદ્ધ જ હોય છે. પરંતુ સમકિતીની યોગધારા = ક્રિયાધારા પરિવર્તનશીલ હોવાથી સમકિતીનો ભાવ = અંતઃકરણનો અધ્યવસાય જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ - એમ તારતમ્યને ધરાવે છે.'

### ❊ સમકિતી પોતાના સિદ્ધપર્યાયની ઉપેક્ષા ન કરે ❊

આ રીતે સર્વ દશામાં વિશુદ્ધ એવા સમ્યગ્દર્શની સાધકને અવિદ્યાઆશ્રવનો ઉચ્છેદ થયેલ હોવાથી 'પોતાનું આત્મસ્વરૂપ સિદ્ધસમાન જ છે. પોતે સિદ્ધોની નાતનો છે. સિદ્ધનો સાધર્મિક છે' - એવું અંદરમાં સાક્ષાત્ અનુભવાય છે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ના શ્લોકનું અનુયોજન કરવું. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'યોગી પુરુષો વિદ્યાનું અંજન પોતાની દૃષ્ટિમાં કરે છે. આવી દૃષ્ટિથી અવિદ્યાસ્વરૂપ અંધકારનો નાશ થતાં તેઓ પોતાના આત્મામાં જ પરમાત્માનું સાક્ષાત્ (= ઈન્દ્રિયાદિની સહાય વિના) દર્શન કરે છે.' સ્વાત્મામાં પરમાત્મસ્વરૂપની અનુભૂતિ જેમ જેમ પ્રકૃષ્ટ થતી જાય, તેમ તેમ 'સર્વ જીવો પણ સિદ્ધ તુલ્ય છે' - આવું તેને સ્વતઃ પ્રતીત થાય છે. સર્વ જીવોમાં સિદ્ધપર્યાયની ઉત્પ્રેક્ષા-પ્રતીતિ કરવા છતાં પણ પોતાના સિદ્ધપર્યાયની તે સમકિતી ઉપેક્ષા કરતો નથી. સતત તે અંદરમાં જ ઠરવાનો પ્રયત્ન કરે છે. તેથી પોતાના શુદ્ધભાવો પ્રગટે છે. આ રીતે અંતર્મુખતા (=નિજઆત્મસન્મુખતા) વગેરેના બળથી આ અવસ્થામાં ઈંદ્રિયો શબ્દાદિ વિષયોથી પાછી ફરે છે. આ રીતે અહીં પ્રત્યાહાર પ્રકૃષ્ટ થાય છે. મિથ્યાદષ્ટિ લોકો જેવા ભાવને અંદરમાં ઉભા કરવા એ લોકપંક્તિ કહેવાય. આવું **યોગબિંદુવૃત્તિ**માં જણાવેલ છે. તેવી લોકપંક્તિને અંતર્મુખતા, વૈરાગ્યાદિ ભાવોના બળથી જ સમ્યગ્દષ્ટિ સંપૂર્ણપણે છોડે છે.

### ❋ તપ્તલોહપદ ન્યાસ ❋

આગમમાં પાપના જે ફળ જણાવેલ છે, તેની તેને સારી રીતે શ્રદ્ધા હોય છે. તેથી જ ઘર -દુકાન વગેરેના આરંભ-સમારંભ વખતે પણ પાપભીરુતાના લીધે તેની ચિત્તવૃત્તિ સકંપ હોય છે. તપેલા લોખંડના લાલચોળ ગોળા ઉપર ખુલ્લો પગ મૂકતાં જેવી કંપારી જાગે તેવી કંપારી આરંભ -સમારંભાદિ સમયે તે અનુભવે છે. ત્યારે પણ સંવેગથી ઝળહળતી તેની ચિત્તવૃત્તિ હોય છે. આ વાત **યોગદૃષ્ટિ સમુચ્ચય, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં જણાવેલી છે. સતત વૈરાગ્યભાવના, યોગભાવના વગેરેના બળથી સ્થિરા દૃષ્ટિમાં વર્તતો સમકિતી જીવ ભોગના સંસ્કારોને ઘસી નાંખે છે. આ રીતે તે ભોગસંસ્કારનો ભોગ બનતો નથી પણ ભોગસંસ્કારનો ભોગ લે છે, ભોગસંસ્કારોનું અતિક્રમણ (Overtake) કરે છે. આ વાત **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં સ્પષ્ટ છે. સમ્યગ્દષ્ટિ જીવ સતત જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી, રાગાદિ ભાવકર્મથી અને શરીરાદિ નોકર્મથી મુક્તિ = છૂટકારો મેળવવા ઈચ્છે છે. તેથી **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ગ્રંથિભેદ કરનાર સમકિતી જીવનું મન પ્રાયઃ મોક્ષમાં હોય છે અને તન (= શરીર) સંસારમાં હોય છે.' તેથી જ **યોગબિંદુ**માં દર્શાવેલ તાત્ત્વિક ભાવયોગનો અહીંથી પ્રારંભ થાય છે.

## ❖ યોગસિદ્ધિફળની પ્રાપ્તિ ❖

આ રીતે પ્રતિદિન પ્રશસ્ત પરિણામની પ્રકૃષ્ટ વૃદ્ધિ અહીં ઉપલબ્ધ થાય છે. તે યોગસિદ્ધિના ફળ તરીકે **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં દેખાડેલ છે. 'હું દેહાદિથી તદ્દન જુદો, શાશ્વત અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપવાળો આત્મા છું' - આ પ્રમાણે પોતાની અપરોક્ષ અનુભૂતિ થવાના લીધે તે સમકિતી સાધક 'હું શરીર છું' - આવી બુદ્ધિસ્વરૂપ દેહવાસનાને સંપૂર્ણતયા છોડે છે. આ વેદ્યસંવેદ્યપદનો પ્રભાવ જાણવો. હેય-ઉપાદેય વસ્તુનું યથાર્થપણે = હેય-ઉપાદેયસ્વરૂપે સંવેદન કરવાની ભૂમિકામાં ગોઠવાઈ જવાનો આ મહિમા છે. વેદ્યસંવેદ્યપદનું બીજું નામ **યોગદૃષ્ટિસમુચ્ચયવ્યાખ્યામાં** 'સત્પ્રવૃત્તિપદ' જણાવેલ છે.

## ❖ ભોગચેષ્ટા શરમજનક ❖

તમોગ્રંથિનો અત્યંત ભેદ થવાના લીધે ચક્રવર્તી વગેરેના ભોગસુખસ્વરૂપ એવી પણ તમામ સાંસારિક ચેષ્ટા તેને બાળક ધૂળમાં ઘર બનાવીને રમત રમે તેવી લાગે છે. કારણ કે ધૂળ જેમ સ્વભાવથી અસુંદર છે તથા અસ્થિર છે તેમ ભોગસુખો સ્વભાવથી જ ખરાબ તથા અસ્થિર છે. તેથી તેવી ભોગચેષ્ટા તેને શરમ માટે બને છે. મતલબ કે ચક્રવર્તી વગેરેના ભોગસુખો મળી જાય તો પણ તેને તેવી પ્રવૃત્તિમાં શરમ આવે છે. સ્થિરાદૃષ્ટિમાં વર્તતા સમકિતીને પોતાની અંદર એવો પ્રતિભાસ થાય છે કે "આ કામભોગો **(A)** મોહજન્ય છે, **(B)** મોહના હેતુ છે, **(C)** મોહસ્વરૂપ-અજ્ઞાનસ્વરૂપ છે, **(D)** મૂઢતાના અનુબંધવાળા છે, **(E)** સંક્લેશજન્ય છે, **(F)** સંક્લેશના જ કારણ છે, **(G)** સંક્લેશ સ્વરૂપ છે, **(H)** સંક્લેશના અનુબંધવાળા છે, **(I)** તત્કાલ મારનાર ઝેર જેવા છે, **(J)** દિવસે આવતા સ્વપ્નો જેવા મિથ્યા-આભાસિક નિષ્ફળ છે, **(K)** ઈન્દ્રજાળની જેમ માયામય-અવિદ્યામય છે, **(L)** અત્યંત ક્રોધે ભરાયેલા સાપની ફેણના ફેલાવા જેવા એકાન્તે અનર્થદાયી છે, (M) દારુણ વિપાકવાળા છે, **(N)** પગની અંદર ખૂંચી ગયેલા ઝેરી કાંટા જેવા અંદરમાં સતત ભોંકાય છે, **(O)** અતિદીર્ઘ ભવભ્રમણનું કારણ છે, **(P)** અનેક વાર અનેક પ્રકારની દુર્ગતિને દેનારા છે, **(Q)** સેંકડો દોષોથી ખદબદતા છે, **(R)** ક્ષણભંગુર છે, **(S)** પાપના ઉદયમાં શરણ બનનારા નથી, **(T)** કેળાના ઝાડના થડના મધ્યભાગની જેમ પોકળ છે, દમ વિનાના છે, અસાર છે, **(U)** અશુચિ-અપવિત્ર છે, **(V)** સર્વથા ત્યાજ્ય છે, **(W)** મોટા બંધનસ્વરૂપ છે, **(X)** અનંત આનંદાદિ આત્મવિભૂતિને ઠગનારા છે, લૂંટનારા છે, **(Y)** ભડભડતા દાવાનળ સમાન છે, **(Z)** અનાત્મસ્વરૂપ છે. આ કામભોગો મારું સ્વરૂપ નથી." વેદ્યસંવેદ્યપદના પ્રભાવથી સ્થિરા દૃષ્ટિમાં આવો પ્રતિભાસ અંદરમાં એકદમ સ્પષ્ટપણે થતો હોય છે, સહજપણે થતો હોય છે, પરોપદેશ વિના પણ થતો હોય છે.

## ❖ માત્ર જ્ઞાનજ્યોત પારમાર્થિક ❖

પોતાના અંદરમાં સ્પષ્ટપણે પ્રતીયમાન કેવળ શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપ પરંજ્યોતિ જ પરમાર્થસત્ સ્વરૂપે લાગે છે. શુદ્ધ જ્ઞાનજ્યોત જ તાત્ત્વિકપણે અનુભવાય છે. તે સિવાયના સંકલ્પ, વિકલ્પ, ચિંતા, આશા, સ્મૃતિ, કલ્પના, આંતરિક બબડાટ વગેરે તેને ભ્રાન્ત લાગે છે. ભ્રમવિષય તરીકે જણાય છે. તેથી જ સ્થિરા દૃષ્ટિને આશ્રયીને **દ્વાત્રિંશિકા પ્રકરણમાં મહોપાધ્યાયજીએ** જણાવેલ છે કે "સ્થિરા દૃષ્ટિમાં માત્ર જ્ઞાનસ્વભાવસ્વરૂપ શ્રેષ્ઠજ્યોતિરૂપ આત્મા જ તત્ત્વરૂપે (= પરમાર્થ સ્વરૂપે) જણાય છે. તે સિવાયનું બધું વિકલ્પશય્યા ઉપર આરૂઢ થયેલું ઉપદ્રવસ્વરૂપે, ભ્રાન્તરૂપે જણાય છે."

## ❀ સ્થિરાદૃષ્ટિનો પ્રકર્ષ ❀

આ રીતે સાધકનું અંતઃકરણ સંવેગ-નિર્વેદથી વણાયેલું હોય છે. તેથી તે (૧) મોહના અનુબંધોને અત્યંત શિથિલ કરે છે. (૨) પુત્રાદિ પ્રત્યેના સ્નેહના બંધનોને તોડે છે. (૩) કુશલ અનુબંધવાળી પ્રજ્ઞાને દૃઢપણે ભાવિત કરે છે. (૪) મોહની ધૂળને ખંખેરી નાંખે છે. (૫) સંસારની વિકૃતિઓની સમાલોચના મધ્યસ્થભાવે કરે છે. (૬) મૂઢતાને અત્યંત ફેંકી દે છે. (૭) મોહચેષ્ટાને ઘટાડે છે. (૮) ભોગસુખ વગેરેના સંક્લેશમાંથી આપમેળે જ પાછો ફરે છે. (૯) પ્રશાંત દશાને સ્વીકારે છે. (૧૦) તત્ત્વોને તાર્કિક રીતે વિચારે છે. (૧૧) યોગસાધનામાં નામર્દાનગીને મૂળમાંથી ઉખેડી નાંખે છે. (૧૨) મોહશત્રુ પ્રત્યે પરાક્રમને પ્રગટ કરે છે. (૧૩) કર્મમલને દૂર કરે છે. (૧૪) ભવપરંપરાને છેદે છે. (૧૫) કુશળ પરિણામને ચોતરફથી વધારે જ રાખે છે. (૧૬) અવિદ્યાજન્ય વિકલ્પોના સારી રીતે ચૂરેચૂરા કરી નાંખે છે. (૧૭) કામવાસના સંબંધી ઉપાદેયબુદ્ધિને ફાડી નાંખે છે. (૧૮) ઉત્કટ રાગ -દ્વેષ વગેરેને પોતાની તાકાતથી ભેદી નાંખે છે. (૧૯) કર્મને આત્મઘરમાં ઘૂસવાના દરવાજાઓને પોતાની પ્રજ્ઞાથી વિશેષ રીતે નીરખે છે. (૨૦) પોતાના નિરુપાધિક = સ્વાભાવિક ચૈતન્ય સ્વરૂપનું અનુસંધાન કરીને સતત પોતાની જાતને સિદ્ધસ્વરૂપની સાથે, મોક્ષની સાથે જોડે છે. (૨૧) તેથી જ તેની કામભોગાદિ સંબંધી પ્રવૃત્તિમાં પણ અત્યંત સંકલેશ મુખ્યપણે વણાયેલો નથી હોતો. પરંતુ તથાવિધ ભોગકર્મના ઉદયથી આવી પડેલા પરિણામ માત્રથી જ તેની બાહ્ય આકારમાત્ર સ્વરૂપે - કેવળ દેખાવરૂપે કામભોગાદિની પ્રવૃત્તિ હોય છે. તથા અકુશળ અનુબંધથી તે રહિત હોય છે. મતલબ કે સમકિતીની કર્મોદયપ્રેરિત ભોગપ્રવૃત્તિના ખરાબ અનુબંધ પડતા નથી. નિર્મળ સમ્યગ્દર્શનથી વણાયેલી સ્થિરા દૃષ્ટિનો આ પ્રકર્ષ સમજવો. અહીં સમ્યગ્ યોગદૃષ્ટિ હોય છે પણ યોગદશા પ્રાયઃ નથી હોતી. આ વાત ધ્યાનમાં લેવી.

## ❋ કાન્તાદૃષ્ટિની કાન્તિને ઓળખીએ ❋

ત્યાર બાદ યોગી 'કાંતા' નામની છઠ્ઠી યોગદૃષ્ટિમાં પ્રવેશે છે. ત્યારે અપ્રશસ્ત એવી મન -વચન-કાયાની પ્રવૃત્તિ ભારબોજરૂપે અનુભવાય છે. સંસારને વેંઢારવો અસહ્ય બને છે. 'પોતાનો નિર્વિકલ્પ ચૈતન્યસ્વભાવ જ સારભૂત છે, પરમાર્થ છે' - આવું અંદરમાં પ્રતીત થાય છે. તેથી મન, વચન, કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ પણ કાંઈક અંશે બોજરૂપ લાગે છે. પરમ શાંત નિવૃત્તિમય એવા આત્મદ્રવ્યના પરમાનંદ રસનો આસ્વાદ માણવાથી નિર્મળ સમ્યગ્દૃષ્ટિનું અંતઃકરણ બાહ્ય પ્રવૃત્તિનો ઈન્કાર કરે છે. અનાદિકાલીન બહિર્મુખી ચિત્તવૃત્તિપ્રવાહ ઉપર આત્મજ્ઞાનગર્ભિત વૈરાગ્યશસ્ત્રનો પ્રહાર પડે છે. તેથી તે અત્યંત જર્જરિત થાય છે. ચિત્તવૃત્તિની બહારમાં ઉત્સુકતા મરી પરવારે છે. પ્રવૃત્તિરહિત થવાના પ્રણિધાનની તીવ્રતાના લીધે, ન છૂટકે, કર્મોદયના ધક્કાથી પ્રેરાયેલી અનિવાર્ય સાંસારિક પ્રવૃત્તિમાં નીરસપણે નિર્મલસમ્યગ્દર્શની જોડાય છે. પોતાના આત્મદ્રવ્ય તરફ જ ચિત્તવૃત્તિપ્રવાહને સતત વહેવડાવવા સ્વરૂપ આત્મરમણતા માટે નિર્મળ સમ્યગ્દૃષ્ટિ ઝંખે છે. પોતાના ચૈતન્યસ્વરૂપમાં ઠરવા માટે તે તડપે છે. કર્માતીત-કલ્પનાતીત-કરણાતીત (= ઈન્દ્રિયાતીત) ચેતનદ્રવ્યમાં લીન થવા માટે તે ઝૂરે છે. પોતાના નિષ્પ્રપંચ આત્મસ્વરૂપમાં મગ્ન થવા માટે જ તે મથામણ કરે છે. આવી ઝંખના, તડપન (= શ્રદ્ધા), ઝૂરણા (= સંવેગ), મથામણ (= પ્રયત્ન) વગેરે વધુ ને વધુ સઘન બનતા જાય છે, પ્રકૃષ્ટ બનતા જાય છે. આ રીતે પોતાના પરમાત્મતત્ત્વની જ

ધારણા કરવામાં અંતઃકરણ સ્વરસથી સહજપણે પ્રવર્તે છે. તેથી જ સાંસારિક પ્રવૃત્તિઓથી તે ઘેરાયેલ હોવા છતાં સાંસારિક પ્રવૃત્તિમાં રુચિ-તલપ-અભિલાષા-તન્મયતા વગેરે આવતી નથી, જાગતી નથી. તથા પોતાના વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં અભિલાષા વગેરે જાગે જ છે. આ અંગે **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'ગ્રંથિભેદ કરવાના લીધે ઉત્તમ = શુદ્ધ એવા ભાવને = નિજસ્વભાવને જોતો સાધક સાંસારિક પ્રવૃત્તિ વગેરેથી ઘેરાયેલ હોવા છતાં પણ રાગાદિશૂન્ય નિજસ્વભાવમાં તેનું ચિત્ત ચોંટતું નથી - એવું નથી.'

**❈ લોકસંજ્ઞાને - લોકવાસનાને છોડીએ ❈**

ભવવિરક્ત સાધક પોતાની શક્તિને છૂપાવ્યા વિના બિનજરૂરી પાપપ્રવૃત્તિને છોડે છે. જીવનનિર્વાહ માટે જરૂરી એવી પણ પાપપ્રવૃત્તિને તે ઘટાડે છે. ધર્મમાં શિથિલ એવા અનેક લોકોએ જે આચરેલું હોય તેને જ આચરવાની અભિરુચિ સ્વરૂપ લોકસંજ્ઞાને તે પૂરેપૂરી છોડે છે. તેમજ નવા -નવા અનેક લોકોનો પરિચય કરવાની આસક્તિ અને તેઓના મનને ખુશ કરવાની આસક્તિ સ્વરૂપ લોકવાસનાને પણ તે પૂર્ણતયા છોડે છે. સમ્યગ્ યોગદશા અહીં પ્રગટ થાય છે.

**❯ દેશવિરતિધર્મરત્નયોગ્ય એકવીસગુણસંપન્ન ❯**

દેશવિરતિ વગેરે સ્વરૂપ ધર્મરત્નના એકવીસ ગુણો અહીં પ્રગટ થાય છે. શ્રી**શાંતિસૂરિજી**એ **ધર્મરત્ન પ્રકરણ**માં જણાવેલ છે કે - "એકવીસ ગુણોથી જે યુક્ત હોય તે વ્યક્તિ દેશવિરતિ વગેરે સ્વરૂપ ધર્મરત્નને યોગ્ય છે. તે ગુણો આ પ્રમાણે છે - (૧) અક્ષુદ્ર, (૨) રૂપવાન, (૩) સૌમ્ય સ્વભાવવાળો, (૪) લોકપ્રિય, (૫) અક્રૂર, (૬) ભીરુ, (૭) અશઠ, (૮) દાક્ષિણ્યવાળો, (૯) લજ્જાળુ, (૧૦) દયાળુ, (૧૧) મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિવાળો, (૧૨) ગુણાનુરાગી, (૧૩) સારી કથા કરવાવાળો, (૧૪) સારા કુળમાં જન્મેલો, (૧૫) સૂક્ષ્મ દીર્ઘદૃષ્ટિવાળો, (૧૬) વિશેષજ્ઞ, (૧૭) વડીલને અનુસરનાર, (૧૮) વિનયી, (૧૯) કૃતજ્ઞ, (૨૦) પરના હિતને કરનાર તથા (૨૧) લક્ષ્યને પકડનાર (ચકોર)." મહદ્ અંશે આવા ગુણો અહીં પ્રગટેલા હોય છે. શ્રી**નેમિચન્દ્રસૂરિજી**એ **પ્રવચનસારોદ્ધાર**માં, શ્રી**રત્નશેખર-સૂરિજી**એ **સંબોધસિત્તરી**માં તથા શ્રી**વર્ધમાનસૂરિજી**એ **આચારદિનકર**માં શ્રાવકના આ જ એકવીસ ગુણો દર્શાવેલા છે. શ્રી**ચન્દ્રપ્રભસૂરિજી**એ રચેલ **દર્શનશુદ્ધિ પ્રકરણ**નું બીજું નામ **સમ્યક્ત્વપ્રકરણ** છે. તેમાં તથા **ઉદયપ્રભસૂરિ**કૃત **ધર્મવિધિવૃત્તિ**માં પણ આ જ એકવીસ ગુણો સમ્યક્ત્વાદિ ધર્મરત્નને યોગ્ય જીવના જણાવેલ છે. એ જ રીતે **પુષ્પમાલા** ગ્રંથમાં શ્રી**હેમચંદ્રસૂરિજી**એ દર્શાવેલા દેશવિરતિપ્રાયોગ્ય ગુણો પણ અહીં કાંતાદૃષ્ટિમાં પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે '(૧) સંવેગથી ભાવિત મનવાળો, (૨) સમ્યગ્દર્શનમાં નિશ્ચલ, (૩) સ્થિરપ્રતિજ્ઞાવાળો, (૪) વિશેષ રીતે જિતેન્દ્રિય, (૫) માયારહિત, (૬) પ્રજ્ઞાપનીય = કદાગ્રહશૂન્ય, (૭) કૃપાળુ, (૮) સાધુધર્મમાં પણ કુશળ, (૯) પ્રાજ્ઞ, (૧૦) જિનાજ્ઞામાં રુચિવાળો, (૧૧) સુશીલ અને (૧૨) દેશવિરતિના સ્વરૂપને વિશેષ પ્રકારે જાણનાર સાધક દેશવિરતિનો અધિકારી છે.'

**● તાત્ત્વિક વિરતિપરિણામથી ગુણો ગુણાનુબંધી થાય ●**

આ રીતે સદ્ધર્મની સાધના અને સદ્ગુણ - આ બન્નેના પ્રભાવથી મોટા ભાગે કાન્તા નામની છઠ્ઠી યોગદૃષ્ટિમાં બે થી નવ પલ્યોપમ જેટલી મોહનીય વગેરે કર્મની સ્થિતિને ખપાવીને સાધક દેશવિરતિની

તાત્ત્વિક પરિણતિને મેળવે છે. વિરતિપરિણામના પ્રભાવથી અહીં ગુણો ગુણાનુબંધી બને છે. પ્રગટ થયેલા ગુણો અપ્રગટ અનેક ગુણોને ખેંચી લાવે તેવી આત્મદશા કાંતા દૃષ્ટિમાં વર્તતા ભાવશ્રાવકની હોય છે.

### * વચનાનુષ્ઠાન-વચનક્ષમા વગેરેનો પ્રારંભ *

**ષોડશક** પ્રકરણનો સંવાદ દેખાડવા દ્વારા પૂર્વે (૧૬/૫) વર્ણવેલ વચનાનુષ્ઠાનનો તાત્ત્વિકપણે અહીંથી આંશિક પ્રારંભ થાય છે. **ષોડશક**માં બતાવેલ વચનક્ષમા વગેરે પણ કાન્તા દૃષ્ટિથી જ અંશતઃ શરૂ થાય છે. **ષોડશક** ગ્રંથમાં દર્શાવેલ કુશલઆશય સ્વરૂપ પ્રણિધાન અને પ્રવૃત્તિ - બન્નેને અહીં તાત્ત્વિક જાણવા.

### ❖ ભાવશ્રાવકના ક્રિયાસંબંધી છ લક્ષણ ❖

**ધર્મરત્નપ્રકરણ**માં ભાવશ્રાવકના ક્રિયાસંબંધી છ લક્ષણ બતાવેલા છે. (૧) અણુવ્રતાદિને ધારણ કરે, (૨) શીલને પાળે, (૩) સ્વાધ્યાય-વિનયાદિ ગુણોથી શોભે, (૪) સરળ વ્યવહાર રાખે, (૫) ગુરુની સેવા કરે તથા (૬) સૂત્ર-અર્થ-ઉત્સર્ગ-અપવાદાદિમાં વિચક્ષણતા મેળવવા દ્વારા પ્રવચનકુશળ બને. આ છ લક્ષણના અવાન્તર અનેક ભેદ-પ્રભેદો **ધર્મરત્ન પ્રકરણ**માં શ્રી**શાંતિસૂરિજી**એ વર્ણવેલ છે. મોટા ભાગે તે અહીં પ્રગટ થાય છે.

### ✡ ભાવશ્રાવકના ભાવસંબંધી સત્તર લક્ષણ ✡

**ધર્મરત્ન પ્રકરણ**માં જ ભાવશ્રાવકના ભાવસંબંધી સત્તર લિંગો જણાવેલ છે. તે આ મુજબ સંક્ષેપમાં જાણવા. (૧) પત્નીને વશ ન થવું, (૨) ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, (૩) ધનમાં સંતોષ રાખવો, (૪) સંસારમાં રતિ ન કરવી, (૫) વિષયોમાં ગૃદ્ધિ ન કરવી, (૬) મહાઆરંભ-સમારંભ બને ત્યાં સુધી છોડવા, (૭) બંગલાને બંધન માનવું, (૮) સમ્યગ્દર્શનમાં સ્થિર રહેવું, (૯) ઘેટાવૃત્તિને = ગતાનુગતિક વૃત્તિને છોડવી, (૧૦) આગમમાં બતાવેલ વિધિને પાળવાનો ભાવ રાખવો, (૧૧) યથાશક્તિ દાનાદિમાં રુચિ-પ્રવૃત્તિ, (૧૨) ધર્મપ્રવૃત્તિ કરવામાં શરમાવું નહિ. દા.ત. જિનપૂજા માટે ધોતિયું પહેરીને દેરાસર જવામાં લાજ-શરમ ન રાખવી, (૧૩) કોઈ પ્રત્યે તીવ્ર રાગ-દ્વેષ ન કરવા, (૧૪) મધ્યસ્થતા રાખવી, (૧૫) સ્વજનો પ્રત્યે મમતા ન કરવી, (૧૬) દાક્ષિણ્યથી સંસારમાં પ્રવૃત્તિ કરે, (૧૭) નિરાશંસભાવે ગૃહવાસને પાળે. ભાવશ્રાવકના આ સત્તર લિંગો પ્રાયઃ કાંતા દૃષ્ટિમાં પ્રકૃષ્ટ બને છે.

### ❀ અનુષ્ઠાનમાં ૨૫ શુદ્ધિઓને જાળવીએ ❀

કાંતા દૃષ્ટિમાં વર્તતા મતિમાન શ્રાવક સ્વભૂમિકાને યોગ્ય એવા અનુષ્ઠાનમાં પ્રવર્તતી વખતે પ્રાયઃ કરીને નીચેની શુદ્ધિને જાળવે છે. તે આ રીતે - (૧) ધનશુદ્ધિ, (૨) દાન વખતે પાત્રશુદ્ધિ, (૩) સુપાત્રાદિ દાનમાં આપવા યોગ્ય દ્રવ્યની શુદ્ધિ, (૪) જિનાલયનિર્માણાદિમાં ભૂમિશુદ્ધિ, (૫) કયા દેશમાં કે રાજ્યમાં ધંધો, વસવાટ વગેરે કરવો ? તે અંગે દેશશુદ્ધિ, (૬) કાળશુદ્ધિ, (૭) બહાર નીકળતા નાડી શુદ્ધિ, (૮) ગજરાજદર્શનાદિ શુકનશુદ્ધિ, (૯) જિનાલય-જિનપ્રતિમાદિના માધ્યમે મહાપૂજા -ધ્યાનાદિમાં આલંબનશુદ્ધિ, (૧૦) વિધિ સાચવવા દ્વારા ક્રિયાશુદ્ધિ, (૧૧) ઉત્સાહાદિ દ્વારા સત્ત્વશુદ્ધિ, (૧૨) યોગ્ય વ્યક્તિના માધ્યમથી કાર્ય કરાવવા દ્વારા સાધનશુદ્ધિ, (૧૩) સ્વપ્રયત્નસાધ્ય યતનાદિ જાળવવા દ્વારા સાધ્યશુદ્ધિ, (૧૪) સત્કાર્યસાધક યોગ્ય બાહ્ય સામગ્રીનું સંપાદન કરવા સ્વરૂપ હેતુશુદ્ધિ, (૧૫) ધર્મક્રિયામાં બાહ્ય સ્વરૂપશુદ્ધિ, (૧૬) સત્કાર્ય-સદ્ગુણાદિની પરંપરાની જનક આંતરિક અનુબંધશુદ્ધિ,

(૧૭) તર્ક વગેરેથી શાસ્ત્રતાત્પર્યને સ્પષ્ટ કરીને પ્રવૃત્તિ કરવા દ્વારા ઐદંપર્યશુદ્ધિ, (૧૮) ઉત્સર્ગ -અપવાદાદિના સંતુલન દ્વારા ભાવશુદ્ધિ, (૧૯) તીવ્ર રાગ-દ્વેષ વિના પ્રવૃત્તિ કરવા દ્વારા પરિણામવિશુદ્ધિ, (૨૦) કાર્ય કરવાની પોતાની શક્તિ-આવડત-ભૂમિકા-પરિસ્થિતિ વગેરે વર્તમાનકાળે છે કે નહિ? તેનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવા દ્વારા ઉપયોગશુદ્ધિ, (૨૧) સારા આશયથી કાર્ય કરવા દ્વારા ઉદ્દેશ્યશુદ્ધિ, (૨૨) શુક્લાદિ લેશ્યાશુદ્ધિ, (૨૩) ઔચિત્ય વગેરે જાળવવા દ્વારા વ્યવહારશુદ્ધિ, (૨૪) કઠોર-કડવા -કર્કશ વચનનો ત્યાગ કરવા દ્વારા ભાષાશુદ્ધિ, (૨૫) બીજાની વાતને/વિચારસરણીને સમજવાની/ સ્વીકારવાની તૈયારી વગેરે સ્વરૂપે નયશુદ્ધિ. આવી શુદ્ધિઓને આગળ કરીને સર્વદા સર્વત્ર પ્રવૃત્તિ કરવાના લીધે **ષોડશક**માં જણાવેલી પોતાના આત્માની પુષ્ટિ = પુણ્યાનુબંધી પુણ્યનો સંચય અને શુદ્ધિ = પાપક્ષયજન્ય આત્મનિર્મળતા પ્રકૃષ્ટપણે વધે છે.

## સંજ્ઞાશૈથિલ્યના લીધે ઈચ્છાયોગની વિશુદ્ધિ

આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા વગેરેનું સામર્થ્ય કાંતા દૃષ્ટિમાં અત્યંત ઘટતું જાય છે. તેથી જ **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં શ્રીહરિભદ્રસૂરિજીએ વર્ણવેલ ઈચ્છાયોગ આ અવસ્થામાં અત્યંત વિશુદ્ધ થતો જાય છે અને બળવાન થતો જાય છે.

## કાંતાદૃષ્ટિમાં તત્ત્વમીમાંસાનો ચમકારો

**યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં જણાવ્યા મુજબ કાંતા દૃષ્ટિમાં 'તત્ત્વમીમાંસા' નામનો ગુણ પ્રગટે છે. મતલબ કે ત્યારે તે સાધક અંદરમાં સંવેદનશીલ હૃદયથી એવું ઘૂંટે છે કે 'ઘર, શરીર, વાણી, ઈન્દ્રિય, મન, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, મનના સંકલ્પ-વિકલ્પ-અંતર્જલ્પ, વિચાર વગેરેથી હું અત્યંત જુદો છું. આ બધા પરાયા તત્ત્વ છે, નશ્વર છે. તે મારા નથી. હું તો એકલો છું. હું કેવલ ચૈતન્યસ્વરૂપ છું.' આવી તત્ત્વમીમાંસા છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં પ્રાયઃ હંમેશા પ્રવર્ત્તે છે. તેના કારણે જ સંસારથી ઉદ્વિગ્ન બનીને તે સંસારસાગરને તરવાને ઝંખે છે. અહીં **જ્ઞાનસાર**ની એક કારિકા યાદ કરવી. ત્યાં જણાવેલ છે કે 'તેથી અતિભયાનક સંસારસાગરથી જ્ઞાની પુરુષ હંમેશા ઉદ્વિગ્ન હોય છે. સંસારમાં ડૂબ્યા વિના તેને તરવાના ઉપાયને સર્વ પ્રયત્નથી તે ઝંખે છે.' કાંતા દૃષ્ટિમાં પ્રકૃષ્ટપણે વધતી જતી આત્મધર્મશક્તિના કારણે ભોગશક્તિ ક્રમશઃ ધીમે-ધીમે ક્ષય પામતી જાય છે.

## શ્રાવકજીવનમાં પૂર્વસેવાની પરાકાષ્ઠા

'(૧) લોકનિંદાભીરુતા, (૨) દીન-દુઃખીયા લોકોનો સામે ચાલીને ઉદ્ધાર કરવાની રુચિ, (૩) કૃતજ્ઞતા, (૪) ગંભીર-ધીર-ગુણાનુરાગી ચિત્ત હોવાના લીધે દાક્ષિણ્ય, (૫) સર્વત્ર સમ્યક્ પ્રકારે નિંદાત્યાગ, (૬) સદાચારી-સજ્જન-સંત લોકોની પ્રશંસા, (૭) આપત્તિમાં દીનતાનો અત્યંત ત્યાગ, તથા તે જ રીતે (૮) સંપત્તિમાં અત્યન્ત નમ્રતા, (૯) અવસરે પરિમિત-પથ્ય બોલવું, (૧૦) બોલેલું પાળવું, (૧૧) સ્વીકૃતવ્રત-નિયમાદિનું પાલન, (૧૨) ધર્મશાસ્ત્રાદિથી અવિરુદ્ધ એવા પોતાના કુલાચારને પાળવા, (૧૩) ખોટા ખર્ચાનો પૂરેપૂરો ત્યાગ, (૧૪) દેવ-ગુરુ-સાધર્મિકભક્તિ વગેરે યોગ્ય સ્થાનમાં = ક્ષેત્રમાં સદા ધનની વાવણી કરવી, (૧૫) વિશિષ્ટ ફળદાયી કાર્ય કરવાને વિશે પક્કડ-ટેક રાખવી, (૧૬) મદ્યપાનાદિ પ્રમાદનો ત્યાગ કરવો. (૧૭) દેશ-કાળપ્રસિદ્ધ એવા લોકાચારને પાળવા, (૧૮) સર્વત્ર

ઔચિત્યનું પાલન કરવું, (૧૯) પ્રાણ ગળામાં આવી જાય, મોત નજર સામે દેખાય તો પણ પોતાના કુળને દૂષણ લાગે તેવા નિંદનીય કાર્યોને ન જ કરવા' - આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિજીએ યોગબિંદુ**માં પૂર્વસેવાઅન્તર્ગત સ્વરૂપે જે ૧૯ સદાચાર બતાવેલા છે, તે અહીં કાંતા દૃષ્ટિમાં રહેલા શ્રાવકના જીવનમાં પરાકાષ્ઠાએ પહોંચેલા હોય છે તથા પરિપૂર્ણપણે પરિશુદ્ધ બનેલા હોય છે. કાંતા દૃષ્ટિમાં રહેલા ભાવશ્રાવકની આ અવસ્થામાં સમગ્ર યોગપૂર્વસેવા ભાવની અપેક્ષાએ, શુદ્ધ પરિણામની અપેક્ષાએ પરાકાષ્ઠાને પામે છે. આ મુજબ **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે. પોતાના નિર્વિકાર જિનસ્વરૂપની ધારણા સ્વરૂપ છઠ્ઠા યોગાંગની અહીં તાત્ત્વિક પ્રાપ્તિ થાય છે. તેના પ્રકર્ષને લીધે પોતાના પરમાત્મસ્વરૂપ સિવાય બીજે ક્યાંય તેને આનંદ આવતો નથી. આથી **ષોડશક, યોગદૃષ્ટિસમુચ્ચય, દ્વાત્રિંશિકાપ્રકરણ** ગ્રંથમાં જણાવેલ 'અન્યમુદ્' નામનો ચિત્તદોષ રવાના થાય છે.

### ❁ આક્ષેપક જ્ઞાનના પ્રભાવને પિછાણીએ ❁

**યોગદૃષ્ટિ સમુચ્ચય, દ્વાત્રિંશિકા પ્રકરણ, અધ્યાત્મસાર** વગેરે ગ્રંથોમાં જે 'આક્ષેપક જ્ઞાન'નું વર્ણન કરવામાં આવેલ છે, તે અહીં પ્રગટ થાય છે. આક્ષેપક જ્ઞાન એટલે અપૂર્વ આત્મજાગરણ. તેના પ્રભાવે સાધક ભગવાનને પોતાના જ વિશુદ્ધ નિર્વિકલ્પ અસંગ સાક્ષીમાત્ર ધ્રુવ ચૈતન્યસ્વરૂપમાં જ પૂરેપૂરી રીતે ડૂબી જવાનો દૃઢ પક્ષપાત, રસ, રુચિ, ઝંખના રહ્યા કરે છે. તેથી સંસારના ભોગસુખમાં કાયા પ્રવર્તતી હોય ત્યારે પણ તેમના અંતઃકરણને આત્મસ્વરૂપ તરફ ખેંચવાનું કામ 'આક્ષેપક જ્ઞાન' કરે છે. આક્ષેપક જ્ઞાનના પ્રભાવે તેને કામભોગો મૃગજળ જેવા તુચ્છ લાગે છે તથા અસાર લાગે છે. તે કામભોગોની સામે ચાલીને હોંશે-હોંશે ઉદીરણા કરતો નથી. તે અંગેની લાંબી-લાંબી કલ્પનાઓમાં તે અટવાતો નથી. તથા કર્મોદયથી આવી પડેલા ભોગસુખોને અસંગભાવે તે ભોગવે છે. તેથી વિષયભોગો પણ તેમના માટે સંસારમાં પરિભ્રમણનું કારણ બનતા નથી. આ અંગે નિમ્નોક્ત શાસ્ત્રવચનોની વિભાવના કરવી. (૧) 'નિશ્ચયનું આલંબન લેતા સાધકો માટે અંતરંગ પરિણામ જ પ્રમાણભૂત (=કર્મબંધ-નિર્જરાદિ ફલ પ્રત્યે સ્વતંત્રરૂપે કારણભૂત) છે' - આ મુજબ **ઓઘનિર્યુક્તિ**માં જણાવેલ છે. (૨) માત્ર બાહ્ય પ્રવૃત્તિના આધારે કર્મબંધ થતો નથી. પરંતુ 'પરિણામના આધારે કર્મબંધ થાય છે' - આ મુજબ **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં જણાવેલ છે. (૩) કર્મબંધ-નિર્જરા વગેરે પ્રત્યે 'અંતરંગ અધ્યવસાય જ પ્રમાણ છે, ઈન્દ્રિયના વિષયો (ઈન્દ્રિયપ્રવૃત્તિ) નહિ' - આ મુજબ **વ્યવહારસૂત્રભાષ્ય**માં જણાવેલ છે. (૪) 'કર્મબંધ-નિર્જરા વગેરે બાબતમાં ભાવ પ્રમાણ છે, કાયપ્રવૃત્તિ પ્રમાણ = નિયામક નથી' - આવું **ભાવકુલક**માં દર્શાવેલ છે. (૫) 'સમ્યગ્દર્શની પાપ ન બાંધે' - આ મુજબ **આચારાંગસૂત્ર**માં જણાવેલ છે. (૬) 'જ્ઞાનીએ કરેલી પ્રવૃત્તિ કર્મબંધનું કારણ બનતી નથી' - આવો **હારિભદ્રદાનઅષ્ટકવૃત્તિ**નો પાઠ **પ્રતિમાશતકવૃત્તિ**માં ઉદ્ધૃત છે. મતલબ કે સમ્યગ્દર્શનજન્ય અંતરંગ વિશુદ્ધિ, આક્ષેપક જ્ઞાન, અનાસક્ત પરિણામ વગેરેના કારણે કાંતા દૃષ્ટિમાં વર્તતા સાધકને ભોગપ્રવૃત્તિ કર્મબંધકારક બનતી નથી. (૭) **દ્વાત્રિંશિકાવૃત્તિ**માં જણાવેલ છે કે 'ગ્રંથિભેદ કરનારા સમકિતીને કુટુંબપોષણ વગેરે પ્રવૃત્તિ પણ કર્મબંધકારક નથી.'

### ❁ સાધક ઈન્દ્રિયોને છેતરે ❁

કાંતા દૃષ્ટિમાં પ્રવેશેલ ભવભીરુ શ્રાવક ભોગપ્રવૃત્તિ સમયે અંદરમાં તીવ્રપણે સંવેદન કરે છે કે 'તીવ્ર આસક્તિથી અને રતિની અનુભૂતિથી વણાયેલી એવી આ ભોગપ્રવૃત્તિ એ ખરેખર

(A) ઝાંઝવાના નીરના દૃષ્ટાંતથી તુચ્છ છે.

(B) છીપમાં ચાંદીનો ભાસ થાય તેમ માત્ર દુઃખમાં સુખનો આભાસ-પ્રતિભાસ થવા સ્વરૂપ છે.

(C) સડન, ગલન, પતન, પૂરણ વગેરે સ્વભાવથી વણાયેલ અશુચિ પુદ્ગલોનો આ નાચ છે.

(D) આ ભોગપ્રવૃત્તિ અસાર છે. તેમાં કાંઈ દમ નથી.

(E) એ અસાધ્ય રોગની મહાભયંકર પીડા સ્વરૂપ છે.

(F) એ આત્માની વિડંબના સ્વરૂપ છે.

(G) કર્મરાજાને આપવાના કર (Tax) તુલ્ય છે.

(H) ડાકણ અને શાકિની વગેરેના વળગાડ જેવી છે.

(I) આ ભોગપ્રવૃત્તિ નિર્લજ્જતાસ્વરૂપ છે.

(J) ભોગપ્રવૃત્તિ એ ઢોરનો સ્વભાવ છે, ઢોરદશા છે, પશુચેષ્ટા છે,

(K) એ સ્વચ્છંદતા સમાન છે.

(L) નવા-નવા પાપકર્મોને ભેગા કરવાના આમંત્રણ સમાન આ ભોગપ્રવૃત્તિ છે.

(M) રાગ-દ્વેષ જેવા રસી-પરુથી ખદબદતા ગૂમડા અને ફોડલાના સ્પર્શ સ્વરૂપ છે. સહેજ અડો કે તરત ફોડલો ફૂટે અને ચારે બાજુ રસી-પરુ ફેલાઈ જાય તેમ ભોગપ્રવૃત્તિને અલ્પાંશે પણ આત્મા અડકે કે તરત આત્મામાં રાગ-દ્વેષ ચોતરફ વ્યાપ્ત થઈ જાય.

(N) ઝેરી લાડુનો આસ્વાદ કરવા સ્વરૂપ ભોજનાદિ ભોગપ્રવૃત્તિ છે.

(O) પ્રાણ હરી લે તેવી ભયંકર દુર્ગંધને સૂંઘવા સ્વરૂપ આ ભોગપ્રવૃત્તિ છે.

(P) પોતાના ચૈતન્યસ્વરૂપનું વિસ્મરણ કરાવે તેવા રૂપને જોવા સમાન આ ભોગપ્રવૃત્તિ છે. સ્ત્રીરૂપદર્શન નિજસ્વરૂપદર્શનને ભૂલાવે છે.

(Q) પ્રાણહર દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિ આપણા ઉપર પડે તેવી ભોગપ્રવૃત્તિ છે.

(R) પિશાચ, વેતાલ વગેરેના ક્રૂર અવાજને સાંભળવા સમાન સંગીત-ગીતશ્રવણાદિ ભોગપ્રવૃત્તિ છે.

(S) આ ભોગવિલાસ મહાવિપત્તિ સ્વરૂપ જ છે.

(T) ખરેખર ભોગપ્રવૃત્તિ એ આત્મવંચના સ્વરૂપ છે.

(U) મહામોહસ્વરૂપ જાદુગરની નજરબંધી જેવી ભોગપ્રવૃત્તિ છે. ઠગારો મહામોહ તેમાં જે સુખરૂપતા-સારભૂતતા વગેરે ભ્રાન્ત ગુણધર્મોનું દર્શન કરાવે, તે જ તેમાં જીવને દેખાય છે. ભોગપ્રવૃત્તિની દુઃખરૂપતા-અસારતા વગેરેનું દર્શન મોહજાદુગર થવા દેતો નથી.

(V) ભોળા હરણ જેવા જીવોને બંધનમાં પાડનાર જાળસ્વરૂપ ભોગપ્રવૃત્તિ છે.

(W) તે ખરેખર નાશવંત જ છે.

(X) ભવસાગરને તરનારા આત્મા માટે ભોગપ્રવૃત્તિ એ ગળે બાંધેલ મોટી શિલા-પત્થર સમાન ભાર-બોજ સ્વરૂપ છે, ડૂબાડનાર છે.

(Y) કર્મ, કાળ, નિયતિ, સહજમળ, વિક્ષેપશક્તિ અને આવરણશક્તિ વગેરેના દોરી સંચારથી થતા નાટક સ્વરૂપ આ ભોગપ્રવૃત્તિ છે.

(Z) ભોગપ્રવૃત્તિ દુર્ગતિની પરંપરાને ઉત્પન્ન કરવા માટે સમર્થ છે.

જ્યારે હું તો નિર્વિકાર - નિષ્પ્રપંચ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું. તેથી મારે ભોગપ્રવૃત્તિનું કશું કામ નથી. મારે તેનાથી સર્યું. ભોગપ્રવૃત્તિનું કર્તૃત્વ, ભોક્તૃત્વ, તેમાં તન્મયતા-એકાકારતા-એકરૂપતા એ મારું કાર્ય નથી. કારણ કે હું તો અસંગસાક્ષી માત્ર છું. હું તેનો કર્તા-ભોક્તા ક્યાંથી બની શકું ?' ઈત્યાદિ ભાવનાથી અનિવાર્ય ભોગપ્રવૃત્તિમાં જોડાવા છતાં પણ પંચમગુણસ્થાનકવર્તી શ્રાવક ઈન્દ્રિયોને છેતરે છે.

### ❋ વિષય-કષાયને પકવીએ ❋

"ખરેખર 'હું તો ચેતન છું. શબ્દાદિ ઈન્દ્રિયવિષયો જડ છે. જાણવું, જોવું અને મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં લીન થવું એ જ મારું કાર્યક્ષેત્ર છે. વિષયોપાર્જન-ધનોપાર્જન આદિનું કર્તૃત્વ કે બાહ્ય વિષયોનું ભોક્તૃત્વ એ મારું કાર્યક્ષેત્ર નથી, અધિકારક્ષેત્ર નથી. એ ઈન્દ્રિય, મન, કર્મ, કાયા વગેરેનું કાર્યક્ષેત્ર છે' - આવી સ્વ-પરના વિભાગની જીવંત સમજણ સદા માટે જાગૃત હોવાના લીધે ઈન્દ્રિયવિષયથી વિરક્ત સાધક ભગવાન કાયાથી વિષયભોગમાં પ્રવૃત્તિ કરવા છતાં આક્ષેપકજ્ઞાનના પ્રભાવે સત્‌માં = પરમાર્થસત્‌માં = શાશ્વત શુદ્ધ નિજચૈતન્યસ્વરૂપમાં પરમ પ્રીતિથી પોતાની અંતરંગ પરિણતિને લીન (= સત્‌માં ભાવનો વિનિયોગ = સદ્‌ભાવવિનિયોગ) કરવા દ્વારા ઈન્દ્રિયોને છેતરવા માટે સમર્થ બને છે" - આ પ્રમાણે **અધ્યાત્મસાર**માં જણાવેલ બાબત અહીં યથાર્થપણે ચરિતાર્થ થાય છે. આ રીતે ઈન્દ્રિયની વિષયાસક્તિને પકવવા દ્વારા કાંતા દૃષ્ટિમાં રહેલો સાધક ઈન્દ્રિયની વિષયાસક્તિને મૂળમાંથી ઉખેડે છે - તેમ જાણવું. તે જ રીતે **સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાપ્રકરણ**ની એક કારિકાને પણ અહીં કાંતા દૃષ્ટિમાં જ ચરિતાર્થ થવાનો, પગપેસારો કરવાનો પરમાર્થથી અવસર મળે છે. ત્યાં શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિજી**એ મુક્ત મનથી સ્પષ્ટપણે જણાવેલ છે કે 'આત્મજ્ઞાની કુશળ પુરુષને ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિ કરવા માટે કોઈ શાસ્ત્રીય વિધિની કે નિષેધની અપેક્ષા મહદ્ અંશે રહેતી નથી. તેવી મર્યાદા તેમને અત્યંત બાંધી શકતી નથી. કારણ કે અજ્ઞ વ્યક્તિ માટે રાગાદિજનક ગણાતું આચરણ પણ જ્યારે આત્મસ્થ ભાવે કરાય છે, ત્યારે તે જ આચરણ આત્મજ્ઞાની માટે કષાયને પકવવા દ્વારા કષાયને ઉખેડવાનું જ સાધન બની જાય છે.' આ રીતે ઈન્દ્રિયોને છેતરવા દ્વારા તથા અપ્રશસ્ત રાગ-દ્વેષ-કષાયને પકવવા-ખંખેરવા દ્વારા તાત્ત્વિક ઔદાસીન્ય પરિણતિ કાંતા દૃષ્ટિમાં પ્રગટ થાય છે.

### ❋ ઔદાસીન્ય અમૃતરસાંજન ❋

આ અંગે **વિજયસિંહસૂરિજી**એ **સામ્યશતક**માં જણાવેલ છે કે 'રાગ-દ્વેષનો પૂરેપૂરો ત્યાગ કરીને ઈન્દ્રિયવિષયોમાં આત્માર્થી સાધકની પ્રવૃત્તિ થાય એ (પણ) ઔદાસીન્ય છે. અમર થવા માટેનું તે રસાંજન છે.' પૂર્વે (૧૫/૨-૧૦) આ સંદર્ભ દર્શાવેલ તેનું અહીં અનુસંધાન કરવું. મતલબ એ છે કે કેવળ કર્મોદયના ધક્કાથી ઈન્દ્રિયપ્રવૃત્તિ ચાલતી હોય ત્યારે પણ 'મારે અને પાંચ ઈન્દ્રિયોને કે ઈન્દ્રિયવિષયોને કોઈ સંબંધ નથી. હું તો તેનાથી તદ્દન જુદો છું, છૂટો છું. ઈન્દ્રિય મારું સ્વરૂપ નથી. કર્માધીન બનેલી ઈન્દ્રિયોને જ્યાં જવું હોય ત્યાં જાઓ. મારે તો મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં જ ઠરવું છે. હું ઈન્દ્રિયવિષયોનો કર્તા-ભોક્તા નથી. હું તેનો અસંગ સાક્ષીમાત્ર જ છું. પરમાર્થથી તો હું ફક્ત મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો જ હું જ્ઞાતા-દૃષ્ટા છું. મારા શુદ્ધઉપયોગઘન-વિજ્ઞાનઘન સ્વભાવમાં જ હું લીન થાઉં છું' - આ રીતે રાગ-દ્વેષ વિના થતી ઈન્દ્રિયપ્રવૃત્તિના સમયે પણ તેમાં તદ્દન ઉદાસીનતા ટકી રહેવી એ જ તાત્ત્વિક મોક્ષપુરુષાર્થ છે. આ રીતે સાધક કામવાસનાને જીતે છે.

[illegible] :- આ રીતે એકાન્ત નિશ્ચયનયનું આલંબન લેવા જતાં તો નિશ્ચય-વ્યવહારસમન્વયાત્મક પ્રમાણથી નિરપેક્ષ થઈ જવાશે. તથા આવી નિરપેક્ષતા સ્વરૂપ સ્વતંત્રતાથી તો મિથ્યાત્વ આવી જાય ને ! તો પછી આવું નિરૂપણ શાસ્ત્રકારોને કઈ રીતે માન્ય બની શકે ?

## * નિશ્ચયનયને મુખ્ય કરવાના બે પ્રયોજન *

[illegible] :- ના, આ નિરૂપણમાં મિથ્યાત્વને કોઈ અવકાશ નથી. એનું કારણ એ છે કે **(A)** આ જીવે અનાદિ કાળથી (૧) 'આ કરું, તે કરું ?' - આવી કર્તૃત્વબુદ્ધિ, (૨) 'હું આમ ભોગવીશ. આ રીતે તેનો ઉપયોગ કરીશ' - આવી ભોક્તૃત્વબુદ્ધિ, (૩) દેહાધ્યાસ, (૪) ઈન્દ્રિયાધ્યાસ, (૫) કષાયાદિમય વિભાવદશા, (૬) સંકલ્પ-વિકલ્પ-અંતર્જલ્પ-આશા-ચિંતા-સ્મૃતિ-વિચાર-કલ્પના વગેરેથી વણાયેલી વિકલ્પદશા, (૭) પર્યાયદૃષ્ટિ વગેરેનો જ અત્યંત પ્રબળ અભ્યાસ કરેલ છે. તેથી તેમાં જ આ જીવ સતત વ્યગ્ર છે. તથા **(B)** બીજી બાજુ (૧) સાક્ષીભાવ, (૨) ઉદાસીનભાવ, (૩) અસંગદશા, (૪) જ્ઞાતા-દૃષ્ટાભાવ, (૫) પરમશાંત અવસ્થા, (૬) વિરક્તપરિણતિ, (૭) દ્રવ્યદૃષ્ટિ વગેરેનો તો આ જીવે બિલકુલ અભ્યાસ જ નથી કર્યો. તેથી આ જીવની **(A)** કર્તૃત્વબુદ્ધિ વગેરે સાત મલિન તત્ત્વોની વ્યગ્રતાનો ઉચ્છેદ કરવાના આશયથી તથા **(B)** સાક્ષીભાવ વગેરે સાત પવિત્ર તત્ત્વોનો અભ્યાસ આ જીવ કરે તેવા પ્રયોજનથી અહીં નિશ્ચયનયના વિષયને મુખ્ય કરવામાં આવેલ છે. વ્યવહારનય આરોપબહુલ, ઉપચારપ્રધાન, કર્તૃત્વભાવાદિપ્રેરક હોવાથી વ્યવહારનયને મુખ્ય બનાવવાથી ઉપરોક્ત બન્ને પ્રયોજન ઝડપથી સિદ્ધ થવા અતિ-અતિ મુશ્કેલ છે. માટે અહીં નિશ્ચયનયને મુખ્ય કરેલ છે.

## ❖ 'કરું-કરું' છોડીને 'ઠરું-ઠરું' માં આવીએ ❖

પ્રસ્તુત નિશ્ચયનય જીવને પોતાના (૧) નિષ્કષાય, (૨) નિર્વિકાર, (૩) નિષ્પ્રપંચ, (૪) શાશ્વત શાંતસ્વરૂપ, (૫) સહજ સમાધિમય, (૬) પરમાનંદમય તથા (૭) શુદ્ધ એવા ચૈતન્યસ્વભાવને સ્પષ્ટપણે પકડાવે છે. આવું સામર્થ્ય નિશ્ચયનયમાં છે, વ્યવહારનયમાં નહિ. 'આ કરું, તે કરું' એમ 'કરું-કરું'ની ભૂતાવળમાં તો અનંત કાળ વહી ગયો. છતાં કશું નક્કર તત્ત્વ હાથમાં ન આવ્યું. નિશ્ચયદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ, આત્મસમજણ વગર કેવળ બાહ્ય ક્રિયા દ્વારા નિજસ્વભાવ પકડાય તેમ નથી. 'કરું-કરું' ની ઘેલછા છોડીને નિજ નિષ્કષાય નિર્વિકાર ચૈતન્ય સ્વભાવમાં 'ઠરું-ઠરું' ની લાગણી પ્રગટાવવાની છે. 'આ કર, તે કર' - આ વાત વ્યવહાર કરે છે. 'બધું બહારનું છોડીને તું તારામાં ઠર, તારામાં ઠર' - આ વાત નિશ્ચયનય કરે છે. તેથી અહીં નિશ્ચયનયના વિષયની મુખ્યતા રાખવામાં આવેલી છે. તેથી પ્રમાણનિરપેક્ષતારૂપ સ્વતંત્રતા અહીં અભિપ્રેત નથી. પરંતુ ઉપરોક્ત બન્ને પ્રયોજનથી પ્રસ્તુત નિશ્ચયનયના વિષયની મુખ્યતા સ્વરૂપ સ્વતન્ત્રતા અભિપ્રેત છે. તથા આવી સ્વતંત્રતા તો મિથ્યાત્વને લાવતી ન હોવાથી શાસ્ત્રકારોને પણ માન્ય જ છે.

## ❖ પ્રયોજન મુજબ, એક નયની મુખ્યતા પણ માન્ય ❖

આ જ અભિપ્રાયથી **આવશ્યકનિર્યુક્તિ**માં **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ છે કે 'વિશેષ પ્રકારના શ્રોતાને આશ્રયીને નયવિશારદ તે-તે નયોને જણાવે.' **ઉપદેશરહસ્ય વૃત્તિ**માં **મહોપાધ્યાયજી**એ પણ જણાવેલ છે કે 'જિનેશ્વર ભગવંતનું શાસન સર્વનયાત્મક છે. તો પણ તેમાં જેવા પ્રકારની આવશ્યકતા હોય તે મુજબ અમુક ચોક્કસ નયનું અવલંબન લેવામાં કોઈ દોષ નથી.' મતલબ કે વર્તમાનમાં પોતાની

ભૂમિકાને ઝડપથી ઊંચકવાના આધ્યાત્મિક પ્રયોજનને લક્ષમાં રાખીને, ઉચિત રીતે નિશ્ચયનયને મુખ્ય બનાવવાની વાત સર્વનયમય જિનાગમમાં માન્ય જ છે. **નયરહસ્ય**માં પણ **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'પોતાના વિષયની મુખ્યતા સ્વરૂપ સ્વતંત્રતા નયને મિથ્યા બનાવવામાં પ્રયોજક નથી.' મતલબ કે પારમાર્થિક પ્રયોજનને લક્ષમાં રાખીને દરેક સુનયને પોતાના વિષયની મુખ્યતા બનાવવાની-બતાવવાની સ્વતંત્રતા છે, છૂટ છે. આ વાત સર્વજ્ઞમાન્ય છે. ટૂંકમાં અહીં નિશ્ચયનયની જે વાત કરેલ છે, તે જીવને ઉચ્છૃંખલ બનાવવા માટે નહિ પણ શાંત-વિરક્ત-ઉદાસીન-અસંગ બનાવીને સ્વસ્થ-આત્મસ્વભાવસ્થ કરવા માટે જ છે. 'જૈનદર્શન અનેકનયમય છે. તેથી તેમાં પ્રયોજન અનુસાર કોઈ એક નયની મુખ્યતાને આદરવામાં પણ કોઈ દોષ રહેલો નથી' - આ મુજબ **સ્યાદ્વાદકલ્પલતા**માં જણાવેલ છે, તે વાતને પણ અહીં ભૂલવી નહિ. આ બાબતને આગળ પણ અને પૂર્વે પણ આ જ રીતે લક્ષમાં રાખવી.

## ❊ પ્રવ્રજ્યાયોગ્ય સાધકનો ગુણવૈભવ નિહાળીએ ❊

કાંતા દૃષ્ટિમાં રહેલ સાધકમાં સંસારથી વિરક્તતા વગેરે હોવાના લીધે તે સાચા અર્થમાં પ્રવ્રજ્યાનો = દીક્ષાનો અધિકારી બને છે - તેમ જાણવું. **ધર્મબિંદુ** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે - "હવે પ્રવ્રજ્યાને યોગ્ય સાધક બતાવવામાં આવે છે. (૧) આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ હોય. (૨) વિશિષ્ટ જાતિ અને કુળથી યુક્ત હોય. (૩) ક્ષીણપ્રાયઃ કર્મમળવાળો હોય. (૪) તેથી જ જે નિર્મળ બુદ્ધિવાળો હોય. તથા (૫) '**(A)** મનુષ્યભવ દુર્લભ છે. **(B)** જન્મ એ મરણનું કારણ છે. **(C)** સંપત્તિ ચંચળ છે. **(D)** પાંચ ઈન્દ્રિયના વિષયો દુઃખનું કારણ છે. **(E)** જેનો સંયોગ થાય છે, તેનો અંતે વિયોગ નિશ્ચિત છે. **(F)** આયુષ્યનો ક્ષય થઈ રહ્યો હોવાથી પ્રતિક્ષણ 'આવીચિમરણ' છે. **(G)** ભોગસુખનો વિપાક = પરિણામ ખરેખર દારુણ = ભયાનક છે' - આ પ્રમાણે સંસારની નિર્ગુણતાને જેણે જાણી લીધી હોય. (૬) તેથી જ જે સંસારથી વિરક્ત હોય. (૭) અતિ અલ્પ કષાયવાળો હોય. (૮) જેના હાસ્ય-નિદ્રા-ભાષણ-ભોજન-મળ-મૂત્ર વગેરે અલ્પ હોય. (૯) જે કૃતજ્ઞ હોય. (૧૦) વિનીત હોય. (૧૧) પ્રવ્રજ્યા પૂર્વે પણ રાજા, મંત્રી, નગરલોક વગેરેને અત્યંત માન્ય હોય. (૧૨) જે દ્રોહકારી ન હોય. (૧૩) કલ્યાણકારી અંગોપાંગવાળો હોય. (૧૪) શ્રદ્ધાસંપન્ન હોય. (૧૫) સ્થિર હોય તથા (૧૬) દીક્ષા લેવા માટે સામે ચાલીને, સમર્પિત થઈને જે હાજર થયેલ હોય."

ચંદ્રની સોળ કળા જેવા સોળ ગુણો દ્વારા પ્રવ્રજ્યાયોગ્ય સાધક પૂરેપૂરો ખીલી ઉઠે છે. આ સોળ ગુણો મોટા ભાગે કાંતા દૃષ્ટિમાં પ્રગટ થાય છે. પ્રવ્રજ્યા એ જ્ઞાનયોગનો સ્વીકાર કરવા સ્વરૂપ છે. ખરેખર, ઉપરોક્ત ગુણોથી જે યુક્ત ન હોય, તે જ્ઞાનયોગને - પ્રવ્રજ્યાને આરાધી શકતો નથી. તથા ઉપરોક્ત સોળ ગુણોથી જે પરિપૂર્ણ હોય, તે સાધક જ્ઞાનયોગને - પ્રવ્રજ્યાને આરાધ્યા વિના રહેતો નથી. આ વાત **યોગદૃષ્ટિ સમુચ્ચયવૃત્તિ, દ્વાત્રિંશિકાવૃત્તિ** વગેરે ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવેલ છે.

## ❊ પ્રભાદૃષ્ટિમાં પ્રવેશ ❊

ભાવપ્રવ્રજ્યા માટે જરૂરી ઉપરોક્ત ગુણવૈભવને મેળવીને 'પ્રભા' નામની સાતમી યોગદૃષ્ટિમાં પ્રવેશેલા યોગીને ભેદવિજ્ઞાનના અભ્યાસના પ્રભાવથી, અસંગ સાક્ષીભાવની સાધનાના બળથી તથા ધ્યાનસાધનાના સામર્થ્યથી શરીર, ઈન્દ્રિય, મન, વચન, કર્મ, પુદ્ગલ વગેરેમાં અહંભાવ, મમત્વબુદ્ધિ

છૂટે છે. તેથી કર્મમુક્ત આત્મદ્રવ્યને પૂર્ણતયા પ્રગટાવવાની પ્રબળ પ્યાસ તેના અંતરમાં પ્રગટે છે. જ્ઞાનાવરણ વગેરે દ્રવ્યકર્મથી, રાગ-દ્વેષાદિ ભાવકર્મથી અને શરીર-ઈન્દ્રિયાદિ નોકર્મથી પોતાના આત્મદ્રવ્યને સદા માટે મુક્ત બનાવવાની, પૂર્ણપણે પ્રગટ કરવાની અભિલાષા તીવ્ર બને છે. તેથી જ તે સિવાયના અન્ય કાર્યોમાં તેને બિલકુલ રસ રહેતો નથી. બીજી તમામ ચીજનું મહત્ત્વ તેના અંતરમાંથી ખરી પડેલું હોય છે. તે જ કારણે સામે ચાલીને આવી પડેલા સારા-નરસા નિમિત્તોના બળથી ઉત્કટ રાગ-દ્વેષ તેને ઉત્પન્ન થતા નથી. તેથી જ આત્મસ્વરૂપને ગ્રહણ કરવામાં તત્પર એવી તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થાય છે, સ્થિર થાય છે. આ અંગે **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે 'જેને સર્વત્ર (= ક્યાંય પણ) સ્નેહ ઉછળતો નથી, તે-તે શુભવસ્તુ પામીને જે ખુશ થતા નથી અને તે-તે અશુભ વસ્તુને પામીને જે નારાજ થતા નથી, તે જ સાધકની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત = સ્થિર થયેલી છે.'

### આપણા ઉપયોગમાંથી રાગાદિને છૂટા પાડીએ

આત્મસ્વરૂપગ્રાહક સ્થિર પ્રજ્ઞાના બળ દ્વારા, (૧) 'મારી ઉપયોગપરિણતિમાંથી મારે અત્યંત ઝડપથી રાગાદિ ભાવોને પૂરેપૂરા જુદા પાડી દેવા છે. વિભાવ પરિણામોના બંધનમાંથી મારા ઉપયોગને સંપૂર્ણપણે મુક્ત કરવો છે' - આવા સંવેગપૂર્વક તથા (૨) 'રાગાદિ પરિણામો મારું સ્વરૂપ નથી જ' - આવી શ્રદ્ધાપૂર્વક તથા (૩) 'મારે રાગાદિનું કાંઈ જ કામ નથી. મારા ચૈતન્યસ્વભાવમાં એ માત્ર ઉપદ્રવને કરનારા છે. રાગાદિથી હું તો ત્રાસી ગયો છું' - આવા નિર્વેદપૂર્વક તમામ શુભાશુભ રાગાદિ ભાવોને પોતાની ઉપયોગપરિણતિમાંથી જુદા પાડવાનો અંતરંગ ઉદ્યમ નિરંતર પ્રવર્તવાથી શુદ્ધ ઉપયોગ પરિણતિ પ્રગટે છે તથા પ્રબળ બને છે. પરિણતિમાંથી 'અમારા રાગને દૂર કરવા શ્રદ્ધા સમર્થ છે' - આવી **ઉત્તરાધ્યયનસૂત્ર**ની વાતનું અહીં અનુસંધાન કરવું. 'રાગાદિ (૧) મારું સ્વરૂપ નથી, (૨) મારો સ્વભાવ નથી, (૩) મારો ગુણધર્મ નથી, (૪) મારું કાર્ય પણ નથી, (૫) મારે ભોગવવા યોગ્ય પણ નથી, (૬) વિશ્વાસ કરવા યોગ્ય નથી કે (૭) મારા સુખનું કારણ પણ નથી જ' - આવી દૃઢ શ્રદ્ધા આવે તો ઉપયોગમાં રાગ કેમ ભળી શકે ? તેને ઉપયોગમાંથી નીકળે જ છૂટકો. એવો આશય છે.

### પાંચ પ્રકારની પ્રજ્ઞાને પ્રગટાવીએ

આ અવસ્થામાં યોગી (૧) આશુપ્રજ્ઞ = સર્વત્ર તાત્કાલિક આત્મગ્રાહી બોધ પ્રગટે તેવી ક્ષમતાવાળા બને છે. (૨) તીવ્રપ્રજ્ઞ = તીવ્રતાથી, તન્મયતાથી, એકાકારતાથી આત્મતત્ત્વને કેન્દ્રમાં રાખી શાસ્ત્રને ગ્રહણ કરનારી પ્રજ્ઞાવાળા બને છે. (૩) તીક્ષ્ણપ્રજ્ઞ = શાસ્ત્રવચનના અને ગુરુવચનના ગૂઢ મર્મને -રહસ્યને-તાત્પર્યને પકડનારી દૃષ્ટિવાળા-પ્રજ્ઞાવાળા બને છે. (૪) મહાપ્રજ્ઞ = ક્ષુદ્રતા-તુચ્છતા-સંભ્રમ -કુતૂહલ-ઉત્સુકતાદિથી રહિત, ગંભીર, શાંત અને ઉદાત્ત એવી પ્રજ્ઞાવાળા થાય છે. તથા (૫) નૈષેધિકપ્રજ્ઞ = નૈષેધિકીપ્રજ્ઞાવાળા = 'દેહ-ઈન્દ્રિય-મન-વિભાવ-વાણી-વિકલ્પ-વિચાર-કર્મ વગેરે મારું સ્વરૂપ નથી. અશુદ્ધ ગુણો, અશુદ્ધ પર્યાયો પણ મારું સ્વરૂપ નથી, પરપરિણામોનું કર્તૃત્વ, ભોક્તૃત્વ, જ્ઞાતૃત્વ કે દૃષ્ટૃત્વ (જુઓ-૧૨/૧૦) પણ પરમાર્થથી મારામાં નથી' - આવી સર્વકાલીન સાર્વત્રિક જીવંત ભેદવિજ્ઞાનની પરિણતિવાળા હોય છે. આ છે પ્રભા દૃષ્ટિમાં પ્રવિષ્ટ પરમયોગીની પાંચ પ્રકારની પ્રજ્ઞાનો પાવન પરિચય.

### પ્રભાદૃષ્ટિમાં આત્મધ્યાન સ્થિર બને

આ રીતે પાંચ પ્રકારની પવિત્ર પ્રજ્ઞાને મેળવ્યા બાદ, આત્મસાત્ કર્યા પછી આત્મધ્યાન સ્થિર થાય

છે. કારણ કે **ષોડશક** તથા **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં બતાવેલ (૧) ખેદ, (૨) ઉદ્વેગ, (૩) ક્ષેપ (= વિક્ષેપ), (૪) ઉત્થાન, (૫) ભ્રાન્તિ, (૬) અન્યમુદ્ અને (૭) રોગ - આ સાત દોષોનો પ્રભાદૃષ્ટિવાળા યોગીમાંથી ઉચ્છેદ થયેલ છે. તેમજ પોતાના આત્મતત્ત્વનો જ તાત્ત્વિક પક્ષપાત, આત્મતત્ત્વને જ પ્રગટ કરવાનું પ્રબળ પ્રણિધાન વગેરે આત્મામાં છવાયેલ હોય છે. આથી તેનું પણ બળ પ્રાપ્ત થવાથી અહીં આત્મતત્ત્વનું ધ્યાન સ્થિરતાને ભજે છે, ધારણ કરે છે. 'મારું આત્મતત્ત્વ તો (૧) દેહાતીત (= દેહભિન્ન), (૨) ઈન્દ્રિયાતીત (= ઈન્દ્રિયશૂન્ય), (૩) વચનાતીત (= શબ્દઅગોચર), (૪) મનાતીત (= મનથી અગ્રાહ્ય), (૫) કર્માતીત (= કર્મપ્રકૃતિના અધિકારથી રહિત), (૬) કષાયાતીત (= કષાયના પગપેસારા વગરનું), (૭) વિકારાતીત (= વિકારોથી ન સ્પર્શાયેલું), (૮) વિભાવાતીત (= રાગાદિ વિભાવના સંપર્ક વિનાનું), (૯) વિકલ્પાતીત (= વિકલ્પોને ઓળંગી ગયેલ), (૧૦) વિચારાતીત (= વિચારને પેલે પાર રહેલ) વગેરે સ્વરૂપ છે. જેવું પરમાત્માનું સ્વરૂપ છે, તેવું જ મારું સ્વરૂપ છે. હું શક્તિથી = લબ્ધિથી = સત્તાથી પરમાત્મસ્વરૂપ જ છું. શુદ્ધ દ્રવ્યદૃષ્ટિએ હું પરમાત્મતત્ત્વ જ છું' - આ પ્રમાણે પોતાના જ પરમાત્મ-તત્ત્વનું ધ્યાન પ્રભાદૃષ્ટિમાં સ્થિર-શુદ્ધ-પ્રકૃષ્ટ થતું જાય છે. દીર્ઘ કાળ સુધી તેવી આત્મદશાને ટકાવવાથી સંખ્યાતા સાગરોપમ જેટલી મોહનીયાદિ કર્મની સ્થિતિ મૂળમાંથી ખતમ થાય છે, ખલાસ થાય છે. તેથી સાધક ભગવાન સર્વવિરતિની પરિણતિને ઝડપથી સંપ્રાપ્ત કરે છે. આ રીતે 'પ્રભા' નામની સાતમી યોગદૃષ્ટિમાં રહેલા યોગી પોતાના સ્વભાવના બળથી સમ્યક્ પ્રકારે બાહ્ય-આંતર મોક્ષમાર્ગે ઝડપથી આગળ વધે છે.

## કર્મનાશ પ્રયત્નસાધ્ય છે

**વિશેષાવશ્યકભાષ્ય, બૃહત્કલ્પભાષ્ય, પ્રવચનસારોદ્ધાર, શ્રાવકપ્રજ્ઞપ્તિ** તથા **પંચવસ્તુક** ગ્રંથની ગાથાનું અહીં અનુસંધાન કરવું. ત્યાં જણાવેલ છે કે 'સમ્યક્ત્વ મળે ત્યાર પછી (૧) પલ્યોપમ પૃથક્ત્વપ્રમાણ (પૃથક્ત્વ = ૨ થી ૯) કર્મસ્થિતિ રવાના થવાથી શ્રાવક થવાય. (૨) ત્યાર બાદ સંખ્યાતા (= હજારો, લાખો, કરોડો કે અબજો) સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટવાથી ચારિત્ર મળે છે. (૩) ત્યાર પછી અન્ય સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ખલાસ થવાથી ઉપશમશ્રેણિ પ્રાપ્ત થાય. (૪) તથા ત્યાર બાદ બીજા સંખ્યાતા (= ઢગલાબંધ) સાગરોપમ જેટલી કર્મસ્થિતિનો ઉચ્છેદ થાય તો ક્ષપકશ્રેણિ સંપ્રાપ્ત થાય.' અહીં આશય એ છે કે ૭૦ કોડાકોડી સાગરોપમ જેટલી કર્મસ્થિતિમાંથી અંતઃકોડાકોડી (૧ લાખ અબજ સાગરોપમમાં કંઈક ન્યૂન) સાગરોપમ જેટલી કર્મસ્થિતિ થાય ત્યારે જીવ સમકિત મેળવે. ત્યાર બાદ તે સ્થિતિમાંથી ૨ થી ૯ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિને જીવ ખપાવે ત્યારે પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક જીવને મળે. દેશવિરતિ પ્રાપ્તિ સમયે જેટલી કર્મસ્થિતિ હોય, તેમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી મોહનીયાદિ કર્મની સ્થિતિને સાધક ભગવાન ખતમ કરે ત્યારે તેને છઠ્ઠું કે સાતમું સર્વવિરતિ ગુણસ્થાનક મળે છે. આ રીતે આગળ સમજવું. અહીં જે જંગી કાળની કર્મસ્થિતિના નાશથી ઉપલા ગુણ -સ્થાનક ઉપર આરૂઢ થવાની વાત કરી છે, તે કર્મસ્થિતિનાશ ઉપર જણાવ્યા મુજબની નિર્મળ આત્મદશાનું નિર્માણ કરવાથી થાય છે. એમ ને એમ આપમેળે ઉપરના ગુણઠાણા ઉપર જીવ ચઢી જતો નથી.

## નિર્ગ્રન્થ દશાને નિહાળીએ

હવે સાધુજીવનમાં સાધક અપ્રશસ્ત નિમિત્તોના ઢગલામાંથી વિધિવત્ અત્યંત છૂટી જાય છે. સદ્ગુરુની

નિશ્રા તેને મળે છે. પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની ભાવનાના માર્ગનો અભ્યાસ કરવા દ્વારા પ્રગટેલી સ્વાનુભૂતિથી શોભતા એવા મહાગીતાર્થ સદ્‌ગુરુદેવની પાવન નિશ્રામાં પોતાની વર્તમાન ભૂમિકાને યોગ્ય એવા ભાવનાશ્રુતસંબંધી સૂત્ર-અર્થ-તદુભયનો વિધિપૂર્વક અભ્યાસ કરવા દ્વારા રાગ-દ્વેષાદિથી વિરુદ્ધ એવા વીતરાગ-શાંતસ્વરૂપની ભાવનાનું આલંબન લઈને, તે દેશવિરતિની જેમ સર્વવિરતિની અવસ્થામાં પણ સ્વાધ્યાયમાં લીન બને છે. પોતાનું આધ્યાત્મિક પ્રયોજન જેનાથી સરે, ઝડપથી સધાય તેવા શાસ્ત્રીય પદાર્થ -પરમાર્થ-ગૂઢાર્થ-ઐદમ્પર્યાર્થને સારી રીતે મેળવીને, તીવ્ર ઉત્સાહથી અને ઉછળતા ઉમંગથી મોહનો ઉચ્છેદ કરવા માટે સાધુ ભગવંત કટિબદ્ધ બને છે. 'સાધક ભાવનાશ્રુતનું વિધિપૂર્વક અધ્યયન કરે તથા ભાવનામાર્ગને આત્મસાત્ કરનારા ગીતાર્થસ્વરૂપ તીર્થ પાસે ભાવનાશ્રુતના પદાર્થ-પરમાર્થનું શ્રવણ કરે' - આ મુજબ **યોગશતકવચનને** અહીં યાદ કરવું. **ઉપદેશપદમાં** શ્રી**હરિભદ્રસૂરિજી**એ સાધુને ઉદ્દેશીને જણાવેલ છે કે 'વિધિપૂર્વક સાધુ સૂત્ર-અર્થનું ગ્રહણ તીર્થમાં = ગીતાર્થનિશ્રામાં કરે.' તથા **ધર્મરત્ન પ્રકરણમાં** શ્રી**શાંતિસૂરિજી**એ શ્રાવકજીવનઅધિકારમાં જે જણાવેલ છે કે 'ઉચિત સૂત્રને તે ભણે છે તથા સુતીર્થમાં = ગીતાર્થનિશ્રામાં તેના અર્થને સાંભળે છે' - તે બાબતને અહીં યાદ કરવી તથા યોગ્ય રીતે તેને અહીં પણ જોડવી.

### ❁ ભાવસાધુના સાત લિંગને અપનાવીએ ❁

**ધર્મરત્ન પ્રકરણમાં** શ્રી**શાંતિસૂરિજી**એ ભાવ સાધુના ૭ લિંગ જણાવેલા છે. તે પણ અહીં સાતમી પ્રભા દૃષ્ટિમાં પ્રગટ થાય છે. તે લિંગો આ મુજબ જાણવા.

(૧) તમામ ક્રિયા મોક્ષમાર્ગને અનુસરનારી હોય.
(૨) ધર્મમાં ઝળહળતી શ્રેષ્ઠ શ્રદ્ધા અંદરમાં છવાયેલી હોય.
(૩) સરળતાના લીધે બીજા દ્વારા સમજાવી શકાય તેવા = પ્રજ્ઞાપનીય હોય.
(૪) સાધુજીવનને યોગ્ય પાવન ક્રિયાઓમાં નિરંતર અપ્રમત્તતા હોય.
(૫) શક્ય અનુષ્ઠાનનો તરત જ ઉલ્લાસથી આરંભ કરે.
(૬) જ્વલંત ગુણાનુરાગને સહજતઃ અપનાવે.
(૭) ગુર્વાજ્ઞાનું શ્રેષ્ઠ પારતન્ત્ર્ય સ્વીકારે.

પ્રભા દૃષ્ટિમાં સર્વવિરતિના પરિણામની સ્પર્શના સાથે આ લક્ષણો પ્રગટ થાય છે.

### ❋ સાધુની પાંચ સુંદર ચેષ્ટાને સ્વીકારીએ ❋

**ષોડશકમાં** શ્રી**હરિભદ્રસૂરિજી**એ સાધુની સુંદર ચેષ્ટાનું વર્ણન આ પ્રમાણે કરેલ છે કે '(૧) ગુરુવિનય, (૨) સ્વાધ્યાય, (૩) યોગાભ્યાસ, (૪) પરોપકારકરણ, (૫) આકુળતારહિત સમતાગર્ભિત યતિભાવને અખંડ રાખવામાં ઉદ્યત એવી પ્રવૃત્તિ સ્વરૂપ ઈતિકર્તવ્યતા સહિત સાધુની સુંદર ક્રિયા જાણવી.' પ્રભા દૃષ્ટિમાં વર્તતા મહાયોગીને સર્વવિરતિ પ્રાપ્ત થતાં સાધુની આ ચેષ્ટાઓ તેમનામાં પ્રગટે છે.

### ❋ સાધુના સત્તાવીસ ગુણોને આદરીએ ❋

તે જ રીતે સાધુ ભગવંતના સત્તાવીસ ગુણો પણ પ્રભા દૃષ્ટિમાં પ્રગટે છે. **આવશ્યકનિર્યુક્તિસંગ્રહણિ** ગાથામાં તેનો નિર્દેશ આ મુજબ છે. "(૧-૬) સર્વથા પ્રાણાતિપાત વિરમણ આદિ છ વ્રત, (૭-૧૧) પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, (૧૨) ભાવસત્ય = અંતઃકરણશુદ્ધિ, (૧૩) કરણસત્ય = બાહ્યક્રિયાશુદ્ધિ,

(૧૪) ક્ષમા, (૧૫) વૈરાગ્ય, (૧૬-૧૮) અશુભ મન-વચન-કાયાનું નિયંત્રણ, (૧૯-૨૪) પૃથ્વી આદિ ષડ્જીવનિકાયની સંભાળ, (૨૫) સંયમયોગયુક્તતા, (૨૬) ઠંડી વગેરે વેદનાની તિતિક્ષા (સહિષ્ણુતા), (૨૭) મરણાન્ત ઉપસર્ગોને મિત્રબુદ્ધિથી સહન કરવા."

### કામાશ્રવનો ઉચ્છેદ

પ્રસ્તુત ૨૭ ગુણો પ્રગટ થવાથી તે સાધુજીવનમાં રત્નત્રયબાધક હિંસા વગેરે અસદ્આયતનોને (= પાપસ્થાનોને) છોડે છે. તથા સદાચાર = પરિશુદ્ધ બાહ્ય યતના અને શુદ્ધ પરિણામ સ્વરૂપ સદાયતનને (= ધર્મસ્થાનને) સેવે છે. તેથી પાંચેય ઈન્દ્રિયોના નવા-નવા વિષયોમાં અભિરુચિની યોગ્યતા = પાત્રતા સ્વરૂપ કામાશ્રવનો અત્યંત ઉચ્છેદ થાય છે. તેથી બહારમાં વિજાતીય વગેરે પ્રત્યેનું આકર્ષણ તથા અંદરમાં પ્રગટતી લબ્ધિ-સિદ્ધિ-ચમત્કારશક્તિ વગેરે પ્રત્યેનું ઔત્સુક્ય મૂળમાંથી જ રવાના થાય છે. તથા પરમ ઔદાસીન્ય પરિણતિ સમ્યક્ પ્રકારે પ્રવર્તે છે. તેનાથી પુષ્કળ કર્મનિર્જરા થાય છે. આ અંગે **સામ્યશતક**માં શ્રી**વિજયસિંહસૂરિ**જીએ જણાવેલ છે કે 'જે સાધકમાં (૧) ઔદાસીન્ય પરિણતિ ઉછળતી હોય, (૨) મૈત્રીથી જે પવિત્ર થયેલ હોય, (૩) સંભ્રમ-ઔત્સુક્ય જેમાંથી નીકળી ચૂકેલ હોય તેવા સાધકને કર્મો પોતાની જાતે જ, જાણે કે કોપાયમાન થયા ન હોય તેમ, છોડી દે છે.' રીસે ભરાયેલી, કોપાયમાન થયેલી રાણી જેમ રાજા પાસેથી રવાના થઈ જાય તેમ કોપાયમાન થયેલા કર્મો તેવા સાધક પાસેથી રવાના થાય છે. તેથી તેના સાધનામાર્ગમાં બાહ્ય-અભ્યંતર વિઘ્નો રવાના થાય છે. તેમની સાધના નિરતિચાર બનતી જાય છે. રોગ નામનો ચિત્તદોષ અહીંથી સંપૂર્ણપણે રવાના થાય છે. તે દોષ સદનુષ્ઠાનની જાતિનો જ ઉચ્છેદ કરે છે - આવું **ષોડશક, યોગદૃષ્ટિસમુચ્ચય, દ્વાત્રિંશિકાપ્રકરણ** ગ્રંથમાં દર્શાવેલ છે. આ રીતે નૈશ્ચયિક વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ - આ ત્રણેયનો પ્રકર્ષ અહીં સંભવે છે.

### પ્રભાદૃષ્ટિમાં વિશિષ્ટ ૫૬ યોગફળની ઉપલબ્ધિ

પાંચમા ગુણસ્થાનક સુધી યોગપૂર્વસેવા હોય છે તથા છઠ્ઠા ગુણસ્થાનકથી મુખ્ય-તાત્ત્વિક યોગ શરૂ થાય છે. પ્રભા દૃષ્ટિમાં રહેલા ભાવનિર્ગ્રન્થને યોગના ફળ તરીકે નીચેની વસ્તુઓ યથાવસરે સંપ્રાપ્ત થાય છે. (૧) પુનર્જન્મપરંપરાજનક કર્મશક્તિ બળી જાય. (૨) કામદેવના ધારદાર શસ્ત્રો નિષ્ફળ જાય. (૩) અવિદ્યાથી મલિન થયેલ ચિત્તની શુદ્ધિ થાય. (૪) દેવ-ગુરુ-યોગીનો પ્રસાદ અને પ્રેરણા મળે તેવા શુક્લ સ્વપ્નોનું દર્શન થાય. (૫) પ્રતિજ્ઞા કરેલ વિષયનો નિર્વાહ (પાલન) કરવા માટે જરૂરી મન-વચન-કાયાની સ્થિરતા મળે. (૬) સેંકડો વિપત્તિના વાદળો ઘેરી વળે તેવા સંયોગમાં પણ ધીરજ ટકી રહે, મન ચલાયમાન ન થાય. (૭) તત્ત્વ માર્ગને અનુસરનારી સાચી અને દૃઢ એવી આંતરિક શ્રદ્ધા-રુચિ પ્રગટ થાય. (૮) સર્વ જીવો પ્રત્યે મજબૂત મૈત્રી જાગે-જામે. (૯) શિષ્ટ પુરુષોમાં પ્રિય બને. (૧૦) પોતાના આત્મા વગેરે તત્ત્વનું સહજ પ્રતિભાજન્ય = પ્રાતિભ એવું ભાસન થાય, ભાવભાસન થાય, તત્ત્વાવલોકન થાય. (૧૧) ખોટો આગ્રહ છૂટી જાય. (૧૨) ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ વગેરે દ્વન્દ્વોને સારી રીતે સહન કરે. (૧૩) તેવા દ્વન્દ્વોને લાવનારા કર્મોની શક્તિને પરિશુદ્ધ યોગસાધના દ્વારા હણવાથી પ્રાયઃ તેવા દ્વન્દ્વોનો પણ વિનાશ થાય. (૧૪) સમાધિજનક અને સંયમસાધક એવા ગોચરી-પાણી-વસ્ત્ર-પાત્ર વગેરે જરૂરી સાધનોની પ્રાપ્તિ સરળતાથી સહજપણે થાય. (૧૫) જીવનનિર્વાહ-નિમિત્તભૂત ગમે તેવા સાદા ભોજન-વસ્ત્રાદિથી પણ સાધક સદા સંતુષ્ટ રહે. (૧૬) સાચા-ખોટા દોષને

સાંભળીને, પરિણામનો વિચાર કર્યા વિના, અંદરમાં અને બહારમાં ક્રોધના ઉદયથી આવતી વિકૃતિને સહજતાથી અટકાવવા સ્વરૂપ ક્ષમા પ્રગટે. **(૧૭)** સર્વ જીવો ઉપર ઉપકાર કરવો, પ્રિય વાણી બોલવી, અકૃત્રિમ ઉચિત લાગણી દેખાડવી વગેરે સદાચાર જીવનમાં વણાઈ જાય. **(૧૮)** મોક્ષબીજભૂત સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્રનો ઉત્કર્ષ-પ્રકર્ષ થાય. **(૧૯)** સર્વત્ર ગૌરવ-સત્કારાદિનો લાભ થાય. **(૨૦)** પોતાના વચનનો અને વ્યવહારનો લોકો આદર કરે. **(૨૧)** વિષયભોગવટાથી ચઢિયાતું એવું આંતરિક પ્રશમ સુખ મળે. આ પ્રમાણે **યોગબિંદુ**માં જણાવેલ યોગફળો અહીં પ્રાપ્ત થાય છે.

તે જ રીતે **દશવૈકાલિકસૂત્ર**માં દશમા અધ્યયનમાં જણાવ્યા મુજબ, **(૨૨)** સાધુ સર્વદા મૂઢતાનો ત્યાગ કરે છે. **(૨૩)** જૂના ચીકણા પાપને ખપાવે છે. **(૨૪)** ઈન્દ્રિયોને જીતે છે. **(૨૫)** ઈન્દ્રિયદુઃખદાયી કટુશબ્દ વગેરે સ્વરૂપ કાંટાઓને પ્રસન્નતાથી સહન કરે છે. **(૨૬)** સ્મશાન વગેરેમાં કાઉસગ્ગ કરતી વખતે ભયાનક નિમિત્તો જોઈને પણ ભય ન પામે. **(૨૭)** જાતિમદ, કુળમદ, રૂપમદ, બળમદ, શ્રુતમદ, તપમદ, લાભમદ અને ઐશ્વર્યમદ - આ આઠેય મદને છોડે. **(૨૮)** અપ્સરા વગેરેને જોવા છતાં તેને ભોગવવા વિશે પરલોકસંબંધી નિયાણું કે ઈચ્છા લેશ પણ કરે નહિ. **(૨૯)** હણાવા છતાં, છોલાવા છતાં પણ દેહને વોસિરાવીને દેહાધ્યાસથી વિપ્રમુક્ત બને છે. **(૩૦)** કુતૂહલ, કૌતુક, હાસ્ય, ઠઠ્ઠા -મશ્કરી, મજાક-મસ્તી, તોફાન, ધમાલ-ચકડી વગેરેથી રહિત બને છે. **(૩૧)** પરિષહ-ઉપસર્ગો ઉપર વિજય મેળવે છે. **(૩૨)** અધ્યાત્મમાં રક્ત-મગ્ન બને છે. **(૩૩)** ઉપધિ-ઉપાશ્રય-ભોજન-ભક્ત-સ્વજન -શિષ્ય-શરીર વગેરે તમામના સંગથી-મમતાથી શૂન્ય હોય છે. **(૩૪)** સ્વપ્રશંસાનો ત્યાગ કરે છે. **(૩૫)** ધર્મધ્યાનમાં ડૂબી જાય છે. **(૩૬)** ભાવનિર્ગ્રંથનો આત્મા ખરેખર નિત્ય હિતમાં સ્થિર હોય છે. યોગસાધનાનું આ આંતરિક ફળ પ્રભા દૃષ્ટિમાં વર્તતા યોગીને અવસરે મળે છે.

તેમજ **શાર્ઙ્ગધરપદ્ધતિ, સ્કંદપુરાણ** વગેરેમાં દર્શાવ્યા મુજબ, યોગપ્રવૃત્તિના પ્રાથમિક ચિહ્ન સ્વરૂપે **(૩૭)** રસલોલુપતાનો અત્યંત ત્યાગ, **(૩૮)** શારીરિક સ્વાસ્થ્ય, **(૩૯)** મન-વચન-કાયામાં અનિષ્ઠુરતા, **(૪૦)** શરીર-સ્વેદ-મળ-મૂત્રાદિમાં સુગંધ, **(૪૧)** મળ-મૂત્રનું અલ્પ પ્રમાણ, **(૪૨)** મોઢા ઉપર તેજ-કાંતિ, **(૪૩)** સદા પ્રસન્ન મુખમુદ્રા, **(૪૪)** અત્યંત સૌમ્ય સ્વર વગેરે પણ પ્રભાદૃષ્ટિમાં વર્તતા યોગીમાં મહદ્ અંશે ઉપલબ્ધ થાય છે. તથા નિષ્પન્નયોગીના લક્ષણ તરીકે, **(૪૫)** પ્રભાવશાળી ચિત્ત, **(૪૬)** યોગબાધક દોષનો ઉચ્છેદ, **(૪૭)** બાહ્ય-આંતર પરમ તૃપ્તિ, **(૪૮)** સાનુબંધ સમતા પ્રભા દૃષ્ટિવાળા ભાવનિર્ગ્રંથમાં પ્રગટે છે. **(૪૯)** આવા યોગીના સાન્નિધ્યમાં હિંસક પ્રાણીઓના પણ પરસ્પર વૈરાદિનો નાશ થાય છે.

તથા **આવશ્યકનિર્યુક્તિ, યોગશતક, યોગશાસ્ત્ર** વગેરેમાં બતાવ્યા મુજબ નીચેની અનેક ઋદ્ધિઓ પણ યોગસાધનાના ફળ તરીકે આ અવસ્થામાં પ્રગટે છે. જેમ કે **(૫૦)** કફ-શ્લેષ્મ-બળખો ઔષધ બનીને સ્વ-પરના અસાધ્ય રોગને પણ મટાડે. દા.ત.રાજર્ષિ **સનતકુમાર**. **(૫૧)** મળ-ઝાડો-વિષ્ટા પણ સ્વતન્ત્રરૂપે ઔષધ બની જાય. **(૫૨)** શરીરનો મેલ-કચરો, માથાનો ખોડો વગેરે પણ દિવ્ય દવા બની જાય. **(૫૩)** મૂત્ર પણ સંજીવની ઔષધિ-સુવર્ણરસસિદ્ધિ વગેરે સ્વરૂપ બની જાય. દા.ત. અવધૂત **આનંદઘનજી** મહારાજ. **(૫૪)** શરીરસ્પર્શ પણ એક ચમત્કારિક ઔષધ બનીને દર્દને દફનાવે. **(૫૫)** કફ-વિષ્ટા-મેલ-મૂત્રાદિ બધાં જ ઔષધિસ્વરૂપ બની જાય તેવી મોટી ઋદ્ધિ = સર્વૌષધિ લબ્ધિ તો પ્રભા દૃષ્ટિની પરાકાષ્ઠામાં પ્રગટે. **(૫૬)** આંખ, કાન વગેરે પ્રત્યેક ઈન્દ્રિય પાંચેય ઈન્દ્રિયનું કામ કરે તેવી

સંભિન્નશ્રોતોલબ્ધિ વગેરે અનેક લબ્ધિઓ પ્રભા દૃષ્ટિમાં વર્તતા યોગીને ઉપલી ભૂમિકામાં પ્રાપ્ત થાય છે.

### ❋ અસંમોહ-તત્ત્વસંવેદન જ્ઞાન પ્રગટાવીએ ❋

**યોગદૃષ્ટિ સમુચ્ચય** તથા **દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં બુદ્ધિ-જ્ઞાન-અસંમોહ આમ ત્રણ પ્રકારે જ્ઞાન દર્શાવેલ છે. તેમાંથી જે 'જ્ઞાન' છે, તે આ અવસ્થામાં અસંમોહસ્વરૂપે પરિણમે છે. કારણ કે ત્યાજ્ય એવી પ્રવૃત્તિ + પરિણતિનો ત્યાગ તથા ગ્રાહ્ય એવી પ્રવૃત્તિ + પરિણતિનો સ્વીકાર ત્યારે વર્તતો હોય છે. ચારિત્રમોહનું બળ અત્યંત ક્ષીણ થયેલું હોય છે. તેમજ **અષ્ટક પ્રકરણ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં જે વિષયપ્રતિભાસાદિ ત્રણ જ્ઞાન બતાવેલા છે, તેમાંથી સમ્યગ્દર્શનથી વણાયેલું જે આત્મપરિણતિવાળું જ્ઞાન છે, તે હવે તત્ત્વસંવેદનજ્ઞાન સ્વરૂપે પરિણમે છે. કારણ કે હવે આકુળતા-વ્યાકુળતાનો ત્યાગ કરીને તે પ્રવૃત્તિ કરે છે, પ્રશાન્તતા તેના અંતઃકરણમાં પ્રવર્તતી હોય છે, સર્વવિરતિની પરિણતિ અંદરમાં છવાયેલી હોય છે. આમ અનાકુળતા-પ્રશાંતતા-સર્વવિરતિપરિણતિથી વણાયેલ આત્મપરિણતિવાળું જ્ઞાન હવે તત્ત્વ-સંવેદનજ્ઞાનરૂપે પરિણમે છે. આ રીતે યથાર્થપણે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા બન્નેનો સમુચ્ચય કરીને સાધક ભગવાન મોક્ષમાર્ગે અત્યંત ઝડપથી આગળ વધે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પ્રાયઃ અહીંથી રવાના થાય છે. સાધક ધર્મધ્યાનમાં પોતાના ચિત્તને સતત દૃઢપણે સ્થાપે છે. ક્યારેક સાલંબન ધ્યાનમાં રમે તો ક્યારેક નિરાલંબન ધ્યાનમાં. સ્વાધ્યાયયોગના સામર્થ્યના લીધે આવી ધ્યાનદશામાં તે આરૂઢ થાય છે.

### ❖ નિર્વિચાર આત્મજાગૃતિની પરાકાષ્ઠા ❖

ખરેખર સ્વરસવાહી સ્વસન્મુખી સ્વરૂપગ્રાહક શાંતચિત્તવૃત્તિપ્રવાહ સ્વરૂપ સ્વાધ્યાયદશા સાધક ભગવાનના અંતઃકરણમાં પ્રગટે છે. તેના લીધે પોતાના બાહ્ય વ્યક્તિત્વને ઓગાળવાની પ્રક્રિયા વેગવંતી બને છે. તેના પ્રભાવથી અનાદિરૂઢ એવી હઠિલી વિભાવદશા, વિકૃત વિકલ્પદશા અને ક્લિષ્ટ કર્માધીનદશા ઝડપથી વિદાય લે છે. અનિવાર્ય અને આવશ્યક (= વ્યવહારથી જરૂરી) એવી દેહનિર્વાહાદિ પ્રવૃત્તિમાં, સારી રીતે અભ્યસ્ત = આત્મસાત્ કરેલી જિનાજ્ઞાના સંસ્કાર અનુસાર જયણાપૂર્વક જોડાવા છતાં તેમાં સાધક ભગવાન ભળતા નથી. તેમાં લીન થતા નથી જ. કર્તાભાવથી અને ભોક્તાભાવથી છૂટા પડીને પાંચ સમિતિમાં અને ત્રણ ગુપ્તિમાં પ્રવર્તતા સાધુ ભગવંત કાયાદિની ચેષ્ટાને સાક્ષીભાવે જુએ છે. અરે ! આંખના પલકારા વગેરેની કે મનમાં ઉઠતા સંકલ્પ-વિકલ્પ-વિચાર વગેરેની પણ તેમાં ભળ્યા વિના સાધક નોંધ લે છે. મન-વચન-કાયાની તમામ ચેષ્ટાઓ આત્મજાગૃતિપૂર્વક પ્રવર્તે છે. પૂર્ણ આનંદમય અને નિર્વિચાર આત્મજાગૃતિ (Thoughtless awareness) સ્વરૂપ પર્વતના શિખર ઉપર આરૂઢ થયેલ નિર્ગ્રન્થ ભગવાન ત્યાં સ્થિરતાપૂર્વક આસન જમાવે છે. તેમને પોતાને અતીન્દ્રિય નિર્વિકલ્પ આત્મબોધ-આત્મસાક્ષાત્કાર અંદરમાં સતત ઉજાગર રહે છે. અજ્ઞતા (ignorance), દીનતા (depression), હીનતા (helplessness), હતાશા (hopelessness) વગેરે અત્યન્ત દૂર ભાગી જાય છે. સર્વ સંગનો, સર્વ સંગની સ્પૃહાનો પરિત્યાગ કરીને પોતાની અનક્ષર = શબ્દાતીત (અલખ નિરંજન) અને અક્ષર = શાશ્વત એવી જ્ઞાનસ્વભાવી ચેતનવસ્તુમાં ઉપયોગધારા ઠરી જાય છે, જામી જાય છે, વિશ્રાન્ત થાય છે. તથા બહારમાં અવસર મુજબ અસંગ અનુષ્ઠાન પ્રવર્તે છે. સર્વ પાપોથી વિરામ પામીને વિશિષ્ટ આત્મરતિ સ્વરૂપ જે વિરતિ છે, તે અહીં તાત્ત્વિક સમજવી.

## ✡ ભાવનિર્ગ્રન્થની દેહાદિ ચેષ્ટાને અવલોકીએ ✡

પ્રસ્તુતમાં **સૂત્રકૃતાંગસૂત્ર**ના પ્રબંધનું ઊંડાણથી અનુસંધાન કરવું. ત્યાં પરમ ઉચ્ચ નિર્ગ્રન્થદશાનું વર્ણન આ રીતે મળે છે કે 'ચૈતન્યસ્વભાવમાં ટકવા માટે મન-વચન-કાયાથી સંવરધર્મવાળા સાધુ ભગવંત (૧) અત્યન્ત ઉપયોગપૂર્વક જાય છે, (૨) ઉપયુક્તપણે ઉભા રહે છે, (૩) ઉપયોગપૂર્વક બેસે છે, (૪) ઉપયોગસહિત પડખું બદલે છે, (૫) ઉપયોગયુક્તપણે ભોજન કરે છે, (૬) ઉપયોગસહિતપણે બોલે છે, (૭) ઉપયોગયુક્તપણે **(a)** વસ્ત્રને, **(b)** પાત્રને, **(c)** કામળીને, **(d)** પાદપુંછનને (રજોહરણને કે દંડાસણને) ગ્રહણ કરે છે અને (૮) મૂકે છે. ત્યાંથી માંડીને છેક (૯) આંખનો પલકારો પણ ઉપયોગસહિતપણે કરે છે.' પૂર્વે (૧૩/૭) આ સંદર્ભ જણાવેલ છે. આશય એ છે કે નિર્મળ ભાવનિર્ગ્રન્થદશામાં નાની-મોટી તમામ દૈહિક ચેષ્ટાઓ, વાચિક ક્રિયાઓ આત્મજાગૃતિસહિત જ વર્તતી હોય છે. મતલબ કે અધીરા બનીને, બેબાકળા થઈને, અશાંત ચિત્તે, આકુળ-વ્યાકુળપણે, મૂર્ચ્છિત મનથી, સંમૂર્ચ્છિમપણે, સંભ્રમથી, ઉતાવળથી, ઉદ્વેગથી, આવેશથી કે આવેગથી ક્યારેય પણ ભાવનિર્ગ્રન્થો મન-વચન-કાયાની ક્રિયામાં જોડાતા નથી. 'આત્મભિન્ન દેહાદિની જિનાજ્ઞાસાપેક્ષ ચેષ્ટામાં મારી ચેતનાશક્તિને હું જોડું છું. પૂર્વસંસ્કારવશ મારી ચેતનાશક્તિ તેમાં જોડાય છે. હું તેનો સાક્ષીમાત્ર છું....' ઈત્યાદિ સ્વરૂપ આત્મજાગૃતિસહિતપણે જ નિર્ગ્રંથ ભગવાન દેહાદિની ચેષ્ટામાં જોડાય છે. ટૂંકમાં, આવી આત્મજાગૃતિ, જ્ઞાનદૃષ્ટિ એ સાધુજીવનનો ભાવપ્રાણ છે. **જ્ઞાનસાર**માં આ અંગે જણાવેલ છે કે'તૃષ્ણાસ્વરૂપ કાળા સાપનું નિયંત્રણ કરનાર જાંગુલીમંત્ર સમાન જ્ઞાનદૃષ્ટિ જો પૂર્ણાનંદમય સાધક ભગવાનમાં જાગૃત હોય તો તેને દીનતાસ્વરૂપ વીંછીના ડંખની વેદના શું થાય ?' અર્થાત્ ન જ થાય.

## ❋ આનંદ કી ઘડી આઈ ❋

**"ત્યાગ-વૈરાગ્ય-સંયમ કે યોગ સે, નિઃસ્પૃહભાવ જગાઈ; સર્વસંગ પરિત્યાગ કરા કર, અલખધૂન મચાઈ, સખી રી.... અપગત દુઃખ કહલાઈ રે... સખી આનંદ કી ઘડી આઈ રે..."**

આ પ્રમાણે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સાધારણજિનસ્તવનમાં પણ ભાવ નિર્ગ્રન્થદશાનું વર્ણન કરેલ છે. તેનું પણ અહીં અનુસંધાન કરવું. અહીં અસંગ અનુષ્ઠાનના વર્ણન પ્રસંગે જે-જે વાતો જણાવેલી છે, તે અંગે ઉપરોક્ત ત્રણેય સંદર્ભોનું અનુસંધાન કરવું, જોડાણ કરવું.

## ✾ તત્ત્વપ્રતિપત્તિને પ્રગટાવીએ ✾

પ્રભા દૃષ્ટિમાં તત્ત્વપ્રતિપત્તિ નામનો ગુણ પ્રગટ થાય છે. તત્ત્વપ્રતિપત્તિ એટલે 'યથાવસ્થિત આત્માનુભૂતિ' આવું **દ્વાત્રિંશિકાવૃત્તિ**માં (૨૪/૧૭) **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે. મતલબ કે સાતમી દૃષ્ટિમાં યોગીને કેવલ આત્મા = દ્રવ્ય-ભાવકર્મમુક્ત આત્મા અનુભવાય છે. 'હું કર્મમુક્ત, નિર્વિકલ્પ, અસંગ, સાક્ષિમાત્ર, પરમશાંતસ્વરૂપ, સ્થિરાત્મક, એકલો, ધ્રુવ અને શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપ આત્મા છું' - આવી આત્મતત્ત્વની અપરોક્ષ અનુભૂતિ સ્વરૂપ તત્ત્વપ્રતિપત્તિ અહીં વર્તતી હોય છે.

## ❀ સ્થિરયમને માણીએ ❀

આ રીતે પ્રભાદૃષ્ટિમાં આગળ વધતા યોગીને વિશેષ પ્રકારે આત્માની શુદ્ધિ પ્રગટે છે. તેથી અહિંસા -સત્યાદિ મહાવ્રતસંબંધી અતિચાર લાગવાની ચિંતા પણ તેમને રહેતી નથી. તેના કારણે અહિંસા

-સત્યાદિ મહાવ્રત સંબંધી 'સ્થિરયમ' અહીં પ્રાપ્ત થાય છે. **યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગવિંશિકા, દ્વાત્રિંશિકા પ્રકરણ, અધ્યાત્મસાર** વગેરે ગ્રંથોમાં 'સ્થિરયમ' ની વિશેષ છણાવટ કરેલી છે. અહિંસા વગેરે ધર્મસ્થાનની પ્રાપ્તિ સ્વરૂપ સિદ્ધિ અહીં તાત્ત્વિક જાણવી. **ષોડશક**માં તેને આશયવિશેષાત્મક દર્શાવેલ છે.

### ❋ અસંગ અનુષ્ઠાનની પરાકાષ્ઠા ❋

સ્થિર યમ અને તાત્ત્વિક સિદ્ધિ એ જ્ઞાનના પરિપાકની નિશાની તરીકે જાણવા યોગ્ય છે. **અધ્યાત્મ ઉપનિષદ્**માં કહેલ છે કે 'જ્ઞાનના પરિપાકથી ક્રિયા અસંગપણાને = આત્મસાત્‌પણાને પામે છે. જેમ ચંદનમાંથી સુગંધ છૂટી પડતી નથી, તેમ (સ્વભૂમિકાયોગ્ય ધારણા, ધ્યાન, કાયોત્સર્ગ, યતના વગેરે સત્‌સાધનસ્વરૂપ) ક્રિયા આત્મજ્ઞાનીથી અલગ થતી નથી.' પરંતુ અસંગપણે સહજતઃ વણાઈ જાય. પૂર્વે (૧૫/૨-૩) આ સંદર્ભ દર્શાવેલ. તેનું અહીં અનુસંધાન કરવું. આ રીતે પ્રભા દૃષ્ટિમાં વર્તતા યોગીને **ષોડશક**માં દર્શાવેલ 'અસંગ અનુષ્ઠાન' પ્રકૃષ્ટ બને છે. અસંગ અનુષ્ઠાનનું બીજું નામ 'સત્પ્રવૃત્તિપદ' છે. તે પ્રભા દૃષ્ટિમાં ઝળહળતું હોય છે. આ વાત **યોગદૃષ્ટિ સમુચ્ચય, દ્વાત્રિંશિકા** વગેરેમાં વ્યક્તપણે દર્શાવેલ છે. આ અસંગઅનુષ્ઠાન જ 'મહાસમાધિબીજ' સ્વરૂપે **શ્રીહરિભદ્રસૂરિજી**એ **બ્રહ્મસિદ્ધાન્ત સમુચ્ચય**માં જણાવેલ છે. પોતાના સહજ સ્વરૂપનું સાધકપણું = સાધકદશા અહીં પ્રકર્ષને પામે છે.

### ❋ સાધકનો ઉપયોગ રાગાદિથી દબાય નહિ ❋

આ રીતે પરદ્રવ્ય-ગુણ-પર્યાયસંબંધી કર્તૃત્વ-ભોક્તૃત્વપરિણતિ વિદાય લે છે. પોતાના અશુદ્ધદ્રવ્ય, વૈભાવિક સ્વગુણ તથા મલિન સ્વપર્યાય વિશેનું પણ કર્તૃત્વ-ભોક્તૃત્વ વિલીન થાય છે. પોતાના શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય અંગે કર્તૃત્વ-ભોક્તૃત્વપરિણતિ પ્રતિષ્ઠિત થાય છે. પ્રશસ્ત કે અપ્રશસ્ત એવા રાગાદિ વિભાવ પરિણામોથી પોતાનો ઉપયોગ જરાય દબાતો નથી, કચડાતો નથી. કારણ કે રાગાદિ ભાવો કરતાં નિજ ઉપયોગ અધિક બળવાન બનેલ છે. સમસ્ત પરદ્રવ્ય -ગુણ-પર્યાયો પ્રત્યે સાધક ભગવાનના અંતરમાં અત્યંત ઉદાસીનતા પ્રવર્ત્તે છે. આવી ઉદાસીનતા સ્વરૂપ નિર્વેદપરિણતિ કેળવીને પોતાના વિશુદ્ધ આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયોમાં જ સાધક પ્રભુ સમ્યક્ પ્રકારે તૃપ્તિને અનુભવે છે. તેથી જ 'અમે દેહધારી છીએ કે કેમ ?' તેવો વિકલ્પ પણ ત્યારે તેમને અડતો નથી. આ ચૈતન્યપટ ઉપર રાગાદિ ઔપાધિક ધર્મો ઉત્પન્ન થઈ રહેલા છે કે કેમ ? તે પણ તેઓ ખૂબ વિચારે તો માંડ-માંડ જણાય છે. ત્યારે વિદ્યમાન હોવા છતાં ક્ષીણ થઈ રહેલા રાગાદિ ઔપાધિક ધર્મો સ્વતઃ જણાતા પણ નથી, આંખે ઉડીને વળગતા નથી. આ અંગે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **ધર્મપરીક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે 'ઔપાધિક ગુણધર્મોના જ્ઞાનમાત્ર પ્રત્યે સ્વાભાવિક ગુણધર્મના જ્ઞાનની સામગ્રી પ્રતિબંધક છે.' સ્વાભાવિક-નિરુપાધિક ગુણધર્મના જ્ઞાનની સામગ્રી અત્યંત બળવાન છે.

### ❋ સાધુની યોગધારા-ઉપયોગધારા સ્વસન્મુખ પ્રવર્તે ❋

તેથી જ તે અવસ્થામાં વર્તતા યોગીઓને ભિક્ષાટન, પ્રતિક્રમણ વગેરે આવશ્યક અનુષ્ઠાનોમાં પ્રવર્તતી યોગધારા અને ઉપયોગધારા આત્મસન્મુખપણે જ પ્રવર્તે છે. કર્મોદયધારામાં તન્મયતાને સાધક છોડે છે. કર્મોદયધારામાં ભળ્યા વિના, એકમેક થયા વિના, ઓતપ્રોત બન્યા વગર પોતાના ઉપયોગને શુદ્ધ કરવા માટે સાધક પ્રભુ દૃઢ પ્રયત્ન કરે છે. વર્ત્તન, વાણી, વિભાવપરિણામ, વિકલ્પ, વિચાર વગેરેને સાધક

શાંત સાક્ષીભાવે, પરમ ઉદાસીન પરિણામથી દેહાદિભાવોથી ઉપર ઉઠીને જુએ છે. તેથી કર્મોદયધારાના વળતા પાણી થાય છે. કર્મોદયધારા ત્રુટક થાય છે, શિથિલ બને છે, નિર્બળ બને છે. 'देखत, देखत जावत है' - આ સમીકરણ અહીં સાકાર થાય છે, સાર્થક બને છે. પાપકર્મ બાંધવાનું સામર્થ્ય = કર્મકર્તૃત્વશક્તિ તથા કર્મના ઉદયમાં લીન થવાની, રસપૂર્વક ભળવાની પાત્રતા = કર્મભોક્તૃત્વશક્તિ અત્યંત ઘટતી જાય છે. સોપક્રમ કર્મોની નિર્જરા થતી જાય છે. નિકાચિત કર્મ ભલે રવાના ન થાય પણ નિકાચિત કર્મના અશુભ અનુબંધો તો સાવ ખલાસ થઈ જાય છે. **ભગવતીસૂત્ર**માં દર્શાવેલ 'યતનાવરણીય' કર્મનો દૃઢ ક્ષયોપશમ થાય છે. યતનાવરણીય કર્મ એટલે વિશિષ્ટ પ્રકારનું ચારિત્ર પાળવાની આત્મશક્તિને અટકાવનારા કર્મ. તેમાં સાનુબંધપણે ધરખમ ઘટાડો થાય છે.

### ❀ ભાવપ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા વગેરેના બળે વિભાવાદિથી છૂટકારો ❀

યતનાવરણીય કર્મનો દૃઢ ક્ષયોપશમ થવાના લીધે ભાવચારિત્રને અણિશુદ્ધપણે પાળવા માટે પ્રબળ વીર્યોલ્લાસ ઉછળે છે. તેના લીધે હવે સાધક ભગવાન નિરંતર (૧) ભાવપ્રાણાયામમાં લીન બને છે. **(A)** અશુદ્ધ (પ્રશસ્ત-અપ્રશસ્ત ઉભય) ભાવોનું રેચન = ત્યાગ, **(B)** શુદ્ધભાવનું પૂરણ = ગ્રહણ અને **(C)** કુંભન = સ્થાપન એ અહીં ભાવપ્રાણાયામ સમજવો. (૨) તેમજ **(A)** બિનજરૂરી વિષયોમાં ઈન્દ્રિયો પ્રવર્તે નહિ તથા **(B)** જરૂરી વિષયોમાં કે **(C)** અચાનક ઉપસ્થિત થયેલા શબ્દાદિ વિષયોમાં ઈન્દ્રિયો પ્રવર્તે તો પણ તેમાં રાગ-દ્વેષ ન થાય તેવો ઈન્દ્રિયોનો પ્રત્યાહાર અહીં નિરંતર પ્રવર્તે છે. તથા (૩) પોતાના પરમાત્મસ્વરૂપમાં સાધક સતત અંતઃકરણને સ્થાપિત કરે છે. આવી ધારણા પણ સતત પ્રવર્તે છે. આવી ધારણા પ્રબળ થતાં નિજ પરમાત્મસ્વરૂપનું ધ્યાન પ્રવર્તે છે. અસંગ અનુષ્ઠાન પણ સતત પ્રવર્તે છે. આ રીતે સતત, સર્વત્ર ભાવ પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અસંગ અનુષ્ઠાન આદિના કારણે ઉદાસીનભાવ તમામ પ્રકારે પરાકાષ્ઠાએ પહોંચે છે. ત્યારે પોતાના શબ્દો, વિભાવ, વિકલ્પ વગેરેથી પણ પોતાનું આત્મદ્રવ્ય અત્યન્ત છૂટું છે - તેવું સાધક ભગવાન અપરોક્ષપણે વારંવાર અનુભવે છે. તેથી તે 'હું અખંડાનંદમૂર્તિ છું' - આવી સ્વાનુભૂતિના સાગરમાં ડૂબી જાય છે.

### ❀ ઉદાસીનપરિણતિ તત્ત્વદર્શનબીજ ❀

આ જ અભિપ્રાયથી **શ્રીવિજયસિંહસૂરિજી**એ **સામ્યશતક**માં જણાવેલ છે કે 'ઉદાસીનતા એ અધ્યાત્મઉપનિષદ્નું બીજ છે. તેને જરા પણ મંદ કર્યા વિના જે સાધક આત્મભિન્ન બીજું કશું પણ ન જુએ, તે જ સાધક આત્માનું સહજ શુદ્ધસ્વરૂપ જુએ.' **શ્રીહેમચંદ્રસૂરિજી**એ **યોગશાસ્ત્ર**માં પણ જણાવેલ છે કે "ઔદાસીન્ય પરિણતિમાં પરાયણ = મગ્ન બનેલા સાધકને તે આત્મતત્ત્વ સ્વયમેવ પ્રકાશે છે." મતલબ કે ઉદાસીનતાને ઘટાડે નહિ તે સાધક શુદ્ધ આત્મસ્વરૂપને જુએ છે. જ્યારે ઉદાસીનપરિણતિમાં મગ્ન બનેલા સાધક સમક્ષ તો તે શુદ્ધ આત્મતત્ત્વ જાતે જ અપરોક્ષ સ્વરૂપે પ્રકાશવા માંડે છે. આટલી અહીં વિશેષતા છે, પરંતુ ઉદાસીન પરિણામ એ સ્વાનુભૂતિનો અમોઘ ઉપાય છે, તાત્ત્વિક મોક્ષમાર્ગ છે - આ વાત તો બન્ને સ્થળે સમાનરૂપે જ ફલિત થાય છે. તેથી જ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અમૃતવેલની સજ્ઝાય**માં જણાવેલ છે કે

**"દેખીયે માર્ગ શિવનગરનો, જેહ ઉદાસીન પરિણામ રે;**
**તેહ અણછોડતા ચાલીએ, પામીયે જિમ પરમ ધામ રે. ચેતન ! જ્ઞાન અજવાળીએ...."** (૨૮)

## ❀ નિરપાય નૈશ્ચયિક સાનુબંધ યોગને મેળવીએ ❀

પરમ ઉદાસીન અંતરંગ પરિણતિના પ્રભાવથી તથા રાગાદિમુક્ત નિજ ચૈતન્યસ્વરૂપને સદા માટે અનાવૃત કરવાની એક માત્ર અભિલાષાથી નિરપાય = નિર્વિઘ્ન નૈશ્ચયિક (= નિશ્ચયનયમાન્ય તાત્ત્વિક) સાનુબંધ યોગને સાધક મેળવે છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરે ગ્રંથોમાં સાનુબંધ યોગનું વર્ણન મળે છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપના માહાત્મ્યના જ્ઞાનથી આત્મા અત્યન્ત ભાવિત થાય છે, વાસિત થાય છે, સુવાસિત થાય છે. ચિત્તવૃત્તિપ્રવાહ પણ દૃઢપણે નિજસ્વરૂપવિષયક અનુભૂતિથી વણાઈ જાય છે. સાધક ભગવાનને પોતાની અંદર નિરંતર સહજપણે પરમજ્યોતિના દર્શન થાય છે = શુદ્ધ ચૈતન્યપ્રકાશનો અનુભવ થાય છે, પૌદ્ગલિક પ્રકાશથી રહિત એવા પ્રકાશનો પ્રતિભાસ થાય છે.

અપરોક્ષ સ્વાનુભૂતિમાં તેઓ ગળાડૂબ રહે છે. તેથી શાસ્ત્રવાસનાને છોડીને એ શાસ્ત્રસંન્યાસને સ્વીકારે છે. પોતાના ચૈતન્યપટ ઉપર, ચૈતન્યસ્વભાવમાં કેવળ નિષ્કષાયતા, નિર્વિકારિતા, અનુપમ સમતા, નિરાવરણ વીતરાગતા, પરમ તૃપ્તિ, પ્રકૃષ્ટ શીતલતા, પ્રગાઢ શાન્તિ, પરિપૂર્ણ આનંદ, સહજ સમાધિ, સંપૂર્ણ સ્વસ્થતા વગેરે અનુભવાય છે. પોતાને જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અનુભવાય છે, તેના પ્રત્યે અંતરંગ પ્રીતિ, પરમ ભક્તિ, સ્વાભાવિક આદરભાવ, પ્રકૃષ્ટ બહુમાનભાવ વગેરેના બળથી સર્વત્ર, સર્વદા, સતત નિજસ્વભાવનું અનુસંધાન ટકે છે તથા રાગાદિ વિભાવપરિણામો અત્યંત પાંગળા બની જાય છે, વિકલ્પો માયકાંગલા થઈ જાય છે. સમ્યક્ અને પ્રબળ યોગદશા અહીં પ્રગટે છે.

## ❀ વિભિન્ન યોગદૃષ્ટિમાં સ્વાનુભવની તરતમતાનો વિચાર ❀

ગ્રંથિભેદની પૂર્વે મિત્રા-તારા-બલા-દીપ્રા આ ચાર **યોગદૃષ્ટિ**માં શુદ્ધ આત્મતત્ત્વનો જે અનુભવ થાય છે, તે વહેલી સવારે ભડ-ભાંખરાના પ્રકાશ જેવો, ઉષાના પ્રકાશ જેવો, અરુણોદય વગેરેની પ્રભા જેવો જાણવો. ગ્રંથિભેદ પછી સ્થિરા દૃષ્ટિમાં શુદ્ધ આત્મતત્ત્વનો જે અનુભવ થાય છે તે સૂર્યોદયકાલીન પ્રકાશ જેવો સમજવો. કાંતા દૃષ્ટિમાં તે અનુભવ સવારે નવ વાગ્યાની આસપાસના સમયે જેવો સૂર્યપ્રકાશ હોય તેવો સમજવો. તથા પ્રભા દૃષ્ટિમાં તે સ્વાનુભવ મધ્યાહ્ન કાળના સૂર્યપ્રકાશ સમાન અત્યંત સ્પષ્ટ બને છે. (૧) જેમ-જેમ મોક્ષે પહોંચવાનો પોતાનો કાળ પાકતો જાય, પરિપક્વ બનતો જાય, (૨) નિજ સ્વભાવ સુધરતો જાય, (૩) મોક્ષપ્રાપક ભવિતવ્યતા અનુકૂળ બનતી જાય, (૪) પોતાના કર્મો હળવા થતા જાય અને (૫) સાધનાનો તાત્ત્વિક પુરુષાર્થ પ્રબળ થતો જાય, તેમ-તેમ તેના લીધે નિજજ્ઞાન સ્પષ્ટ થતું જાય. તથા જેટલા-જેટલા અંશે પોતાનો આત્મા પ્રગટેલો હોય તે નિર્મળ થતો જાય છે. જ્ઞાનની આ સ્પષ્ટતા તથા પોતાના પ્રગટ આત્મતત્ત્વની નિર્મળતા - આ બે જ તત્ત્વને શુદ્ધ આત્મતત્ત્વનો અત્યંત પારદર્શક અનુભવ કરવામાં મુખ્યપણે નિયામક જાણવા. તે બન્ને તત્ત્વો જેમ જેમ બળવાન થતા જાય, વિકસતા જાય તેમ તેમ શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ વધુ ને વધુ પારદર્શક થતો જાય છે. આ કારણે મિત્રા વગેરે યોગદૃષ્ટિઓમાં થતા સ્વાનુભવની પારદર્શકતામાં તફાવત-તરતમભાવ પડે છે.

## ❀ તાત્ત્વિક સુખ ધ્યાનજન્ય ❀

અહીં પ્રભા દૃષ્ટિમાં સૂર્યની પ્રભા જેવો પોતાના આત્મસ્વરૂપનો બોધ હોય છે. તે હંમેશા શુદ્ધ આત્માના નિશ્ચલ ધ્યાનને પ્રગટાવે છે. **યોગદૃષ્ટિ સમુચ્ચય સ્વોપજ્ઞવૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ પ્રભા

દૃષ્ટિનું નિરૂપણ કરતાં જણાવેલ છે કે 'પ્રભા દૃષ્ટિમાં પ્રાયઃ વિકલ્પને અવસર નથી હોતો. તેથી પ્રશમપ્રધાન સુખ અહીં હોય છે.' અનંતઆનંદમય આત્મસ્વરૂપની ઝાંખી કરાવનારા ધ્યાનથી તે સુખ ઉત્પન્ન થતું હોવાથી તે જ તાત્ત્વિક સુખ છે. **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જ પ્રભા દૃષ્ટિના નિરૂપણમાં આ વાત કરી છે. પ્રભા દૃષ્ટિમાં વર્તતા યોગીને પુણ્યસાપેક્ષ સુખ પોતાના અંતરમાં દુઃખસ્વરૂપે પ્રતીત થાય છે. કારણ કે તે પરાધીન છે, આત્મભિન્ન પુણ્યકર્મને આધીન છે. પરાધીન હોવું એ જ તો દુઃખની આગવી ઓળખ છે. આ વાત **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં સ્પષ્ટ કરેલ છે. પૂજ્ય **રત્નવિજયજી** મહારાજે **ઋષભ જિનેશ્વર સ્તવન**માં આ અંગે નીચેના શબ્દોમાં ઈશારો કર્યો છે.

**"સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ રે;**
**કર્મજનિત સુખ તે દુઃખરૂપ, સુખ તે આતમઝાંખ...જગગુરુ પ્યારો રે."**

ધ્યાનના ફળ સ્વરૂપે પુનર્ભવની પરંપરા વગેરેનું કારણ બનનારા અશુભ અનુબંધોનો વિચ્છેદ થાય છે, સાધનામાં ચિત્તની સ્થિરતા વગેરે પ્રાપ્ત થાય છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં આ બાબત સ્પષ્ટપણે જણાવેલ છે. **શ્રીહરિભદ્રસૂરિજી**એ **બ્રહ્મસિદ્ધાન્ત સમુચ્ચય**માં જે વિદ્યાજન્મની પ્રાપ્તિ જણાવી છે, તે આ અવસ્થામાં = પ્રભા દૃષ્ટિમાં તાત્ત્વિક જાણવી.

### ❖ શુક્લજ્ઞાન ઉપયોગનો પ્રભાવ પિછાણીએ ❖

પરમાત્માનું ધ્યાન અહીં પ્રકૃષ્ટ રીતે આત્મામાં પરિણમે છે. તેના લીધે યોગીમાં શુક્લજ્ઞાન ઉપયોગ જીવંત બને છે, રાગાદિશૂન્ય જ્ઞાનોપયોગ ધબકે છે, શુદ્ધોપયોગ ઉછળે છે, શુક્લધ્યાનપ્રાપક જ્ઞાનોપયોગ સક્રિય બને છે. તેના બળથી મોહનીયાદિ કર્મનો અત્યંત ઉચ્છેદ થાય છે. તેથી યોગી એકદમ મુક્તિપદની નિકટ પહોંચી જાય છે. રાગાદિમુક્ત નિજ શાશ્વત શુદ્ધચૈતન્યસ્વરૂપ તેની સામે નજરાયા કરે છે. આ બાબત **ષોડશક** ગ્રંથ મુજબ અહીં સમજી લેવી. તથા **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ વર્ણવેલ 'શાસ્ત્રયોગ' અહીં પરાકાષ્ઠાને પામેલો જોવા મળે છે.

### ❖ ઉન્મનીભાવસાધક જ્ઞાનયોગનો આવિર્ભાવ ❖

આ રીતે અહીં ઉન્મનીભાવને સાધનારો જ્ઞાનયોગ ચોતરફ શુદ્ધ થતો જાય છે. અહીં તાત્પર્યનું અનુસંધાન કરીને **અધ્યાત્મસાર**ની એક કારિકાનું સંયોજન કરવું. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'શુદ્ધ ચેતનાના અખંડ પિંડ સ્વરૂપ આત્મામાં જ કેવળ આનંદની અનુભૂતિ કરવા સ્વરૂપ જ્ઞાનયોગ એ જ વિશુદ્ધ તપ છે. તેના લીધે ઈન્દ્રિયના વિષયોમાંથી અંતઃકરણ ઉપર ઉઠી જાય છે, બહાર નીકળી જાય છે. આવા ઉન્મનીભાવને જ્ઞાનયોગ લાવે છે. તેથી તે જ્ઞાનયોગ મોક્ષસુખનો સાધક છે.'

### ❖ અમનસ્ક દશામાં કાયા પણ કલ્પિત લાગે ❖

જ્યારે ઉન્મનીભાવ પ્રગટે ત્યારે જાણે કે ઈન્દ્રિયો મરી પરવારેલી હોય તેવું સાધકને જણાય છે. તથા જ્યારે અમનસ્ક દશાનો ઉદય થાય ત્યારે કાયા મરી પરવારેલી હોય તેવું યોગીને લાગે છે. પ્રસ્તુતમાં **યોગશાસ્ત્ર**ની એક કારિકાની વિભાવની કરવી. ત્યાં **શ્રીહેમચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'અમનસ્ક દશાનો ઉદય થાય ત્યારે યોગીને પોતાનું અતિનિકટ એવું પણ શરીર જાણે કે પોતાનાથી છૂટું પડી ગયેલું હોય, બળી ગયેલું હોય, ઉડી ગયેલ હોય, ઓગળી ગયેલ હોય, જાણે કે કાલ્પનિક હોય તેવું લાગે છે.'

ત્યારે આત્માના તાત્ત્વિક પરિપક્વ સુખનો યોગી સાક્ષાત્ અનુભવ કરે છે. આ જ અભિપ્રાયથી **યોગસાર**માં જણાવેલ છે કે 'જ્યારે ચિત્ત મૃતપ્રાય હોય, જ્યારે કાયા મૃતપ્રાય હોય તથા જ્યારે ઈન્દ્રિયોનો સમૂહ મૃતપ્રાય હોય ત્યારે પરિપક્વ સુખ અનુભવાય.' આમ કાયા પણ જ્યાં કાલ્પનિક લાગે તેવા અમનસ્કયોગનો પ્રાદુર્ભાવ થતાં સકલ વિકલ્પની કલ્પનાસ્વરૂપ વાદળના ઢગ રવાના થવાથી યોગી કલ્પનાતીત અને અનંતાનંદમય એવા આત્મતત્ત્વસ્વરૂપ સૂર્યના સતત સાક્ષાત્ દર્શન કરે છે. આ અંગે **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે 'કલ્પનાઓથી રહિત એવા યોગી આત્માનું જે કલ્પનાતીત-કલ્પનાઅગોચર સ્વરૂપ છે, તેને જુએ છે.'

## ❋ વિકલ્પવાદળમાં વિશ્રાન્તિ ના કરીએ ❋

અહીં એક વાત ખાસ ખ્યાલમાં રાખવી કે આકાશમાં વાદળા આવે ને જાય. આકાશમાં ધોળા વાદળ પણ આવે અને કાળા વાદળ પણ આવે. વાદળા વરસે પણ ખરા, ને ના પણ વરસે. પરંતુ વાદળના ભરોસે ચાલી ન શકાય. વાદળ ઉપર બેસી ન શકાય. બાકી હાડકાં ભાંગી જતાં વાર ન લાગે. એ જ રીતે વિકલ્પ અને વિચારો પણ વાદળ જેવા છે. ચિત્તાકાશમાં તે આવે ને જાય. તે પ્રશસ્ત પણ હોય ને અપ્રશસ્ત પણ હોય. તે સફળ પણ બને અને ક્યારેક નિષ્ફળ પણ બને. પરંતુ તેવા વિકલ્પ-વિચારસ્વરૂપ વાદળના ભરોસે મોક્ષમાર્ગે ચાલી ન જ શકાય કે લાંબા સમય સુધી તેમાં રોકાણ-વિસામો કરી ન જ શકાય. તેવી વિશ્રાન્તિ કરવી યોગ્ય ન ગણાય. અતીત કાળના દર્દમય અનિષ્ટ સંસ્મરણોમાં અને અનાગત કાળની મહત્ત્વાકાંક્ષાપૂર્ણ અનાત્મગોચર કલ્પનામાં ડૂબી જવું, પરમ નિશ્ચિંતતાથી રસપૂર્વક ખોવાઈ જવું, વિશ્વાસપૂર્વક વિચારવાયુમાં વિલીન થઈ જવું તે ખરેખર વિકલ્પના વાદળ ઉપર આસન જમાવીને વિશ્રામ કરવા જેવું જ છે. તેનાથી આત્માના સાધનાસ્વરૂપી હાડકાંઓનો ઘણી વાર ચૂરેચૂરો થઈ ગયેલો છે. સાધનાના હાડકાંને ખોખરા કરનારી આવી વિકલ્પવિશ્રાન્તિથી સર્યું.

## ❋ વિકલ્પવાદળની પેલે પાર દૃષ્ટિ કરીએ ❋

ખરેખર જે વિવેકી માણસ છે, તે ઘનઘોર વાદળાઓની હારમાળામાં વિશ્રામ પણ નથી કરતો કે તેને જોવામાં ખોટી પણ નથી થતો. વિવેકી માણસ વાદળોને જોવાની પ્રવૃત્તિથી અટકીને વાદળોની પેલે પાર આકાશમાં રહેલા એવા ઉગતા પ્રતાપી સૂર્ય, સૌમ્ય ચન્દ્ર, ઝળહળતા ગ્રહ, નમણા નક્ષત્ર અને ચમકતા ટમટમતા તારલાઓને જોવા દ્વારા પોતાની બન્ને આંખોને વધુ તેજસ્વી બનાવે છે. વાદળાની આસપાસ કે વાદળાની વચ્ચે દેખાવા છતાં પણ વાસ્તવમાં વાદળાની પેલે પાર રહેલા ઉગતા બાલરવિ વગેરેના દીર્ઘકાલીન દર્શન (=ત્રાટક) દ્વારા જેમ વિવેકી માણસ પોતાની આંખને વધુ વેધક-તીક્ષ્ણ બનાવે છે, તેમ 'દેહ-ઈન્દ્રિય-મન વગેરેથી આત્મા જુદો છે' આવા વિવેકજ્ઞાનને ધરાવનાર આત્માર્થી સાધક પણ સારા-નરસા વિકલ્પ-વિચારસ્વરૂપ વાદળાના ઢગલાની વચ્ચે અટવાયા વિના, તેને જોવા-જાણવા -માણવામાં ખોટી થયા વિના, તેમાં વિશ્રામ કર્યા વિના, વિકલ્પવાદળની આસપાસ જણાવા છતાં પણ વિકલ્પવાદળની પેલે પાર ચિદાકાશમાં રહેલા એવા (૧) સમ્યગ્ મતિજ્ઞાનરૂપી ટમટમતા તારલા, (૨) વિશદ શ્રુતજ્ઞાનસ્વરૂપ નમણા નક્ષત્રો, (૩) પરમાવધિજ્ઞાન વગેરે સ્વરૂપ ઝળહળતા ગ્રહો, (૪) મનઃપર્યવજ્ઞાનાત્મક સૌમ્ય ચંદ્ર તથા (૫) કેવલજ્ઞાનસમાન ઉગતો પ્રચંડ સૂર્ય - આ પાંચના, પોતાના અનુભવજ્ઞાનરૂપી પ્રજ્ઞા વડે, નિરંતર સબહુમાન દર્શન કરીને પોતાના વિવેકજ્ઞાનને અને વિવેકદૃષ્ટિને

(=સમ્યગ્દર્શનને) વધુ વેધક, તીક્ષ્ણ, તેજસ્વી અને નિર્મળ બનાવે છે. મતિજ્ઞાનાદિમાં વણાયેલી સહજ, નિર્વિકલ્પ, નીરવ, નિજ શુદ્ધ ચેતનામાં જ સાધકની રુચિ ઉપાદેયપણે અત્યંત દૃઢ બને છે.

### વિકલ્પ-પુણ્ય-શક્તિ વગેરે માત્ર જ્ઞેય છે, ઉપાદેય નહિ

મતિજ્ઞાનાદિની સાથે સંકળાયેલા વિકલ્પ-વિચારાદિઓ યોગી માટે ઉપાદેય = ગ્રાહ્ય નહિ પણ માત્ર જ્ઞેય બને છે. તેથી જ ક્વચિત્ પ્રયોજનભૂત એવા પ્રશસ્ત વિચારવાદળની વચ્ચે શુદ્ધ ચૈતન્યરૂપી સૂર્યના તેજસ્વી કિરણોના સહારે સર્જાતા એવા કુશલાનુબંધી પુણ્યસ્વરૂપ સપ્તરંગી મેઘધનુષ્ય પણ યોગી માટે માત્ર દર્શનીય-જ્ઞેય જ બની રહે છે, ઉપાદેય નહિ. પ્રશસ્ત વિચારરૂપી વાદળની આસપાસ સંધ્યાના કે ઉષાના સોનેરી-રૂપેરી-ગુલાબી પ્રકાશસ્વરૂપે પ્રગટેલી શાસનપ્રભાવક શક્તિ, લબ્ધિ, સિદ્ધિ, ઋદ્ધિ વગેરેના પણ અપ્રમત્ત ચારિત્રધર યોગી માત્ર જ્ઞાતા-દૃષ્ટા-અસંગ સાક્ષી જ બની રહે છે, કારણ કે તેમને માન-સન્માન-પ્રસિદ્ધિ વગેરે અત્યંત તુચ્છ લાગે છે. 'પ્રતિષ્ઠા = પ્રસિદ્ધિ ભૂંડણની વિષ્ટા જેવી છે' - આ પ્રમાણે **નારદપરિવ્રાજક ઉપનિષદ્**માં અને **સંન્યાસગીતા**માં જે જણાવેલ છે, તે વચન તેઓની રગે -રગમાં પૂરેપૂરું પરિણમી ગયેલ હોય છે.

### પ્રભાદૃષ્ટિનો પ્રકર્ષ

સાતમી પ્રભા દૃષ્ટિમાં રહેલા તે યોગીઓનું અનુષ્ઠાન સમાધિસ્થ જ હોય છે. તેમના સાન્નિધ્યમાં બીજા હિંસક-વૈરી જીવોના પણ વૈરાદિ ભાવો શાંત થાય છે. આ રીતે અસંગ ભાવથી યથોચિત રીતે પરોપકાર પણ સાતમી પ્રભા દૃષ્ટિમાં નિરાબાધપણે પ્રવર્તે છે. જો તેમને શિષ્યાદિ હોય તો શિષ્યાદિને અસંગભાવથી અવસરે વાચના વગેરે આપવા સ્વરૂપ ઉચિત પ્રવૃત્તિ પ્રવર્તે છે. તેમજ તેમની જે કોઈ પણ ક્રિયા હોય તે સારી જ હોય છે, અમોઘ જ હોય છે, પોતાની ભૂમિકાને અનુરૂપ જ હોય છે તથા અનાસક્ત ચિત્તથી જ તે સત્ક્રિયા પ્રવર્તતી હોય છે - તેમ જાણવું. 'આત્મસ્વરૂપમાં જ અત્યંત નિશ્ચલ અને પરમઆનંદવાળું ચિત્ત એ સુલીન કહેવાય' - આવું **યોગશાસ્ત્ર**માં જણાવેલ છે. તે સુલીન ચિત્ત પરમાર્થથી અહીં પ્રગટે છે. પ્રભા નામની સાતમી યોગદૃષ્ટિમાં પ્રવૃત્તચક્ર યોગીના આત્મવિકાસની આવી પરાકાષ્ઠા જાણવી. **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિજીએ પ્રવૃત્તચક્ર નામના યોગીનું વર્ણન કરેલ છે.

### આઠમી યોગદૃષ્ટિ 'પરા'ને સમજીએ

છેલ્લી આઠમી 'પરા' નામની યોગદૃષ્ટિ છે. **(A)** 'દેહ-વચન-મન-કર્મ-પુદ્ગલાદિથી પોતાનો આત્મા અત્યન્ત નિરાળો છે, જુદો છે, છૂટો છે' - આવા ભેદવિજ્ઞાનની પરિણતિ ત્યારે યોગીને અત્યંત પરિપક્વ, અતિસુદૃઢ અને વિશુદ્ધ બની ચૂકેલ હોય છે, આત્મસાત્ થયેલ હોય છે. તેમજ આગળ જણાવવામાં આવશે તે **(B)** ગુણવૈરાગ્ય = પરવૈરાગ્ય (= શ્રેષ્ઠવૈરાગ્ય) પણ તેમના અંતરમાં ઝળહળતો હોય છે. આ બન્ને ઉમદા, ઉત્તમ અને ઉદાત્ત એવા દુર્લભતમ તત્ત્વોના પ્રભાવે -

(૧) કામભોગ, ભોગસુખ, ઈન્દ્રિયસુખ વગેરેથી તેઓ અત્યન્ત વિરક્ત થયા હોય છે.

(૨) શાસનપ્રભાવનાદિ બાહ્ય પ્રવૃત્તિનો પણ તેઓને મોહ-વળગાડ નથી જ હોતો.

(૩) કાયયોગ વગેરેની ચંચળતા, પરિવર્તનશીલતા વગેરે પણ તેમને પસંદ નથી હોતી.

(૪) મનના સંકલ્પ, વિકલ્પ, વિચાર આદિ પ્રત્યે આંશિક પણ આકર્ષણ હોતું નથી.

(૫) ક્યારેક શિષ્યાદિ પ્રત્યે કે શાસનનાશકાદિ પ્રત્યે કરવા જરૂરી હોય તેવા પ્રશસ્ત કષાયની પણ તેમને જરાય રુચિ હોતી નથી.

(૬) કર્તૃત્વ-ભોક્તૃત્વ પરિણામનો પક્ષપાત મરી ચૂક્યો હોય છે.

(૭) રાગાદિ ભાવોથી છૂટવાની તીવ્ર તમન્ના સ્વરૂપ મુમુક્ષાપરિણામથી ગર્ભિત સદનુષ્ઠાનાદિ પ્રત્યેની પ્રીતિથી જે સુખ પૂર્વે અનુભવાતું હતું, તે સુખની પણ તેમને હવે ઈચ્છા થતી નથી.

(૮) સાતમી દૃષ્ટિમાં અસંગઅનુષ્ઠાન પ્રવર્તતું હતું. એના નિમિત્તે ત્યાં જે ઉપેક્ષાભાવનું સુખ = ઉદાસીનભાવનું સુખ ઉદ્ભવતું હતું, તેમાં સામે ચાલીને જોડાવાની લાગણીથી પણ તેઓ વિરક્ત બને છે.

(૯) વગર બોલાવ્યે, સામે ચાલીને, આત્મવિશુદ્ધિથી આકર્ષાઈને આવી પડેલા એવા લૌકિક અને લોકોત્તર અમોઘ દિવ્ય યોગસંબંધી ઐશ્વર્ય લબ્ધિ-ઋદ્ધિ-સિદ્ધિ-ચમત્કારશક્તિ વગેરેના આનંદથી પણ તેઓ અંદરથી પૂર્ણતયા ઉદાસીન હોય છે.

(૧૦) વધતા એવા (a) પ્રશસ્ત પરિણામો, (b) પ્રશસ્ત અધ્યવસાયો, (c) પ્રશસ્ત લેશ્યા અને (d) પ્રશસ્ત યોગના માધ્યમે આવેલા આનંદથી પણ તેઓ પૂરેપૂરા વિરક્ત હોય છે.

(૧૧) તેમને અવાર-નવાર સ્વપ્નમાં અપૂર્વ જિનપ્રતિમા, તીર્થ વગેરે જોવા મળે. ધ્યાન અને સમાધિ પછી પ્રગટતો અનાહત નાદ તેમને સંભળાય. દિવ્ય ધ્વનિ-દેવવાણી તેમને સંભળાય. દેવતા પણ એમને દર્શન આપે. શાતા પૂછવા ઈન્દ્ર વગેરે પણ આવે. આવી દશામાં સામાન્ય માણસ હરખઘેલો થઈ જાય. પોતાની જાતને બીજા કરતાં ઘણી ઊંચી માની લે. પરંતુ આઠમી યોગદૃષ્ટિમાં રહેલા યોગીને અત્યંતશુક્લસ્વપ્રદર્શનાદિજન્ય આનંદ પ્રત્યેનું પણ આકર્ષણ ઓસરી ગયું હોય છે. ભેદજ્ઞાન અને ગુણવૈરાગ્ય - આ બેના પ્રભાવે ઉપરોક્ત ૧૧ બાબતો વિશે વિરક્ત-અનાસક્ત થવાના લીધે પરિપક્વપણે અને વિશુદ્ધપણે અસંગસાક્ષીભાવ તેમનામાં પરિણમે છે. તેના લીધે તે આસંગ દોષથી વિપ્રમુક્ત બને છે. પ્રાપ્ત ગુણસ્થાનકમાં જ જકડી રાખે, ઉપરના ગુણઠાણે ચઢવા ન દે તેવી આસક્તિ એટલે આસંગ દોષ. **ષોડશકાદિ**માં વિસ્તારથી તેનું વર્ણન મળે છે. **ષોડશક, યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ, યોગબિંદુવૃત્તિ, દ્વાત્રિંશિકાવૃત્તિ** વગેરેમાં વર્ણવેલ 'નિષ્પન્નયોગ' નામના યોગી પ્રસ્તુત આઠમી પરા દૃષ્ટિમાં વર્તતા હોય છે. તેઓ સહજપણે સર્વત્ર સર્વદા સમાધિનિષ્ઠ હોય છે. સમાધિ એટલે પોતાના શુદ્ધ સ્વરૂપ માત્રનો પ્રકાશ, નિર્વિકલ્પ ચૈતન્યપ્રકાશ.

## વિકલ્પવાસનાને બાળી નાંખીએ

નિમિત્ત હોય કે ન હોય છતાં પણ નવી-નવી કલ્પના, આશા, ચિંતા, સ્મૃતિ, સંકલ્પ, વિકલ્પ, અંદરનો બડબડાટ (અંતર્જલ્પ), વિચાર વગેરે કરે જ રાખવાની અભિરુચિ-કુટેવ-વ્યસન એ વિકલ્પવાસના છે. આઠમી યોગદૃષ્ટિમાં વર્તતા મહાયોગી કેવલ પોતાના આત્માની અતીન્દ્રિય-અપરોક્ષ અનુભૂતિથી વણાયેલ સમાધિ સ્વરૂપ અગ્નિજ્વાળાથી વિકલ્પવાસનાને સમગ્રતયા સળગાવીને સાફ કરી નાંખે છે. તેના લીધે 'પરા દૃષ્ટિવાળા યોગીનું મન નિર્વિકલ્પ હોય છે. વિકલ્પ ન હોવાના લીધે તેમને ઉત્તમ સુખ હોય છે' - આ પ્રમાણે **યોગદૃષ્ટિસમુચ્ચયવ્યાખ્યા**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે. 'નિર્વિકલ્પ સુખ એ જ તાત્ત્વિક સુખ છે' - આવું **બૃહત્કલ્પભાષ્ય**માં જણાવેલ છે. કર્તૃત્વ-ભોક્તૃત્વ પરિણતિ તેમના અંતઃકરણમાંથી નીકળી જાય છે. તેમના નિર્વિકલ્પ બની ચૂકેલા અંતઃકરણમાં માત્ર અત્યંત નિર્મળ બોધ - વીતરાગ ચૈતન્યપ્રકાશ જ હોય છે. આઠમી યોગદૃષ્ટિમાં અંતઃકરણ આવું વિશદ-વિમલ બને છે.

**અધ્યાત્મસાર**માં જે પાંચમું 'નિરુદ્ધ' નામનું ચિત્ત બતાવેલ છે, તે પરમાર્થથી અહીં જાણવું. તથા પોતાના વિશુદ્ધ ચૈતન્યમાં એકતાનતા-એકરસતા અહીં સમ્યક્ પ્રકારે પરાકાષ્ઠાએ પહોંચે છે. આ એકતાનતા એ જ પરા દૃષ્ટિમાં રહેલા મહાયોગીની 'પરા ભક્તિ' જાણવી.

### ❋ સિદ્ધિયમની પરાકાષ્ઠા ❋

તથા અચિંત્ય = અવર્ણનીય અમોઘ શક્તિના યોગથી અહિંસા, સત્ય વગેરે યમ પરાર્થસાધક બને છે. મતલબ કે પરા દૃષ્ટિમાં વર્તતા યોગીની પાસે આવેલા હિંસક પ્રાણીઓ પણ અહિંસક બની જાય છે. તેઓની હિંસકવૃત્તિ નાશ પામે છે. મહામૃષાવાદી પણ તેમની પાસે આવવા માત્રથી, તેમના યોગપ્રભાવથી-સિદ્ધિયમપ્રભાવથી, તાત્કાલિક સત્યવાદી બની જાય છે. આમ શુદ્ધ અંતરાત્માવાળા આ મહાયોગી પાસે અહિંસા, સત્ય વગેરે સંબંધી સિદ્ધિયમ અત્યંત પ્રકૃષ્ટપણે વર્તતા હોય છે - તેમ સિદ્ધ થાય છે. **યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગવિંશિકા, દ્વાત્રિંશિકા પ્રકરણ, અધ્યાત્મસાર** વગેરે ગ્રંથમાં 'સિદ્ધિયમ' વર્ણવેલ છે. ચંદનમાં સુગંધ જેમ આત્મસાત્ થયેલ હોય, તેમ અહીં ધર્મપ્રવૃત્તિ આત્મસાત્ થાય છે. **યોગદૃષ્ટિસમુચ્ચય**માં અદ્વેષાદિ જે આઠ ગુણ બતાવેલ છે, તેમાંથી આ આઠમો ગુણ જાણવો.

### ❋ વાસી-ચન્દનકલ્પતાનો પ્રાદુર્ભાવ ❋

**પ્રશ્નવ્યાકરણસૂત્ર, મહાનિશીથસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ, વ્યવહારસૂત્રભાષ્ય, મરણવિભક્તિ પ્રકીર્ણક, ઉપદેશમાલા, પ્રશમરતિ, યોગશતક, અષ્ટકપ્રકરણ** વગેરે ગ્રંથોમાં બતાવેલ વાસી-ચંદનકલ્પતા આ અવસ્થામાં પરમાર્થથી પ્રગટે છે. (૧) વાસી = કરવત. એક માણસ કરવતથી મુનિના શરીરને છોલે અને બીજો માણસ ચંદનથી મુનિદેહનું વિલેપન કરે છતાં મુનિને તે બંને પ્રત્યે સમાન ભાવ હોય. મુનિની કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે તેમ છતાં મહાત્માનો ભાવ તે બન્ને પ્રત્યે એક સરખો હોય. અણગારની આ અવસ્થા વાસી-ચન્દનકલ્પ કહેવાય. આ મુજબ **મહાનિશીથસૂત્ર**માં જણાવેલ છે. તથા (૨) 'કરવત જેવા અપકારકારી જીવો વાસ્તવમાં મારા પાપોને છોલવામાં નિમિત્ત બને છે, ઉપકારી બને છે. તેથી તે ચંદન જેવા છે' - આવું જે કલ્પે = વિચારે તે પણ વાસીચંદનકલ્પ કહેવાય. અથવા (૩) વાસીમાં = કરવતતુલ્ય અપકારી જીવોમાં ચંદનના કલ્પની = છેદની જેમ જે ઉપકાર કરે, તે વાસીચંદનકલ્પ કહેવાય. મતલબ કે જેમ ચંદન પોતાને છેદનાર વાસીને = કરવતને પણ સુગંધ આપે છે, તેમ અપકારી ઉપર ઉપકાર કરે તે વાસીચંદનકલ્પ કહેવાય. અથવા (૪) વાસીમાં = કરવતસમાન અપકારી જીવોમાં ચંદન જેવો કલ્પ = આચાર જેમનો હોય તે વાસીચંદનકલ્પ કહેવાય. અથવા (૫) વાસીમાં = કરવત જેવા અપકારી જીવોમાં જે સાધુ ચંદનકલ્પ = ચંદનતુલ્ય છે, તે સાધુને વાસીચંદનકલ્પ કહેવાય. (**અષ્ટકપ્રકરણવૃત્તિ**ના આધારે અન્ય અર્થ લખેલ છે.) આવી દશા પરમાર્થથી અહીં પ્રગટે છે.

### ❯ સામાયિકચારિત્ર બલિષ્ઠ બને ❯

**પ્રશ્નવ્યાકરણસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ** વગેરેમાં સર્વ જીવો પ્રત્યે સમતા રાખવાની પરિણતિસ્વરૂપ સામાયિકચારિત્ર બતાવેલ છે. તે સામાયિકચારિત્ર આ આઠમી યોગદૃષ્ટિમાં અત્યંત બળવાન બને છે.

## ● મહાસામાયિકનો આવિર્ભાવ ●

દેહ છતાં વિદેહદશાને = દેહાતીત અવસ્થાને સારી રીતે પ્રકૃષ્ટપણે તે મહાયોગી અનુભવે છે. તેથી તે શુક્લ-શુક્લાભિજાત્ય બને છે. તેથી આઠમી યોગદૃષ્ટિમાં રહેલા પ્રસ્તુત મહાયોગીની સમતા પરાકાષ્ઠાએ પહોંચે છે. તેથી આ અવસ્થામાં શુદ્ધચૈતન્યમય પરમસમભાવસ્વરૂપ મહાસામાયિક ઉત્પન્ન થાય છે. '**સમરાઈચ્ચ કહા**' નામના ચરિત્રગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ નવમા ભવમાં પ્રસ્તુત મહાસામાયિકનો નિર્દેશ કરેલ છે.

## ✱ ધર્મક્ષમા, સામર્થ્યયોગ, શુક્લધ્યાન વગેરેનો પ્રાદુર્ભાવ ✱

**ષોડશક, યતિધર્મવિંશિકા પ્રકરણ** વગેરેમાં જે નિરતિચાર ધર્મક્ષમા, ધર્મનમ્રતા વગેરે વર્ણવેલ છે, તે પણ અહીં આત્મસાત્ થાય છે. તેનું બીજું નામ સ્વભાવક્ષમા, સ્વભાવનમ્રતા વગેરે છે. અનેક જન્મોને લાવનાર સાશ્રવયોગનો ઉચ્છેદ થાય છે. માત્ર વર્તમાન એક ભાવ જ બાકી હોવાથી અનાશ્રવયોગનો પ્રકર્ષ થાય છે. તેનું વર્ણન **યોગબિંદુ**માં મળે છે. સમ્યક્ અને સર્વોત્કૃષ્ટ યોગદશા અહીં પ્રગટે છે. શુદ્ધ આત્મસ્વરૂપને ગ્રહણ કરનારા વીર્યોલ્લાસની પરાકાષ્ઠા થવાથી **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં વર્ણવેલ સામર્થ્યયોગને પ્રગટ થવાનો અહીં અવસર (chance) મળે છે. અહીં પૂર્વે (૧/૬ + ૧૬/ ૫-૬) જણાવેલ શુક્લધ્યાન, સમાપત્તિ, ક્ષપકશ્રેણિ વગેરે આ અવસ્થામાં પ્રગટ થાય છે. પરા યોગદૃષ્ટિમાં રહેલા યોગી અતિચારશૂન્ય બનીને નિરાચારપદને સંપ્રાપ્ત કરે છે. આ રીતે આઠમી પરા દૃષ્ટિમાં રહેલા યોગી મોક્ષમાર્ગે આગળ વધે છે. આટલી પ્રરૂપણા દ્વારા અનુભવના સ્તરે પ્રતીયમાન બાહ્ય-અભ્યંતર મોક્ષમાર્ગની આ કથા અન્વયમુખે = હકારાત્મકસ્વરૂપે જાણવી. આ અંગે બાકી રહેલી બાબતોને વિજ્ઞ વાચકવર્ગે **યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિંદુ, ષોડશક, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાંથી જાણી લેવી.

## ❖ હજુ સુધી સ્વાનુભૂતિ કેમ ન થઈ ? ❖

હવે વ્યતિરેકમુખે કાંઈક વિચારીએ. (૧) પૂર્વે અનેક વખત સંયમજીવનને સ્વીકાર્યા બાદ પણ આ જીવે પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની યથાર્થસ્વરૂપે સમજણ મેળવી નહિ.

## ✡ ચિત્તવૃત્તિપ્રવાહ અંતર્મુખ ન કર્યો ✡

(૨) તેવી સમજણ મેળવવાપૂર્વક પોતાની ચિત્તવૃત્તિના પ્રવાહને અંતર્મુખ કરવાનું કાર્ય આ જીવે કર્યું નહિ.

(૩) દીક્ષાજીવનમાં પણ વિભિન્ન પ્રશસ્ત પ્રવૃત્તિના ભારબોજ નીચે અટવાઈને, દબાઈને, કચડાઈને પોતાનું આ અંગત આવશ્યક મહત્ત્વપૂર્ણ કર્તવ્યપાલન આ જીવ ભૂલી ગયો, ચૂકી ગયો.

(૪) કદાચ સદ્ગુરુએ તેવી પ્રેરણા કરી હોય તો પણ આ જીવે આ કર્તવ્યપાલનની ઉપેક્ષા કરી.

## ❋ આત્મસન્મુખ ચિત્તવૃત્તિ ન કરી ❋

(૫) અરે ! શાસ્ત્રાભ્યાસ કરતી વખતે, બીજાને શાસ્ત્રો ભણાવતી વખતે કે તપશ્ચર્યા વગેરે કરતી વેળાએ પણ 'મારે મારી ચિત્તવૃત્તિના પ્રવાહને અત્યન્ત ઝડપથી મારા ચેતનદ્રવ્યની સન્મુખ કરવો છે' - આ મુજબનું પ્રણિધાન (= સંકલ્પ) પણ આ જીવે ન કર્યું.

### ❀ ધર્મના નામે બહિર્મુખતા વધારી ! ❀

(૬) (a) લોકકલ્યાણ, (b) જનજાગૃતિ, (c) શાસનપ્રભાવના, (d) સંઘસેવા, (e) ગચ્છસંચાલન, (f) સમુદાયવ્યવસ્થા, (g) શિષ્યસંવર્ધન, (h) જીર્ણોદ્ધાર, (i) પ્રતિષ્ઠા, (j) તીર્થરક્ષા, (k) નૂતનતીર્થસર્જન, (l) શ્રુતસંરક્ષણ, (m) ધર્મકથા, (n) વિહારધામ નિર્માણ, (o) શ્રાવકઉત્કર્ષ યોજના, (p) જૈન વિદ્યાલય નિર્માણ યોજના, (q) જૈન પાઠશાળા ભંડોળ અભિયાન, (r) જીવદયા ભંડોળ યોજના, (s) પશુરોગ ચિકિત્સા યજ્ઞ, (t) નેત્રરોગ ચિકિત્સા યજ્ઞ, (u) કૃત્રિમ પગ આરોપણ શિબિર (જયપુર ફૂટ કેમ્પ), (v) જૈન હોસ્પિટલ નિર્માણ, (w) યુદ્ધાદિ સમયે રાષ્ટ્રરક્ષા માટે ધન ભેગું કરાવવાનું અભિયાન, (x) માનવ અનુકંપા ભંડોળ યોજના, (y) અનેકવિધ મહોત્સવ, (z) તીર્થયાત્રા, છ'રી પાલિત સંઘ,ઉપધાન માળા આરોપણ, નવાણું યાત્રા વગેરેમાં નિશ્રા પ્રદાન કરવી... વગેરે મનમોહક રૂડા-રૂપાળા નામે પણ એક યા બીજી પ્રવૃત્તિને વળગવા દ્વારા અહંભાવને પુષ્ટ કરીને આ જીવે સાધુજીવનમાં ય બહિર્મુખતાને જ તગડી કરી. (અહીં વ્યક્તિગત રીતે કોઈના પણ ઉપર દોષારોપણ કરવાનો કે આંગળીચીંધણું કરવાનો મારો લેશમાત્ર પણ આશય નથી. અનેક રીતે આ બાબત મને પણ લાગુ પડે છે જ - એની ખાસ આત્માર્થી વાચક વર્ગે નોંધ લેવી. માટે આ બાબતમાં કોઈએ પણ ક્યાંય કોઈના વિશે ટીકા-ટિપ્પણ વગેરે કરવી નહિ. માત્ર પોતાના જીવનમાં સાવધાની રાખવા પૂરતી જ આ વાતને સીમિત રાખવી. ચર્ચામંચ ઉપર આ બાબતને કોઈએ લાવવી નહિ. મારા આશયને સમજવાનો પ્રયત્ન કરજો. પ્લીઝ !) 'ધર્મને ઝંખતા માણસોએ હંમેશા સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને જાણવો જોઈએ. સ્થૂલ બુદ્ધિથી ધર્મને સમજવા જતાં - કરવા જતાં તો ધર્મબુદ્ધિથી જ ધર્મનો નાશ-ઉચ્છેદ થવાની સમસ્યા સર્જાય' - આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણ**નો શ્લોક આ જીવ ઉપરોક્ત પ્રવૃત્તિમાં ગળાડૂબ થઈને ભૂલી ગયો. પ્રસ્તુતમાં **યોગસાર** ગ્રંથની એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. ત્યાં જણાવેલ છે કે 'પાપબુદ્ધિથી પાપ થાય, એ વાતને કોણ મુગ્ધ એવો પણ માણસ નથી જાણતો ? પરંતુ ધર્મબુદ્ધિથી જે પાપ થાય, તેને વિચક્ષણ પંડિત જીવોએ કુશળતાપૂર્વક વિચારવું.' આ બાબતને પણ આ જીવે જરા પણ ગંભીરતાથી વિચારી નહિ. દ્રવ્યયોગને ભાવયોગરૂપે આ જીવે પરિણમાવ્યો નહિ.

### ❋ ધર્મનું સાચું માપદંડ ન પકડ્યું ❋

(૭) કેવળ બાહ્ય સાધુવેશ મેળવીને માત્ર તેનાથી જ પોતાને કૃતકૃત્ય માનવાની ભૂલ બાલદશામાં આ જીવે અનેક વાર કરી છે. આ રીતે આ જીવે ધર્મનું સાચું માપદંડ ન પકડ્યું.

(૮) ત્યાંથી થોડેક આગળ વધતાં મધ્યમદશામાં મોટા ભાગે બાહ્ય ધર્મપ્રવૃત્તિને જ તાત્ત્વિક ધર્મસ્વરૂપે પકડી લીધી. 'બાળ જીવ બાહ્ય લિંગને ધર્મના માપદંડ તરીકે જુએ છે. મધ્યમબુદ્ધિવાળો ધર્માર્થી જીવ બાહ્ય આચારને ધર્મની પારાશીશી સ્વરૂપે જુએ છે' - આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિજી**એ **ષોડશક** પ્રકરણમાં જે વાત જણાવેલ છે, તેનું અહીં અનુસંધાન કરવું.

### ❈ પુણ્યોપાર્જનાદિમાં જીવ અટવાયો ❈

(૯) ક્યારેક આ જીવે પુણ્યોપાર્જનમાં જ ધર્મદૃષ્ટિને તીવ્રતાથી સમગ્રપણે સ્થાપિત કરી.

(૧૦) તો ક્યારેક (a) શારીરિક સ્વાસ્થ્ય, (b) શિષ્યપરિવારવૃદ્ધિ, (c) માન-સન્માન, (d) પદવી,

(e) પ્રવચનપટુતા, (f) યશ, (g) કીર્તિ વગેરેને લાવનાર પ્રચુર પુણ્યોદયમાં જ સંયમજીવનની સાર્થકતાનો સંકલ્પ કર્યો. તેવા પુણ્યોદયમાં સંયમની સાર્થકતા માની. તેવા પુણ્યોદયની સાથે ગોઠવાયેલા અભિમાનને લીધે તાત્ત્વિક જ્ઞાનીપણું અને તાત્ત્વિક સાધુપણું આ જીવે ખતમ કર્યું. **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે "જે સાધુઓ અનુભવના સ્તરે મોક્ષમાર્ગનો દૃઢ નિર્ણય કર્યા વિના, માત્ર બાહ્ય ક્રિયા દ્વારા 'અમે સાચા સાધુ છીએ' - એવું અભિમાન કરે છે, તેઓ ચારિત્રની પરિણતિથી ભ્રષ્ટ બનેલા છે. તેઓ જ્ઞાની પણ નથી." મતલબ કે આ જીવ અભિમાની પોથી પંડિત બનીને જ્ઞાન-ચારિત્ર ઉભયથી ભ્રષ્ટ બન્યો.

### ❀ ભાવસ્યાદ્વાદની શુદ્ધ પરિણતિ ન પ્રગટાવી ❀

(૧૧) ક્યારેક સાધુ જીવનમાં પંડિતાઈ, બહુશ્રુતપણું વગેરે મેળવીને માત્ર દ્રવ્યસ્યાદ્વાદને જ પકડી રાખ્યો. 'स्यात्', '**कथञ्चित्**' વગેરે શાસ્ત્રીય પારિભાષિક શબ્દોના ઢોલ-નગારા જોર-શોરથી પીટીને સ્યાદ્વાદને માત્ર શાસ્ત્ર કે શાસ્ત્રાર્થ (= વાદ) પૂરતો જ સીમિત રાખ્યો. પરંતુ પોતાની વર્તમાનકાલીન ભૂમિકાને ઉચિત બને તે રીતે બાહ્ય-અભ્યંતર મોક્ષમાર્ગને પોતાના આત્મામાં ગૂંથીને, જીવનમાં ગોઠવીને, વલણમાં વણીને પોતાની અંદર ભાવસ્યાદ્વાદની શુદ્ધ પરિણતિને તૈયાર ન જ કરી. 'તે શુદ્ધ પરિણતિ જ અનાદિકાલીન સહજમળનો ઉચ્છેદ કરનારી છે' - આ બાબતને લક્ષમાં પણ ન લીધી. 'દીક્ષા વગેરે યોગને ધારણ કર્યો પણ મમતાને હણી નહિ, સમતાનો આદર કર્યો નહિ. આત્માદિ વસ્તુના પારમાર્થિક સ્વરૂપની = તત્ત્વની જિજ્ઞાસા પણ કરી નહિ. ખરેખર માનવજન્મ નિષ્ફળ ગયો'- આ પ્રમાણે **અધ્યાત્મસાર**માં જે બાબત જણાવેલી છે, તે જ બાબત આ જીવના જીવનમાં પૂર્વે અનેક વાર બની. **અધ્યાત્મસાર**ના ઉપરોક્ત શ્લોકનો વિષય આ જીવ અનેક વાર બન્યો.

### ❀ રાગાદિ પ્રત્યે વૈરાગ્ય ન જગાડ્યો ❀

(૧૨) આ જીવે બાહ્ય સંસારનો ત્યાગ પૂર્વે ઘણી વાર કર્યો. પરંતુ છોડેલા સંસારનો રાગ ન છોડ્યો. 'પત્ની, પુત્ર, પુત્રી, પિતા, માતા, પરિવાર, દુકાન, ઘર, ધન વગેરેને કાયમી ધોરણે છોડ્યા બાદ તેનો રાગ પણ છોડવા જેવો જ છે' - આ હકીકતને આ જીવે ન તો સમજી કે ન તો છોડેલા બાહ્ય સંસારના રાગાદિ વિભાવ પરિણામો પ્રત્યે વૈરાગ્યભાવ સમ્યક્ પ્રકારે ઉત્પન્ન કર્યો.

(૧૩) અંદરમાં ઉઠતા રાગ-દ્વેષાદિભાવ સ્વરૂપ કે સંકલ્પ-વિકલ્પાદિ પરિણામ સ્વરૂપ અભ્યંતર સંસારનો પક્ષપાત પણ આ જીવે ન છોડ્યો.

### ❀ દ્વેષભેદવિજ્ઞાન ન કેળવ્યું ❀

(૧૪) અધિકરણોની દુનિયાને છોડ્યા બાદ પણ પ્રતિકૂળ આચરણને કરનાર સહવર્તી પ્રત્યે કે પ્રતિસ્પર્ધી પ્રત્યે તેજોદ્વેષ ન છોડ્યો. 'આ તેજોદ્વેષ મારું સ્વરૂપ નથી. મારો તે સ્વભાવ નથી. મારે તેની સાથે લેવા-દેવા નથી. હું તો તેનાથી સાવ જુદો છું. તો પછી મારે શા માટે તેમાં ભળવું ? હું તો મારા પરમ શીતળ સ્વભાવમાં જ લીન બનું' - આ રીતે નિજચિત્તવૃત્તિગત તથાવિધ તેજોદ્વેષ પ્રત્યે ભેદવિજ્ઞાનના સહકારથી વિરક્ત બની, દ્વેષ વિશે વૈરાગ્યને જગાડી, પરમ ઉપશમભાવ અંદરમાં ન પ્રગટાવ્યો.

### ❀ નિર્મળ સ્વપર્યાયો ન ગમ્યા ❀

(૧૫) પોતાની તાકાત હોય, આવડત હોય, પુણ્ય પહોંચતું હોય, પ્રતિકાર કરવામાં નુકસાની જણાતી ન હોય અને કોઈ પોતાનો પરાભવ કરે કે ઉપસર્ગ-પરિષહ વગેરેની ઝડી વરસાવે તો તેવા

સમયે આત્માની શાંત-પ્રશાંત-ઉપશાન્ત દશા સ્વરૂપ નિજ નિર્મળ પર્યાયોનો સમૂહ પોતાને ન જ ગમ્યો.

**❋ સ્વરક્ષા ન ગમી ❋**

(૧૬) 'પોતાના આત્માની સતત સંભાળ કરવી, અસંયમાદિથી રક્ષા કરવી' - આ મુજબ **દશવૈકાલિકચૂલિકા**ના વચનને સારી રીતે આત્માર્થીપણે યાદ કરીને પોતાની ચિત્તવૃત્તિના બહિર્ગમનને રોકવા સ્વરૂપ સંયમને અભિમત-સંમત ન કર્યું. તેવું સંયમ આ જીવને પસંદ ન જ પડ્યું.

**❋ પ્રત્યાહારને પ્રાણપ્યારો ન બનાવ્યો ❋**

(૧૭) "અનાત્મતત્ત્વના (=પારકા) પ્રસંગમાં સાધકની ચેષ્ટા ખરેખર મૂંગા-આંધળા-બહેરા જેવી હોય" - આ **અધ્યાત્મસાર**ના વચનને અંતઃકરણમાં સ્થાપીને આ જીવે ઈન્દ્રિયોની વિષયાભિમુખતાને તોડવા-છોડવા-તરછોડવા દ્વારા પ્રત્યાહારને પ્રાણપ્યારો બનાવ્યો નહિ.

**✧ આત્મગર્હા ન કરી ✧**

(૧૮) પોતાની ચિત્તવૃત્તિઓ નિજાત્મદ્રવ્યને છોડી બહાર રસપૂર્વક દોડી જાય ત્યારે અંદરમાં આત્મગર્હાસ્વરૂપ કાળો કલ્પાંત આ જીવે કર્યો નહિ. મતલબ કે 'હું મહામૂઢ છું. હું મહાપાપી છું. હું અનાદિકાલીન મહામોહના સંસ્કારથી વાસિત છું. હું આત્મહિતકારી અંતર્મુખતાદિને ભાવથી અહિતકારી માનું છું. આત્માને નુકસાન કરનાર બહિર્મુખતા વગેરેને જ અંદરથી હિતકારી માનું છું. આ તે કેવી ગેરસમજ છે !? હું પોતે જ મારો દુશ્મન છું. અધમાધમ જીવો કરતાં પણ હું અધિક પતિત છું' - ઈત્યાદિ સંવેદન કરીને ખરા દિલથી દુષ્કૃતગર્હાનો-આત્મગર્હાનો પરિણામ આ જીવે જગાડ્યો નહિ.

**❋ ભ્રાન્ત કર્તૃત્વભાવમાં ભટક્યો ❋**

(૧૯) 'આ આત્મા પોતાના સ્વભાવનો જ કર્તા છે. ક્યારેય પણ આત્મા પરભાવનો = કાર્મિકાદિ ભાવોનો કર્તા બનતો નથી જ' - આ પ્રમાણે **હર્ષવર્ધન ઉપાધ્યાયજી**એ **અધ્યાત્મબિંદુ**માં જણાવેલ છે. પરંતુ તેને સાવ જ ભૂલીને સંયમજીવનમાં પણ પારકા દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં જ ઈન્દ્રિયવૃત્તિને, ચિત્તવૃત્તિને રસપૂર્વક જોડવા દ્વારા વિષયો પ્રત્યે સંભ્રમ = આદરભાવ, મૂર્છા, તૃષ્ણા, આકુળતા વગેરે પરિણામો વિશે પોતાનામાં ભ્રાન્ત કર્તૃત્વનો ભાવ જગાડીને આ જીવે અસંયમને જ પુષ્ટ કર્યું. તેમાં જ અટવાયો.

(૨૦) પરમ શાંતરસમય સ્વાત્મદ્રવ્યની પ્રતીતિ થાય તો તો ઉપરોક્ત અસંયમ આ જીવને કાંઈક અંશે ખૂંચે-ખટકે. પરંતુ તેવી પ્રતીતિ ન કરવાથી તે અસંયમની પીડાને પણ આ જીવે ન અનુભવી. કેવી કરુણ અકથ્ય ગંભીર દુર્ઘટના ?!

**❋ ચિંતામણિરત્ન વગેરેને કાણી કોડી જેવા કર્યા ! ❋**

(૨૧) ઘણી વાર તપશ્ચર્યા વગેરેને માન-સન્માનાદિ મેળવવાના ઉપાય તરીકે જોઈ-વિચારી માન -સન્માનાદિ મેળવવા માટે આ જીવે તપશ્ચર્યા વગેરે કરી. આ રીતે જિનોક્ત તપયોગ વગેરેની અનેક વાર અવહેલના કરી. **અધ્યાત્મ ઉપનિષદ્**માં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે '(તપ એ વાસ્તવમાં સમતાને મેળવવા માટે કરવાનો છે. પરંતુ) સમતા વિના માત્ર પ્રતિષ્ઠા-યશ-કીર્ત્તિનું ઉપાર્જન કરવામાં જ જેની તપશ્ચર્યા વગેરે સમાપ્ત થઈ જાય તે બહિર્મુખી જીવ કામધેનુ, ચિંતામણિરત્ન, કામકુંભ સમાન તપ વગેરે ધર્મને કાણી કોડીની કિંમતના કરે છે, નિર્મૂલ્ય કરે છે.' પ્રસ્તુત કથનનો વિષય આ જીવ અનેક વખત બનેલો છે.

## ❀ સાધનને બંધન બનાવ્યા ! ❀

(૨૨) તપયોગની આશાતના-અવહેલના કરવાના લીધે કર્મનિર્જરાના સાધનને પણ આ જીવે કર્મબંધનનું સાધન બનાવ્યું. આ અંગે **સામ્યશતક**માં લખેલ છે કે 'જે તપથી પ્રાણી ભવપરંપરાથી છૂટી જાય, તે જ તપ કોઈક જીવને મૂઢતાના લીધે સંસારનું કારણ બને છે.' અહીં **આચારાંગસૂત્ર**ની એક વાત પણ ધ્યાનમાં રાખવી. ત્યાં જણાવેલ છે કે 'જે કર્મનિર્જરાસાધન છે, તે પણ કર્મને આતમઘરમાં આવવાનો દરવાજો બની જાય !' તથા '**સાધન સહુ બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય**' - આ ઉક્તિ પણ આ જ દિશામાં અંગુલીનિર્દેશ કરે છે.

## ❀ મહામોહથી પરમાર્થદર્શન ન કર્યું ❀

(૨૩) જીવની અપાત્રતાના લીધે કેવળ અહંભાવનું જ પોષણ કરે, ઉત્તેજન કરે, સમર્થન કરે તેવી શાસનપ્રભાવના વગેરે પ્રવૃત્તિઓ આ જીવે પ્રચુર પ્રમાણમાં કરી તથા અત્યંત લાંબા કાળ સુધી તેમાં તન્મય બનીને, એકદમ ગળાડૂબ થઈને કરી. કદાચ તેવી પ્રવૃત્તિ ક્યારેક ન મળે તો અંદરમાં ગૂંગળામણનો અનુભવ થાય એટલી હદે સંયમજીવનમાં અહંભાવપોષક પ્રશસ્ત પ્રવૃત્તિના ભાર-બોજ નીચે આ જીવ ઘણી વાર દટાયો. તેથી પુણ્યના પણ આશ્રવમાં હેયપણાનું સંવેદન, અંતર્મુખતા-સંવર-નિર્જરા-વૈરાગ્ય -ઉપશમભાવ-આત્મધ્યાનાદિમાં ઉપાદેયપણાનું સંવેદન કરવાની પોતાની પાત્રતાનું = તત્ત્વસંવેદનશીલતાનું આ જીવે ઊંડાણથી નિરીક્ષણ-પરીક્ષણ-સંશોધન-સંવર્ધન ન કર્યું. કહેવાતા વ્યવહારના અતિરેકે તત્ત્વનો ભોગ લીધો. આડંબરયુક્ત બાહ્ય પોકળ વ્યવહારની વધુ પડતી દોડધામના લીધે આશ્રવ-સંવરાદિ તત્ત્વમાં તાત્ત્વિક હેય-ઉપાદેયપણાનું સંવેદન કરવાની ક્ષમતા નષ્ટ થઈ. તેવી ક્ષમતાને વિકસાવવાનું કાર્ય કરવામાં આ જીવને ઉત્સાહ ન જાગ્યો. 'આ કાર્ય પોતાનું મહત્ત્વપૂર્ણ અંગત કર્તવ્ય છે' - આવો પરિણામ જ આ જીવમાં ન જાગ્યો. 'મહામોહના દોષથી જીવો પરમાર્થને-તત્ત્વને જોતા નથી' - આ પ્રમાણે **સમરાઈચ્ચકહા** ગ્રંથમાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ જે જણાવેલ છે, તેનો વિષય આ જીવ અનેક વાર બન્યો.

## ❀ વિષ-ગર અનુષ્ઠાનમાં જીવ અટવાયો ❀

(૨૪) ઇહલોક-પરલોક સંબંધી નિયાણા અને તીવ્ર આશંસા વગેરેના પરિણામથી ભૂતકાલીન સર્વ અનુષ્ઠાનો વિષઅનુષ્ઠાનમાં અને ગરઅનુષ્ઠાનમાં જ પ્રાયઃ સમાઈ ગયા, નિર્જરા-આત્મશુદ્ધિકારક ન થયા. **યોગબિંદુ**, **દ્વાત્રિંશિકા**, **અધ્યાત્મસાર** વગેરે ગ્રંથોમાં ઉપરોક્ત બન્ને અનુષ્ઠાનોનું વિસ્તારથી વર્ણન મળે છે.

## ❀ જિનશાસનની પ્રભાવના કે કષાયશાસનની પ્રભાવના ?! ❀

(૨૫) ક્યારેક બહુશ્રુતપણાની પ્રાપ્તિ થઈ તો પણ શાસ્ત્રોના આધારે આંતરિક મોક્ષમાર્ગે વિરક્ત ભાવે, શાંત ચિત્તે ચાલવાના બદલે 'જિનશાસનની પ્રભાવના..' વગેરે રૂડા-રૂપાળા નમણા નાજુક નામ હેઠળ (a) આઠ મદ, (b) મદન (કામવાસના), (c) માન કષાય, (d) માયા, (e) મમતા, (f) મહત્ત્વાકાંક્ષા, (g) મતાગ્રહ, (h) મત્સર, (i) મુખરતા (વાચાળતા), (j) મૂર્ખતા, (k) મત્તતા, (l) બીજાના મર્મને = ગુપ્તદોષને ઉઘાડા પાડવા, (m) મૃષાવાદ, (n) મહામોહ, (o) મનસ્વિતા = સ્વચ્છંદતા, (p) મુગ્ધતા, (q) મ્લાનતા = દીનતા, (r) મંદતા = મંદબુદ્ધિ, (s) મન્યુ = ગુસ્સો, (t) મર્યાદાભંગ, (u) મિથ્યામતિ, (v) મિથ્યાત્વ, (w) મૂર્ચ્છા, (x) મહાઆરંભ, (y) મુક્તિદ્વેષ, (z) માર્ગભ્રંશ... વગેરે દોષોના વમળમાં જ આ જીવ ડૂબ્યો. તેથી 'જિનશાસન પ્રભાવના' ના હુલામણા નામથી વાસ્તવમાં તો આ જીવે પોતાની અપાત્રતાના લીધે

કષાયશાસનની જ પ્રભાવના કરી. શ્રી**વિજયસિંહસૂરિ**જીએ **સામ્યશતક**માં જે જણાવેલ છે કે 'અહો ! મોહનું માહાત્મ્ય-સામ્રાજ્ય વિદ્વાનોમાં પણ કેવું વિલસી રહ્યું છે ! કે અહંકાર પેદા થવાના લીધે તેમને શાસ્ત્રો પણ આંધળા કરનારા જ થયા !' - તે વાત પણ આ જીવમાં પૂરેપૂરી લાગુ પડી. 'જેઓના અંતઃકરણમાં અધ્યાત્મશાસ્ત્રના પદાર્થનું સ્વરૂપ પરિણમી ગયું હોય તેઓને ક્યારેય પણ વિષય-કષાયના આવેશની તકલીફ -પીડા હોય નહિ' - આ પ્રમાણે **અધ્યાત્મસાર**ની કારિકાના તાત્પર્યને પણ આ જીવે અંદરમાં ઘૂંટ્યું નહિ.

**કષાયમુક્તિને ધ્યેય ન બનાવી**

(૨૬) કષાયશાસનની પ્રભાવના કરવાના લીધે જ **(a)** 'કષાયમુક્તિ એ જ મુક્તિ છે.' **(b)** 'કષાયમુક્તિ એ મુક્તિ જ છે.' **(c)** 'કષાયમુક્તિનો માર્ગ પોતાની અંદર જ છે....' ઈત્યાદિ વાતને પણ આ જીવે લક્ષમાં ન જ લીધી. તેથી પોતાના કર્મકૃત વ્યક્તિત્વને ઓગાળવા માટે પણ પ્રયાસ ન જ કર્યો.

**સદ્ગુરુની શરણાગતિને વ્હાલી ન બનાવી**

(૨૭) તે જ કારણે સદ્ગુરુને શરણરૂપે હૃદયથી માન્યા નહિ. સદ્ગુરુની બિનશરતી શરણાગતિને અંતરથી ન સ્વીકારી. પોતાના જ વ્યક્તિત્વને પુષ્ટ કરવામાં મગરૂર બનેલ જીવને સદ્ગુરુની શરણાગતિ ક્યાંથી વ્હાલી લાગે ? **ધર્મપરીક્ષા**ની એક ગાથા ગુરુમહિમાનું વર્ણન કરે છે. તેને પણ આ જીવે અંતઃકરણથી પ્રમાણભૂત સ્વરૂપે ગ્રહણ ન કરી. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'જે જીવ ગુરુની આજ્ઞામાં રહેલ હોય (અર્થાત્ સ્વચ્છંદી ન હોય) તથા બાહ્ય અનુષ્ઠાનથી જેણે પોતાના ચિત્તને શુદ્ધ કરેલ હોય, તેને અધ્યાત્મધ્યાનમાં પણ એકાગ્રતા આવે છે.' પરંતુ સ્વચ્છંદી વ્યક્તિને આવો ગુર્વાજ્ઞાપ્રભાવ કઈ રીતે સમજાય ?

**આશાતના, સ્વચ્છંદતા, દંભ વગેરે દ્વારા ભવભ્રમણવૃદ્ધિ**

(૨૮) તેના લીધે સાત્ત્વિક બાહ્ય આરાધના-સાધનાથી પુષ્ટ થયેલા માન-કષાયરૂપી શૈલરાજની પ્રેરણાથી આ જીવે અનેક વાર સદ્ગુરુદેવ વગેરે તારકસ્થાનોની અવહેલના, મશ્કરી, ઉપેક્ષા, અનાદર, અવિનય, બળવો વગેરે અનેક સ્વરૂપે આશાતના કરી. અનેક પ્રકારના શાસ્ત્રોનો અભ્યાસ કર્યા પછી પણ અનેક વાર, અનેક પ્રકારે સ્વચ્છંદતાને જ સ્વરસથી, રસ-કસપૂર્વક આ જીવે પોષી. તેના પરિણામ સ્વરૂપે દીક્ષાજીવનમાં ભવભ્રમણ ઘટવાના બદલે વધ્યું. મોટા ભાગે આશાતનાના પાપે જ અનંત કાળ આ જીવ ભવાટવીમાં ભમ્યો. ભવાભિનંદી દશામાં, રાગાદિશૂન્ય પોતાના આત્મસ્વરૂપને પ્રગટ કરવાના અનુસંધાન વગર કરેલી અને મલિન આશયથી ગર્ભિત સંયમ-જપ-તપ-શાસ્ત્રાભ્યાસ આદિ સાધનાથી ઉત્પન્ન થયેલ પાપાનુબંધી પુણ્યથી ભવભ્રમણ વધે જ ને ! તેવું પાપાનુબંધી પુણ્ય ભવભ્રમણને વધારનાર જ છે. તથા આશાતનાદિગર્ભિત તથાવિધ બાહ્ય આચાર કપટ સ્વરૂપ જ છે. આ જ આશયથી **મહાનિશીથસૂત્ર**માં સુમતિ-નાગિલના અધિકારમાં જણાવેલ છે કે 'હે ગૌતમ ! આગમોક્ત બાબતનું ઉલ્લંઘન કરીને જે સાધુવેશનો સ્વીકાર થાય છે, તે દંભ જ છે. તે કેવળ સુદીર્ઘ સંસારનો જ હેતુ છે.' ભવાભિનંદી દશામાં આશાતનાદિ દ્વારા આગમમર્યાદાનું અવશ્ય ઉલ્લંઘન થયું. તેના લીધે, તેવી દશામાં કરેલી ઉગ્ર સાધનાનું આવું જ પરિણામ અનેક વાર આવેલ છે.

**દુઃખગર્ભિત વૈરાગ્યની આંશિક ઓળખ**

(૨૯) દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લઈને પણ આ જીવ શુષ્ક તર્કશાસ્ત્ર, વૈદ્યકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર

વગેરેને ભણ્યો. પણ ઉપશમ-વૈરાગ્ય વગેરેની પુષ્ટિને કરનારા શાસ્ત્રોને ન ભણ્યો. ચક્રવ્યૂહમાં જેમ **અભિમન્યુએ** પોતાનું કિંમતી જીવન ગુમાવ્યું, તેમ આ જીવે તર્કચક્રવ્યૂહમાં ફસાઈને પોતાનું અત્યંત કિંમતી આયુષ્ય ફોગટ ગુમાવ્યું. થોડાક શાસ્ત્રોને ભણવા છતાં અહંકારની અટવીમાં આ જીવ ઘણું ભટક્યો. આ રીતે વૈરાગ્યમાં દુઃખગર્ભિતપણું કે મોહગર્ભિતપણું જ આ જીવે મજબૂત કર્યું, પુષ્ટ કર્યું. **અધ્યાત્મસાર**માં દુઃખગર્ભિત વૈરાગ્યના લક્ષણોને જણાવવાના અવસરે કહેલ છે કે 'દુઃખગર્ભિતવૈરાગ્યવાળા સાધુઓ શુષ્ક તર્કાદિને તથા વૈદ્યકાદિ શાસ્ત્રને કાંઈક ભણે છે. પરંતુ ઉપશમનદીસ્વરૂપ સિદ્ધાન્તગ્રંથાવલિને ભણતા નથી. ગ્રંથનો અલ્પ બોધ થવાથી પણ તેઓ ગર્વની ગરમીને ધારણ કરે છે. પરંતુ પ્રશમ સુધારસના ઝરણા સમાન તત્ત્વને પામતા નથી.' **અધ્યાત્મસાર**માં જ મોહગર્ભિત વૈરાગ્યના લક્ષણોને જણાવવાના અવસરે જણાવેલ છે કે '(૧) કુશાસ્ત્રોમાં દક્ષતા, (૨) જૈનશાસ્ત્રોમાં મંદતા, (૩) સ્વચ્છંદતા, (૪) કુતર્ક, (૫) ગુણવાનના પરિચયનો ત્યાગ - ઈત્યાદિ મોહગર્ભ વૈરાગ્યના લક્ષણો છે.' ટૂંકમાં દીક્ષા લઈને પણ પાપશાસ્ત્રો ભણીને પાપબુદ્ધિ જ તગડી કરી. માનસરોવર પાસે જઈને પણ ભૂંડ કાદવ -કીચડ-ઉકરડામાં આળોટે તેવી દયાજનક દશામાં આ જીવ દીક્ષા લઈને પણ અટવાયો.

### ❯ યોગદૃષ્ટિને માત્ર જાણવાની નથી, મેળવવાની છે. ❯

(૩૦) ક્યારેક શાસ્ત્ર, સત્સંગ વગેરેની સહાયથી અંતર્લક્ષી સમજણ અને યોગદષ્ટિની જાણકારી મળી. પરંતુ તેનું આલંબન લઈને, સતત અંતરંગ પુરુષાર્થ વગેરે કરીને પોતાની પરિણતિને અન્તર્મુખી કરવાનું = નિજઆત્મતત્ત્વની સન્મુખ કરવાનું કામ આ જીવે ન કર્યું. આઠેય યોગદષ્ટિના શાસ્ત્રીય બોધના માધ્યમે નિરંતર ઉગ્ર અંતરંગ ઉદ્યમ કરીને યોગદષ્ટિને નિજાત્મતત્ત્વમાં પ્રગટાવી નહિ. **નિશીથચૂર્ણિ**માં જણાવેલ છે કે 'જે વસ્તુ જે રીતે (ગુરુ કે શાસ્ત્ર દ્વારા) કહેવાય, તેને તે જ રીતે સાચો સાધક પરિણમાવે.' પરંતુ આ વાતને પણ આ જીવ ભૂલી ગયો. કહેવાનો આશય એ છે કે જિનવચનના અંતરંગ તાત્પર્યને શોધી, તેમાં રમણતા કરી, તદ્અનુસાર પોતાના આત્માને પરિણમાવવાનો હોય. તે મુજબ જીવન બનાવી, જાગ્રતપણે સત્સાધનામાં તલ્લીન રહેવાનું હોય. પણ આ જીવે પૂર્વે તેવું કશું પણ કર્યું નહિ. યોગસાધનાને આ જીવે નિરનુબંધ બનાવી, સાનુબંધ ન કરી.

### ● પરોપદેશે પાંડિત્ય પ્રકાશ્યું ●

(૩૧) માત્ર બીજાને ઉપદેશ આપવામાં, ગ્રંથ સર્જનમાં કે પુસ્તક પ્રકાશનાદિમાં તે અંતર્લક્ષી સમજણનો પ્રયોગ કર્યો, યોગદષ્ટિની જાણકારીનો ઉપયોગ કર્યો. પરંતુ 'આત્મા જ્ઞાનના લીધે મોક્ષ પામે છે, નહિ કે શાસ્ત્રાદિપુદ્ગલોના આધારે' - આ **અધ્યાત્મસાર**ના તાત્પર્યને આ જીવે ક્યારેય અંતર્મુખ બનીને જાણ્યું નહિ, અંતરથી પકડ્યું નહિ. 'અતીન્દ્રિય પરબ્રહ્મ = શુદ્ધ આત્મા સેંકડો શાસ્ત્રો દ્વારા કે સેંકડો યુક્તિઓ દ્વારા ક્યારેય પણ જાણી શકાતો નથી જ. વિશુદ્ધ અનુભવ વિના શુદ્ધ આત્મા જણાતો નથી જ' - આમ **અધ્યાત્મોપનિષદ્**માં તથા **જ્ઞાનસાર**માં જણાવેલ છે. પૂર્વે (૧૪/૧૯) આ સંદર્ભ દર્શાવેલ છે. પરંતુ શબ્દવ્યસની અને વિકલ્પવ્યસની બનવાના લીધે આ જીવે ક્યારેય આ શાસ્ત્રવચનોને પણ હૃદયથી વિચાર્યા નહિ, સ્વીકાર્યા નહિ. શબ્દ, શબ્દ ને શબ્દ..., વિચાર, વિચાર ને વિચાર... આનો વળગાડ છૂટે નહિ, મન શાંત-નિર્વિકલ્પ થવા તૈયાર ન હોય ત્યાં સુધી તેવા શાસ્ત્રવચનો અંદરથી સ્વીકૃત થતા નથી.

## ✵ જ્ઞાનયોગને અપનાવ્યો નહિ ✵

(૩૨) 'હકીકતમાં શાસ્ત્રવ્યસની થવાનું નથી. પરંતુ શાસ્ત્રોએ દર્શાવેલા ઉપાયોને અનુસરીને જ્ઞાનયોગની ઉપાસના કરવાની છે' - આ મહત્ત્વપૂર્ણ જિનાજ્ઞાને આ જીવે લક્ષમાં ન જ લીધી. આ બાબતમાં **અધ્યાત્મ ઉપનિષદ્**ની એક કારિકાની ઊંડાણથી વિચારણા કરવી. ત્યાં **મહોપાધ્યાયજી મહારાજે** જણાવેલ છે કે 'મોક્ષમાર્ગનું દિગ્દર્શન કરાવ્યા બાદ શાસ્ત્ર એક પણ ડગલું સાધકની સાથે ચાલતું નથી. જ્યારે જ્ઞાનયોગ તો કેવલજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી મુનિના પડખાને છોડતો નથી.' મતલબ કે શાસ્ત્ર = માઈલસ્ટોન કે સાઈનબોર્ડ. જ્યારે જ્ઞાનયોગ = મંઝીલ સુધી પહોંચાડનારી ગાડી. 'આ કારણે જ્ઞાનયોગથી મુક્તિ થાય છે - આ વ્યવસ્થા સારી રીતે નિશ્ચિત થાય છે' - આ મુજબ **શ્રીહરિભદ્રસૂરિજીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં જે જણાવેલ છે, તેની પણ અહીં વિચારણા કરવી. તથા આ જ્ઞાનયોગથી નિકાચિત કર્મની પણ નિર્જરા થાય છે. **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાયજી મહારાજે** જ જણાવેલ છે કે "શ્રેષ્ઠ મુનિઓ કહે છે કે 'જ્ઞાનયોગ એ જ શુદ્ધતપ છે.' તે જ્ઞાનયોગથી નિકાચિત કર્મનો પણ ક્ષય સંગત થાય છે." તેથી તેવા જ્ઞાનયોગને મેળવવા માટે જ મુનિઓએ પ્રયત્ન કરવા યોગ્ય છે. કારણ કે 'પ્રવ્રજ્યા એ જ્ઞાનયોગનો સ્વીકાર કરવા સ્વરૂપ છે' - આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિજીએ યોગદૃષ્ટિસમુચ્ચયવ્યાખ્યા**માં જણાવેલ છે. પરંતુ આ જીવ આ મહત્ત્વપૂર્ણ બાબતને સાવ ભૂલી ગયો.

## ❖ લોકોત્તરતત્ત્વપ્રાપ્તિનો અધિકારી ન બન્યો ❖

(૩૩) વાસ્તવમાં તો શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન પોતાના મૂળભૂત સ્વરૂપને શાસ્ત્ર દ્વારા જાણીને રાગ-દ્વેષથી રહિત થવાનું હતું, રાગાદિરહિત ચૈતન્યસ્વરૂપે પરિણમી જવાનું હતું. આ રીતે આગમવચનને પરિણમાવે તો જ જીવને લોકોત્તર તત્ત્વની સાચી પ્રાપ્તિનો અધિકાર મળે છે. આવું **ષોડશક**માં જણાવેલ છે. પરંતુ ઊંચી શાસ્ત્રીય સમજણનો ઉપયોગ અંદરમાં પોતાના માટે કરવાના બદલે માત્ર બહારમાં જ કરવો, બીજા માટે જ કરવો આ જીવને બહુ ગમ્યો.

## ✡ ધર્મોપદેશથી પણ બોધિદુર્લભ ! ✡

(૩૪) આ રીતે પણ બીજા સમક્ષ જાણકાર તરીકેનો દેખાવ કરવા દ્વારા, આત્મજ્ઞાની તરીકે પોતાની ખોટી ઓળખાણ આપવા દ્વારા આ જીવે બહિર્મુખ પરિણતિને જ પુષ્ટ કરી. તેના દ્વારા આ આત્મામાં અહંકારનો ભાર વધ્યો. અહંભાવના ભાર નીચે આ જીવ દટાયો, કચડાયો. પરંતુ 'કુશીલોનું પરાક્રમ વાણીથી હોય છે (, આચરણથી કે પરિણતિથી નહિ.)' - આ પ્રમાણે **સૂયગડાંગસૂત્ર**ની પંક્તિને આ જીવે વિચારી નહિ. તેમજ 'ભાષણના વ્યાયામને કદિ કોઈ મહર્ષિએ મોક્ષના ઉપાય તરીકે જણાવેલ નથી' - આવી **સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાપ્રકરણ**ની પંક્તિને પણ આ જીવે ઊંડાણથી વિચારી નહિ. તથા 'સંવેગ (= મોક્ષે ઝડપથી પહોંચવાની લગની) વિના ઉપદેશાદિમાં પ્રવૃત્તિ તો જનમનરંજનાદિ માટે જ થાય. તેથી જીવને અવશ્ય માયા-દંભ દોષ લાગુ પડે. તેનાથી કેવળ બોધિદુર્લભ જ થવાય છે. તેથી આત્માર્થી જીવે માત્ર પોતાની જાતને જ સમજાવવાને વિશે પ્રયત્ન કરવો' - આ મુજબ **મહોપાધ્યાયજી** મહારાજે **અધ્યાત્મમતપરીક્ષા વ્યાખ્યા**માં જે જણાવેલ છે, તેના વિશે આ જીવે શાંત ચિત્તે વિચાર ન કર્યો.

(૩૫) ઔદયિકભાવગર્ભિત પોતાના બાહ્ય વ્યક્તિત્વને ભૂંસવાનું, ઓગાળવાનું સૌથી વધુ જરૂરી કર્તવ્ય તો સાવ જ ભૂલાઈ ગયું.

## ✻ નિસ્પૃહ બન્યા વિના મુક્તિ નથી ✻

(૩૬) ક્યારેક આ જીવે ગતાનુગતિકપણે બાહ્ય તપ, શાસનપ્રભાવના, જિનભક્તિ વગેરે કરી. ગતાનુગતિકપણાના લીધે તે આરાધનાથી નિરનુબંધ પુણ્ય બંધાયું. જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી અને રાગાદિ ભાવકર્મથી કાયમી છૂટકારો મેળવવાના આશયથી નિઃસ્પૃહપણે અભ્યન્તર તપનું સેવન આ જીવે કર્યું નહિ. તેના કારણે પણ આ જીવનો મોક્ષ = છૂટકારો થયો નહિ. પ્રસ્તુતમાં **અધ્યાત્મસાર** ગ્રંથના એક શ્લોકને તાત્પર્ય મુજબ જોડવો. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'જિનભક્તિથી અને શાસનપ્રભાવના કરવાની ઈચ્છાથી તપસ્વી મોટા ભાગે પુણ્ય બાંધે છે. પરંતુ જે તપસ્વી તમામ સ્પૃહા-આકાંક્ષા-અભિલાષા -તૃષ્ણાઓને છોડે છે, તે જ કર્મથી છૂટે છે.' આ બાબતને આત્માર્થીએ ખૂબ ગંભીર રીતે વાગોળવી.

## ❁ અનનુષ્ઠાનમાં ન અટવાઈએ ❁

(૩૭) આ જીવે ક્યારેક પ્રતિક્રમણ વગેરે આવશ્યક અનુષ્ઠાનોને કર્યા તો ખરા. પરંતુ ત્યારે હૃદયમાં **(a)** 'આ અનુષ્ઠાન દ્વારા મારે કર્મનિર્જરા કરવી છે, આત્મશુદ્ધિ મેળવવી છે' - આવું પ્રણિધાન ન કર્યું. **(b)** જિનાજ્ઞા પ્રત્યે આદર-અહોભાવ કેળવ્યો નહિ. **(c)** પ્રતિક્રમણના સૂત્ર-અર્થમાં ઉપયોગ રાખ્યો નહિ. **(d)** 'પ્રતિક્રમણાદિ ક્રિયા દ્વારા આત્મશુદ્ધિ જરૂર થશે' - આવી સાચી શ્રદ્ધા અંતરમાં ધારણ કરી નહિ. **(e)** શાસ્ત્રમાં જણાવેલ વિધિ વગેરેથી નિરપેક્ષપણે ક્રિયાઓ કરી. **(f)** સામાન્યજ્ઞાન સ્વરૂપ ઓઘસંજ્ઞાથી (જુઓ-**અધ્યાત્મસાર** ૧૦/૯) બાહ્ય ધર્મક્રિયા કરી. **(g)** લોકાચારમાં આદર અને શ્રદ્ધા રાખવા સ્વરૂપ લોકસંજ્ઞાથી (જુઓ-**અધ્યાત્મસાર** ૧૦/૧૧) બાહ્ય ક્રિયાઓ અશુદ્ધપણે કરી. (h) સંમૂર્ચ્છિમ પ્રાણીની જેમ યાંત્રિકપણે, કૃત્રિમપણે ધર્મક્રિયા કરી. તેથી તે પ્રતિક્રમણાદિ ક્રિયા અનનુષ્ઠાનમાં કે અશુદ્ધાનુષ્ઠાનમાં ગોઠવાઈ. બહારથી ધર્મક્રિયા દેખાવા છતાં અંદરમાં તે ધર્મક્રિયારૂપે પરિણામ ન પામી. નિજસ્વરૂપની નિષ્પત્તિમાં તેવી ધર્મક્રિયા સહાયક ન બની. આ રીતે પણ આ જીવ સંસારમાં અટવાયો. **યોગબિંદુ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા** તથા **અધ્યાત્મસાર** વગેરે ગ્રંથોમાં પ્રસ્તુત અનનુષ્ઠાનનું વિસ્તારથી વર્ણન મળે છે. તાત્ત્વિક શુદ્ધ ક્રિયાયોગને પણ આ જીવે સારી રીતે આદર્યો નહિ, આચર્યો નહિ.

## ✻ મંડૂકચૂર્ણસમાન નિર્જરા સંસારવર્ધક બની ✻

(૩૮) પોતાના મિથ્યાત્વશલ્યને દૂર કર્યા વિના, પોતાના જ મૌલિક નિરુપાધિક નિર્મળ સ્વરૂપનું અનુસંધાન કર્યા વિના, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વગર, ઉપશમભાવ વગેરેની ગેરહાજરીમાં માત્ર વચનના કે કાયાના સ્તરે કરેલી બાહ્ય સાધના અને બાહ્ય ત્યાગ વગેરે દ્વારા જે કર્મનિર્જરા થઈ તે મંડૂકભસ્મસમાન ન બની. પરંતુ મંડૂકચૂર્ણતુલ્ય (= દેડકાના ચૂર્ણ સમાન) બનીને સંસારને વધારનારી બની તથા સતત પરિવર્તનશીલ પરદ્રવ્ય-ગુણ-પર્યાયની રુચિમાં ભૂલ-ભૂલામણીની સતામણી કરાવનારી બની.

## ❈ જો જો દોષનાશ દોષવર્ધક ન બને ❈

પ્રસ્તુતમાં નીચેના પૂર્વોક્ત (૧૫/૧/૫) સંદર્ભોને વિચારવા. **યોગશતક**માં જણાવેલ છે કે (૧) 'કાયિક ક્રિયાથી ખપાવેલા દોષો દેડકાના ચૂર્ણ જેવા છે. તથા તે જ દોષો ભાવનાથી ખપાવેલા હોય તો દેડકાની રાખ જેવા સમજવા.' (૨) **ઉપદેશપદ**માં પણ જણાવેલ છે કે 'તેથી જ જે ક્લેશો = દોષો માત્ર ક્રિયાથી દૂર કરેલા હોય તે દેડકાના ચૂર્ણ સમાન છે - આ મુજબ અન્યદર્શનકારોએ પણ વર્ણવેલ છે.' (૩) **મહોપાધ્યાયજી**એ પણ **ઉપદેશરહસ્ય**માં તથા **જ્ઞાનસાર** પ્રકરણના ઉપસંહારમાં આવા પ્રકારની જ વાત

કરી છે. તાત્પર્ય એ છે કે દેડકો મરી જાય પછી તેનું શરીર ચૂર્ણ બની જાય તો પણ નવો વરસાદ પડતાં તેમાંથી નવા-નવા અનેક દેડકાઓ પેદા થાય છે. કારણ કે તે ચૂર્ણમાં ઢગલાબંધ દેડકાને ઉત્પન્ન કરવાની યોગ્યતા રહેલી છે. પરંતુ મરેલા દેડકાની રાખ થઈ જાય તો તેમાંથી નવા દેડકાઓ જન્મે નહિ. કારણ કે તેમાં તેવી યોગ્યતા નથી. આ અંગે વિશેષ વિચારણા પૂર્વે (૧૫/૧/૫) કરેલ જ છે.

### ❁ વચનક્ષમા-ધર્મક્ષમા અપનાવી નહિ ❁

(૩૯) **(A)** ક્યારેક ઉપકારીનું કટુ વચન લાચારીથી સહન કરવા સ્વરૂપ ઉપકારીક્ષમા આચરી. **(B)** ક્યારેક નુકસાનીના ભયથી દુર્જનના અત્યાચાર મજબૂરીથી સહન કરીને અપકારીક્ષમા અપનાવી. **(C)** ક્યારેક નરકાદિના ભયથી ક્રોધને અંકુશમાં રાખવા દ્વારા વિપાકક્ષમા સ્વીકારી. ઔદયિક ભાવથી ગર્ભિત આવી ક્ષમાને રાખવા છતાં **(D)** 'ક્રોધ આત્માનો સ્વભાવ નથી'- આવા જિનવચનને લક્ષમાં રાખીને વચનક્ષમા કે **(E)** સહજ સ્વભાવગત ક્ષમા = ધર્મક્ષમા આ જીવે ન પ્રગટાવી, ન ટકાવી. ક્ષાયોપશમિકાદિ ભાવથી વણાયેલી છેલ્લી બે ક્ષમા આ જીવે ન સ્વીકારી. તેથી મોક્ષ હજુ સુધી થયો નહિ. **ષોડશક**માં ઉપરોક્ત પાંચેય પ્રકારની ક્ષમા જણાવી છે.

(૪૦) ગોત્રયોગીપણું = નામમાત્રથી યોગીપણું મેળવવા છતાં **યોગદષ્ટિસમુચ્ચય**માં દર્શાવેલ અદ્વેષ -દયા-વિનય-બોધ-ઇન્દ્રિયવિજયાદિ ગુણોથી યુક્ત કુલયોગીપણું આ જીવે મેળવ્યું નહિ.

### ❁ શાસ્ત્રાભ્યાસ કરતાં મનને શાંત કરવા વધુ પ્રયત્ન કરીએ ❁

આના આધારે એમ ફલિત થાય છે કે ઉપદેશદાન, ગ્રંથસર્જન, પુસ્તકનું પ્રકાશન, ભિક્ષાટન, કેશલોચ, શાસનપ્રભાવના, તપશ્ચર્યા, વિહાર વગેરે બાહ્યપ્રવૃત્તિ કે સાધુવેશ એ મોક્ષનું મુખ્ય કારણ નથી. પરંતુ આત્મસ્વભાવના જ્ઞાનથી ગર્ભિત એવો કષાયજય, વિષયવૈરાગ્ય વગેરે જ મોક્ષનું મુખ્ય કારણ છે. તેથી તેવા કષાયજય વગેરેમાં જ અધિક પ્રયત્ન કરવો જોઈએ. આ જ અભિપ્રાયથી **સિદ્ધસેનીય દ્વાત્રિંશિકા**માં જણાવેલ છે કે 'શ્રુત કરતાં સેંકડો ગણો પ્રયત્ન ઉપશમ ભાવને વિશે જ કરવો.' **શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિજી**નો આશય એ છે કે 'શાસ્ત્રાભ્યાસમાં જેટલો પ્રયત્ન કરે છે, તેના કરતાં સેંકડો ગણો પ્રયત્ન તારા મનને શાંત-સ્વસ્થ બનાવવા માટે કર. બાકી કષાયના ઉકળાટથી બાષ્પીભવન થશે શાસ્ત્રજલનું, ગરમ તાવડી ઉપર પડતા પાણીના એકાદ બુંદની જેમ.' આ જ અભિપ્રાયથી **શ્રીશીલાંકાચાર્યજી**એ પણ **સૂત્રકૃતાંગવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'બાહ્ય વસ્તુ મોક્ષકારણ નથી. કષાયજયાદિ અંતરંગ વસ્તુ જ મોક્ષનું કારણ છે.' **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે "તેથી 'મોક્ષમાં ભાવ એ જ મુખ્ય હેતુ છે' - આવી વ્યવસ્થા નિશ્ચિત થયેલી છે." તથા **કૃષ્ણગીતા**માં 'અંતર્મુખ ઉપયોગથી સર્વ કર્મનો ક્ષય થાય છે' - આ મુજબ જણાવેલ છે. તેનું પણ અહીં સમ્યક્ અનુસંધાન કરવું.

### ❁ અંતર્મુખ ઉપયોગને મેળવીએ ❁

અંતર્મુખ ઉપયોગને મેળવવા માટે 'કામ, ક્રોધ, રાગ, દ્વેષ, આળસ, પ્રમાદ વગેરે ભાવોને મેં પેદા કરેલા છે. તે મારા કાર્યસ્વરૂપ છે' - આવી બુદ્ધિ ક્યારેય પણ ન કરવી. કારણ કે 'આત્મા પોતાના સ્વભાવનો કર્તા છે, પરભાવનો = વિભાવનો ક્યારેય નહિ' - આવું પૂર્વોક્ત (પૃ.૫૫૩) **અધ્યાત્મબિંદુ** સંદર્ભમાં લખેલ છે. હકીકતમાં તેને પેદા કરનારા તત્ત્વોની યાદીમાં સહજમળ, વિભાવદશા, આવરણશક્તિ, વિક્ષેપશક્તિ, પૌદ્ગલિક કર્મ, બાહ્ય નિમિત્ત વગેરેનો સમાવેશ થાય છે, આત્માનો નહિ. સહજમળ એટલે આપણા ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ બળ. આત્માના મૂળભૂત સ્વભાવને-સ્વરૂપને આવરી

લે તે આવરણશક્તિ. અનાત્મામાં હુંપણાની-મારાપણાની-સારાપણાની બુદ્ધિ કરાવે તે વિક્ષેપશક્તિ. તે કામ-ક્રોધાદિ ભાવોમાં હુંપણાની કે મારાપણાની બુદ્ધિ પણ ક્યારેય આપણે કરવી નહિ. કારણ કે 'પરદ્રવ્યોનો સંયોગ થવા છતાં પણ ત્રણેય કાળમાં આત્માએ પરદ્રવ્યના સ્વભાવને ગ્રહણ કર્યો નથી' - આ પ્રમાણે **ધર્મપરીક્ષાવૃત્તિ**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે.

**જડ-ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;**
**એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વય ભાવ.**

'મેં ક્રોધ કર્યો. મારે ક્રોધાદિનો ભોગવટો કરવો છે. ક્રોધ મારો ગુણધર્મ છે. મારો સ્વભાવ ક્રોધ કરવાનો જ છે. મારો સ્વભાવ ક્રોધી છે. મેં ક્રોધ કર્યો, તે સારું કર્યું. હું ક્રોધસ્વરૂપ છું. ક્રોધ મારો પ્યારો વફાદાર સેવક છે, પરમ મિત્ર છે. મારા ક્રોધના લીધે બધા મારા અંકુશમાં રહે છે. ક્રોધ મારો સંરક્ષક (Bodyguard) છે' - ઈત્યાદિ બુદ્ધિનું જ બીજું નામ બહિર્મુખતા છે. એ બુદ્ધિ ઉપરોક્ત શાસ્ત્રવચનના આધારે ભ્રાન્ત સિદ્ધ થાય છે. તેવી બહિર્મુખતા ટળે તો જ ઉપયોગ અંતર્મુખી બને. ઉપયોગને અંતર્મુખ કરવો એ અભ્યંતર મોક્ષમાર્ગ છે.

### ❋ નિજસ્વરૂપનું અનુસંધાન સર્વત્ર ટકાવીએ ❋

તેથી ઉપયોગને અંતર્મુખ કરવા આત્માના મૂળભૂત સ્વભાવને જાણવો. શાસ્ત્રો કહે છે કે 'આત્માનો મૂળભૂત સ્વભાવ અસંગ છે, અનશ્વર છે, અનંત આનંદમય છે, પરમ શાંત છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો છે.' આ રીતે ગુરુગમથી પોતાના આત્માના સ્વભાવ વિશે જે શાસ્ત્રીય બોધ મળેલ હોય તેના સતત સાર્વત્રિક અનુસંધાનથી વણાયેલા ઉપશમભાવ અને વૈરાગ્ય વગેરેની પરિણતિના બળથી રાગાદિની નિબિડ ગ્રંથિનો ભેદ કરી, અનાદિકાલીન મિથ્યાત્વમોહનીય કર્મનો પ્રબળ ક્ષયોપશમ (ધરખમ ઘટાડો) કરી સાધક સમ્યગ્દર્શનને મેળવે તો જ પોતાનો અનાદિકાલીન સંસારાભિમુખી જ્ઞાનપ્રવાહ સંસારસન્મુખતાને છોડી સ્વતઃ પરમાર્થથી અંતર્મુખ બને, સ્વરસથી આત્મદ્રવ્યની સન્મુખ રહે, સહજતાથી આત્મસન્મુખપણે ટકે. આ રીતે જ આત્માર્થી સાધકનું જ્ઞાન સમ્યગ્ બને છે. તેથી જ સમ્યગ્જ્ઞાન કરતાં પણ સમ્યગ્દર્શન સારી રીતે ચઢિયાતું મનાયેલ છે, કહેવાયેલ છે. આ અંગે શ્રી**માનવિજય** ઉપાધ્યાયજીએ **ધર્મસંગ્રહવૃત્તિ**માં જણાવેલ છે કે 'સમ્યગ્જ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન છે. તેથી સમ્યગ્જ્ઞાન કરતાં સમ્યગ્દર્શન મહાન છે, ગૌરવપાત્ર છે, ચઢિયાતું છે.' આ વિશે ઊંડાણથી વિભાવના કરવી.

### ❋ ત્રણ પ્રકારના ગીતાર્થને ઓળખીએ ❋

અહીં ધ્યાનમાં રાખવું કે સાધિક નવ પૂર્વનો અભ્યાસ કરવા છતાં અભવ્ય અને દૂરભવ્ય જીવો તો અત્યંત અજ્ઞાની જ રહે છે. તેના જ કારણે તેમની પાસે છેદગ્રંથોનો બોધ હોવા છતાં તેમનામાં ગીતાર્થતા આવવાની બાબત દૂરથી જ રવાના થાય છે. મહાઅજ્ઞાની હોય તે ગીતાર્થ ન જ હોય.

(૧) જે જીવો મિત્રા, તારા, બલા, દીપ્રા નામની પ્રથમ ચાર યોગદૃષ્ટિમાં વર્તતા હોય તેઓ યથાયોગ્યપણે અપુનર્બંધક-માર્ગાભિમુખ-માર્ગાનુસારી-માર્ગપતિત દશાને ધરાવતા હોય. તેવા જીવો ઘણી વાર દીક્ષા લેતા હોય છે. દીક્ષા લઈને આત્મપ્રાપ્તિની ચિન્તાથી વણાયેલું ચિન્તામય જ્ઞાન, માર્ગાનુસારી બુદ્ધિ, પોતાના આત્મતત્ત્વ પ્રત્યે અદ્વેષ, પોતાના આત્માની રુચિ, આત્મા-મોક્ષમાર્ગ-મોક્ષ વગેરે નવ તત્ત્વની જિજ્ઞાસા, તે જ તત્ત્વને સાંભળવાની ઈચ્છા વગેરે ગુણોનો સમૂહ તેમનામાં બળવાન બનતો

હોય છે. તેના બળથી ગુર્વાજ્ઞા મુજબ છેદસૂત્રના પદાર્થ વગેરેનો વ્યાપક બોધ તેઓ મેળવતા હોય તેવું પણ શક્ય છે. તેવા પ્રકારે છેદસૂત્રના પદાર્થનો બોધ મેળવવા દ્વારા તેઓ ક્યારેક પરગીતાર્થ બને છે. પરંતુ તેવો બોધ હોવા છતાં પણ તેઓ સ્વગીતાર્થ બનતા નથી. કારણ કે તેઓને પોતાના આત્માની અતીન્દ્રિય (= ઈન્દ્રિયનિરપેક્ષ-ઈન્દ્રિયઅજન્ય-ઈન્દ્રિયઅગોચર એવી) અપરોક્ષ અનુભૂતિ હોતી નથી.

(૨) જ્યારે ગ્રંથિભેદ કરીને સ્થિરા વગેરે દૃષ્ટિમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થદશામાં હોય તો પણ સ્વગીતાર્થ બને છે. કેમ કે ગ્રંથિભેદ પછી પોતાને જે આત્મસાક્ષાત્કાર થાય છે, તેમાં પોતાના આત્માની ભૂમિકાનો તેમને સ્પષ્ટ અભ્રાન્ત બોધ મળે છે તથા પોતાની ભૂમિકાને યોગ્ય એવો આંતરિક અત્યંત ગુપ્ત-ગૂઢ-ગહન મોક્ષમાર્ગ પણ તેમને સારી રીતે ઓળખાય છે. માત્ર સ્વાનુભૂતિથી સમજાય તેવો અને પોતાને ખૂબ ઝડપથી મોક્ષે પહોંચાડે તેવો ટૂંકો (short cut), સલામત (safe cut), સરળ (easy cut) અને મનગમતો-પોતાને અનુકૂળ બને તેવો (sweet cut) આંતરિક-ગુપ્ત-ગૂઢ-ગહન એવો પણ મોક્ષમાર્ગ તેમને અંદરમાં સૂઝતો જાય છે, જચતો જાય છે, રુચતો જાય છે. આવી આગવી મોક્ષમાર્ગદૃષ્ટિ એ જ સ્વગીતાર્થતા છે. પોતાના પરિણામને સતત અંદરમાં વાળવાની, આશ્રવમાંથી પલટાવવાની કળા તેમને અવશ્ય વરેલી હોય છે. છતાં તેઓ પરગીતાર્થ નથી હોતા. કારણ કે છેદશાસ્ત્રનો અભ્યાસ તેઓની પાસે હોતો નથી. તેથી જ પર્ષદામાં લોકોને મોક્ષમાર્ગની દેશના-ઉપદેશ દેવાનો અધિકાર ઉત્સર્ગમાર્ગે ગૃહસ્થ સમકિતી પાસે નથી હોતો. ક્યારેક કોઈક આત્માર્થી શ્રોતાને પરિમિત શબ્દથી આત્મહિતની વાત તેઓ કરે પણ ખરા. પરંતુ જાહેરમાં મોક્ષમાર્ગદેશના તેઓ ન આપી શકે.

(૩) ગ્રંથિભેદ કરનારા જે જીવો સાધુજીવન પાળતા હોય તથા છેદશાસ્ત્રોના પદાર્થોનો અને પરમાર્થોનો માર્મિક બોધ હોય તેઓ સ્વ-પરગીતાર્થ છે.

### ❖ સ્વ-પરગીતાર્થ બનીએ ❖

માત્ર પરગીતાર્થતા એ મોક્ષમાર્ગમાં જઘન્ય ભૂમિકા છે. સ્વગીતાર્થતા એ મોક્ષમાર્ગમાં મધ્યમ ભૂમિકા છે. તથા સ્વ-પરગીતાર્થતા એ ઉત્તમ ભૂમિકા છે. સ્વ-પરઉભયગીતાર્થતા જ પરમાર્થથી ઉપાદેય છે. પરંતુ દીક્ષા પછી કેવળ પરગીતાર્થતામાં સંતોષ લઈને મોક્ષમાર્ગમાં અટકી ન જવું. પરંતુ ગ્રંથિભેદનો અંતરંગ પુરુષાર્થ ચાલુ કરવો, ચાલુ રાખવો. સાત્ત્વિક સંતુષ્ટિ પણ મોક્ષમાર્ગ સંબંધી પ્રગતિમાં બાધક છે. સાધુવેશને ગ્રહણ કર્યા બાદ સૌપ્રથમ તો ગ્રંથિભેદ કરીને પોતાના પારમાર્થિક પરમાત્મતત્ત્વની અપરોક્ષ અનુભૂતિ કરી લેવી. તે સ્વાનુભૂતિના બળથી સ્વગીતાર્થતાને અત્યન્ત ઝડપથી મેળવવી. તથા ત્યાર બાદ ગુર્વાજ્ઞા મુજબ, ક્રમશઃ શાસ્ત્રાભ્યાસ કરતાં-કરતાં છેદસૂત્રાદિનો ઊંડાણથી અભ્યાસ કરીને સારભૂત અને અસારભૂત, હેય અને ઉપાદેય, પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત, ઉત્સર્ગ અને અપવાદ, નિશ્ચય અને વ્યવહાર, જ્ઞાન અને ક્રિયા વગેરે બાબતની પૂરેપૂરી જાણકારી મેળવીને પરગીતાર્થતા પણ પ્રાપ્ત કરવી. આ અભિપ્રાયથી શ્રી**મહાનિશીથસૂત્ર**માં જણાવેલ છે કે 'મુનિએ ઝડપથી ગીતાર્થ થવું જોઈએ. તે માટે પરમાર્થ તત્ત્વનું સંવેદન કરવું જોઈએ. (આ રીતે સ્વગીતાર્થ બનવું. તથા પરગીતાર્થ બનવા શાસ્ત્ર વડે) સાર-અસાર બાબતને પૂરેપૂરી જાણવી.' ખરેખર સ્વગીતાર્થપણું અને પરગીતાર્થપણું મેળવ્યા વિના મનના સંક્લેશનો ઉચ્છેદ સંભવતો નથી. તથા સ્વ-પરગીતાર્થપણું મેળવીને પોતાના મનને સાધકે સંક્લેશશૂન્ય કરવું જોઈએ. આ અભિપ્રાયથી **મહાનિશીથસૂત્ર**માં છઠ્ઠા અધ્યયનમાં જણાવેલ છે કે 'જીવ અગીતાર્થપણાના દોષથી ભાવશુદ્ધિ પ્રાપ્ત કરતો નથી. ભાવશુદ્ધિ વિના સાધુ સંક્લિષ્ટમનવાળા થાય છે.

પ્રતિબોધ પામેલા સાધુએ સર્વથા સર્વ ભાવથી ગીતાર્થ (= સ્વ-પરગીતાર્થ) થઈને મનને સંક્લેશશૂન્ય કરવું.' સમકિત વિના 'આ સ્વપરિણામ અને તે પરપરિણામ' ઈત્યાદિ સમજણ ન હોવાથી કષાય ન કરવા છતાં કષાય કરવાની પાત્રતા તો અખંડ જ રહે છે.

### ❋ તાત્ત્વિક ભાવવિશુદ્ધિની ઓળખાણ ❋

આથી ફલિત થાય છે કે સમ્યગ્દર્શનને સાપેક્ષ એવા સમ્યગ્જ્ઞાનને આગળ કરીને, સ્વભૂમિકાયોગ્ય પંચાચારને સાધુ પાળે તો જ તેની ભાવશુદ્ધિ પણ સાર્થક બને, સાનુબંધ પ્રબળ સકામ નિર્જરાનું કારણ બને. તેના દ્વારા તે મોક્ષપ્રાપક બને. આ અંગે **સૂત્રકૃતાંગસૂત્રવૃત્તિ**માં જ જણાવેલ છે કે 'સમ્યગ્જ્ઞાનપૂર્વક ક્રિયાને કરનારા સાધુની ભાવવિશુદ્ધિ સફળ થાય છે.' જેને જીવનમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનનો લાભ થયો ન હોય કે સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રગટ કરવાનું પ્રણિધાન પણ ન હોય તેવા ઉચ્છૃંખલ-સ્વચ્છંદ જીવની તો ભાવવિશુદ્ધિ પણ મોક્ષફલક ન બને. તો ફક્ત બાહ્ય આચારની શુદ્ધિ તો કઈ રીતે મોક્ષજનક બને? અભવ્યની ચારિત્રાચારશુદ્ધિ ક્યાં મોક્ષપ્રાપક બને છે ? તેવી બાહ્યાચારવિશુદ્ધિ કે તેવી ભાવશુદ્ધિ મોક્ષજનકસ્વરૂપે શાસ્ત્રકારોએ માન્ય નથી જ કરેલ. કારણ કે તેવી બન્ને પ્રકારની શુદ્ધિ પોતાના કદાગ્રહસ્વરૂપ હોવાથી મોક્ષમાર્ગને અનુસરનારી નથી. આ અંગે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ દ્વાત્રિંશિકા પ્રકરણ**માં જણાવેલ છે કે 'અણસમજુ બાલિશ જીવની ભાવશુદ્ધિ પણ વ્યાજબી નથી. કેમ કે તે મોક્ષમાર્ગને અનુસરનારી નથી. ગુરુપારતંત્ર્ય વિના પોતાની ખોટી પક્કડ સ્વરૂપ જ તે ભાવશુદ્ધિને જાણવી.'

### ❋ મિથ્યાદૃષ્ટિની આગવી ઓળખ ❋

શાસ્ત્રના માત્ર ઉપર-છલ્લા શબ્દાર્થને પકડનાર ઉગ્ર સાધક કદાચ બાહ્ય સાધ્વાચારથી યુક્ત હોય તો પણ તે મિથ્યાદૃષ્ટિ તરીકે જ શાસ્ત્રકારોને માન્ય છે. કારણ કે રાગાદિ વિભાવ પરિણામનો પક્ષપાત તે છોડતો નથી. સમકિતી ક્યારેય પણ 'રાગાદિ મારા સ્વભાવભૂત છે, મારા ગુણધર્મ સ્વરૂપ છે' - આવો પક્ષપાત ન જ કરે. **સમ્યક્ત્વસપ્તતિકા**માં આ અંગે જણાવેલ છે કે 'શાસ્ત્રના ઉપલક શબ્દાર્થમાત્રને જ જે પકડે, પોતાના પોપટીયા બોધમાં જ જે સદા સંતુષ્ટ હોય, (અર્થાત્ તેનાથી ઉપરની કક્ષાના શાસ્ત્રીય ગૂઢાર્થોને જાણવાની જિજ્ઞાસા પણ જેને ન હોય,) તે જીવો બાહ્ય ઉગ્ર સાધનાનો ઘણો ઉદ્યમ કરતા હોય તો પણ તેઓને ચોક્કસ સમ્યગ્દર્શનથી બાહ્ય = દૂરવર્તી જ જાણવા.'

### ✧ આત્મઝૂરણા વગરનું પોપટીયું જ્ઞાન નકામું ✧

જો રાગાદિથી મુક્ત થવાની ઝંખના (= સંવેગ) ન હોય, ભોગવિલાસાદિ સ્વરૂપ સંસારથી કંટાળો (= નિર્વેદ) ન હોય, સ્વાનુભવના વિરહની વ્યથા લેશ પણ ન હોય તો આત્મઝૂરણા વગરનું ગોખણપટ્ટીવાળું શાસ્ત્રીય માહિતીજ્ઞાન તારક ન બને. 'હું' ની ગહન તલાશ અને સમ્યક્ તપાસ વિના પોતાની કોરી વિદ્વત્તા, ધારદાર અને ચોટદાર પ્રવચનની પટુતા કે બાહ્ય ઉગ્ર આચારના આડંબર વગેરે દ્વારા બીજા મુગ્ધ જીવોને કદાચ તે મંત્રમુગ્ધ કરે. પણ સમ્યગ્દર્શનની તાત્ત્વિક પરીક્ષામાં તો તે નાપાસ જ થાય. તેવા જનમનરંજનથી પોતાનો તો સંસાર જ વધે છે. તેથી સૌપ્રથમ તો આત્માર્થી સાધકે ગ્રંથિભેદથી ઉત્પન્ન થનારા નૈશ્ચયિક ભાવસમકિતની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરવો જોઈએ. તેથી જ **ષષ્ટિશતક** ગ્રંથની **વ્યાખ્યા**ના પ્રારંભમાં જ જણાવેલ છે કે 'શ્રીસમકિતના આધારે જ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર

રહે છે. તેથી સમ્યગ્જ્ઞાન-ચારિત્રની પૂર્વે શ્રીસમ્યક્ત્વને મેળવવાનો પ્રયાસ કરવો. કારણ કે સમ્યગ્દર્શન હોય તો જ સર્વ ધર્મસાધના ફળદાયક બને.' જેમ આકાશમાં ચિત્રામણ કરવાનો પ્રયત્ન નિષ્ફળ બને, તેમ સમકિત વિના ધર્મસાધનાને નિષ્ફળ સમજવી.

**જબ લગ સમકિત રત્ન કો, પાયા નહિ પ્રાણી;**
**તબ લગ નિજ ગુણ નવિ વધે, તરુ જિમ વિણ પાણી.(૧)**
**તપ-જપ-સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ;**
**સમકિત વિણ નિષ્ફળ હોવે, જિમ વ્યોમ ચિત્રામ. (૨)**

આ સજ્ઝાયની પંક્તિઓ પણ ઉપરની જ વાતનું સમર્થન કરે છે. તેથી આધ્યાત્મિક પ્રવાસને અને પ્રયાસને સફળ કરનાર એવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જ સૌપ્રથમ ઉદ્યમ કરવો જરૂરી છે.

### તમામ આરોપને છોડીએ

સમકિતની પ્રાપ્તિ અંગે પ્રયત્ન કરવા માટે સૌપ્રથમ તો તમામ પ્રકારના નિમ્નોક્ત આરોપોને છોડવા પડે. જેમ કે (૧) 'હું શરીર છું.' (૨) 'શરીર એ જ હું છું.' (૩) 'હું માણસ જ છું.' (૪) 'માણસ હું છું.' (૫) 'હું ગોરો છું.' (૬) 'ગૌરવર્ણવાળો જે દેખાય છે, તે હું જ છું.' (૭) 'મારો દીકરો કાળો છે.' (૮) 'મારી લેશ્યા કૃષ્ણ છે.' (૯) 'અરીસામાં મારું મોઢું દેખાય છે. દર્પણમાં જે દેખાય છે, તે મારું મુખ છે.' (૧૦) 'હું પુત્ર છું.' (૧૧) 'આ પુત્ર એ હું જ છું. મારામાં અને મારા દીકરામાં કોઈ તફાવત તમે ના જોશો.' (૧૨) 'આ દીકરા, પત્ની વગેરે મારા છે.' (૧૩) 'આ ધન, વસ્ત્ર, ઘર, દેશ, રાજ્ય વગેરે મારા છે.' (૧૪) 'આ મારું શરીર છે.' (૧૫) 'કન્યાનું મોઢું ચન્દ્ર જેવું છે. તેના દાંત દાડમની કળી જેવા છે. તેની આંખ કમળ જેવી છે.'... ઈત્યાદિ જે જે આરોપો-ઉપચારો આ જ ગ્રંથમાં પૂર્વે સાતમી-આઠમી શાખામાં જણાવી ગયા, તેને પોતાના ચિત્તમાં સારી રીતે આદરપૂર્વક બિરાજમાન ન કરવા. જીવનવ્યવહારમાં ક્વચિત્ ક્યાંક તેવા કોઈક ઉપચારને કરવા પડે તો હોઠથી તેવું બોલવા છતાં પણ હૈયેથી તેના પ્રત્યે આદરભાવ ન દેખાડવો. પરંતુ સતત પોતાના નિરુપાધિક અમૂર્ત્ત આત્મદ્રવ્યની જ તપાસ, ચિંતન, ભાવના, સ્મૃતિ, એનું જ અનુસંધાન વગેરે જાળવવા વડે તેવા ઉપરોક્ત ઉપચારોથી - આરોપોથી પોતાના આત્માને સતત બચાવવો.

### તત્ત્વદૃષ્ટિને મેળવીએ

તથા સમકિતને મેળવવા બાહ્ય દૃષ્ટિનો પરિહાર કરીને તત્ત્વદૃષ્ટિની જ ઉપાસના કરવી. આ અંગે **જ્ઞાનસાર**માં જણાવેલ છે કે 'બાહ્યદૃષ્ટિવાળાને રૂપાળી કન્યા અમૃતના સાર વડે ઘડેલી લાગે છે. તત્ત્વદૃષ્ટિવાળાને તો તેનું ઉદર પ્રત્યક્ષ વિષ્ઠા-મૂત્રથી ભરેલી હાંડલી ભાસે છે. બાહ્યદૃષ્ટિવાળા (વિજાતીયના) શરીરને સૌંદર્યના તરંગોથી પવિત્ર જુએ છે. તત્ત્વદૃષ્ટિવાળા તો તેને કૂતરા-કાગડાઓને ભક્ષણ કરવા યોગ્ય અને કૃમિઓના સમૂહથી ભરેલું જ દેખે છે.' આવી તત્ત્વદૃષ્ટિને = આરોપશૂન્યવસ્તુ-સ્વરૂપગ્રાહક દૃષ્ટિને મેળવવા સતત પોતાના શુદ્ધ આત્મામાં જ વસવાટ કરવો. આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાયજી નયોપદેશવ્યાખ્યા**માં જણાવે છે કે 'જેને રાગાદિથી છૂટવાની તીવ્ર ઝંખના છે, તે સાધકે બીજું બધું પૂરેપૂરું છોડીને પોતાના આત્મામાં જ વસવું જોઈએ.' તેથી પોતાના જ શુદ્ધ ચિન્મય સ્વરૂપમાં આત્માર્થી સાધકે

લીન, સુલીન, વિલીન થવું જોઈએ. સ્વયમેવ નિજ પરમપવિત્ર સહજાનંદમય ચૈતન્યસ્વભાવમાં જ એકાકાર, એકરૂપ બનવું જોઈએ. પોતાના જ વિમલ શાશ્વત શાન્તરસમય આત્મતત્ત્વમાં તદાકાર, તન્મય, તદ્રૂપ થઈને તે સ્વરૂપે તાદાત્મ્યપરિણતિ કેળવવી જોઈએ, મેળવવી જોઈએ.

### ❀ પ્રણિધાન-પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થનો પ્રારંભ ❀

'નિષ્કષાય, નિર્વિકાર, નિષ્પ્રપંચ, કેવલ ચૈતન્યસ્વરૂપ હું શુદ્ધ આત્મા છું. પરમ શાંતિમય, સહજ સમાધિમય, અનંત આનંદમય, અચિંત્યશક્તિસંપન્ન મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વહેલી તકે પ્રગટ થાઓ ! પ્રગટ થાઓ ! પ્રગટ થાઓ ! શ્રીતીર્થંકર, ગણધર ભગવંતોના પ્રસાદથી ગ્રંથિભેદોત્તરકાલીન અપરોક્ષ સ્વાનુભૂતિમય નૈશ્ચયિક ભાવ સમ્યગ્દર્શનસંબંધી યોગ-ક્ષેમ-શુદ્ધિ-વૃદ્ધિ-પુષ્ટિ માટેનો આ પ્રયત્ન સફળ થાવ, સફળ થાવ, સફળ થાવ' - આ પ્રમાણે પ્રણિધાન અને પ્રાર્થના કરવાપૂર્વક ગ્રંથિભેદસંબંધી અંતરંગ સાધનામાં આત્માર્થી સાધકે તત્પર થવું, પરાયણ થવું, લીન થવું, ગળાડૂબ થવું.

### ❀ ગ્રન્થિભેદ માટે પંદર પ્રકારે અંતરંગ પુરુષાર્થ ❀

અનાદિકાલીન અત્યંત ગાઢ ગ્રંથિના ભેદ માટે પુષ્કળ અંતરંગ પરિશ્રમ અપેક્ષિત છે. જેમ ઘોર ભયંકર યુદ્ધના મેદાનમાં દુર્જય એવા અનેક મહારથી શત્રુઓના સમૂહ સામે વિજય મેળવવા અત્યંત પરિશ્રમ કરવો પડે, તેમ મિથ્યાત્વમોહનીય કર્મને જીતવા અત્યંત પરિશ્રમ કરવો પડે છે. આ વાત **વિશેષાવશ્યક ભાષ્ય**માં સ્પષ્ટપણે જણાવી છે. પોતાને સમકિતી માનનારા જીવોએ 'મેં આવો અથાગ પરિશ્રમ ગ્રંથિભેદ માટે કર્યો છે કે નહિ ?' તે વિચારવું. તે અંતરંગ પુરુષાર્થ નીચે મુજબ પંદર પ્રકારે કરવો. તે આ પ્રમાણે :-

(૧) 'જેમ તલવાર મ્યાનમાં રહે છે છતાં પણ તલવાર જુદી છે અને મ્યાન જુદું છે, તેમ મારો દેહ મારા કરતાં જુદો છે. અને તેના કરતાં હું આત્મા અલગ છું - આ પ્રમાણે સાધક માને છે.' આ મુજબ **વ્યવહારસૂત્રભાષ્ય**માં અને **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ**રચિત **જીતકલ્પસૂત્ર**ના સ્વોપજ્ઞ **બૃહદ્ભાષ્ય**માં જણાવેલ છે. પ્રસ્તુત ગાથા વગેરેનું આલંબન લઈને આત્માર્થી સાધકે સતત સ્વ-પરનું તાત્ત્વિક સ્વરૂપ પોતાની માર્ગાનુસારી પ્રજ્ઞા દ્વારા સમજવા માટે પ્રયત્નશીલ રહેવું. તથા દિલથી સતત તેની ભાવના કરવી.

### ❀ દેહાદિભિન્ન આત્માની શ્રદ્ધા-રુચિ વગેરે તીવ્ર કરીએ ❀

(૨) સ્વ-પરનું યથાર્થ સ્વરૂપ જાણ્યા બાદ પોતાના આત્મતત્ત્વની સબળી શ્રદ્ધા ઊભી કરવી કે 'હું દેહાદિભિન્ન આત્મા જ છું.' ત્યાર પછી તેની રુચિ કેળવવી. તેની પ્રીતિ પ્રગટાવવી. પોતાના જ નિર્મળ આત્મતત્ત્વને ભજવાનો પ્રયત્ન કરવો. એ જ તાત્ત્વિક આત્મભક્તિ છે. આત્મતત્ત્વની જ વારંવાર ભાવના ભાવવી. આત્મતત્ત્વ પ્રત્યે સદ્ભાવ રાખવો. પોતાના આત્મા પ્રત્યે અહોભાવ-આદરભાવ જગાડવો. 'શરીરાદિથી છૂટું ચેતન તત્ત્વ એ હું છું' - તેવી અવાર-નવાર પ્રતીતિ કરવી. દરેક પ્રવૃત્તિ કરતી વખતે આત્માને સૌપ્રથમ યાદ કરવો. 'હું અસંગ-અલિપ્ત ચેતનતત્ત્વ છું' - આવી જાગૃતિ સર્વ પ્રવૃત્તિ વખતે રાખવી. આત્મતત્ત્વને પ્રગટાવવાનું લક્ષ્ય રાખવું. અનંત આનંદમય-શાંતિમય-સમાધિમય આત્મતત્ત્વનો એવો મહિમા અંદરમાં ઉભો કરવો કે સતત સર્વત્ર આત્મા જ નજરાયા કરે. 'હું નિષ્કષાય,

નિર્વિકારી આત્મા છું' - આ અનુસંધાન ક્યાંય છૂટે નહિ તેવી સાવધાની રાખવી. આત્માની શક્તિ -શુદ્ધિ-શાશ્વતતા-શુચિતા વગેરે વિશે ઊંડી અનુપ્રેક્ષા કરવી. દેહ, ઈન્દ્રિય, મન, ઈન્દ્રિયજ્ઞાન વગેરેથી અત્યંત નિરાળા આત્માની વારંવાર ખોજ કરવી, તપાસ કરવી, તલાશ કરવી. 'હું શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ છું' - આ પ્રમાણે આત્મતત્ત્વનું ભાસન થવું જોઈએ. ચેતનતત્ત્વનું સતત સંશોધન કરવું. સર્વત્ર આત્માનું સંમાર્જન અને પરિમાર્જન કરવું. આત્માના વર્તમાન મલિન પર્યાયોને દૂર કરવા. આ રીતે આત્માને સ્વચ્છ કરવો. શુદ્ધ આત્માના ચૈતન્યસ્વરૂપમાં સર્વથા લીન-સુલીન-લયલીન થઈ જવું જોઈએ.

### સ્વભૂમિકાયોગ્ય સાધનામાં મસ્ત રહીએ

(૩) માત્ર આત્મતત્ત્વની ભાવના નથી કરવાની. પરંતુ પોતાના ચિત્તની શુદ્ધિના લક્ષથી પોતાની વર્તમાન ભૂમિકાને ઉચિત સ્વાધ્યાય કરવા પ્રયત્ન કરવો. જ્ઞાનદાતા સદ્ગુરુદેવની સેવાની તક ઝડપી લેવી, તેવી તક ઊભી કરવી. સામાયિક કરવી. અર્થાત્ સમભાવમાં રહેવાનો અભ્યાસ કરવો. નિજ સ્વરૂપની અંદરમાં ધારણા, ધ્યાન અને કાયોત્સર્ગ આદિ સાધના કરવી. પાંચેય ઈન્દ્રિયોને શબ્દ-રૂપ -રસ-ગંધ-સ્પર્શમાંથી પાછી વાળવી. આ 'પ્રત્યાહાર' કહેવાય. આવી અંતરંગ સાધના માટે પ્રયાસ કરવો. પણ આ બધું જાહેરમાં પોતાની જાતને સારી દેખાડવા માટે નહિ, 'ધર્મી' તરીકેની પોતાની હવા ઊભી કરવા માટે નહિ. પરંતુ માત્ર પોતાના ચિત્તની શુદ્ધિ માટે, આત્મવિશુદ્ધિ માટે જ કરવાનું છે.

### નિજભાવનિરીક્ષણાદિ કરીએ

(૪) તાત્પર્ય ગ્રહણ કરવા પૂર્વક, આશય ગ્રહણ કરવા પૂર્વક, જિનવચન અને ગુરુવચન ઘૂંટી -ઘૂંટીને, તે મુજબ પોતાના આંતરિક ભાવોનું વારંવાર નિરીક્ષણ કરવું, પરીક્ષણ કરવું. તથા પોતાની સાધકદશાને યોગ્ય વૈરાગ્ય, ઉપશમ વગેરે ભાવોનું સંરક્ષણ કરવું. તે વૈરાગ્ય-ઉપશમ આદિ નિર્મળ ભાવોને સાચવવા-સંભાળવા. આ રીતે પોતાની પરિણતિને નિર્મળ કરવી.

### કર્તા-ભોક્તા ન બનીએ

(૫) કર્તા-ભોક્તાભાવ એ ખરેખર રાગ-દ્વેષમય છે અને સંકલ્પ-વિકલ્પથી વણાયેલ છે. તેવા કર્તા-ભોક્તા ભાવને છોડીને, પોતાના આત્મકલ્યાણમાં બાધક બનનારા દોષોનો ઉચ્છેદ કરવાનું પ્રણિધાન, દૃઢ સંકલ્પ કરીને આત્મભાનસહિત મધ્યસ્થભાવે અધ્યયન-અધ્યાપન-ભોજન-શયનાદિ વ્યાવહારિક સ્વકર્તવ્યને બજાવવા.

### વિષય-કષાયના આવેગાદિમાંથી બચીએ

(૬) વિષય-કષાય વગેરે વિભાવ પરિણામોમાં અસારતા, તુચ્છતા, ક્ષણભંગુરતા, અનાત્મરૂપતા, પરાયાપણું વગેરેની ઊંડી વિચારણા કરવી. 'પાપના ઉદયમાં વિષય-કષાય વગેરે શરણ બનવાના નથી. તે અપવિત્ર-અશુચિ છે' - આવી વિભાવના કરીને વિષય-વાસનાના આવેગમાં તણાવું નહિ, કષાયના આવેશમાં ફસાવું નહિ. પોતાની જાતે જ તેમાં ખેંચાતા-તણાતા-લેપાતા અટકી તેનાથી મુક્ત થવું. અથવા પ્રભુપ્રાર્થનાયોગથી કે આર્દ્ર ચિત્તે નમસ્કારમહામંત્રના નિયમિત લયબદ્ધ જાપથી તેવું બળ મેળવી તેનાથી મુક્ત બનવું.

### ચિત્તવૃત્તિપ્રવાહને સ્વસન્મુખ રાખીએ

(૭) રાગાદિ વિભાવદશાથી પૂરેપૂરા છૂટવાની તમન્નાએ પોતાની ચિત્તવૃત્તિના પ્રવાહને સતત પોતાના

જ આત્માની સન્મુખ પ્રવર્તાવવો, વીતરાગ આત્મસ્વરૂપના ગ્રાહકપણે પ્રવર્તાવવો.

### ❖ દેહાદિમાં 'હું'પણાની બુદ્ધિને તજીએ ❖

(૮) આત્માને ભૂલી, શરીર-ઘર-પુદ્ગલ-ઈન્દ્રિય-મન-દેહચેષ્ટા-રાગાદિ વિભાવ પરિણામ -વિકલ્પ-વિચાર વગેરેમાં અજાણતાં પણ 'હું'પણાની બુદ્ધિ, મારાપણાની મતિ, સારાપણાની લાગણી ઉઠવા ન દેવી. 'રાગાદિ મારું કાર્ય છે, દેહાદિ મારા માટે ભોગ્ય છે' - ઈત્યાદિ બુદ્ધિ અંદરમાં વેદવી નહિ.

### ❯ આત્માને ક્ષણ વાર પણ ના ભૂલીએ ❯

(૯) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ વગેરે બંધનોમાંથી છૂટવાની વૃત્તિને (= મુમુક્ષુતાને) મુખ્ય કરી તમામ વર્તન, વાણી, વિચારમાં પ્રબળતમ અંતરંગ ઉદાસીનતા કેળવીને કેવળ સાક્ષીસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા આત્માને ક્ષણ વાર પણ ભૂલવો નહિ. મતલબ કે પ્રવૃત્તિ વગેરે બહારમાં ચાલતી હોય ત્યારે તેને પણ જાણતાં -જોતાં અંદરમાં જાણનાર-જોનારનું વિસ્મરણ થવા ન દેવું. ચિત્તવૃત્તિને સતત સ્વ તરફ વહેવડાવવી.

### ● શુદ્ધ-સ્વદ્રવ્યાદિમાં વિશ્રાન્તિ કરીએ ●

(૧૦) શુદ્ધ આત્મા સિવાય બીજે ક્યાંય પરદ્રવ્ય, પરગુણ, પરપર્યાયમાં ખેંચાવું નહિ, ખોટી થવું નહિ, વિશ્રાન્તિ કરવી નહિ. તથા પોતાના કષાયાત્મા વગેરે અશુદ્ધ દ્રવ્ય, અશુદ્ધ જ્ઞાનાદિ ગુણ અને સંસારિપણું વગેરે અશુદ્ધ પર્યાયમાં પણ અટકવું નહિ, રોકાવું નહિ. વિભાવદશામાં લીનતા-એકતા -તન્મયતા કરવાની કાળી મજૂરી બંધ કરવી. કેવળ પોતાના શુદ્ધ ચેતનદ્રવ્યમાં, અતીન્દ્રિયજ્ઞાનાદિ શુદ્ધ ગુણમાં, સિદ્ધત્વાદિ શુદ્ધ પર્યાયમાં જ એકરૂપતા-લયલીનતા-મગ્નતા-સ્થિરતા-તન્મયતા-ઓતપ્રોતતા કેળવવી.

### ✱ વિભાવાદિમાં તીવ્રદુઃખરૂપતાદિનું સંવેદન કરીએ ✱

(૧૧) વિભાવદશા, વિકલ્પદશા, બંધદશા, આશ્રવદશા વગેરેમાં તીવ્ર દુઃખરૂપતાનું હૃદયથી સંવેદન કરીને સર્વદા, સર્વત્ર પોતાના અંતરમાં સાચી શ્રદ્ધા પ્રગટાવવી કે 'હું તો નિષ્કષાય, નિર્વિકલ્પ, નિર્બન્ધ, નિરાશ્રય-સ્વાશ્રયી, નિરાલંબન-સ્વાવલંબી, અનંત આનંદમય શુદ્ધ ચેતન તત્ત્વ છું.' આવી શ્રદ્ધા મુજબ અંદરમાં પોતાને પ્રતીતિ થાય તેવી પોતાની આત્મદશા કેળવવી. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વારંવાર યાદ કરવું. 'હું શુદ્ધાત્મા છું' - આવી જાગૃતિ વિષય-કષાયના તોફાન વખતે પણ ટકવી જોઈએ. તે સમયે પોતાના નિષ્કષાય, નિર્વિકાર શુદ્ધ સ્વરૂપને યાદ કરીને વિષય-કષાયથી અંદરમાં છૂટા પડી જવા જોમ કરવું. આ અભ્યન્તર પુરુષાર્થમાં સતત સર્વત્ર લીન રહેવું. થોડો પુરુષાર્થ કરીને અટકી ન જવું.

### ❖ ઈષ્ટાનિષ્ટ કલ્પનાને સાક્ષીભાવે માત્ર જાણીએ ❖

(૧૨) સાધકદશામાં વર્તતા જીવને પણ અનાદિકાલીન સહજમળ (= આત્મસ્વભાવવિરોધી બળ), કર્મોદય, અનુપયોગાદિ સ્વરૂપ પ્રમાદ, ભવિતવ્યતા, કાળ વગેરેના જોરદાર ધક્કાથી ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પના તો ઊભી થઈ જાય. પરંતુ સાધક તે કલ્પનાથી મૂઢ ન બને. તેમાં પોતાના અસંગ સાક્ષીભાવને સાધક ટકાવી રાખે. તેમાં તે બિલકુલ મોહાઈ ન જાય, ખેંચાઈ ન જાય, તન્મય થઈ ન જાય, રંગાઈ ન જાય, ભળી ન જાય. તે સમયે પણ તે કલ્પના પ્રત્યે વૈરાગ્યભાવ, ઉદાસીનતા ટકાવીને તે ઈષ્ટ -અનિષ્ટપણાની કલ્પનાને કર્મસત્તાના નાટક તરીકે જાણવાની-જોવાની પોતાની સ્વતંત્રતાને સાધક ભગવાન ન ગુમાવે. કર્મથી પોતાની સ્વતંત્રતાને માન્યતામાં ઊભી કરીને, ટકાવીને, ઈષ્ટાનિષ્ટપણાની કલ્પનાને

કર્મસત્તા વગેરે સૂત્રધારોના દોરી સંચાર મુજબ થતા નાટક સ્વરૂપે તે સાધક વિરક્તભાવે, ઉદાસીનપણે માત્ર જાણે, જુએ. પણ તેમાં ભળે નહિ. આ રીતે તે ચીકણા કર્મ નિર્જરી જાય છે.

### ✡ અશુદ્ધ પર્યાયોમાં તાદાત્મ્યબુદ્ધિ વગેરેને છોડીએ ✡

(૧૩) કર્મોદયાદિથી ઉત્પન્ન થયેલા સ્વ-પરના અમુક અશુદ્ધ પર્યાયો એવા હોય છે કે જેને હટાવી ન જ શકાય. જન્મથી મળેલ કાળી ચામડી, ઘોઘરો કે કર્કશ અવાજ, ઠીંગણાપણું વગેરેને બદલવા માંગો કે કાઢવા માંગો તો પણ ન તેને બદલી શકાય કે ન કાઢી શકાય. આવા અનિવાર્ય અશુદ્ધ પર્યાયોને બળાત્કારથી-જબરજસ્તીથી બદલવા માટે કે બહાર હાંકી કાઢવા માટે સાધક પ્રયત્ન ન કરે. તેમાં સફળતા પણ ન મળી શકે. તથા પર્યાયની અદલા-બદલી કે હેરા-ફેરી એ પરમાર્થથી મોક્ષપુરુષાર્થ પણ નથી. પરંતુ તે અશુદ્ધ પર્યાયોમાં ભાસતી આરોપિતતા-ઈષ્ટાનિષ્ટતા, તાદાત્મ્યબુદ્ધિ, સ્વામિત્વબુદ્ધિ, અધિકારવૃત્તિ, લીનતા, તન્મયતા, એકરૂપતા, એકરસતા, કર્તૃત્વબુદ્ધિ, ભોક્તૃત્વપરિણતિ વગેરેને તો પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની વિશેષ પ્રકારે ભાવના કરીને છોડવી. 'હું તો નિરાલંબન છું. શરીર વગેરે વિના પણ મોક્ષમાં રહેનારો છું. શરીર, રાગાદિ ઉપાધિ એ મારું સ્વરૂપ નથી. તો હું તો માલિક કઈ રીતે? હું તો સહજાનંદમય છું. તો દુઃખમય એવા કામરાગ, સ્નેહરાગ વગેરેને મારે શું ભોગવવાના? શીતળ બરફ કદાપિ ઉકળાટનો કર્તા-ભોક્તા નથી. તો આનંદમય એવો હું દુઃખમય રાગાદિનો કર્તા-ભોક્તા કઈ રીતે બની શકું ? દુઃખમાં સુખનો આરોપ મારે શા માટે કરવો ? તેનો અધિકાર મને કઈ રીતે મળી શકે? હું તો અમૂર્ત છું. તો મૂર્ત એવા શરીરાદિ કઈ રીતે મારું સ્વરૂપ બની શકે ? હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું. તેથી મારે દેહ, રાગ, દ્વેષ, વાસના, લાલસા, વિકલ્પ વગેરેમાં શા માટે લીન-તલ્લીન-તન્મય-એકરૂપ -એકાકાર થવું ?' - આ રીતે નિજચૈતન્યસ્વરૂપની વિભાવના કરીને સાધક ભગવાન = અંતરાત્મા પોતાના શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડમાં સ્વતાદાત્મ્યનું એવું સંવેદન કરે કે અશુદ્ધ પર્યાયોમાં ભાસતી આરોપિતતા, તાદાત્મ્યબુદ્ધિ, સ્વામિત્વબુદ્ધિ વગેરે સ્વયમેવ પલાયન થઈ જાય. આશય એ છે કે અનિવાર્ય એવા દેહપર્યાય, દુર્વાર એવા રાગાદિ વિભાવ પરિણામ, વર્તમાનકાળે અપરિહાર્ય એવા વિકલ્પ વગેરેને બદલવાનો કે કાઢવાનો પ્રયત્ન કરવાના બદલે તેમાં 'હું'પણાની દુર્બુદ્ધિ, મારાપણાની ભ્રાન્તિ, સારાપણાનો ભ્રમ વગેરેને કાઢવાનો ઉપરોક્ત રીતે પ્રયાસ કરવો એ ગ્રંથિભેદ માટેનો જ જ્ઞાનપુરુષાર્થ છે.

### ✾ દૃશ્યના આકર્ષણને દૃષ્ટિમાંથી કાઢીએ ✾

(૧૪) તાદાત્મ્યબુદ્ધિ, સ્વામિત્વભાવ વગેરે ભ્રાન્તિને પ્રગટાવવામાં દૃશ્ય પદાર્થ નિમિત્ત બને છે. તેવા દૃશ્યપદાર્થ સ્વરૂપ શરીર, પત્ની, પુત્ર, પરિવાર, દુકાન, મકાન, ભોજન, પાણી, વસ્ત્ર, ધન વગેરેનું આકર્ષણ અનાદિ કાળથી આપણી દૃષ્ટિમાં, માન્યતામાં, લાગણીમાં, અભિપ્રાયમાં ચોંટી ગયેલ છે, મનમાં વળગી પડેલ છે. પરંતુ તે આકર્ષણ પણ આત્માનું મૌલિક સ્વરૂપ તો નથી જ. 'દૃશ્યના આકર્ષણથી મારો આત્મા તો અત્યંત નિરાળો છે, તદ્દન જુદો છે' - આવી આંતરિક ભેદવિજ્ઞાનધારા સહજપણે અને અખંડપણે પ્રવર્તે તો જ પોતાની દૃષ્ટિમાંથી તમામ દૃશ્ય પદાર્થનું આકર્ષણ છૂટું પડે. આ રીતે સાધક પોતાની દૃષ્ટિમાંથી દૃશ્યના આકર્ષણને અલગ કરીને, નિર્મળ બનેલી નિજ દૃષ્ટિને દ્રષ્ટામાં = કેવળ શુદ્ધચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપ પોતાના આત્મામાં જ અભિન્નપણે સ્થાપે, સમગ્રતયા ગોઠવે, સારી રીતે આદરભાવે સ્થિર કરે. આ છે ગ્રંથિભેદ માટેનો અંતરંગ અપ્રમત્ત પુરુષાર્થ.

### નિજ શુદ્ધાત્મામાં તાદાત્મ્યનું અખંડ વેદન કરીએ

**(૧૫)** ત્યાર બાદ ઉદયમાં આવતા વિષય-કષાય, રાગ-દ્વેષ, રતિ-અરતિ, હર્ષ-શોક, આશ્રવ -સંવર, બંધ-નિર્જરા વગેરે સ્વરૂપે પરિણમતા પર્યાયોને જોવાનું છોડી, તેનાથી પરાङ્મુખ થઈ, માત્ર અખંડ શુદ્ધ ચેતન દ્રવ્યને જ જોવું, જાણવું, વિચારવું અને અનુભવવું. આત્માકારે ઉપયોગને સતત વહેવડાવવો. આવી ઉપયોગધારાને પણ ઉગ્ર બનાવવી. આ રીતે ઉપયોગધારાની તીક્ષ્ણતાથી પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં જ સ્વતાદાત્મ્યને સમ્યક્ પ્રકારે સતત અનુભવવું કે :-

(૧) શરીર, ઇન્દ્રિય, મન, દ્રવ્યકર્મ, ભાવકર્મ વગેરેથી જુદો.. હું... ચેતન..છું. (પાંચ વાર ભાવના).

(૨) દેહાદિભિન્ન... ચેતન...તત્ત્વ... એ ... જ...હું... છું... (પાંચ વાર વિભાવના)

(૩) અત્યંત... વિશુદ્ધ... ચેતન... વસ્તુ... એ...જ...હું...છું... (પાંચ વાર સૂક્ષ્મ મનન)

(૪) શુદ્ધ...ચેતનાનો...અખંડ...પિંડ...એ...જ....હું...છું... (પાંચ વાર ઊંડી અનુપ્રેક્ષા)

(૫) પરમ...શીતળ...શુદ્ધ... ચેતનાનો... અખંડ.. પિંડ...છું...(પાંચ વાર એકાગ્ર વિચાર)

(૬) શાન્ત...શીતળ...શુદ્ધ...ચેતન્યનો...અખંડ...પિંડ..છું...(પાંચ વાર તીવ્ર સંવેદન)

(૭) પરમ...શાન્ત...અત્યન્ત...શીતળ...શુચિ (=પવિત્ર)... શુદ્ધ...ચૈતન્યનો..અખંડ...ઘન.... પિંડ...એ જ હું...છું. (શબ્દો ઉપર ભાર આપ્યા વિના તેનો ભાવ સ્પષ્ટ ઉપસાવવા પૂર્વક વેદન)

(૮) શાશ્વત... પરમ... શાન્ત... અત્યન્ત શીતળ...શુચિ (=પવિત્ર)...શુદ્ધ...ચૈતન્યનો... અખંડ...ઘન....પિંડ... એ...જ...હું...છું... (અંદર Picture clear કરવા પૂર્વક પાંચ વાર તીવ્ર પ્રણિધાન)

(૯) 'સોऽહમ્...' (વિકલ્પ-વિચારશૂન્ય ચિત્તવૃત્તિનું કેન્દ્રીકરણ)

(૧૦) ૐ... શાંતિ... શાંતિ... શાંતિ. (અંતઃકરણવૃત્તિનું નિજચૈતન્યસ્વરૂપમાં વિલીનીકરણ)

(૧૧) નિર્વિચાર નિર્વિકલ્પપણે સહજ નિજ સ્વરૂપમાં શાંતભાવે નિમજ્જન. (૧૫ મિનિટ સુધી ધ્યાન)

નિજાત્મધ્યાન પૂર્ણાહુતિ બાદ પણ તેની અસરને ઝીલવાની, તેની અસરમાં જીવવાની, તેના અનુસંધાનને અખંડપણે ઘૂંટવાની જાગૃતિ ટકાવી રાખવી. વારંવાર આ મુજબ પ્રયત્ન કરવો.

### ❋ સંયમીએ અંતરંગ પ્રયત્ન જ કરવો જોઈએ ❋

અનાદિકાલીન અજ્ઞાન, ગાઢ રાગ અને તીવ્ર દ્વેષથી વણાયેલી ગ્રંથિનો ભેદ કરવા આવા પ્રકારના અંતરંગ પ્રબળ પુરુષાર્થને આત્માર્થીએ અવશ્ય નિરંતર કરવો. **વિશેષાવશ્યકભાષ્ય મલધાર વ્યાખ્યા** મુજબ, બે હાથથી મહાસાગરને તરવાના પ્રયત્ન જેવા આ ગ્રંથિભેદસંબંધી પ્રબળ અંતરંગ પુરુષાર્થ કરવામાં લાગી જ જવું જોઈએ. તેમાં જ સતત રચ્યા-પચ્યા રહેવું. અધવચ્ચે તે પુરુષાર્થ છોડી ન દેવો. તરવૈયો અધવચ્ચે મધદરિયે તરવાનું બંધ ન જ કરે ને ! ખાસ કરીને તમામ સાંસારિક જવાબદારીમાંથી મુક્ત બનેલા અને આત્મકલ્યાણનો જ ભેખ ધારણ કરનારા એવા સંયમીઓએ તો ખરા અર્થમાં મુક્ત થવા માટે વિશેષે કરીને આવો અંતરંગ પુરુષાર્થ કરવો જોઈએ. આ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **ઉપદેશરહસ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સાધુઓ માટે અંતરંગ પ્રયત્ન જ અપેક્ષિત છે. કારણ કે તે અંતરંગ પુરુષાર્થ વિવિધ પ્રકારના ભવ્યત્વને = તથાભવ્યત્વને અનુકૂળ છે.'

### ❈ શિષ્યને સદ્ગુરુ સમકિત પમાડે ❈

તેથી જ વિશેષ પ્રકારના સંયોગમાં અપુનર્બંધકાદિ જીવોને દીક્ષા આપ્યા બાદ ગીતાર્થ સદ્ગુરુએ

શિષ્યના આત્મામાં ગ્રન્થિભેદ થાય, દર્શનમોહનો ઉચ્છેદ થાય તે માટે જ સૌપ્રથમ પ્રયત્ન કરવાનો હોય. આ જ અભિપ્રાયથી શ્રી**મલયગિરિસૂરિજી**એ **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં જણાવેલ છે કે "રજોહરણ વગેરે સાધુવેશ આપ્યા પછી નૂતન દીક્ષિતના મિથ્યાત્વ અને અજ્ઞાન સ્વરૂપ કચરાને ગુરુ દૂર કરે." **શ્રીહરિભદ્રસૂરિજી**એ પણ **પંચવસ્તુક** ગ્રંથની **વ્યાખ્યા**માં જણાવેલ છે કે 'દીક્ષા વગેરેને સ્વીકારવા દ્વારા શરણે આવેલા શિષ્યોમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તેવો પ્રયત્ન ગુરુએ કરવો. આવા પ્રયત્ન દ્વારા શરણાગત શિષ્યોને જન્મ-મરણાદિ સંસારદુ:ખોમાંથી ગીતાર્થ ગુરુએ છોડાવવા.'

### મહાપુરુષો પણ સમકિત મેળવવા ઝૂરે !

મહાપુરુષો સ્વયં પણ દીક્ષાજીવનમાં સમકિત મેળવવા પ્રભુને સરળ ભાવે, આર્દ્ર ચિત્તથી કાલાવાલા કરતા હોય છે, નમ્ર ભાવે પ્રાર્થતા હોય છે, ગ્રંથિભેદ માટે અંદરમાં સતત ઝૂરતા હોય છે.

(૧) શ્રી**જ્ઞાનવિમલસૂરિજી** મ.સા. 'અરિહંત નમો ભગવંત નમો...' આ ચૈત્યવંદનમાં છેલ્લે પ્રભુને પ્રાર્થના કરે છે કે 'બોધિ દિઓ અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમલ સૂરીશ નમો.'

(૨) શ્રી**મોહનવિજયજી** મ.સા. પણ **સંભવનાથ** ભગવાનના સ્તવનમાં પ્રભુને વિનવે છે કે 'સમકિતદાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું...'

(૩) તે જ રીતે ઉપાધ્યાય શ્રી**ઉદયરત્નવિજયજી** મ.સા. પણ **મહાવીર સ્વામી** ભગવાનને સ્તવનમાં પ્રાર્થે છે કે 'સમ્યગ્દર્શન જો મુજને દીયો, તો લહું સુખ ભરપૂર...' તથા તેઓશ્રી જ **શાંતિનાથ** પ્રભુના સ્તવનમાં કહે છે કે 'હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો.'

(૪) ઉપાધ્યાય શ્રી**વિમલવિજય**ના શિષ્ય શ્રી**રામવિજયજી** મ.સા. પણ સ્તવનમાં **શાંતિનાથ** ભગવાનને કહે છે કે 'સમકિત રીઝ કરો ને સાહિબ, ભક્તિ ભેટણું લાવ્યો. મારો મુજરો લ્યો ને રાજ.'

(૫) તે જ રીતે પૂ.શ્રી**નીતિવિજય** મ.સા. ના શિષ્ય શ્રી**ઉદયવિજયજી** મ. સા. 'પ્રભુ પાર્શ્વ પ્યારા પ્રણમું...' સ્તવનમાં મુક્ત કંઠે કહે છે કે 'મને સમકિત સુખડી આપો, મારા દૂષિત દોષોને કાપો.'

### જો જો, પુણ્યવૈભવ આંજે નહિ

તેથી દીક્ષાજીવનમાં પણ ગ્રંથિભેદ માટે તીવ્ર તલસાટ, પ્રબળ પ્રણિધાન, ઉગ્ર પુરુષાર્થ છૂટવો ન જોઈએ. સંયમસ્વીકાર બાદ અન્ય પ્રલોભનોમાં અટવાવું ન જોઈએ. કેમ કે વર્તમાન હુંડા અવસર્પિણી કાળના વિકરાળ કલિકાળમાં સંયમસાધનાની પગદંડીએ સાધક પા-પા પગલી માંડે કે પ્રાયઃ તરત જ પુણ્યોદયવૈભવ વગેરે સાધકની દૃષ્ટિને આંજે છે, આવરે છે. એ ગ્રંથિભેદના પુરુષાર્થમાં અત્યંત બાધક છે. તેથી જ ગ્રંથિભેદની કામનાવાળા સંયમીએ પુણ્યોદયથી અને પુણ્યોદયજન્ય સામગ્રીથી અત્યંત સાવધ રહેવું. સાધના માર્ગે ચાલવાથી આગળ જતાં સાધકને પુણ્યોદય વગેરેથી નીચેની ચીજો મળી શકે. જેમ કે **(A)** સર્વત્ર પોતાની પ્રસિદ્ધિ, **(B)** પ્રવચન પ્રભાવકતા, **(C)** પ્રવચન પટુતા, **(D)** શિષ્ય પરિવાર વૃદ્ધિસ્વરૂપ પ્રલોભન, **(E)** પદવી, **(F)** પ્રત્યુત્પન્ન પ્રજ્ઞા, **(G)** પ્રકાંડ વિદ્વત્તા, **(H)** લેખનશક્તિ, **(I)** પરનો પરાભવ કરે તેવો પરાઘાત નામકર્મનો ઉદય, **(J)** બીજાને આકર્ષી લે તેવો સૌભાગ્યનામકર્મોદય, **(K)** પારકાને આકર્ષે તેવો સુસ્વરનામકર્મોદય, **(L)** પરાયા પાસે પણ પોતાની વાતનો સ્વીકાર કરાવે તેવો આદેયનામકર્મોદય, **(M)** સમર્થ મિત્રોનું વૃંદ, **(N)** રસ-ઋદ્ધિ-શાતાગારવમાં મગ્નતા, **(O)** ઈન્દ્રિયબળ, **(P)** મનોબળ, **(Q)** કાયબળ (= કાયાનું સ્વાસ્થ્ય, રોગપ્રતિકારક શક્તિ, બલિષ્ઠપણું વગેરે), **(R)**

દેહસૌંદર્ય, **(S)** બાહ્ય આડંબર-ફટાટોપ, **(T)** ચમત્કારદર્શન, **(U)** અધિકારવૃત્તિ = સત્તા, **(V)** વિશિષ્ટ વ્યક્તિત્વ (personality), **(W)** વિશાળ ભક્તવૃંદ-અનુયાયીઓનું વર્તુળ, **(X)** શારીરિક વિભૂષા, **(Y)** વશીકરણ, **(Z)** દક્ષિણાવર્ત્ત શંખ આદિ મળી શકે. પરંતુ પુણ્યોદયવૈભવ વગેરેથી મળતી આવી અનેકવિધ લૌકિક વિશેષતાઓ એ આંતરિક સાધનામાર્ગથી બીજી દિશામાં ફંટાઈ જવાના સ્થાનો છે. તેથી તેની રુચિ, લગની, પ્રીતિ એ ઝેરી કાંટા સમાન રીબાવનારી છે, દાવાનળ તુલ્ય બાળનારી છે. કાળા સાપ જેવી મારનારી છે, ક્રૂર ડાકણ જેવી વળગનારી છે, મહારોગ વગેરેની જેમ અસાધ્ય-દુઃસાધ્ય-પીડાદાયિની છે. આવું જાણીને, સમજીને ગ્રંથિભેદ કરવા માટે સૌપ્રથમ તેવી રુચિને સાધકે પૂરેપૂરી છોડી દેવી.

## ❁ શક્તિના નહિ, શુદ્ધિના પૂજારી બનીએ ❁

મોક્ષમાર્ગમાં, સંયમજીવનમાં શક્તિના પૂજારી થવાનું નથી પણ પોતાની શુદ્ધિના પૂજારી થવાનું છે. તેથી શક્તિની રુચિને મૂળમાંથી ઉખેડીને (૧) લોકપરિચયત્યાગાદિસ્વરૂપ એકાન્ત, (૨) મૌન, (૩) પ્રત્યાહાર (= ઈન્દ્રિયોની બહિર્મુખતાનો ત્યાગ), (૪) શુદ્ધાત્મસ્વરૂપની ધારણા, (૫) ધ્યાન, (૬) ભેદવિજ્ઞાન, (૭) અસંગ સાક્ષીભાવ, (૮) કાયોત્સર્ગ વગેરેથી વણાયેલ અંતરંગ ઉદ્યમમાં લાગી જવું. ગ્રંથિભેદ કરવાના પ્રબળ સાધન સ્વરૂપ જે પંદર પ્રકારના અંતરંગ પુરુષાર્થ હમણાં જ (પૃ.૫૭૨ થી ૫૭૫) જણાવેલ છે, તેમાં સાધકે ડૂબી જવું. પોતાની આંતરિક વિશુદ્ધ દુનિયામાં ખોવાઈ જવું. ગ્રંથિભેદ માટે આ અપેક્ષિત છે, આવશ્યક છે, અનિવાર્ય છે, આદરણીય છે, આચરણીય છે.

## ❁ વિરામસ્થાનો વિઘ્નરૂપ બને ❁

ગ્રંથિભેદ માટે ધ્યાનાદિમય ઉપરોક્ત અંતરંગ સાધના ચાલતી હોય ત્યારે ઘણી વાર ઘણા સાધકોને **(A)** આજ્ઞાચક્રના ભાગમાં પીળા, લાલ, સફેદ વગેરે પ્રકાશનો અનુભવ થાય. **(B)** દિવ્ય સુગંધ માણવા મળે. **(C)** અનાહત નાદ સંભળાય. **(D)** આંતરિક દિવ્ય ધ્વનિનું શ્રવણ થાય. **(E)** આકાશવાણી -દેવવાણી સંભળાય. **(F)** દિવ્યરૂપનું દર્શન થાય. **(G)** દેવનું સાન્નિધ્ય-સહાય મળે. **(H)** મોઢામાં સુધારસનો મધુર આસ્વાદ આવે. **(I)** અંદરમાં ઉજ્જવળ તેજોમય ચૈતન્યમૂર્તિના દર્શન થાય. **(J)** પ્રસન્નમુખમુદ્રાવાળા દેવાધિદેવ-ગુરુદેવ, અપૂર્વ તીર્થસ્થાન વગેરેના સુંદર મજાના સ્વપ્નો દેખાય. **(K)** અવાર-નવાર અવનવા દિવ્ય સંકેતો મળે. **(L)** ભાવી ઘટનાની સ્વયમેવ અંદરમાં સ્ફુરણા થાય. **(M)** અણિમા, મહિમા, લઘિમા વગેરે અષ્ટ મહાસિદ્ધિઓ પ્રગટે. **(N)** વચનસિદ્ધિનો આવિર્ભાવ થાય. **(O)** સંકલ્પસિદ્ધિ મળે. **(P)** ઈચ્છાસિદ્ધિનો પ્રાદુર્ભાવ થાય. **(Q)** જુદી-જુદી લબ્ધિઓ પ્રાપ્ત થાય. **(R)** આનંદઘનજી મહારાજની જેમ ચમત્કારશક્તિ પ્રગટે. **(S)** કુદરતી સહાય મળે. **(T)** 'હું શુદ્ધાત્મા છું'- ઈત્યાદિ રટણમાં શાંતિદાયક શાબ્દિક મગ્નતા આવે. **(U)** પોતાને સિદ્ધ થયેલ તપ વગેરેનો બીજામાં વિનિયોગ કરવાનું સામર્થ્ય પ્રગટે. **(V)** કુંડલિનીનું જાગરણ થાય. **(W)** ષટ્ચક્રનું ભેદન થાય. **(X)** હઠીલા જૂના રોગ આપમેળે દૂર થાય. **(Y)** શારીરિક શાતા-આનંદનો અલૌકિક અનુભવ થાય. **(Z)** માનસિક અપૂર્વ શાંતિનું પ્રચુર પ્રમાણમાં, સારી રીતે સંવેદન થવાથી ગ્રંથિભેદ થઈ ગયાનો ભ્રમ થાય.. આ બધા ગ્રંથિભેદાદિની સાધનાના માર્ગમાં આવતા વિશ્રામસ્થાનો છે, વિરામસ્થળો છે. અહીં ઘણા સાધકો અટકેલા છે. તેનો ભોગવટો કરવાની ઈચ્છાથી અહીં જ રોકાયેલા છે, મૂળ ધ્યેયથી ખસી ગયેલા છે. આથી આવી વિશ્રાન્તિ એ ગ્રન્થિભેદના પ્રયત્નમાં

વિઘ્નસ્વરૂપ બને છે. એ લાલ, પીળા અજવાળા વગેરેથી સાધકને વિસ્મય થાય, આશ્ચર્ય થાય એ વ્યામોહ છે. લબ્ધિ, શક્તિ વગેરે મળવાથી અહંકાર વગેરે ઉત્પન્ન થાય એ પણ એક જાતનો વ્યામોહ જ છે. આ રીતે વિશ્રાંતિસ્થાનો ચિત્તમાં વ્યામોહ પેદા કરીને ગ્રંથિભેદના પ્રયત્નમાં વિઘ્નરૂપ બને છે.

### ❀ ગ્રંથિભેદના અન્ય વિઘ્નોને ઓળખીએ ❀

ગ્રંથિભેદ માટે જરૂરી ધ્યાનાદિ કરવાના સમયે (૧) ઊંઘ આવે, (૨) ઝોકા આવે, (૩) ધ્યાનાદિ માટેનો ઉત્સાહ ન જાગે, (૪) આળસ અને (૫) પ્રમાદ આવે. (૬) 'ધ્યાનાદિ કરવાથી શું વળે? ધ્યાનમાં રહેવાથી સમય આમ ને આમ પસાર થઈ જાય છે અને વળતર કશું મળતું નથી. મારો ભણવાનો સમય આમાં બગડે છે. ધ્યાન આદિથી મને શું લાભ થવાનો ?' - આવી અશ્રદ્ધા જાગે. (૭) ધ્યાનાદિની સાધનામાં મગજ બહેર મારી જાય, મન મૂઢ બને. ધ્યાનમાં શું કરવું અને કેવી રીતે કરવું ? તેની કશી ગતાગમ જ ન પડે. આથી અંતરંગ સાધના આગળ જ ન વધે. આ બધા પણ ગ્રંથિભેદના અંતરંગ પ્રયત્નમાં વિઘ્નરૂપે જાણવા. જેમ વિદ્યાસિદ્ધિના સમયે ઢગલાબંધ વિઘ્નો વિદ્યાસાધક સમક્ષ હાજર થાય, તેમ ગ્રંથિભેદના અવસરે અનેક પ્રકારના વિઘ્નો સાધકની સામે ઉપસ્થિત થાય છે. **વિશેષાવશ્યકભાષ્ય** મુજબ આ બાબત જાણવી.

(૮) તે જ રીતે ગ્રંથિભેદ માટે અંતરંગ સાધનામાં કાળવિલંબ કરવાનું મન થાય તે પણ અહીં વિઘ્ન જાણવું. 'આજે નહિ, કાલે ધ્યાન કરશું. હમણાં નહિ, પછી સાધના કરશું' - આવો કાળવિલંબ પણ ગ્રંથિભેદમાં વિઘ્નરૂપ બને છે. (૯) ગ્રંથિભેદ માટે જરૂરી અંતરંગ પુરુષાર્થમાં અનાદરનો ભાવ, (૧૦) અરુચિ-અણગમો એ પણ વિઘ્ન બને. (૧૧) અંતરંગ ઉદ્યમ કરવામાં ખેદ આવે, (૧૨) ઉદ્વેગ જાગે તે પણ ગ્રંથિભેદ સાધનામાં એક પ્રકારનું વિઘ્ન જ જાણવું. (૧૩) ધ્યાન વખતે સ્વાધ્યાય વગેરેમાં મન જાય તે ક્ષેપ-વિક્ષેપ પણ અહીં વિઘ્ન બને. (૧૪) ધ્યાન-કાયોત્સર્ગાદિમાં મન ચોંટે જ નહિ. બીજે બધે ભટકતા ચિત્તનું ઉત્થાન વગેરે પણ ગ્રંથિભેદમાં વિઘ્નરૂપ જાણવા.

### ❀ તેર કાઠિયાની સજ્ઝાયને ન ભૂલીએ ❀

એ જ રીતે (૧૫) દેવ-ગુરુની નિંદા-અવર્ણવાદ-આશાતના તથા (૧૬) બીજા પાસે ધર્મી -સાધક-યોગી તરીકે પોતાની છાપ ઉપસાવવા માટે બીજાને ખબર પડે તેવા સમયે ધ્યાનાદિ કરવા, બાકી ન કરવા... આવી માયા-દંભ-કપટ પણ ગ્રંથિભેદકારક તાત્ત્વિક સાધનામાર્ગમાં વિઘ્નરૂપ બને છે.

(૧૭) નાની-નાની બાબતમાં ક્રોધ-રોષ-રીસની ટેવ પણ આ માર્ગમાં અવરોધક છે.

(૧૮) કૃપણતા-લોભ-કંજૂસાઈના લીધે પણ ચિત્ત બાહ્ય પદાર્થમાં જ અટકેલું રહે. તેના લીધે પ્રભુમાં, પ્રભુના નિષ્કષાયસ્વરૂપમાં, નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ચિત્ત ચોંટે જ નહિ, ધ્યાન થાય જ નહિ.

(૧૯) ચોર, માંદગી, અપયશ, અકસ્માત, ધરતીકંપ, મૃત્યુ વગેરેના ભયથી મન ઘેરાયેલું જ રહેતું હોય તો પણ ગ્રંથિભેદની સાધનામાં મન ન લાગે.

(૨૦) ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, મોટું નુકસાન વગેરેનો ગાઢ શોક પણ અહીં વિઘ્ન બને છે.

(૨૧) પોતાનું મૂળભૂત શુદ્ધ સ્વરૂપ, કર્મજન્ય ઉપાધિઓ, શાસ્ત્રકારોનું તાત્પર્ય, ધર્મસાધનાનો મર્મ વગેરે બાબતની સાચી જાણકારી ન હોય તો પણ પારમાર્થિક રીતે મિથ્યાત્વ ઉખેડવાનું શરૂ ન થાય.

(૨૨) સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા, ચોરકથા વિગેરે વિકથાઓ, પારકી પંચાત,

રાજકરણ, છાપા-ચોપાનીયા-પૂર્તિ, અશ્લીલ સાહિત્ય વગેરેમાં જ રુચિ રોકાયેલી હોય તો પણ પ્રસ્તુત અંતરંગ ગ્રંથિભેદપુરુષાર્થ આગળ વધી ન શકે.

(૨૩) દેશ-પરદેશમાં, રાજ્યમાં, સંઘમાં, સમુદાયમાં, ગ્રુપમાં ક્યાં શું ચાલે છે ? કોણ શું કરે છે ?... ઈત્યાદિ બાબતનું કુતૂહલ-કૌતુક-ઉત્સુકતા પણ ગ્રંથિભેદની સાધનામાં વિઘ્નરૂપ બને છે.

(૨૪) દેહ-પરિવાર-સંસારની બાબતમાં ચિત્ત સતત વ્યાક્ષેપવાળું હોય તો ગ્રંથિભેદ ન થાય.

(૨૫) માન કષાય અંદરમાં ઉછળતો હોય તો પણ ચિત્તવૃત્તિ અન્તર્મુખ ન બને.

(૨૬) શરીર, ઈન્દ્રિય, મન, વિચાર વગેરેમાં 'હું-મારા'પણાની બુદ્ધિસ્વરૂપ દૃષ્ટિવિપર્યાસ પણ અહીં વિઘ્ન બને.

(૨૭) પ્રશસ્ત વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દ-સ્ત્રી વગેરે વિષયોની પક્ષપાતપૂર્વક આસક્તિ-રુચિ-મૂર્ચ્છા પણ ગ્રંથિભેદના ઉદ્યમમાં વિઘ્નરૂપ બને છે. **'તેર કાઠિયાની સજ્ઝાય'** માં પણ આ વિઘ્નોનું સંક્ષિપ્ત વર્ણન મળે છે. આવા તો ઢગલાબંધ વિઘ્નો આ માર્ગમાં આવે છે. તથા પોતે જ ઉભા કરેલા આ વિઘ્નો પોતાને મનગમતા, મીઠા અને મધુરા લાગે છે. તેના પ્રત્યે મીઠી નજર અને કૂણી લાગણી રહે છે. તેના પ્રત્યે સાધક લાલ આંખ કરતો નથી. આથી જ ગ્રંથિભેદ અત્યંત દુર્લભ કહેવાય છે.

### ❈ ગ્રંથિભેદ અતિદુર્લભ ❈

તેથી આ બધી જ બાબતોને લક્ષમાં રાખીને (૧) **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યક-ભાષ્યમાં** જણાવેલ છે કે 'તે ગ્રંથિભેદ પરિશ્રમ અને ચિત્તવિઘાત = ચિત્તવ્યામોહ વગેરે વિઘ્નોથી દુર્લભ છે.' અહીં પરિશ્રમ એટલે પંદર પ્રકારનો અંતરંગ પુરુષાર્થ બતાવી ગયા તે સમજવો. તથા A to Z જે વિરામસ્થાનો - વ્યામોહસ્થાનો જણાવ્યા અને ઉપર જે ૨૭ મુદ્દાઓ જણાવ્યા, તે તમામને વિઘ્નરૂપ સમજવા. સતત, સખત, સરસ, સમ્યક્ પ્રકારે પૂર્વોક્ત (પૃ.૫૬૪ થી ૫૬૮) પંદર પ્રકારનો માનસિક પરિશ્રમ કરવો ખરેખર અઘરો છે. તથા ઉપરના વિઘ્નોને જીતવા અત્યંત કપરા છે. તેથી ગ્રંથિભેદને **શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણે** દુર્લભ બતાવ્યો છે. આ હકીકત છે. કાલ્પનિક વાત નથી. જાત અનુભવે જ આ વાત સરળતાથી સમજાય અને સચોટપણે સ્વીકારાય તેમ છે.

(૨) **વિશેષાવશ્યકભાષ્ય**માં જ આગળ જણાવેલ છે કે 'અહીં સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરવાની પ્રક્રિયા દુર્લભ છે અને પ્રાયઃ વિઘ્નોથી ભરપૂર છે.'

(૩) 'ગ્રંથિભેદ પણ પુરુષાર્થથી થાય એ વાત સંગત છે' - આ પ્રમાણે **યોગબિંદુ**માં કહેલ છે.

(૪) 'કર્મવિજયની જેમ ગ્રંથિભેદ પણ અત્યંત બળવાન પ્રયત્નથી જ થાય છે'- આ પ્રમાણે **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં **મહોપાધ્યાયજી** મહારાજે જે વાત કરી છે, તેનું પણ અહીં અનુસંધાન કરવું.

(૫) **શ્રીચક્રેશ્વરસૂરિજી**એ **દર્શનશુદ્ધિપ્રકરણવૃત્તિ**માં જણાવેલ છે કે 'વિશેષ પ્રકારના ઊંચી કક્ષાના અનેક શુભ અધ્યવસાયો દ્વારા માંડ-માંડ ગ્રંથિભેદ વગેરે થાય છે. તેથી ગ્રંથિભેદાદિ કરવો એ મોટું કષ્ટ છે. તેનાથી સમ્યક્ત્વનો પરિણામ જન્મે છે. તેથી તેવો સમ્યક્ત્વપરિણામ ખરેખર દુર્લભ છે.'

(૬) **સંબોધસપ્તતિકા**માં (**સંબોધસત્તરી**માં) **શ્રીરત્નશેખરસૂરિજી**એ કહેલ છે કે 'દેવોનું સ્વામિત્વ (= સામાનિકદેવપણું વગેરે અનેક વાર) મળે તથા માલિકપણું (રાજાપણું, નગરશેઠપણું વગેરે પણ ઘણી વાર) મળે. આમાં સંશય નથી. ફક્ત દુર્લભરત્ન જેવું એક સમ્યક્ત્વ જ (વારંવાર) મળતું નથી.'

(૭) **સમ્યક્ત્વકૌમુદી**માં **શ્રીજિનહર્ષગણિવરે** જણાવેલ છે કે 'સ્વભાવથી જ અત્યંત કઠણ એવી ગ્રંથિ પ્રબળ વીર્યોલ્લાસથી જ ભેદાય છે. ત્યારે ખરેખર મોક્ષને નજીક લાવનાર સમ્યક્ત્વનો લાભ અવશ્ય થાય છે.' આ સુંદર વાતનું પણ અહીં અનુસંધાન કરવું.

(૮) **યોગબિંદુ**માં કર્મગ્રંથિને મોટા પર્વતની ઉપમા આપી છે તથા બહુ સંક્લેશ કરાવનાર તરીકે અને દુર્ભેદ સ્વરૂપે જણાવેલ છે. તથા તેને ભેદવા માટે તીક્ષ્ણ ભાવવજ્રની જરૂર છે - તેમ ત્યાં કહેલ છે. આના ઉપરથી 'ગ્રંથિભેદનું કાર્ય કેટલું દુષ્કર-દુર્લભ છે ?' તેનો અંદાજ લગાવી શકાય છે. વજ્ર જેમ દુર્લભ હોય, તેમ ગ્રંથિભેદને કરનારી તીવ્ર-તીક્ષ્ણ ભાવધારા પણ અત્યંત દુર્લભ જ છે. આ વાત **યોગબિંદુ**માં સૂચિત કરી છે. એ ભૂલાવું ન જોઈએ.

### ❋ વિશ્રામસ્થાનોને પસાર કરીએ, તેમાં ખોટી ન થઈએ ❋

આજ્ઞાચક્રના ભાગમાં પીળા-લાલ-શ્વેત અજવાળાનો અનુભવ વગેરે અહીં દર્શાવેલા A to Z વિશ્રામસ્થાનો ઉપસ્થિત થાય ત્યારે તેમાં વિશ્રાન્તિ ન કરવી કે વ્યામોહ ન કરવો. પણ તેને પસાર કરી દેવા. તે માટે તે વખતે તેના સ્વરૂપની એવી વિભાવના કરવી કે 'આ બધું પૌદ્ગલિક છે, નશ્વર છે, પરભવમાં જવાના અવસરે મારા માટે આ આધારરૂપ કે શરણભૂત થવાનું નથી. આ અપારમાર્થિક છે, આરોપિત છે. એ વ્યામોહને પેદા કરનાર છે. જો આનો ભોગવટો કરવામાં હું ખોટી થઈશ તો એ મારા શુદ્ધ આત્મસ્વરૂપને ભૂલાવી દેનાર છે. મારા વિશુદ્ધ પુણ્યને આ ઋદ્ધિ-સિદ્ધિ -સમૃદ્ધિઓ લૂંટનારી છે. જો આમાં હું મોહાઈ જઈશ તો એ આત્મવિશુદ્ધિને ખતમ કરશે. તથા તે કર્મને આધીન છે, પારકી વસ્તુ છે, ઔપાધિક ચીજ છે.' તદુપરાંત નીચે મુજબ A to Z પ્રકારે વિચારવું.

'હું તો આ તમામ (A to Z) વિશ્રામસ્થાનોથી ભિન્ન છું. **(A)** લાલ-પીળા અજવાળા કે દિવ્યરૂપની સાથે મારે શું લેવા-દેવા ? કેમ કે હું તો અરૂપી છું. રૂપાતીતસ્વભાવી છું. **(B)** મારે દિવ્ય સુગંધનો અનુભવ કરવામાં શું અટકવાનું ? કેમ કે હું તો ગન્ધભિન્ન છું, ગન્ધશૂન્ય છું, હું ગન્ધાતીત છું. સુગન્ધને પેલે પાર હું રહેલો છું. મારા મૌલિક અસ્તિત્વમાં રૂપ-ગંધાદિને અવકાશ જ નથી.'

**(C)** 'મારે અનાહતનાદ, આંતરિક દિવ્યધ્વનિ કે આકાશવાણી સાંભળવામાં શા માટે ખોટી થવું ? અશબ્દ એવા મારે પૌદ્ગલિક શબ્દની સાથે શું લેવા-દેવા ? મારે તો મૌનનું વ્યાકરણ ઉકેલવાનું છે. હું તો શબ્દથી ન્યારો છું, શબ્દશૂન્ય છું, શબ્દાતીત છું. શબ્દને પેલે પાર મારું તાત્ત્વિક અસ્તિત્વ રહેલું છે.'

**(D)** 'સુધારસના આસ્વાદમાં મારે શા માટે તન્મય થવું ? હું તેનાથી નિરાળો છું. હું રસરહિત છું, રસાતીત છું. પૌદ્ગલિક રસને પેલે પાર મારું અસલી વ્યક્તિત્વ સમાયેલું છે.'

**(E)** 'અત્યન્ત શુક્લ સ્વપ્ન દર્શન, દિવ્ય સંકેત પ્રાપ્તિ, ભવિષ્યસ્ફુરણા વગેરેના વિકલ્પોમાં-વિચારોમાં મારે શા માટે અટવાવું ? હું તો વિકલ્પથી અત્યન્ત જુદો છું, વિકલ્પશૂન્ય છું, વિકલ્પાતીત છું. વિકલ્પ કે વિચાર દ્વારા ન પકડાય તેવું મારું અસલી સ્વરૂપ છે.'

**(F)** 'દેવસાન્નિધ્ય, ચમત્કારશક્તિ, લબ્ધિ, ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ વગેરે નશ્વર ભૌતિક તત્ત્વની મારે શી આવશ્યકતા ? હું સ્વયં અકૃત્રિમ-અનંત શક્તિથી પરિપૂર્ણ છું. મારી આત્મિક અનંત શક્તિ પાસે આ ભૌતિક શક્તિઓ તો સાવ પાંગળી છે, નમાલી છે, તુચ્છ છે. મારે પારકી કુદરતી સહાયની પણ આવશ્યકતા નથી. આ બધી જ વસ્તુઓ વ્યામોહ કરનારી, અહંકાર પેદા કરનારી છે.'

**(G)** 'કુંડલિનીનું જાગરણ, ષટ્ચક્રભેદન વગેરે પણ પૌદ્ગલિક વસ્તુ જ છે. હું તો અપૌદ્ગલિક છું, પુદ્ગલશૂન્ય છું, પુદ્ગલાતીત છું. પુદ્ગલપુંજના પેલે પાર મારું પારમાર્થિક સ્વરૂપ પ્રતિષ્ઠિત છે.'

**(H)** 'હું તો અનાદિકાલીન છું. આ પૌદ્ગલિક ચીજો તો કામચલાઉ-અનિત્ય-સાદિ છે. તેથી મારે પૌદ્ગલિક ચીજોમાં શા માટે મોહાઈ જવું ?'

**(I)** 'આ બધી વસ્તુઓ નશ્વર છે. હું તો શાશ્વત છું, ધ્રુવ છું. **(J)** ઉજ્જ્વલ તેજોમય ચૈતન્યમૂર્તિ દેખાય છે, તે પણ હકીકતમાં મૂર્ત્ત છે, સાકાર તત્ત્વ છે. હું તો અમૂર્ત્ત છું, રૂપાતીત છું. **(K)** મારે કોઈ આકાર નથી. હું નિરાકાર છું. **(L)** હું નિરંજન છું, કર્મમલશૂન્ય છું. **(M)** આ બધું ક્ષણભંગુર અને નિરાધાર છે. આ ઈન્દ્રિયજગત અને મનોજગત છે. આ મારું સ્વરૂપ નથી. હું તો અતીન્દ્રિય છું, ઈન્દ્રિયાતીત છું. **(N)** હું તો મનશૂન્ય, મનાતીત છું. **(O)** હું બધા જ વિશ્રામસ્થાનોનો અસંગ સાક્ષીમાત્ર છું. તો પછી તપ વગેરેનો વિનિયોગ કરવાના સામર્થ્યમાં પણ મારે શું મોહાવાનું હોય ? વિનિયોગના ઉઠતા વિકલ્પ વગેરેનો પણ હું **(P)** કર્તા કે **(Q)** ભોક્તા નથી. હું કેવળ શાંત જ્ઞાતા-દૃષ્ટા સાક્ષી છું.'

**(R)** 'શારીરિક રોગનિવારણ, શારીરિક શાતા-સ્વસ્થતા-સ્ફુર્તિની અનુભૂતિ કે માનસિક શાંતિનો અનુભવ કરવામાં કે શાબ્દિક મગ્નતામાં પણ મારે રોકાવું નથી. કારણ કે હું સ્વયમેવ અનંતાનંદ -પૂર્ણાનંદ-પરમાનંદ-શાશ્વતાનંદ-સહજાનંદ-સ્વાધીન આનંદથી છલોછલ ભરેલો મહાસાગર છું. **(S)** અપૂર્વ શાંતિનો ભંડાર છું. અતીન્દ્રિય શાંતિનો સ્વામી છું. સહજ-સ્વાભાવિક શાંતિ મારા પ્રત્યેક આત્મપ્રદેશે ફેલાયેલી છે. તો પછી પેલી તુચ્છ-નકલી-ઔપાધિક-કર્માધીન એવી શારીરિક શાતાનો કે માનસિક શાંતિનો ભોગવટો કરવામાં મારે મારો અમૂલ્ય સમય શા માટે વેડફવો ? તેને ઉપાદેયભાવે રુચિપૂર્વક ભોગવવા દ્વારા મારે શા માટે બહિર્મુખતાને પુષ્ટ કરવી ? **(T)** હું તો કર્મભિન્ન છું. જડ એવા કર્મ મારા ચૈતન્યસ્વરૂપમાં પ્રવેશ કરી શકે તેમ જ નથી.' **(U)** 'આ લાલ-પીળા અજવાળાની ઝાકઝમાળ વગેરે આભાસિક છે, પ્રાતિભાસિક છે. જ્યારે હું તો પારમાર્થિક સત્સ્વરૂપ છું. **(V)** દિવ્યરૂપદર્શન વગેરેની આશા-અપેક્ષા મારે શું રાખવાની ? હું મૂળભૂત સ્વભાવે આશાશૂન્ય જ છું. **(W)** ઈન્દ્રિય-મન-જનસમૂહ વગેરેથી કળી ન શકાય, ઓળખી ન શકાય એવો હું છું. તો લબ્ધિ, સિદ્ધિ, ચમત્કારશક્તિ દ્વારા મારે મારી ઓળખાણ કોને કરાવવાની ? **(X)** તેવી ઓળખાણ કરાવીને મારે માનકષાય વગેરેને જ તગડા કરવાના ને ? પણ સહજ સ્વભાવથી તો હું કષાયશૂન્ય જ છું. **(Y)** શારીરિક શાતા, માનસિક શાંતિ કે રોગનિવારણ સાથે મારે શું લેવા-દેવા ? હું તો તન-મન-વચનના યોગથી રહિત છું. **(Z)** મારું વ્યક્તિત્વ ખંડ-ખંડ વિભક્ત નથી. હું અખંડ છું. બીજા દ્વારા મારે મારા સ્વરૂપની પરિપૂર્તિ કરવાની બિલકુલ જરૂર નથી. મારામાં કશી ખામી નથી કે પરદ્રવ્યની પાસે મારે કાંઈ ભીખ માંગવી પડે. તેથી મારે આ બધાથી સર્યું. હું તો આ બધાથી પરાઙ્મુખ થઈને મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં સ્થિર થાઉં છું.' આમ ગ્રંથિભેદનો સાધક ભેદજ્ઞાનના સહારે તમામ વિશ્રામસ્થાનોમાંથી પસાર થાય છે. તેમાં તે મૂંઝાતો નથી, મૂરઝાતો નથી, મોહાતો નથી, લોભાતો નથી, લલચાતો નથી, અટવાતો નથી, રોકાતો નથી, ખોટી થતો નથી.

## * ગ્રંથિભેદની સાધનાના અન્ય વિઘ્નોને જીતીએ *

નિદ્રા, તંદ્રા વગેરે ૨૭ વિઘ્નોના વૃંદને જીતવા માટે આત્માર્થી સાધકે પોતાની જાતને જ આ રીતે સમજાવવાનો પ્રયત્ન કરવો કે '(૧) શાસ્ત્રાભ્યાસ, સંયમ વગેરે કરતાં પણ સૌપ્રથમ ગ્રંથિભેદ

અતિ-અતિ આવશ્યક છે. ગ્રંથિભેદ વિના કે એ દિશામાં પ્રયત્ન કર્યા વિના થતી ધર્મસાધના એ રાખમાં ઘી ઢોળવા સમાન છે, બેંકમાં ખાતુ ખોલાવ્યા વગર બેંકમાં રૂપિયા જમા કરાવવા તુલ્ય છે. તથા નિદ્રા-તંદ્રા વગેરેના નકલી સુખને માણવા કરતાં અનંતાનંત આનંદમય આત્મતત્ત્વને પ્રગટાવી લઉં એ જ મારા માટે લાભકારી છે. (૨) અનંત આનંદ, અનંત શક્તિ, અનંત જ્ઞાનાદિ ગુણવૈભવવાળા આત્મતત્ત્વનો મહિમા સર્વશ્રેષ્ઠ છે. મારા પૂર્ણાનંદમય, પરમાનંદમય આત્મદ્રવ્ય પાસે પૌદ્ગલિક દિવ્યસુખો પણ તુચ્છ છે. તો નિદ્રા-તન્દ્રા વગેરેના આભાસિક અસાર સુખની તેની આગળ શું કિંમત આંકી શકાય? (૩) તેથી હવે તો કોઈ પણ ભોગે અત્યંત ઝડપથી ગ્રંથિભેદ દ્વારા મારી જાતને અનાદિકાલીન કર્મના બંધનમાંથી છોડાવી લઉં એ જ મારું સૌપ્રથમ કર્તવ્ય છે. (૪) ગ્રંથિભેદાદિ માટે મળેલો આ અમૂલ્ય માનવભવ દશ દૃષ્ટાંતે અતિદુર્લભ છે. આ ભવ જો આમ ને આમ ગ્રંથિભેદાદિ મહત્ત્વનું કાર્ય કર્યા વિના પસાર થઈ ગયો તો ફરીથી માનવભવ ક્યારે મળશે ? ફરી આવી ઉજળી તક ક્યારે આવશે? સદ્ગુરુનો સમાગમ, શાસ્ત્રસમજણ વગેરે આ ભવમાં જે મળેલ છે, તે ફરી ક્યા ભવમાં મળશે ?'

'(૫) તથા મોત તો નજરની સામે જ છે. ગમે ત્યારે તેનો હુમલો થઈ શકે તેમ છે. પ્રતિદિન (૬) ઈન્દ્રિયબળ, (૭) શરીરબળ, (૮) મનોબળ ઘટતું જાય છે. તો શા માટે ગ્રંથિભેદના પુરુષાર્થમાં હું કાળક્ષેપ કરું છું? **अभी नहीं तो कभी नहीं** - આ સિદ્ધાંતની શ્રદ્ધા કેમ જાગતી નથી ? શા માટે અંતરંગ સાધનામાં મને ઉત્સાહ-ઉમંગ-આદર-અહોભાવ જાગતો નથી ? હે આત્મન્ ! આનાથી ઉજળી બીજી કઈ તક મળવાની છે કે આ તકને આમ ને આમ વ્યર્થ રીતે વેડફી નાંખે છે અને સાધનાને ભવિષ્યકાળ ઉપર ગોઠવે છે? (૯) શા માટે આ ભવ નિદ્રા-તન્દ્રા-આળસ-પ્રમાદમાં જવા દે છે? '**प्रमादो हि मृत्युः।**' પ્રમાદ તો મોત છે મોત ! (૧૦) અનંતા પૂર્વધરો પ્રમાદાદિવશ થઈને નિગોદ-નરકાદિમાં અત્યારે પણ કર્મની સજા ભોગવી રહ્યા છે. હે આત્મન્ ! જરા ડાહ્યો થા. દેવ-ગુરુ-ધર્મની નિંદા, દંભ, ક્રોધ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિકથાની રુચિ, પારકી પંચાતનો રસ, કુતૂહલ, કૌતુક, બહિર્મુખતા, વિષયાસક્તિ, ભોગતૃષ્ણા વગેરે કાઠિયાઓને પૂરેપૂરા છોડ. તેના પનારે પડવાથી આત્મકલ્યાણ નથી જ થવાનું. ગ્રંથિભેદના માર્ગે અવરોધ પેદા કરનારા આ મોટા પર્વતને મારે ઊભા કરવા નથી જ.'

'(૧૧) ભૂતકાળમાં અનંતા આત્માઓ આ જ ભેદજ્ઞાન, અસંગસાક્ષીભાવ, ધ્યાન, કાયોત્સર્ગાદિમય અંતરંગ પુરુષાર્થ કરી, ગ્રંથિને ભેદી, કર્મને ખપાવી મોક્ષે ગયા છે અને ભવિષ્યમાં અનંતા આત્માઓ આ જ અંતરંગ પુરુષાર્થ કરીને મોક્ષે જશે. માટે આ ધ્યાનાદિ અંતરંગ સાધનામાં અશ્રદ્ધા, અનાદર, અરુચિ, અણગમો, અનુત્સાહ, ખેદ, ઉદ્વેગ આદિ મારે કરવા નથી. મારા પગમાં મારે જાતે કુહાડો મારવો નથી. અનાદિ કાળથી બંધાયેલી મારી જાતને અત્યંત ઝડપથી રાગ-દ્વેષ-મિથ્યાત્વ-અજ્ઞાન વગેરેના બંધનમાંથી છોડાવીને જન્મ-મરણના ચક્કરમાંથી મારે બહાર નીકળવું જ છે.' આ રીતે શ્રદ્ધા-સંવેગ-વૈરાગ્યથી ગર્ભિત ઊંડી ભાવના વડે ધ્યાનાદિકાલીન નિદ્રા-તંદ્રા વગેરેને કે ધ્યાનાદિ વિશેની અશ્રદ્ધા વગેરે વિઘ્નોને જીતીને, તથા દેવ-ગુરુ વગેરેની નિંદા, દંભ, ક્રોધ, કૃપણતા વગેરેને છોડીને આત્માર્થી સાધકે અહીં જણાવેલ પંદર પ્રકારના અંતરંગ પુરુષાર્થના બળથી ગ્રંથિભેદ અત્યંત ઝડપથી અવશ્યમેવ કરવો જ જોઈએ. આ અંતરંગ પુરુષાર્થને વિઘ્નજયગર્ભિત તાત્ત્વિક અધ્યાત્મયોગ સમજવો.

## ❖ અધ્યાત્મયોગથી જ આત્મપ્રતીતિ સંભવે ❖

આ રીતે અંતરંગ ઉદ્યમમાં લીન થવામાં આવે તો જ આત્મતત્ત્વની અપરોક્ષ પ્રતીતિ થઈ શકે. શુષ્ક તર્કશાસ્ત્રોના અભ્યાસથી આત્મતત્ત્વની પ્રતીતિ ન થાય. છ મહિના સુધી વાદ-વિવાદ કરવાથી સાકરના મધુર સ્વાદની અનુભૂતિ ન થાય. તેને મોઢામાં મૂકવાથી જ મીઠાશની પ્રતીતિ થાય. વાદ = તર્કશાસ્ત્રાભ્યાસ. સાકર = આત્મા, મીઠાશ = અનંતાનંદમય ચૈતન્યસ્વભાવ. મુખપ્રક્ષેપ = દર્શિત અંતરંગઉદ્યમમય અધ્યાત્મ-યોગાભ્યાસ. તેથી વાદ-વિવાદ વગેરેની રુચિ છોડીને, તત્ત્વચર્ચાના બહાને પણ બીજાની નિંદા કરવાના વલણને છોડીને, 'ક્યાં કોણ શું કરે છે ?' તેવી બહિર્મુખતાને તિલાંજલિ આપીને, બહુ બોલ-બોલ કરવાની કુટેવને વોસિરાવીને અધ્યાત્મયોગમાં લાગી જવા જેવું છે. આત્માર્થીએ પણ અન્ય બાહ્ય સાધના કરતાં વધુ ચઢિયાતો પ્રયત્ન તો પ્રસ્તુત અધ્યાત્મયોગમાં જ કરવો જોઈએ. તેથી જ **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે "તત્ત્વપ્રતીતિનું કારણ અધ્યાત્મયોગ જ હોવાથી પ્રાજ્ઞ પુરુષે તે-તે આત્માદિ તત્ત્વની પ્રકૃષ્ટ સિદ્ધિ = અનુભૂતિ માટે અધ્યાત્મયોગમાં જ હંમેશા સૌથી વધુ પ્રયત્ન કરવો જોઈએ. વાદગ્રંથો આત્માનુભૂતિનું કારણ નથી. આત્માદિ તત્ત્વની અપરોક્ષ પ્રતીતિ વિશે અધ્યાત્મયોગ એ જ શ્રેષ્ઠ ઉપાય કહેવાયેલ છે. 'હું દેહાદિભિન્ન આત્મા છું' - આવી પ્રતીતિ માટે અધ્યાત્મ સિવાય બીજો કોઈ સાચો ઉપાય પૂર્વાચાર્યોએ જણાવેલ નથી. પરંતુ આ અધ્યાત્મ પણ ભવસાગરમાં ભટકતાં જીવોને અત્યંત દુર્લભ છે." પ્રસ્તુત અધ્યાત્મ અતિ દુર્લભ કેમ છે ? આ હકીકત તો ઉપરોક્ત પંદર પ્રકારનો અંતરંગ પુરુષાર્થ નિરંતર કરવા દ્વારા જ સાધકને સમજાય તેમ છે.

## ❖ ગ્રંથિભેદ ન થવાના કારણોની વિશેષ વિચારણા ❖

પરંતુ પ્રબળ મિથ્યાત્વ, અવેદ્યસંવેદ્યપદ વગેરેના સામર્થ્યથી આ જીવે આજ સુધી પોતાના જ મૂળભૂત સ્વરૂપની અપરોક્ષ અનુભૂતિ કરીને એવો વિનિશ્ચય નથી કર્યો કે 'શરીર, ઈન્દ્રિય, મન, કર્મ વગેરેથી હું સાવ જ જુદો છું. હું દેહાદિભિન્ન આત્મા છું. મારું સ્વરૂપ પરમાનંદમય છે. સહજ, શાશ્વત, શાન્ત, શીતળ, શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડસ્વરૂપ જ હું છું. હું સૂર્યની જેમ સ્વપ્રકાશાત્મક છું, સ્વતઃ પ્રકાશ્ય છું. ઈન્દ્રિયાદિની સહાય વિના સ્વયમેવ નિજસ્વરૂપનો પ્રકાશક છું.' પોતાના આવા લોકોત્તર મહિમાવંત અપૂર્વ ચૈતન્યસ્વરૂપની પાકી શ્રદ્ધા પણ આ જીવે યથાર્થપણે ન કરી. આ રીતે જીવે પોતાના જ સહજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો સાચો નિશ્ચય કે તેની તાત્ત્વિક શ્રદ્ધા ન કરી. અજ્ઞાનાવરણ, વીર્યાંતરાયાદિ કર્મનો ક્ષયોપશમ કરવા છતાં દર્શનમોહનો ક્ષયોપશમ પણ આ જીવે ન કર્યો. મતલબ કે ગ્રંથિભેદ કરીને આ જીવ સમ્યગ્દર્શન નથી મેળવી શકતો. તેના અનેક કારણો હોઈ શકે.

## ❖ પ્રાથમિક કાળલબ્ધિનો પરિચય ❖

(૧) જેમ કે જીવની 'પ્રાથમિક કાળલબ્ધિ' ન હોવાના લીધે ગ્રંથિભેદજન્ય સમકિત ન મળે. કોઈ પણ ભવ્યાત્માનો વધારેમાં વધારે, કાંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત કાળ જેટલી સ્થિતિવાળો સંસાર બાકી હોય ત્યારે જ ગ્રંથિભેદકાલીન સમ્યક્ત્વને પામવા માટે તે જીવ યોગ્ય બને છે. જીવની આ અવસ્થા પ્રથમ વાર સમકિત પામવા માટે જરૂરી હોવાથી 'પ્રાથમિક કાળલબ્ધિ' કહેવાય છે. પરંતુ દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાળથી અધિક કાળ સુધી જે જીવ ભવભ્રમણ કરવાનો હોય, તે જીવની

પાસે આવી 'પ્રાથમિક કાળલબ્ધિ' ન હોય. તેથી પુરુષાર્થ કરવા છતાં પણ પોતાના સહજ-શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો સાક્ષાત્કાર કે તેની યથાર્થ શ્રદ્ધા તે જીવ ન કરે તેવું પણ સંભવી શકે.

### ❖ બીજી કાળલબ્ધિને સમજીએ ❖

(૨) જે જીવનો સંસાર દેશોન અર્ધ પુદ્ગલ-પરાવર્ત કાળ કરતાં ઓછો હોય તે ભવ્યાત્મા પંચેન્દ્રિય હોય, સંજ્ઞી હોય. આહાર-શરીર-ઈન્દ્રિય-શ્વાસોચ્છ્વાસ-ભાષા-મન આ છ પર્યાપ્તિઓથી પર્યાપ્ત હોય તેની પાસે ઉપરોક્ત 'પ્રાથમિક કાળલબ્ધિ' સંપૂર્ણપણે હાજર છે. તેમ છતાં પણ બીજા પ્રકારની 'કાળલબ્ધિ' જો તે જીવ પાસે ન હોય તો તે જીવ સમ્યક્ત્વ મેળવી શકતો નથી. બીજા પ્રકારની કાળલબ્ધિનો સંબંધ કર્મની સ્થિતિ સાથે છે. ૭૦ કોટાકોટી સાગરોપમ સ્વરૂપ ઉત્કૃષ્ટસ્થિતિવાળાં કર્મો તે જીવમાં હાજર હોય અથવા એક કોટાકોટી સાગરોપમથી અધિક સ્થિતિવાળાં કર્મો તે જીવમાં વિદ્યમાન હોય તો પણ ગ્રંથિભેદ-સમકિત વગેરેનો લાભ જીવને થઈ શકતો નથી. આ રીતે બીજા પ્રકારની કાળલબ્ધિને કર્મસ્થિતિસાપેક્ષ સમજવી. તે ન હોવાથી પણ જીવને સમકિત મળતું ન હોય તેવું પણ સંભવે છે.

### ☫ અનંતગુણ વર્ધમાન પરિણામવિશુદ્ધિને મેળવીએ ☫

(૩) પરિપૂર્ણ પ્રાથમિક કાળલબ્ધિ અને બીજા પ્રકારની કાળલબ્ધિ હોય, અંતઃકોટાકોટી સાગરોપમ કરતાં ન્યૂન સ્થિતિવાળાં કર્મો હોય છતાં પણ તે જીવ પ્રતિસમય અનંતગુણ અધિક વર્ધમાન આત્મવિશુદ્ધિને -પરિણામવિશુદ્ધિને ધારણ ન કરે તો પણ ગ્રંથિભેદ કરીને સમકિત ન જ મેળવે. તેવું પણ પૂર્વે અનેક વાર બન્યું હોય - તેવું સંભવી શકે છે. **શ્રીશિવશર્મસૂરિજી**એ રચેલ **કર્મપ્રકૃતિ (કમ્મપયડી)** ગ્રંથ મુજબ આ બાબત જણાય છે. બન્ને પ્રકારની કાળલબ્ધિ મળવા છતાં પ્રતિસમય અનંતગુણ અધિક વર્ધમાન પરિણામવિશુદ્ધિ = ભાવલબ્ધિ પ્રગટ ન થવાના કારણો પણ અનેક બની શકે છે. જેમ કે

### ✾ મોક્ષાર્થશાસ્ત્રના તાત્પર્યને સમજ્યો નહિ ✾

**(A)** તેવા પ્રકારના મોક્ષપ્રયોજનસાપેક્ષ-મોક્ષઉદ્દેશ્યક એવા શાસ્ત્રો જ જીવને મળેલા ન હોય. અથવા

**(B)** તેવા શાસ્ત્રોને સાંભળવા છતાં તેના તાત્પર્યને સમજવા આ જીવે પ્રયાસ ન કર્યો હોય. અથવા

**(C)** તેવા શાસ્ત્રના ભાવાર્થને-ગૂઢાર્થને સમજવાનો પ્રયત્ન કરવા છતાં તેનો યથાર્થ બોધ, સાચી સમજણ (understanding power), આંતરિક ઓળખાણ મળેલ ન હોય, શાસ્ત્રતાત્પર્યાનુસારી ઠરેલ ડહાપણ (wisdom) પ્રાપ્ત થયેલ ન હોય. તેથી સમકિતપ્રાપક વર્ધમાન વિશુદ્ધિ મળી ન હોય તેવું સંભવે.

### ❖ આત્મપ્રાપ્તિની ચિંતા કરી નહિ ❖

**(D)** કદાચ તેવો યથાર્થ બોધ વગેરે જીવને પ્રાપ્ત થયેલ હોય છતાં 'હું મારા શુદ્ધ આત્માને ક્યારે પ્રાપ્ત કરીશ ? ક્યારે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પ્રગટ કરીશ ? કેવી રીતે મારા પરમાનંદમય આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થશે ? મારું શાશ્વત શાંતિમય શીતળ શુદ્ધ આત્મતત્ત્વ નિત્યસન્નિહિત હોવા છતાં કેમ અપરોક્ષપણે અનુભવાતું નથી ?' - આ પ્રમાણે પોતાના શુદ્ધ આત્માની પ્રાપ્તિ-અનુભૂતિ ન થવાની વેદના -ચિંતાથી જ્ઞાન વણાયેલું ન હોય. તેના લીધે ચોથા ગુણસ્થાનકની જીવે સ્પર્શના ન કરી હોય તેવું સંભવે.

**(E)** કદાચ તેવી આત્મપ્રાપ્તિની ચિંતાથી વ્યાપ્ત થયેલું જ્ઞાન જીવના અંતરમાં છવાયેલું હોય તો પણ અપરોક્ષ સ્વાનુભૂતિથી સંપન્ન એવા સદ્ગુરુનો સમાગમ ન થયો હોય તો પણ ગ્રંથિભેદ ન થયો હોય તેવું બને.

## ✡ અવંચકયોગથી સદ્ગુરુસંયોગ થયો નહિ ✡

**(F)** કદાચ તેવા સદ્ગુરુ મળેલા હોય પણ પૂર્વોક્ત (૧૫/૧/૧) અવંચકયોગથી તેની પ્રાપ્તિ ન થઈ હોય તો પણ પ્રતિસમય અનંતગુણ વર્ધમાન પરિણામવિશુદ્ધિ જન્મે નહિ આવી પણ પ્રબળ સંભાવના છે. તેવા સદ્ગુરુના ગુણોની પરખપૂર્વક, તેમની તારકશક્તિની ઓળખપૂર્વક, તેમના પ્રત્યે બિનશરતી શરણાગતિભાવ જન્મે, તેમની અનુભવવાણી મુજબ સાધનામાર્ગનો બાહ્ય-અભ્યંતર પુરુષાર્થ કરવાની તૈયારી આવે એ પ્રતિસમય અનંતગુણ વર્ધમાન પરિણામવિશુદ્ધિનું = ભાવલબ્ધિનું અંતરંગ મુખ્ય કારણ છે. અવંચકયોગથી સદ્ગુરુસમાગમ ન થયો તો તેવું ન બની શકે.

**(G)** કદાચ અવંચકયોગથી સ્વાનુભવી સદ્ગુરુનો ભેટો થયો હોય પણ પોતાની જ ભવિતવ્યતા પ્રતિકૂળ હોય તો પણ તેવી વર્ધમાન વિશુદ્ધ ભાવધારા ન પ્રગટે તેવી સંભાવના નકારી શકાતી નથી.

**(H)** અથવા નિમિત્તાધીન કર્મવશ તાત્કાલિક વિષય-કષાયના ઉછાળા આવેગ-આવેશ આવે તેની સામે જીવનું બળ ઓછું પડે, જીવ તેની સામે ઢીલો પડીને તેને આધીન થઈ જાય તો પણ તેવો વર્ધમાન વિશુદ્ધ અધ્યવસાય પ્રવાહ = ભાવલબ્ધિ ન જન્મે. આ પણ શક્ય છે.

## ❖ પુણ્યોદયના આકર્ષણને છોડીએ ❖

**(I)** અથવા પ્રસિદ્ધિ, પ્રભાવકતા વગેરે પૂર્વોક્ત (જુઓ-પૃષ્ઠ ૫૬૯) ૨૬ પ્રકારના (A to Z) પુણ્યોદયના આકર્ષણના લીધે પણ પ્રતિસમય વર્ધમાન શુદ્ધપરિણામપ્રવાહ ન પ્રગટે તેવું પણ સંભવે.

## ❀ વિશ્રામસ્થાનોમાં ન અટવાઈએ ❀

**(J)** અથવા પૂર્વે (જુઓ-પૃષ્ઠ ૫૭૦) જણાવેલ આજ્ઞાચક્રમાં લાલ-પીળા અજવાળા વગેરે (A to Z) ૨૬ વિશ્રાન્તિ સ્થાનોમાં અટકી જવાના લીધે, તેમાં ખોટી થવાના કારણે, તેનો ભોગવટો કરવાની રુચિ થવાથી શુદ્ધાત્મદ્રવ્ય ઉપરથી દૃષ્ટિ-ઉપયોગ-રુચિ-લાગણી કાંઈક અંશે ખસી જાય છે. તેના લીધે પણ પ્રતિસમય અનંતગુણ વર્ધમાન ભાવવિશુદ્ધિ સ્રોત = ભાવલબ્ધિ પ્રગટ ન થાય. આવી પણ સંભાવના પ્રબળ રહે છે.

## ❃ વિઘ્નવિજયમાળાને વરીએ ❃

**(K)** પૂર્વોક્ત (જુઓ-પૃષ્ઠ ૫૭૧) નિદ્રા, તન્દ્રા, પ્રમાદ વગેરે ૨૭ વિઘ્નોની સામે જીવ ઝૂકી પડે, તેને પરવશ થઈ જાય તો પણ ગ્રંથિભેદકારક તેવી વર્ધમાન વિશુદ્ધ ભાવશૃંખલા = ભાવલબ્ધિ ન મળે. આવું પણ પૂર્વે અનેક વખત બન્યું હોય.

## ❃ કુશલાનુબંધની પરંપરાને ઉખેડીએ નહિ ❃

**(L)** આશાતના, ઉત્સૂત્રભાષણ વગેરેના કારણે કુશલાનુબંધની પરંપરાને આ જીવે ઉખેડી નાંખી હોય તો પણ ગ્રંથિભેદજનક વધતી નિર્મળ પરિણતિની ધારા ન જન્મે તેવી પણ શક્યતા છે. ગ્રંથિભેદની કામનાવાળા જીવે આશાતના-ઉત્સૂત્રભાષણ વગેરેથી સતત દૂર રહેવાની પ્રાથમિક જરૂરત છે.

## ❋ અંતરંગ પુરુષાર્થને ન છોડીએ ❋

**(M)** ગ્રંથિભેદકારક પ્રતિસમય વધતી ભાવશુદ્ધિને પ્રગટાવવા માટે સાધક ભગવાને પૂર્વે (જુઓ પૃષ્ઠ-૫૬૪ થી ૫૬૮) જણાવેલ પંદર પ્રકારના અંતરંગ પુરુષાર્થને દીર્ઘકાળ સુધી (વર્તમાન કાળમાં કમ સે કમ છ માસ સુધી અથવા ગ્રંથિભેદ ન થાય ત્યાં સુધી) પ્રતિદિન નિરંતર આદર-બહુમાન

-સદ્ભાવ-સત્કાર-શ્રદ્ધાદિ ભાવોથી ગર્ભિતપણે કરવો જોઈએ. તેવો ઉદ્યમ આજ સુધી ન કરવાના લીધે જીવને તેવી વર્ધમાન ભાવવિશુદ્ધિ = ભાવલબ્ધિ મળી ન હોય તેવું પણ શક્ય છે.

**(N)** અથવા તો આગળ (પૃ.૫૮૬) જણાવવામાં આવશે તે ક્ષયોપશમલબ્ધિ વગેરે પાંચ લબ્ધિઓ ન મળી હોય તેથી પણ ગ્રંથિભેદકારક તેવી ભાવશુદ્ધિ આ જીવને ન મળી હોય તેવું પણ શક્ય છે.

### મિથ્યાત્વત્યાગ એ શ્રાવકનું પ્રથમ કર્તવ્ય

તેથી કર્મસૈન્યને જીતવાની ઈચ્છાવાળા સાધકે નિદ્રા, તંદ્રા, પ્રમાદ વગેરે પૂર્વોક્ત (પૃ.૫૭૧) વિઘ્નોની પરવશતાને છોડીને, ગુરુવિનય-ગુરુભક્તિ વગેરેને આગળ ધરીને, આત્મજ્ઞાની સદ્ગુરુની પવિત્ર નિશ્રામાં, ગ્રન્થિભેદનું પ્રણિધાન દઢ કરીને, સંવેગ-વૈરાગ્ય-ઉપશમભાવ વગેરેથી ભીંજાતા અંતઃકરણથી અહીં બતાવેલ પંદર પ્રકારના અંતરંગ પ્રયત્ન સ્વરૂપ અધ્યાત્મયોગનો અભ્યાસ કરવા દ્વારા સૌપ્રથમ સમ્યક્ત્વને વિશે જ ઉદ્યમ કરવો જોઈએ. શ્રી**ચંદ્રપ્રભસૂરિજી**એ **દર્શનશુદ્ધિ પ્રકરણ**માં જણાવેલ છે કે 'કર્મસૈન્યને જીતવાને માટે જેનું મન તલસતું હોય તેણે સમ્યગ્દર્શનમાં પ્રયત્ન કરવો જોઈએ.' અરે ! સાધુજીવનમાં તો શું ? શ્રાવકજીવનમાં પણ શ્રાવકધર્મના આચાર પાળતા પૂર્વે મિથ્યાત્વનો ત્યાગ જ સૌપ્રથમ મુખ્ય કર્તવ્ય તરીકે શાસ્ત્રકારોએ ઉપદેશેલ છે. તેથી જ **શ્રાદ્ધવિધિ વ્યાખ્યા**માં પ્રથમ પ્રકાશમાં જ જણાવેલ છે કે 'સૌપ્રથમ મિથ્યાત્વને છોડવું. પછી રોજ યથાશક્તિ ત્રણ વખત, બે વાર કે એક વખત જિનપૂજા, જિનદર્શન, સંપૂર્ણ દેવવંદન અને ચૈત્યવંદના કરવી.' મતલબ કે જિનદર્શન-પૂજન -વંદનાદિ કરતાં પણ મિથ્યાત્વનો ત્યાગ વધુ મહત્વપૂર્ણ છે. 'સુખ, શાંતિ વગેરે બહારમાં છે, પત્ની -પુત્ર-પરિવાર-પૈસા-પ્રસિદ્ધિમાં છે' - આવી મિથ્યા મતિ ટળે તો જ મિથ્યાત્વ ઓગળે તથા પોતાને અંદરમાં સહજ શાંતરસમય અનન્ત આનન્દનું વેદન થાય.

### મિથ્યાત્વને કાઢવા માટે પાંચ સાવધાની રાખીએ

તેથી મિથ્યામતિને ટાળવા અને મિથ્યાત્વને ગાળવા-ઓગાળવા માટે (૧) રસપૂર્વક -પક્ષપાતગર્ભિત વિષયવાસનાનો તીવ્ર આવેગ, (૨) કષાયનો આવેશ, (૩) આક્રોશ (= ઈર્ષ્યા, દ્વેષ, તિરસ્કાર વગેરે ભાવોથી પ્રેરાઈને સાચી-ખોટી હૈયાવરાળ કાઢવી), (૪) કદાગ્રહ (= કોઈ સમજાવે તો પણ પોતાની ખોટી પક્કડને વળગી રહેવાની કુટેવ) અને (૫) તારક સ્થાનની આશાતનાની પરિણતિ - આ પાંચેય મલિન તત્ત્વોને પોતાના અંતઃકરણમાંથી બહાર કાઢવા માટે જ આત્માર્થી સાધકે સતત સ્વયં પ્રયત્ન કરવો ખૂબ જરૂરી છે. જ્યાં સુધી આ પાંચેય મલિન પર્યાયોની અંદરમાં કબજિયાત થયેલી હોય ત્યાં સુધી જપ, તપ, શાસ્ત્રાભ્યાસ, ચારિત્રાચાર પાલન વગરે ધર્મસાધના દ્વારા ઉત્પન્ન થતું પુણ્ય પણ પાપાનુબંધી જ બંધાય. **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં "ખેદની વાત છે કે ત્યાં અવેદ્યસંવેદ્યપદમાં જે પુણ્યબંધ થાય છે, તે પણ ભવિષ્યમાં નુકસાન કરનારો છે - તેવું મહર્ષિઓને માન્ય છે" - આ પ્રમાણે જે કહેલ છે, તેની પણ અહીં યોજના કરવી.

### મલિન પુણ્યની ભયાનકતાને સમજીએ

તેવી મલિનાશયગર્ભિત ધર્મસાધનાથી પણ સત્ત્વ ગુણનો ઉદ્રેક-ઉછાળો-વધારો થતાં (૧) દેહબળ, (૨) વાણીબળ, (૩) મનોબળ, (૪) પુણ્યબળ, (૫) ધર્મોપદેશબળ, (૬) લેખનબળ, (૭) પ્રભાવકતાબળ, (૮) આત્મવિશ્વાસબળ, (૯) શિષ્યપરિવાર બળ વગેરે પ્રકૃષ્ટ થાય છે. પરંતુ જે આ બળ વધે છે,

તે પણ હુંડા અવસર્પિણી કાળના અંગભૂત વર્તમાન વિકરાળ કલિકાલમાં તો મોટા ભાગે (a) અહંકારપોષક, (b) જિનશાસનનાશક, (c) રસ-ઋદ્ધિ-શાતા ગારવનું સર્જક, (d) માયા-નિયાણું -મિથ્યાત્વસ્વરૂપ શલ્યત્રયનું વર્ધક, (e) કષાયઉત્તેજક, (f) કામવાસનાનું ઉદીરક, (g) આશાતનાનું ઉત્પાદક, (h) સહજમળનું સહાયક, (i) બહિર્મુખતાનું પ્રેરક, (j) ચિત્તસંક્લેશનું પૂરક, (k) આત્મામાં કર્માશ્રવનું યોજક, (l) મિથ્યાત્વનું પાલક, (m) દુર્ગતિનું ધારક, (n) હૃદયની આર્દ્રતાનું શોષક, (o) શુભાનુબંધનું વારક, (p) ભવવનમાં ભ્રામક = ભમાડનાર, (q) સંવરનું ઘાતક, (r) કલ્યાણમિત્રયોગનું અવરોધક, (s) કુકર્મબંધનું કારક = કરાવનાર, (t) વિપુલ સદ્ગુણવૈભવનું સંહારક, (u) સાચા ધર્મને ફેંકનાર, (v) પોતાના મોક્ષમાર્ગનો ઉચ્છેદ કરનાર, (w) પોતાને અનુકૂળ એવી ભવિતવ્યતાને પીડા કરનાર, (x) અનાદિકાલીન રાગાદિ ગ્રંથિનું સંવર્ધન-પોષણ કરનાર, (y) વિદ્યાજન્મસ્વરૂપ ભાવપ્રવ્રજ્યામાં બાધક અને (z) મિથ્યાજ્ઞાનના સંસ્કારને જ વાસિત કરનાર હોવાથી ત્યાજ્ય જ છે.

### ❁ મલિન પ્રબળ પુણ્ય શાસનનાશક ❁

અહીં **ઉપદેશમાલા** અને **સન્મતિતર્ક** ગ્રંથની ગાથાનું પણ ઊંડાણથી મનન કરવું. ત્યાં જણાવેલ છે કે 'સમયમાં અનિશ્ચિત સાધુ જેમ જેમ બહુશ્રુત થાય, બહુજનસંમત થાય તથા શિષ્યગણથી જેમ જેમ પરિવરેલો થતો જાય, તેમ તેમ સિદ્ધાન્તનો - શાસનનો નાશક બને છે.' વ્યવહારનયથી સમય = જિનોક્ત સિદ્ધાંત, નિશ્ચયનયથી સમય = શુદ્ધ આત્મસ્વરૂપ. તેથી અહીં આશય એ છે કે આગમસિદ્ધાંતનો યથાર્થ નિર્ણય ન કરનાર કે શુદ્ધ આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય = અનુભવ ન કરનાર સાધુની બાહ્ય પુણ્યશક્તિ જેમ જેમ વધે, તેમ તેમ જિનશાસનને નુકસાન વધુ થાય. કારણ કે તે પુણ્ય મલિન છે. આત્મતત્ત્વનો અનુભવ કરનાર પાસે શાસ્ત્રજ્ઞાન ઓછું હોય તો પણ તે મોક્ષમાર્ગનો તાત્ત્વિક આરાધક છે - આવું અહીં તાત્પર્ય **ઉપદેશમાલા**ની વિવિધ **વ્યાખ્યાઓ**ના આધારે જણાય છે. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ સાડા ત્રણસો ગાથાના **સીમંધરજિનસ્તવન**માં નીચે મુજબ જણાવેલ છે કે -

**"જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુ શિષ્યે પરિવરિયો;**
**તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય ધરિઓ."** (૧/૧૪)

**શ્રીપાલ રાજાના રાસ**માં પણ **મહોપાધ્યાયજી**એ આ જ વાત નીચે મુજબ જણાવી છે કે :-

**"જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુલ શિષ્યનો શેઠો રે;**
**તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ અનુભવ નેઠો રે."** (૪/૧૩/૯)

### ❁ મલિન પુણ્યજન્ય ગ્રૈવેયકપ્રાપ્તિ પણ પ્રશંસાપાત્ર નથી ❁

તેથી જ તેવા મલિન પુણ્યથી નવ ગ્રૈવેયક વગેરે દેવલોકની પ્રાપ્તિ થાય તેની શાસ્ત્રકારોએ પ્રશંસા કરી નથી. **યોગબિંદુ**માં જણાવેલ છે કે 'અંતઃકરણની શુદ્ધિ વિનાનું સાધુપણું નવ ગ્રૈવેયકની પ્રાપ્તિ કરાવે છે, તો પણ તે ન્યાયથી વખાણવા યોગ્ય નથી. જેમ કે અન્યાયોપાર્જિત સંપત્તિ પરિણામે અત્યન્ત દુઃખનું જ કારણ બનવાથી પ્રશંસાપાત્ર નથી.' તેથી પાપાનુબંધી પુણ્ય પણ ઈચ્છવા યોગ્ય તો નથી જ.

### ❁ ઉગ્ર સાધના પછી પણ ભવભ્રમણ ચાલુ ! ❁

ખરેખર જ્યાં સુધી સાધકે (૧) અહંકારને ઓગાળ્યો ન હોય, (૨) સંક્લિષ્ટ ચિત્તવૃત્તિને ઉખેડી

ન હોય, (૩) દેહાદિમાં 'હું' પણાની બુદ્ધિને છોડી ન હોય, (૪) બહારમાં રસપૂર્વક સતત ભટકતી પોતાની ચિત્તવૃત્તિના પ્રવાહને બહારમાં ઉદાસીન બનાવીને શિથિલ-મંદ કર્યો ન હોય, (૫) પોતાના અંતઃકરણની વૃત્તિના વહેણને પોતાના આત્મદ્રવ્યની સન્મુખ દૃઢપણે સારી રીતે સ્થાપિત કરેલ ન હોય. (૬) ' આ ભોગો સંગને (= આસક્તિને/મમતાને) પેદા કરનારા છે'- આવી **ઉત્તરાધ્યયનસૂત્ર**ની પંક્તિને સારી રીતે આદરસહિત યાદ કરીને 'શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ સ્વરૂપ બાહ્ય ભોગો અને રાગાદિ વિભાવ પરિણામ સ્વરૂપ આંતરિક ભોગો મારા છે' - આવી દુર્બુદ્ધિને છોડી ન હોય, (૭) 'શબ્દાદિ વિષયો અને રાગાદિ વિભાવ પરિણામો સારા છે' - આવી લાગણીને રવાના કરી ના હોય, (૮) 'આ ઈન્દ્રિયવિષયો અને વિભાવપરિણામો સુખરૂપ છે' - આવી દુર્મતિને ત્યાગી ન હોય, (૯) 'શબ્દાદિ વિષયો અને રાગાદિ વિભાવ પરિણામો ભવિષ્યમાં મને સુખ દેનારા થશે, સુખસાધન બનશે' - આવી કુમતિને ફેંકી દીધી ન હોય, (૧૦) પોતાના વીતરાગ ચૈતન્યસ્વભાવમાં ડૂબી જવાનું પ્રણિધાન ગમ્યું ન હોય, (૧૧) મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્ય ભાવના સ્વરૂપ રસાયણનો આસ્વાદ લીધો ન હોય, ત્યાં સુધી ઉગ્ર બાહ્ય ધર્માચારનું પાલન પણ પ્રાયઃ નુકસાન કરે જ છે. આ જ અભિપ્રાયથી **શ્રીહરિભદ્રસૂરિજી**એ **યોગબિંદુ**માં જણાવેલ છે કે 'એક - બે કે વધુ વખત ૭૦ કોટાકોટી સાગરોપમ જેટલી કર્મસ્થિતિને બાંધનાર આત્માઓ પાસે સાધુવેશ-ક્રિયા વગેરે હોવા માત્રથી જે યોગનો ભાસ-આભાસ થાય છે, તે યોગ અતાત્ત્વિક કહેવાયેલ છે. મોટા ભાગે અનંત જન્મ-મરણાદિ માઠા ફળવાળો તે અતાત્ત્વિક યોગ સમજવો.'

### આત્મદર્શન વિના ઈન્દ્રિયજગતની ભ્રાંતિ દૂર ન થાય

આથી પૂર્વે જણાવેલ મિથ્યામતિ વગેરેનું પોષણ કરનારા પાંચેય ક્લિષ્ટ પર્યાયોનો પરિહાર કરવો. (૧) પક્ષપાતગર્ભિતપણે વિષયવાસનાનો આવેગ, (૨) કષાયનો આવેશ, (૩) આક્રોશ, (૪) કદાગ્રહ અને (૫) આશાતના પરિણતિ - આ પાંચેય સંક્લિષ્ટ મલિન પર્યાયોનો ત્યાગ કરીને ગ્રન્થિભેદ માટે જ સૌપ્રથમ આદર-અહોભાવથી અને પૂરેપૂરી તાકાત લગાવીને પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે ગ્રંથિભેદ પછી થનાર આત્મતત્ત્વસાક્ષાત્કાર જ્યાં સુધી પ્રગટ ન થાય, ત્યાં સુધી (A) શરીરમાં 'હું' પણાની ભ્રાન્તિ, (B) પાંચ ઈન્દ્રિયના વિષયોમાં કે રાગાદિ વિભાવપરિણામ વગેરેમાં મારાપણાની ભ્રમણા કે (C) સારાપણાની દુર્બુદ્ધિ કે (D) સુખરૂપતાની કુબુદ્ધિ કે (E) સુખસાધનપણાની મિથ્યાબુદ્ધિ દૂર થતી નથી. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મોપનિષદ્**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'જેણે આત્માને સાક્ષાત્ જોયો નથી, તેની અનાદિકાલીન પ્રસિદ્ધ એવી ભ્રમણાઓ ભાંગતી નથી.' મતલબ કે ઈન્દ્રિય, ઈન્દ્રિયજ્ઞાન, મન, શબ્દ, વિકલ્પ, વિચાર, મનન વગેરે માધ્યમ વિના સાક્ષાત્ આત્મદર્શન થાય, અનંતઆનંદમય આત્મસ્વરૂપની અપરોક્ષ અનુભૂતિ થાય તો જ ઉપરોક્ત ભ્રમણાઓ દૂર થાય.

### આત્મદર્શન વિના મોક્ષ અતિ દૂર

પોતાના શુદ્ધ આત્માનું દર્શન કર્યા વિના, આત્મદર્શનની ઝંખના વગર, માત્ર બાહ્ય ઉગ્ર સંયમચર્યામાં પુષ્કળ પુરુષાર્થ કરવામાં આવે તો પણ અતિ લાંબા કાળે મોક્ષ મળે, ટૂંકા સમયગાળામાં નહિ. કારણ કે તીવ્ર રાગ, માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય, રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ વગેરેનો પક્ષપાત, દેહાત્મભ્રાન્તિ વગેરે સ્વરૂપ અજ્ઞાન આદિનો મૂળમાંથી ઉચ્છેદ આત્મદર્શન વિના થતો નથી. તેથી **મહાનિશીથસૂત્ર**માં જણાવેલ છે કે 'હે ગૌતમ ! એવા અમુક (સાધુ વગેરે) જીવો છે કે જે આત્માને

કાંઈક પણ, જરા પણ, અલ્પ અંશે પણ નહિ જાણતા રાગયુક્ત અને શલ્યયુક્ત બનીને સંયમના આચારોને આચરતા હોય. જે આવા પ્રકારના છે તે જન્મ, જરા, મરણ વગેરે અનેક પ્રકારના સાંસારિક દુઃખોમાંથી બહુ લાંબા કાળે છૂટે છે, ટૂંકા કાળમાં નહિ.' તેથી જે સાધક ખરેખર આત્માનો અર્થી હોય, આત્મજ્ઞાનરુચિવાળો હોય તેણે પોતાના શુદ્ધ આત્માનો તાત્કાલિક સાક્ષાત્કાર કરાવનાર ગ્રંથિભેદને કરવા માટે સતત ભેદવિજ્ઞાનને વિશે જ પ્રયત્ન કરવો જોઈએ.

### તમામ ઉન્નતિના મૂળસ્વરૂપ ભેદવિજ્ઞાનના પાંચ ફળ

[redacted] :- આત્મસ્વરૂપની અનુભૂતિ ક્યારે થાય ?

[redacted] :- જ્યારે મિથ્યાત્વમોહગ્રંથિનો ભેદ થાય ત્યારે આત્મસાક્ષાત્કાર થાય.

[redacted] :- પરંતુ મિથ્યાત્વમોહનીયની ગ્રંથિનો ભેદ શેનાથી થાય ?

[redacted] :- ભેદજ્ઞાનના અભ્યાસથી ગ્રંથિભેદ વગેરે બધી જ ચીજો મળે. તે આ રીતે :- 'કાયા, ઈન્દ્રિય, મન, કર્મ, કષાય વગેરેથી પોતાનો જ્ઞાનમય આત્મા અત્યંત જુદો છે' - આવા ભેદજ્ઞાનથી (૧) સૌપ્રથમ '**(a)** શરીર એ હું છું. **(b)** શબ્દાદિ વિષયો કે રાગાદિ વિભાવ પરિણામો મારા છે, **(c)** સારા છે, **(d)** સુખસ્વરૂપ છે, **(e)** સુખકારી છે'- ઈત્યાદિ ભ્રમણાઓને પેદા કરનાર અહંકાર અને મમતા રવાના થાય છે. (૨) કર્મપ્રવેશદ્વાર સ્વરૂપ આશ્રવ જવાથી સંવરધર્મ પ્રગટે છે. (૩) અનાદિ કાળની કષાય અને જ્ઞાન વચ્ચે એકતાની ગાંઠ ભેદાય છે. તેનાથી વણાયેલી અત્યંત નિબિડ એવી મિથ્યાત્વમોહનીય કર્મની ગ્રંથિ પણ ભેદાય છે. (૪) મોહનીયાદિ કર્મોની પુષ્કળ નિર્જરા થાય છે. તથા (૫) આત્મતત્ત્વનો સાક્ષાત્કાર ઝડપથી થાય છે. આ પાંચેય બાબતમાં ક્રમશઃ પાંચ શાસ્ત્રોક્તિ નીચે મુજબ સમજવી.

### ❋ ભેદજ્ઞાનથી 'અહં-મમ' બુદ્ધિનો નાશ ❋

(૧) **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે "શરીરાદિમાં 'હું' પણાની ભ્રાન્તિને કરાવનાર અહંકાર છે. તથા શરીર-શબ્દ-રાગાદિમાં મારાપણાની ભ્રમણાને જન્માવનાર મમતા છે. જેમ અંધારામાં કોઈને લટકતા દોરડામાં સાપનો ભ્રમ થયો હોય અને ભય પેદા થયો હોય. પણ પ્રકાશ થતાં જ 'આ તો દોરડું છે, સાપ નથી' આવા જ્ઞાનથી સાપનો ભ્રમ અને ભય બન્ને ભાગી જાય છે, ભાંગી જાય છે. તેમ 'હું તો આત્મા છું. હું કાંઈ શરીરાદિ નથી' - આવા ભેદજ્ઞાનથી અહંકાર અને મમતા પલાયન થાય છે."

### ❋ ભેદજ્ઞાનથી સંવરને સાધીએ ❋

(૨) **અધ્યાત્મબિંદુ**માં **હર્ષવર્ધન ઉપાધ્યાયજી**એ પ્રસ્તુતમાં ઉપયોગી બાકીની ચાર બાબત આ મુજબ જણાવેલ છે. 'ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી સાધકની ચેતના શુદ્ધ બને છે. તેથી તે નવીન કર્મના ઢગલાઓને લાવતો નથી.' મતલબ કે ભેદજ્ઞાનથી સંવરધર્મ સધાય છે.

(૩) 'સમ્યક્ ભેદવિજ્ઞાનના સામર્થ્યથી સાધક ખરેખર મોહરાજાનો (કષાય-જ્ઞાન વચ્ચે એકતાની ગાંઠ ઊભી કરવા સંબંધી) અધિકાર કચડી નાંખે છે.' અર્થાત્ મિથ્યાત્વમોહગ્રંથિ ભેદાય છે.

(૪) 'જેટલા પણ સાધકોએ કર્મબંધને ધ્વસ્ત કરેલ છે, (ઉપલક્ષણથી કર્મોને ધ્વસ્ત કરેલ છે,) એમાં ભેદજ્ઞાનનો અભ્યાસ જ મુખ્ય અંતરંગ કારણ છે.'

### ❯ ભેદજ્ઞાનથી આત્મસાક્ષાત્કાર ❯

(૫) "લાંબા સમયથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી 'હું વિકૃતિશૂન્ય, ધ્રુવ, શ્રેષ્ઠ, પૂર્ણ, નિર્મળ

બ્રહ્મ = શુદ્ધાત્મા છું' - આવું હમણા જાણ્યું." અર્થાત્ પરિપક્વ ભેદજ્ઞાનથી આત્મસાક્ષાત્કાર થયો. આવું ભેદજ્ઞાન પોપટિયું નહિ કે પોથીમાંના રીંગણા જેવું નહિ પણ સૂક્ષ્મ અને તાત્ત્વિક જોઈએ.

### ● સૂક્ષ્મ ભેદવિજ્ઞાનનો અભ્યાસ ૪૨ પ્રકારે ●

[redacted] :- સૂક્ષ્મ અને તાત્ત્વિક એવા ભેદજ્ઞાનનો અભ્યાસ (૧) કોણે કરવો ? (૨) શેના વડે કરવો ? (૩) ક્યારે કરવો ? (૪) ક્યાં કરવો ? (૫) કઈ રીતે કરવો ?

[redacted] :- સૂક્ષ્મ અને તાત્ત્વિક એવા ભેદવિજ્ઞાનનો અભ્યાસ આત્માર્થી સાધકે આર્દ્ર અંતઃકરણમાંથી જન્મેલી પોતાની પ્રજ્ઞા વડે સતત સર્વત્ર દૃઢપણે કરવો. તે માટે નીચે મુજબની ઊંડી વિચારણા-વિભાવના સાધકે કરવી કે :-

### ✱ દેહ-તદ્ધર્માદિથી આત્મા ભિન્ન છે ✱

'(૧) શરીરથી હું અત્યંત જુદો છું. કેમ કે હકીકતમાં હું તો દેહાતીત-દેહશૂન્ય છું.

(૨) શાતા, અશાતા, અસ્થિરતા, પૂરણ, સડન, ગલન, પતન, વિધ્વંસન, સ્થૂલતા, કૃશતા, ગૌરતા વગેરે દેહધર્મોથી હું અત્યંત ભિન્ન છું. ભિન્ન જ છું તો તેમાં ભળી જવાની ભ્રાંતિ હવે નથી કરવી.

(૩) દેહમાં રહેલ ઔદારિક વગેરે પુદ્ગલોના પિંડથી હું અત્યંત અળગો છું.

(૪) ગમન, આગમન, શયન, ભોજન વગેરે દેહક્રિયાઓથી પણ હું તદ્દન નિરાળો છું.

(૫) ગમનાગમનાદિ દેહક્રિયાના ફળસ્વરૂપે આવનાર પરિશ્રમ, નિદ્રા વગેરેથી પણ હું સાવ જ ન્યારો છું. દેહ, દેહધર્મ, દેહઅવયવો, દેહક્રિયા, દેહક્રિયાફળ - આ પાંચેયની સાથે મારે શું લેવા દેવા? કેમ કે હું તો દેહાતીત, તનભિન્ન, કાયાશૂન્ય, શરીરઅગોચર છું. તે સ્વરૂપે જ જાતને અનુભવવી છે.

### ❖ વાણી-તદ્ધર્માદિથી આત્મા અન્ય છે ❖

(૬) શબ્દાતીત એવો હું શબ્દથી પણ અત્યંત પૃથક્ છું. તેનાથી પૃથક્ જ રહેવું છે.

(૭) કર્કશતા, મધુરતા, સુસ્વરતા, દુઃસ્વરતા વગેરે વાણીના ગુણધર્મોથી પણ હું જુદો છું.

(૮) વાણીમાં રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલોના પૂંજથી પણ હું તદ્દન ભિન્ન છું.

(૯) વાણીમાં કંપન-વિસ્તરણ આદિ ક્રિયાઓ ઉત્પન્ન થાય છે, તે વાણીક્રિયાથી પણ હું અલગ છું.

(૧૦) મોઢેથી નીકળીને ચારે બાજુ ફેલાતી વાણી સાંભળીને તેના ફળસ્વરૂપે અન્ય શ્રોતાને કે મને જે આહ્લાદ કે અણગમો વગેરે ઉભા થાય તેનાથી પણ હું મૂળભૂત સ્વભાવે જુદો જ છું.

વાણી, વાણીધર્મ, વાણીઅવયવો, વાણીક્રિયા કે વાણીક્રિયાફળ - આ પાંચેયની જોડે મારે શું લાગે કે વળગે ? કારણ કે હું તો શબ્દાતીત, શબ્દભિન્ન, શબ્દરહિત, શબ્દસંપર્કશૂન્ય, શબ્દઅગોચર છું.

### ✡ ઈન્દ્રિય-તદ્ધર્માદિથી આત્મા જુદો છે ✡

(૧૧) આંખ, નાક વગેરે પાંચેય ઈન્દ્રિયોથી હું અન્ય છું. કેમ કે હું અતીન્દ્રિય છું.

(૧૨) બહિર્મુખતા, વિષયલોલુપતા વગેરે ઈન્દ્રિયના ગુણધર્મોથી પણ હું સાવ અલગ જ છું.

(૧૩) પાંચેય ઈન્દ્રિયોમાં રહેલ શક્તિમય નિર્મળ પુદ્ગલોના સમૂહથી પણ હું ભિન્ન છું.

(૧૪) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પોત-પોતાના વિષયોનું સેવન કરવું વગેરે સ્વરૂપ ઈન્દ્રિયક્રિયાથી પણ હું અત્યંત જુદો છું. તેથી હવે તેમાં તન્મયતાનો ભ્રમ મારે બિલકુલ સેવવો નથી.

(૧૫) અનુકૂળ-પ્રતિકૂળ વિષય સેવનના ફળ સ્વરૂપે તત્કાલ જે હર્ષ, શોક વગેરે જન્મે, તેનાથી પણ હું તો ભિન્ન જ છું. અતિપ્રમાણમાં, તીવ્ર આસક્તિથી વિષયોનો ભોગવટો કરવાથી દીર્ઘ કાળે જે રોગ, ઘડપણ, મોત, નરકગમન વગેરે ફળ મળે તેનાથી પણ હું અત્યંત ન્યારો છું.

ઈન્દ્રિય, ઈન્દ્રિયધર્મ, ઈન્દ્રિયઅવયવો, ઈન્દ્રિયક્રિયા અને ઈન્દ્રિયક્રિયાફળ - આ પાંચેય સાથે મારે કાંઈ જ સ્નાન-સૂતક નથી, લાગતું-વળગતું નથી. કેમ કે હું તો સ્વતઃ અતીન્દ્રિય, ઈન્દ્રિયાતીત, ઈન્દ્રિયભિન્ન, ઈન્દ્રિયરહિત, ઈન્દ્રિયસંપર્કશૂન્ય, ઈન્દ્રિયઅગોચર અને અમૂર્ત્ત-અરૂપી છું.

### મન-તદ્ધર્માદિથી આત્મા અલગ છે

(૧૬) મનથી તો વિશેષે કરીને હું જુદો છું. કેમ કે નિસ્તરંગચૈતન્યસ્વભાવી હું મનાતીત છું.

(૧૭) સારા-ખરાબ સંસ્કાર, ચંચળતા, વિહ્વળતા, ભય વગેરે મનના ગુણધર્મોથી હું અલાયદો છું.

(૧૮) દ્રવ્યમનમાં રહેલ મનોવર્ગણા વગેરે પુદ્ગલરાશિથી હું નિજચૈતન્યસ્વભાવતઃ ભિન્ન છું.

(૧૯) આશા, કલ્પના, સંકલ્પ, વિકલ્પ, માનસિક બબડાટ, ચિંતા વગેરે મનની ક્રિયાઓથી જુદો છું.

(૨૦) મનની ઉપરોક્ત ક્રિયાઓના ફળસ્વરૂપે જે આકુળતા, વ્યાકુળતા, દુર્ગતિગમન વગેરે મળે તેનાથી પણ હું તદ્દન ન્યારો છું. કારણ કે પરમાર્થથી તો હું મનાતીત, મનભિન્ન, મનરહિત, મનસંપર્કશૂન્ય, મનઅગોચર છું. નિશ્ચલ, નિર્ભય, નિર્વિકલ્પ, નિશ્ચિંત અને નિરાકુળ જ છું.

તેથી મન, મનોધર્મ, મનઅવયવ, મનક્રિયા, મનક્રિયાફળ - આ પાંચેય સાથે મારે કાંઈ જ લાગે -વળગે નહિ. શુદ્ધાત્મા પરમાર્થથી સર્વ શબ્દ-તર્ક-મતિ-મન-મનનનો વિષય નથી. આ જ અભિપ્રાયથી **આચારાંગસૂત્ર**માં બતાવેલ છે કે 'શુદ્ધાત્માને દર્શાવવાની બાબતમાં સર્વે સ્વરો પાછા ફરી જાય છે. શુદ્ધાત્મામાં તર્કો પહોંચતા નથી. મતિ શુદ્ધાત્માનું અવગાહન કરતી નથી.' આ સ્વરૂપે મારી જાતને અપરોક્ષપણે ઝડપથી અનુભવવી છે. પૂર્વે (૪/૧૧) આ સંદર્ભ દર્શાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

### દ્રવ્યકર્મ-તદ્ધર્માદિથી આત્મા સ્વતંત્ર છે

(૨૧) જ્ઞાનાવરણ, દર્શનાવરણ વગેરે આઠ દ્રવ્યકર્મોથી મારું અસ્તિત્વ સ્વતંત્ર છે.

(૨૨) અલ્પ સ્થિતિ, દીર્ઘ સ્થિતિ, ચાર ઠાણીયો વગેરે તીવ્ર રસ, એક ઠાણીઓ વગેરે મંદ રસ, શુભ રસ, અશુભ રસ, સત્તા (કર્મબંધ પછીની અને ઉદય પૂર્વેની અવસ્થા), અબાધાકાળ વગેરે દ્રવ્યકર્મના ગુણધર્મો છે. તે તમામથી હું મૂળભૂત સ્વભાવે તો તદ્દન જુદો જ છું.

(૨૩) કાર્મણશરીરમાં રહેલ કાર્મણવર્ગણાના પુદ્ગલોના સમૂહથી પણ હું સ્વતંત્ર છું.

(૨૪) બંધ, ઉદય, ઉદીરણા, સંક્રમણ, ઉદ્વર્તના, અપવર્તના, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય, નિધત્ત (નિકાચના પૂર્વેની કર્મદશા), નિકાચના વગેરે દ્રવ્યકર્મની ક્રિયાઓથી હું સાવ જ નિરાળો છું.

(૨૫) કર્મની બંધાદિ ક્રિયાના ફળસ્વરૂપે થતા ભવભ્રમણ વગેરેથી પણ હું તદ્દન સ્વતંત્ર છું. કેમ કે હું કર્માતીત, કર્મભિન્ન, કર્માતિક્રાન્ત, કર્મરહિત, કર્મસંપર્કશૂન્ય, કર્મનો અવિષય છું. કર્મની પેલે પાર મારું અસ્તિત્વ છે. ચૈતન્યથી ઝળહળતું મારું અસ્તિત્વ છે. તેમાં કર્મનો બિલકુલ પગ-પેસારો નથી. કર્મ કર્મના સ્વરૂપમાં છે. હું મારામાં છું, મારા સ્વરૂપમાં છું, મારા શુદ્ધ ચૈતન્યમય સ્વરૂપમાં જ છું.

તેથી જ દ્રવ્યકર્મ, કર્મધર્મ, કર્મઅવયવ, કર્મક્રિયા, કર્મક્રિયાફળ - આ પાંચેયથી હું જુદો છું.

## ❋ ભાવકર્મ-તદ્ધર્માદિથી આત્મા ન્યારો છે ❋

(૨૬) રાગ-દ્વેષ વગેરે ભાવકર્મોથી હું જુદો છું. કારણ કે હું તો સ્વભાવથી જ વીતરાગ છું.

(૨૭) રાગાદિમાં ક્યારેક ઉત્કટતા (આવિર્ભાવ) હોય, ક્યારેક પ્રસુપ્તતા (= સુષુપ્તતા = તિરોભાવ) હોય, ક્યારેક તીવ્રતા હોય, ક્યારેક મંદતા હોય, ક્યારેક નિયંત્રિતપણું હોય, ક્યારેક નિયંત્રિતપણું = મર્યાદા ન હોય. રાગાદિમાં રહેલા આવા ઉત્કટતા વગેરે ગુણધર્મોથી પણ હું તદ્દન ભિન્ન છું.

(૨૮) રાગનું સ્વરૂપ આકુળતા છે. દ્વેષનું સ્વરૂપ વ્યાકુળતા છે. રાગાદિના આવા આકુળતાદિ સ્વરૂપથી હું તો સાવ નોખો અને અનોખો છું. કેમ કે મારું સ્વરૂપ તો નિરાકુળ-નિર્વ્યાકુળ છે.

(૨૯) ભોગસુખાદિ પ્રવૃત્તિ વખતે રાગજન્ય આવેગક્રિયા હોય છે. વેરનો બદલો લેવો વગેરે પ્રવૃત્તિ વખતે દ્વેષજન્ય આવેશ ક્રિયા હોય છે. રાગાદિની આ આવેગાદિ ક્રિયાઓથી પણ હું સર્વથા જુદો છું. કેમ કે હું આવેગશૂન્ય, વીતરાગ, નિર્વિકાર આત્મા છું, આવેશશૂન્ય નિષ્કષાય આત્મા છું.

(૩૦) રાગાદિ ભાવકર્મની આવેગાદિ ક્રિયાના ફળસ્વરૂપે જીવ નિગોદ વગેરેમાં જાય છે તથા દ્વેષાદિની આવેશ આદિ ક્રિયાના ફળસ્વરૂપે જીવ નરકાદિમાં જાય છે. પરંતુ હું તો રાગાદિની ક્રિયાના ફળસ્વરૂપે મળતા નિગોદાદિગમનાદિથી પણ સાવ ભિન્ન છું. કેમ કે હું તો વિદેહ = દેહરહિત છું.

રાગાદિ ભાવકર્મ, ભાવકર્મના ગુણધર્મ, ભાવકર્મનું સ્વરૂપ, ભાવકર્મજન્ય ક્રિયા વગેરે પાંચેયથી હું અનાદિ કાળથી સાવ જ નિરાળો છું, વિસદૃશ જ છું.'

## ❈ માર્ગણાસ્થાન, જીવસ્થાન, ગુણસ્થાનકાદિથી આત્મા નિરાળો ❈

તે જ રીતે સૂક્ષ્મ તાત્ત્વિક ભેદવિજ્ઞાનને સાધવા **અધ્યાત્મ ઉપનિષદ્, દ્વાત્રિંશિકા પ્રકરણ, સમયસાર** વગેરે ગ્રંથોમાં બતાવેલી પદ્ધતિ મુજબ સાધકે નીચે પ્રમાણે વિચારણા કરવી કે :-

(૩૧) 'ગતિ-ઈન્દ્રિય-કાય-યોગ-વેદ-કષાય વગેરે ૧૪ માર્ગણાસ્થાનોથી હું સર્વદા જુદો છું.

(૩૨) સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરે ૧૪ જીવસ્થાનોથી પણ હું અળગો જ છું.

(૩૩) મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર વગેરે ૧૪ ગુણસ્થાનકથી હું સાવ જ નિરાળો છું.

(૩૪) શ્રેણિના અસંખ્યેયભાગગત પ્રદેશના સમૂહ જેટલા સર્વ યોગસ્થાનોથી હું સ્વતઃ જ સાવ જુદો છું. (શ્રી**શિવશર્મસૂરિ**કૃત **કર્મપ્રકૃતિ**માં નવમી ગાથામાં યોગસ્થાનનું નિરૂપણ મળે છે.)

(૩૫) કર્મબંધના અસંખ્ય લોકાકાશપ્રમાણ અધ્યવસાયસ્થાનોથી હું તદ્દન અલાયદો જ છું.

(૩૬) કર્મના અસંખ્ય લોકાકાશપ્રમાણ ઉદયસ્થાનોથી પણ હું સ્વયમેવ સાવ જ ન્યારો છું.

(૩૭) કર્મના સ્થિતિબંધના તમામ સ્થાનોથી હું રહિત છું. (એક સમયે એક સાથે જેટલી કર્મસ્થિતિનો બંધ થાય તે સ્થિતિબંધસ્થાન કહેવાય. કર્મની જઘન્ય સ્થિતિથી શરૂ કરીને ઉત્કૃષ્ટસ્થિતિ સુધી જેટલા સમયો હોય તેટલા પ્રમાણમાં સ્થિતિસ્થાનો હોય છે. જુઓ - **કર્મપ્રકૃતિ** ગાથા ૬૮-૬૯)

(૩૮) મારા મૌલિક નિર્લેપ સ્વભાવના લીધે કર્મના અનુભાગબંધના અનંતાનંત સ્થાનોથી પણ હું તદ્દન અન્ય છું. (એક અધ્યવસાય વડે ગ્રહણ કરેલા કર્મપરમાણુઓના રસસ્પર્ધક સમુદાયનો પરિણામ એટલે કર્મના અનુભાગબંધસ્થાન. જુઓ - **કર્મપ્રકૃતિ**-૩૧ મી ગાથા)

(૩૯) સંક્લિશ્યમાન જીવના સંક્લેશસ્થાનોથી પણ હું તદ્દન ભિન્ન છું. (**કર્મપ્રકૃતિ**-૬૯)

(૪૦) વિશુધ્યમાન જીવના તમામ વિશુદ્ધિસ્થાનોથી પણ હું સ્વાભાવિકપણે સાવ જ અનોખો છું. (સંક્લેશસ્થાનો જેટલા વિશુદ્ધિસ્થાનો હોય છે. **કર્મપ્રકૃતિ**માં ૭૦ મી ગાથામાં તેને વર્ણવેલ છે.)

(૪૧) સામાયિક, છેદોપસ્થાપનીય વગેરે સંયમની લબ્ધિના સ્થાનોથી પણ સર્વથા વિભક્ત છું.

(૪૨) કૃષ્ણ, નીલ વગેરે છ લેશ્યાઓના તમામ સ્થાનો વગેરેથી પણ હું અત્યંત વિભિન્ન છું. કેમ કે હું તો કેવળ શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપ જ છું' - આ રીતે ભેદજ્ઞાનની વિભાવના કરવી.

## ❀ નિજસ્વરૂપના અનુસંધાનથી ભેદજ્ઞાનને ટેકો આપીએ ❀

તથા 'શુદ્ધ આત્મદ્રવ્ય જ હું છું. નિરુપાધિક વિશુદ્ધ એવા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સ્વરૂપરમણતારૂપ-સ્વરૂપસ્થિરતારૂપ ચારિત્ર, અનંત આનંદ વગેરે મારા ગુણો છે. શુદ્ધ ચૈતન્યમય અસંખ્ય આત્મપ્રદેશસ્કંધથી હું અભિન્ન છું. અખંડ આત્મરમણતાદિ ક્રિયાથી હું અભિન્ન છું. અનંત અદ્વિતીય અનુપાધિક પૂર્ણ પરમાનંદનો એકાકાર એકરસમય અખંડ અપરોક્ષ અતીન્દ્રિય અનુભવ-ભોગવટો એ જ મારી સ્વાત્મરમણતાદિ ક્રિયાનું ફળ છે. તે ફળથી પણ હું અપૃથક્-અભિન્ન છું. પરસ્પર અવિભક્ત અને અત્યંત શુદ્ધ એવા સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયોથી હું એકરૂપે-એકાકારરૂપે વણાયેલો છું. તેનાથી હું અભિન્ન -અપૃથક્ છું. આ રીતે શુદ્ધ આત્મદ્રવ્ય, આત્મગુણધર્મ, આત્મપ્રદેશસમૂહ, આત્મદ્રવ્યક્રિયા, આત્મક્રિયાફળ - આ પાંચેયથી હું અભિન્ન છું.' આ પ્રમાણે આત્માર્થી સાધકે પોતાના આર્દ્ર અંતઃકરણમાંથી પ્રગટેલી સ્વપ્રજ્ઞા વડે સતત સર્વત્ર દૃઢપણે નિજસ્વરૂપનું અનુસંધાન પણ સૂક્ષ્મ અને તાત્ત્વિક એવા ભેદવિજ્ઞાનના ટેકા માટે કરવું જોઈએ. તેનાથી જ તે ભેદવિજ્ઞાન પરિપક્વ બને. ત્યાર પછી તે પરિપક્વ ભેદવિજ્ઞાન, શંકરના ત્રીજા નેત્રની જેમ, કામદેવને અત્યંત ઝડપથી નિર્દયપણે બાળી નાંખે.

## ❀ સમકિતપ્રાપક પાંચ લબ્ધિઓ ❀

[redacted] :- આવા સૂક્ષ્મ, તાત્ત્વિક, પરિપક્વ ભેદજ્ઞાનની સ્થાયી પરિણતિ ક્યારે પ્રગટે ?

[redacted] :- સૂક્ષ્મ, તાત્ત્વિક, પરિપક્વ, લોકોત્તર મહિમાવંત, અજોડ, અપૂર્વ ભેદવિજ્ઞાનની જીવંત સ્થાયી પરિણતિ તો કષાયાદિનો ક્ષયોપશમ થયા પછી જ મળે છે. અર્થાત્ અનંતાનુબંધી ક્રોધાદિ અને ગાઢમિથ્યાત્વ - આ પાંચેયનો ધરખમ ઘટાડો થવાથી આત્મામાં ક્ષયોપશમલબ્ધિ વગેરે પ્રગટ થાય પછી જ પૂર્વોક્ત (પૃ.૫૮૨) પાંચેય ફળને દેનારી ઉપરોક્ત ભેદવિજ્ઞાનની જીવંત સ્થાયી પરિણતિ મળે.

[redacted] :- આવી ક્ષયોપશમલબ્ધિ વગેરે ક્યારે મળે ? તથા પક્ષપાતપૂર્વક વિષયવાસનાનો આવેગ વગેરે પૂર્વોક્ત (પૃષ્ઠ-૫૭૯) પાંચ મલિન પર્યાયો ક્યારે ટળે ?

## ❀ (૧) ક્ષયોપશમલબ્ધિની ઓળખ ❀

[redacted] :- જ્યારે (૧) શાસ્ત્રાભ્યાસાદિના માધ્યમે પરિપૂર્ણ વીતરાગ, અનંતશક્તિસંપન્ન, શાશ્વત શાંતરસ સ્વરૂપ, સહજાનંદમય, નિસ્તરંગ, જ્ઞાનસ્વભાવી એવા નિજ આત્મદ્રવ્યનું માહાત્મ્ય અંતઃકરણમાં વસી જાય, ચોતરફ વ્યાપ્ત થઈ જાય, (૨) પરમ નિષ્કષાય અને પરમ નિર્વિકારી એવા નિજ ચેતનદ્રવ્યને પરિપૂર્ણપણે પ્રગટ કરવાનો અત્યંત ઉત્સાહ-ઉલ્લાસ-ઉમંગ ઉછળે, (૩) અપરોક્ષ સ્વાનુભૂતિ માટેની તાત્ત્વિક ભાવના-સદ્ભાવના-ઝંખના પ્રગટે, (૪) કુટુંબ, કાયા, ઈન્દ્રિય વગેરેની પ્રવૃત્તિમાં અત્યંત ઉદાસીનતા સ્વરસથી સહજપણે પ્રવર્તે અને (૫) સર્વત્ર સર્વદા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું શ્રદ્ધાદિસ્વરૂપે

અનુસંધાન ટકે ત્યારે ઉપર જણાવેલ પક્ષપાતપૂર્વક-ઉપાદેયબુદ્ધિપૂર્વક વિષયવાસનાનો આવેગ વગેરે પાંચેય મલિન પર્યાયો સ્વયમેવ ખરી પડે છે, પાછા ફરે છે. ત્યારે મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાય - આ પાંચેયના સાનુબંધ ક્ષયોપશમનો પ્રારંભ થાય છે. આવી 'ક્ષયોપશમ લબ્ધિ' ત્યારે પ્રગટે છે. ત્યારે સત્તામાં રહેલા કર્મોના રસસ્પર્ધકોની પ્રતિસમય અનંતગુણ હીન ઉદીરણા થાય છે. તેના કારણે જ્ઞાનાવરણાદિ અશુભ કર્મોનો રસ ઘટે છે, તૂટે છે. તેના પ્રભાવે તત્ત્વવિચારણા થાય તેવો જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષયોપશમ થાય છે. આ રીતે સાધક કષાય-મિથ્યાત્વને મંદ કરે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચાર કષાય - આ પાંચેયની તાકાત સાવ ભાંગી પડે છે.

### ❋ (૨) પ્રશસ્તલબ્ધિના પ્રભાવને પિછાણીએ ❋

ક્ષયોપશમલબ્ધિ પ્રગટ થયા પછી જ 'પ્રશસ્તલબ્ધિ' પ્રગટે છે. તેનું બીજું નામ 'વિશુદ્ધિલબ્ધિ' છે. તેના પ્રભાવથી સાધક ભગવાનમાં સંક્લેશની હાનિ થાય છે. વિશુદ્ધિ વધે છે. શાતાવેદનીયાદિ પુણ્યના બંધમાં નિમિત્ત બનનારા શુભ પરિણામો સાનુબંધ બને છે. સંસાર પ્રત્યે સાચા અર્થમાં વૈરાગ્ય પ્રગટે છે. આત્મતત્ત્વવિચાર, આત્મરુચિ વગેરે પ્રાપ્ત થાય છે. તેના બળથી સાધકનું અંતઃકરણ (૧) પવિત્ર, (૨) પ્રશાંત, (૩) પ્રજ્ઞાપનીય (= બીજા દ્વારા સાચી સમજણ મેળવવા માટે સમર્થ), (૪) પ્રશસ્ત લેશ્યાવાળું, (૫) ઋજુ = સરળ, (૬) આર્દ્ર, (૭) અન્તર્મુખ, (૮) મૈત્રી વગેરે ભાવોથી પરિપૂર્ણ, (૯) સંતોષ-ધૈર્ય-ગાંભીર્યાદિ ગુણોથી યુક્ત, (૧૦) ગુણોની ઓળખ-પરખ કરનારું, (૧૧) તારક તત્ત્વ પ્રત્યે બહુમાન ભાવથી છલકાતું, (૧૨) ભદ્રકપરિણામી, (૧૩) વિનમ્ર, (૧૪) વિરક્ત અને (૧૫) વિમલ બને છે. ક્ષયોપશમલબ્ધિ પછી જ આવનારા પ્રશસ્ત ભાવોને તાત્ત્વિક સમજવા. ક્ષયોપશમલબ્ધિ વિના, કષાયના હ્રાસ વિના, બાહ્ય નિમિત્તને આશ્રયીને આવતા શુભ એવા પણ ભાવો પરમાર્થથી આત્મહિતકારી નથી હોતા. કેમ કે તીવ્ર કષાયવાળા જીવ પાસે પરિણામવિશુદ્ધિ જ હોતી નથી. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી. 'પરિણામવિશુદ્ધિ મંદકષાયવાળા જીવની પાસે હોય છે' -આ પ્રમાણે **શ્રીવીરભદ્રસૂરિજીએ આરાધનાપતાકા**માં જે જણાવેલ છે, તે વાતનું અહીં અનુસંધાન કરવું. કષાય કરવાની પાત્રતા પ્રબળ હોય, ત્યાં સુધી નિશ્ચયનયનો બોધ શુષ્કજ્ઞાનસ્વરૂપે પરિણમે છે. તથા પોતાના નિર્મલ આત્મસ્વરૂપને પ્રગટ કરવાની રુચિ-પ્યાસ-તડપન ન હોય ત્યાં સુધી ઉગ્ર તપશ્ચર્યા વગેરે કરનાર જીવ પ્રાયઃ ક્રિયાજડ બને છે. તેથી મુમુક્ષુએ ક્ષયોપશમલબ્ધિ અને પ્રશસ્તલબ્ધિ મેળવવા પ્રયત્ન કરવો.

### ❋ (૩) દેશનાશ્રવણલબ્ધિની ફલશ્રુતિ ❋

'પ્રશસ્તલબ્ધિ' પછી વિરક્ત, પ્રશાંત, ગંભીર, ગીતાર્થ એવા ગુરુદેવનો પૂર્વોક્ત (૧૫/૧/૧) અવંચકયોગથી જે સમાગમ થાય, તે તાત્ત્વિક 'શુભગુરુયોગ' સમજવો. ('જય વીયરાય' સૂત્રમાં 'સુહગુરુજોગો' શબ્દથી આ અભિપ્રેત છે - તેમ સમજવું.) તેવો સદ્ગુરુસમાગમ થતાં ગુરુના આત્મજ્ઞાનગર્ભિત એવા વૈરાગ્યાદિ ગુણની તાત્ત્વિક ઓળખ અને પરખ થવાના કારણે ગુરુ પ્રત્યે સમર્પણ-શરણાગતિ -શ્રદ્ધા વગેરે ભાવો સાધકના અંતરમાં ઝળહળે છે. વક્તા અંતઃકરણના કેન્દ્રમાંથી બોલે તથા શ્રોતા ગુરુવાણીને (ઉપલક મનથી નહિ પણ) અંતરથી ઝીલે. આ રીતે વક્તા-શ્રોતાના મિલનથી પ્રીતિયોગ જન્મે છે. તેના બળથી ગુરુવાણીને પરિણમાવવાની યોગ્યતા સાધકમાં પ્રગટે છે, ઝડપથી વિકસે છે. આ જ

'દેશનાશ્રવણલબ્ધિ' કહેવાય છે. (દશપૂર્વધરને પરપ્રતિબોધકારક જે દેશનાલબ્ધિ પ્રગટ થાય છે, તે અહીં અભિપ્રેત નથી.) તેનાથી યથાર્થપણે આત્માદિ તત્ત્વના ઉપદેશને ગ્રહણ કરવાની, ધારણ કરવાની, તત્ત્વોપદેશના તાત્પર્યનું સંશોધન-તપાસ કરવાની ક્ષમતા-શક્તિ સાધક આત્મામાં પ્રગટ થાય છે. એક બાજુ આવી દેશનાશ્રવણલબ્ધિનો આત્માર્થીને લાભ થયેલો હોય છે તો બીજી બાજુ તે આત્માર્થીમાં આત્મતત્ત્વનો અદ્વેષ પરિણામ, આત્મતત્ત્વની જિજ્ઞાસા, આત્મસ્વરૂપને સાંભળવાની ઈચ્છા પ્રગટેલ હોય છે. પૂર્વભવના યોગસંસ્કાર વગેરેનું બળ સાધક પાસે હોય છે. તથા ગીતાર્થ ગુરુદેવના શ્રીમુખે આત્મતત્ત્વશ્રવણનો લાભ મળેલ હોય છે. તેમજ ગુરુદેવની વાણી અને જિનવાણી પણ શુદ્ધ આત્મતત્ત્વનો પ્રકાશ પાથરનારી હોય છે. તેથી તેવા સંયોગમાં એવા આત્માર્થી મુમુક્ષુને ગુરુવાણી અને જિનવાણી અત્યંત ગમી જાય છે. તેવી ગુરુવાણી વગેરે પ્રત્યે અને ગુરુવાણીવિષયભૂત આત્મતત્ત્વ પ્રત્યે સાધકના અંતઃકરણમાં ઝળહળતી શ્રદ્ધા વગેરે પણ પ્રગટે છે. તેના બળથી પરમાર્થથી તત્ત્વનો બોધ થાય છે. કારણ કે **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'જેમ જેમ તત્ત્વની રુચિ (શ્રદ્ધા) થતી જાય, તેમ તેમ તત્ત્વનો બોધ થાય.' સાધકનો હિમવૃષ્ટિતુલ્ય તે તત્ત્વબોધ ભવવનને બાળવાનું તથા તત્ત્વજિજ્ઞાસાને ઠારવાનું કામ કરે છે.

## * (૪) પ્રયોગલબ્ધિનો પાવન પ્રભાવ *

ત્યાર બાદ આત્માર્થી સાધકના અંતરમાં પ્રયોગલબ્ધિ પાંગરે છે. નિજસ્વરૂપપ્રાપ્તિની પ્રબળ પ્યાસથી સ્વ તરફ સતત ઢળવાનો-વળવાનો પ્રણિધાનપૂર્વક પ્રામાણિક પ્રયાસ = પ્રયોગલબ્ધિ. **યોગશાસ્ત્ર**માં આ પ્રયોગલબ્ધિને સૂચવતા શબ્દો આ પ્રમાણે મળે છે કે 'સદ્ગુરુના ઉપદેશને પામીને આત્માના અભ્યાસમાં (નિરીક્ષણ-પરીક્ષણ-સંશોધનાદિમાં), આત્મસ્વભાવમાં રહેવાના અભ્યાસમાં, અધ્યાત્મમાં રતિ-રુચિ કેળવવી.' આ પ્રયોગલબ્ધિનું બીજું નામ 'પ્રાયોગ્યલબ્ધિ' પણ છે. તેના પ્રભાવે સાધકના અશુભ કર્મોનો રસ (Power) અત્યન્ત ઘટતો જાય છે. તેના આત્મામાં પાપકર્મોનો માત્ર બે ઠાણીયો રસ બાકી રહે છે. ચાર ઠાણીયો અને ત્રણ ઠાણીયો રસ તો પલાયન થઈ જાય છે. તે જીવની કર્મસત્તાની સ્થિતિ ક્ષય પામતી-પામતી અન્તઃકોટાકોટિ સાગરોપમ જેટલી બાકી રહે છે. તથા તે સાધક નવા કર્મને તેનાથી અધિક સ્થિતિવાળા બાંધતો નથી. નરકાયુષ્ય વગેરે કેટલીક પાપપ્રકૃતિઓ ત્યારે બંધાતી નથી. ગુરુ ભગવંતના ઉપદેશ વગેરે દ્વારા અનંત આનંદમય, અનંત શક્તિમય, અનંત જ્ઞાનાદિમય પોતાના શુદ્ધ આત્માનો પરોક્ષ બોધ મેળવીને પોતાના તેવા શુદ્ધાત્માને ઝડપથી પ્રગટ કરવાનો ભાવ-આશય-પરિણામ-સંકલ્પ વગેરે સાધકમાં ઉત્પન્ન થાય છે. તેથી સાધક ગુરુવાણી દ્વારા જાણેલ શુદ્ધ આત્મસ્વરૂપની વારંવાર (૧) વિચારણા, (૨) વિનિશ્ચય, (૩) શ્રદ્ધા, (૪) રુચિ, (૫) પ્રીતિ, (૬) ભક્તિ = ઉપાસના, (૭) પ્રણિધાન, (૮) ધારણા, (૯) ધ્યાનપ્રક્રિયા વગેરેમાં પ્રકૃષ્ટ ઉદ્યમ કરે છે. પરંતુ તેવી વિચારણા, વિનિશ્ચય, શ્રદ્ધા વગેરે આસન્નભવ્ય આત્મામાં જ પરિણમે છે. જો તે સાધક અભવ્ય કે અચરમાવર્તી દૂરભવ્ય વગેરે હોય તો તેનામાં તેવું પરિણમન થતું નથી. તે ત્યાં અટકી જાય છે કે પાછો વળે છે.

જ્યારે આસન્નભવ્ય આત્માને તેવા પરિણમન પછી ધીરજ અને શાંતિપૂર્વક 'હું દેહ-ઈન્દ્રિય-મન વગેરેથી ભિન્ન આત્મતત્ત્વ છું' - આવો અંદરમાં અહેસાસ થવાથી તે સ્વરૂપે પોતાના જ આત્મતત્ત્વમાં તેનો ઉપયોગ સ્વરસથી સહજપણે લીન બને છે. આ રીતે સૂક્ષ્મ, તાત્ત્વિક અને પરિપક્વ ભેદવિજ્ઞાન એ વિશુદ્ધપરિણતિસ્વરૂપ બને છે. અતીન્દ્રિય, અપરોક્ષ એવું પોતાનું શુદ્ધ ચૈતન્ય આંશિક રીતે પ્રબળપણે પ્રગટે

છે. 'દીવાની જ્યોત જેમ પ્રકાશમય હોય છે, તેમ સાધકની ક્રિયા જ્ઞાનમય હોય છે, ચૈતન્યરસથી વણાયેલી હોય છે' - આ મુજબ **જ્ઞાનસાર**માં જે જણાવેલ છે, તેનો આંશિક પણ તાત્ત્વિક શુભારંભ અહીંથી જ થાય છે - તેમ જાણવું. આગળની દશામાં તેનો વિકાસ થતો જાય છે. ધ્યાનાદિ ક્રિયા ચૈતન્યમય થવાના લીધે ધ્યાનાદિ સમાપ્ત થયા પછી પણ તે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું અનુસંધાન મનથી નથી જ મૂકતા, ભલે ને કાયાથી બીજા પ્રયોજનમાં તે પ્રવર્તતા પણ હોય. આવી બળવાન પ્રયોગલબ્ધિના પ્રભાવથી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયો અત્યંત ઝડપથી અને સાનુબંધપણે શુદ્ધસ્વરૂપે પરિણમતા જાય છે.

## ✤ માત્ર નિજશુદ્ધસ્વરૂપને જાણીએ-માણીએ ✤

**શ્રીસકલચન્દ્ર** ઉપાધ્યાયજીએ **ધ્યાનદીપિકા**માં જણાવેલ છે કે 'પોતાના શુદ્ધ સ્વરૂપને જાણવું. એ સિવાય બીજું કંઈ પણ પોતાની અંદર ન કરાય. પરંતુ પ્રયોજનવશ બીજું કંઈ વાણીથી કે કાયાથી સાધક કરે તો પણ તેમાં આદરભાવે તે ભળે નહિ.' આ વચનના તાત્પર્યાર્થને અહીં ચરિતાર્થ = કૃતાર્થ થવાનો અવસર મળે છે - એમ જાણવું. તે રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં આત્મશુદ્ધિ વિશેષ પ્રકારે થતાં **અધ્યાત્મસાર**ના શ્લોકનો વિષય અવસરને પ્રાપ્ત કરે છે. ત્યાં જણાવેલ છે કે 'પુણ્યશૂન્ય, પાપરહિત, વિકલ્પાતીત = વિકલ્પ વગરનું અને પરમાર્થથી વિકલ્પનો અવિષય, નિત્ય, શુદ્ધ એવા આત્મતત્ત્વનું સદા ધ્યાન ધરવું જોઈએ. આ શુદ્ધનયની સ્થિતિ = વ્યવસ્થા છે.' આ રીતે શુદ્ધનયની મર્યાદામાં રહીને સાધક શુદ્ધ આત્મતત્ત્વને ધ્યાવે છે, સંભાળે છે, સંભારે છે, સાંભરે છે. તેમાં જ નિરંતર રુચિપ્રવાહને વાળે છે, ઢાળે છે. તથા 'મનને જડના રાગાદિથી મુક્ત કરે છે. જીવો પ્રત્યેના ક્રોધાદિથી મનને તે દૂષિત કરતો નથી. મનને આત્મામાં વિશ્રાન્ત કરતો સાધક સર્વ ક્રિયાઓમાં નિર્લેપ થાય છે' - આ **યોગશાસ્ત્ર**ના વચન મુજબ પોતાની ભૂમિકાને યોગ્ય વ્યાવહારિક વગેરે ક્રિયાઓ કરવા છતાં તેમાં તે અસંગપણાને સમ્યક્ પ્રકારે મેળવે છે. તથા શાસ્ત્રજ્ઞાન વડે નિજ શુદ્ધાત્મતત્ત્વની શ્રદ્ધાને પુષ્ટ કરીને અત્યંત કઠણ-કર્કશ-ગૂઢ એવી રાગાદિની ગ્રંથિને અત્યંત પોચી કરે છે, ઝડપથી ભેદવા યોગ્ય કરે છે.

## ❖ (૫) કરણલબ્ધિમાં પ્રવેશ ❖

ત્યાર બાદ સાધક ભગવાનમાં પાંચમી 'કરણલબ્ધિ' ઝડપથી પ્રગટ થાય છે. તેનું બીજું નામ 'ઉપશમલબ્ધિ' તથા 'ઉત્કૃષ્ટ યોગલબ્ધિ' છે. તેના પ્રભાવથી **(A)** મિથ્યાત્વ મોહનીય કર્મને આત્યન્તિકપણે ઉપશમાવવાની શક્તિ આત્મામાં પ્રગટ થાય છે. **(B)** પ્રતિસમય અનન્તગુણ વૃદ્ધિવાળી આત્મપરિણામની વિશુદ્ધિ ઉત્પન્ન થાય છે. **(C)** સાતા વેદનીય, ઉચ્ચગોત્ર વગેરે પરાવર્ત્તમાન શુભ કર્મપ્રકૃતિઓ જ બંધાય છે. અસાતા વેદનીય, નીચગોત્ર આદિ અશુભ પ્રકૃતિ ત્યારે બંધાતી નથી. **(D)** શુભ કર્મપ્રકૃતિનો રસ અનન્તગુણ વૃદ્ધિને પામે છે. **(E)** બંધાતી શુભ કર્મપ્રકૃતિનો બે ઠાણીયો રસ છેક ચાર ઠાણીયા રસ સુધી વધે છે. **(F)** તેમજ અશુભ કર્મપ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ છેક બે ઠાણીયા રસ સુધી ઘટે છે. **(G)** અત્યન્ત પ્રશસ્ત પ્રવર્ધમાન લેશ્યા-અધ્યવસાયસ્થાનાદિના લીધે ત્યારે આયુષ્ય કર્મ બંધાતું નથી. આયુષ્યકર્મ તો વધુ પડતી ચઢ-ઉતરવાળા અધ્યવસાય ન હોય ત્યારે જ બાંધી શકાય. તેથી ત્યારે આયુષ્ય કર્મ સિવાયની સાત મૂલ કર્મપ્રકૃતિઓ બંધાય. પરંતુ તે અંતઃકોટાકોટિસ્થિતિ વાળી જ બંધાય. તેનાથી વધુ દીર્ઘસ્થિતિવાળી કર્મપ્રકૃતિને ત્યારે તે સાધક ન બાંધે. **(H)** તથા જે અશુભ કર્મ ધ્રુવબંધી વગેરે સ્વરૂપ હોવાના કારણે બાંધવા જ પડે તો પણ ત્યારે તે સાધક તે અશુભ કર્મને પ્રતિસમય પલ્યોપમના સંખ્યાત ભાગ જેટલા

પ્રમાણમાં ઘટાડતો-ઘટાડતો બાંધે. અર્થાત્ પ્રથમ સમયે જે અશુભ કર્મ જેટલી સ્થિતિવાળું બાંધે તેના કરતાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન સ્થિતિવાળું બીજા સમયે બાંધે. ત્રીજા સમયે તેના કરતાં પણ પલ્યોપમના સંખ્યાત ભાગ ઓછી સ્થિતિવાળું તે અશુભ કર્મ બાંધે. આ રીતે બંધાતા અશુભ કર્મની સ્થિતિ પ્રતિસમય પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઘટતી જાય છે. **શિવશર્મસૂરિ**કૃત **કર્મપ્રકૃતિ**માં (**કમ્મપયડી**માં) આ વિષય સ્પષ્ટપણે જણાવેલ છે. કર્મની સામે સાધક ભગવાનનું પોતાનું આત્મબળ વધતાં-વધતાં આ રીતે અહીં ક્રમશઃ મિત્રા-તારા-બલા-દીપ્રા નામની ચારેય યોગદૃષ્ટિઓ પરમ પ્રકર્ષને પામે છે.

## ❁ કરણલબ્ધિનો જબ્બર ચમત્કાર ❁

તેથી કરણલબ્ધિના સામર્થ્યથી નૈશ્ચયિક અન્તર્મુહૂર્તકાલીન ચરમ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ વગેરે પ્રગટ થાય ત્યારે સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા માટે સમ્યક્ પ્રકારે ઉત્સાહિત થાય છે, તૈયાર થાય છે. 'કરણ' શબ્દ દ્વારા અહીં અત્યંત વિશુદ્ધ અને વિશિષ્ટ અધ્યવસાયને સમજવો. તે અત્યંત દૃઢ હોય છે. તેથી તે શુભ ધ્યાનની ભૂમિકાસ્વરૂપ હોય છે. ઉપયોગમાંથી રાગાદિને, રાગાદિઅધ્યાસને છૂટો પાડવામાં તે અધ્યવસાય કુશળ અને તત્પર હોય છે. અતીન્દ્રિય, પરમ શાંત, શાશ્વત અને શુદ્ધ એવા નિજ ચૈતન્યસ્વભાવને તે અધ્યવસાય વડે સાધક પકડે છે. આ રીતે વર્ધમાન એવી (૧) ક્ષયોપશમલબ્ધિ, (૨) પ્રશસ્તલબ્ધિ, (૩) દેશનાશ્રવણલબ્ધિ, (૪) પ્રયોગલબ્ધિ અને (૫) કરણલબ્ધિ - આ પાંચના પ્રભાવથી સાધક રાગાદિની ગ્રંથિને ભેદે છે. ત્યાર બાદ અપરોક્ષ અને નિર્વિકલ્પ એવી સ્વાનુભૂતિથી વણાયેલ - નૈશ્ચયિક ભાવસમ્યગ્દર્શનને સાધક મેળવે છે. તે વખતે સાધકને અનાકાર નહિ પણ સાકાર ઉપયોગ વર્તતો હોય છે. પૂર્વે ગીતાર્થ ગુરુ ભગવંતના સત્સંગ વગેરેની સહાયથી નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા સામાન્યરૂપે = પરોક્ષસ્વરૂપે જાણેલા આત્મસ્વરૂપની શ્રદ્ધા-રુચિ કરવા વડે જે પ્રધાન દ્રવ્યસમ્યક્ત્વ ઉત્પન્ન થયેલું હતું, તે જ હવે કરણલબ્ધિના સામર્થ્યથી થયેલ ગ્રંથિભેદના પ્રભાવના લીધે ભાવસમ્યક્ત્વ સ્વરૂપે પરિણમે છે.

તે આ રીતે સમજવું - સાધુવેશ દીક્ષા લીધા પછી પણ હળુકર્મી આત્માર્થી સાધક તો નિજ આત્માના શુદ્ધ સ્વરૂપનો જ ઊહાપોહ કરે છે, ઊંડી વિચારણા-મીમાંસા કરે છે. સર્વત્ર શુદ્ધ આત્મસ્વરૂપની રુચિ -પ્રીતિ તેના અંતઃકરણમાં છવાયેલી હોય છે. વિમલ આત્મતત્ત્વને જ તે અવાર-નવાર ભજે છે. આ રીતે તેની તે ભક્તિ કરે છે. શુદ્ધ ચેતનસ્વરૂપનું જ સંવેદન કરવાની અભિલાષા-લાગણી-લગની-વિભાવના વધતી જાય છે. એની મતિ પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપના માહાત્મ્યથી રંગાઈ જાય છે. ખાતા-પીતા-ઉઠતા -બેસતા સતત સ્મરણમાં નિર્મળ આત્મસ્વરૂપ જ વણાયેલું રહે છે. સતત સર્વત્ર વિશુદ્ધ ચેતનતત્ત્વ જ નજરાયા કરે છે. વારંવાર શુદ્ધ આત્માને પ્રગટ થવાની તે વિનવણી કરે છે. સ્વપ્નમાં પણ શુદ્ધ આત્મદ્રવ્ય પ્રગટ થવાના ભણકારા તેના અંતઃકરણમાં વાગે છે. ઉઠવાવેંત પરમ શાંતરસમય નિર્વિકાર શુદ્ધ ચૈતન્યના અખંડપિંડસ્વરૂપે પોતાની જાતની તેને સ્વતઃ સહજતઃ પ્રતીતિ થાય છે. આવા અનેક અંતરંગ ચાલકબળોથી ગર્ભિત પ્રસ્તુત પાંચ લબ્ધિના માધ્યમે સાધક ગ્રંથિભેદ કરે છે. તેના પ્રભાવથી શબ્દઅગોચર, મનથી અગમ્ય, તર્કનો અવિષય, કેવલ સ્વાનુભવગમ્ય, નિજ નિર્મળ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર તે સાધક કરે છે. આ જ નૈશ્ચયિક ભાવસમકિત છે. પૂર્વકાલીન પ્રધાન દ્રવ્યસમ્યક્ત્વ આ રીતે ગ્રંથિભેદઉત્તરકાલીન નૈશ્ચયિક ભાવસમ્યગ્દર્શન સ્વરૂપે પરિણમી જાય છે. તેના લીધે મોક્ષ ખૂબ જ નજીક આવી જાય છે. આ અંગે **સમ્યક્ત્વસપ્તતિકા**માં જણાવેલ છે કે 'સમ્યગ્દર્શન શુદ્ધ હોય તો મોક્ષ તો હાથની હથેળીમાં

આવી જાય.' આવું અત્યંત વિશુદ્ધ નૈશ્ચયિક ભાવ સમ્યગ્દર્શન મળે ત્યારે સર્વ ગુણોની આંશિક અનુભૂતિ સાધકને થાય છે. આ પણ પ્રસ્તુત ભાવ સમકિતનું જ એક સ્વરૂપ છે. તે સમ્યગ્દર્શન શાંતરસમય હોય છે. તેવા અત્યંત નિર્મળ સમ્યગ્દર્શનના અમોઘ સામર્થ્યથી સાધુ ભગવંતના પૂર્વકાલીન વ્યાવહારિક શ્રુતાદિ જ્ઞાન અને ચારિત્ર તાત્કાલિક સમ્યક્પણે પરિણમે છે. 'સમ્યગ્દર્શનની શુદ્ધિથી સાધુ શુદ્ધ ચારિત્રને મેળવે છે' - આમ **ધર્મરત્નપ્રકરણ**માં શ્રી**શાંતિસૂરિ**જીએ જણાવેલ છે. આ વાતનું અહીં અનુસંધાન કરવું.

### ❀ સ્પર્શજ્ઞાનની ઉપલબ્ધિ ❀

આ અવસ્થામાં પોતાના કે પરમાત્માના શુદ્ધ આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયના ઊંડા ઊહાપોહથી, અનુસંધાનથી આત્માદિ તત્ત્વની ઉપલબ્ધિસ્વરૂપ સ્પર્શજ્ઞાન પ્રગટ થાય છે. તે વિના વિલંબે સ્વસાધ્ય ફળને આપે છે. શ્રી**હરિભદ્રસૂરિ**જીએ **ષોડશક**માં જણાવેલ છે કે 'આત્મા વગેરે વસ્તુના મૂળભૂત સ્વરૂપની ઉપલબ્ધિ એ સ્પર્શજ્ઞાન છે. આ સ્પર્શજ્ઞાન તાત્કાલિક ફળને દેનાર છે.' તેનું અહીં અનુસંધાન કરવું. આ જ વાતને બીજા શબ્દોમાં જણાવવી હોય તો એમ કહી શકાય કે નિરંતર ધ્યેયગુણમય થવાથી સાધકમાં પ્રસ્તુત સ્પર્શજ્ઞાન પ્રગટે છે. આ અંગે **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં જણાવેલ છે કે 'જેમ તાંબામાં સંપૂર્ણપણે અનુવેધથી થતો સિદ્ધરસનો સ્પર્શ તાત્કાલિક પોતાના ફળને આપે છે (અર્થાત્ તાત્કાલિક તાંબાને સુવર્ણ બનાવે છે), તેમ તન્મયભાવથી = ધ્યેયગુણમયતાથી થતું સ્પર્શજ્ઞાન તાત્કાલિક પોતાના ફળને આપનાર તરીકે માન્ય છે.' અર્થાત્ આ સ્પર્શજ્ઞાન આત્માને ધ્યેયસ્વરૂપ = પરમાત્મસ્વરૂપ બનાવે છે. **યોગશાસ્ત્ર**માં શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'જેમ સિદ્ધરસના સ્પર્શથી લોખંડ સુવર્ણપણાને પામે છે, તેમ આત્મધ્યાનથી આત્મા પરમાત્મપણાને પામે છે.' આનું અહીં અનુસંધાન કરવું. અર્થાત્ ગ્રંથિભેદ પછી આત્મસ્પર્શી જ્ઞાનથી સાધક પોતાના સિદ્ધપણાની સ્પષ્ટરૂપે આંશિક અનુભૂતિ કરે છે.

### ❀ સમકિત-સ્પર્શજ્ઞાન-સમતા પછી ધર્મદેશના ❀

શુદ્ધ આત્મતત્ત્વના પરિશીલન અને સ્પર્શજ્ઞાન - આ બન્નેના બળથી (૧) સદા સન્નિહિત કાયા, ઈન્દ્રિય, મન, કર્મ, કષાય વગેરેમાં સાધકને પૂર્વે થતી મમતા (= મારાપણાની બુદ્ધિ) રવાના થાય છે. તથા (૨) પ્રતિકૂળ વ્યક્તિનો કે પ્રતિકૂળ વસ્તુનો સંયોગ અને અનુકૂળ વ્યક્તિનો કે અનુકૂળ વસ્તુનો વિયોગ થતાં પૂર્વે થતી વિષમતા પણ રવાના થાય છે. આ રીતે મમતા-વિષમતાનો નાશ થતાં તાત્ત્વિક સમતા પ્રગટે છે. પ્રસ્તુતમાં **અધ્યાત્મોપનિષત્**નો શ્લોક વિચારવો. ત્યાં જણાવેલ છે કે 'શુદ્ધ આત્મતત્ત્વને પ્રકૃષ્ટ રીતે અનુકૂળ બને તેવા પ્રકારના ઊંડા વિચાર-વિમર્શો 'સ્પર્શ' નામના સંવેદનને લાવે છે. આત્મસ્પર્શી એવા જ્ઞાનને લાવતા તે વિમર્શો અનાત્મબુદ્ધિને દૂર કરે છે, ત્યારે બાકી રહેલી સમતા વિલસે છે.' (૧) દેહાદિમાં આત્મબુદ્ધિ, (૨) કષાય વગેરેમાં મારાપણાની બુદ્ધિ = મમતા, (૩) અનિષ્ટ સંયોગાદિમાં થતો ખળભળાટ = વિષમતા..... આ અનાત્મબુદ્ધિના જ જુદા-જુદા નમૂના છે. તે જાય તો જ તાત્ત્વિક સમતા આવે. તો જ સાચું આત્મકલ્યાણ સધાય. પછી ધર્મદેશના દ્વારા પરોપકાર થાય તે શોભે. 'જે રીતે સાધુ ગરીબને ધર્મ કહે, તે રીતે શ્રીમંતને કહે. તથા જે રીતે સાધુ શ્રીમંતને ધર્મ કહે, તે રીતે ગરીબને કહે' - આ **આચારાંગસૂત્ર**ની સૂક્તિ પણ ઉપરોક્ત સમતાધારી નિર્મળઆશયધારી યોગીને આશ્રયીને સફળ થાય છે. મતલબ કે સમકિત, સ્પર્શજ્ઞાન = નિજસિદ્ધસ્વરૂપસંવેદન, સમતા પછી જ થતી સદ્ધર્મદેશના શોભે. અંદરમાં નિર્મળતા આવેલી હોય તો નિર્મળભાવે ઉપદેશ-અનુશાસન કરે તે વ્યાજબી ગણાય. પણ સ્વકલ્યાણ સાધ્યા વિના થતી ધર્મદેશના તીર્થંકરમાન્ય નથી.

## ❀ ગ્રંથિભેદ વિના કરાતી ધર્મકથા એ અકથા છે ❀

ગ્રંથિભેદ પછી પ્રગટનારા સમ્યગ્દર્શન + આત્મસ્પર્શી જ્ઞાનના સહજ સમતામય પરમ ચૈતન્ય પ્રકાશને જે માણનારા હોય અને છેદસૂત્રના અર્થના જે જ્ઞાતા હોય તેવા નિસ્પૃહ નિર્ગ્રન્થ મહાત્માઓને ધર્મદેશના કરવાનો ઉત્સર્ગથી અધિકાર છે. ગ્રંથિભેદને કર્યા વિના સાધુવેશધારી જો ધર્મકથા કરે તો તે અકથા જ છે. તેથી જ **દશવૈકાલિકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'સાધુ વેશધારી હોય કે ગૃહસ્થ હોય, પરંતુ જો તે મિથ્યાત્વનો અનુભવ કરતો હોય તો તે અજ્ઞાની જ છે. તેવા અજ્ઞાની જે ધર્મકથાને કરે છે, તે અકથા જ છે - આવું આગમમાં દર્શાવેલ છે.' મતલબ કે છેદસૂત્રાદિનો અભ્યાસ કરવા દ્વારા પૂર્વોક્ત પરગીતાર્થતાને ધારણ કરવા છતાં ગ્રંથિભેદજન્ય સમકિત ન હોવાથી પૂર્વોક્ત સ્વગીતાર્થતાને ન ધરાવનાર સાધુને ધર્મદેશના કરવાનો ઔત્સર્ગિક અધિકાર નથી. આમ અહીં ફલિત થાય છે.

**શંકા** :- જો મિથ્યાત્વી કથા કરે તે અકથા જ હોય તો 'ઉપદેશકને ધર્મકથાનિમિત્તે એકાન્તે કર્મનિર્જરાસ્વરૂપ ધર્મ થાય' - આ મુજબ શાસ્ત્રમાં જણાવેલી વાત કઈ રીતે સંગત થાય ?

## ❦ સમ્યગ્દર્શની ગીતાર્થ મહાત્મા જ ધર્મદેશનાના અધિકારી ❦

**સમાધાન** :- ભાગ્યશાળી ! (૧) 'ધર્મકથાને કહેનારાને એકાંતે નિર્જરા થાય' - આ પ્રમાણે **મહાનિશીથસૂત્ર**માં જે જણાવેલ છે તથા (૨) 'ધર્મકથા કરનારને અવશ્ય ધર્મ થાય છે' - આ પ્રમાણે **તત્ત્વાર્થસૂત્રકારિકા**માં જે જણાવેલ છે, તે બન્ને કથન પણ નૈશ્ચયિક સમ્યગ્દર્શનના લીધે પૂર્વોક્ત (જુઓ-પૃષ્ઠ ૫૯૦) સ્વગીતાર્થતાને અને છેદસૂત્રાભ્યાસના કારણે પૂર્વોક્ત (પૃષ્ઠ-૫૯૦) પરગીતાર્થતાને ધારણ કરનારા એવા સ્વ-પરઉભય ગીતાર્થ નિસ્પૃહ પ્રવચનકાર વિશે જ લાગુ પડે છે - તેમ સમજવું.

આ વાત યોગ્ય જ છે. બાકી તમામ પ્રવચનકારને જો કર્મનિર્જરાસ્વરૂપ ધર્મની પ્રાપ્તિ થતી હોય તો **ઉપદેશમાલા**ની, **મહાનિશીથસૂત્ર**ની **બૃહત્કલ્પભાષ્ય**ની નિમ્નોક્ત વાત કઈ રીતે સંગત થાય? (૧) **ઉપદેશમાલા**માં કહેલ છે કે 'નટ (અને નટ જેવા માયાવી-સ્વાર્થી ધર્મકથી પણ) વૈરાગ્યકથાને કહે છે. તેનાથી ઘણા લોકો વૈરાગી થાય છે. પરંતુ તે રીતે વૈરાગ્યકથાને કરીને તે લુચ્ચો માછલાની જાળ લઈને (ભોળા શ્રોતાસ્વરૂપ માછલાને પકડવા માટે સમુદ્રના) પાણીમાં ઉતરે છે.' (૨) **મહાનિશીથસૂત્ર**માં જણાવેલ છે કે 'સાવદ્ય-નિરવદ્ય વાણી વચ્ચેનો તફાવત જેને ખબર નથી, તેને બોલવાનો પણ અધિકાર નથી. તો ધર્મદેશના કરવાનો અધિકાર તેને કઈ રીતે સંભવે ?' (૩) **બૃહત્કલ્પભાષ્ય**માં દર્શાવેલ છે કે 'પ્રકલ્પમુનિએ = નિશીથાદિછેદસૂત્રના જ્ઞાતા સાધુએ જિનેશ્વરકથિત ધર્મ કહેવો જોઈએ.' તેથી આ ત્રણ કથનો અને પૂર્વોક્ત **દશવૈકાલિક નિર્યુક્તિ** ગાથા - આ ચાર વચનોને લક્ષમાં લેતાં નક્કી થાય છે કે સ્વાર્થશૂન્ય નૈશ્ચયિકસમ્યગ્દર્શની સ્વ-પરઉભય ગીતાર્થ સાધુ ભગવંતને જ ધર્મદેશનાનો ઔત્સર્ગિક અધિકાર છે. તથા તે પણ 'હું વ્યાખ્યાન આપું છું' - આવા ભારથી નહિ પરંતુ 'કલ્યાણમિત્ર થઈ તત્ત્વવિચારણા કરું છું' - આવા ભાવથી જ. તેમજ ગ્રંથિભેદની પૂર્વે ઉપદેશ આપવો જ પડે તેવી પરિસ્થિતિ કર્મોદયવશ સર્જાય તો શ્રોતાઓમાં વાદ-વિવાદરસ ટળે, સંયમી પ્રત્યે પ્રમોદ-ભક્તિભાવ નિષ્પક્ષપણે જાગે, વૈરાગ્ય-ઉપશમ-આત્મસ્વભાવરુચિ વગેરે પ્રગટે તેવો ઉપદેશ આપે. તથા ધર્મોપદેશક સાધુએ સૌપ્રથમ ગ્રન્થિભેદ કરવા માટે જ પ્રયત્ન કરવો. આ અત્યંત આવશ્યક અંગત કર્તવ્ય છે - તેમ સમજી ગ્રંથિભેદ માટે મંડી પડવું જોઈએ. યોગસિદ્ધિના છ હેતુઓ **યોગબિંદુ**માં દર્શાવેલ છે. (૧)

ઉત્સાહ = વીર્યોલ્લાસ, (૨) નિશ્ચય = કર્તવ્યમાં એકાગ્ર પરિણામ, (૩) ધૈર્ય, (૪) સંતોષ = આત્મરમણતા, (૫) તત્ત્વદર્શન અને (૬) લોકસંપર્કનો ત્યાગ. આ છ કારણોને ગ્રંથિભેદસ્વરૂપ કે સમ્યગ્દર્શનસ્વરૂપ યોગની સિદ્ધિ માટે ધર્મદેશક સાધુએ અપનાવવા જ પડે.

## મુનિજીવનમાં મૌનનું મહત્ત્વ વધુ

પરંતુ ધર્મોપદેશકે પણ અંતરમાં તો સમજી જ લેવું જોઈએ કે મુનિજીવનમાં પોતાના માટે તો ધર્મદેશના કરતાં પણ મૌનનું મહત્ત્વ ઘણું વધારે છે. મન-વચન-કાયા આ ત્રણેય સ્તરે મૌન થવાનું છે.

(૧) કાયિક મૌન એટલે **(a)** કાયગુપ્તિ, **(b)** દેહસ્થિરતા, **(c)** કાયોત્સર્ગ, **(d)** શરીરની સંલીનતા, **(e)** પાંચેય ઈન્દ્રિયોની સંલીનતા વગેરે.

(૨) વાચિક મૌન એટલે **(A)** વચનગુપ્તિની તીક્ષ્ણતા અર્થાત્ લિંગવ્યત્યય-કારકવ્યત્યય-વચનવ્યત્યય -હીનાક્ષર-અધિકાક્ષર-પદહીન-ઘોષહીન વગેરે ભાષાસંબંધી તમામ અશુદ્ધિનો પરિહાર કરવામાં પૂરેપૂરી જાગરૂકતા વગેરે સ્વરૂપ સૂક્ષ્મતા, **(B)** કર્કશ વાણીનો ત્યાગ, **(C)** કડવી વાણીનો પરિહાર, **(D)** અપથ્ય (શ્રોતા પચાવી ન શકે તેવી) વાણીનું વિસર્જન, **(E)** અપરિમિત વાણીનો પરિત્યાગ, **(F)** અહિતકારી ભાષાને પરિહરવી, **(G)** સાવદ્ય ભાષા બોલવાનું બંધ કરવું, **(H)** અધિકારબાહ્ય ભાષાનો અવપરાશ, **(I)** અનવસરે - અકાળે શબ્દનો અપ્રયોગ, **(J)** ઝઘડાને કરાવનારા વચનોને ન ઉચ્ચારવા, **(K)** શાંત થયેલા ઝઘડાને ફરીથી ઊભા કરે તેવા કથનને ટાળવું, **(L)** ઈહલોકવિરુદ્ધ ભાષાનો ઉપયોગ ન કરવો, **(M)** પરલોકવિરુદ્ધ વાણીને વોસિરાવવી, **(N)** ઉભયલોકવિરુદ્ધ ભાષાને ભંડારી દેવી, **(O)** ન જોયેલી વાત જાણે જાતે જોયેલ હોય તેમ ન કહેવી, **(P)** તે જ રીતે ન સાંભળેલી વાત ન બોલવી, **(Q)** વગર વિચાર્યે બકવાટ ન કરવો, **(R)** જકારવાળી ભાષા છોડવી, **(S)** બીજાને શંકા પેદા કરે તેવું વચન ન ભાખવું, **(T)** શ્રોતાને ગેરસમજ કરાવે તેવું કથન ન કરવું, **(U)** શ્રોતાને સમજાય જ નહિ તેવી અવ્યક્ત ભાષા-ગરબડવાળી ભાષાને ત્યાગવી, **(V)** શાસનહિલના થાય તેવું ન ભાખવું, **(W)** બીજાના મર્મસ્થાનોનું- ગુપ્ત દોષોનું પ્રકાશન ન કરવું, **(X)** સાચુ-ખોટું દોષારોપણ ન કરવું, **(Y)** અપયશને જન્માવે તેવી ભાષા પ્રગટ ન કરવી, **(Z)** **પ્રવચનસારોદ્ધાર** (ગાથા-૮૯૨)માં જણાવેલ ક્રોધ-માન-માયા લોભ-હાસ્ય-ભય-રાગ-દ્વેષ-ઉપઘાત-આખ્યાયિકા સ્વરૂપ દશ કારણોથી જન્મેલી મૃષા વગેરે વાણીને છોડવી.

(૩) માનસિક મૌન એટલે **(a)** ધ્યાન, **(b)** નિર્વિકલ્પદશા, **(c)** પોતાના ચૈતન્યસ્વરૂપનું અનુસંધાન, **(d)** સમતા, **(e)** મનની સંલીનતા, **(f)** કષાયની સંલીનતા, **(g)** પોતાના આત્મામાં લીનતા વગેરે. પ્રસ્તુત ત્રણેય પ્રકારના મૌનની પરાકાષ્ઠા આવે ત્યારે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની સ્પર્શના મુનિજીવનમાં સંભવે છે. **જ્ઞાનસાર**માં જણાવેલ છે કે 'વાણીનો ઉચ્ચાર ન કરવા સ્વરૂપ મૌન તો એકેન્દ્રિયમાં પણ સુલભ છે. ખરેખર તો મન-વચન-કાયાના યોગોની પુદ્ગલમાં પ્રવૃત્તિ ન થવી એ જ ઉત્તમ મૌન છે.'

## ત્રિવિધ મનોગુપ્તિની સમજણ

**યોગશાસ્ત્ર**માં **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજે ત્રણ પ્રકારની મનોગુપ્તિ બતાવેલી છે. તે આ મુજબ સમજવી :- '(૧) સંકલ્પ-વિકલ્પની હારમાળાથી વિશેષરૂપે મુક્ત થયેલું (ગ્રંથિભેદકાલીન) મન, (૨) સમતામાં સારી રીતે પ્રતિષ્ઠિત થયેલું (ચતુર્થગુણસ્થાનકાલીન) મન, (૩) આત્મામાં રમણતા કરનારું

(સપ્તમગુણસ્થાનવર્તી) મન - આ રીતે ત્રણ પ્રકારે મનોગુપ્તિ કહેવાયેલી છે.' આ ત્રણેય પ્રકારની મનોગુપ્તિ તો સંયમના પ્રાણભૂત છે. સંયમને જીવંત કરનાર, ધબકતું રાખનાર તત્ત્વ હોય તો તે છે આ મનોગુપ્તિ. મનોગુપ્તિ પરિપક્વ થતાં નિજપરમાત્મતત્ત્વની સાથે ગુપ્ત મંત્રણા કરવાની યોગ્યતા અત્યંત ઝડપથી ખીલતી જાય છે. સાધક ભગવાન પણ અંદરમાં ખુલતા જાય છે. પારમાર્થિક મુનિપણું પ્રગટતું જાય છે.

## ❀ તાત્ત્વિક મુનિદશાને પ્રગટાવીએ ❀

તેથી જ ઝડપથી તાત્ત્વિક મુનિપદને મેળવવા ઝંખતા સંયમીએ '(૧) શરીર, (૨) ઈન્દ્રિય, (૩) મન, (૪) કષાયાદિ વિભાવ પરિણામ, (૫) સુખ, (૬) દુઃખ, (૭) ભવિષ્યની ચિંતા, (૮) ભૂતકાળની સ્મૃતિ, (૯) મનમાં ઉઠતી વિવિધ કલ્પનાઓ, (૧૦) આશા, (૧૧) સ્વ-પર વિશેના અભિપ્રાય, (૧૨) સંકલ્પ, (૧૩) વિકલ્પ, (૧૪) વિચાર વગેરેથી હું અત્યંત જુદો છું, નિરાળો છું' - આવા ભેદવિજ્ઞાનને વારંવાર ઘૂંટવું. સૂક્ષ્મ, તાત્ત્વિક ભેદવિજ્ઞાનની તેવી પરિણતિ ઊભી કરવી. તે પરિણતિને અત્યંત પરિપક્વ બનાવવી, દૃઢ કરવી. તેવી ભેદવિજ્ઞાનપરિણતિના બળથી સાધક તે શરીર, ઈન્દ્રિય આદિ ૧૪ ચીજોથી અંદરમાંથી છૂટો પડી જાય છે. યદ્યપિ ભેદવિજ્ઞાનથી શરીરાદિ નાશ નથી પામતા પણ 'તે બધાથી પોતે અત્યંત જુદો છે. તે બધાથી પોતાનું અસ્તિત્વ સ્વતંત્ર છે' - તેવું સાધક સ્પષ્ટપણે અનુભવે છે. તે મુજબ સાધક માત્ર માનતો નથી. પરંતુ હકીકતમાં અનુભવે છે. આ રીતે શરીર, ઈન્દ્રિય વગેરેથી અંદરમાં છૂટા પડીને, જેમ રસ્તામાં પડેલી ધૂળને માણસ ઉદાસીનભાવે જુએ, તેમ શરીર વગેરેને સાધક અંદરમાં પ્રગટેલી વિવેકદૃષ્ટિથી સ્પષ્ટપણે ઉદાસીનભાવે-સમભાવે માત્ર જુએ છે. આ રીતે શરીરાદિને ઉદાસીનભાવ-મૌનભાવે નિરખીને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણતા કરવામાં જે લીનતા-મગ્નતા-સ્થિરતા આવે તે જ તાત્ત્વિક મૌન છે, પારમાર્થિક મુનિપણું છે. આ પ્રમાણે શાસ્ત્રકારોને માન્ય છે. આ જ અભિપ્રાયથી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે કે 'સુખને અને દુઃખને સમભાવે જોતો હું મૌન = મુનિપણું આચરીશ.' મુનિ બનવા ઝંખતા 'ભૃગુ' પુરોહિતના ઉપરોક્ત કથનથી ફલિત થાય છે કે મુનિઓ સુખ-દુઃખમાં તન્મય-તદાકાર-તદ્રૂપ બનીને સુખ-દુઃખનો ભોગવટો કરતા નથી પણ તેને માત્ર સમભાવે જુએ છે, અસંગ સાક્ષીભાવે નીરખે છે, પોતાનાથી ભિન્નસ્વરૂપે નિહાળે છે.

## ❋ નિજ શુદ્ધચૈતન્યસ્વભાવમાં શુદ્ધનયના હેતુરૂપે ઠરીએ ❋

તેથી જે ખરેખર મુનિદશાના માશૂક હોય તેમણે શરીર, ઈન્દ્રિય વગેરેમાં કે શરીરાદિની પ્રવૃત્તિમાં અનાદિકાલીન અવિદ્યાથી ઉત્પન્ન થતી (૧) તાદાત્મ્યબુદ્ધિ (= 'હું શરીરાદિ છું' - આવી અભેદબુદ્ધિ), (૨) તન્મયતા, (૩) તદાકારતા - એકાકારતા, (૪) સ્વામિત્વપરિણામ (= 'શરીરાદિ મારા છે' - આવી સ્વામિત્વબુદ્ધિ), (૫) અધિકારવૃત્તિ (= 'કષાયાદિ કરવાનો મારો હક્ક છે' - આવી બુદ્ધિ), (૬) કર્તૃત્વનો અભિપ્રાય, (૭) ભોક્તૃત્વનો આશય (= 'હું કષાય, સુખ, દુઃખ વગેરેને ભોગવું છું' - આવી ભોક્તૃત્વબુદ્ધિ) વગેરે તત્ત્વોને દૂર કરવા જોઈએ. શરીરાદિમાં તાદાત્મ્યબુદ્ધિ વગેરેને છોડીને **(A)** 'હું અનંતાનંદમય શુદ્ધ આત્મા જ છું' - આ રીતે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની શ્રદ્ધા કરવી જોઈએ. **(B)** 'હું દેહાદિભિન્ન પરમશાંત સ્વસ્થ ચેતન તત્ત્વ છું' - આ રીતે અંતરમાં નિરંતર પોતાના જ

ચૈતન્યસ્વરૂપનું તમામ પ્રવૃત્તિમાં અનુસંધાન રહેવું જોઈએ. **(C)** 'મારે શરીર, ઈન્દ્રિય, મન, કષાય વગેરે નશ્વર, અસાર અને અશુચિ તત્ત્વમાં ભળવું નથી, રમવું નથી' - આવી નિર્વેદની = વૈરાગ્યની પરિણતિ પ્રગટાવવી જોઈએ. **(D)** 'મારે કેવલ શુદ્ધ ચૈતન્યસ્વરૂપે અત્યંત ઝડપથી પરિણમવું છે' - આવા સંવેગને ઝળહળતો કરવો. **(E)** તમામ સ્થિતિ-પરિસ્થિતિમાં શાંત સ્વભાવને ટકાવવો. આ રીતે શ્રદ્ધા વગેરે પાંચેય ભાવોના માધ્યમે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં (૧) રુચિરૂપે, (૨) નિશ્ચયરૂપે, (૩) શુદ્ધનયના હેતુરૂપે, (૪) પ્રણિધાનરૂપે અને (૫) પરિણતિરૂપે સંયમાર્થીએ વસવાટ કરવો જોઈએ. આવી પોતાની આત્મદશાનું નિર્માણ નિર્ગ્રંથ દશાને ઝંખતા સાધકે કરવું જ જોઈએ. આ રીતે જ હમણાં **યોગશાસ્ત્ર** સંદર્ભ દ્વારા જણાવેલ ત્રીજી મનોગુપ્તિ અને **જ્ઞાનસાર**માં દર્શાવેલ તાત્ત્વિક મૌન = મુનિપણું સંપ્રાપ્ત થાય. તેનાથી કુશલ અનુબંધની પરંપરા પ્રવર્તે છે. વીતરાગ સર્વજ્ઞ ભગવંતે બતાવેલ આ તાત્ત્વિક અને પરિપૂર્ણ મોક્ષમાર્ગ છે.

### ❈ અંતઃકરણને નીરવ કરીએ ❈

તેથી સંયમજીવનમાં પ્રાથમિક આવશ્યક શાસ્ત્રાભ્યાસ પૂર્ણ થયા બાદ પોતાનું અંતઃકરણ જે રીતે શાંત, નીરવ, નિર્વિકલ્પ, નિર્વિચાર, નિસ્તરંગ થાય અને ધ્યેય એવા પરમાત્માના વીતરાગતાદિ ગુણોથી ઝડપથી રંગાયેલું-વણાયેલું થાય તે રીતે રોજે રોજ કમ સે કમ એકાદ કલાક તો આદર-અહોભાવથી પ્રયત્ન કરવો જ જોઈએ. પોતાના ઉપયોગને સંવેગ-નિર્વેદ પરિણામથી ભાવિત કરીને તેવા ઉપયોગ દ્વારા આ પ્રયત્ન કરવાનો છે. કાયા, કર્મ, સંકલ્પ, વિકલ્પ, રાગાદિ વિભાવ પરિણામો વગેરેથી કાયમી છૂટકારો મેળવવાની ઝંખનાવાળા આત્માર્થી જીવોએ આવો પ્રયત્ન કર્યા વિના છૂટકો જ નથી. કારણ કે અંતઃકરણ શાન્ત થાય તો જ આત્મજ્યોતિનું દર્શન સંભવી શકે. આ અંગે **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે 'મન શાંત થાય તો જ (૧) આત્માની શાંત સહજ ચૈતન્યજ્યોત પ્રકાશે છે, (૨) (દેહાદિમાં આત્મબુદ્ધિ વગેરે સ્વરૂપ) અવિદ્યા ભસ્મીભૂત થાય છે. તથા (૩) મોહનું (= આત્મસ્વરૂપવિષયક અજ્ઞાનનું) અંધારું વિલય પામે છે.

### ❯ ધ્યાનાભ્યાસાદિ વડે નિજ પ્રજ્ઞાને ચોક્ખી કરીએ ❯

તેથી સાધક ભગવાને પ્રારંભમાં આગમ અને અનુમાન-તર્ક દ્વારા પોતાની પ્રજ્ઞાનું સંસ્કરણ -ઘડતર કરીને, ત્યાર બાદ ધ્યાનાભ્યાસમાં રસ કેળવીને તે જ પ્રજ્ઞાને સારી રીતે સ્વચ્છ કરવી જોઈએ. આ રીતે જ વૃત્તિસંક્ષય, સામર્થ્યયોગ વગેરે સ્વરૂપ સર્વોત્કૃષ્ટ યોગને સાધક મેળવે છે. આ જ અભિપ્રાયથી **યોગદષ્ટિ સમુચ્ચય, બ્રહ્મસિદ્ધાન્ત સમુચ્ચય, લલિત વિસ્તરા, યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** અને **પાતંજલ યોગસૂત્રભાષ્ય**માં જણાવેલ છે કે 'આગમ, અનુમાન અને ધ્યાનાભ્યાસનો રસ - આ ત્રણેય દ્વારા પ્રજ્ઞાને તૈયાર કરતો સાધક ઉત્તમ યોગને મેળવે છે.' ક્યાંક 'ધ્યાનાભ્યાસ' ના બદલે 'યોગાભ્યાસ' એવો પાઠ છે તથા '**યોગં**' ના સ્થાને '**તત્ત્વં**' પાઠ છે. અર્થમાં ખાસ ફરક નથી. તેથી દીક્ષિત જીવનમાં પ્રાથમિક શાસ્ત્રાભ્યાસ પૂર્ણ થયા બાદ જેમ જેમ પોતાનું અંતઃકરણ શાંત અને બાહ્ય બાબતોમાં ઉદાસીન બને તેમ તેમ પ્રકૃષ્ટ ઉદ્યમ કરવો જોઈએ. 'વિશિષ્ટ પ્રકારે ક્રિયાથી પરિણત થયેલી સમજણવાળા સાધક તો અવસર આવે એટલે પરમ ઉપેક્ષામાં = ઔદાસીન્યદશામાં જ વસવાટ કરે છે. કારણ કે તેવી

પરમ ઉદાસીનદશા એ જ મોક્ષસુખની પ્રસાદી સ્વરૂપ છે' - આ વાત **અધ્યાત્મમતપરીક્ષાવૃત્તિમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે અત્યંત ગંભીરપણે અને સ્પષ્ટપણે જણાવેલ છે. આ વાત ખરેખર યુક્તિસંગત જ છે. કારણ કે આ રીતે જ સાધુ ઝડપથી ધ્યેયગુણમય બની શકે. ઈન્દ્રિયના વિષયોમાંથી ઈન્દ્રિયોને અને મનને છોડાવવા સ્વરૂપ ઉન્મનીભાવ પણ આ રીતે જ સિદ્ધ થાય. બીજી કોઈ રીતે નહિ. પરમાત્મગુણમય બનવું અને ઉન્મનીભાવને પ્રગટાવવો એ તો સાધુજીવનમાં મુખ્ય લક્ષ્ય છે.

### ● સાધક ધ્યેયગુણમય બને ●

પ્રસ્તુતમાં **ષોડશક** ગ્રંથની એક વાત ઊંડાણથી વિચારવી. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'દીક્ષા જીવનમાં સૌપ્રથમ ધ્યાન-અધ્યયનમાં અભિરતિ-અભિરુચિ હોય છે. પછી તન્મયતા = ધ્યેયગુણમયતા આવે છે.' જ્યારે બહારમાં પરમ ઉદાસીનભાવ ઘૂંટાવાથી શબ્દાદિ વિષયોમાં ગ્રાહ્યતા મરી પરવારે તથા ઈન્દ્રિય, મન અને આત્મા - આ ત્રણમાં શબ્દાદિની ગ્રાહકતા મરી પરવારે ત્યારે નિત્ય અને નિરંજન એવા આત્માનું ધ્યાન કરવાના બળથી દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, રાગાધ્યાસ, નામાધ્યાસ વગેરેનો અત્યંત ક્ષય થતાં આત્મજ્ઞાનીને તન્મયભાવ = તન્મયતા = ધ્યેયગુણમયતા પ્રાપ્ત થાય છે. આ જ અભિપ્રાયથી **ધ્યાનદીપિકા**માં **શ્રીસકલચન્દ્ર ઉપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'ગ્રાહ્ય -ગ્રાહકભાવશૂન્યસાધક તન્મયભાવને પ્રાપ્ત કરે છે.' તથા **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'જે જ્ઞાની સાધક નિરંજન નિત્ય પરમાત્માની ધ્યાનાદિ વડે ઉપાસના કરે છે, તે ધ્યાન દ્વારા કર્મના કચરાને (દેહાધ્યાસાદિને) સાફ કરીને તન્મયતાને = ધ્યેયગુણમયતાને પામે છે.'

### ✽ મનોવિજયનો મનનીય માર્ગ ✽

અહીં પરમ ઉદાસીનભાવનો અભ્યાસ કરવાના અવસરે **યોગશાસ્ત્ર**ની અમુક વાતો ભૂલવા જેવી નથી. ત્યાં શ્રી**હેમચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'બહારમાં અને અંદરમાં તમામ ચિન્તાઓથી અને ચેષ્ટાઓથી છૂટેલા યોગી તન્મયભાવને પ્રાપ્ત કરીને અત્યંત ઉન્મનીભાવને અનુભવે છે. પોત-પોતાના વિષયોને ગ્રહણ કરતી ઈન્દ્રિયોને રોકવી નહિ તથા (વિષયોમાં પ્રવૃત્ત ન થતી) ઈન્દ્રિયોને વિષયોમાં પ્રવર્તાવવી નહિ. આ રીતે સાધક ન તો ઈન્દ્રિયોને રોકે કે ન તો ઈન્દ્રિયોને પ્રવર્તાવે, તો પરમ તત્ત્વ ઝડપથી પ્રકાશે છે. મન પણ જ્યાં-જ્યાં પ્રવર્તતું હોય ત્યાં-ત્યાંથી તે મનને અટકાવવું નહિ. કારણ કે મનને અટકાવેલ હોય તો તે વધારે દોડવા માંડે છે. જો મનને અટકાવેલ ન હોય તો પોતાની મેળે તે મન શાંત થઈ જાય છે.' પરંતુ સામે ચાલીને આસક્તિથી કે કુતૂહલથી નવા-નવા વિષયોમાં મનને દોડાવવું નહિ, પ્રવર્તાવવું નહિ. ગંભીર બુદ્ધિથી આ વાતને આત્માર્થી સાધકે વિચારવી. આધ્યાત્મિક પ્રયોજન ઝડપથી સિદ્ધ કરવા ઉપર વજન આપવું. અહીં દેહ-ઈન્દ્રિય-મનને ઉચ્છૃંખલ બનાવવાની વાત નથી કરવી. પરંતુ તેને શાંત-સ્વસ્થ કરવાની વાત કરવી છે. આ તાત્પર્યને ખાસ ધ્યાનમાં લેવું.

### ❖ ઈન્દ્રિયવિજયનો માર્ગ ❖

એ જ રીતે **વીતરાગસ્તોત્ર**નો એક શ્લોક પણ અહીં ગંભીરતાથી વિચારવો. ત્યાં શ્રી**હેમચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'હે ભગવંત ! આપે ઈન્દ્રિયોનું દમન પણ ન કર્યું. તથા ઈન્દ્રિયોને બેમર્યાદપણે સામે ચાલીને વિષયોમાં પ્રવર્તાવી પણ નહિ. આ રીતે આપે સુંદર બુદ્ધિથી (સાચા માર્ગે ચાલીને) ઈન્દ્રિયવિજય

મેળવ્યો.' તેમજ **અધ્યાત્મ ઉપનિષત્** ગ્રંથમાં **મહોપાધ્યાયજી**એ પણ માર્મિકપણે જણાવેલ છે કે 'યોગસિદ્ધ પુરુષ પાંચેય ઈન્દ્રિયોના વિષયોને છોડે નહિ કે છોડવાનો પ્રયત્ન પણ કરે નહિ તથા ગ્રહણ કરે નહિ કે ગ્રહણ કરવાનો પ્રયત્ન પણ કરે નહિ. માત્ર વિષયોને તે પરમાર્થથી જાણે-જુએ.' અત્યંત સંવેગ -વૈરાગ્યભાવિત પ્રજ્ઞાથી આ શાસ્ત્રોક્તિઓની વિભાવના કરવી. તથા બહારમાં કાયિક-વાચિક નિવૃત્તિનો તથા અંદરમાં વૈચારિક નિવૃત્તિનો અભ્યાસ કરવો.

## ✡ જ્ઞાનયોગ વડે ચિત્તનિવૃત્તિનો અભ્યાસ કરીએ ✡

તેથી પ્રવૃત્તિ-પ્રવૃત્તિ ને પ્રવૃત્તિના ભાર બોજ નીચે દટાઈ જવાની, કચડાઈ જવાની ગંભીર ગોઝારી ભૂલ દીક્ષિત જીવનમાં કદાપિ ન જ કરવી. પરંતુ અહીં બતાવ્યા મુજબ પોતાના આત્માના સ્વરૂપનું અનુસંધાન કરવા દ્વારા અંતર્મુખ થઈને શાંત ચિત્તે દેહાધ્યાસની + ઈન્દ્રિયાધ્યાસની + બહિર્મુખી ચિત્તવૃત્તિઓની નિવૃત્તિનો હેતુ બને તેવો અભ્યાસ પણ કરવો જ જોઈએ. **પાતંજલ યોગદર્શનની (યોગસૂત્ર-** ૧/૧૮) પરિભાષા મુજબ આ અભ્યાસ 'વિરામ પ્રત્યય અભ્યાસ' કહેવાય છે. તે દીક્ષિત જીવનમાં વણાઈ જવો જોઈએ. માત્ર આત્મામાં આનંદની અનુભૂતિસ્વરૂપ જ્ઞાનયોગના માધ્યમથી આ નિવૃત્તિનો અભ્યાસ તાત્ત્વિક થાય. આવો નિવૃત્તિનો અભ્યાસ દીક્ષાજીવનમાં અતિ આવશ્યક છે. બાકી તો પ્રવૃત્તિ -નિવૃત્તિમય એવી ચારિત્રપરિણતિનો સંપૂર્ણપણે સાચો સ્વાદ માણી ન જ શકાય. ચારિત્રના પ્રવૃત્તિઅંશનો અભ્યાસ જેમ કરવામાં આવે છે, તેમ બાહ્ય-આંતર નિવૃત્તિઅંશનો પણ આગળની દશામાં તો અભ્યાસ થવો જ જોઈએ. વર્ષોની સંયમસાધના પછી પણ રસપૂર્વક બહારમાં ચિત્તવૃત્તિ ઉપાદેયબુદ્ધિથી ભટકે જ રાખે તે દીક્ષિત જીવનની કરુણ દુર્ઘટના (Tragedy) જ કહેવાય. તેથી બહારમાં ઉત્સુકતા-કુતૂહલ -કૌતુક-જિજ્ઞાસા મરી પરવારે તેવી ઉદાસીનતા સંયમીએ મેળવવી જ જોઈએ. **ભગવતીસૂત્ર**માં ૧ વર્ષની સંયમસાધના પછી સંયમી અનુત્તરવિમાનવાસી દેવની તેજોલેશ્યાને ઓળંગી જાય - આવું જણાવેલ છે. તે ભૂમિકાએ પહોંચવા માટે સંયમીએ એક વર્ષની અંદર જ બહિર્મુખી ચિત્તવૃત્તિને વિરામ આપવો જ જોઈએ. તે માટે પૂર્વોક્ત (જુઓ- પૃષ્ઠ ૫૬૪ થી ૫૬૮) અંતરંગ પુરુષાર્થ પંદર પ્રકારે કરવો જ જોઈએ.

**પ્રશ્ન** :- શરીર-ઈન્દ્રિય-મનની નિવૃત્તિનો અભ્યાસ કરવામાં રુચિ કઈ રીતે જગાડવી ?

## ❋ નિવૃત્તિ અભ્યાસની રુચિના બે ઉપાય ❋

**ઉત્તર** :- શરીર, ઈન્દ્રિય અને અન્તઃકરણ - આ ત્રણેય શાંત થાય, સ્થિર થાય, નિવૃત્ત થાય, નીરવ થાય તેનો અભ્યાસ (Practice) કરવામાં જીવોને સામાન્યથી રુચિ જાગતી નથી. તેમ કરવામાં સમય બગડતો હોય, કશું પ્રયોજન ન સધાતું હોય - તેવી પ્રાયઃ જીવોને પ્રતીતિ થતી હોય છે. તેથી જ નિવૃત્તિનો અભ્યાસ કરવામાં કંટાળો, નીરસતા, થાક, ઊંઘ, બગાસા, ઝોકા, નિદ્રા, તંદ્રા વગેરેનો અનુભવ થતો હોય છે. પ્રવૃત્તિનો જ અભ્યાસ કરવા ટેવાયેલ શરીર, ઈન્દ્રિય અને મન નિવૃત્તિનો અભ્યાસ કરવામાં પ્રારંભમાં સાથ ન આપે - તેવું પણ બને. તેથી તેવી નિવૃત્તિના અભ્યાસમાં રુચિ-ઉલ્લાસ-ઉમંગ-શ્રદ્ધા -વિશ્વાસ લાવવા, ટકાવવા અને વધારવા માટે (A) તારક જિનેશ્વર ભગવંતની (૧) એકાન્ત, (૨) મૌન, (૩) ઈન્દ્રિયપ્રત્યાહાર, (૪) આત્મસ્વરૂપની ધારણા, (૫) ધ્યાન, (૬) સમાધિ, (૭) કાયોત્સર્ગ આદિની મુખ્યતાવાળી સાધનાને વારંવાર આદરભાવે ઊંડાણથી વિચારવી. તથા (B) 'આપણે સામાન્ય જન નહિ

પણ જૈન છીએ, જિનેશ્વરના અનુયાયી છીએ. જિનેશ્વરના સાધનામાર્ગે ચાલવાનો જેને ઉમળકો ન જાગે તેને જૈન કહેવડાવવાનો અધિકાર કઈ રીતે મળે ?' આ અંગે ઊંડી મીમાંસા કરવી. આ બે વિચારણાના લીધે 'આ કરું. તે કરું. પેલુ કરું. શું કરું ?' - ઈત્યાદિ કર્તૃત્વભાવના વળગાડમાંથી છૂટીને 'હું મારામાં ઠરું, મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ઠરું. પરમ નિર્વિકાર, શાશ્વત શાંતરસમય, સહજ સમાધિમય, અનંતાનંદમય નિજસ્વરૂપમાં હું ઠરું' - આવી નિજસ્વભાવમાં મગ્નતા-સ્થિરતા-રમણતા-લીનતા માટેનો ઉત્સાહ-ઉમંગ -તલસાટ-તરવરાટ પ્રગટે અને બાહ્ય વિષયોમાંથી શરીર-ઈન્દ્રિય-મન-ઉપયોગ-રુચિ-પરિણતિ સ્વરસથી નિવૃત્ત થાય. આ રીતે પોતાનો ઉપયોગ આત્મસ્વરૂપમાં દૃઢપણે વિશ્રાન્ત થાય, સ્થિર થાય, મગ્ન થાય.

## પાપઅકરણનિયમ-વૃત્તિસંક્ષયને આત્મસાત્ કરીએ

આ અવસ્થામાં પાપસ્થાનકોમાં પ્રવૃત્તિ ન કરવાનો નિયમ = અકરણનિયમ પ્રકૃષ્ટ બને છે. દેડકાની રાખ થયા પછી તેમાંથી ફરીથી દેડકો ઉત્પન્ન થઈ ન શકે તે દૃષ્ટાંતથી ફરી ક્યારેય કર્મવૃત્તિઓ ઉદ્ભવે નહિ, તે રીતે આ અવસ્થામાં પારમાર્થિક વૃત્તિસંક્ષયની સૌપ્રથમ શરૂઆત થાય છે. આ જ અભિપ્રાયથી **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'દેડકાની ભસ્મ થવાના ઉદાહરણથી આત્મામાં કર્મનો સંબંધ થવાની યોગ્યતાનો અત્યંત ઉચ્છેદ થવાથી મહામુનિ કર્મવૃત્તિબીજને બાળીને ત્યાર બાદ આત્મકલ્યાણને મેળવે છે.' 'આત્મામાં કર્મનો સંબંધ થવાની યોગ્યતાની નિવૃત્તિ એ વૃત્તિસંક્ષય કહેવાય' - આવું **પાતંજલયોગસૂત્રવિવરણ**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે. ખરેખર આવી ઉન્નત -ઉમદા-ઉદાત્ત આત્મદશા ત્યારે પ્રગટે છે.

## ધ્યાનાદિ દ્વારા નિવૃત્તિને સાધીએ

ત્યાર બાદ અવાર-નવાર મહોત્સવાદિની હારમાળા, બિનજરૂરી લાંબા-લાંબા વિહાર, પત્રાચાર, વાણીવિલાસ, વાગ્આડંબર, નવા-નવા ગૃહસ્થોનો પરિચય, વિજાતીય સંયમીઓનો સતત સંપર્ક વગેરે પ્રવૃત્તિમાં આત્માર્થી નિર્ગ્રન્થ સ્વરસથી જોડાય નહિ કે તેવી પ્રવૃત્તિઓની સામે ચાલીને ઉદીરણા ક્યારેય ન કરે. કારણ કે તેવી પ્રવૃત્તિઓ આત્મા-સંવર-નિર્જરા વગેરે તત્ત્વમાં ઉપાદેયપણાનું કે અજીવ-આશ્રવ -બંધાદિ તત્ત્વમાં હેયપણાનું સંવેદન કરવાની ક્ષમતાને અવરોધે છે. બાહ્ય પ્રવૃત્તિઓનો બોજો વધવાથી હૃદયની આર્દ્રતા, ભદ્રકતા, નિખાલસતા, કોમળતા, સરળતા, સમતા, સંવેદનશીલતા, અન્તર્મુખતા, ઔચિત્ય વગેરે પ્રાયઃ હણાય છે. પ્રશસ્ત એવી પણ શાસનપ્રભાવના વગેરે પ્રવૃત્તિઓ જો સતત ચાલુ ને ચાલુ જ રહે તો પોતાના શુદ્ધ ચેતન દ્રવ્યમાં દૃષ્ટિને-ઉપયોગને સ્થાપિત કરવાની રુચિને જગાડવાની-જોડવાની-ટકાવવાની -વધારવાની બાબતમાં, વીર્યોલ્લાસાદિ પ્રાયઃ ઉછળતા નથી. કેમ કે તેવી પ્રવૃત્તિનો વળગાડ તેવા વીર્યોલ્લાસ વગેરેને હણે છે, દબાવે છે, આવરે છે. તેથી તેવી બાહ્ય પ્રવૃત્તિનો વળગાડ છોડી આત્મવિશુદ્ધિના લક્ષ્યથી આવશ્યક ચારિત્રાચારાદિને પાળી, સંવેદનશીલ હૃદયથી આપણા પરમધ્યેય એવા પરમાત્માની પ્રતિમા વગેરેનું આલંબન લઈને પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપની પરમ ભક્તિ-ઉપાસના કરવી જોઈએ. પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપને ઉછળતા ઉલ્લાસ-ઉમંગથી ભજીને આત્માર્થી સાધકે પોતાના અંતઃકરણને શાંત-નીરવ -નિર્વિકલ્પ-નિર્વિચાર-નિસ્તરંગ-ધ્યેયગુણમય કરવા માટે નિજશુદ્ધ પરમાત્મતત્ત્વનું ધ્યાન, સહજ સમાધિ, કાયોત્સર્ગ વગેરે નિવૃત્તિપ્રધાન સદનુષ્ઠાનનો = સાધનાનો સારી રીતે અભ્યાસ કરવો.

### ❈ .... તો આત્મદ્રવ્યાદિ શુદ્ધપણે પરિણમે ❈

અનેક નય, પ્રચુર નિક્ષેપ અને વિવિધ પ્રમાણો દ્વારા પોતાના અને બીજાના, શુદ્ધ અને અશુદ્ધ એવા દ્રવ્ય-ગુણ-પર્યાયોનો ઊંડો અભ્યાસ કરવાથી પોતાની બુદ્ધિ સૂક્ષ્મ અને સક્રિય બને છે. સૂક્ષ્મબુદ્ધિ તો પારમેશ્વર પ્રવચનના પ્રૌઢ પદાર્થોનો નિર્ણય કરવામાં કુશળ હોય છે. સક્રિયબુદ્ધિ આગમોક્ત પદાર્થોનો નિર્ણય કરવામાં સતત ગળાડૂબ હોય છે, તત્પર હોય છે, ચપળ હોય છે. દ્રવ્યાનુયોગના અભ્યાસથી બુદ્ધિને સૂક્ષ્મ અને સક્રિય કર્યા બાદ તે જ બુદ્ધિને નીરવ અને નિષ્ક્રિય કરવાની છે. તે જ રીતે સૌપ્રથમ શાસ્ત્રાભ્યાસ, ધ્યાન, તપશ્ચર્યા વગેરે વડે અંતઃકરણને એકાગ્ર અને સાત્ત્વિક કરવાનું છે. પછી તે જ અંતઃકરણને સમતા, સમાધિ, વૃત્તિસંક્ષય વગેરે સાધના દ્વારા શાંત તથા શુદ્ધ કરવાનું છે. સહજમળ, લય, આવરણશક્તિ, વિક્ષેપશક્તિ વગેરે સ્વરૂપ ચિત્તની ઘરવખરીને ખાલી કરવાની છે, ચિત્તમાંથી બહાર કાઢવાની છે. (૧) આત્માના ચૈતન્યસ્વભાવનો વિરોધ કરનારું બળ એટલે સહજમળસ્વરૂપ ચિત્તશક્તિ. (૨) જાપ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે સાધનાના અવસરે નિદ્રા-તન્દ્રા વગેરે લાવે તે ચિત્તની લયશક્તિ. (૩) આશ્રવ, બંધ વગેરે હેય તત્ત્વોમાં હેયપણાની બુદ્ધિને જે આવરી દે અને સંવર-નિર્જરાદિ ઉપાદેય તત્ત્વોમાં ઉપાદેયપણાની બુદ્ધિને જે ઢાંકી દે, અટકાવી દે તે ચિત્તની આવરણશક્તિ. (૪) તથા તે જ આશ્રવ, બંધ વગેરે હેય તત્ત્વોમાં ઉપાદેયપણાની બુદ્ધિને ઉત્પન્ન કરનારી, સંવર-નિર્જરાદિ ઉપાદેય તત્ત્વોમાં હેયપણાની બુદ્ધિને ઊભી કરનારી અને અંદરમાં મિથ્યા આભાસ ઊભો કરનારી ચિત્તની વિક્ષેપશક્તિ જાણવી.

### ❁ આપણે આપણા સ્વરૂપમાં વસીએ ❁

આ ચારેય અનાદિકાલીન કચરાને ચિત્તમાંથી (= લબ્ધિમનમાંથી) બહાર કાઢવા માટે અસંગ સાક્ષીભાવ, જ્ઞાતા-દૃષ્ટાભાવ પરિણતિ, નિજચિત્તનિરીક્ષણ, સ્વચિત્તવૃત્તિપરીક્ષણ, પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવની ભાવના વગેરેનો ઊંડો દીર્ઘકાલીન અભ્યાસ કરવો. તેના બળથી તે ચારેય પ્રકારના કાદવ -કીચડ-કચરાને લબ્ધિમનમાંથી બહાર કાઢવા. પરંતુ આ કાર્યમાં જરાય ગભરાવું નહિ. કારણ કે 'દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં જ વસે છે. એક ચીજ બીજાના સ્વરૂપમાં વસી શકે નહિ' - આવું **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યામાં** મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજીએ** જણાવેલ છે. મતલબ કે સહજમળ વગેરે આત્માના ચૈતન્યસ્વરૂપમાં પગ-પેસારો કરી શકે નહિ. તેવો તેને અધિકાર નથી. નિશ્ચયનય એમ કહે છે કે 'સહજમળ વગેરે પોતાના જ સ્વરૂપમાં રહે, આત્મામાં ન રહે.' વ્યવહારનય એમ કહે છે કે 'આત્મામાં જ સહજમળ વગેરે રહેલા હોય - તેવો અનુભવ થાય છે.' બન્ને નયના અભિપ્રાયનું સંયોજન કરવાથી ખ્યાલ આવે છે કે સહજમળ વગેરે ચારેય મલિન તત્ત્વો આપણા લબ્ધિમનમાં રહીને ચૈતન્યની સહાયથી પોતાનું કામ કરે છે. પરંતુ અજ્ઞાનવશ આત્મા તે કાર્યોને પોતાના માની લે છે. આ ભ્રમના લીધે જ અનાદિ કાળથી સંસાર ચાલી રહ્યો છે. લબ્ધિમનમાંથી સહજમળ વગેરે નીકળી જાય તો આ સંસારચક્રનો વિરામ થાય. તેથી મુમુક્ષુએ ભવભ્રમણને ટાળવા માટે નિર્ભયતાથી તે ચારેય મલિન તત્ત્વોને પોતાના લબ્ધિમનમાંથી બહાર કાઢવા તથા મહામોહને મૂળમાંથી ઉખેડી નાંખવો. તો જ નિજાત્મદ્રવ્ય -ગુણ-પર્યાયોનું શુદ્ધપણે અને સાનુબંધપણે ઝડપથી પરિણમન થાય.

### ❁ તત્ત્વસંવેદનજ્ઞાન-ભાવનાજ્ઞાન મેળવીએ ❁

**અષ્ટકપ્રકરણ**માં શ્રીહરિભદ્રસૂરિજીએ દર્શાવેલ આત્મપરિણતિવાળું જ્ઞાન ત્યારે તત્ત્વસંવેદન-જ્ઞાનરૂપે પરિણમે છે. **ષોડશક** પ્રકરણમાં દર્શાવેલ ચિંતામય જ્ઞાન હવે ભાવનામય જ્ઞાન સ્વરૂપે શીઘ્રતાથી પરિણમે છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ, અધ્યાત્મસાર** વગેરે ગ્રંથોમાં વર્ણવેલું, તત્ત્વસંવેદનજ્ઞાનથી વણાયેલું અનુબંધશુદ્ધ અનુષ્ઠાન પરમાર્થથી આ દશામાં સિદ્ધ થાય છે. તેનાથી- મૂળમાંથી દોષો ઉખડે છે. દેડકાની રાખ થાય તેમ દોષો અહીં પ્રચુર પ્રમાણમાં ભસ્મીભૂત થતા જાય છે. કેમ કે ગુણ-દોષ અંગે લાભ -નુકસાનની વિચારણા, આત્મશુદ્ધિનું પ્રબળ પ્રણિધાન તથા જયણા, વિધિ વગેરેથી યુક્ત દૃઢપ્રવૃત્તિ વગેરે ત્યારે ત્યાં હાજર હોય છે.

### ❁ થોડોક ધર્મપુરુષાર્થ કરીને અટકીએ નહિ ❁

ઉપરોક્ત સઘળી પ્રક્રિયાના પ્રભાવે જ ધ્યાનાદિ પૂર્ણ થયા બાદ પણ સર્વત્ર સતત પોતાના શુદ્ધ સ્વરૂપનું અનુસંધાન અખંડપણે ટકી રહે છે. જો ઉપરોક્ત રીતે મોક્ષમાર્ગે સાધક આગળ ન વધ્યો હોય તો પોતાના સ્વરૂપની ખંડશઃ ઉપાસના કરવા સ્વરૂપ ત્રુટક-ત્રુટક ધર્મપુરુષાર્થ થાય. પરંતુ અખંડપણે અને પરિપૂર્ણપણે મોક્ષપુરુષાર્થ ન થાય. ત્રુટક-ત્રુટક અને છુટક-છુટક ધર્મપુરુષાર્થ કરવાના બળથી આપણું મુખ્ય કાર્ય સિદ્ધ ન થાય, સમગ્રપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ ન થાય. પૂર્વે અનેક વાર આ જીવ થોડોક ધર્મપુરુષાર્થ કરીને પણ થાકી ગયો. થોડી સાધના કરીને 'મેં ઘણી સાધના કરી' - આવી ભ્રાન્તિથી જીવ સાધનામાર્ગથી પાછો વળી ગયો. તથા ફરીથી રાગાદિ વિભાવ પરિણામોમાં મૂઢ બનીને, જન્મ -રોગ-ઘડપણ-મોત-દુર્ગતિ વગેરે અનેક પ્રકારના ભયાનક ઉપદ્રવોથી રૌદ્ર બનેલા ભવવનમાં ઘણું ભટકેલ છે. ગ્રંથિદેશ પાસે આવીને પણ આ જીવ ઢીલો પડી ગયો અને મોહદશામાં અટવાઈને રાગાદિગ્રંથિનો ભેદ કરવાને બદલે ગ્રંથિને મજબૂત કરી બેઠો. આ રીતે ભવસાગરના કિનારે આવેલા જીવને પણ મોહના મોજા તાણીને ભવસાગરમાં ડૂબાડી દે છે. આ ભવમાં ફરીથી આવું ન બની જાય તે માટે આત્માર્થીએ સાવધાન રહેવું. પ્રભુપ્રસાદથી હવે ઝડપથી અખંડ-પરિપૂર્ણ મોક્ષપુરુષાર્થનું મંગલાચરણ કરીએ.

### ❁ ભિક્ષાટનાદિ કાળે પણ આત્મધ્યાન અવ્યાહત ❁

ભાવનિર્ગ્રન્થને તો તથાવિધ આત્મસ્વરૂપનું અનુસંધાન સતત સર્વત્ર ટકે છે. તેના બળથી જ ભિક્ષાટનાદિ કાળે પણ તેમનું આત્મધ્યાન અવ્યાહત-અખંડ જ વર્તતું હોય છે. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'રસગૃદ્ધિથી કે દેહઆસક્તિથી નહિ પરંતુ માત્ર શરીરનો નિર્વાહ કરવા માટે આત્મજ્ઞાનીની ભિક્ષાટનાદિ જે કોઈ પણ ક્રિયા પ્રવર્તતી હોય તે અસંગભાવથી - અનાસક્તિથી પ્રવર્તતી હોવાથી ધ્યાનનો વ્યાઘાત ન જ કરે.' તથા 'કોઈ તેવી ક્રિયા (સાધુ જીવનમાં) નથી કે જેનાથી સાધુને ધ્યાન ન થાય' - આ મુજબ **આવશ્યકનિર્યુક્તિ વ્યાખ્યા**માં **ધ્યાનશતક**નું વિવરણ કરતાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જે જણાવેલ છે, તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું.

### ❁ અપૂર્વ અનુપ્રેક્ષાના પ્રકાશનમાં ન અટવાઈએ ❁

ઉપર જણાવેલી પદ્ધતિ અનુસાર બુદ્ધિને નીરવ અને નિષ્ક્રિય કરવામાં આવે તથા અંતઃકરણને શાંત અને શુદ્ધ કરવામાં આવે ત્યારે જ્ઞાનાવરણાદિ કર્મોની પુષ્કળ નિર્જરા થાય છે. તેના કારણે ઘણી

વાર પોતાના અંતઃકરણમાં પ્રભુના પ્રસાદસ્વરૂપે ઢગલાબંધ અનુપ્રેક્ષાનો વરસાદ વરસતો હોય - તેવું સાધક અનુભવે છે. તે અનુપ્રેક્ષા પણ કદિ પૂર્વે ન સાંભળેલ, ન વિચારેલ, ન વાંચેલ એવા અપૂર્વ - અભિનવ અર્થનો આવિષ્કાર કરનારી લોકોત્તર હોય - તેવું પણ બનતું હોય. તથા તે અનુપ્રેક્ષાના પદાર્થો પણ માત્ર આત્માનુભૂતિ દ્વારા જ ઓળખી શકાય તેવા હોય છે. તેથી તેવી અનુપ્રેક્ષા બીજાને જણાવવાની ભાવના-લાલચ જાગે તે સ્વાભાવિક છે. પરંતુ ઉપર-ઉપરના ગુણસ્થાનક ઉપર ચઢવાની કામનાવાળા સાધકે તેવી અનુપ્રેક્ષાના પ્રદર્શન કે પ્રકાશન વગેરેમાં મોહાઈ ન જવું, અટવાઈ ન જ જવું. કારણ કે તેવી સાત્ત્વિક પ્રવૃત્તિના માધ્યમે પણ પોતાની બહિર્મુખતા પોષાઈ જવાથી, અહંકાર -મહત્ત્વાકાંક્ષાદિ ભાવો મજબૂત થઈ જવાથી મહામોહની ભૂલ-ભૂલામણીમાં અટવાઈ જવાય, ડૂબી જવાય - તેવી સંભાવના ઊભી જ રહે છે. તેવી પ્રવૃત્તિ સાધકને ફસાવે તેવી સંભાવના નકારી શકાતી નથી. એ માર્ગ લપસણો અને જોખમ ભરેલો છે. પરને માટે પાવન પદાર્થપ્રકાશને પાથરનારી તેવી પણ પ્રવૃત્તિ પોતાના માટે આગના ભડકાસ્વરૂપે સાબિત થઈ શકે છે. નમ્રતા-લઘુતા-અંતર્મુખતાદિ ગુણવૈભવને ભસ્મીભૂત કરનારી પણ તે પ્રવૃત્તિ બની શકે છે.

### ❋ અપૂર્વ અનુપ્રેક્ષાને અંતઃકરણમાં પરિણમાવીએ ❋

તથા તેવી અલૌકિક અપૂર્વ અનુભવગમ્ય અનુપ્રેક્ષાના વિચારોને પણ લબ્ધિમનમાં સંઘરી રાખવાના નથી. પરંતુ પોતાના અંતઃકરણને તે સ્વાનુભૂતિગમ્ય અનુપ્રેક્ષાથી પરિણત કરવાનું છે. કેમ કે અંતઃકરણમાં નિર્વિકલ્પસ્વરૂપે તેવી અનુપ્રેક્ષાનું અસ્તિત્વ ઈષ્ટ છે તથા આવશ્યક છે. ટૂંકમાં, અંતઃકરણને તે અનુપ્રેક્ષાની અસરવાળું કરવાનું છે. આ રીતે અંતઃકરણ લોકોત્તર અનુપ્રેક્ષાથી ભાવિત થવાથી જ નાના-મોટા પ્રસંગોમાં હર્ષ, વિષાદ, ક્રોધ, શોક, અહંકાર વગેરે ભાવો જાગતા નથી. તેના લીધે તાત્ત્વિક પંડિતાઈનો-પ્રાજ્ઞતાનો લાભ સંભવે છે. અહીં **આચારાંગસૂત્ર**ની સૂક્તિની વિભાવના કરવી. ત્યાં જણાવેલ છે કે 'પંડિત રાજી ન થાય કે નારાજ ન થાય.'

### ❋ વિકલ્પદશાને બાળી નાંખો ❋

મૂળ વાત એ છે કે નવા-નવા વિકલ્પના ઘોંઘાટવાળી સ્થિતિમાં ફસાવાનું નથી. અવનવા તર્ક-વિતર્કના વમળને ઊભા કરવાના નથી. વિચાર-વિચાર ને વિચારમાં અટવાવાનું નથી. અન્તર્જલ્પ -બબડાટ-અંદરના ધ્વનિઓની હારમાળામાં ખોટી થવાનું નથી. વિકલ્પાદિની વ્યગ્રતાને છોડીને વિકલ્પદશાને પૂર્ણતયા બાળવાની છે, નષ્ટ કરવાની છે. પોતાના આંતરિક લાગણીતંત્રને - રુચિપ્રવાહને પરમ નિર્વિકારી નિજ પરમાત્મતત્ત્વમાં દઢપણે જોડવાનું, તેમાં કેન્દ્રિત કરવાનું કામ મુખ્ય છે. તેમાં બાધક હોવાથી વિકલ્પદશાને બાળવાની વાત જણાવી છે. ચિત્તને તે લોકોત્તર અનુપ્રેક્ષા સંબંધી પણ વિકલ્પોમાં અટવાવાનું નથી. પણ એ અનુપ્રેક્ષાની અસરવાળું અંતઃકરણ કરવાનું છે. નિર્વિકલ્પપણે એવી અનુપ્રેક્ષાઓ જે અંતઃકરણમાં પરિણમે છે, તે અંતઃકરણના રુચિપ્રવાહને સરળતાથી અને સહજપણે નિજ પરમાત્મતત્ત્વમાં કેન્દ્રિત કરી શકાય છે. તેના પ્રભાવે અન્તરાત્મદશાની પુષ્કળ શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. અંતરાત્મદશા બળવાન બને છે. તેના લીધે પોતાનું પરમાત્મસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે.

### ❋ આંતરિક પરિણતિમાં વિધિ-નિષેધને લાગુ પાડીએ ❋

અત્યંત ઝડપથી પોતાની અંતરાત્મદશાને વિશુદ્ધ કરવા માટે તથા વધારવા માટે આત્માર્થી સાધકે,

બાહ્ય આચારોની બાબતમાં વિધિ-નિષેધ લગાવવાની જેમ પોતાની અંતરંગ પરિણતિમાં પણ વિધિ-નિષેધને લાગુ પાડવા. બાહ્ય આચારો અંગે જેટલા પ્રમાણમાં વિધિ-નિષેધ આપણે લાગુ પાડીએ છીએ, તેના કરતાં વધુ પ્રમાણમાં પ્રતિક્ષણ સવિશેષપણે પોતાની આંતરિક પરિણતિને સુધારવા માટે વિધિ-નિષેધ લગાડવા અત્યંત જરૂરી છે. તે આ પ્રમાણે સમજવું.

(૧) પોતાની પરિણતિને નિજ આત્મતત્ત્વની સન્મુખ કરવી, મોક્ષમાર્ગાભિમુખી બનાવવી એ આંતરિક વિધિ તથા પરસન્મુખ પોતાની મલિન પરિણતિનો પ્રત્યાહાર કરવો એ આંતરિક નિષેધ.

(૨) પોતાની ચિત્તવૃત્તિના પ્રવાહને ઉછળતા ઉલ્લાસ-ઉમંગથી નિજાનંદમય અતીન્દ્રિય અપરોક્ષ જ્ઞાન તરફ વાળવો, તેને નિર્મળ-નિર્લેપ જ્ઞાનના મહિમાથી ભાવિત કરવો, જ્ઞાનમાહાત્મ્યવાળો કરવો એ આંતર વિધિ. તથા ઈન્દ્રિયજ્ઞાનથી તેને ઝડપથી પાછો વાળવો એ આંતર નિષેધ.

(૩) જ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય વગેરે કર્મના ક્ષયોપશમની ધારાને નિજાત્મતત્ત્વ તરફ વહેવડાવવી, સ્વાત્માના જ નિરીક્ષણ-પરીક્ષણ-સંશોધનાદિ માટે વાપરવી એ તાત્ત્વિક વિધિ. તથા પારકા દ્રવ્ય-ગુણ -પર્યાયની સન્મુખ વળેલ જ્ઞાન-શક્તિપ્રવાહનો અંતઃકરણથી ઈન્કાર કરવો એ તાત્ત્વિક નિષેધ.

(૪) કેવળ જાણનાર તત્ત્વને, પોતાના નિર્મળ જ્ઞાયક તત્ત્વને અપરોક્ષપણે સાક્ષાત્ સતત જાણવું એ પારમાર્થિક વિધિ. 'ખરેખર સ્વભિન્ન અન્ય વસ્તુને હું જાણતો જ નથી' - તેમ અંતરથી સ્વીકારીને બહારમાં જે કાંઈ વસ્તુ જણાઈ રહેલ છે, બાહ્ય જે કાંઈ વસ્તુ જ્ઞાનમાં પ્રતિભાસિત થઈ રહી છે, તેની અત્યન્ત ઉપેક્ષા-અવગણના કરવી એ પારમાર્થિક નિષેધ.

(૫) સ્વને ભાવ-આદરભાવ આપવો એ અભ્યંતર વિધિ. પોતાના જ શુદ્ધ આત્માનું બહુમાન -સન્માન, પોતાના જ નિર્મળ આત્મતત્ત્વની રુચિ-પ્રીતિ-શ્રદ્ધા-ભક્તિ, પોતાના જ નિર્મળ ચેતનતત્ત્વનો ઉલ્લસિતભાવે અનુભવ કરવાની તીવ્ર તડપન એ વિધિ. મતલબ કે બહુમાન-રુચિ-પ્રીતિ વગેરે બધાં જ નિર્મળ ભાવો પોતાના શુદ્ધાત્માને આપવા એ અભ્યંતર વિધિ. તથા પરવસ્તુને = પારકા દ્રવ્ય -ગુણ-પર્યાયને અને પોતાના જ અશુદ્ધ-ઔપાધિક એવા દ્રવ્ય-ગુણ-પર્યાયને આદરાદિ ભાવ આપનાર પરિણામનો સર્વથા નકાર-ઈન્કાર-ત્યાગ કરવો એ અભ્યંતર નિષેધ. આ રીતે પોતાના અંતરના પરિણામમાં વિધિ-નિષેધને પ્રતિપળ લાગુ પાડવાથી આત્માર્થીમાં પ્રબળ ભાવવિશુદ્ધિ જન્મે છે.

## સોળ પ્રકારે નિજસ્વરૂપનો વિચાર

આ રીતે પોતાના આંતરિક પરિણામને વિશે વિધિ-નિષેધનું સતત પાલન કર્યા પછી પોતાના નિર્મળ સ્વભાવને મેળવવા માટે સાધકે એકાન્ત સ્થાનમાં રહીને આર્દ્રતા, ગંભીરતા, વિરક્તતા, શાંતતા, અંતર્મુખતા વગેરે પરિણામોથી ચોતરફ વ્યાપ્ત થયેલા ચિત્ત વડે દઢતા સાથે, પોતાનું સમગ્ર અસ્તિત્વ આનંદથી ઝંકૃત થાય તે રીતે, સતત એકાગ્રપણે નીચે મુજબ સોળ પ્રકારે ભાવના કરવી કે :-

### આત્મા = શાશ્વત શાંતિધામ

"(૧) હું શાશ્વત શાંતિનું ધામ છું. અશાંતિ મારામાં લેશ પણ નથી. મારી શાંતિ પણ કામચલાઉ કે કૃત્રિમ નથી પણ શાશ્વત છે. અનુભવગમ્ય અતીન્દ્રિય અખંડ અનંત અક્ષય શાંતિનું ધામ છું.

### ✡ આત્મા = સહજસમાધિસદન ✡

(૨) હું સહજ સમાધિનું સદન = ઘર છું. અસમાધિ-સંકલેશ-ઉદ્વેગનું મારામાં જરા પણ અસ્તિત્વ

નથી. મારો સમાધિરસ પણ સહજ છે, સ્વાભાવિક છે, ઔપાધિક કે ઔપચારિક નથી. સમાધિનો અનુભવ કરવા માટે મારે પરાધીન થવાની જરૂર નથી. મારું સમગ્ર અસ્તિત્વ સહજ સમાધિમય છે.

(૩) હું શુદ્ધ શીતળતાનો હિમાલય છું. શીતળતાસ્વરૂપ હિમનું હું ઘર છું. ઉકળાટ-તાપ-ગરમી-ક્રોધનું તો મારામાં નામ-નિશાન નથી. હું તો પરમ શીતળ છું. જાણે હિમાલય જોઈ લો. મારી શીતળતા-ઠંડક એ પણ શુદ્ધ છે, અશુદ્ધ નથી, કર્મજન્ય નથી, પૌદ્ગલિક નથી. ચૂલા ઉપર પાણી ઉકળતું હોય ત્યારે પણ તેનો મૂળભૂત સ્વભાવ તો ઠંડો જ છે, ગરમ નથી જ. ગરમી અગ્નિનો સ્વભાવ છે, પાણીનો નહિ. તેમ ગરમી-સંક્લેશ-ક્રોધના ઉદય સમયે પણ મારો મૂળભૂત સ્વભાવ તો શુદ્ધ શીતળતા જ છે. ક્રોધનો તપારો એ તો માત્ર ને માત્ર ક્રોધમોહનીયકર્મના પુદ્ગલોનો સ્વભાવ છે, મારો તો બિલકુલ જ નહિ. ત્રણ કાળમાં મૂળભૂત અખંડ ચૈતન્યસ્વભાવથી ઉકળાટને હું સ્પર્શ્યો જ નથી.

## ❁ આત્મા પરમાનંદનો મહાસાગર છે ❁

(૪) હું પરમાનંદનો-પૂર્ણાનંદનો મહાસાગર છું. દુઃખ-વેદના-પીડા-રોગ-શોકનો એક પણ અંશ મારામાં નથી જ. મારામાં તો પ્રત્યેક આત્મપ્રદેશે આનંદ-આનંદ ને આનંદ ઠાંસી-ઠાંસીને અનાદિ કાળથી ભરેલો છે. મારે બહારમાં કોઈ વ્યક્તિ કે વસ્તુ પાસેથી સુખની ભીખ માંગવાની જરૂર નથી.

(૫) હું સ્વતઃ જ વિમલ વિવેકદૃષ્ટિનું ઘર છું. સ્વ-પરનો વિવેક કરવાની મારી દૃષ્ટિ મલિન નથી, સ્વાર્થગ્રસ્ત નથી, તિરસ્કારગર્ભિત નથી. પરંતુ અત્યંત વિમલ છે, નિર્મલ છે, નિર્દોષ છે.

(૬) હું સ્વભાવથી જ ચૈતન્યજ્યોતનું સ્થાન છું. હું દેહમય નથી. જડતા-મૂઢતા-અનુપયુક્તતાને મારામાં જરા પણ સ્થાન નથી. મારી ચૈતન્યજ્યોત અખંડ અને અકંપ છે.

(૭) મૂળભૂત સ્વભાવે તો હું નિસર્ગ ક્ષમાનું પણ આવાસસ્થાન છું. બળવો-આક્રોશ-અસહિષ્ણુતા-બળતરા-વિરોધ-પ્રતિકાર-રીસ-રોષ-ઉદ્ધતાઈ-વેર-આવેશ-આક્રમણવૃત્તિ વગેરેને મારામાં લેશ પણ અવકાશ નથી. કેમ કે હું તો નૈસર્ગિક તિતિક્ષા-ક્ષમા-સહનશીલતાનો ભંડાર છું. હું તિતિક્ષામૂર્ત્તિ છું. મારો સ્વભાવ જ બધું સહી લેવાનો છે, પ્રેમથી બધું જ ખમી લેવાનો છે.

## ❋ આત્મા વીતરાગવિજ્ઞાનનું નિવાસસ્થાન છે ❋

(૮) હું વીતરાગ વિજ્ઞાનનું પણ નિવાસસ્થાન છું. મારું જ્ઞાન રાગ-દ્વેષાદિથી કલંકિત નથી. મારો જ્ઞાનોપયોગ રાગાદિમય-રાગાદિસ્વરૂપ નથી. રાગાદિ તો કર્મના ઘરના છે, મારા ઘરના નહિ.

(૯) હું પરંબ્રહ્મનું ઘર છું. અબ્રહ્મ મને સ્પર્શતું જ નથી. શબ્દબ્રહ્મથી પણ હું ન્યારો છું.

(૧૦) હું કેવલજ્ઞાનલક્ષ્મીનું પણ ઘર છું. અજ્ઞાન-અશુદ્ધજ્ઞાન-અલ્પજ્ઞાન-ઈન્દ્રિયજ્ઞાન-નશ્વરજ્ઞાન એ મારું મૂળભૂત સ્વરૂપ નથી. હું તો શુદ્ધ-સંપૂર્ણ-અતીન્દ્રિય-શાશ્વત એવી કેવળજ્ઞાનલક્ષ્મીનો સ્વામી છું.

## ❁ આત્મા એટલે અનસ્ત ચેતન સૂર્ય ❁

(૧૧) હું અનસ્ત ચેતન સૂર્ય છું. સૂર્ય જેમ પ્રકાશનું ઉદ્ગમસ્થાન છે, તેમ હું ચૈતન્યપ્રકાશનું આદ્ય ઉદ્ગમસ્થાન છું. હું શુદ્ધ ચૈતન્યનો મૂળ સ્રોત છું. સૂર્યમાં અંધારાને અવકાશ નથી, તેમ મારામાં અજ્ઞાનના અંધારાને બિલકુલ સ્થાન નથી. ગ્રહણ સમયે પણ સૂર્ય પોતાના મૌલિક સ્વરૂપે તો પ્રકાશમાન જ છે, પ્રકાશમય જ છે. તે જ રીતે કર્મસ્વરૂપ રાહુ દ્વારા આત્માનું વ્યવહારથી ગ્રહણ થાય ત્યારે પણ હું મારા મૂળભૂત સ્વરૂપે તો ચૈતન્યપ્રકાશમય છું, શુદ્ધ ચેતનાથી ઝળહળતો જ છું. સૂર્ય ક્યારેય અંધારાને સ્પર્શે જ નહિ, તેમ હું પણ ક્યારેય અજ્ઞાન-જડતા-અશુદ્ધિને બિલકુલ સ્પર્શ્યો જ નથી.

### ✱ આત્મા = અનંતશક્તિનો આશ્રય ✱

(૧૨) હું અનંત શક્તિનો આશ્રય છું. હું નમાલો નથી, અશક્ત નથી, સામર્થ્યશૂન્ય નથી, નામર્દ નથી, બાયલો નથી, બીકણ નથી, ગભરુ નથી. મારી શક્તિઓ પણ સ્વાધીન છે, પરાધીન નથી. શક્તિ મેળવવા માટે મારે ઔષધ-દવા-ટોનિક-ઈંજેક્શનના શરણે જવાની જરૂર નથી. ઔષધિ વગેરે તો શારીરિક શક્તિ આપે. હું તો અનંત-અનંત આત્મિક શક્તિનો, અમાપ આધ્યાત્મિક સામર્થ્યનો ભંડાર છું.

### ✱ આત્મા = ધવલવિશ્રાન્તિઘર ✱

(૧૩) હું સ્વયં ધવલ વિશ્રાન્તિગૃહ છું. મારે દોડધામ કરવાની, ઉધામા નાખવાની, રખડપાટ કે રઝળપાટ કરવાની બિલકુલ આવશ્યકતા નથી. આ દેહાદિપુદ્ગલોની ધમાલચકડી-દોડધામ વગેરે સાથે મારે કાંઈ લેવા-દેવા નથી. હું તો મારા જ ધવલ આતમઘરમાં અનાદિ કાળથી શાંતિથી વિશ્રાન્તિ કરી રહ્યો છું.

### ✿ અનંત શુદ્ધિનો રાજમહેલ = આત્મા ✿

(૧૪) હું અનંતાનંત શુદ્ધિનો રાજમહેલ છું. અશુદ્ધિને-મલિનતાને મારામાં જરાય અવકાશ નથી. અનુભવાતી અશુદ્ધિઓ કર્મના ઘરની છે, પુદ્ગલના ઘરની છે. મારે તેની સાથે કાંઈ જ લાગતું -વળગતું નથી. મારું આંતરિક લાગણીતંત્ર આત્મમહેલમાં પ્રવેશવા સમગ્રપણે ઉછળી રહ્યું છે.

(૧૫) હું કૃત્રિમ નહિ પણ સ્વાભાવિક સમતાનો અક્ષય ખજાનો છું. મમતા-વિષમતાનો અંશ પણ મારામાં નથી જ.

(૧૬) હું નિર્મળ ગુણોના ઢગલાની હવેલી છું. દોષોના પડછાયાને પણ હું ત્રણ કાળમાં કદાપિ સ્પર્શ્યો નથી, સ્પર્શતો નથી, સ્પર્શવાનો પણ નથી. દોષો તો દ્રવ્ય-ભાવ કર્મોની પેદાશ છે. તે મારું કાર્ય નથી. હું તો શાશ્વત ગુણોનો ભંડાર છું. મારા ગુણોને ઔદયિકાદિ ભાવની મલિનતા સ્પર્શતી પણ નથી. સ્પૃહા -પ્રસિદ્ધિ-ભૂખ-મહત્ત્વાકાંક્ષાદિથી મલિન થયેલા ગુણો હકીકતમાં મારા નથી. એ મારું મૌલિક સ્વરૂપ નથી. સ્પૃહા કે પ્રસિદ્ધિની ભૂખ વગેરેથી દૂષિત થયેલા પરોપકારાદિ ગુણો પરમાર્થથી ગુણસ્વરૂપ નથી. તે દોષ જ છે. દોષ સાથે તો મારે કોઈ જ જાતનો તાત્ત્વિક સંબંધ નથી. હું તો નિર્મલગુણનિધાન જ છું.''

ચંદ્રની સોળ કળા જેવા આ સોળ મુદ્દાને ભાવિત કરવા દ્વારા સાધનાગગનમાં સાધક શરદપૂનમના ચંદ્રની જેમ સોળે કળાએ પૂરેપૂરો ખીલી ઉઠે છે. પરંતુ આ બધું પણ ભીંજાતા હૃદયે કરવાનું છે. શુષ્ક શબ્દો, કોરી કલ્પના, લૂખી લાગણી, ભપકાદાર-ભડકાછાપ ભાવના, વાગાડંબર, વિકલ્પની માયાજાળ, વાણીવિલાસ વગેરેથી તાત્ત્વિક કાર્યનિષ્પત્તિ થતી નથી, નિજ શુદ્ધ સ્વભાવનો લાભ થતો નથી.

### ❖ નિજસ્વભાવનો આવિર્ભાવ : પરમ પ્રયોજન ❖

પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ની પૂર્વોક્ત (૧૩/૯ + ૧૪/૧૩) બે વાત યાદ કરવી. ત્યાં જણાવેલ છે કે '(૧) સ્વભાવની પ્રાપ્તિ કરાવનારા સંસ્કારોનું કારણ બને તેવું જ્ઞાન માન્ય છે, ઈષ્ટ છે.' તથા '(૨) પોતાના સ્વભાવનો લાભ થયા બાદ કશું પણ મેળવવા યોગ્ય બાકી રહેતું નથી.' મતલબ કે પોતાના શુદ્ધ સ્વભાવનો આવિર્ભાવ એ જ આત્માર્થીનું પરમ પ્રયોજન છે. તેથી નિજ શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટ કરવા માટે ઉપર મુજબ સોળ પ્રકારની સમજણ-ભાવના-વિભાવનામાં આત્માર્થીએ રચ્યા-પચ્યા રહેવું.

### ✿ શુદ્ધ સ્વભાવની ભાવનાનો પ્રભાવ ✿

ઉપર મુજબની સમજણ-ભાવના વગેરે દ્વારા શુદ્ધ ચૈતન્યસ્વભાવ અંશે-અંશે પ્રગટ થાય છે. પરંતુ

જ્યાં સુધી (૧) આત્મામાં ઉદયમાં ન આવવા છતાં સત્તામાં જે થોડા-ઘણા મિથ્યાત્વના અંશો બાકી રહેલા હોય, (૨) જ્ઞાનોપયોગ રાગાદિરૂપે કે સંકલ્પ-વિકલ્પાદિરૂપે પરિણમતો હોય તેવું સાધકને અંદરમાં અનુભવાતું હોય, (૩) રાગાદિજન્ય પારકા કાર્યોમાં, પર બાબતમાં સાધકની ચિત્તવૃત્તિનો પ્રવાહ વધુ પડતો સક્રિય હોય, ધસમસતો હોય, સહજતઃ સતેજ હોય, (૪) પૂર્વોક્ત (પૃ. ૫૫૯) સહજમળ, લયશક્તિ, આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ વિદ્યમાન હોય, ત્યાં સુધી પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ સંપૂર્ણપણે પ્રગટ થતો નથી. ત્યાં સુધી સાધક કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો નથી. તેથી ઝડપથી (એક-બે ભવમાં) કેવળજ્ઞાનને મેળવવા ઝંખતા આત્માર્થીએ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને સંપૂર્ણપણે પ્રગટ થવામાં પ્રતિબંધક બનનારા ઉપરોક્ત મલિન તત્ત્વોનો ઉચ્છેદ કરવા નીચે મુજબની ભાવના દૃઢપણે સતત સર્વત્ર કરવી.

### ૩૫ પ્રકારે રાગનો ઈન્કાર

"(૧) રાગ એ હું નથી. (૨) રાગ મારો નથી કે હું રાગનો નથી. રાગ પારકી ચીજ છે. (૩) રાગ સારો પણ નથી, (૪) રાગ મારે કરવા યોગ્ય નથી. તે મારું કામ નહિ. ખરેખર રાગને ઉત્પન્ન કરવાની મારી તાકાત નથી. રાગ મારું કાર્ય નથી જ. રાગમોહનીય કર્મનું તે કાર્ય છે. (૫) રાગ મારા માટે ભોગવવા યોગ્ય નથી. મારે રાગપરિણામને ભોગવવો નથી. વીતરાગ એવા મને રાગનો ભોગવટો શોભે નહિ. વીતરાગી એવો હું વાસ્તવમાં રાગને ભોગવી શકતો પણ નથી.

### રાગ ઉપાસ્ય નથી

(૬) રાગ એ મારો સ્વભાવ નથી. એ તો રાગમોહનીય કર્મના પુદ્ગલોનો સ્વભાવ છે. મારે તેની સાથે શું લેવા-દેવા ? (૭) રાગ એ મારું સ્વરૂપ પણ નથી જ. (૮) રાગ એ મારો ગુણધર્મ પણ નથી. (૯) રાગ મારે સેવવા-પોષવા યોગ્ય પણ નથી. ઉત્તમ દ્રવ્યો વગેરે ધરવા દ્વારા રાગની સેવા-ચાકરી મારે શા માટે કરવી ? એ રીતે મારે શા માટે રાગને પોષવો ? (૧૦) રાગ-કામરાગ -કામદેવ મારે ઉપાસવા યોગ્ય નથી. તે મારા માટે ઉપાસ્ય-આરાધ્ય-ઈષ્ટદેવ નથી. મારા આરાધ્ય -ઉપાસ્ય તો દેવાધિદેવ વીતરાગ તીર્થંકર પરમાત્મા છે. નિશ્ચયથી તો મારું શુદ્ધ વીતરાગ ચૈતન્યસ્વરૂપ એ જ મારા માટે ઉપાસ્ય છે, આરાધ્ય છે. રાગ સાથે તો આભડછેટ જ સારી.

### રાગ ભયંકર શત્રુ

(૧૧) રાગ એ મારો ભરોસાપાત્ર મિત્ર નથી. રાગનો વિશ્વાસ કરી ન શકાય. તેના ઉપર મદાર બાંધી ન શકાય. રાગ તો સૌથી મોટો ઠગ છે, મારો ભયંકર દુશ્મન છે. બહારથી મિત્ર તરીકે જણાવા છતાં મારું અત્યંત અહિત કરનાર તે રાગ જ છે. (૧૨) રાગ એ મારા માટે સુખસ્વરૂપ નથી. રાગ કોઈના પણ માટે પરમાર્થથી સુખરૂપ નથી. વાસ્તવમાં એ દુઃખરૂપ જ છે, પીડારૂપ જ છે. (૧૩) રાગ એ મારા ભાવી સુખનું પણ સાચું સાધન નથી. પરમાર્થથી કોઈના પણ સાચા સુખનું તે સાધન બનતું નથી. રાગ એ તો આગ છે આગ. તે દઝાડનાર છે, બાળનાર છે, ઠારનાર નથી. (૧૪) તેથી જ રાગ પ્રગટે એમાં મારા આત્માને કોઈ લાભ નથી. મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવનો લાભ એ જ સાચો લાભ છે. નિજ શુદ્ધસ્વભાવના આવિર્ભાવથી ચઢિયાતો કોઈ લાભ મારા માટે છે જ નહિ. રાગ મારા માટે વર્તમાન કાળે તો લાભસ્વરૂપ નથી જ. પરંતુ (૧૫) મારા ભાવી લાભનું પણ સાધન તે નથી. રાગથી મને લેશ પણ લાભ થવાનો નથી. સમ્યગ્દર્શનાદિનો લાભ રાગથી નહિ પણ વીતરાગી

ચૈતન્યસ્વરૂપનું આલંબન લેવાથી જ થાય છે. રાગ તો એકાન્તે નુકસાનકારક જ છે. એવા રાગમાં મારે શું જોડાવાનું કે તણાવાનું ? રાગમાં તણાવાની ભ્રમણાનો ભોગ મારે શા માટે થવું ?

### ❖ રાગ આત્માનું અપલક્ષણ ❖

(૧૬) રાગ એ મારું પોતીકું લક્ષણ-સ્વલક્ષણ-અસાધારણલક્ષણ નથી. પરંતુ તે મારું અપલક્ષણ છે, કુલક્ષણ જ છે. (૧૭) રાગ મારા સંપર્કમાં જ નથી. ત્રણ કાળમાં હું પણ રાગના સંપર્કમાં આવ્યો જ નથી. મારી સાથે રાગ બંધાયેલ નથી કે જોડાયેલ નથી. તથા રાગની સાથે હું બંધાયેલ નથી કે જોડાયેલ નથી. મૂળ સ્વભાવે વીતરાગી એવા મારે રાગની સાથે વળી શું સંબંધ હોય ? બિલકુલ નહિ. વીતરાગીને રાગ સાથે કયો સંબંધ હોય ? કોઈ જ નહિ. સર્પ અને નોળીયાની જેમ કે અંધકાર અને સૂર્ય વગેરેની જેમ, રાગ અને મારી વચ્ચે વિરોધસૂચક વધ્ય-ઘાતકભાવ સંબંધ, સહઅનવસ્થાન કે પરસ્પરપરિહાર સંબંધ હોઈ શકે. મારા વીતરાગ ચૈતન્યસ્વરૂપમાં હું પૂરેપૂરો ખીલી જાઉં એટલે અનુભવાતા રાગે વિદાય લીધે જ છૂટકો. (૧૮) રાગ એ મારું શરણ નથી. મને બચાવવાની તાકાત રાગમાં જરા પણ નથી. (૧૯) રાગ એ મારી શક્તિ નથી. રાગ લેશ પણ આત્મશક્તિસ્વરૂપ નથી. (૨૦) રાગ એ મારી પરિણતિસ્વરૂપ નથી. રાગ એ આત્મપરિણતિ સ્વરૂપ બને એ ત્રણ કાળમાં શક્ય જ નથી. વીતરાગ આત્માની પરિણતિ સ્વરૂપ કેવી રીતે રાગ બની શકે ? મિયાં-મહાદેવને મેળ ક્યાં પડે ?

### ❋ રાગ ગમાડવા લાયક નથી ❋

(૨૧) રાગ એ મારા માટે વિશ્રાન્તિ કરવાનું સ્થાન પણ નથી. આગમાં કોણ આરામ કરે ? વીતરાગ નિજ ચૈતન્યસ્વરૂપ એ જ મારું સાચું વિશ્રાન્તિગૃહ (Rest-house) છે. (૨૨) રાગ મારે ગમાડવા લાયક પણ નથી જ. દુશ્મન કોને ગમે ? શત્રુભૂત રાગ મારો પ્રીતિપાત્ર-પ્રેમપાત્ર-રુચિપાત્ર નથી જ. પોતીકું વીતરાગ ચૈતન્યસ્વરૂપ એ જ મારું પરમ પ્રેમપાત્ર છે. પરમાર્થથી મારી રુચિ-શ્રદ્ધાનો વિષય માત્ર નિજ વીતરાગ ચૈતન્યસ્વરૂપ જ છે. (૨૩) મારે રાગને જાણવો પણ નથી. હકીકતમાં હું પરને જાણતો નથી. મારા નિર્મળ ચૈતન્યસ્વરૂપમાં આપમેળે પ્રતિબિંબિત થઈ રહેલો રાગ ભલે જણાય. પરંતુ મારે તેને જાણવાનું લક્ષ બિલકુલ રાખવું નથી. મારે તેને જાણવાનો રસ-રુચિ-પ્રયત્ન બિલકુલ કરવા નથી. વિશુદ્ધ ચેતનાદર્પણમાં પોતાની યોગ્યતાના કારણે સ્વયમેવ પ્રતિબિંબિત થવાથી અનાયાસે જ જણાઈ જતા એવા પણ રાગની મારે તો પૂરેપૂરી અવગણના-ઉપેક્ષા જ કરવી છે. મારે તેમાં તન્મય થવું નથી જ. વાસ્તવમાં તો મેં રાગને ત્રણ કાળમાં જાણ્યો જ ક્યાં છે ? માત્ર રાગના પડછાયાને -પ્રતિબિંબને જ મારા ચૈતન્યદર્પણમાં જાણેલ છે. (પૂર્વે ૧૨/૧૦ માં આધ્યાત્મિક ઉપનયમાં આ બાબત વિસ્તારથી સમજાવેલ જ છે.) તથા તે પડછાયાની નોંધ રાખીને મારે તેનું પણ શું કામ છે ? હું તો માત્ર મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો જ્ઞાતા છું. મારે મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જ પરમ રુચિથી જાણવું છે. (૨૪) તે રાગનું મારે ધ્યાન પણ રાખવું નથી. મારા જીવનનું ધ્યેય રાગ નથી. મારા માટે રાગ ધ્યાતવ્ય નથી. રાગને ધ્યેય બનાવવાથી મને કશો ય લાભ નથી. મારું ધ્યેય નિજ શુદ્ધ ચેતનસ્વભાવ જ છે. વીતરાગ નિજ ચૈતન્યસ્વભાવનું જ હું ધ્યાન રાખું. તેને જ હું સદા સંભાળું-સાચવું. તેમાં જ મને લાભ છે, લાભ થશે. (૨૫) રાગ મારા માટે ઉપાદેય-ગ્રાહ્ય પણ નથી. રાગનો સ્વીકાર કરવાની મારે બિલકુલ જરૂર નથી. વીતરાગીને રાગની જરૂરિયાત પણ શી ? વાસ્તવમાં હું રાગને ગ્રહણ કરી

શકું તેમ પણ નથી. કારણ કે હું તો વીતરાગ ચેતનતત્ત્વ જ છું. તો પછી શા માટે રાગનો સ્વીકાર કરવાની કલ્પનામાં મારે અટવાવું ? શા માટે રાગને આવકાર આપવાની ભ્રમણામાં મારે ભટકવું ? મારા માટે મારું વીતરાગ ચૈતન્યસ્વરૂપ જ ગ્રાહ્ય-આવકાર્ય-સત્કાર્ય-સન્માન્ય-પૂજ્ય-વંદનીય-ઉપાદેય છે.

### ● રાગ કરવાનો આત્માને અધિકાર નથી ●

(૨૬) તથા રાગ મને તૃપ્તિ આપનાર પણ નથી. તૃપ્તિના મધુર ઓડકાર તો મને વીતરાગતાના જ આચમનમાં-આસ્વાદમાં આવી શકે. મૃગજળ જેવો રાગ તો તૃષ્ણાજનક-તૃષ્ણાવર્ધક જ છે. (૨૭) રાગ કરવાનો મને અધિકાર પણ નથી. મારા અધિકારક્ષેત્રમાં રાગનો સમાવેશ થતો નથી. તો પછી બિનઅધિકૃત ચેષ્ટા કરવાનો અપરાધ મારે શા માટે કરવો ? રાગના રણપ્રદેશમાં રખડવાનો નહિ પણ વીતરાગતાના નંદનવનમાં મહાલવાનો હું અધિકારી છું. (૨૮) તેથી મારે રાગને રાખવાનો-ટકાવવાનો -સાચવવાનો કે રાગની રક્ષા કરવાનો પ્રયત્ન પણ શા માટે કરવો ? રાગ રાખવા જેવો જ નથી. તો તેની રક્ષા-વૃદ્ધિ કરવાની વાતને પણ અવકાશ ક્યાંથી હોય ? (૨૯) રાગ મારો આશ્રય-આધાર પણ નથી. રાગના આધારે મારું અસ્તિત્વ નથી. રાગના આશ્રયે મારું વ્યક્તિત્વ નથી. રાગ વિના હું નિરાશ્રિત કે નિરાધાર બની જવાનો નથી. મારું અસ્તિત્વ તો સ્વયંભૂ છે. મારું તો શાશ્વત વ્યક્તિત્વ છે. હું સ્વાવલંબન છું, અનાલંબન છું. (૩૦) રાગ ચૈતન્યમય નથી, ચૈતન્યપ્રચુર નથી, ચૈતન્યનિર્મિત નથી. રાગ તો કેવલ કર્મપુદ્ગલમય જ છે, પૌદ્ગલિક જ છે. પુદ્ગલનિર્મિત જ છે.

### ➤ તમામ રાગ અસાર-અશુચિ-અનિત્ય ➤

(૩૧) તમામ પ્રકારના રાગ અસાર છે, તુચ્છ છે. રાગમાં કાંઈ સાર નથી, દમ નથી, માલ નથી. રાગ નીરસ અને વિરસ છે. બધો રસ-કસ મારા વીતરાગ ચૈતન્યસ્વભાવમાં જ ઠાંસી-ઠાંસીને ભરેલો છે. તેથી હવે મારે રાગસન્મુખ થવું જ નથી. (૩૨) રાગ શુચિ નથી, પવિત્ર નથી. પરમ શુચિતા-પવિત્રતા-શુદ્ધતા તો મારા વીતરાગ ચૈતન્યસ્વભાવમાં જ ભરેલી છે. (૩૩) રાગ શાશ્વત પણ નથી. તે નશ્વર છે. મારું ચેતનતત્ત્વ શાશ્વત છે. નાશવંત રાગના ભરોસે મારો અનંત કાળ શી રીતે પસાર થશે ? માટે મારા નિત્ય વીતરાગસ્વરૂપનો જ હું આશ્રય કરું. (૩૪) રાગ દુર્લભ ચીજ નથી. દરેક ભવમાં એ ભટકાય જ છે. ચારેય ગતિમાં રાગ સુલભ છે. પશુસુલભ રાગને વળગવામાં મારી શી મોટાઈ ? રાગને કરવો-મેળવવો-ભોગવવો એ પ્રવૃત્તિ નિશ્ચયથી તો ભ્રમણા છે, વ્યવહારથી પશુચેષ્ટા છે. એવા રાગથી મારે સર્યું. (૩૫) રાગનું પરિણામ દારુણ છે. રાગનું કાર્ય ભયાનક છે. રાગનો વિપાક રૌદ્ર છે. રાગની ચાલ સારી નથી. મીઠા દેખાતા રાગના ફળ કડવા જ છે, મીઠા નથી, સારા નથી. તો પછી મારે શા માટે રાગના પનારે પડવું. શા માટે મારે રાગ ઉપર મુસ્તાક બનીને ફરવું ? રાગાંધતા-રાગાધીનતા-રાગમયતા એ જીવોની મજબૂરી છે, મગરૂરી નહિ. મૂળભૂત સ્વરૂપે હું રાગથી જુદો જ છું, છૂટો જ છું, વીતરાગ જ છું. મારા વીતરાગ ચૈતન્યસ્વરૂપનું મારે ખૂન કરવું નથી. મારે વીતરાગરૂપે જ પરિણમવું છે. મારે વીતરાગ સ્વરૂપની જ સતત અનુભૂતિ કરવી છે.”

### ❃ રાગ પ્રત્યે પડકાર ❃

કાયોત્સર્ગાદિમાં રહીને સતત આવી ભાવના અત્યંત દૃઢપણે કરવી. તેનાથી રાગ પ્રત્યેનો નિષેધભાવ અંદરમાં ઘૂંટાય છે. રાગ પ્રત્યે ઈન્કારનો પરિણામ મજબૂત થાય છે. રાગ પ્રત્યે આ પડકારનો પરિણામ

છે. તેનાથી રાગગ્રંથિ શિથિલ થાય છે, રાગ દબાય છે. કમરમાં કડીયાળી ડાંગ પડે અને મણકો તૂટી જાય પછી પહેલવાન દેખાતો પણ માણસ જેમ ઉઠી શકતો નથી, તેમ ઉપરોક્ત ૩૫ પ્રકારે રાગ પ્રત્યે નકારનો ભાવ કરવાથી રાગમલ્લ પણ આત્મા સામે બળવો કરવા સમર્થ બની શકતો નથી.

## ❋ ૨૧૦૦ પ્રકારે નિષેધ પરિણતિ ❋

(૧) રાગની જેમ, (૨) દ્વેષ, (૩) આકુળતા, (૪) વ્યાકુળતા, (૫) વિષય, (૬) કષાય, (૭) રતિ, (૮) અરતિ, (૯) હર્ષ, (૧૦) શોક, (૧૧) શાતા, (૧૨) અશાતા, (૧૩) જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ, (૧૪) સહજમળ વગેરે સ્વરૂપ ભાવકર્મ, (૧૫) શરીરાદિ નોકર્મ, (૧૬) પાંચ ઈન્દ્રિય, (૧૭) મન, (૧૮) ભાષણ, (૧૯) ચેષ્ટા-ગમનાગમનાદિ પ્રવૃત્તિ, (૨૦) 'આમ કરું - તેમ કરું' ઈત્યાદિસ્વરૂપ સંકલ્પ, (૨૧) 'આ ઠીક થયું. પેલું બરાબર ન હતું...' ઈત્યાદિસ્વરૂપ વિકલ્પ, (૨૨) આડા-અવળા વિચાર, (૨૩) તર્ક-વિતર્ક-કુતર્ક, (૨૪) અન્તર્જલ્પ-બબડાટ, (૨૫) કૃષ્ણ-નીલ વગેરે છ લેશ્યા, (૨૬) ત્રિવિધ યોગ, (૨૭) દેહાધ્યાસ-દેહવળગાડ, (૨૮) ઈન્દ્રિયઅધ્યાસ-ઈન્દ્રિયગુલામી, (૨૯) નામાધ્યાસ-નામનાની કામના, (૩૦) કામાધ્યાસ-કામાંધતા, (૩૧) મનઅધ્યાસ-મનોમયદશા, (૩૨) નિદ્રા, (૩૩) તન્દ્રા-બગાસા-ઝોકા, (૩૪) પ્રશસ્ત અધ્યવસાય, (૩૫) અપ્રશસ્ત અધ્યવસાય, (૩૬) સાધનામાં ખેદ, (૩૭) ધ્યાનાદિમાં ઉદ્વેગ, (૩૮) સંભ્રમ, (૩૯) સંક્લેશ, (૪૦) ભોગતૃષ્ણા, (૪૧) ભાવીની ચિંતા, (૪૨) ભૂતકાલીન ઘટનાની સ્મૃતિ, (૪૩) વિવિધ કલ્પના તરંગો-દિવાસ્વપ્ન, (૪૪) ઈષ્ટસંયોગાદિની આશા-અભિલાષા, (૪૫) વ્યક્તિ કે વસ્તુ વગેરે વિશે અનેકવિધ અભિપ્રાય, (૪૬) સંશય-વિપર્યાસ-અનધ્યવસાયસ્વરૂપ ત્રિવિધ અજ્ઞાન, (૪૭) ઈન્દ્રિયજન્ય જ્ઞાન, (૪૮) તમામ નશ્વર જ્ઞાન, (૪૯) ગૌરતા-કાળાશ વગેરે દેહધર્મ, (૫૦) બહિર્મુખતા વગેરે ઈન્દ્રિયધર્મ, (૫૧) ચંચળતા વગેરે ચિત્તધર્મ, (૫૨) આશ્રવ, (૫૩) કર્મબંધ, (૫૪) અધીરાઈ, (૫૫) અશાંતિ, (૫૬) જડતા -ઉપયોગશૂન્યતા-અન્યમનસ્કતા, (૫૭) મૂઢતા-બેબાકળાપણું-મોહાંધતા, (૫૮) અસહિષ્ણુતા, (૫૯) આક્રોશ, (૬૦) જીવો ઉપર આક્રમણ કરવાની વૃત્તિ વગેરે બાબતોમાં પણ 'હું' પણાનો ઈન્કાર, 'મારા' પણાનો નિષેધ, સારાપણાનો અસ્વીકાર વગેરે ૩૫ પ્રકારે નિષેધની વિભાવના ઊંડાણથી સતત કરતા રહેવી. કાયોત્સર્ગ, ધ્યાન વગેરેમાં અપ્રમત્તપણે રાગ-દ્વેષ વગેરે ૬૦ વિષયોમાં 'હું' પણું, 'મારા' પણું વગેરે ૩૫ બાબતોનો નિષેધ અંદરમાં દઢપણે શાંતચિત્તે ઘૂંટવો. આમ ૬૦ x ૩૫ = ૨૧૦૦ પ્રકારે પરદ્રવ્ય-ગુણ-પર્યાયમાં નિષેધની પરિણતિ જીવંત કરવી. આ ૨૧૦૦ પ્રકાર તો ઉપલક્ષણ છે. તેનાથી પણ વધુ પ્રકાર સૂક્ષ્મ દષ્ટિથી પડી શકે છે. પરંતુ વર્તમાન કાળે આટલા પ્રકારોનો અભ્યાસ પર્યાપ્ત ગણી શકાય. તેનાથી સાધકદશા બળવાન અને પરિપક્વ થાય છે. ૨૧૦૦ પ્રકારોમાંથી પ્રત્યેક નિષેધને વારા ફરતી તીવ્રપણે દીર્ઘ કાળ સુધી ધીરજપૂર્વક અંદરમાં ઘૂંટવાના પ્રભાવે આત્મસત્તામાં બાકી રહી ગયેલા મિથ્યાત્વના અંશો વિદાય લે છે, પોતાના જ્ઞાનોપયોગમાં રાગાદિની સાથે એકાકારતા-તન્મયતા -એકરૂપતા-તાદાત્મ્યભાવની અનુભૂતિ અત્યંત શિથિલ થાય છે, રાગાદિજન્ય પર બાબતોમાં ચિત્તવૃત્તિના પ્રવાહની સક્રિયતા-સતેજતા-ઉત્સુકતા-તત્પરતા મંદ થાય છે. સહજમળ, લયશક્તિ, આવરણશક્તિ, વિક્ષેપશક્તિ વગેરે પણ ઝડપથી નિષ્ક્રિય થતી જાય છે. આ રીતે પૂર્વોક્ત (પૃ.૫૪૩) નૈષેધિકી પ્રજ્ઞા અત્યંત પ્રકૃષ્ટ થાય છે.

### ❀ નવ પ્રકારે અભેદોપાસના ❀

ઉપરોક્ત રીતે અભ્યાસ કરવાથી ૨૧૦૦ પ્રકારોથી ગર્ભિત પ્રત્યેક નિષેધપરિણતિ જ્વલંત અને જીવંત થાય છે. તેના સામર્થ્યના લીધે સાધક ભગવાનનો ઉપયોગ પરદ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી ખસીને સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ ઠરતો જાય છે. પરપરિણામમાં ઉપયોગ ખોટી થતો નથી. સ્વપરિણામમાં, સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ્ઞાનોપયોગ વિશ્રાન્ત થતો જાય છે. તેથી સાધકને અંદરમાં અભ્રાન્ત પ્રતીતિ થાય છે કે :-

### ❀ જ્ઞેય-જ્ઞાતા વચ્ચે અભેદ ❀

(૧) 'હું જ જ્ઞેય છું અને હું જ જ્ઞાતા છું. મારા સિવાય બીજું કશું પણ મારે જાણવા જેવું જ નથી. હું કાંઈ સામાન્ય વસ્તુ નથી. અખંડ-અનંત આનંદ વગેરેથી હું પરિપૂર્ણ છું. આનંદપૂર્ણરૂપે જ હું મને જાણું છું. અનંતઆનંદપૂર્ણસ્વરૂપે જે જણાય છે, તે હું જ છું. તથા અનંતઆનંદપરિપૂર્ણરૂપે જે જાણે છે, તે પણ હું જ છું. જ્ઞાતા જ જ્ઞેય છે. જ્ઞેય અને જ્ઞાતા વચ્ચે આ રીતે અભેદ છે.'

### ❀ દૃશ્ય-દ્રષ્ટા વચ્ચે તાદાત્મ્ય ❀

(૨) 'મારા દ્વારા જોવા લાયક પણ હું જ છું. મારે ત્રિકાળવ્યાપક અખંડ અનંતાનંદપૂર્ણસ્વરૂપે મારા દર્શન કરવા છે. અનંતાનંદ વગેરેથી પરિપૂર્ણ સ્વરૂપે જોવા યોગ્ય પણ હું જ છું. તથા અનંતાનંદ વગેરેથી પરિપૂર્ણ સ્વરૂપે મને જોનાર પણ હું જ છું. દશ્ય એ દ્દષ્ટાથી અતિરિક્ત નથી. દ્દષ્ટા એ જ દશ્ય છે. દશ્ય અને દ્દષ્ટા વચ્ચે તત્ત્વથી તાદાત્મ્ય છે.'

(૩) 'સમગ્ર બ્રહ્માંડમાં ગમાડવા લાયક કોઈક ચીજ હોય તો તે હું જ છું. કારણ કે હું અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શક્તિ વગેરેથી પરિપૂર્ણ છું. અખંડ અનંત આનંદાદિથી પૂર્ણસ્વરૂપે ગમાડવા લાયક પણ હું છું અને તે સ્વરૂપે જેને ગમે છે તે પણ હું જ છું. ટૂંકમાં, અહીં રુચિનો વિષય અને રુચિનો આશ્રય (= રુચિકર્તા) આ બન્ને વચ્ચે ઐક્ય છે.'

### ❀ શ્રદ્ધેય-શ્રદ્ધાળુમાં અભિન્નતા ❀

(૪) 'અનંત આનંદાદિથી પરિપૂર્ણપણે હું જ શ્રદ્ધેય છું. તથા તેવી શ્રદ્ધાને કરનાર પણ હું જ છું. મારું સ્વરૂપ અનંત આનંદાદિથી પરિપૂર્ણપણે જ શ્રદ્ધા કરવા યોગ્ય છે. હું પરમાત્મા જેવો જ છું. મારામાં અને પરમાત્મામાં કોઈ વૈજાત્ય નથી, વૈલક્ષણ્ય નથી. હું જ પરમાર્થથી અનંતગુણસંપન્ન પરમાત્મા છું. અનંત આનંદાદિથી પૂર્ણરૂપે જેની શ્રદ્ધા થાય છે અને તેવી શ્રદ્ધાને જે કરે છે, તે બન્ને વચ્ચે એકત્વપરિણતિ રહેલી છે. મતલબ કે હું જ અખંડઅનંતગુણમયસ્વરૂપે શ્રદ્ધેય અને શ્રદ્ધાકર્તા છું.'

(૫) 'હવે મારે મારી જાતનો અનંત આનંદાદિથી પૂર્ણસ્વરૂપે ઝડપથી અનુભવ કરવો છે. પર પદાર્થનો અનુભવ કે પરસ્વરૂપે મારો અનુભવ મારે નથી કરવો. મારે તો અખંડઆનંદાદિરૂપે જ, મારો જ અપરોક્ષ અનુભવ અત્યંત ઝડપથી કરવો છે. અનંતઆનંદાદિપૂર્ણરૂપે જેનો અનુભવ થાય છે અને તે પ્રમાણે જે અનુભવ કરે છે, તે બન્ને એક જ છે, જુદા નથી. તે બન્ને હું જ છું. મારામાં ઉત્પન્ન થતી અપરોક્ષ અનુભૂતિ અનંતઆનંદાદિથી પૂર્ણસ્વરૂપે જેને જણાવે છે, તે હું જ છું.'

### ❀ પ્રીતીપાત્ર-પ્રીતિકર્તા વચ્ચે ઐક્ય ❀

(૬) 'અખંડ અનંત આનંદાદિથી પરિપૂર્ણ હોવાના લીધે હું જ મારી પ્રીતિનું પાત્ર છું. અનંત આનંદાદિથી

પરિપૂર્ણ હોવા સ્વરૂપે જેને પ્રેમ હું કરું છું. તે પ્રેમપાત્ર-પ્રેમવિષય પણ હું જ છું. પ્રીતીગોચર અને પ્રીતિકર્તા વચ્ચે અભિન્નતા જ છે. મારા અનંત આનંદાદિથી પૂર્ણ ચૈતન્યસ્વરૂપને છોડીને બીજે ક્યાંય મારે મારો પ્રેમરસ ઢોળવો નથી. પરદ્રવ્ય-ગુણ-પર્યાયને મારી પ્રીતિના વિષય નથી જ બનાવવા. મારા શુદ્ધ સ્વભાવની ક્ષાયિક પ્રીતિ જ મને પરમાત્મા બનાવશે. મારા નિર્મળ ચૈતન્યસ્વરૂપની અખંડ પ્રીતિની બક્ષિસ જ પરમાત્મપદ છે, સિદ્ધપદ છે. સિદ્ધપદની પ્રાપ્તિથી ઓછું જે કાંઈ મળે, તે મારું લક્ષ્ય નથી જ.'

### ❉ ઉપાસક જ ઉપાસ્ય ❉

(૭) 'અખંડ અનંત આનંદાદિથી પરિપૂર્ણ સ્વરૂપે મારી જ ઉપાસના મારે કરવાની છે. મારા માટે નિશ્ચયથી પરદ્રવ્ય કે પરપરિણામ ઉપાસવા યોગ્ય નથી. પરમાર્થથી હું જ મારો ઉપાસક છું અને હું જ મારા માટે ઉપાસ્ય. તત્ત્વથી ઉપાસ્ય-ઉપાસક વચ્ચે ભેદ નથી. તથા અખંડ અનંત આનંદાદિથી પૂર્ણસ્વરૂપે જ મારે મારી ઉપાસના કરવાની છે. દેહ-ઈન્દ્રિયાદિમયસ્વરૂપે કે રાગ-દ્વેષાદિમયસ્વરૂપે મારી જાતની ઉપાસના મારે નથી જ કરવાની. અનાદિ કાળથી અજ્ઞાનવશ આત્માને દેહમય અને જ્ઞાનોપયોગને રાગાદિમય માનીને જ તે સ્વરૂપે તેની પ્રીતિ-ભક્તિ-ઉપાસના-સેવા કરી. તેનું પરિણામ તો જન્મ -મરણાદિમય સંસારની રખડપટ્ટી છે. હવે મારે તેમ નથી કરવું.'

### ❋ ધ્યાતા ધ્યેયસ્વરૂપ જ છે ❋

(૮) 'અખંડ અનંત આનંદાદિથી પરિપૂર્ણ સ્વરૂપે મારે મારું જ ધ્યાન કરવું છે. મારાથી ભિન્ન વ્યક્તિનું ધ્યાન મારે નથી કરવું. ધ્યાનનો વિષય પણ હું અને ધ્યાનને કરનાર પણ હું. હું જ મારા વડે ધ્યાતવ્ય. અખંડ અનંતગુણમયરૂપે હું જ ધ્યેય અને હું જ ધ્યાતા. મારા ધ્યેય તરીકે વિજાતીય વ્યક્તિ, અનુકૂળ વસ્તુ, પરપરિણામ કે મારા અશુદ્ધ ઔપાધિક પરિણામ પણ નથી. તથા ધ્યાતા તરીકે દેહ, ઈન્દ્રિય કે મન નથી. અનંતઆનંદાદિથી પૂર્ણસ્વરૂપે તીર્થંકર ભગવંતનું પણ ધ્યાન નિશ્ચયથી મારે નથી કરવાનું. કેમ કે તીર્થંકર ભગવાન પણ મારા માટે પરમાર્થથી પરદ્રવ્ય છે. મારે તો અનંતગુણમય તીર્થંકર પરમાત્માનું કે તેમની પ્રતિમા વગેરેનું આલંબન લઈને, તેમના જેવા અનંતગુણમય મારા જ સ્વરૂપનું ધ્યાન કરવાનું છે. મેં મારું અખંડ અનંતગુણમય સ્વરૂપ પ્રગટ કર્યું નથી. જ્યારે તીર્થંકર ભગવંતે અનંતઆનંદાદિપરિપૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે. માટે આલંબન તીર્થંકર પરમાત્માનું જરૂર લેવાનું. પરંતુ તેમના આલંબને ધ્યાન તો મારે મારા જ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું કરવાનું છે. શુદ્ધ નિશ્ચયનયથી અભ્યંતર મોક્ષપુરુષાર્થ આ જ છે.'

### ❋ પોતે જ પોતાને પ્રગટાવે ❋

(૯) 'અખંડ અનંત આનંદાદિથી પરિપૂર્ણ સ્વરૂપે મારી જાતને મારે ઝડપથી પ્રગટ કરવી છે. આ જ કામ કરવા જેવું છે. મારે મારી જાતનો દેહાદિસ્વરૂપે કે રાગાદિસ્વરૂપે આવિર્ભાવ નથી કરવો પણ અનંત આનંદાદિથી પરિપૂર્ણ સ્વરૂપે જ આવિર્ભાવ કરવો છે. આ સ્વરૂપે જેનો આવિષ્કાર થાય છે તે હું અને જે આવિષ્કાર કરે છે તે પણ હું. મતલબ કે આવિર્ભાવનો વિષય અને આવિર્ભાવનો કર્તા હું પોતે જ છું. અનંતગુણમય સ્વરૂપે આવિર્ભાવ કરવા યોગ્ય અને તેવા આવિર્ભાવને કરનાર - આ બન્ને જુદા નથી.' આમ નવ પ્રકારે જે ઉપાસના થાય તે અભેદોપાસના કહેવાય. તેવી અભેદોપાસના કેવળજ્ઞાનને એક-બે ભવમાં જ ખેંચી લાવે છે. પૂર્વોક્ત ૨૧૦૦ પ્રકારે નિષેધપરિણતિને જેટલી જીવંત અને જ્વલંત બનાવી હોય, તેના બળથી આ પારમાર્થિક અભેદોપાસના પ્રકર્ષને પામે છે.

## ❧ પોતાની જ ઉપાસના કર્તવ્ય છે ❧

પ્રસ્તુતમાં પોતાની ભૂમિકાને અનુરૂપ બને તે રીતે નિમ્નોક્ત બે શાસ્ત્રવચનની દૃઢપણે અને ગંભીરપણે ભાવના કરવી. (૧) **શ્રીહર્ષવર્ધન** ઉપાધ્યાયજીએ **અધ્યાત્મબિંદુ**માં જણાવેલ છે કે 'હું જ મારા દ્વારા ઉપાસના કરવા યોગ્ય છું - આવી પરિસ્થિતિ = આત્મદશા એ મુક્તિનું બીજ છે. આ સિદ્ધાન્ત છે.' (૨) **શ્રીસકલચન્દ્ર** ઉપાધ્યાયજીએ **ધ્યાનદીપિકા**માં જણાવેલ છે કે 'મારાથી ભિન્ન કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ મારા દ્વારા ઉપાસના કરવા યોગ્ય નથી. તેમજ મારા સિવાયની કોઈ વ્યક્તિ દ્વારા હું પણ ઉપાસના કરવા યોગ્ય નથી.' કેટલી અણિશુદ્ધ તાત્ત્વિક વાત છે ! ખરેખર **(a)** 'મારી પ્રશંસા-પૂજા-ભક્તિ સેવા કોઈ કરે' - એવી ઘેલછા સાચા સાધકને સતાવે નહિ. **(b)** પોતાના ફોટાની પ્રભાવના કરવાની તમન્ના વિરક્ત મહાત્માને કદિ ડગાવે નહિ. **(c)** કે ઉપાશ્રયાદિમાં ક્યાંક પોતાનો ફોટો ગોઠવવાની મહત્ત્વાકાંક્ષા આત્માર્થી યોગીને ક્યારેય દબાવે નહિ. **(d)** અવનવા અપૂર્વ વિશેષણોથી પોતાની જાતને નવાજવાનું પ્રલોભન આધ્યાત્મિક સત્પુરુષને કદાપિ નડે નહિ. **(e)** પોતાના નામવાળા લેટરપેડ, સ્ટીકર, શિલાલેખ, ફ્લેક્સ બેનર વગેરેનું આકર્ષણ ભાવસંયમીમાંથી વિદાય લે છે.

## ❀ શક્તિને આત્મકેન્દ્રિત કરીએ ❀

એ જ રીતે દીક્ષાજીવનમાં જપ, તપ, શાસ્ત્રાભ્યાસ વગેરે સાધનાથી જે સાત્ત્વિક શક્તિપ્રવાહ ઉત્પન્ન થાય તેને પ્રણિધાનપૂર્વક અંતઃકરણની આર્દ્રતા, સંવેદનશીલતા, સ્વાત્મસન્મુખતા વગેરે તરફ પૂર્ણપણે વાળવાનો પ્રામાણિકપણે પ્રયત્ન કરવો. તે શક્તિપ્રવાહને પૂર્ણપણે અંતઃકરણની આર્દ્રતા, સંવેદનશીલતા વગેરેમાં સ્થાપવો-જોડવો એ અત્યંત જરૂરી છે. તે શક્તિપ્રવાહને શુદ્ધ સ્વાત્મદ્રવ્ય તરફ કેન્દ્રિત કરવાનું પ્રણિધાન તીવ્ર કરવું. તેનાથી આ જ ભવમાં છટ્ઠા-સાતમા ગુણસ્થાનકની સ્પર્શના થઈ શકે છે. આથી ભાવસંયમના અર્થી સાધકોએ રોજે રોજ વારંવાર આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે 'જપ-તપ-શાસ્ત્રાભ્યાસાદિથી જે સાત્ત્વિક ઊર્જાપ્રવાહ પ્રગટ થયો, તે અંતર્મુખતાનું પોષણ-શોધન-સંવર્ધન કરવા માટે પૂરેપૂરો વપરાય છે કે નહિ ? કે પછી એમાં અધકચરો જ વપરાય છે ? આવું શા માટે થાય છે ? આ બાબતમાં પરમાર્થથી કોણ અપરાધી છે ? હું જ કે બીજું કોઈ ?'

## ❁ કિનારે આવેલો સાધક પણ બાહ્ય પ્રવૃત્તિથી તણાઈ જાય ❁

પરંતુ શાસનપ્રભાવના વગેરે વિભિન્ન બાહ્ય પ્રવૃત્તિમાં કે ઋદ્ધિગારવ-રસગારવ-સાતાગારવ, રાગાદિ વિભાવપરિણામાદિમાં તે શક્તિપ્રવાહને આંશિક રીતે પણ ખર્ચીને આઠ મદ, મદન (કામવાસના), માનકષાય વગેરેનું પોષણ સંયમીએ ક્યારેય પણ કરવું નહિ, જો ગ્રન્થિભેદની અને છટ્ઠા-સાતમા ગુણસ્થાનકની સ્પર્શના કરવાની ભાવના હોય તો. બાકી સાધનાજન્ય સાત્ત્વિક શક્તિપ્રવાહનો બાહ્ય પ્રવૃત્તિમાં કે વિભાવદશામાં ઉપયોગ કરીને પોતાના મમત્વ-મહત્ત્વાકાંક્ષા-મદ-મદન-માન-અધિકારવલણ વગેરેને જ પુષ્ટ કરવામાં આવે તો ભવભ્રમણમાં વધારો થવો દુર્લભ ન ગણાય. ખરેખર, મોહરાજાના મોજાં સંસારસાગરના કિનારે આવેલા સાધકને પણ તાણી જાય છે. કર્મોદયધારામાં = ઔદયિકધારામાં ખોવાઈ જવું-ખોટી થવું એ ભૂલ છે. જ્યારે અહંકારમાં સ્વયમેવ તણાવું કે બાહ્ય પુણ્યોદયની ઝાકઝમાળમાં ખેંચાવું તે અપરાધ છે. ભલ-ભલાને મૂંઝવી નાંખે તેવી મોહરાજાની આ ભૂલ-ભૂલામણી છે. આ એક

પ્રકારની સતામણી છે. મહામોહની જોહુકમી છે. આવી ભૂલ અને અપરાધને વશ થઈને આ જીવ અનેક વખત મહામોહના વમળમાં ડૂબેલો છે.

### ❀ શાસનપ્રભાવનાદિના રૂડા-રૂપાળા નામે બહિર્મુખતા ન પોષવી ❀

તેથી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની સ્પર્શના કરવામાં અડચણ-અવરોધ પેદા કરનારી જુદી -જુદી બાહ્ય પ્રવૃત્તિની રુચિને છોડીને, દીક્ષિત સાધકે છઠ્ઠા-સાતમા ગુણઠાણાની કમ સે કમ એક વખત સ્પર્શના કરવાનું પોતાનું અંગત અને સાંપ્રતકાળે સૌથી મહાન કર્તવ્ય સૌપ્રથમ પાળવું જોઈએ. SAFETY FIRST. આમ ને આમ બાહ્ય પ્રવૃત્તિઓની આળ-પંપાળમાં, શાસનપ્રભાવનાદિના નામે વિભાવદશાને જ પોષવામાં, બહિર્મુખતાને તગડી કરવામાં આ ભવ પૂરો થઈ ન જાય તેની કાળજી રાખવી. પ્રત્યેક સંયમી માટે વર્તમાનકાળમાં તો આ સાવધાની ખૂબ જ જરૂરી છે. પરંતુ પોતાનો અધિકાર જોયા વગર, અંદરમાં ગ્રંથિભેદાદિનું કામ કર્યા વિના, દીક્ષા લઈને પહેલેથી જ, પ્રારંભના જ વર્ષોમાં ધર્મોપદેશ દેવાને વિશે પ્રયત્ન કરવાનો નથી. **શ્રીબુદ્ધિસાગરસૂરિજી** મહારાજે પણ **મહાવીરગીતા**માં જણાવેલ છે કે 'પોતાના અધિકાર વિના કરાયેલો ધર્મ પોતાના આત્માની ઉન્નતિને પ્રકર્ષથી દેનારો ન થાય.' અરે ! કેવળજ્ઞાનીઓ પણ બધા જ કાંઈ ધર્મદેશના આપવાની પ્રવૃત્તિ કરતા નથી. પરંતુ કોઈક જ કેવળી, પોતાના અધિકાર મુજબ જ, વ્યાખ્યાનાદિ કરે છે. તો પછી જે છદ્મસ્થ હોય, ગ્રંથિભેદનું પ્રાથમિક કર્તવ્ય પણ જેણે અદા કરેલ ન હોય તેવા સાધુની તો શું વાત કરવી ? પ્રસ્તુતમાં **યોગબિંદુ**ની એક કારિકાનું ઊંડાણથી ચિંતન કરવા જેવું છે. ત્યાં કહેલ છે કે 'અતીન્દ્રિય આત્માદિ પદાર્થોને સાક્ષાત્ કેવળજ્ઞાન-દર્શનસ્વરૂપ ચક્ષુથી જોઈને કોઈક જ સર્વજ્ઞ ભગવંત પોતાના અધિકાર મુજબ ધર્મદેશના આપવામાં પ્રવૃત્તિ કરે છે.'

### ❀ આપણા આતમઘરને સાચવીએ ❀

**ઋષિભાષિત**ની પણ ગાથા અહીં યાદ કરવી. ત્યાં જણાવેલ છે કે 'પોતાનું ઘર (= આત્મા) સળગે છે (વિષય-કષાય-મિથ્યાત્વાદિથી). તો પારકા ઘર તરફ (આગ બૂઝાવવા માટે) કેમ દોડે છે ? પોતાના સળગતા ઘરને ઠારીને પછી પારકા ઘર (= શ્રોતા) પાસે જા. પોતાના આત્મકલ્યાણને વિશે જાગ્રત થા. પરોપકાર માટે વિચાર ન કર. જે પરાર્થ માટે દોડે છે, તેનું આત્મકલ્યાણ હાનિ પામે છે.' **પંચકલ્પભાષ્ય**માં પણ જણાવેલ છે કે 'પોતાના સળગતા ઘરને પ્રમાદથી જે નથી બૂઝવતો, તે માણસ બીજાના ઘરની આગને બૂઝાવવા માટે જ જાય છે - એ અંગે શ્રદ્ધા ન કરવી.' અર્થાત્ તેવા સ્થળે પરોપકારના નામ હેઠળ અહંકાર-મહત્ત્વાકાંક્ષા-કર્તૃત્વભાવ-બહિર્મુખતા વગેરેને જ પોષવાનું વલણ જીવનમાં કામ કરી રહ્યું હોય-આવી સંભાવના પ્રબળ છે. દા.ત. પોતાનાથી પ્રતિબોધ પામેલો મુમુક્ષુ બીજા પાસે દીક્ષા લે તો તેવા સ્થળે પોતાની પ્રસન્નતા ટકે છે કે નહિ ? તેના દ્વારા પોતાની પરોપકારભાવના પોકળ હતી કે પારમાર્થિક ? તેનો સાચો અંદાજ આવી શકે. **આરાધનાપતાકા પયન્ના**માં **શ્રીવીરભદ્રસૂરિજી**એ પણ કહેલ છે કે 'સળગતા પોતાના ઘરને પણ પ્રમાદથી જે બૂઝાવવાને ઈચ્છતો નથી, તે બીજાના ઘરની આગને બૂઝાવવાને ઈચ્છે છે - તેવી શ્રદ્ધા કઈ રીતે કરવી ?' આ વાતને યાદ કરીને 'મિથ્યાત્વની આગથી સળગતા પોતાના આતમઘરને ઉપદેશકે સૌપ્રથમ ઠારવું જોઈએ' - એવો અહીં આશય છે.

### ❀ જાતને ઉપદેશ આપવાની કળા કેળવીએ ❀

તે માટે સૌપ્રથમ પોતાના જ આત્માને પ્રતિબોધવો જોઈએ. બાકી સ્વયં જડ-મૂર્ખ થવાની સમસ્યા

સર્જાય. આ અંગે **આત્માવબોધ કુલક**માં જણાવેલ છે કે 'કેટલાક લોકો પોતાની જાતને સમજાવતા નથી અને બીજાને સમજાવવાનો પ્રયત્ન કરે છે. તે પણ જડ છે.' **યોગસાર**ની પણ એક કારિકા અહીં ભૂલવી નહિ. ત્યાં જણાવેલ છે કે 'ઉપદેશ વગેરે દ્વારા બીજાને કોઈ પણ રીતે કાંઈક ધર્મક્રિયા વગેરે કરાવી શકાય છે. પરંતુ પોતાના આત્માને સ્વહિતમાં જોડવો એ તો મુનિઓના ઈન્દ્ર (આચાર્યાદિ !) માટે પણ દુષ્કર છે.' ખરેખર સ્વજાતને સમજાવવી અઘરી છે. પરંતુ સ્વજાતને સમજાવવાનો-સુધારવાનો ભાવ મુખ્ય રાખીએ તો જ વૃત્તિ-પરિણતિ અન્તર્મુખી થાય. બીજાને સમજાવવાનો ભાવ મુખ્ય રાખવામાં તો પરિણતિ બહિર્મુખી જ થાય ને ! આ વાત ધર્મોપદેશકે ગંભીરતાથી વિચારવી.

## સામાયિકની યથાર્થ ઓળખાણ

તથા છઠ્ઠા-સાતમા ગુણઠાણાને સ્પર્શવાની, તેમાં ટકી રહેવાની આત્મદશા પરિપક્વ બને પછી શાસનપ્રભાવના, સંઘસેવા, ગચ્છસંચાલન, સમુદાયવ્યવસ્થા વગેરે આવશ્યક પ્રવૃત્તિ પોતાની વર્તમાન ભૂમિકાને ઉચિત હોય તે રીતે, પોતાની શક્તિ, પુણ્ય, સંયોગ વગેરે મુજબ, અવશ્ય ભાવનાજ્ઞાનીએ કરવી જ જોઈએ. ભાવનાજ્ઞાની નિર્ગ્રંથ અનાસક્ત ચિત્તથી આવી ઉચિત પ્રવૃત્તિ કરે છે. કારણ કે સામાયિકચારિત્રની પરિણતિમાં ઉચિતપ્રવૃત્તિ પ્રધાન છે. આ અંગે શ્રી**હરિભદ્રસૂરિજી**એ **પંચાશકજી**માં જણાવેલ છે કે 'તૃણ હોય કે સુવર્ણ, શત્રુ હોય કે મિત્ર - તેને વિશે સમભાવ તે જ સામાયિક છે. સામાયિક એટલે અનાસક્ત ચિત્ત અને ઉચિતપ્રવૃત્તિપ્રધાન ચિત્ત'. પ્રસ્તુતમાં અન્ય બે ગ્રંથોના વચનોને પણ નજર સામે રાખવા. (૧) **ધર્મબિંદુ**માં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ઉચિત અનુષ્ઠાન જ કર્મક્ષયનું ઉત્કૃષ્ટ કારણ છે.' તથા (૨) **વૈરાગ્યકલ્પલતા**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'ભાવનાજ્ઞાનથી સર્વત્ર હિતાર્થિતા પ્રગટે છે.' તેથી પોતાના વાસ્તવિક અધિકાર મુજબ, જરૂરી વ્યાખ્યાનાદિ ઉચિત બાહ્ય પ્રવૃત્તિ કરીને પરહિત કરવું. ટૂંકમાં, પ્રસ્તુતમાં તાત્પર્ય એ છે કે ઓપરેશનયોગ્ય દર્દીનું ઓપરેશન સર્જન ડૉક્ટર કરુણાથી કરે તો તે ધન્યવાદપાત્ર છે. પરંતુ સામાન્ય માણસ કરુણા બુદ્ધિથી પણ ઓપરેશન કરે તો તે ઠપકાપાત્ર જ બને. અધિકારબાહ્ય પ્રવૃત્તિ નુકસાન જ કરે.

## ૩૮ પ્રકારના સૂત્રોનો અભ્યાસ કરીએ

અધિકાર મુજબ વ્યાખ્યાનાદિ કરવા માટે સૌપ્રથમ **નિશીથભાષ્ય, બૃહત્કલ્પભાષ્ય, ધર્મરત્નપ્રકરણ, ઉપદેશરહસ્ય** વગેરે ગ્રંથોમાં દર્શાવેલ (૧) વિધિસૂત્ર, (૨) નિષેધસૂત્ર, (૩) ઉદ્યમસૂત્ર, (૪) ભાગ્યઅધિકારસૂત્ર, (૫) ઉદ્યમ-ભાગ્ય બન્નેના અધિકારવાળા સૂત્ર, (૬) ઉત્સર્ગ-ઉત્સર્ગસૂત્ર, (૭) ઉત્સર્ગસૂત્ર, (૮) ઉત્સર્ગ-અપવાદસૂત્ર, (૯) અપવાદ-ઉત્સર્ગસૂત્ર, (૧૦) અપવાદસૂત્ર, (૧૧) અપવાદ -અપવાદ સૂત્ર, (૧૨) ભયસૂત્ર, (૧૩) વર્ણનસૂત્ર, (૧૪) સંજ્ઞાસૂત્ર, (૧૫) સ્વસમયસૂત્ર, (૧૬) પરસમયસૂત્ર, (૧૭) સ્વસમય-પરસમયવક્તવ્યતાસૂત્ર, (૧૮) જિનકલ્પિકસૂત્ર, (૧૯) સ્થવિરકલ્પિક સૂત્ર, (૨૦) જિનકલ્પિક-સ્થવિરકલ્પિક સૂત્ર, (૨૧), શ્રમણસૂત્ર, (૨૨) શ્રમણીસૂત્ર, (૨૩) શ્રમણ -શ્રમણીસૂત્ર, (૨૪) કાલસૂત્ર, (૨૫) નિશ્ચયસૂત્ર, (૨૬) વ્યવહારસૂત્ર, (૨૭) જ્ઞાનનયસૂત્ર, (૨૮) ક્રિયાનયસૂત્ર, (૨૯) ગૃહસ્થ અધિકારસૂત્ર, (૩૦) નિક્ષેપસૂત્ર, (૩૧) પ્રમાણસૂત્ર, (૩૨) કારકસૂત્ર, (૩૩) પ્રકરણસૂત્ર, (૩૪) દેશીભાષાનિયતસૂત્ર, (૩૫) કાલસૂત્ર, (૩૬) એકવચનસૂત્ર, (૩૭) દ્વિવચનસૂત્ર, (૩૮) બહુવચનસૂત્ર વગેરેનો પૂરેપૂરો સારી રીતે અભ્યાસ કરવો જોઈએ.

## ❀ ધાર્મિક દાંભિકતાનો આંચળો ન ઓઢીએ ❀

આ રીતે સ્વગીતાર્થતા અને પરગીતાર્થતા મળી જાય તો પણ વ્યાખ્યાનાદિમાં તરત જોડાવાનું નથી. પરંતુ સૌપ્રથમ તો પોતાના મનને નિષ્કલંક-નિર્મળ કરવાનું છે. તેથી જ **મહાનિશીથ**માં જણાવેલ છે કે 'સર્વભાવથી અને સર્વ પ્રકારે ગીતાર્થ થવું જોઈએ. (મતલબ કે પૂર્વોક્ત સ્વગીતાર્થતા અને પરગીતાર્થતા ઉત્કૃષ્ટ પ્રકારે મેળવવી. તથા ગીતાર્થ થઈને પણ સૌપ્રથમ) મુખ્ય કામ તો પોતાના મનને સુવિશુદ્ધ, સુનિર્મળ, વિમલ, નિઃશલ્ય અને ક્લેશશૂન્ય બનાવવું તે છે.' તથા **યોગસાર**ની એક વાત પણ અહીં યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'પોતાના ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ કરવું - એ જ તો જિનેશ્વરોની આજ્ઞા છે.' પરંતુ શાસ્ત્રોને ભણીને પરોપદેશ, પરહિત, પ્રવચનપ્રભાવના વગેરે રૂપાળા નામોના બહાને ધાર્મિક દાંભિકતાનો આંચળો તો ન જ ઓઢવો. ઉચિત અને આવશ્યક એવી શાસનપ્રભાવનાદિ પ્રવૃત્તિ કરવાના સમયે પણ શરીરાદિથી અલગ પોતાના અક્ષય, અકલંકિત, સત્-ચિદ્-આનંદમય સ્વરૂપનું અનુસંધાન દૃઢ રહે તે વાત પોતાના માટે સૌથી વધારે મહત્ત્વની છે.

**'દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;**
**અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે.' [અમૃતવેલની સજ્ઝાય-૨૪]**

ઉપરોક્ત વાતનું અનુસંધાન ત્યારે ટકી રહે તો શુભ અનુબંધ પડે. બાકી અશુભ અનુબંધ પડતાં વાર ન લાગે. તેવું થાય તો તો બીજાનું હિત કરવા જતાં પોતાનું જ અહિત થઈ જાય. પોતાનું હિત છોડીને બીજા ઉપર ઉપકાર કરવાની તો જિનેશ્વર ભગવંતે ના પાડી છે. આ અંગે **મહાનિશીથસૂત્રમાં વજ્રાચાર્ય**ના ઉદાહરણમાં જણાવેલ છે કે 'સૌપ્રથમ આત્મહિત કરવું. જો શક્ય હોય તો પરહિત પણ કરવું. પરંતુ આત્મહિત અને પરહિત આ બેમાં (એક જ કરવું જો શક્ય હોય તો) આત્મહિત જ કરવું.'

## ❋ ક્ષાયિકભાવવર્તી સર્વોત્કૃષ્ટ પરોપકાર કરે ❋

આ સૈદ્ધાન્તિક વાત અત્યંત યોગ્ય જ છે. કારણ કે સ્વહિતને છોડીને-તરછોડીને-બગાડીને પરોપકાર કરવો એ ઔદયિકભાવસ્વરૂપ છે. ઔદયિક ભાવમાં વર્તતો જીવ જઘન્ય કક્ષાનો જ પરોપકાર કરી શકે. સ્વપરિણતિની નિર્મળતાને સાચવીને, સ્વહિત સાધીને યથાયોગ્ય પરોપકાર કરવો તે ક્ષાયોપશમિક ભાવ છે. ક્ષાયોપશમિક ભાવમાં વર્તતો જીવ મધ્યમ કક્ષાનો પરોપકાર કરી શકે છે. પરંતુ સર્વોત્કૃષ્ટ પરોપકાર કરવાનું અમોઘ સામર્થ્ય તો ક્ષાયિક ભાવમાં વર્તતા જીવ પાસે જ હોય છે. આથી જ તો **યોગદૃષ્ટિ સમુચ્ચય**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'હવે સર્વ દોષોનો ક્ષય કરીને સર્વજ્ઞ બનેલા યોગી સર્વ લબ્ધિફળથી સંપન્ન હોય છે. તેથી તેઓ સર્વોત્કૃષ્ટ પરોપકારનું સંપાદન કરીને યોગના અંતને પામે છે.' તેથી ક્ષાયિક ભાવનો લાભ થાય તે લક્ષે ક્ષાયોપશમિક ગુણવૈભવ જરૂર મેળવવો. પરંતુ ક્ષાયોપશમિક ગુણો ઉપર મદાર ન બાંધવો. તેના ઉપર મુસ્તાક ન બનવું. કારણ કે તે (૧) ઔપાધિક છે, (૨) અપૂર્ણ છે, (૩) કાંઈક અંશે અશુદ્ધ છે, (૪) આવનારા ભવોમાં શરણભૂત નથી અને (૫) નશ્વર છે. તેથી ભરોસાપાત્ર નથી. મળેલા-મેળવેલા ક્ષાયોપશમિક ગુણ, શક્તિ, લબ્ધિ, સિદ્ધિ વગેરેનું પ્રદર્શન કરવામાં વ્યગ્ર બનીને, અટવાઈને ઔદયિક ભાવધારામાં ભટકવું નહિ, ભૂલા પડવું નહિ. પરંતુ મળેલા ક્ષાયોપશમિક ગુણ, શક્તિ વગેરેને વિશે ઉદાસીનતા કેળવીને ક્ષાયિક ગુણવિભૂતિનું ઉપાર્જન કરવા માટે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ગળાડૂબ રહેવું, લીન રહેવું.

### ❀ ગુણવૈરાગ્ય પ્રકૃષ્ટ વૈરાગ્ય ❀

આ રીતે વલણ-વર્તન કેળવવામાં આવે તો જ વિષયવૈરાગ્ય નામના અપર (= પ્રાથમિક) વૈરાગ્યને મેળવ્યા બાદ પ્રગટનાર પરવૈરાગ્ય = શ્રેષ્ઠ વૈરાગ્ય ઝળહળતો બને. પોતાના પ્રગટ ગુણાદિ ઉપર વૈરાગ્ય એ પરવૈરાગ્ય. આ અંગે **અધ્યાત્મસાર**માં જણાવેલ નીચેની બાબતોની ઊંડાણથી વિભાવના કરવી. ત્યાં શ્રી**મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે "આ પ્રમાણે શુદ્ધમતિ દ્વારા અપરવૈરાગ્યનો = વિષયવૈરાગ્યનો રસ-પરિણામ સ્થિર કરનાર યોગીને પોતાના ગુણો (ઉપલક્ષણથી શક્તિ, લબ્ધિ વગેરે) ઉપર વિરક્તતાને લાવનાર પરવૈરાગ્ય = શ્રેષ્ઠવૈરાગ્ય (= ગુણવૈરાગ્ય) પણ પ્રગટે છે. વિપુલ ઋદ્ધિ (મનઃપર્યવજ્ઞાન), પુલાક લબ્ધિ (= જિનશાસનશત્રુ એવા ચક્રવર્તીને સૈન્ય સહિત ચૂરી નાખવાની શક્તિ), ચારણલબ્ધિ (જંઘાચારણ-વિદ્યાચારણ આ બે ભેદવાળી આકાશગામિની લબ્ધિ), અતિઉગ્ર આશીવિષલબ્ધિ (= શાપ આપવા માત્રથી બીજાને ખતમ કરવા માટે સમર્થ એવી શક્તિ) વગેરે પ્રગટેલી શક્તિઓ વિરક્તચિત્તવાળા યોગીને મદ માટે થતી નથી. અનાજની ખેતીમાં પ્રાસંગિક ઉગેલા ઘાસ જેવી તે શક્તિઓ મોક્ષસાધનામાં પ્રાસંગિકપણે મળે છે. પોતાના આ ગુણોના, શક્તિઓના, લબ્ધિઓના સમૂહનો પ્રભાવ યોગીઓએ જાણેલ હોય છે, તો પણ તે તેમને મદ કરાવતો નથી. કારણ કે પોતાનો અનંત આનંદમય ચૈતન્ય પ્રભાવ સ્વતઃ પ્રગટ થતાં યોગીઓ પોતાના કરતાં ગુણ-શક્તિ વગેરેના સમૂહને ચઢિયાતો માનતા નથી.' આશય એ છે કે 'સર્જનહાર કરતાં સર્જન ચઢિયાતું ન હોય. મારા અનંત આનંદમય પરમશાંત શાશ્વત ચૈતન્યસ્વરૂપ આગળ અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, પુલાક લબ્ધિ વગેરે નશ્વર અપૂર્ણ શક્તિઓ પાંગળી છે, માયકાંગલી છે' - આવો પરિણામ યોગીના અંતરમાં જીવંત હોવાથી પ્રગટ થયેલ ગુણ -શક્તિ-લબ્ધિ વગેરેનો વૈભવ તેમને છકાવી દેતો નથી, બહેકાવતો નથી.

### ➤ બાહ્ય મૂલ્યાંકન ન કરીએ, ન કરાવીએ ➤

આ રીતે પરવૈરાગ્યના = ગુણવૈરાગ્યના બળથી ભાવનિર્ગ્રન્થ પોતાના ગુણ-પર્યાયોને શુદ્ધસ્વરૂપે સાનુબંધપણે પરિણમાવવાની દશામાં મહાલતા હોય છે. પરંતુ 'શાસનપ્રભાવના, પરોપકાર વગેરે નામથી નિજ ગુણનું પ્રદર્શન, શક્તિ પ્રદર્શન, લબ્ધિ પ્રદર્શન, સિદ્ધિ પ્રદર્શન, સમૃદ્ધિ પ્રદર્શન, પુણ્ય પ્રદર્શન, ચમત્કાર પ્રદર્શન વગેરેના માધ્યમે લોકોમાં મને સૌથી વધુ મહત્ત્વ મળે' - એવી ઘેલછાના વમળમાં તે ડૂબતા નથી. કારણ કે 'પોતાનો આનંદ (a) સ્વાધીન છે, (b) સહજ = સ્વાભાવિક છે, (c) પવિત્ર છે, (d) શુદ્ધ છે, (e) શાશ્વત છે, (f) કદી ખૂટે નહિ, ઘટે નહિ તેવો છે' - આ બાબતની પૂરેપૂરી પાકી સમજણ તેમની પાસે હોય છે. આ સમજણ એ જ તત્ત્વજ્ઞાન છે. તે જ લબ્ધિ, સિદ્ધિ, શક્તિ વગેરે પ્રત્યે વૈરાગ્ય = પરવૈરાગ્ય લાવવા દ્વારા શુદ્ધ દ્રવ્યદૃષ્ટિનું સંપાદન કરે છે. તેથી તે તત્ત્વજ્ઞાન જ મોક્ષનો શ્રેષ્ઠ ઉપાય છે. આ જ અભિપ્રાયથી **સિદ્ધસેનીય દ્વાત્રિંશિકા પ્રકરણ**માં જણાવેલ છે કે 'વિષયાત્મક ઈન્દ્રિયસુખોમાં દોષનું દર્શન કરવાથી આવનાર વૈરાગ્ય શુદ્ધ નથી. લોકોને સન્માર્ગે લાવવાનો એ એક સરળ ઉપાય છે. ખરું હિત તો તત્ત્વની હાર્દિક અને વાસ્તવિક સમજણ જ છે.' આવા તત્ત્વજ્ઞાન વગેરેના બળ વડે જ પદવી, પાટ, પ્રસિદ્ધિ, પ્રમાણપત્ર, પરિવારવૃદ્ધિ વગેરે પ્રલોભનથી ભાવનિર્ગ્રન્થ જલકમલવત્ નિર્લેપ - અસંગ રહે છે. શાસનમાં, સંઘમાં, સમુદાયમાં, ગચ્છમાં, ગામમાં, નગરાદિમાં પોતાના મહત્ત્વની મહોર છાપ મારવાની ઈચ્છા કદાપિ ભાવનિર્ગ્રન્થ કરતા નથી. તેવી ઈચ્છા કરે

તે ભાવનિર્ગ્રન્થ ન હોય. લોકોમાં પોતાનું મૂલ્યાંકન કરાવવાની કે બીજાનું મૂલ્યાંકન કરવાની લેશ પણ આવશ્યકતા નિર્ગ્રન્થ ભગવાનને હોતી નથી. કેમ કે બીજાને માપવાના બદલે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પરિપૂર્ણપણે પામવાની જ પરિણતિ તેમનામાં વણાયેલી હોય છે. પોતાના સ્વાભવિક અનન્તાનંદમય શુદ્ધ આત્મદ્રવ્યમાં જ તે સદૈવ વિશ્રામ-આરામ કરતા હોય છે.

### ● ગુણવૈરાગીને મોક્ષકામના પણ ન હોય ●

અરે ! પોતાને અનુભવાતા આનંદમય આત્મદ્રવ્ય કરતાં મોક્ષ લેશ પણ ચઢિયાતો નથી - તેવું અંદરમાં પ્રતીત થવાથી તેમને મોક્ષની પણ ઈચ્છા થતી નથી. તેથી જ તેવા મહાત્માની દશાનું વર્ણન કરતાં શ્રી**હેમચંદ્રસૂરિજી**એ **યોગશાસ્ત્ર**માં જણાવેલ છે કે 'મોક્ષ થાવ કે ન થાવ. મને તો ખરેખર તે પરમાનંદ અનુભવાય છે કે જેમાં તમામ સાંસારિક સુખો બિલકુલ નગણ્ય લાગે છે, તુચ્છ લાગે છે.' **અધ્યાત્મસાર**માં પણ જણાવેલ છે કે 'હૃદયમાં મોક્ષને વિશે પણ આસક્તિ હોતી નથી. તેમનું સદનુષ્ઠાન પણ અસંગ બને છે. ગુણવૈરાગ્યવાળા પુરુષની આ દશા સહજાનંદ સાગરના જ્ઞાનતરંગોથી વણાયેલી હોય છે'. **યોગશતક**માં શ્રી**હરિભદ્રસૂરિજી**એ ઉત્કૃષ્ટ સાધકદશાનું વર્ણન કરતા જણાવેલ છે કે 'સાધક સંસારમાં કે મોક્ષમાં બંધાયેલો-આસક્ત હોતો નથી.' **યોગશતકવૃત્તિ**માં પણ ઉદ્ધરણરૂપે જણાવેલ છે કે 'નિર્મળ આશયવાળા આ સાધક મોક્ષમાં કે સંસારમાં સર્વત્ર સ્પૃહા વગરના છે.' મોક્ષ વગેરે શુદ્ધ પર્યાયની પણ આટલી બધી ગૌણતા શુદ્ધદ્રવ્યદૃષ્ટિની આત્મલક્ષી પરિણતિમાં સહજપણે થઈ જાય છે.

### ✽ શુદ્ધ સામાયિકચારિત્રની ઓળખાણ ✽

અસંગદશાવાળા ભાવનિર્ગ્રન્થને જેમ મોક્ષ અને સંસાર બન્નેમાં સમ દૃષ્ટિ હોય છે, તેમ વ્યવહારની અંદર શાસ્ત્રવિહિત અને શાસ્ત્રનિષિદ્ધ બાબતમાં પણ સમ દૃષ્ટિ જ તેમને હોય છે. તે રીતે તેમનું સામાયિકચારિત્ર સંપૂર્ણપણે શુદ્ધ થાય છે. પ્રસ્તુતમાં **યોગશતક** ગ્રંથની ગાથાનું અનુસંધાન કરવું. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'શાસનનિષિદ્ધ વિષયો પ્રત્યે દ્વેષ હોય અને શાસ્ત્રવિહિત બાબતમાં કાંઈક રાગ હોય તો પણ સામાયિક અશુદ્ધ થાય છે. શુદ્ધ સામાયિક તો શાસ્ત્રનિષિદ્ધ - શાસ્ત્રવિહિત બન્નેય વિશે સમદૃષ્ટિ હોય તો જ સંભવે.'

### ❖ શુભાશુભ રાગાદિમાં સ્વત્વ-મમત્વબુદ્ધિને ન કરીએ ❖

શાસ્ત્રવિહિત અનુષ્ઠાન પ્રત્યે પણ રાગ કરવાથી જીવ પુણ્યકર્મથી બંધાય છે, પરંતુ કર્મથી છૂટતો નથી. તેથી તે જીવને સ્વર્ગનો લાભ થવા છતાં મોક્ષનો લાભ સંભવતો નથી. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'પ્રતિક્રમણાદિ આવશ્યક અનુષ્ઠાન વગેરેના રાગથી તથા જિનવાણીના વાત્સલ્યથી જીવ સ્વર્ગના સુખોને પામે છે. પરન્તુ પરમપદને = મોક્ષને પામતો નથી.' અહીં કહેવાનો આશય એ છે કે પ્રશસ્ત એવા રાગાદિ પરિણામોમાં 'હું' પણાની બુદ્ધિ કે મારાપણાની બુદ્ધિ કરવાથી રાગાદિ વિભાવપરિણામોમાંથી મુક્તિ મળવી સહેલી નથી જ, શક્ય નથી જ. તો પછી અપ્રશસ્ત રાગાદિ પરિણામોમાં 'હું' પણાની-મારાપણાની-સારાપણાની બુદ્ધિ કરવાથી તો અજ્ઞાની જીવની શી હાલત થાય ? અહીં **અધ્યાત્મસાર**નો એક શ્લોક યાદ કરવો. ત્યાં શ્રી**મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે "કર્મજન્ય રાગાદિ વિકૃતિને જ પોતાના આત્મામાં 'હું રાગી-દ્વેષી-ક્રોધી-કામી...' વગેરે સ્વરૂપે આરોપિત કરે તેવા જીવો સમ્યગ્જ્ઞાનથી ભ્રષ્ટ થઈને ભયંકર ભવસાગરમાં ભટકે છે." તેથી

કર્મજન્ય પરિણામોમાં પોતાપણાનો, મમત્વાદિનો આરોપ કરવાનો ઉત્સાહ છોડી જ દેવો. કર્મજન્ય પરિણામને કદાપિ પોતાના ન મનાય. બાકી મિથ્યાત્વ દૃઢ થાય.

### ✡ મોક્ષમાર્ગમાં નિર્મળ ભાવની મુખ્યતા ✡

આનાથી એ ફલિત થાય છે કે મોક્ષમાર્ગમાં પ્રશસ્ત પ્રવૃત્તિ કે પ્રશસ્ત વાણી ઉપર વધુ ભાર આપવાનો નથી. તે બન્નેની મોક્ષમાર્ગમાં મુખ્યતા નથી, પરંતુ આત્માના નિર્મળ ભાવોની અહીં મુખ્યતા છે. તેથી આત્માના નિર્મળ ભાવો ઉપર વધુ ઝોક આપવાનો છે. જેમ કે 'મારે મોક્ષે જવું છે' - આટલું બોલવાથી મોક્ષપ્રાપ્તિ ન સંભવે. પરંતુ 'મારે રાગાદિ તમામ દોષોથી મુક્ત તથા પરિપૂર્ણ -પરિશુદ્ધ ચૈતન્યપિંડાત્મક એવું મારું આત્મસ્વરૂપ આ જ ભવમાં અત્યન્ત ઝડપથી સાધવું છે' - આવી ભવ્ય ભાવનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય. તેથી તેવી ભાવના ભીંજાતા હૃદયે રાત-દિવસ કરવા ઉપર વધુ લક્ષ રાખવાનું છે, તેનું મુખ્ય પ્રણિધાન કરવાનું છે. આ જ રીતે આત્મજ્ઞાનગર્ભિત વૈરાગ્ય, પ્રશમભાવ, ચિત્તપ્રસન્નતા, અંતર્મુખતા, સંવેદનશીલતા, સંવેગ, સરળતા, કોમળતા, નમ્રતા વગેરે નિર્મળ ભાવોને પ્રણિધાનપૂર્વક રોજે રોજ સમ્યક્ પ્રકારે વધારવા. કારણ કે **ધર્મસંગ્રહવૃત્તિ**માં **શ્રીમાનવિજય ઉપાધ્યાયે** જણાવેલ છે કે 'ભાવ જ મોક્ષમાર્ગમાં મુખ્ય છે.'

### ✾ શુદ્ધાત્મતત્ત્વની ભાવના કરીએ ✾

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **ઉપદેશરહસ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સહજ, અવિકૃત, કૂટસ્થ ધ્રુવસ્વભાવવાળા આત્મસ્વરૂપની ભાવના કરવી જોઈએ, તેનું ધ્યાન કરવું જોઈએ.' આ બાબતને લક્ષમાં રાખીને આત્માર્થી સાધકે રોજ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની દૃઢપણે ભાવના કરવી જોઈએ. શરીર-ઈન્દ્રિય-અંતઃકરણાદિથી ભિન્ન એવા પોતાના નિરુપાધિક, સહજસમાધિમય, પરમશાંત-રસસ્વરૂપ, અનંત આનંદથી વણાયેલ શુદ્ધ ચૈતન્યસ્વભાવને અત્યંત ઝડપથી પ્રગટ કરવાની પાવન ભાવનાસ્વરૂપ યોગનો દૃઢપણે અભ્યાસ કરવાના યોગે દર્શનમોહનીય અને જ્ઞાનાવરણાદિ કર્મની નિર્જરા થવાથી ગ્રંથોના ગર્ભિત અર્થો અને ગૂઢાર્થો સ્વયમેવ વિના પ્રયત્ને સ્ફુરતા જાય છે અને પરિણમતા જાય છે તથા જ્ઞાન પારમાર્થિક બને છે. તેથી નિર્મળ ભાવના એ જ મોક્ષમાર્ગનો પ્રાણ છે.

### ❁ તત્ત્વભાસનથી ભાવનાયોગની નિષ્પત્તિ ❁

શુદ્ધ આત્માના સ્વરૂપમાં જે સાધકનું ચિત્ત લીન થયેલું હોય તેનો ઉપયોગ બહારમાં વિરક્ત બને છે, જીવો વિશે શાંત બને છે, સ્વગુણોને પચાવવા માટે ગંભીર થાય છે, આર્દ્ર-કોમળ બને છે, શુદ્ધાત્મતત્ત્વને ગ્રહણ કરવામાં એકાગ્ર બને છે. તેવા ઉપયોગના બળથી સાધક ભગવાનને પોતાના શુદ્ધ આત્મતત્ત્વનું ભાસન થાય છે, આત્મભાવભાસન થાય છે. આવું નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ભાસન એ ભાવનાયોગની નિષ્પત્તિનું મુખ્ય કારણ છે. આ અંગે **શ્રીહરિભદ્રસૂરિજી**એ **યોગશતક**માં જણાવેલ છે કે 'ધ્યેય પદાર્થમાં એકાગ્ર ચિત્તવાળાને તેમાં જ સતત ઉપયોગ હોવાથી તે ધ્યેય પદાર્થના આંતરિક મૌલિક સ્વરૂપનું અંદરમાં ભાસન થાય છે. તથા તે તત્ત્વભાસન જ પ્રસ્તુતમાં ઈષ્ટસિદ્ધિનું = ભાવનાયોગનિષ્પત્તિનું મુખ્ય કારણ છે.' તેથી ભાવનાયોગની નિષ્પત્તિ થાય એ અંગે સાચા સાધકે પ્રયત્ન કરવો જોઈએ. આ મુજબ અહીં આશય છે.

### ❀ ભાવના ભવનાશિની ❀

ભાવનાનો પ્રભાવ દેખાડવાની ઈચ્છાથી શ્રીહરિભદ્રસૂરિજીએ **ધર્મબિંદુ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'ભાવના જ મોક્ષનું મુખ્ય કારણ છે. નિર્મળ ભાવના સ્થિર થવાથી જ તમામ કલ્યાણની સ્થિરતા સંગત થાય છે. ખરેખર પવિત્ર ભાવનાથી વણાયેલો બોધ એ જ પરમાર્થથી જ્ઞાન છે.' આ સંદર્ભ પૂર્વે (૧/૫) દર્શાવેલ છે. આ રીતે અહીં જણાવેલ સમતા અને ભાવના બન્નેના બળથી ધ્યાનયોગ ઝડપથી સિદ્ધ થાય છે. **યોગબિંદુ, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં ધ્યાનયોગનું વિસ્તારથી વર્ણન મળે છે. અહીં જણાવેલ સમતા અને ભાવના મેળવ્યા બાદ "સાધક ભગવાન દેહથી અને સર્વ સંયોગથી ભિન્ન સ્વરૂપે પોતાના આત્માને જુએ છે" - આ પ્રમાણે **ધ્યાનશતક**માં જે જણાવેલ છે, તેનો વિષય સાધક સ્વયં બને છે. તેવું સૌભાગ્ય સાધકને સાંપડે છે.

### ❋ આપણે આપણામાં રહીએ ❋

**અનુયોગદ્વારસૂત્રની મલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'દરેક વસ્તુ પોતાનામાં જ રહે છે. પોતાનાથી ભિન્ન આધારમાં કોઈ પણ વસ્તુ રહેતી નથી.' આ વાતનું અનુસંધાન કરીને 'અનંત ગુણોથી અભિન્ન એવા પોતાના જ આત્મામાં પોતાનું અસ્તિત્વ છે, શરીર-ઈન્દ્રિય-મન-કર્મ-કષાય વગેરેમાં નહિ' - આ પ્રમાણે સાધકે વારંવાર દઢપણે ભાવના કરવી તથા તેની અનુભૂતિ કરવી.

### ❋ સંસારનાટક જોવાની કળા શીખીએ ❋

એ જ રીતે 'સર્વ ભાવો-પદાર્થો પરમાર્થથી પોતાના જ સ્વભાવને કરે છે' - આ **અધ્યાત્મબિંદુ** ગ્રંથના વચનને મનમાં રાખીને આત્માર્થી સાધકે સંસારનાટકને નાટક સ્વરૂપે જોવા માટે પ્રયત્ન કરવો. યાદ રહે - નાટક જોવાનું છે, કરવાનું નથી. નાટકને જોવાની પદ્ધતિ આ રીતે સમજવી.

(૧) "કર્મ, કાળ, લોકસ્થિતિ, ભવસ્થિતિ, ભવિતવ્યતા, આવરણશક્તિ, વિક્ષેપશક્તિ, વિભાવાદિદશા, મહામિથ્યાત્વ, કર્તૃત્વશક્તિ, ભોક્તૃત્વશક્તિ, પૂર્વોક્ત (પૃ.૫૫૯) સહજમળ, કામદેવ, વિષયાભિલાષ, મહામોહ, રાગકેસરી વગેરે સૂત્રધારોના દોરી સંચાર મુજબ સંસારનાટકનું સંચાલન થઈ રહ્યું છે.

(૨) શરીર, ઈન્દ્રિય, મન, કષાયાદિ વિભાવ પરિણામ, વિકલ્પ, વિચાર વગેરે વિવિધ પાત્રો પોત-પોતાનો ભાગ (Role) ભજવી રહ્યા છે.

(૩) આવરણશક્તિ જાદુગરની જેમ નજરબંધી વડે મારા અનંત આનંદમય નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વરૂપને આવરી લે છે, ઢાંકી દે છે.

(૪) વિક્ષેપશક્તિ ચિત્તમાં અવનવી મિથ્યા આકૃતિઓને, નવી-નવી રાગપરિણતિઓને, મોટી અને ખોટી આશાઓને, વ્યર્થ ચિંતાને, જુદી-જુદી ફોગટ કલ્પનાઓને, ભવિષ્યકાલીન ભોગસુખના સંકલ્પને, ભૂતકાલીન ભોગસુખની સ્મૃતિ વગેરેને સતત ઉપસાવે જ રાખે છે, ઉપજાવે જ રાખે છે.

(૫) મનોગત તે મિથ્યા આકૃતિ-રાગ-આશા વગેરેને વેગ આપવાનું, પ્રકૃષ્ટપણે વધારવાનું કામ, વિભાવદશા, વિકલ્પદશા, આશ્રવદશા, બંધદશા વગેરે કરે છે.

### ❀ મિથ્યાત્વનો ખતરનાક ખેલ ❀

(૬) તે વર્ધમાન મિથ્યા આકૃતિ-રાગ-આશા વગેરેમાં 'હું' પણાની, મારાપણાની અને સારાપણાની બુદ્ધિને મહામિથ્યાત્વ પેદા કરે છે. ચિત્તમાં ભાસમાન તેવી વિજાતીય વ્યક્તિ વગેરેની આકૃતિને ઉદ્દેશીને

'તેને મેં આમ કર્યું હતું, તેમ કર્યું હતું' - ઈત્યાદિરૂપે સ્વકાર્યત્વબુદ્ધિને મિથ્યાત્વ જન્માવે છે. 'મેં તેને આમ ભોગવેલ હતી, હવે આમ ભોગવીશ...' ઈત્યાદિ સ્વભોગ્યત્વબુદ્ધિને પણ તે કરાવે છે. 'ભોગસુખની કલ્પનામાં રાચવું એ જ મારો સ્વભાવ છે, એ જ મારું સ્વરૂપ છે, મારો ગુણધર્મ છે, મારી ફરજ છે. મારા માટે એ જ સેવવા યોગ્ય, ભોગવવા યોગ્ય અને ઉપાસવા યોગ્ય છે. એ જ મારો વિશ્વાસપાત્ર, વફાદાર પરમ મિત્ર છે' - આવી દુર્બુદ્ધિને પણ મિથ્યાત્વ પેદા કરે છે. તે-તે વિજાતીય વ્યક્તિ, અનુકૂળ વસ્તુ આદિ મળવાની આશા, કલ્પના, સંકલ્પ વગેરેમાં સુખરૂપતાનું ભાન મહામિથ્યાત્વ કરાવે છે. મહામિથ્યાત્વનો ઉદય જ વિજાતીયની આકૃતિને ભૂલવાનું, તેના રાગને ભગાડવાનું કે તેને મેળવવાની આશાને ભૂંસવાનું કામ કરવા દેતો નથી. કારણ કે 'મનમાં ભાસમાન તેવી વિજાતીય આકૃતિઓને ઉદ્દેશીને થતો રાગ, તેને મેળવવાની આશા વગેરે જ સુખસાધન છે' - આવી દુર્બુદ્ધિને મિથ્યાત્વ પેદા કરે છે. વિશેષતા તો એ છે કે મિથ્યા આકૃતિ-રાગ-આશા વગેરેમાં જે [૧]સ્વત્વ-[૨]મમત્વ-[૩]સુંદરત્વ -[૪]સ્વકાર્યત્વ-[૫]સ્વભોગ્યત્વ-[૬]સ્વસ્વભાવત્વ-[૭]સ્વસ્વરૂપત્વ-[૮]સ્વગુણધર્મત્વ-[૯]સ્વસેવ્યત્વ-[૧૦]સ્વઉપાસ્યત્વ -[૧૧]સ્વમિત્રત્વ-[૧૨]સુખત્વ-[૧૩]સુખસાધનત્વાદિ પ્રકારક પૂર્વોક્ત (જુઓ - પૃષ્ઠ ૬૦૫ થી ૬૦૮) ૩૫ પ્રકારની દુર્બુદ્ધિને મહામિથ્યાત્વ પેદા કરે છે, તે દૃઢ રુચિ-પ્રીતિથી ગર્ભિત હોય છે. તેથી તેને હટાવવાનું કામ ખૂબ મુશ્કેલ બની જાય છે. આ ખૂબ જ વિચિત્ર, ગંભીર અને નોંધપાત્ર બાબત છે.

### ❁ સંસારનાટકમાં કેવળ પુદ્ગલ જ નાચે છે ❁

(૭) ત્યાર પછી કર્તૃત્વશક્તિ શારીરિક આદિ સામર્થ્યનું અતિક્રમણ કરીને તથા મર્યાદાને છોડીને, બહારમાં કામભોગાદિ પ્રવૃત્તિમાં ઔદારિકાદિ પુદ્ગલોને તથા અંદરમાં નિર્લજ્જ પશુચેષ્ટાના ભાવમાં મનોવર્ગણાના પુદ્ગલોને પ્રવર્તાવે છે અને નચાવે છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાંથી કેવલ પુદ્ગલો જ કર્મના આ નાટકમાં નાચી રહ્યા છે. આમથી તેમ સતત-સખત દોડધામ કરી રહ્યા છે.

(૮) પુદ્ગલના આ નાચમાં ભોક્તૃત્વશક્તિ બહિરાત્માને મિથ્યા-ખોટી રતિનો આભાસિક અનુભવ કરાવે છે. તેથી બહિરાત્મા તે રતિની મીઠાશને માણવામાં ખોટી થાય છે, ચોટી જાય છે.

(૯) આત્મસ્વભાવવિરોધી બળ સ્વરૂપ સહજમળ તેવી આભાસિક મિથ્યા રતિમાં તન્મયતા-લીનતા -મગ્નતાને ફેલાવે છે.

(૧૦) કામદેવ તેવી આભાસિક મિથ્યારતિને વિશે આવેલી તન્મયતાને અન્યાય, અનાચાર, દુરાચાર, વ્યભિચાર વગેરે પ્રવૃત્તિ દ્વારા દીર્ઘ કાળ સુધી પૂરેપૂરી તાકાત લગાવીને સ્વચ્છંદપણે વધારે જ રાખે છે, લંબાવે જ રાખે છે.

### ❁ મિથ્યારતિતન્મયતામાં તાદાત્મ્યબુદ્ધિને છોડીએ ❁

(૧૧) **ઉપમિતિભવપ્રપંચા કથા**માં તૃતીય પ્રસ્તાવમાં (પૃ.૯૪) વર્ણવેલ વિષયાભિલાષ મન્ત્રીનું બીજું નામ ભોગતૃષ્ણા છે. તેના આદેશથી બહિરાત્મા = પુદ્ગલરસિકજીવ મિથ્યારતિની દીર્ઘકાલીન વર્ધમાન તન્મયતામાં સ્વરસથી સ્વૈચ્છિકપણે ભ્રાન્ત તાદાત્મ્ય-એકરૂપતા-એકાકારતા-એકરસતાને અનુભવે છે.

(૧૨) **ઉપમિતિભવપ્રપંચા કથા**માં મહામોહના શરીર તરીકે અવિદ્યારૂપી યષ્ટિ (= લાકડી) બતાવેલ છે. ઉપરોક્ત તાદાત્મ્યઅનુભૂતિના લીધે મહામોહની અવિદ્યાયષ્ટિરૂપ કાયા પ્રત્યેક અંગમાં = અંશમાં કામવાસના વગેરેના દાવાનળથી અત્યંત વ્યાપ્ત થાય છે. અવિદ્યાયષ્ટિ સર્વ અવયવોમાં વાસના દાવાનળથી ભડકે બળે છે.

(૧૩) તેનાથી મહામોહનો દીકરો રાગકેસરી અત્યંત ખુશ થાય છે. નાટક પૂરબહારમાં આગળ વધે જ રાખે છે.

**❀ નાટકમાં આત્મા ભાગ ભજવે નહિ ❀**

(૧૪) અતિપ્રાચીન કાળથી સંચિત કરેલા આશાતનાના મલિન અનુબંધો, બહિર્મુખદશા, કુસંસ્કાર વગેરે સ્વરૂપ મૂલ્ય ચૂકવવાથી આ અનાદિકાલીન સંસારનાટકના જુદા-જુદા વિભાગમાં પ્રવેશ મળે છે. વિવિધ પ્રકારે પ્રવર્તતા આ સંસારનાટકમાં બહિરાત્મા ભળી જાય છે, ઓતપ્રોત થઈ જાય છે. પરંતુ હું તો બહિરાત્મદશા વગેરેથી ભિન્ન છું. હું મારા ચૈતન્યસ્વરૂપમાં જ વિશ્રાન્ત છું. કેવળ, વિશુદ્ધવિજ્ઞાનસ્વભાવી આત્મા છું. તેથી હું નાટકને ભજવતો નથી. તેમાં ભળતો નથી. પરંતુ કેવળ અસંગ સાક્ષીભાવથી તેને જોઉં જ છું. હકીકતમાં આત્માનો સ્વભાવ કાંઈ કરવાનો નથી. પણ જે જ્યાં જેવું છે, તેને ત્યાં તે સ્વરૂપે જાણવાનો આત્મસ્વભાવ છે. તેથી આ દૃષ્ટિએ આત્મા ભવનાટકમાં સ્વયં કોઈ પણ ભાગ ભજવતો નથી. કાયા, ઈન્દ્રિય, મન, કષાય, કામવાસના, કુવિકલ્પ વગેરે પરિણામો જ પલટાયે રાખે છે, જુદો-જુદો ભાગ (Role) ભજવે રાખે છે. તે પરિણામો અલગ-અલગ અવસ્થાને પામે રાખે છે. હું તો શુદ્ધનયદૃષ્ટિથી ક્યારેય બદલાતી દશાને પામતો નથી. કારણ કે હું કેવળ શુદ્ધ જ્ઞાયકસ્વભાવી-ચૈતન્યસ્વભાવી છું.'' **દ્વાત્રિંશિકાપ્રકરણવ્યાખ્યા**માં દર્શાવેલ આ તાત્ત્વિક-સત્ય હકીકતનું તે સ્વરૂપે પોતાના અંતઃકરણમાં સંવેદન (અનુભવ) કરવા માટે નિર્લેપભાવથી આત્માર્થી સાધક ભગવાને સતત પ્રયાસ કરવો જરૂરી છે. આ રીતે આવો અનુભવ કરવો એ આત્માનો સ્વભાવ છે. દરેક સાધકે પોતાના આ સ્વભાવમાં જ રહેવાનું છે. સાચી સમજણ મેળવવાની છે. તો જ પોતાનું સંસારનાટક વિરામ પામે. આ ચૌદ મુદ્દાને સારી રીતે સમજવાથી-અનુભવવાથી ચૌદ રાજલોકના છેડે સિદ્ધ ભગવંતોના પરિવારમાં ઝડપથી પ્રવેશ મળે. સાધક ભગવાન ખુદ સિદ્ધ ભગવાન બની જાય.

**❀ સંસારનાટકને માત્ર જોનાર સાધક કર્મ ન બાંધે ❀**

જન્મ-જરા-મરણાદિમય, ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગાદિમય અને વિભાવ-વિકલ્પાદિમય એવા સંસારનાટકની અંદર (૧) 'હું' પણાની બુદ્ધિ, (૨) 'મારા' પણાની બુદ્ધિ, (૩) સારાપણાની બુદ્ધિ, (૪) પોતાના કાર્ય તરીકેની બુદ્ધિ, અર્થાત્ 'હું આ કાર્યનો કર્તા છું' - આવી કર્તૃત્વબુદ્ધિ, (૫) 'આ મારા માટે ભોગ્ય છે. હું તેનો ભોક્તા છું' - આવી સ્વભોગ્યત્વબુદ્ધિ કે ભોક્તૃત્વબુદ્ધિ, (૬) 'આ વાસના-લાલસા વગેરે જ મારો સ્વભાવ છે' - આવી મલિનબુદ્ધિ, (૭) 'કષાયાદિ મારું મૂળભૂત સ્વરૂપ છે'- આવી દુર્મતિ, (૮) 'કષાયાદિ મારા ગુણધર્મો છે' - આવી કુટિલ બુદ્ધિ, (૯) 'કષાયાદિ જ મારે સેવવા યોગ્ય છે, આચરવા યોગ્ય છે' - આવી કુબુદ્ધિ, (૧૦) 'કામદેવ જ મારે ઉપાસના કરવા લાયક છે' - આવી દુર્બુદ્ધિ, (૧૧) 'વિષય-કષાય જ મારા પરમ મિત્ર છે' - આવી કુમતિ, (૧૨) 'આ જ સાચું સુખ છે' - આવી સુખત્વબુદ્ધિ કે (૧૩) 'આ જ સુખનું સાધન છે' - આવી સુખસાધનત્વબુદ્ધિ - આવી પૂર્વોક્ત ૩૫ પ્રકારની બુદ્ધિમાં આવતી તન્મયતા-એકરૂપતા-એકાકારતા એ મૂઢતા છે. એ મહામોહની પટરાણી છે. સાધક આવી મૂઢતાને છોડે છે. જે સાધક આવી મૂઢતાને છોડીને, સિદ્ધ ભગવંતની અદાથી કેવલ અસંગભાવથી ઔદયિકભાવમય સંસારનાટકને માત્ર જુએ જ છે, તેને નથી તો પાપ બંધાતું કે નથી તો ખેદ, ઉદ્વેગ, હર્ષ, શોક, આઘાત, પ્રત્યાઘાત વગેરે થતા. જેમ આકાશ મૂઢ (= મોહગ્રસ્ત)

બનતું નથી તો તેને કાદવ ચોટતો નથી, તેમ ભવનાટકમાં અમૂઢ સાધકને પાપ-પંક ચોટતું નથી. જેમ મૂઢતા વિના સંસારનાટકને જોનારા મુક્તાત્માઓ ખેદ, ઉદ્વેગ વગેરે પામતા નથી, તેમ મૂઢતા વિના સંસારનાટકને જોતો સાધક ખરેખર ખેદ, ઉદ્વેગ પામતો નથી. આ જ અભિપ્રાયથી **જ્ઞાનસાર**માં જણાવેલ છે કે "જેમ આકાશ કાદવથી લેપાતું નથી, તેમ જે વળગેલા, ઉદયમાં આવેલા ઔદયિકાદિ ભાવોમાં મૂઢ થતો નથી તે પાપથી લેપાતો નથી. 'સંસારચક્ર' નામના નગરમાં રહેવા છતાં પોળે-પોળે (= પ્રત્યેક સંસારી જીવમાં) ચાલી રહેલા આત્મભિન્ન એવા પુદ્ગલદ્રવ્યના નાટકને માત્ર જોતો (પરંતુ કરતો કે ભોગવતો નહિ એવો) અમૂઢ સાધક (= પ્રેક્ષક) ખેદને પામતો નથી."

### ❋ શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ ઉપર દૃષ્ટિને સ્થાપીએ ❋

આ રીતે અભ્યન્તર મોક્ષમાર્ગે આગળ વધતાં ઉપરની દશામાં તો પ્રશસ્ત કાયિકપ્રવૃત્તિ, પ્રશસ્ત વાણી, પ્રશસ્ત ભાવ, પ્રશસ્ત વિચાર, પ્રશસ્ત વિકલ્પ વગેરેમાં 'હું' પણાની બુદ્ધિને અને મારાપણાની બુદ્ધિને તથા કર્તા-ભોક્તાપણાની બુદ્ધિને છોડીને તેમાં ભળ્યા વિના, તન્મય બન્યા સિવાય, મૂક સાક્ષીભાવનો અભ્યાસ કરવો. પોતાના શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ ઉપર દૃષ્ટિને સ્થાપીને, સ્વાત્મદ્રવ્ય ઉપર રુચિનું જોર આપીને, 'બહારમાં ઉચિત પ્રશસ્ત પ્રવૃત્તિ થતી રહે અને અંદરમાં યોગ્ય શુભ ભાવો પ્રવર્તતા રહે તથા તે પણ કર્તૃત્વ-ભોક્તૃત્વભાવને છોડીને પ્રવર્તતા રહે' - તેવી પોતાની આત્મદશા કેળવવાની છે અને સમ્યક્ પ્રકારે વધારવાની છે. તેનાથી 'હું દેહાદિથી છૂટું ચેતન તત્ત્વ છું' - આ પ્રમાણે સાધકને અંદરમાં આત્મભાવભાસન થાય છે. આ રીતે આત્મભાવનું ભાસન કાળક્રમે બળવાન થતું જાય છે. તેના લીધે સાધક પ્રભુનો ઉપયોગ અખંડ શુદ્ધ આત્મદ્રવ્યને સાક્ષાત્ ગ્રહણ કરવામાં તત્પર થાય છે. ઉપયોગની યોગમાં = દેહાદિપ્રવૃત્તિમાં લીનતા ઘટે છે, આત્મામાં લીનતા વધે છે. તેથી કર્મોને આત્મામાં પગ-પેસારો કરવાના દરવાજા (= આશ્રવ) બંધ થતા જાય છે અને ભાવ સંવરધર્મ વર્ધમાન બને છે.

પ્રસ્તુતમાં **અધ્યાત્મસાર**ના એક શ્લોકના પદાર્થને જોડવા પ્રયત્ન કરવો. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'આત્મામાં જે અંશે યોગ હોય, તે અંશથી આશ્રવ માન્ય છે. જે અંશે ઉપયોગ હોય, તે અંશથી આત્માને સંવરનો લાભ થાય છે.' યોગ બહારમાં અને અંદરમાં પ્રવૃત્તિ કરવાના પરિણામસ્વરૂપ છે. કારણ કે મન-વચન-કાયાની ક્રિયા યોગ કહેવાય છે. તેથી તેમાં આશ્રવહેતુતા સંગત થાય છે. તથા ઉપયોગ નિવૃત્તિપરિણામસ્વરૂપ છે. કારણ કે પૂર્વે (૧૧/૪) જણાવી ગયા તે મુજબ ઉપયોગનું લક્ષણ છે - નિજ ચૈતન્યસ્વરૂપઅનુયાયી પરિણામ. તેથી તેમાં સંવરહેતુતા વ્યાજબી છે.

### ⁂ પ્રવૃત્તિ પણ નિવૃત્તિના રંગે રંગાયેલી હોય ⁂

આ રીતે ભોજન, ભાષણ, શયન, ગમન, આગમન, વસ્ત્ર પરિધાન વગેરે પ્રવૃત્તિઓમાં ઈષ્ટત્વ -અનિષ્ટત્વનો વિકલ્પ ખરી પડવાથી, ગમા-અણગમાનો ભાવ રવાના થવાથી સાધકને કર્મલેપ સંભવતો નથી. તે પ્રવૃત્તિઓ બહારમાં ચાલતી હોય છે. અંતઃકરણ તેમાં ભળેલું હોતું નથી. તેનું અંતઃકરણ નિવૃત્તિપ્રધાન બની ચૂકેલું હોય છે. કેમ કે સાધકને અખંડજ્ઞાનાનંદમય પોતાના સ્વરૂપનું અનુસંધાન અંદરમાં પ્રવર્તતું હોય છે. પ્રસ્તુતમાં **ધ્યાનદીપિકા**ની વાત ધ્યાનમાં લેવી. ત્યાં શ્રી**સકલચન્દ્ર ઉપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'સાધકનું અંતઃકરણ નિઃસંગ-નિર્લેપ હોય છે. છતાં તે યોગી જાણે કે સંગવાળા જીવની જેમ બહારમાં પ્રવૃત્તિ કરે છે. જેમ વૃક્ષની છાયા જમીન ઉપર પડે છતાં પણ તે છાયા જમીનને વૃક્ષની જેમ ચોંટેલી

નથી હોતી, તેમ બહારમાં પ્રવૃત્તિ ચાલતી હોવા છતાં અંતઃકરણ બહારમાં ક્યાંય ચોંટેલું હોતું નથી. પ્રવૃત્તિમાં ઈષ્ટ-અનિષ્ટપણા વગેરેનો વિકલ્પ યોગીના અંતઃકરણમાં હોતો નથી. તેથી તે યોગી કર્મથી લેપાતા નથી.' મતલબ કે સાધક ભગવાનની પ્રવૃત્તિ પણ નિવૃત્તિના રંગે રંગાયેલી હોવાથી નિવૃત્તિસ્વરૂપ જ છે. પછી પ્રવૃત્તિનિમિત્તક રાગાદિ ભાવકર્મનો બંધ કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો બંધ યોગીને ક્યાંથી થાય ?

### શુદ્ધ પરિણતિનો પ્રાદુર્ભાવ

તથા તેનાથી પણ ઉપરની ભૂમિકામાં તો શુભ-અશુભ ભાવોથી પણ પોતાની અંતરંગ પરિણતિને જુદી પાડવાનો જ્ઞાનપુરુષાર્થ નિરંતર કરવાનો છે. આવો અંતરંગ જ્ઞાનઉદ્યમ જ્યારે તીવ્ર -પ્રબળ બને ત્યારે શુદ્ધ પરિણતિ પ્રગટે છે. પોતાની પરિણતિમાં જેટલી શુદ્ધતા હોય તેટલો જ પોતાની અંદર મોક્ષમાર્ગ જાણવો. ચોથા ગુણસ્થાનકથી માંડીને સર્વદા માત્ર શુદ્ધ પરિણતિ હોય છે. કેમ કે અનંતાનુબંધી કષાયાદિનો ત્યાં ક્ષયોપશમ થયેલ હોય છે. ચોથા ગુણસ્થાનકે સમકિતીનો ઉપયોગ તો ક્યારેક શુભ હોય, ક્યારેક અશુભ હોય તથા ક્યારેક શુદ્ધ હોય.પરંતુ સાતમા ગુણસ્થાનકથી માંડીને તો ઉપયોગ સર્વદા શુદ્ધ જ વર્તતો હોય. ચોથા વગેરે ગુણસ્થાનકે વર્તતી શુદ્ધ આત્મપરિણતિનું બળ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે મોહક્ષોભશૂન્ય શુદ્ધોપયોગપરિણામસ્વરૂપ નૈશ્ચયિક ચારિત્ર અંદરમાં પ્રગટ થાય છે. મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે આ અંગે જણાવેલ છે કે "મોહનીય કર્મના ખળભળાટ વગરનો આત્મપરિણામ એ શુદ્ધ છે. કારણ કે તે અનાત્મતત્ત્વથી છવાયેલ નથી, વણાયેલ નથી. તે જ ખરેખર 'ચારિત્ર' શબ્દનો અર્થ છે." આ વાતનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું.

### જ્ઞેય પ્રત્યે જ્ઞાનને ઉદાસીન બનાવીએ

તથા આવું નૈશ્ચયિક ચારિત્ર પ્રગટ થયા પછી પોતાના સ્વભાવમાં જ સમ્યક્ પ્રકારે રહેવાની દશા પ્રગટે છે. ત્યાર બાદ આત્મભિન્ન પર જ્ઞેય પદાર્થો સામે ચાલીને નિર્મળ જ્ઞાનમાં જણાવા માટે ઉપસ્થિત થાય તો પણ જ્ઞાન તેના પ્રત્યે પૂર્ણતયા ઉદાસીન રહે છે. જ્ઞાનનો વિષય બાહ્ય જ્ઞેય પદાર્થ નહિ પણ સ્વાત્મક જ્ઞેય અને જ્ઞાતા જ બને છે. અર્થાત્ જ્ઞાન પોતે જ પોતાને જાણે છે અને પોતાનાથી અભિન્ન એવા શુદ્ધચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપ જ્ઞાતાને તે જ્ઞાન જાણે છે. સ્વાત્મક જ્ઞાન અને જ્ઞાતા - આ બન્નેથી ભિન્ન એવા બાહ્ય જ્ઞેય પદાર્થને પ્રકાશવું-જાણવું એ જ્ઞાનનો મુખ્ય સ્વભાવ નથી. કારણ કે જ્ઞાન તો પોતાના આશ્રયભૂત અને પોતાનાથી અભિન્ન એવા આત્મદ્રવ્યમાં વિશ્રાન્ત છે, તૃપ્ત છે. મતલબ કે મુખ્યતયા જ્ઞાન માત્ર પોતાને જાણે છે અને પોતાનાથી અભિન્ન એવા જ્ઞાતાને જ જાણે છે, પ્રકાશે છે. તેથી જ્ઞાનમાં જે સ્વપ્રકાશકત્વ સ્વભાવ છે, તે નિરુપચરિત છે. તથા જે પરપ્રકાશકત્વ સ્વભાવ છે, તે ઉપચરિત છે. આ વાત પૂર્વે (૧૨/૧૩) વિસ્તારથી જણાવેલ છે. તેની અહીં ઊંડી ભાવના કરવી.

### તાત્ત્વિક તપની ઓળખ

[illegible] :- જ્ઞાનના આવા નિરુપચરિતસ્વભાવનો આપણને અનુભવ ક્યારે તાત્ત્વિક રીતે થાય? ઘણો તપ કરવા છતાં તેનો અનુભવ તો થતો નથી.

[illegible]:- સ્વચ્છંદપણે, બેમર્યાદપણે, નિર્લજ્જપણે, રુચિપૂર્વક દોષોમાં તણાયે રાખવાનું વલણ એ દોષોની ઉત્કટતાને દર્શાવે છે. તેથી (૧) સૌપ્રથમ દોષોના કટુ ફળને હૃદયસ્પર્શી રીતે વિચારીને ઉત્કટ દોષોના ઢગલા જીવનમાંથી ઝડપથી રવાના થવા જોઈએ. પછી સંવેગ પ્રગટવો જોઈએ.

સ્વસન્મુખપણે-શુદ્ધચૈતન્યઅભિમુખપણે સતત ટકી રહેવાનો તીવ્ર તલસાટ એ સાચો સંવેગ છે. 'ત્રણ લોકમાં એક માત્ર મારો શુદ્ધ આત્મા જ મારા માટે સારભૂત છે. બીજું બધું મારા માટે ભારભૂત છે' - આવું જ્યારે સાધક ભગવાનને સમજાય ત્યારે એ સંવેગ તીવ્ર બને છે. આવો (૨) તીવ્ર સંવેગ, (૩) જ્ઞાનગર્ભ વૈરાગ્ય, (૪) ઉપશમભાવ, (૫) અન્તર્મુખતા, (૬) આત્મરમણતા, (૭) અંતઃકરણની આર્દ્રતા વગેરે અંતરંગ પરિબળોના પ્રતાપે તથાવિધ પોતાના જ જ્ઞાનના નિરુપચરિત સ્વભાવનો અનુભવ સાધકને થાય છે. જ્ઞાનના સ્વપ્રકાશકત્વસ્વભાવનો અનુભવ એ કર્મને તપાવવાના લીધે કર્મને ખપાવે છે. તેથી તેવું અનુભવજ્ઞાન એ જ તપનું લક્ષણ છે. શરીરકૃશતા વગેરે તપના લક્ષણ નથી.

## ❀ ઉપવાસની સાચી ઓળખાણ ❀

આ અંગે શ્રી**હરિભદ્રસૂરિ**જીએ **બ્રહ્મસિદ્ધાન્ત સમુચ્ચય**માં બહુ માર્મિક વાત કરી છે. તે ગ્રંથનું બીજું નામ **બ્રહ્મપ્રકરણ** છે. ત્યાં જણાવેલ છે કે 'દોષોથી નિવૃત્ત થયેલ સાધક ગુણોની સાથે સારી રીતે વસવાટ કરે તેને ઉપવાસ જાણવો. શરીરને વિશેષ પ્રકારે સૂકવી નાંખવું એ ઉપવાસ નથી.' આ અંગે **અધ્યાત્મસાર**માં પણ ખૂબ જ માર્મિક વાત કરેલ છે. ત્યાં શ્રી**મહોપાધ્યાય**જીએ જણાવેલ છે કે "ભૂખ્યા રહેવું, શરીરને કૃશ કરવું એ તપનું લક્ષણ નથી. ક્ષમા, બ્રહ્મચર્યની ગુપ્તિ વગેરેનું આશ્રયસ્થાન બનનાર જ્ઞાન એ જ તપનું શરીર = સ્વરૂપ છે. 'જે જ્ઞાન કર્મને તપાવે છે, તે તપ છે' - આવું જે નથી જ જાણતો, તેનું મગજ બહેર મારી ગયેલ છે. તે કઈ રીતે પુષ્કળ નિર્જરાને મેળવી શકે? અર્થાત્ ન જ મેળવી શકે."

[redacted]:- આ રીતે વ્યવહારનયમાન્ય બાહ્ય તપનું ખંડન કરવા દ્વારા તમે વ્યવહારનયનું અતિક્રમણ કરી રહ્યા છો. તથા વ્યવહારનું ઉલ્લંઘન કરવામાં તો શાસ્ત્રમર્યાદાનું જ ઉલ્લંઘન થઈ જશે.

## ❀ કદાગ્રહી નયનું અન્ય નય દ્વારા ખંડન પણ શાસ્ત્રમાન્ય ❀

[redacted] :- ના, તમારી વાત વ્યાજબી નથી. કારણ કે બાહ્ય વ્યવહારનયની પક્કડમાં અટવાયેલા અજ્ઞાનતપસ્વી જીવની ખોટી માન્યતાનું-કદાગ્રહનું ખંડન કરવું એ અહીં અભિપ્રેત છે. તથા 'કદાગ્રહી નયનું અન્ય નય દ્વારા ખંડન કરવું એ શાસ્ત્રમર્યાદા જ છે' - આવું **ન્યાયખંડખાદ્ય** ગ્રંથમાં શ્રી**મહોપાધ્યાય**જીએ સ્પષ્ટપણે જણાવેલ છે. તેથી અમારા પ્રસ્તુત પ્રતિપાદનમાં શાસ્ત્રમર્યાદાના અતિક્રમણની વાતને કોઈ અવકાશ નથી. અહીં જે નિરૂપણ કરવામાં આવેલ છે, તેનો મુખ્ય આશય તો એ જ છે કે 'ઝડપથી મોક્ષે જવા ઝંખતા આત્માર્થી જીવો માટે શરીરને સૂકવવા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ કર્તવ્ય તો કષાય-વાસના -રાગાદિમય વિભાવપરિણતિને સૂકવવાનું છે. માટે કષાયાદિનો નાશ કરનાર આત્મજ્ઞાનસ્વરૂપ તપને મેળવવા વધુ લક્ષ રાખવું. તે માટે મુખ્યપણે પ્રયત્ન કરવો.'

## ❀ કર્મબંધનરહિત આત્માનો સાક્ષાત્કાર ❀

**આચારાંગસૂત્ર**માં ખૂબ જ માર્મિક વાતને જણાવતાં કહેલ છે કે 'કુશળ સાધક નથી બંધાયેલો કે નથી મુક્ત.' મતલબ કે 'હું કદિ રાગાદિથી કે કર્માદિથી બંધાયેલ જ નથી. તો મારે તેનાથી મુક્ત થવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. હું કદાપિ બંધાયેલ જ નથી. તો મારે નિર્જરા કોની કરવાની ?

નિર્જરા શું કરવાની ?' આ મુજબ વારંવાર વિભાવના - વિશેષ પ્રકારની ભાવના કરીને શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ થતાં કર્મબંધરહિત સ્વરૂપે આત્મા પોતાની જાતે જ પ્રકાશે છે. આ અંગે **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે "(૧) તત્ત્વને સાંભળીને, (૨) તત્ત્વનું મનન કરીને, (૩) તત્ત્વનું વારંવાર સ્મરણ કરીને જે સાધકો આત્મતત્ત્વનો સાક્ષાત્ (=ઈન્દ્રિય, મન, યુક્તિ, વિચાર, વિકલ્પ વગેરે માધ્યમ વિના) અનુભવ કરે છે, તેઓને 'આત્મા કર્મથી બંધાય છે કે કર્મથી બંધાયેલો હતો' - તેવી બુદ્ધિ થતી નથી. 'આત્મા કર્મથી બંધાતો નથી કે બંધાયો નથી' - આવી અનુભૂતિ થવા સ્વરૂપે અબંધ આત્મતત્ત્વનો પ્રકાશ થાય છે." પૂર્વે (૧૨/૧૩) આ સંદર્ભ દર્શાવેલ હતો. તેનું અહીં અનુસંધાન કરવું.

### ધર્મસંન્યાસ નામના પ્રથમ સામર્થ્યયોગને મેળવીએ

આ રીતે મોક્ષમાર્ગે આગળ ને આગળ સરકતા સરકતા 'નિર્મળ જ્ઞાન તો માત્ર નિજસ્વરૂપનું પ્રકાશન કરવામાં વિશ્રાન્ત થયેલ છે. નિજ નિર્મળસ્વરૂપનું પ્રકાશન કરવા સિવાય બીજું કશું પણ કામ કરતું નથી. તેથી તેવા જ્ઞાનથી અભિન્નપણે પરિણમેલો જ્ઞાતા એવો નિજાત્મા પણ શુભાશુભ પર્યાયની હેરા-ફેરીમાં અટવાતો નથી. પરંતુ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં જ સ્વાત્મદ્રવ્ય વિશ્રાન્તિ કરે છે, લીન થાય છે' - આ હકીકતને દ્રવ્યાનુયોગપરામર્શથી = દ્રવ્યાનુયોગના પરિશીલનથી જાણીને તે સાધક ભગવાન **યોગદષ્ટિ સમુચ્ચય, બ્રહ્મસિદ્ધાન્ત સમુચ્ચય, લલિતવિસ્તરા, દ્વાત્રિંશિકા પ્રકરણ** વગેરેમાં વર્ણવેલા તાત્ત્વિક ધર્મસંન્યાસ નામના પ્રથમ સામર્થ્યયોગ ઉપર સારી રીતે આરૂઢ થાય છે.

### કેવલજ્ઞાન પ્રાપ્તિનો અભ્યંતર માર્ગ

ત્યાર પછી આત્માર્થી સાધક ઋતંભરા પ્રજ્ઞા, પ્રાતિભજ્ઞાન, પોતાના જ શુદ્ધ આત્મદ્રવ્યમાં રમણતા -એકરૂપતા-એકાકારતા-તન્મયતા વગેરે મેળવે છે. તેના દ્વારા પૂર્વે (૧/૬) જણાવેલ શુક્લધ્યાનફળસ્વરૂપ સિદ્ધસમાપત્તિને મેળવીને **યોગબિંદુ**માં (શ્લોક-૩૬૬) વર્ણવેલ વૃત્તિસંક્ષયને સંપૂર્ણપણે કરીને, **ષોડશક પ્રકરણ**માં દર્શાવેલ તાત્ત્વિક સામર્થ્યયોગકાલીન અનાલંબનયોગને મેળવીને, **દ્વાત્રિંશિકા પ્રકરણ** તથા **યોગસૂત્રવિવરણ** વગેરેમાં વર્ણવેલ ક્ષપકશ્રેણિકાલીન એવી નિર્બીજ સમાધિને પ્રાપ્ત કરીને, ગુણશ્રેણિ -ક્ષપકશ્રેણિ આદિના માધ્યમે ચાર ઘનઘાતિ કર્મોનો ઉચ્છેદ કરીને, શુદ્ધોપયોગ દ્વારા પરિપૂર્ણપણે નિજ આત્મામાં મગ્ન બનીને કેવળજ્ઞાન મેળવે છે.

### અનાશ્રવયોગ પછી પ્રકૃષ્ટ પરોપકાર

તથા **યોગબિંદુ** ગ્રંથમાં વર્ણવેલ અનાશ્રવયોગને તે મેળવે છે. આ રીતે કષાયોને મૂળમાંથી ઉખેડીને, અનાશ્રવયોગને મેળવ્યા બાદ (તાત્ત્વિક સ્વકલ્યાણ પછી) જ તે યથાયોગ્યપણે સદ્ધર્મદેશના વગેરે દ્વારા નિકટમુક્તિગામી ભવ્યાત્માઓમાં બોધિબીજની વાવણી કરે છે. 'મારે મારું વીતરાગ ચૈતન્યસ્વરૂપ ઝડપથી પ્રગટ કરવું છે' - ઈત્યાદિ ઝંખના એ મુખ્ય બોધિબીજ છે. વીતરાગ સર્વજ્ઞ ભગવંત દેશના દ્વારા હળુકર્મી ભવ્યાત્માઓમાં ગ્રંથિભેદ કરાવવા દ્વારા સમ્યગ્દર્શનને પ્રગટાવે છે. તેમજ દેશવિરતિ -સર્વવિરતિ વગેરેના નિર્મળ પરિણામોને જગાડે છે.

### ❋ યોગસંન્યાસ નામના બીજા સામર્થ્યયોગને મેળવીએ ❋

આ રીતે સર્વોત્કૃષ્ટ પરોપકાર કરીને ભવના અંતે, **યોગદૃષ્ટિ સમુચ્ચય** વગેરેમાં વર્ણવેલ 'યોગસંન્યાસ' નામના બીજા સામર્થ્યયોગને સમ્યક્ રીતે પ્રાપ્ત કરીને, યોગનિરોધથી સર્વસંવરધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરીને તથા બાકીના ચાર અઘાતિ કર્મોનો પ્રક્ષય કરીને સદા કાળ માટે સિદ્ધશિલામાં પ્રતિષ્ઠિત થાય છે. સાધક ભગવાન સ્વયં સિદ્ધ ભગવાન બને છે. તે પોતાના વિશુદ્ધ ચેતનદ્રવ્ય-પૂર્ણગુણ-પવિત્રપર્યાયોથી વણાયેલ પરમસચ્ચિદાનંદ સ્વરૂપ મહાસાગરમાં ડૂબી જાય છે, લીન થઈ જાય છે, સદા માટે સ્થિર થઈ જાય છે.

### ❀ ત્રિકાળશુદ્ધ નિજ ચેતન વસ્તુને પ્રગટાવીએ ❀

આ છે નિગોદથી માંડીને નિર્વાણ સુધીની યાત્રાનો સાચો ચિતાર. આનું દિગ્દર્શન જિનાગમ કરાવે છે. પરંતુ શુક્લ અંતઃકરણ વિના આવા લોકોત્તર જિનાગમના આંતરિક તત્ત્વની સ્પર્શના પ્રાયઃ અશક્ય છે, શ્રદ્ધા દુઃશક્ય છે, રુચિ અસંભવ છે, આંતરિક સ્વીકાર દુર્લભ છે, અભિલાષા-ઝંખનાદિ પણ શક્ય નથી. શુક્લ અંતઃકરણની પ્રાપ્તિમાં સમારોપ બાધક છે. પૂર્વે (૭/૬ થી ૧૯) આ આરોપોનું વિસ્તૃત વર્ણન કરેલું જ છે. જેમ કે 'હું શરીર છું. હું પુત્ર છું. પુત્રાદિ મારા છે. આ પુત્ર એ હું જ છું. મકાન-દુકાન-તન-મન-વચન-ધન-રાગાદિ મારા છે. એ મારા સુખના સાધન છે....' ઈત્યાદિ તમામ પૂર્વોક્ત ઉપચાર-આરોપ-સમારોપ રસપૂર્વક કરવાની અનાદિકાલીન આંટી-ઘૂંટીમાં ફસાવાનું નથી. પણ તેનો ત્યાગ કરવાનો છે. તો જ શુક્લ અંતઃકરણ પ્રાપ્ત થાય. તેવું શુક્લ અંતઃકરણ મેળવીને શ્રીજિનાગમના તાત્પર્યથી પ્રજ્ઞાને પરિકર્મિત કરવી, વાસિત કરવી. તેવી પ્રજ્ઞાથી અને આધ્યાત્મિક ઉપનયથી ગર્ભિત પ્રસ્તુત ગ્રંથરાજની સહાયથી હે ભવ્યાત્માઓ ! તમે અત્યંત ઝડપથી ત્રિકાળ વિશુદ્ધ નિજ ચેતન વસ્તુને પ્રાપ્ત કરો, પ્રત્યક્ષ કરો. કેમ કે તે અતિ-અતિ-અતિ દુર્લભ છે અને અતિ-અતિ-અતિ મહાન છે. આ હકીકતને ભૂલવી નહિ.

આ માટે પરમાત્માને નીચે મુજબ પ્રાર્થના-વિનંતિ કરી શકાય કે :-

**"તું સર્વશક્તિમાન તો, મુજ કર્મ શેં કાપે નહિ ?,**
**તું સર્વઈચ્છાપૂરણો, તો મોક્ષ શેં આપે નહિ ?;**
**ભલે મુક્તિ હમણાં ના દિયો, પણ એક ઈચ્છા પૂરજો,**
**ભવવનદહન દાવાનલો, સમ્યક્ત્વ મુજને આપજો..."**

તથા પ્રભુકૃપાથી ગ્રંથિભેદની સ્પર્શના થયા બાદ નીચે મુજબ પ્રણિધાન કરવું કે :-

અહો ! ગ્રંથિભેદથી પ્રકાશિત અપૂર્વ-અમૂલ્ય ચિદ્રત્ન = શુદ્ધોપયોગસ્વરૂપ રત્ન એ નિર્વિકારી અને નિરાકાર છે. તે સદા મારા ચિત્તઆકાશને પ્રકાશિત કરો, પ્રકાશિત કરો, પ્રકાશિત કરો. (૧)

અહો ! ગ્રંથિભેદથી પ્રકાશિત અપૂર્વ નિર્વિકાર નિરાકાર ચિદ્રત્નમાં મારું ચિત્તાકાશ વિલીન થાવ, વિલીન થાવ, વિલીન થાવ. અર્થાત્ મારું ચિત્ત પણ વિકારશૂન્ય, આકારશૂન્ય ચિત્સ્વરૂપ - શુદ્ધોપયોગસ્વરૂપ બનો. (૨)

## શાશ્વત સિદ્ધસુખ સાધીએ

આ રીતે કરેલા પ્રબળ પ્રણિધાન મુજબ વર્તવાથી જ **સંવેગરંગશાળા**માં વર્ણવેલ સિદ્ધસુખ સુલભ થાય. ત્યાં સિદ્ધસુખનું વર્ણન કરતાં **શ્રીજિનચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'સિદ્ધસુખ (૧) ઐકાન્તિક (= ધ્રુવ), (૨) આત્યન્તિક (= પ્રચુર), (૩) પીડારહિત, (૪) મુખ્ય (= નિરુપચરિત), (૫) શુભ, (૬) મધુર, (૭) સંસારમાં જીવનું પુનરાવર્ત્તન નહિ કરાવનાર, (૮) અચલ, (૯) કર્મરજશૂન્ય, (૧૦) રોગરહિત તથા (૧૧) ઉચ્છેદશૂન્ય = શાશ્વત છે.' (૧૬/૭)

**• સોળમી શાખા સમાપ્ત •**

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ભાગ-૧૭




द्रव्यानुयोगपरामर्शः शाखा-१७

गुरुपरम्पराप्रशस्तिप्रकाशनम्

ગુરુપરંપરાપ્રશસ્તિ

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૭

द्रव्यानुयोगपरामर्शः शाखा-१७

गुरुपरम्पराप्रशस्तिप्रकाशनम्

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૭ :

અહીં પરમ પાવન પૂજનીય પાટપરંપરા સૂચવેલ છે.

તપગચ્છરૂપી નંદનવનમાં કલ્પવૃક્ષતુલ્ય શ્રીહીરસૂરીશ્વરજી થયા. તેમના પટ્ટધર સૂર્યતુલ્ય શ્રીવિજયસેનસૂરિજી થયા. તેમની પાટે નિઃસ્પૃહી શ્રીવિજયદેવસૂરિજી આવ્યા. તેમની પાટે આચાર્યોમાં કુશળ એવા શ્રીવિજયસિંહસૂરિજી આવ્યા. તેમના ઉદ્યમથી સાધુઓમાં ગીતાર્થતા ગુણ વ્યાપક બન્યો હતો. તેમની નિઃસ્વાર્થ કૃપાદૃષ્ટિથી મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવરે સ્વ-પર દર્શનનો અભ્યાસ કર્યો અને 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' નામનો ગ્રંથ રચ્યો. આમ ગ્રંથકાર પોતાના ઉપકારી મહાપુરુષોના ગુણોને નમ્રતાથી બતાવી કૃતજ્ઞતાને વ્યક્ત કરે છે. (૧૭/૧-૨-૩-૪)

અહીં કૃતજ્ઞભાવે ગ્રંથકાર પોતાના ગુણીયલ ગુરુજનના ગુણાનુવાદ કરે છે. કારણ કે તે વિનય વગેરે અનેક ગુણોને લાવનાર છે. (૧૭/૫)

શ્રીહીરવિજયસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય અને ગુણોથી યશસ્વી એવા ઉપાધ્યાય શ્રીકલ્યાણવિજયજી મહારાજા હતા. તેમના શિષ્ય આગમ-વ્યાકરણમાં આસક્ત પંડિતશિરોમણિ શ્રીલાભવિજયજી હતા. તેમના શિષ્ય શ્રીજીતવિજયજી મહારાજા થયા. તેમના ગુરુભાઈ પંડિતવરેણ્ય શ્રીનયવિજયજી મહારાજા થયા. તેઓ ગ્રંથકાર મહોપાધ્યાય શ્રીયશોવિજયજીના ગુરુ હતા. (૧૭/૬-૭-૮)

ઉપાધ્યાયવરેણ્ય શ્રીનયવિજયજી પોતાના શિષ્ય એવા પ્રસ્તુત ગ્રંથકાર મહોપાધ્યાય શ્રીયશોવિજયજીના અભ્યાસ માટે તેમની સાથે કાશી ગયા હતા. ત્યાં દીધિતિવ્યાખ્યાસહિત 'તત્ત્વચિંતામણિ' ગ્રંથનો ગ્રંથકારે અભ્યાસ કર્યો. આમ ગુરુની શિષ્યને ભણાવવાની કર્તવ્યપરાયણતા અને શિષ્યની શાસ્ત્રજિજ્ઞાસાનો અહીં સુંદર મેળાપ થયો. અંતે ગ્રંથકાર કહે છે કે તે ગુરુ ભગવંતની ભક્તિથી જ પોતાનામાં કવિત્વશક્તિ વગેરે પ્રગટ થઈ છે. આમ અહીં ગુરુવર્ગની નિઃસ્વાર્થ ભક્તિ દ્વારા ગ્રંથકારશ્રી આત્મવિકાસને સાધવાની મંગલ પ્રેરણા વાચકોને કરે છે. તથા 'પ્રતિદિન બહુ અભ્યાસ કરીને આ દ્રવ્યાનુયોગવાણીને ભણજો' - આ પ્રમાણે ગ્રંથકારશ્રી અંતરના ઉમળકાથી, હૈયાના હેતથી આત્માર્થી જીવોને હિતશિક્ષા આપે છે. (૧૭/૯-૧૦-૧૧)

અંતિમ મંગલભૂત કળશમાં ગ્રંથકારશ્રીએ ગુરુનામસ્મરણપૂર્વક 'भगवद्वाणी चिरं जीयात्' ઈત્યાદિ સ્વરૂપે આશીર્વચનને વ્યક્ત કરેલ છે.

## ઢાળ - ૧૭

(♦હમચડીની- દેશી)

હિવઈ આગલી ઢાલેં 'પરંપરાગત માર્ગની પ્રરૂપણા દ્વારે કોણે એ જોડયો ? કેહા આચાર્યની વારે ?' તે કહઈ છઈ -

**તપગચ્છ નન્દન સુરતરુ, પ્રગટ્યો✡ હીરવિજય સૂરિંદો રે;**
**સકલ સૂરીસર✦ જે સોભાગી, જિમ તારામાં ચંદો રે ॥૧૭/૧॥**
**(૨૭૪) હમચડી.**

**તપગચ્છ** રૂપ જે **નંદનવન**, તે માંહે **સુરતરુ** સરિખો **પ્રગટયો** છે **શ્રીહીરવિજયસૂરીશ્વર** તે કેહવા છે ? **સકલ સૂરીશ્વરમાં જે સોભાગી** છે = સૌભાગ્યવંત છે.

[1]**"सुभगाओ सव्वजणइट्ठो"** (न.क.वि.४९) **इति वचनात्. જિમ તારાના** ગણ**માં ચંદ્રમા** શોભે, તિમ સકલ સાધુ સમુદાયમાંહે દેદીપ્યમાન છે. **कस्मात् ? सूरिमन्त्राराधकत्वात्** ॥૧૭/૧॥

---

परामर्शः

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - १७ (आर्याच्छन्दः)**

**तपगणनन्दनसुरद्रुः सञ्जातो हीरविजयसूरीन्द्रः।**
**सकलसूरिषु सुभाग्यो यथा तारकेषु हि चन्द्रमाः।।१७/१।।**

---

• અધ્યાત્મ અનુયોગ •

**❊ પ્રશસ્તિ પ્રારંભ ❊**

[illegible] :- તપગચ્છરૂપી નંદનવનમાં કલ્પવૃક્ષસમાન **શ્રીહીરવિજયસૂરીશ્વર** થયા. જેમ તારાઓની અંદર ચંદ્ર શોભે તેમ સર્વ આચાર્યોમાં સૌભાગી તે (સૂરિમંત્રસાધનાથી) શોભતા હતા. (૧૭/૧)

**❁ શાસનસેવા-રક્ષાની ભૂમિકા ❁**

[illegible] :- 'વિશેષ પ્રકારે સૂરિમંત્રની આરાધના કરવાથી અને સૌભાગ્યથી શ્રીહીરવિજયસૂરીશ્વરજી શોભતા હતા. સર્વ લોકોને તેઓ માન્ય બનેલા હતા' - આવું ટબામાં કહેવા દ્વારા એવું સૂચિત થાય છે કે બીજાને ધર્મમાર્ગે જોડવા માટે, પાપથી પાછા વાળવા માટે તથા જૈનશાસનની વિશિષ્ટ પ્રકારની રક્ષા અને પ્રભાવના કરવા માટે તથાવિધ સૌભાગ્યની આવશ્યકતા રહે છે. આત્મકલ્યાણના અને શાસનરક્ષાના પવિત્ર આશયથી પોતપોતાની ભૂમિકા મુજબ સૂરિમંત્ર, ગણિવિદ્યા, વર્ધમાનવિદ્યા,

---

♦ કો.(૧૧)માં 'રાગ ધન્યાસિ' પાઠ.

✡ મ.માં 'પ્રકટિઓ' પાઠ. (૧)નો પાઠ લીધો છે.

✦ મ.માં 'સૂરિમાં' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

1. सुभगात् सर्वजनेष्टः।

નમસ્કાર મહામંત્ર વગેરેનો વિશિષ્ટ પ્રકારે અને એકાગ્ર ચિત્તે જાપ કરવાથી તથા જીવનમાં આચારશુદ્ધિને જાળવવાથી તથાવિધ સૌભાગ્ય પ્રગટ થાય છે. બળજબરીથી કે ધાકધમકીથી કે કેવળ સત્તાના બળથી શ્રીહીરવિજયસૂરીશ્વરજીએ સમુદાયનું સંચાલન કર્યું ન હતું. પરંતુ લોકોત્તર સૌભાગ્યના પ્રભાવે અને ઉગ્ર તપ-ત્યાગાદિ પંચાચારશુદ્ધિના બળથી પોતાના સમુદાયનું યોગ-ક્ષેમ-સંવર્ધન આદિ કરેલ હતું.

## સિદ્ધિગતિની નવ વિશેષતા

આવા લોકોત્તર સૌભાગ્યના અને પંચાચારશુદ્ધિના બળથી આપણે આપણી ભૂમિકા મુજબ આત્મકલ્યાણ, સંઘરક્ષા, શાસનપ્રભાવના વગેરે સત્કાર્ય કરીને માનવભવને સફળ બનાવીએ તેવી પવિત્ર પ્રેરણા આ શ્લોક કરે છે. તેના લીધે દિગંબરીય પ્રાચીન **પંચસંગ્રહ**માં વર્ણવેલી સિદ્ધિગતિ દુર્લભ નથી રહેતી. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી. ત્યાં જણાવેલ છે કે '(૧) જન્મ, (૨) ઘડપણ, (૩) મોત, (૪) ભય, (૫) સંયોગ, (૬) વિયોગ, (૭) દુઃખ, (૮) સંજ્ઞા તથા (૯) રોગાદિ જ્યાં નથી હોતા તે સિદ્ધિગતિ હોય છે.' (૧૭/૧)

**તાસ પાટેં♦ વિજયસેનસૂરીશ્વર✡, જ્ઞાન રયણનો દરિયો રે;**
**સાહિ સભામાં ✦જે જસ પામ્યો●, વિજયવંત ગુણ ભરિયો રે ॥૧૭/૨॥**
**(૨૭૫) હ.**

**તાસ પાટે** તેહનો પટ્ટપ્રભાકર શ્રી **વિજયસેનસૂરીશ્વર**, આચાર્યની છત્રીશ છત્રીશીઈં વિરાજમાન, અનેક **જ્ઞાનરૂપ** જે **રત્ન** તેહનો (દરિયો=) અગાધ સમુદ્ર છે.

**સાહિ** તે પાતસ્યાહ, તેહની **સભામાંહે** વાદવિવાદ કરતાં, જયવાદ રૂપ **જે જસ**,તે પ્રત્યેં **પામ્યો વિજયવંત** છે, અનેક **ગુણે** કરી **ભર્યો** છે. ॥૧૭/૨॥

**પરામર્શઃ** **तत्पट्टप्रभाकरो विजयसेनसूरिः ज्ञानजलनिधिः।**
**शाहिसभायां च येन, यशो लब्धं विजयी गुणधरः।।१७/२।।**

### શ્રીસેનસૂરિજી મહારાજાની પ્રશંસા

[redacted] :- તેમની પાટ ઉપર સૂર્યસમાન શ્રી**વિજયસેનસૂરિ** થયા. તેઓ જ્ઞાનરત્નના સાગર હતા. તેમણે અકબરની શાહી સભામાં યશ પ્રાપ્ત કર્યો હતો. તેઓ વિજયવંત હતા અને અનેક ગુણોને ધરનારા હતા. (૧૭/૨)

### આચાર્યપદવી માટેની યોગ્યતા

[redacted]:- માત્ર આચાર્ય વગેરે પદ હોવું એ શાસનરક્ષા-પ્રભાવના આદિ કાર્ય માટે પર્યાપ્ત નથી. પરંતુ તેની સાથે વિશિષ્ટ પ્રકારનો શાસ્ત્રબોધ, વાદલબ્ધિ, પરાક્રમ, પ્રવચનકુશળતા, પરિશુદ્ધ બ્રહ્મચર્ય વગેરે ગુણો હોવા પણ જરૂરી છે. તેથી કોઈ પણ કારણસર કોઈ સંયમી આચાર્યપદની કામના કરે તો તેમને ઉપરોક્ત ગુણો પ્રાપ્ત કરવાની મંગલ પ્રેરણા આ શ્લોક કરે છે. તેવા શુદ્ધ ગુણના સમૂહથી **સંવેગરંગશાળામાં** શ્રી**જિનચંદ્રસૂરિજીએ** જણાવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે છે. ત્યાં જણાવેલ છે કે 'સમ્યગ્જ્ઞાનાદિ ગુણો વડે સિદ્ધાત્મા અનંત છે. શક્તિઐશ્વર્યથી અનંત છે. સિદ્ધ ભગવંતે સકલ દુઃખનો ક્ષય કરેલ છે તથા અનંત સુખરાશિ તેમાં સંક્રાન્ત થયેલી છે.' (૧૭/૨)

---

♦ પુસ્તકોમાં 'પરિં' પાઠ. કો.(૪+૬)નો પાઠ લીધો છે.
✡ પુસ્તકોમાં 'સૂરીસર' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
✦ કો.(૯) + સિ.માં 'જેણિં' પાઠ.
● પુસ્તકોમાં 'પામિયો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**તાસ પાટિ વિજયદેવ સૂરીશ્વર, મહિમાવંત નિરીહો રે;**
**તાસ પાટિ વિજયસિંહ સૂરીશ્વર, સકલ સૂરિમાં લીહો♦ રે ॥૧૭/૩॥**
**(૨૭૬) હ.**

**તાસ પાટ** કહતાં તેહને પાટે શ્રી**વિજયદેવ સૂરીશ્વર** થયા, અનેક વિદ્યાનો ભાજન. વળી **મહિમાવંત** છે, **નિરીહ** તે નિસ્પૃહી જે છે.

(**તાસ**=) તેહને **પાટે** આચાર્ય શ્રી**વિજયસિંહ સૂરીશ્વર** થયા, પટ્ટપ્રભાવક સમાન. **સકલ સૂરી**શ્વરના સમુદાય **માંહે** ⁸**લીહવાલી**□ છઈ, અનેક સિદ્ધાન્ત, તર્ક, જ્યોતિષ, ન્યાય પ્રમુખ ગ્રન્થે મહાપ્રવીણ છે. ॥૧૭/૩॥

**परामर्शः**

**तत्पट्टे विजयदेवसूरीश्वरो हि महिमवान् निःस्पृहः।**
**तत्पट्टे विजयसिंहसूरिः सकलसूरिषु कुशलः।।१७/३।।**

### श्रीदेवसूरिजी-सिंहसूरिजीनी सद्‌गुण सुवास

[illegible]:- તેમની પાટે શ્રીવિજય**દેવસૂરીશ્વર**જી થયા. તેઓ મહિમાવંત અને નિઃસ્પૃહ હતા. તેમની પાટે શ્રીવિજય**સિંહસૂરિ**જી થયા. તેઓ સર્વ આચાર્યોમાં કુશળ હતા. (૧૭/૩)

### નિઃસ્પૃહતાથી મહિમા વધે

[illegible]:- નિઃસ્પૃહતા મહિમાને વધારનાર છે. ઘણા બધા પાસે વારંવાર ઘણી બધી મોટી અપેક્ષા રાખનાર જીવનો મહિમા ઘટી જતાં વાર લાગતી નથી. તેથી મહિમાવંત થવાની કામનાવાળા જીવે પણ શ્રીવિજયદેવસૂરિજી મહારાજાની જેમ અત્યંત નિઃસ્પૃહ બનવાની તૈયારી રાખવી. તે નિઃસ્પૃહતા જ તાત્ત્વિક સુખ છે. **જ્ઞાનસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'પારકી ચીજની, પરપરિણામની સ્પૃહા એ જ સૌથી મોટું દુઃખ છે. નિઃસ્પૃહતા એ જ સૌથી મોટું સુખ છે. સંક્ષેપથી આ સુખ-દુઃખનું લક્ષણ કહેવાયેલ છે.' તેવા પ્રકારની નિઃસ્પૃહતાના બળથી જ આત્માર્થી સાધક **ધ્યાનદીપિકા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપને ઝડપથી મેળવે છે. ત્યાં ઉપાધ્યાય **શ્રીસકલચંદ્રજી**એ જણાવેલ છે કે 'સિદ્ધ પરમાત્મા (૧) લોકાગ્રભાગમાં રહેલા છે, (૨) અમૂર્ત્ત, (૩) સંક્લેશશૂન્ય, (૪) ચિદાનંદમય તથા (૫) અનંત આનંદને પામેલા છે.' (૧૭/૩)

♦ ભા.માં 'હીલો રે' પાઠ. લીહ = રેખા, લીસોટો, હદ, આડો આંક, છેક. (ભગવદ્‌ગોમંડલ-ભાગ-૮/પૃ.૭૮૦૯)
⁸ લીહવાલી = તેજલીસોટા સમાન. (આવો અર્થ સંભવે છે.)
□ લીહવળી = અંતિમ કક્ષાએ પહોંચ્યું, પરાકાષ્ઠા આવી. (મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ)

**તે ગુરુના ઉત્તમ ઉદ્યમથી, ગીતારથ ગુણ♦ વાધ્યો રે;**
**તસ હિતસીખ તણઈ અનુસારઈ, જ્ઞાનયોગ એ સાધ્યો રે ॥૧૭/૪॥**

તે જે શ્રી ગુરુ, તેહનો **ઉત્તમ ઉદ્યમ** = જે ભલો ઉદ્યમ, તેણે કરીનેં **ગીતાર્થ ગુણ વાધ્યો** - **गीतं जानन्ति इति गीतार्थाः, गीतं शास्त्राभ्यासलक्षणम्।**

(**તસ**=) તેહની જે **હિતશિક્ષા**, (**તણઈ**=) તેહને **અનુસારે**, તેહની આજ્ઞા માફકપણું, તેણે કરી **એ જ્ઞાનયોગ** તે દ્રવ્યાનુયોગરૂપ✡ એ શાસ્ત્રાભ્યાસ **સાધ્યો** = સંપૂર્ણરૂપે થયો. ॥૧૭/૪॥

---

**परामर्शः** **तेषामुत्तमोद्यमाद् गीतार्थतागुणो वृद्धिं प्रगतः।**
**तेषां हि हितशिक्षया ज्ञानयोगः साधितो मया।।१७/४।।**

---

**❋ જ્ઞાનયોગસિદ્ધિ ❋**

[illegible] :- તે સદ્ગુરુઓના ઉત્તમ ઉદ્યમથી ગીતાર્થતા ગુણ વૃદ્ધિને પામ્યો છે. તેઓની જ હિતશિક્ષાથી મેં (= મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે) જ્ઞાનયોગ સાધ્યો છે. (૧૭/૪)

**❖ વર્તમાનકાળમાં ગીતાર્થ દુર્લભ ❖**

[illegible] :- મહાપુરુષો છેદગ્રંથોનો તથા દર્શનશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરે તો તેમનામાં એકાગ્રતા ગુણ વધે. તથા પરિણામી = ઉત્સર્ગ-અપવાદની સ્વસ્થાનશ્રદ્ધાવાળા સાધુઓને યોગ્યતા મુજબ છેદશાસ્ત્રોનો અને દર્શનશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ મહાપુરુષો કરાવે તો સાધુઓના જીવનમાં પણ ગીતાર્થતા ગુણ વધે. બાકી તો ગીતાર્થો દુર્લભ બની જાય. 'ગીતાર્થદુર્લભ કાળ આવશે' - આ પ્રમાણે **નિશીથભાષ્યચૂર્ણિ**માં પણ જણાવેલ છે. તેથી યોગ્ય જીવોને યોગ્ય સમયે ગીતાર્થ બનાવવાની જવાબદારી પણ મહાપુરુષોના શિરે રહેલી છે. આ જવાબદારી સારી રીતે અદા થાય તો જિનશાસનનું તેજ વિષમ કલિકાળમાં પણ ભરપૂર વધે. આ રીતે અધિકારી જીવોને જિનશાસનનું તેજ વધારવાની પાવન પ્રેરણા આ શ્લોક કરે છે.

**❀ યોગ્ય સાધુને દર્શનશાસ્ત્રાભ્યાસ માટે પ્રોત્સાહિત કરીએ ❀**

તથા સ્વયં દર્શનશાસ્ત્ર વગેરેનો અભ્યાસ વડીલજનો જો આશ્રિત જીવોને કરાવી શકતા ન હોય તો તેવા સંયોગમાં પણ યોગ્ય સાધુને યોગ્ય સમર્થ પંડિત, વિદ્વાન સાધુ વગેરે પાસે દર્શનશાસ્ત્ર વગેરે ભણવા પ્રોત્સાહિત તો અવશ્ય કરવા જ જોઈએ. આવી પણ મંગલ પ્રેરણા આ શ્લોક દ્વારા અધિકારી જીવોએ પ્રાપ્ત કરવી. આ રીતે **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં જણાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'સુખ મેળવવા માટે તો માત્ર મોક્ષ જ ઈચ્છનીય છે. કારણ કે તે (૧) જન્મ વગેરે ક્લેશોથી રહિત છે. (૨) ભયશક્તિથી પૂર્ણતયા મુક્ત છે તથા (૩) સદા પીડાશૂન્ય છે.' **ઉપમિતિભવપ્રપંચા કથા**માં **શ્રીસિદ્ધર્ષિગણી**એ અનુવાદરૂપે આ જ વાત કરેલ છે. (૧૭/૪)

---

♦ શાં.માં 'ગુણે' પાઠ.

✡ પુસ્તકોમાં 'દ્રવ્યાનુયોગ' પાઠ પાલિ.નો પાઠ લીધો છે.

**જસ ઉદ્યમ ઉત્તમ માર્ગનો, ભલઈ ભાવથી ♦લહિઈ રે;**
**જસ મહિમા મહીમાંહે વિદિતો✡, તસ ગુણ કેમ ન ♦ગહિઈ રે ॥૧૭/૫॥**
**(૨૭૮) હ.**

**જસ ઉદ્યમ**, તે **ઉત્તમ માર્ગનો** જે ઉદ્યમ, તે કિમ પામિયે ? **ભલે ભાવ** તે શુદ્ધાધ્યવસાય રૂપ (તેહ**થી**), તે **લહીયે** કહતાં પામિયે.

**જસ મહિમા** = જેહનો મહિમા, તે **મહીમાંહે** પૃથ્વીમાંહે, **વિદિતો** છે = પ્રસિદ્ધ છે. **તસ ગુણ** = તે તેહવા આચાર્ય જે સુગુરુ, તેહના ગુણ **કેમ ન** (ગહિએ=) કહિયે ? એતલે અવશ્ય કહવાઇ જ. ઈતિ પરમાર્થ ॥૧૭/૫॥

**પરામર્શઃ** **येषामुत्तममार्गोद्यमः शुभभावादुपलभ्यते।**
**येषां महिमा विदितः तेषां गुणाः किं नोच्यन्ते ?।।१७/५।।**

**❋ ઉત્તમ ઉદ્યમ શુભભાવથી સાધ્ય ❋**

[redacted] :- જે ગુરુઓનો ઉત્તમ માર્ગને વિશે ઉદ્યમ ખરેખર શુભ ભાવથી જ પ્રાપ્ત થાય છે અને જે ગુરુજનોનો મહિમા સુપ્રસિદ્ધ હોય, તેઓના ગુણ અમે કેમ ન કહીએ ? (૧૭/૫)

**❋ ગુરુગુણાનુવાદના બાર લાભ ❋**

[redacted]:- પરમોપકારી પરમારાધ્ય ગુરુ ભગવંતના સદ્ભૂત ગુણોની જાહેરમાં પ્રશંસા કરવાથી આપણામાં (૧) કૃતજ્ઞતા, (૨) વિનય, (૩) ગુરુસમર્પણ, (૪) ગુરુશરણાગતિ, (૫) ગુણાનુરાગ, (૬) ગુણાનુવાદ, (૭) ગુણગ્રાહીદૃષ્ટિનો વિકાસ, (૮) ઔચિત્યપાલન, (૯) મોહનીયાદિ કર્મની નિર્જરા, (૧૦) પુણ્યાનુબંધી પુણ્યનો સંચય, (૧૧) સમ્યગ્દર્શનની નિર્મળતા, (૧૨) જીભની સફળતા વગેરે અનેક પ્રકારના લાભ થાય છે. આવા ગુણ-લાભની દૃષ્ટિથી ઉપકારી ગુરુવર્યોના ગુણાનુવાદમાં આપણે કદાપિ ક્યાંય પણ જરાય કરકસર ન જ કરવી - તેવી પ્રેરણા આ શ્લોકમાંથી લેવા જેવી છે. આ રીતે વલણ કેળવવાથી **નમસ્કારમાહાત્મ્ય**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ જ નજીક આવે. ત્યાં શ્રી**સિદ્ધસેનાચાર્યે** જણાવેલ છે કે 'જિન ભગવાન પુણ્ય-પાપથી વિનિર્મુક્ત બનેલ છે. તેથી લોકાગ્રભાગરૂપી મુક્તિમહેલમાં આરૂઢ થઈને મુક્તિકન્યા સાથે ક્રીડા કરે છે.' (૧૭/૫)

♦ પુસ્તકોમાં 'લહઈ' પાઠ. કો.(૬)નો પાઠ લીધો છે.

✡ લા.(૧)માં 'વિસંગુદીતો' અશુદ્ધ પાઠ.

♦ 'કહઈ' પાઠ યોગ્ય જણાય છે.

**શ્રીકલ્યાણવિજય વડ વાચક, હીરવિજય ગુરુ સીસો રે;**
**ઉદયો, જસ ગુણસંતતિ ગાવઈ, સુર-કિન્નર નિસ-દીસો રે ॥૧૭/૬॥**
**(૨૭૯) હ.**

**શ્રીकल्याणविजयनामा વડ વાચક** મહોપાધ્યાય બિરુદ પામ્યા છે. (ગુરુ) શ્રીહીરવિજયસૂરીશ્વરના શિષ્ય જે છે, **ઉદયો** જે ઉપના છે. **જસ ગુણસંતતિ** = તે શ્રેણિ, **ગાઈ** છે. **સુર-કિન્નર** પ્રમુખ **નિસ-દીસ** = રાત્રિ-દિવસ, ગુણશ્રેણિ સદા કાલે ગાય છે. ॥૧૭/૬॥

---

**પરામર્શઃ** **कल्याणविजयवाचकवरेण्यो हीरविजयसूरिशिष्यः।**
**यदीयगुणसन्तानं किन्नरा गायन्ति सर्वदा।।१७/६।।**

---

### ❋ કિન્નરો પણ ગુણાનુરાગી ❋

[redacted] :- શ્રીહીરવિજયસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય મહોપાધ્યાય **શ્રીકલ્યાણવિજયજી** મહારાજા થયા કે જેમના ગુણની શ્રેણિને કિન્નરો સર્વદા ગાય છે. (૧૭/૬)

### ❋ ગુણવૈભવની છ વિશિષ્ટતા ❋

[redacted] :- તાત્ત્વિક, સાત્ત્વિક અને આધ્યાત્મિક ગુણવૈભવ હોય તો દેવતાઓ પણ ગુણગાન કરતા થાકતા નથી. તેથી શ્રીકલ્યાણવિજયજી મહારાજના ઉદાહરણથી (૧) તાત્ત્વિક, (૨) સાત્ત્વિક, (૩) આધ્યાત્મિક, (૪) સ્વાભાવિક, (૫) સાનુબંધ, (૬) સુવિશુદ્ધ એવા ગુણવૈભવને મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવા પ્રકારની આંતરિક પ્રેરણા આપણને આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

### ❋ નિજસ્વરૂપઅવસ્થાન એ જ મોક્ષ ❋

તે પ્રેરણાને અનુસરવાથી **સર્વાર્થસિદ્ધિ** નામની **ઉત્તરાધ્યયનવૃત્તિ**માં જણાવેલ મોક્ષ ખૂબ જ નજીક આવે. ત્યાં **કમલસંયમ** ઉપાધ્યાયજીએ જણાવેલ છે કે 'સર્વ કર્મનો ક્ષય થવાથી પોતાના સ્વરૂપમાં આત્માનું અવસ્થાન એ જ મોક્ષ છે.' (૧૭/૬)

**ગુરુ શ્રી લાભવિજય વડ પંડિત, તાસ સીસ સોભાગી રે;**
**શ્રુત-વ્યાકરણાદિક બહુ ગ્રંથિ, નિત્યઈ જસ મતિ લાગી રે ॥૧૭/૭॥**

**(૨૮૦) હ.**

તેહના શિષ્ય ગુરુ **શ્રીલાભવિજય વડ પંડિત** છે = પંડિત પર્ષદામાં મુખ્ય છે. **તાસ શિષ્ય** = તેહના શિષ્ય મહા **સોભાગી** છે. **શ્રુત-વ્યાકરણાદિક બહુ ગ્રંથમાંહિ નિત્ય** (**જસ**=) જેહની **મતિ લાગી** છઈ એકાંતે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધિ સજ્ઝાય ધ્યાન કરતાં રહે છે. ॥૧૭/૭॥

---

**परामर्शः** **तच्छिष्यः पण्डितवरलाभविजयः विद्वत्सभासिंहः।**
**आगम-व्याकरणादिशास्त्ररक्ता यन्मतिः सदा॥१७/७॥**

---

**❋ વિદ્વત્સભામાં સિંહ ❋**

[redacted]:- તેમના શિષ્ય પંડિતવરેણ્ય **શ્રીલાભવિજયજી** મહારાજ થયા. વિદ્વાનોની સભામાં તેઓ સિંહ જેવા હતા. જેમની મતિ હંમેશા આગમ, વ્યાકરણ વગેરે શાસ્ત્રોમાં આસક્ત હતી.(૧૭/૭)

**❋ લોકપરિચય છોડો, શ્લોકપરિચય કરો ❋**

[redacted]:- 'લોકો કઈ રીતે મને ઓળખે ? વધુમાં વધુ સંખ્યાની અંદર લોકો મારી પાસે કઈ રીતે આવે ? મારું ભક્તવર્તુળ કઈ રીતે વિસ્તૃત થાય ? લોકો સાથે લાંબા સમય સુધી અસરકારક રીતે બોલવાની કળા ક્યારે આત્મસાત્ થશે ? તે માટેના speaking course વગેરે પુસ્તકો ક્યાંથી મળશે ? મારી વાક્પટુતા દ્વારા બધા લોકો ઉપર હું કઈ રીતે છવાઈ જાઉં ?' - આવી ઘેલછાઓ સંયમીને કદાપિ ન શોભે. તેવી ઘેલછાથી સ્વાધ્યાયધન અને ધ્યાનવૈભવ સંયમીના જીવનમાંથી નષ્ટ થાય છે. તેથી જેમણે સ્વાધ્યાયમાં અને ધ્યાનયોગમાં આરૂઢ થવું છે, તેમણે પંડિતપ્રવર **શ્રીલાભવિજયજી**ના ઉદાહરણથી તેવી મહત્ત્વાકાંક્ષા-ઘેલછા છોડીને એકાંતનું અને આર્યમૌનનું આલંબન લીધા વિના છૂટકો નથી. **લોકપરિચય વધે તો શ્લોકપરિચય ઘટે.** બોલબોલ કરવાની કુટેવ પડે તો ધ્યાનયોગની રુચિ તૂટે. તેથી સમ્યગ્ એકાંતવાસ અને આર્યમૌન ( = વિવેકપૂર્વક મૌન) - આ બન્નેના માધ્યમથી સ્વાધ્યાયમાં અને ધ્યાનયોગમાં આરૂઢ થવાની, આરૂઢ રહેવાની પાવન પ્રેરણા પંડિતશિરોમણિ શ્રીલાભવિજયજી મહારાજના ઉદાહરણથી લેવા જેવી છે.

**✡ ભાવમોક્ષને ઝડપથી મેળવીએ ✡**

લોકપરિચય વગેરેનો ત્યાગ કરીને જ્ઞાન-ધ્યાનાદિમાં ગળાડૂબ રહેવામાં આવે તો **ઉત્તરાધ્યયનસૂત્રનિર્યુક્તિ**માં જણાવેલ ભાવમોક્ષ અત્યંત ઝડપથી પ્રાપ્ત થાય. ત્યાં **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ છે કે 'આઠ પ્રકારના કર્મથી મુક્ત એવો જીવ એ ભાવથી મોક્ષ જાણવો.' (૧૭/૭)

**શ્રી ગુરુ જીતવિજય તસ સીસો, મહિમાવંત મહંતો રે;**
**શ્રી નયવિજય વિબુધ ગુરુભ્રાતા, તાસ મહા ગુણવંતો રે ॥૧૭/૮॥**

**(૨૮૧) હ.**

ગુરુ **શ્રીજીતવિજય** નામે (**તસ**=) તેહના **શિષ્ય** પરંપરાયે થયા. મહા **મહિમાવંત** છે, **મહંત** છે. "ज्ञानादिगुणोपेता महान्तः" ( ) इति वचनात्.

(**મહા ગુણવંતો**) **શ્રીનયવિજય** (**વિબુધ**=) પંડિત (**તાસ**=) તેહના **ગુરુભ્રાતા** = ગુરુભાઈ સંબંધે થયા, **एकगुरुशिष्यत्वात्** ॥૧૭/૮॥

---

परामर्शः **जीतविजयवाचकेन्द्र आसीत् तच्छिष्यो महिमवान् महान्।**
**तद्गुरुभ्राता वरो नयविजयबुधो महागुणवान्॥१७/८॥**

---

### ❋ મહિમાવંત મહાન ગુણવંતના ગુણગાન ❋

[redacted] :- પંડિતવર્ય **શ્રીલાભવિજય**ના શિષ્ય મહોપાધ્યાય **શ્રીજીતવિજયજી** મહારાજા હતા. તેઓ મહિમાવંત અને મહાન હતા. તેમના ગુરુભાઈ પંડિતવરેણ્ય **શ્રીનયવિજયજી** મહારાજ હતા. તેઓ મહાગુણવાન હતા. (૧૭/૮)

### ❋ મહાન બનવાના ઉપાયને જાણીએ ❋

[redacted] :- શરીરની ઊંચાઈથી કે સૌંદર્યથી માણસ મહાન બનતો નથી. શરીરના વજનથી કે સામર્થ્યથી પણ માણસ મહાન બનતો નથી. પુણ્યોદયના સાતત્યથી કે પ્રાચુર્યથી પણ માણસ મહાન બનતો નથી. બીજા ઉપર આધિપત્ય જમાવવાની વૃત્તિ (=અધિકારવૃત્તિ) સત્તા, સંપત્તિ, સ્વાસ્થ્ય, સૌંદર્ય, સ્વજનો, શ્રીમંતો વગેરેના લીધે પણ માણસ મહાન બનતો નથી. પત્ની, પુત્ર, પરિવારવૃદ્ધિ, પ્રસિદ્ધિ, પ્રવચનની પાટ-પટુતા, પદવી, પુસ્તકપ્રકાશન, પુણ્યોદયપ્રદર્શન, પ્રશંસા, પ્રતિષ્ઠા, પંડિતાઈ કે પ્રવચનપ્રભાવના વગેરે પ્રલોભન દ્વારા પણ સાધક પરમાર્થથી મહાન બનતો નથી. Fashion, Fund, Fortune-telling, Function (Social & Religious), Federation, Foundation અને ફટાટોપથી પણ સાધુ મહાન બનતો નથી. તેથી ઉપરોક્ત વસ્તુને મેળવવાની, ટકાવવાની કે વધારવાની ઘેલછામાં અટવાયા વિના, આત્માને મહાન બનાવનાર જ્ઞાનાદિ ગુણવૈભવનું ઉપાર્જન કરવામાં જ આત્માર્થી જીવે સદા લીન બનવું જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. આ આધ્યાત્મિક સંદેશને અનુસરવાથી **સૂયગડાંગસૂત્રનિર્યુક્તિવિવરણ**માં જણાવેલ નિર્વાણ ઝડપથી મળે. ત્યાં **શ્રીશીલાંકાચાર્યજી**એ જણાવેલ છે કે 'ચાર ઘનઘાતિ કર્મોનો ઉચ્છેદ થવાથી કેવલજ્ઞાનની થતી પ્રાપ્તિ એ જ નિર્વાણ = જીવન્મુક્તિ.' (૧૭/૮)

**જે ગુરુ સ્વ-પર સમય અભ્યાસઈ, બહુ ઉપાય કરી કાસી રે;**
**સમ્યગ્દર્શન ♦સુરુચિ સુરભિતા, મુઝ મતિ શુભ ગુણ વાસી રે ॥૧૭/૯॥**
**(૨૮૨) હ.**

જેણે ગુરુયેં, **સ્વસમય** તે જૈનશાસ્ત્ર, **પરસમય** તે વેદાન્ત-તર્ક પ્રમુખ, તેહના **અભ્યાસાર્થ બહુ ઉપાય કરીને કાસીયે** સ્વશિષ્યને ભણવાને કાજે મૂકયા. તિહાં ન્યાયવિશારદ એહવું બિરુદ પામ્યા.

**સમ્યગ્દર્શનની** જે **સ્વ(સુ)રુચિ**, તદ્રૂપ જે **સુરભિતા** સુગંધ, જસ સેવાપણું, તેણે **મુઝ મતિ** = મારી જે મતિ, **શુભ ગુણે** કરીને **વાસી** = આસ્તિક્ય ગુણેં કરી અંગોઅંગ પ્રણમી (=પરિણમી), તેહની સ્વેચ્છા રુચિરૂપેઈ છઈ. ॥૧૭/૯॥

---

**પરામર્શઃ** **यो गुरुः ममैव स्व-परसमयाभ्यासाय काशीमागतः।**
**सम्यक्त्वसुरुचिसुरभिवासिता मतिः यत्सेवया।।१७/९।।**

---

**❀ શિષ્યને ભણાવવા ગુરુની સહાય ❀**

[redacted] :- જે ગુરુ મને જ સ્વ-પરદર્શનના શાસ્ત્રનો અભ્યાસ કરાવવા માટે કાશીમાં સાથે આવ્યા તથા જેમની સેવાથી મારી મતિ સમ્યગ્ દર્શનની સુરુચિ સ્વરૂપ સુગંધથી સુવાસિત થઈ. (૧૭/૯)

**❋ નયવિજયજી મહારાજ પાસેથી સાત હિતશિક્ષા શીખીએ ❋**

[redacted] :- શિષ્યને ભણાવવા માટે ગુરુ ગુજરાતથી ઠેઠ કાશી સુધીનો વિહાર કરે તે જૈન ઇતિહાસની એક અનોખી, અદ્ભુત અને યાદગાર ઘટના છે. જૈન ધર્મ પ્રત્યે બ્રાહ્મણો તે સમયે વિશેષ પ્રકારે દ્વેષ ધારણ કરનારા હતા. તેથી બ્રાહ્મણ પંડિત પાસે પોતાના શિષ્યને ભણાવવા માટે જૈન ગુરુએ કેવા કેવા પ્રકારના ઉપાયો અજમાવવા પડ્યા હશે ! કેટ-કેટલી મુશ્કેલીઓ વેઠી હશે ! તે પણ આપણા માટે તો અત્યારે કલ્પનાનો જ વિષય બની જાય છે. આના ઉપરથી આપણે કમ સે કમ સપ્તર્ષિના તારા જેવી સાત પ્રકારની હિતશિક્ષાને ગ્રહણ કરવાની જરૂર છે કે :-

(૧) દીક્ષા આપ્યા બાદ શિષ્યને રોજ એકાદ કલાક પણ ભણાવવાની આપણને ફુરસદ ન મળે તેવા મોટા આડંબરપૂર્વક Programme કે Functions નક્કી ન જ કરવા.

(૨) અઠવાડિયામાં કે પખવાડિયામાં એકાદ દિવસ પણ શિષ્યને વાચના કે હિતશિક્ષા આપવામાં ઉલ્લાસ ન જાગે તેટલી હદે શિષ્યની ઘોર ઉપેક્ષા ન કરવી.

(૩) જાતે શિષ્યને ભણાવવાની ક્ષમતા કે સંયોગ ન હોય તો પોતાના સમુદાયના કે બીજા સમુદાયના વિદ્વાન સંયમી પાસે પોતાના શિષ્યને ભણવા માટે ચાર-પાંચ વરસ મૂકવાની ઉદારતા કેળવવી જોઈએ.

(૪) તે પણ કદાચ શક્ય ન બને તો શિષ્યને ભણાવનાર પંડિતોની જ્યાં સુલભતા હોય એવા

---

♦ કો.(૪)માં 'સુરુચિ'ના બદલે 'કવિ' પાઠ.

ક્ષેત્રમાં આઠ-દસ ચોમાસા તો અવશ્ય કરવા.

(૫) પંડિતોના પગારની વ્યવસ્થા, પુસ્તકાદિને મંગાવી આપવાની જવાબદારી શિષ્યના ગળા ઉપર નાખવાના બદલે આપણે આપણા માથે લેવી.

(૬) ભણતા શિષ્યને ભણવાના અવસરે પોતાની સેવામાં, પરચૂરણ કામકાજમાં, ભક્તવર્તુળના સંબંધો સાચવવાના કામમાં જોડીને શિષ્યનો ભણવાનો અમૂલ્ય સમય બરબાદ કરવાની હલકી મનોવૃત્તિને સદંતર છોડવી.

(૭) બીજા સાધુ પાસે કે પંડિત પાસે શિષ્યને ભણાવવાની વ્યવસ્થા આપણા દ્વારા પણ ન થઈ શકતી હોય અને વિનયી શિષ્ય પોતાની જાતે જ મહેનત કરીને શાસ્ત્રાભ્યાસમાં આગળ વધી રહ્યો હોય ત્યારે તેને 'જોયા મોટા ભણેશ્રી ! જોયા મોટા પોથીપંડિત !' - વગેરે કટુ શબ્દો કહેવા દ્વારા મહેણા-ટોણા મારવાની, તેની નિંદા કરવાની અને તેનો સ્વાધ્યાયનો ઉત્સાહ તોડી નાંખવાની કાતિલ વૃત્તિ તો આપણા જીવનમાં ન જ આવવી જોઈએ. મહોપાધ્યાય શ્રીનયવિજયજી મહારાજના જીવન ઉપરથી આપણે આટલો બોધપાઠ લઈએ તો પણ તેઓ સ્વર્ગમાંથી આપણા ઉપર કૃપા અવશ્ય વરસાવે. આ રીતે તેમની કૃપા દુર્લભ ન રહે તથા **પ્રવચનસારોદ્ધારવૃત્તિ તત્ત્વજ્ઞાનવિકાસિની**માં જણાવેલ સકલકર્મશૂન્ય કેવલ આત્મસ્વરૂપ મુક્તિ સુલભ બને. આવું પ્રસ્તુત શ્લોક દ્વારા સૂચિત થાય છે.

### ❋ અહો આશ્ચર્યમ્ ! અહો સૌભાગ્યમ્ ! ❋

'**યશોજીવન પ્રવચનમાલા**' પુસ્તકની અંદર 'એક : યશસ્વી ગુરુપરંપરા' લેખમાં શ્રીનયવિજયજી મહારાજ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બાબતનો ઉલ્લેખ મળે છે. તે આ મુજબ છે :- "ખૂબીની વાત તો એ છે કે ઉપાધ્યાયજી મહારાજ જે કૃતિઓની રચના કરતા તેની શુદ્ધ સ્વચ્છ નકલો કરવાનું કામ તેમના ગુરુ પૂ.નયવિજયજી મહારાજ કરતા. દા.ત. વિ.સં.૧૭૧૧માં રચાયેલ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'ની નકલ પાલનપુરના ભંડારની, પૂ. નયવિજયજી મહારાજના હાથથી લખેલી આજે પણ સચવાયેલી છે." (પૃષ્ઠ-૧૦). પોતાના આશ્રિતને સ્વાધ્યાયાદિમાં પ્રોત્સાહન આપવા ગુરુજનોએ કેટલો ભોગ આપવો જોઈએ ? તે આના પરથી સમજી શકાય તેવી વાત છે. શિષ્યનું પણ કેવું લોકોત્તર સૌભાગ્ય ! અસ્તુ. (૧૭/૯)

**જસ સેવા સુપસાયઈં સહજિં, ચિંતામણિ ♦મઈં લહિઉં;**
**તસ ગુણ ગાઈ✡ શકું કિમ સઘલા ? ગાવાનઈં ગહગહિઓ રે ॥૧૭/૧૦॥**
**(૨૮૩) ઙ.**

**જસ સેવા** = તેહની સેવા રૂપ જે **સુપ્રસાદ**, તેણે કરીને **સહજમાંહે ચિંતામણિ** શિરોમણિ નામે મહા ન્યાય શાસ્ત્ર, તે (**મઈં** = મેં) **લહ્યો** = પામ્યો.

**તસ** ગુણ = તેહ જે મારા ગુરુ તેહના (**સઘલા**=) સંપૂર્ણ ગુણ એક જિહ્વાએ કરીને **કિમ ગાઈ સકાઈ** ? અને માહરું મન તો **ગાવાને ગહગહી રહ્યું છે** = આતુર થયું છઈ. ॥૧૭/૧૦॥

**परामर्शः** **यत्सेवाप्रसादेन चिन्तामणिशिरोमणिर्हि सुलब्धः।**
**तदखिलगुणगाने मे शक्तिः कुतो गानरक्तस्य ?॥१७/१०॥**

### ❈ સંપૂર્ણ ગુરુગુણગાન અશક્ય ❈

[redacted]:- જેમની સેવા સ્વરૂપ પ્રસાદથી ચિંતામણિ-શિરોમણિ મને સારી રીતે મળ્યો. હું તો તેમના ગુણગાનમાં અનુરક્ત છું. પરંતુ તેમના તમામ ગુણોને ગાવાની મારી શક્તિ ક્યાંથી હોય !(૧૭/૧૦)

### ❀ તાત્ત્વિક ગુરુકૃપાની ઓળખ ❀

[redacted] :- ગુરુ માત્ર માથે હાથ ફેરવે કે સારી સારી ગોચરી, કામળી વગેરે વસ્તુ આપણને આપે, માંદગીમાં આપણી સંભાળ કરે તે તાત્ત્વિક ગુરુકૃપા નથી. પરંતુ **આપણે ગુરુ ભગવંતના ગુણનો અનુરાગ, ગુરુગુણાનુવાદ, ગુરુ ભગવંતની ભક્તિ, વિનય, બહુમાનાદિથી ગુરુદેવની ઉપાસના કરીએ તે જ તાત્ત્વિક ગુરુકૃપા છે.** આવી ગુરુકૃપા થકી જ જટિલ શાસ્ત્રો સરળ બને છે. તેથી 'ગુરુએ મારા માટે શું કર્યું ?' તે વિચારવાના બદલે, 'હું ગુરુદેવ માટે શું કરી શકું તેમ છું ?' - આવી વિચારણાને આપણા જીવનમાં કેન્દ્રસ્થાને ગોઠવી સદ્ગુરુની ઉપાસનામાં સદા લયલીન રહેવાની પાવન પ્રેરણા અહીં પ્રાપ્ત કરવા જેવી છે. સદ્ગુરુની ઉપાસનાના બળથી **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં **શ્રીમલયગિરિસૂરિજી**એ જણાવેલ સર્વથા આઠ કર્મમલનો વિયોગ થવા સ્વરૂપ મોક્ષ સુલભ બને. (૧૭/૧૦)

♦ પુસ્તકોમાં 'મેં' પાઠ. સિ.+કો.(૬+૯+૭)માં 'મિં' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
✡ આ.(૧)માં 'ગાઉં કિમ' પાઠ.

**તે ગુરુની ભગતિ શુભ શકિત, વાણી એહ પ્રકાશી;**
**કવિ જસવિજય ✡ભણઈ "એ ભણજ્યો,♦ દિન દિન બહુ અભ્યાસી રે"॥૧૭/૧૧॥**
**(૨૮૪) હ.**

**તે ગુરુની ભક્તિ** = ગુરુપ્રસન્નતા લક્ષણે, **શુભ શકિત** તે આત્માની અનુભવદશા, તેણે કરીને **એહ વાણી** દ્રવ્યાનુયોગ રૂપ **પ્રકાશી** = પ્રરૂપી; વચન દ્વારે કરીને. **કવિ જસવિજય ભણઈ** કહતાં કહે છે. "**એ ભણજ્યો**. હે આત્માર્થિયો ! પ્રાણિયો ! એ ભણજ્યો, **દિન દિન** = દિવસે દિવસે **બહુ** (**અભ્યાસી** =) અભ્યાસ કરીને, ભણજ્યો અતિ અભ્યાસે." ॥૧૭/૧૧॥

**પરામર્શઃ** **तद्गुरुभक्तितो हि शुभशक्त्येयं वाणी प्रादुर्भूता।**
**यशोविजयकविः वक्ति - 'भणतैनां सदाऽत्यभ्यासात्'।।१७/११।।**

[illegible]:- તે ગુરુદેવની ભક્તિથી જ શુભ શક્તિ દ્વારા આ વાણી પ્રગટ થઈ. **યશોવિજય કવિ** કહે છે કે તમે આ શાસ્ત્રવાણીને અતિઅભ્યાસે કરીને ભણો. (૧૭/૧૧)

### ❖ તાત્ત્વિક ગુરુભક્તિની ઓળખ ❖

[illegible]:- શિષ્યને જોઈને ગુરુના મનમાં એવો ભાવ જાગે કે 'આને દીક્ષા આપી તે સારું કર્યું. આ અત્યંત વિનીત, વિનમ્ર, વિવેકી અને વૈરાગી છે. આને સંસારમાંથી કાઢવા દ્વારા અને શાસનને વિશેષ રીતે ઉપયોગી બને તે રીતે તૈયાર કરવા દ્વારા સદ્ગુરુ-સમુદાય-સંઘ-શાસનના ઋણમાંથી મને યત્કિંચિત્ મુક્તિ મળી' - ગુરુની આવી ભાવના એ જ ગુરુની શિષ્ય પ્રત્યેની કૃપા છે. આવી ગુરુકૃપા પ્રાપ્ત થાય તેને અનુસાર વર્તન અને વલણ શિષ્ય હરહંમેશ કેળવે તે જ શિષ્યની તાત્ત્વિક ગુરુભક્તિ છે. આવી નિઃસ્વાર્થ ભક્તિના પ્રભાવે જ શિષ્યની સ્વાનુભવદશા જાગૃત થાય છે.

### ❖ તાત્ત્વિક ગુરુભક્તિથી સ્વલ્પ કાળમાં સ્વાનુભૂતિ ❖

વરસો સુધી હઠયોગની સાધના કર્યા બાદ, ગુરુથી અલગ પડીને લાખો વરસો સુધી ઉગ્ર ચારિત્રાચાર પાળ્યા બાદ, કરોડો વરસ સુધી તીવ્ર તપશ્ચર્યા કર્યા બાદ કે નવ પૂર્વનો જ્ઞાનસાગર કંઠસ્થ કર્યા બાદ પણ આ જીવને જે સ્વાનુભવદશા પૂર્વે પ્રાપ્ત નથી થઈ તે સ્વાનુભવદશા ઉપરોક્ત તાત્ત્વિક ગુરુભક્તિના પ્રભાવે અલ્પ સમયમાં પ્રાપ્ત થઈ જાય છે. તેથી આત્માની ઉજાગર અવસ્થા સ્વરૂપ સ્વાનુભવદશાને પ્રગટ કરવા માટે ઉપરોક્ત નિષ્કામ ગુરુભક્તિમાં સદા માટે લયલીન રહેવાની મંગલ પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તેવી નિષ્કામ ગુરુભક્તિના પ્રભાવથી **ઉત્તરાધ્યયનસૂત્રદીપિકાવૃત્તિ**માં દર્શાવેલ મોક્ષ ખૂબ જ નજીક આવી જાય. ત્યાં મોક્ષસ્વરૂપને જણાવતા **શ્રીલક્ષ્મીવલ્લભગણી**એ કહેલ છે કે 'સર્વ કર્મનો ઉચ્છેદ થવાથી આત્મસ્વરૂપે આત્માનું અવસ્થાન એ જ મોક્ષ છે.' (૧૭/૧૧)

**• સત્તરમી શાખા સમાપ્ત •**

✡ કો.(૯)+સિ.માં 'ભણિ' પાઠ.

♦ મ.માં 'ભણિજો' પાઠ. શાં.માં 'ભણિયો' પાઠ કો.(૨)નો પાઠ લીધો છે.

## કળશ

**ઈમ દ્રવ્ય-ગુણ-પર્યાયે□ કરી જેહ વાણી વિસ્તરી,**
**ગતપાર ગુરુ સંસાર સાગર તરણ તારણ વરતરી;**
**તે એહ ભાખી સુજન મધુકર ✡રમણિ સુરતરુ મંજરી,**
**શ્રી નયવિજય વિબુધ ચરણસેવક જસવિજય બુધ જયકરી ॥૧॥ (૨૮૫)**

**ઈમ દ્રવ્ય-ગુણ-પર્યાયે કરીને જે વાણી** દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ અને પર્યાયનું લક્ષણ તેણે કરીને જે વાણી, **(વિસ્તરી=)** વિસ્તારપણો પામી છે,

**ગતપાર** તે પ્રાપ્તપાર, એહવા **ગુરુ** તે કેહવા⧖ છે ? **સંસારરૂપ સાગર**, તેહના **તરણ-તારણ** વિષે, **વર** કહેતાં પ્રધાન, **તરી** સમાન છઈ. "તરી" એહવો નામ જિહાજનો છઈ.

**તેહ મેં ભાખી**, તે કેહને અર્થે ? તે કહે છે **સુજન** જે ભલો લોક, સત્સંગતિક આત્મદ્રવ્યે ષડ્ દ્રવ્યના ઉપલક્ષણ ઓલખણહાર, તેહ(**મધુકર**)ને **રમણિક સુરતરુ** જે કલ્પવૃક્ષ, તેહની **મંજરી** સમાન છે.

**શ્રીનયવિજય(વિબુધ=)**પંડિતશિષ્ય **ચરણસેવક**સમાન **જસવિજય બુધ**ને **જયકારી** = જયકારણી = જયની કરણહારી અવશ્ય જસ-સૌભાગ્યની દાતા છે. એહવી **"भगवद्वाणी चिरं जीयात्" इत्याशीर्वादवचनम् ॥१॥**

**(काव्यम्) इयमुचितपदार्थोल्लापने श्रव्यशोभा बुधजनहितहेतुर्भावनापुष्पवाटी।**
**अनुदिनमित एव ध्यानपुष्पैरुदारैर्भवतु चरणपूजा जैनवाग्देवतायाः।।१।।(શ્લોક ૩૦૦૦)**

**ઈતિ શ્રીઉપાધ્યાયશ્રીજસવિજયગણિ કૃત દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ સંપૂર્ણમ્ શ્રીરસ્તુ♦**

---

□ આ.(૧)+કો.(૨)માં 'પર્યાય કેરી' પાઠ. ✡ પુસ્તકોમાં 'રમણ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ⧖ પુસ્તકોમાં 'કહેવા' અશુદ્ધ પાઠ. B(1)નો પાઠ લીધો છે.

♦ દ્રવ્ય-ગુણ-પર્યાયરાસની વિવિધ હસ્તપ્રતોમાં સમાપન નીચે મુજબ મળે છે.

**કો.(૧)માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरास उपाध्यायश्रीजसविजयगणिकृत सम्पूर्ण।। संवत् १८१८ वर्षे, चैत्र सुदि ३, रवौ लषितं।। परोपकाराय।'

**કો.(૨)માં સમાપન** :- 'ग.जिसागरलषितं श्रीस्तम्भतीर्थे स्वकीयार्थे।'

**કો.(૩)માં સમાપન** :- 'इति श्रीमहोपाध्यायश्रीजसविजयगणीविरचितो द्रव्य-गुण-पर्यायरासः।'

**કો.(૪)[આ.(૧)]માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायनो रास सम्पूर्ण। संवत १८६२ ना वर्षे, कार्त्तिक वीद ५ दिने, चन्द्रवासरे, श्रीधाङ्गद्रानगरे, श्रीसम्भवनाथप्रसादात् ! श्रीशुभं भवतु। सकलपण्डितशिरोमणी पं.श्री ७ पं. रत्नविजयगणी तत्शिष्य पं. श्री ५ पं. विनितविजयगणी तत्शिष्य पं. उत्तमविजयगणी लषितं चेला अमरसी कानजी वांचवा अर्थे भवतु। श्रीरस्तु। कल्याणमस्तु। श्रेयं शुभं भवतु। श्री। छ। श्री। छ।'

**કો.(૫)માં સમાપન** :- 'इति श्रीउपाध्यायश्री ७ श्रीजसविजयगणिकृत द्रव्य-गुण-पर्यायनो रास सम्पूर्ण। संवत् १७९० वर्षे, माह सुदि ८, गुरो लषितं। श्रीसूरतिबिन्दरे।'

**કો.(૬)માં સમાપન** :- 'संवत् १७२९ वर्षे भाद्रवा वदि २ दिने लिखि साहा कपूर सुत, साहा सुरचंदे लिखावितम्।। छ।।'
**કો.(૭)માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरास-टबार्थः सम्पूर्णः। ग्रन्याग्रं सर्वमिलने सहस्र-३०००, न्यूनाधिकं जिनो वेत्ति। लि.पं. लक्ष्मीमाणिक्यमुनयः। सं. १८४१ रा मिती मृगशिर शुदि चतुर्दश्यां गुरौ। श्रीनवलखापार्श्वप्रासादात् कल्याणमस्तु लेखक-पाठकयोः, इति श्रीं स्तात्।'
**કો.(૮)માં સમાપન** :- 'इति श्रीमहोपाध्यायश्रीयशोविजयगणिना कृतः सूत्र-टबार्थरूपरासः सम्पूर्णतामगमत्। ग्रन्थाग्रं श्लोक सङ्ख्या ३८६३ सूत्र-अर्थमिलने यादृशं पुस्तके दृष्टं, तादृशं लिखितं मया। यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते।।१।। तैलाद्रक्षेज्जलाद्रक्षेद्रक्षेच्छिथिल-बन्धनात्। परहस्तगताद्रक्षेदेवं वदति पुस्तिका।।२।।'
**કો.(૯)માં સમાપન** :- 'यादृशं पुस्तकं दृष्ट्वा, तादृशं लषितं मया।। यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते।।१।। श्राविकामूलीबाईपठनार्थे, संवत् १८३८ वर्षे, शाके... प्रवर्तमाने।। श्री।। श्री।। श्री।।'
**કો.(૧૦)માં સમાપન** :- 'संवत् १८४१ ना वर्षे, शाके १७०७ प्रवर्तमानो। फागुण मासे, शुक्ल पक्षे, पडवे तिथौ, वार बुधवासरे, श्रीझालावाडदेशे, श्रीलीम्बडीमध्ये पूज्यभट्टारकश्री १०८ श्रीअमरसागरसूरीश्वरा तत्शिष्य पं.श्री ५ श्रीसुन्दरसागरजी गणीयोग्यं पं. श्रीविमलसागरजी गणीयोग्यं मुनिश्रीहस्तिसागरजी तत्शिष्यचेलाश्री लिषितं लालचन्द्रपठनार्थम्। यादृशं पुस्तकं दृष्ट्वा, तादृशं लिखितं मया। यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते।।१।। इति सम्पूर्ण। समाप्तम्।'
**કો.(૧૧)માં સમાપન** :- "इति श्रीद्रव्य-गुण-पर्यायरास सम्पूर्ण। लि. शिवसुन्दरेण स्वार्थे परार्थे संवत् १८१५ श्रावण सु.३ शुक्रेमिति भद्रम्। श्रेयः मङ्गलम्।।श्रीः।।"
**કો.(૧૨)માં સમાપન** :- "शाह भवानीदासजी शाह श्रीतापीदासजी पुत्री शुभकुंवर लिखापितम् - इदं शास्त्र पुण्यार्थम्, क श्रीरस्तु। सं १८०९ वर्षे मास चैत्र वदि ११, रविवासरे, सम्पूर्ण बभूव।"
**કો.(૧૩) [આ.(૨)]માં સમાપન** :- 'इति श्रीउ.श्रीजसोविजयविरचिते द्रव्य-गुण-पर्यायरास सम्पूर्णम्।।श्री।।श्रीरस्तु।।लिपीकृतं पं. मनरूप-सागरेण, संवत १८०६ वर्षे, आसौज सुदि ७ रवौ।।छ।।श्री।।'
**કો.(૧૪)[લા.(૨)]માં સમાપન** :- 'यादृशं पुस्तके दृष्टं, तादृशं लिखितं मया। यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते।।१।। संवत १७५३, फागण सुदि १३, भौमे राधनपुरे पं. श्रीचन्द्रविजयलिखितम्। शुभं भवतु, कल्याणमस्तु। छ'
**કો.(૧૫)[સિ.]માં સમાપન** :- 'इति श्रीमहोपाध्यायश्रीजसविजयगणिविरचितो द्रव्य-गुण-पर्यायरासः।।'
**કો.(૧૬)[લા.(૧)]માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरास सम्पूर्णः। संवत् १७२४ वर्षे पोष मासे, शुक्ल पक्षे १३ दिने बुधवारेण लषितम्।छ। ऋषिश्री ५ सुन्दरलषावितः।। छ।। लेखक-पाठकयोः कल्याणमस्तु।। छ।। इति।'
**કો.(૧૭)માં સમાપન** :- 'श्रीजसोविजयगणिकृत द्रव्य-गुण-पर्यायरास सम्पूर्णः। साध्वी अनोपसीरी वाचनार्थे।'
**કો.(૧૮)માં સમાપન** :- અપૂર્ણ (૭મી ઢાળથી).
**કો.(૧૯)[આ.(૩)]માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरास सम्पूर्ण। श्रीरस्तु। कल्याणमस्तु। शुभं भवतु।। श्रीः।। छः।।'
**કો.(૨૦)માં સમાપન** :- અપૂર્ણ (૧૫મી ઢાળથી).
**કો.(૨૧)માં સમાપન** :- 'संवत् १७८९ वर्षे, ज्येष्ठ सुदि ९ शुक्रे श्रीसूरतिमध्ये लिषतम्। यादृशं पुस्तकं दृष्टं, तादृशं लिषतं मया। यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते।।१।। लेखयन्ति नरा धन्या ये जिनागमपुस्तकं तत् सर्वं वाङ्मयं ज्ञात्वा सिद्धिं यान्ति न संशयः।।२।। जां लगि मेरुमहीधर जयवन्ता शशि-भाण। तां लगि ए पुस्तिका वाचो चतुर सुजाण।।३।।'
**પા.(ભા.)માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायराससूत्रटबार्थ सम्पूर्ण भद्रम्।।छ।। संवत् १७३६ वर्षे, अश्वन वदि ६, रवि दिने लषितः।।छ।। माहाकल्याण लखावी ते श्रीराजनगरमध्ये मङ्गलमस्तु। ग्रं.२२२५'
**P(1)[સં.૧] માં સમાપન** :- 'उपाध्यायश्रीजसोविजयगणिविरचिते द्रव्य-गुण-पर्यायरासः समाप्तः।।श्री।।श्री।।लिषितं ब्राह्मण छोडो नथमलेन पुस्तकं राजनगरमध्ये श्री। श्रीरस्तु संवत् १९१३ मिति आसोज सुद ३। समाप्तः।'
**P(2)[સં.૨] માં સમાપન** :- 'जसविजयबुधजयकरी। २८४ इति।'

**परामर्शः**

### कलशः (सवैया)

**द्रव्य-गुण-पर्यायलक्षणैर्हि कृतैवं कृतिर्नु विस्तरेण,**
**गतपारगुरुः भवसिन्धुतरण-तारणतरणी बलं ममाऽत्र;**
**सेयं भाषिता सुजनमधुकरकल्पतरुमञ्जरी सुनयेन,**
**नयविजयबुधपदसेवकयशोविजययशोदात्री विजयेन।।१।। (सवैया)**

૨૫ 
### કળશ

(દ્રા 
### • ગ્રંથરચના કલ્પવૃક્ષમંજરી •

[redacted] :- આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ પદાર્થો વડે ખરેખર આ રચના અલ્પ વિસ્તારથી કરવામાં
(તો આવેલ છે. આ રચના કરવામાં મારો આધાર તો શાસ્ત્રસાગરને પાર પામેલા ગુરુજન છે કે જે ભવસાગરને

---

P(3)[સં.૩] **માં સમાપન** :- 'इति श्रीउपाध्यायश्री ७ श्रीजसविजयगणिकृत द्रव्य-गुण-पर्यायनो रास सम्पूर्णः। श्रीरस्तु कल्याणमस्तु। संवत् १७८६ वर्षे शाके १६५१ प्रवर्त्तमाने मासोत्तममासे कार्त्तिकमासे कृष्णपक्षे ८ म्यां तिथौ, बुधवारे सुरतपुरमध्ये लिखितं साह आणंदजी वाचनार्थे।'

P(4)[સં.૪] **માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरास उपाध्यायश्रीजसविजयगणिकृत सम्पूर्णः।'

**લી.(૧)માં સમાપન** :- 'यादृशं पुस्तके दृष्टं, तादृशं लिखितं मया। यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयते।।१।। लग्नपृष्ठिकटिग्रीवा, बद्धमुष्टिरधोमुखम्। कष्टेन लिखितं शास्त्रं, यत्नेन परिपालयेत्।।२।। इति संवत् १८११ वर्षे मासोत्तमश्रीकार्त्तिकमासे कृष्णपक्षे पञ्चम्यां कर्मवाद्यां (?) सोमवासरे च।'

**લી.(૨)માં સમાપન** :- 'संवत १७६७ वर्षे, शाके १६३३ प्रवर्त्तमाने मार्ग्रसिर वदि १४, शुक्रे।।'

**લી.(૩)માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरास सम्पूर्णः। श्रीरस्तु। कल्याणमस्तु श्री।'

**લી.(૪)માં સમાપન** :- 'इति श्रीमहोपाध्यायश्रीजसविजयगणिविरचितो द्रव्य-गुण-पर्यायरासः समाप्तिमगमत्।।'

B(1)**માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरासः सम्पूर्णः। उपाध्यायश्री ७ यशोविजयगणिना कृतः स्वोपज्ञटबार्थः रासः सम्पूर्णः लिखितं। संवत् १७८८ ना वर्षे भाद्रवा वदि ६, शुक्रे, श्रीअवरङ्गाबादमहानगरे लिपिकृतम्।'

B(2)**માં સમાપન** :- 'इति श्रीद्रव्य-गुण-पर्यायरासः सम्पूर्णः। संवत १७२८ वर्षे, पोष वदि २, वार शकरे लषितं श्रीराजनगरमध्ये मङ्गलमालका ६।। भा.हेमासुत शाह ताराचंद लषावीतं पोतानई भणवानई काजई।। मङ्गलम्।।'

M(A)[મ.]**માં સમાપન** :- 'संवत् १९३०, ज्येष्ठ सुदि ९, बुधवासरे, लेखकज्ञाति अवदिच जो शिवराम आरोग्य कुम्भकखरामपठनार्थी श्राविकाबाईफुनि इयं पुस्तिका। श्रीरस्तु कल्याणमस्तु। श्री ५।'

**મો.(૧)માં સમાપન** :- અપૂર્ણ (૮મી ઢાળથી).

**મો.(૨)માં સમાપન** :- 'श्रीनयविजयबुधचरणसेवक जसविजयबुधजसकारी ८३'

**પાલ.માં સમાપન** :- 'सं.१७११ वर्षे पंडितजसविजयगणिना विरचितः संघवी हांसाकृते आसाढमासे श्रीसिद्धपुरनगरे लिखितश्च श्रीभट्टारकश्रीदेवसूरिराज्ये पं.नयविजयेन श्रीसिद्धपुरनगरे प्रथमादर्शः सकलविबुधजनचेतश्चमत्कारकारकोऽयं रासः सकलसाधुजनैरभ्यसनीयः श्रेयोऽस्तु संघाय।'

**પા.૧[પાલિ.]માં સમાપન** :- 'द्रव्य-गुण-पर्यायरासः संपूर्णः, उपाध्यायश्रीयशोविजयगणिकृतः स्वोपज्ञटबार्थरासः संपूर्णः लिखितं भारमल. सं.१८०९ वर्षे, मास चैत्रे, वदि ३, गुरुवासरे, अवरंगाबादमध्ये लिपिकृतोऽस्ति, श्रीरस्तु, कल्याणमस्तु, शुभं भवतु।'

તરનાર અને તરાવનાર નૌકા સમાન છે. આ રચના સુનયથી ગૂંથવામાં આવેલ છે. ખરેખર આ રચના સજ્જનો રૂપી ભમરાઓ માટે કલ્પવૃક્ષની મંજરી સમાન છે. વિજય અપાવવા દ્વારા આ રચના શ્રીનયવિજયવિબુધચરણસેવક એવા યશોવિજયને યશોદાયિની બનો. ॥૧॥

### ❊ ગુરુદેવ - એક માત્ર આધાર ❊

[redacted] :- 'ગ્રંથરચનામાં આધાર અમારા ગુરુદેવ જ છે' - આવું કહેવા દ્વારા ગુરુદેવની અને તેમાં પ્રતિષ્ઠિત ગુરુતત્ત્વની અચિંત્ય શક્તિ ઉપર ગ્રંથકારશ્રીએ પ્રકાશ પાડેલ છે. જ્યાં આપણી મતિ, ગતિ કે શક્તિ કામ ન કરે ત્યાં તો ગુરુદેવ જ એકમાત્ર આધાર બની શકે. ગ્રંથિભેદ, પ્રાતિભજ્ઞાન, ક્ષપકશ્રેણિ, શુક્લધ્યાન, કેવલજ્ઞાન અને મુક્તિની પ્રાપ્તિની બાબતમાં આપણી મતિ, ગતિ કે શક્તિની ઉપર મદાર બાંધવાના બદલે

(૧) 'સદ્ગુરુઃ शरणं मम',

(૨) 'सद्गुरुभक्तिः शरणं मम',

(૩) 'सद्गुरुवचनं शरणं मम,'

(૪) 'सद्गुर्वाज्ञा शरणं मम',

(૫) 'सद्गुरुदशा शरणं मम',

(૬) 'श्रीगुरुतत्त्वं शरणं मम',

(૭) 'परमगुरुः शरणं मम'

- આ મંત્રસપ્તપદીને ભાવાર્થસહિત અને પરમાર્થસહિત આત્મસાત્ કરવાની કળશશ્લોક દ્વારા પ્રેરણા મળે છે.

### ⊛ મંત્રસપ્તપદીનો પ્રભાવ ⊛

તે મંત્રસપ્તપદીને ભાવિત કરવાના લીધે અવંચકયોગથી સ્વાનુભૂતિસંપન્ન ગીતાર્થ ગુરુ ભગવંતનો સમાગમ થાય છે. તેનાથી ભાવચારિત્રની પરિણતિ પ્રગટે છે. તેના પ્રભાવે ક્ષપકશ્રેણિ માંડીને સાધક ઝડપથી મોક્ષને મેળવે છે. તે મોક્ષનું સ્વરૂપ વર્ણવતા **શ્રીસિદ્ધર્ષિ** ગણિવરે **ઉપમિતિભવપ્રપંચા કથામાં** જણાવેલ છે કે 'આત્મા પોતાના સ્વરૂપમાં રહે તે મોક્ષ છે. તે મોક્ષ આનંદના ઢગલાની ખાણ છે.'

આ રીતે દ્રવ્યાનુયોગપરામર્શ-ગ્રંથજિનાલયના **'અધ્યાત્મ અનુયોગ'** નામના શિખર ઉપર ચઢાવેલ માંગલિક કળશનું વિવેચન સમાપ્ત થયું. ॥૧॥

परामर्शः

• द्रव्यानुयोगपरामर्शप्रशस्तिः •

• प्राचीनाऽर्वाचीनप्रबन्धद्वयसङ्गतिः •

**अपभ्रंशभाषया निबद्धः प्रबन्धोऽयं बालबोधाय,**
**प्राग् यशोविजयवाचकैः द्रव्य-गुण-पर्यायरासाभिधानः**
**प्रायोऽक्षरशः तमेवाऽऽलम्ब्य कृतोऽयं गणियशोविजयेन,**
**'द्रव्यानुयोगपरामर्शो' हि सुगीर्वाणगिराऽवधानेन।।१।। (सवैया)**

• अर्वाचीनप्रबन्धरचनाबीजाऽऽविष्करणम् •

**द्वात्रिंशिकोपवृत्तेः नयलताया वर्धापनावसरे।**
**राजनगरे प्रेरिता वयं मुनिसङ्घेनाऽत्र कृतौ।।२।। (आर्याच्छन्दः)**
**शास्त्रसंन्यासमेवाऽन्तः धृत्वा शास्त्रप्रवर्तनम्।**
**देव-गुरुप्रसादाद्धि मुदा सम्पन्नमत्र मे।।३।।**
**ख-काय-बिन्दु-करमिते (२०६०) वैक्रमेऽब्दे मकरसङ्क्रान्तिदिने।**
**पक्षान्तः पूर्णोऽयं प्रपाठनादिव्यस्ततयाऽपि।।४।। (आर्याच्छन्दः)**

---

• 'દ્રવ્યાનુયોગપરામર્શ' પ્રશસ્તિ •

**પ્રાચીન અને અર્વાચીન બન્ને પ્રબંધની સંગતિ**



[redacted] :- દ્રવ્યાનુયોગપરામર્શના કર્તા મુનિ યશોવિજય ગણી પ્રસ્તુતમાં પ્રાચીન અને અર્વાચીન પ્રબંધના સંબંધને પ્રગટ કરે છે :-

[redacted] :- બાલ જીવોના બોધ માટે અપભ્રંશ ભાષામાં 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' નામથી પ્રસિદ્ધ આ પ્રબંધ પૂર્વે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે રચેલ હતો. તે જ દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને પ્રાયઃ અક્ષરશઃ ઉપયોગપૂર્વક પકડીને સંસ્કૃત ભાષામાં પ્રસ્તુત 'દ્રવ્યાનુયોગપરામર્શ' ગ્રંથ મુનિ યશોવિજય ગણીએ કરેલ છે. ॥૧॥

**અર્વાચીન પ્રબંધની રચનાના બીજનો આવિષ્કાર**

[redacted] :- દ્વાત્રિંશિકા પ્રકરણની 'નયલતા' નામની ઉપટીકાને વધાવવાના અવસરે રાજનગર સંઘમાં પ્રસ્તુત રચના વિશે અમને મુનિસંઘે પ્રેરણા કરી. ॥૨॥

[redacted] :- અંતઃકરણમાં શાસ્ત્રસંન્યાસને જ ધારણ કરીને અહીં મારી શાસ્ત્રપ્રવૃત્તિ પરમાત્માના અને ગુરુવર્ગના અનુગ્રહથી આનંદપૂર્વક સંપન્ન થઈ. ॥૩॥

**ગ્રંથરચના સમયમર્યાદા**

[redacted] :- વિક્રમસંવત ૨૦૬૦ વરસે મકરસંક્રાંતિના દિવસે અધ્યાપન વગેરે કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં પણ આ 'દ્રવ્યાનુયોગપરામર્શ' ગ્રંથ પંદર દિવસની અંદર મારા દ્વારા પૂર્ણ થયેલ છે.॥૪॥

પ્રાન્તે, તરણ-તારણહાર શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ લખાયું હોય, છપાયું હોય તો
ત્રિવિધ-ત્રિવિધ મિચ્છા મિ દુક્કડમ્.

॥ **'અધ્યાત્મઅનુયોગ' પ્રશસ્તિ** ॥

પૂજ્યપાદ ન્યાયવિશારદ, વર્ધમાનતપોનિધિ, સકલસંઘહિતચિંતક
સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પરમ પૂજ્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પૂનાજિલ્લા ઉદ્ધારક
પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ પંન્યાસ **યશોવિજય** ગણી દ્વારા
રચાયેલ **'અધ્યાત્મ અનુયોગ'** નામનું વિવેચન
પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ ગીતાર્થ ચૂડામણિ સિદ્ધાન્તદિવાકર
વર્તમાન કાળના સર્વાધિક શ્રમણોના
ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના
સ્વર્ણિમ સામ્રાજ્યમાં સાનંદ
સંપૂર્ણ થયું.

અ
દ્યા
ત્મ
અ
નુ
યો
ગ

માગસર વદ - ૧૦, વિ.સં.૨૦૬૯,
શ્રી પાર્શ્વનાથ જન્મકલ્યાણક દિન.
શ્રી પાર્શ્વ વલ્લભ ઈન્દ્રધામ તીર્થ, કચ્છ.

આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનો
શિષ્યાણુ પંન્યાસ યશોવિજય.

।। **त्वामेकमर्हन् ! शरणं प्रपद्ये** ।। ।। **जिनशासन ! शरणं मम** ।।
।। **श्रीगुरुतत्त्वं शरणं मम** ।। ।। **परमगुरुः शरणं मम** ।।
।। **जिनदशा शरणं मम** ।।

# પરિશિષ્ટ
# ૧ થી ૭

## પરિશિષ્ટ-૧

*गाथाः रासगताः याः हि, मूलकारेण दर्शिताः।*
*अकारादिक्रमेणैव, तासां सूचिः प्रदर्श्यते ।।*

### દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની ૨૮૫ ગાથાઓનો અકારાદિક્રમથી નિર્દેશ


| દ્રવ્ય-ગુણ-પર્યાયરાસની ગાથાનો પૂર્વભાગ....॥ ઢાળ-ગાથા ॥ | પૃષ્ઠ |
|---|---|
| અંધારાનઈં ઉદ્યોતતા...॥૯-૨૫॥[1] | ૨૬૭ |
| અછતૂં ભાસઈં ગ્યાનનઈં...॥૩-૧૧॥ | ૮૧ |
| અણુનઈં છઈં યદ્યપિ ખંધતા...॥૯-૨૬॥ | ૨૬૮ |
| અનભિભૂત જિહાં મૂર્તતા રે...॥૧૩-૧૧॥ | ૩૮૯ |
| અનુગતકાલકલિત કહિયો...॥૧૪-૨॥ | ૪૧૦ |
| અનુપચરિત નિજ ભાવ જે...॥૧૩-૧૭॥ | ૪૦૦ |
| અન્વયદ્રવ્યાર્થિક કહિઓ...॥૫-૧૬॥ | ૧૪૧ |
| અપ્રદેશતા રે સૂત્રિં અનુસરી...॥૧૦-૧૮॥ | ૨૯૭ |
| અભ્યંતરતા બાહ્યનઈં રે,...॥૮-૨૨॥ | ૨૨૦ |
| અશુદ્ધ કર્મોપાધિથી...॥૫-૧૩॥ | ૧૩૭ |
| અશુદ્ધ દ્રવ્યવ્યંજન બહુ,...॥૧૪-૪॥ | ૪૧૨ |
| અસદ્ભૂત દ્યેઉ ભાંતિ....॥૭-૧૫॥ | ૧૮૩ |
| અસદ્ભૂત નિજ જાતિં રે...॥૭-૧૩॥ | ૧૮૧ |
| અસદ્ભૂત વ્યવહાર, પર...॥૭-૫॥ | ૧૭૨ |
| અસદ્ભૂત વ્યવહારથી રે, જીવ...॥૧૩-૭॥ | ૩૮૦ |
| અસદ્ભૂત વ્યવહારથી રે, જીવ...॥૧૩-૮॥ | ૩૮૩ |
| અસદ્ભૂત વ્યવહારથી રે,...॥૧૩-૧૬॥ | ૩૯૮ |
| અસદ્ભૂત વ્યવહારથી રે...॥૧૩-૬॥ | ૩૭૮ |
| અસદ્ભૂતવ્યવહાર રે...॥૭-૧૨॥ | ૧૮૦ |
| અસદ્ભૂતવ્યવહારના જી,...॥૮-૬॥ | ૧૯૮ |
| આતમ અર્થિનઈં અર્થિ પ્રાકૃત...॥૧૬-૧॥ | ૪૮૭ |
| આવશ્યકમાંહિ ભાખિઉં...॥૧૫-૨-૧૩॥ | ૪૮૨ |
| ઇમ અંતર્ભાવિતતણો રે,...॥૮-૧૪॥ | ૨૦૭ |
| ઇમ અણુગતિની રે લેઈ હેતુતા...॥૧૦-૧૭॥ | ૨૯૫ |
| ઇમ કરતાં એ પામીઇ...॥૮-૧૬॥ | ૨૧૧ |

| દ્રવ્ય-ગુણ-પર્યાયરાસની ગાથાનો પૂર્વભાગ....॥ ઢાળ-ગાથા ॥ | પૃષ્ઠ |
|---|---|
| ઈમ જ સજાતિ-વિજાતિથી...॥૧૪-૧૫॥ | ૪૩૨ |
| ઈમ જે દ્રવ્યાદિક પરખિઆ...॥૧૪-૧૮॥ | ૪૪૦ |
